# અસંખ્ય દરદીપર અજમાવી સિદ્ધ કરેલ

ત્રણે રૂતુમાં—પૈષ્ટીક દવા વનસ્પતી રસરાજ ગોળીઓ—વાપરવા લાયક

આ દવા વીર્યને વધારવામાં, નપુંસકપણાને મટાડી પુરૂષાત આપવામાં, પુરૂષના બગડી ગયેલા વીર્યને સુધારવામાં રામબાણ છે. ગુપ્ત દરદો જેવા કે નાદાન અવસ્થામાં હાથરસ કરવાથી અથવા જુવાનીમાં કુસંગતને લીધે બુરા લક્ષણોમાં પડવાથી ધાતુની ખરાબી થઈ પીસાબ મારગે તે થાતુ જાય છે તેથી શકતી નાબુદ થઇ ખરાબ સ્વપ્નમા આવી તેમાં વીર્ય ખસે છે તેથી કમરનો દુખાવો, પેટમાં બાદી ઝાડાની કબજીઆત, માથાની ચકરી, છાતીમાં દરદ હાથે પગે કલતર જઠરાગ્ની મંદ વીગેરે એવા કેટલાક ભયંકર રોગો ઉત્પન્ન થઇ શરીરની શકતીને નાબુદ કરે છે. ધાતુ બીગાડથી યાદદાસ્ત શકતીનો અસ્ત થઇ કામકાજ ઉપર બીલકુલ ચીત ટકતું નથી. તમજ મગજ ખાલી પડી જાય છે, માટે રોગોને તરત અટકાવી તેનો જલદી ઉપાય કરવો અને શરીરનું રક્ષણ કરવું, તેમજ વાયુના દરદો જેવાં કે પક્ષવાયું, અરધંગ પકડાઇ જાય છે તે, સંધિવાયુ, ગુલ્મવાયુ તથા દમ, સ્વાસ ક્ષય, ખાંસી એવા રોગ ઉપર આ દવા ફકત ત્રણ દીવસ વાપરવાથી ઘણો ચમત્કારી ફાયદો બતાવે છે.

આ દવાથી ખોરાકનું પાચન સારી રીતે થાય છે, ને દસ્ત સાફ આવે છે. આ દવા વાપરવાની વધારે વીગત ડબીની સાથે અનુપાન પત્રમાં આપેલી છે. કીંમત ગોલી ૪૦ ચાલીસની ડબી ૧ ના રૂ ૨ બે. બહારગામવાળા પાસેથી ટપાલ ખરચ જુદું લેવામાં આવશે. ત્રણ ડબી સાથે મંગાવનારને પોષ્ટેજ માફ.

## વધરાવળના દરદનો ચોકસ ઉપાય—સુગંધી અરક

પાણીના ભરાવાથી અથવા ચરબીના બીગાડથી વધરાવળનું દરદ થાય છે. કોઇને એક બાજુ તો કોઇને બંને બાજુની ગોલી મોટી થાય છે. તેમાં કેટલાકને દુખાવો થાય છે, ને કેટલાકને દુખાવો થતો નથી. આ દરદ ઘણું કષ્ટ સાધ્ય રૂપ છે; જેના માટે અમે ઘણી મેહેનતે ખાસ વનસ્પતીનો અરક સોધી કાઢયો છે. તે ફકત સાત દીવસ લગાડવાથી જુની અથવા નવી વધરાવળ જેમ પાણી નાખવાથી માટી પીગળી જાય છે તેમ આ અરક લગાડવાથી ચમત્કારી અસર જણાય છે, ને તે દરદ પાછું થતું નથી. આ દરદના ઉપાય કરી જેઓ નીરાશ થયા હોય તેઓએ અમારી દવા વાપરી દરદથી મુકત થવું જેથી મારી મેહેનત સફળ થઇ માનીશ. દવા વાપરવાની વીગત બાટલી સાથે આપવામાં આવશે. કીમત તોલા પાંચની બાટલી ૧ ના રૂપીઆ ચાર—પોષ્ટેજ છ આના.

**વૈદ શાવશંકર કલ્યાણજી.**

ઠો. બહારકોટ વીઠલવાડી—**મુંબઇ**

શ્રીમદ્વાગ્ભટ્ટવિરચિત,

# અષ્ટાંગહૃદય.

## (મૂલમાત્ર)

આ ગ્રંથ આર્ય વૈદ્યક ગ્રંથોમાં મુખ્ય હોવાથી એના સૂત્ર, શરીર, નિદાન, ચિકિત્સા, કલ્પ, અને ઉત્તરસ્થાન એવાં છ સ્થાનો (પ્રકરણો) સારી રીતે વર્ણવેલાં છે. વૈદુ શીખનારાઓને આ ગ્રંથ અવશ્ય કરીને ભણવો પડે છે. તેમની સગવડ માટે મુદ્દામ આ પુસ્તક શુદ્ધ કરાવી પાકીટ સાઇઝનું, ગજવામાં રહેવા જેવું, સુંદર ટાઇપમાં છપાવી પ્રસિદ્ધ કર્યું છે. એનાં પૃષ્ઠ ૭૯૨ છે અને એની કિંમત ફક્ત રૂપિયો ૧ રાખ્યા છે. ટપાલ ખર્ચ ત્રણ આના.

---

# ધર્મસિંધુ.

## (ગુજરાતી ભાષાંતર સહિત.)

એના ત્રણ પરિચ્છેદમાં સંક્રાંતિ, માસ, તિથિ આદિકનો સામાન્ય નિર્ણય કર્યો છે. બીજા પરિચ્છેદમાં ચૈત્રથી બાર મહિનામાં આવવાવાળી તિથિઓની વ્રતાદિકનો વિશેષ નિર્ણય છે. ત્રીજા પરિચ્છેદના બે ભાગ છે. પૂર્વાર્ધમાં ગર્ભાધાનાદિક સોળ સંસ્કારનો વિધિ, આન્હિક વિધિ, અને દેવપ્રતિષ્ઠાદિ ઘણાક વિષયોનો નિર્ણય અને વિધિ કર્યો છે. ઉત્તરાર્ધમાં શ્રાદ્ધવિચાર અને પ્રયોગ, આશૌચનિર્ણય તથા અંત્યક્રિયા આદિ વિષયાનો નિર્ણય તથા વિધિ કર્યો છે. ધર્મજીજ્ઞાસુ મનુષ્યોને આ પુસ્તક ઘણુંજ ઉપયોગી છે. એની કિંમત રૂ. ૬ છે. ટપાલ ખર્ચ ૦॥ આઠ આના છે.

---

# आर्यधर्म.

આ આર્યધર્મમાં મનુષ્યને ભગવદ્ચરણારવિંદની પ્રાપ્તિ કરાવનાર મુખ્ય વેદ છે તેનું પ્રતિપાદન પ્રશ્ન ને ઉત્તરમાં પહેલા ભાગમાં છે. બીજામાં ધર્મનીતિ છે. ત્રીજામાં આર્યવર્ણ, ચોથામાં ધર્મનિર્ણય અને પાંચમા ભાગમાં વેદાન્તનો વિષય છે. આવી જાતની સંકલનાથી આ પુસ્તક વાંચવા લાયક છે ને તે વાંચ્યાથી મનુષ્યને આ સંસારમાં શું કર્તવ્ય છે તેનું આબેહુબ વર્ણન થોડા ને સરલ શબ્દોમાં કર્યું છે. એની કિંમત **૧૨ આના** પોષ્ટેજ ૦)-॥ દોઢ આનો.

આ પુસ્તકો કાલકાદેવીના રસ્તાપર નિર્ણયસાગર છાપખાનામાં રોકડા પૈસા મોકલવાથી અથવા વ્હેલ્યુપેબલદ્વારા મંગાવવાથી મોકલવામાં આવશે. આ પુસ્તકો શીવાય બીજાં પુસ્તકો મંગાવવાની ઇચ્છા હવ તો અમારાં પુસ્તકોનું કેટલૅક મગાવશો.

**તુકારામ જાવજી.**
નિર્ણયસાગર પ્રેસના માલીક.

# પાણીપતનું યુદ્ધ.

Panipatanum yuddha

## (નાના ફડનવિસ.)

કર્તા

દેશાઈ ધીરજલાલ નરભેરામ વકીલ.

अनुष्टुप् छंद.

परिवर्तिनि संसारे मृतः कोवा न जायते ।
स जातो येन जातेन याति वंशः समुन्नतिम् ॥

नीतिशतक.

પ્રકટ કર્ત્તા

ગુજરાતી પ્રેસના માલીક.

મુંબઈ: "ગુજરાતી" પ્રીંટીંગ પ્રેસ.

સંવત ૧૯૫૭. સને ૧૯૦૦.

કીંમત રૂ. ૨.

1900

## પ્રસ્તાવના.

જનાર્દનભાનુ ઉર્ફે **નાના**ફડનવિસની રાજ્યદ્વારી રહેણી શ્રેણીનો ઉજ્વળ કિર્ત્તિ લેખ, આર્ય પ્રજાના હૃદયમાં પૂર બહારમાં બીરાજી રહેલો છે. જેની મહાન્ બુદ્ધિના પ્રભાવથી **મહારાષ્ટ્રિ** રાજ્યતંત્ર જગતમાં પ્રશંસનિય થઇ પડયું હતું, તે મહાપુરૂષના સંબંધમાં લખવાથી, નવીન નવીનતા પ્રજા આગળ મેલાશે, એવી આશાએ તથા કલ્પિત નવળ કથા લખવા કરતાં ઐતિહાસિક નવળ કથાથી મનુષ્ય જીવનની ખરી ખુબીનું તાદૃષ્ય ચિત્ર પાડવાને વધારે અનુકૂળ થઇ પડે છે, તેમ રાજ્યદ્વારી, સંસારી, તથા ધાર્મિક વિષય ઉપર તેની છાંયા સારી પડી શકે છે, એમ ધારી, આ નવળ કથા લખવા તરફ મારૂં મન લલચાયું છે.

**નાના**ફડનવિસના સંબંધમાં મરાઠા ઇતિહાસમાં ઘણું લખાયલું છે, તેમ લૌકિક દંતકથામાં એના સંબંધમાં ઘણાં કથનો કથાય છે. એની ચમત્કારિક બુદ્ધિએ તે કાલના રાજ્યકર્તાઓને ચકિત કરી નાખી, તેમના ઉપર એવી સજડ છાપ પાડી હતી કે, તેના દરેક કાર્યમાં હાથ ઘાલવાને તે કાલના રાજ્યદ્વારીઓ ચમકતા ને ચમકતાજ રહેતા હતા.

**પે**શવાઇ રાજ્ય સત્તાને ખિલાવવામાં મહાન પ્રયાસ કરતાં જે પરાક્રમ એણે દાખવ્યું છે તે શ્રેણી અપૂર્વ ગણાઇ છે, એ નિર્વિવાદિત ઠરી ચૂકયું છે. એના સંબંધમાં વધારે વિસ્તાર કરવો યોગ્યે જણાતો નથી. **નાના**ફડનવિસની વિલક્ષણ કારકીર્દિ સાથે પાણીપતના યુદ્ધનો મુખ્ય વિષય આ પુસ્તકમાં સમાયલો હોવાથી, ગુર્જરી પ્રજાની સેવામાં મુકવા સારૂ-ગુજરાતી પત્રની-ભેટ તરીકે આ પુસ્તક પસંદ કરવામાં આવ્યું છે. આ નવળકથાના નાયકનો સંબંધ **પે**શવાઇ રાજ્ય સાથે બહુ કાળ સુધી નિકટનો રહેલો હોવાથી, પ્રજા મંડળમાં **પે**શવાઇ રાજ્યરંગનો આભાષ આપી શકાય એવો છે, એટલુંજ નહિ પરંતુ મહારાષ્ટ્રના આખા ઇતિહાસ ઉપર છાયા પડે એમ છે, અને તેથીજ આ નવળ કથાના નાયકના સંબંધમાં ત્રણ વિભાગ પાડી, ત્રણ નવળ કથાઓ લખી શકાય તેમ છે.

૧ પાણીપતનું યુદ્ધ-(**નાના**ફડનવિસ.)
૨ મહારાષ્ટ્રિ રાજ્યનો મધ્યકાળનો દોરદમામ-(**નાના**ફડનવિસ.)
૩ મહારાષ્ટ્રિ રાજ્યનિ નિસ્તેજતા-(**નાના**ફડનવિસ.)

આ નવળ કથા લખવામાં નીચેના ગ્રંથોનો આધાર લેવામાં આવ્યો છે.

(મરેઠી) પેશવાની બખર; સદાશિવરાની બખર; **નાનાફડનવિસનું** જીવન ચરિત્ર; તથા (અંગ્રેજી) ગ્રાન્ટ ડફનો ઇતિહાસ. ઇત્યાદી (મરેઠી) નો, જુના ફારસી ઇતિહાસોનો તથા કેટલીક દંત કથાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

મહારાષ્ટ્રિ રાજ્યના મધ્ય કાળનો દોરદમામ લખવામાં ઐતિહાસિક સત્યતા તરફ વધારે લક્ષ ખેંચવાનો હોવાથી, તેના સંબંધમાં વધારે અવલોકન કરવું પડે એમ છે, તો પણ નાનાફડનવિસે તે કાળમાં જે રાજ્યદ્વારી બુદ્ધિથી મહાન પ્રતિષ્ઠા સંપાદન કીધી હતી, તે સર્વને ચકિત કર્યા વિના રહે એમ નથી. તેમ એની સંસારી સ્થિતિમાં-વારંવાર સાત સ્ત્રીઓ સાથે લગ્ન સંબંધ થવાથી—એની રહેણીમાં જે ચિત્ર દર્શન પડશે તે બાળ, તરૂણ તથા વૃદ્ધને શિક્ષણીય થવા સાથે ચકિત કરે એવું છે.

અને મહારાષ્ટ્રિ રાજ્યની નિસ્તેજતા અને **નાનાફડનવિસ** એ નવળ કથાના સંબંધમાં, આ પ્રસ્તાવનામાં કંઈ લખવું ઉચિત ધારતો નથી. આ નવળ કથામાં મહારાષ્ટ્રિ વીરોનું તેમ યવન વીરોનું વિવેચન, કોઇનો પણ પક્ષપાત રાખ્યા શીવાય કરવામાં આવ્યું છે, અને તેમ કરવામાં ખાસ એકજ ગ્રંથનો આધાર રાખવામાં આવ્યો નથી, પરંતુ મુખ્યત્વે કરીને જે મરેઠી બખરોએ મહારાષ્ટ્રિઓની વિરૂદ્ધ મત ઉચ્ચારેલું છે, તેને તેમનાં સંબંધમાં પ્રાધાન્યતા આપી છે; અને ફારસી લખનારાઓએ જે યવન વીરોની વિરૂદ્ધ મત ઉચ્ચારેલું છે, તેને તેમના સંબંધમાં પ્રાધાન્યતા આપી છે. મારી લેખણ પદ્ધતિ વાંચક વૃંદને પ્રિય થઈ પડશે તો, બીજા ભાગો પ્રજામંડળ આગળ ત્વરાથી મુકવા ધારૂં છું. આ પુસ્તકમાં વિચાર, ભાષા, અને જોડણીના દોષો રહ્યા હોય તો તેને માટે વાંચક વર્ગ પાસે ક્ષમા ઇચ્છું છું.

કાર્તિક સુદ ૧૪ સોમ
સંવત ૧૯૫૭
તા૦ ૫ નવેમ્બર સને ૧૯૦૦
આમોદ.

**વકીલ ધીરજલાલ નરભેરામ.**

# અનુક્રમણિકા.

# નાના ફડનવિસ.

## પ્રકરણ ૧ લું.

### માન્જારા નદીનો તટ.

વિચિત્ર જગની પરીનાળીકા છે, ઉદયાસ્ત બીન્ને તેમાં રમે છે;
ઇતીહાસ લેખે સઘળું મલે છે, નવેરસો વિદ્યુત સમ શ્રવે છે.

**માન્જારા** નદીનો તટ, સને ૧૭૬૦ ની સાલની એક મધ્ય રાત્રિએ, વિલક્ષણ સૌંદર્યતાનો અધિદેવ થયો હતો. ધૂ ધૂ કરતી **માન્જારા**, યૌવનના આવિર્ભાવથી, કે પતિ દર્શનનાં મન સંકલ્પિત તરંગથી, જેમ મનોરમા યુવતિ, અપૂર્વ ઉત્સાહ અને આનંદથી પ્રેમાન્ધ સ્થિતિમાં, પતિ દર્શન માટે ધસ્તી હોય તેમ, પોતાના અનેક તરંગોને, ચંદ્રના આલ્હાદકારક રૂપેરી રંગથી રંગતી, અપરિમય સૌંદર્યતામાં અધિકતા કરતી, જાણે હીરાની તેજસ્વી જ્યોત્સ્નાઓના સમૂહને એકત્ર કરી, તેની અનુપમ સાડી પેહેરી, સૌંદર્યતાની અધિદેવી બની–અવર સખી મંડળને રૂપલાવણ્યતાની શેહ આપી, પોતાનું ગૌરવ સ્થાપન કરતી, ખળખળ ધ્વનિનો ઘોષ કરી, ખળજનોને ભયનું શાસન દેતી, શીયળ રક્ષિણિ સતી સાધ્વી સ્ત્રીઓના પતિવ્રતને શ્રેયકર માની તે નિયમને અનુસરતી હોય તેમ સૂચવતી, પોતાના દુસ્તર સાગર નાથને મળવા ધસ્તી હતી. એનો વાંકોચુંકો વહેતો પ્રવાહ, મર્યાદશીલ યુવતિ-ઓની પડીમ, નભ મંડળના ગ્રહાદિ ગણોના ગમન માર્ગમાં દર્શન થવાથી લજ્જિત થઇ લજ્જા વિવેકનું ચિત્રદર્શન દેતો હોય તેમ, વાંકો ચુંકો વહેતો હતો. વક્રપ્રવાહ–સ્થાનમાં વિશેષ વહેવા સારૂ, **માન્જારાનો** અપૂર્વ બળ કરતો જળપ્રવાહ, સ્ત્રીઓમાં પ્રેમાન્ધપણાંની મહા-પ્રબળ શક્તિ છે તેનો ચિતાર આપતો, લજ્જા, વિવેક અને પ્રેમાન્ધ-તાના મહાયુદ્ધનું દર્શન દેતો હતો. અનેક ઔષધિઓથી આચ્છાદન થએલી નાની મોટી ટેકરીઓ, તથા ડુંગરો અને નવપલ્લવ ખીલી રહેલાં તરૂવરો, જાણે **માન્જારાને** પોતાની છાયાનો આશ્રય આપી, તેનાં લજ્જા.વિવેકને ચંદ્રાદિ ગ્રહોથી સાચવવા સારૂ મદદ કરવાને દ્રઢ થઇ

એઠાં હોય એવાં દેખાતાં હતાં. પ્રવાસીજનો તેના મદોન્મત પ્રેમાન્ધપણામાં વહેતા વેગને ખલેલ ન કરે માટે મહા ભયંકરરૂપ ધારી સર્વને ભય આપતાં હોય એવું દ્રષ્યમાન થતું હતું. આ વખતે નભમંડળમાં ચંદ્ર પોતાની પૂર્ણ કળાથી પ્રકાશી, પોતાના પ્રકાશનું મહત્ત્વ સ્થાપન કરતો, **માન્જારા** નદીના તટને આનંદભૂવન જેવો શણગારી રહ્યો હતો. તારા અને ગ્રહગણો તેમના ચકચકિત પ્રકાશથી તેમાં વિશેષતા કરતા હતા, તેથી કરીને તટ ઉપર પડેલા અનેક તંબૂઓ ઇંદ્રના શ્વેત ઐરાવત હાથીની પઠીમ દીપી રહ્યા હતા. તે તંબુઓના મહાસમુદાયના મધ્ય ભાગમાં ઉડતો જરીપટકો, ચંદ્રના પ્રકાશથી તથા પવનના વેગથી ફેડફડાટ ફરકતો અલૌકિક છાપ પાડતો હતો. તેની એક બાજુ ઉપર, સૈન્યમાં અગ્રભાગ લઇ, અનેક પ્રાણીઓના પ્રાણને પળમાં યમને સ્વાધિન કરવાની શક્તિ ધરાવનારી મહા રાક્ષસી જેવી તોપો, શાંતિથી પડી રહી હતી. અનેક માણસો નિદ્રા દેવીને આધિન થઇ આ દુનિયાની અનેક પ્રવૃત્તિના તરંગથી જરા નિવૃત્તિ લેતા દેખાતા હતા. કેટલાક ભાગમાં ઘોડાના ખુંખારા તથા ઉંટનાં બરાડાં અને સૈનિકોનાં નસ્કોરાંમાંથી નીકળતો કઠોર સ્વર, કાને પડતો હતો. તંબૂઓની આસપાસ કેટલેક દૂર રક્ષકોએ નાનાં નાનાં અગ્નિનાં તાપણાં કર્યાં હતાં, કે જેથી તેઓની નજરને લાંબે સુધી કામ કરવાને મદદ મળતી હતી. તેઓ પ્હેરો ફરતા હતા, અને વખતો વખત ખેરીયતના પોકારોની ગર્જના કરતા હતા.

આ દેખાવથી સ્પષ્ટ જણાતું હતું કે, એ કોઇ મહારાજાના સૈન્યનો પડાવ છે. સૈન્યના બધા સેનાનિયો **માન્જારા** નદીના તટના રમ્ય મેદાનમાં શાંતિથી નિદ્રા દેવીને આધીન થયેલા હતા. આ વખતે આ તટનો અનુપમ દેખાવની બલિહારી હતી.

સૈન્યના મધ્ય ભાગમાં ફરફરી રહેલા રાજ્ય ઝુંડાની ડાબી બાજુ ઉપર ઠોકેલા એક વિશાળ તંબૂમાં એક ઓગણીસ વર્ષનો નવલકીશોર ભરનિંદ્રામાં પડયો હતો. એની પ્રચંડ ઉંચી પણ પાતળી અને ઘઉંવર્ણી મનોરમા આકૃતિ, ખાનદાનિનું ચિત્ર દર્શન દેતી હતી. સરાણે પડેલી તલવાર, અને પલંગ પાસે પડેલી બંધુક તથા ભાલો, તે કોઇ સૈનિક છે એવી ખાત્રી આપતાં હતાં. શૈયા ઉપર અવ્યવસ્થિત પગ તથા હાથ નાંખી, નિદ્રા પાસમાં સપડાયલા આ વીરનાં ગળામાં છિન્ન ભિન્ન પડેલી મોતીની માળા તથા હાથમાં ચળકારો મારતી હીરાની મુદ્રા, તે કોઈ દરજ્જાવાળો સરદાર છે એવું ભાન કરાવતી હતી. આ નવલકીશોર આજે ભર નિદ્રામાં પણ શાંતિમાં હોય એવું જણાતું નહતું. તેની મુખમુદ્રા ઉપર ઘડીએ ને પલકે નવીન નવીન કુતૂહલ દેખાતાં હતાં.

ભય, હર્ષ, શોક, આશ્ચર્ય અને ક્લેશયુક્ત દેખાવનાં ભિન્નભિન્ન વર્ણો, તેની મુખમુદ્રા ઉપર વારે ઘડીએ પસાર થતાં હતાં, એટલુંજ નહિ પરંતુ તેનો મહાન્ પ્રત્યાઘાત તેના હૃદય સ્થાનમાં પ્રવેશ કરી આખા દેહમાં શીત, જડતા, રોમોદ્‌ગમ દૈન્ય અને કંપના ધ્રુજારાને નિવાસ સ્થાન આપતાં હતાં. આ વખતે એના મનોહર વાળ ખભા ઉપર અવ્યવસ્થિત થઇ ગયા હતા. તેનું જનોઈ કંઠાયણ હાલતમાં પડયું હતું. ઉડી જતાં રક્તથી તેના હોઠ શુષ્ક જેવા, રક્તરહિત, કંપતા જણાતા હતા. વપુ પૂર્ણ વિપત્તિમાં આવી પડેલું, જાણે શોકસ્થાનને આધીન થઇ, તેજરહિત થયું હોય એવું જણાતું હતું. કપાળ ઉપર પ્રસ્વેદની ઝરી, છૂટી અનેક બિંદુ બંધાયાં હતાં, જે તેના શરીરની શિથિલતાનો ચિતાર આપતાં હતાં. તે ઘડીમાં વિનંતિ કરતો, અશ્રુપાત કરતો, ગૌરવ બતાવતો, ક્રોધ દર્શાવતો તથા આશ્ચર્યયુક્ત લવતો જણાતો હતો. તેનાં ભવાં, આંખ અને નાકની આકૃતિ, પલકે પલકે વિચિત્ર કૌતૂક કરતી હતી. આ નવયૌવન વીર આવી વિચિત્ર સ્થિતિમાં શાથી સપડાયો હશે એ કલ્પવું મુસ્કેલ નથી. વાંચનારને એવી સ્થિતિનો અલ્પ કે મહા અનુભવ થયોજ હશે, જે અનુભવથી આ સૃષ્ટિમાં કોઇ આદમી બચવા પામ્યું હોય એવી કલ્પના પણ થવી અશક્ય છે. સ્વપ્ન દેવી આ મધ્ય રાત્રિએ આ વીરને પોતાના પાસબંધનમાં બાંધી અનેક કુતુહલ કરાવી રહી હતી.

સ્વપ્નવત્ સ્થિતિ ! વિલક્ષણ કૌતકી સ્થિતિ એની સત્યતા માટે ઇનકાર કરવાનું ! તેમ પ્રતિપાદન કરવાનું કામ અતિ દુર્ઘટ છે. સ્વપ્નનો અનુભવ કોને નથી ? તે નિદ્રાદેવીના પાસમાં સપડાયા પછી, જીંદગીમાં નહીં જોયેલાં, નહીં ધારેલાં, અને ધારણામાં પણ નહિ આવી શકે એવાં કૌતકી દેખાવોને પ્રતિ ગોચર કરાવે છે, અનુભવાવે છે, અને કેટલીક ફેરી હંફાવે છે. આ સ્થિતિમાં જે ચિત્ર દર્શન થાય છે, તેમાંનાં ઘણાંનો ચિતાર યથાસાંગ વર્ણવી શકાય છે, અને જાણે તેનો સંપૂર્ણ અનુભવ થયો હોય તેમ કેટલાંક સ્વપ્નાં તો લાંબા વખત સુધી સ્મૃતિમાંથી પણ ખસતાં નથી, એ સ્થિતિના સંબંધમાં સંપૂર્ણ નિરાકરણ કોઇ કરી શક્યું નથી. તેમ થઇ શકવું પણ અશક્ય ધરાય છે. સાંપ્રત કાળના વૈદ્યો એને રોગનું કારણ માને છે, ત્યારે પ્રાચીન કાળના ભવિષ્યવેત્તાઓ એને ભવિષ્ય સૂચક ભાવિભાવ કથી ગયા છે. સામાન્ય વર્ગનો કેટલોક ભાગ મનની ભ્રમિત ભ્રમણામાં એનો સમાસ કરવા તત્પર છે, ત્યારે કેટલોક ભાગ, તદ્દન તે સિદ્ધાંત આબેહુબ સાચો છે, એને માટે શક બતાવે છે. અને તેમાં કંઇ અલૌકિકતા છે, એટલુંજ નહિ પણ તેમાં રહેલી

કંઇ પ્રભુ રચનાની દીર્ઘતા છે એમ માને છે, અને તે કંઇ પણ કારણ ભૂત છે, એમાં ઓછો સંશય છે, એમ જણાવે છે. પણ મનનો યથાસાંગ ખુલાસો કરી શકતા નથી, અને તે કથવાને શક્તિવાન હોય તેમ કહેતો પણ નથી. સ્વપ્નવત્ સ્થિતિના સંબંધમાં એશિયામાંજ માત્ર કથન થાય છે, એટલુંજ નહિ, પરંતુ યૂરોપ, અમેરિકા અને આફ્રિકામાં પણ એનું પગલું જોશભર છે; અને સૃષ્ટિના બંધારણ સાથેજ કુતૂહલ કરતું એ જન્મ્યું હોય એમ ધરાય છે. પ્રાચીન કાળમાં એ ઉપર ઉત્તમ મુનિઓથી લક્ષ અપાયું છે. વેદાંતમાં સ્વપ્ન, સુષુપ્તિ અને તુર્યા અવસ્થાનું વિગતે વિવેચન કરેલું છે, અને સ્વપ્નવત્ સ્થિતિને એક સ્થિતિનું રૂપ આપ્યું છે. એ વિષય નિરાળો છે. એનું વર્ણન આપણા નાયક સાથેનો સંબંધ તોડાવી દુર્ઘટ અને નિઃરસ સ્થિતિમાં મુકે એવું છે; તોપણ એ સ્થિતિ માટે એટલું કહ્યા સિવાય ચાલતું નથી કે એમાં કાંઇ ખાત્રી લાયક ખુલાસો થઇ શકે એવી આશા થોડી છે. તેની સાથે પ્રભુની કાંઇ અલૌકિકતા એમાં સમાયલી છે એમ માન્યા શિવાય રહેવાય એવું થોડું છે.

માન્જારા નદીના તટપ્રદેશમાં પડેલા પુરૂષનો જીવાત્મા કંઇ જુદાજ પ્રદેશનો અનુભવ મેળવતો હતો. તે અતિ વિકટ અને ભયજનક ઘાડી ઝાડીમાં રમણિય સરોવરો, સરિતાઓ અને ડુંગરોના મહાન પ્રદેશોને અનુભવતો અનુભવતો એક વિકટ ગુફામાં ભરાયો. ગુફા, રમ્ય અને નાના પ્રકારના સાહિત્યોથી શણગારેલી હતી. તેમાં સુંદર આરસનાં આસનો અને માણેક મોતીના, તેમ અનેક સિક્કાના ઢગલે ઢગલા પડેલા હતા. તે અનેક શસ્ત્રોથી સજ્જ કરેલી કોઇ પ્રપંચી રાજવીરનું સ્થાન હોય તેમ જણાતું હતું. ગુફાના મધ્ય ભાગમાં જતાંજ એક વિલક્ષણ ધ્વનિ થયો, તે થતાંજ તે ભ્રાંત થઇ ગયો, તેના હોસકોસ નરમ થઇ ગયા ! તત્ક્ષણ જીવિત દેહનાં પ્રાણની મર્યાદા આવી રહી હોય, જાણે યમના પ્રચંડ પાસમાં સપટાઇ જવાની તૈયારી થઇ ગઇ હોય, તેમ આકલવિકલ સ્થિતિમાં તે આવી પડયો ને ભમરી ખાઇને પડયો; પણ નાઠો અને ગુફાના અંતર્દ્વારમાંથી મહાઅરણ્યમાં આવ્યો, ત્યાં શરીરે પુષ્ટ, કદાવર અને તેજસ્વી વિભૂતિથી દીપતા બે પુરૂષો જોયા. તેમાંનો એક સદ્દઢ બાંધાનો, કદાવર કાઠાનો અને સૈનિકના કામમાં પાત્રતા ધરાવે એવો જણાતો હતો. તેની ભવ્ય મુખમુદ્રા, ઊંચી પેસાની, અને કાળી પણ વિકાળ આંખ, ક્રોધી સ્વભાવનું ભાન કરાવતી હતી. તેની વિશાળ છાતી અને લાંબા હાથ, વિરત્વનું મહાન પ્રાધાન્ય તેમાં હોય એવું સુચવતા હતા. હાથમાં દીપી રહેલો ભાલો અને રત્નજડીત કટિબંધમાં લટકી રહેલી તલવાર, તેના વીરત્વમાં વધારો કરતી હતી

તેની સમીપ ઉભો રહેલો બીજો પુરૂષ તેની મનોહર ઉજ્વળ મુખમુદ્રાથી તથા સુરેખ કોમળતા દર્શાવતા નયનોથી, સર્વને પ્રીતિકર થાય એવો જણાતો હતો. તેના હાથમાં એક બંદુક અને કેડમાં કટારી સિવાય બીજું કાંઇ જણાતું નહતું. માન્જારા નદીના તટપ્રદેશમાં ભર નિદ્રામાં જણાતા, પણ સ્વપ્નદેવીના પાસમાં અનેક કૌતુક અનુભવતા અને મહા અરણ્યમાં ભમતા તે નવલકીશોરને તેઓએ બંધુ ભાવથી પ્રીતિ વચન કહ્યાં. ભયભીત સ્થિતિમાં સુધા જેવા મધુરવચનોથી તેના હૃદય–આત્માને ધીરજ મળી અને તેથી જાણે તેના હૃદય સ્થાનમાં નવીન ધૈર્ય, નિડરતા, હર્ષ અને આશાના બીજનું અંકુર ફુટયું, તેથી તેનું શરીર વ્યવસ્થિત થયેલું તેને લાગ્યું અને તે મનુષ્યો તેની સાથે અંગિત સંબંધ ધરતા પુરૂષો છે એમ ખાત્રી થયાથી, કોઇ પણ પ્રકારની આનાકાની વિના, તેઓ સાથે પ્રયાણ કરવાનું શરૂ કીધું. અનેક ઝાડી ઝાડી અને પર્વતોના શિખરોના ભયાનક પ્રદેશને ચરણ નીચે ચાંપતા, રમણીય વનો ઉપવનોને નિહાળતા, સુંદર સરિતાઓના પર્વતના શિખર ભાગમાંથી વ્હેતા મનોહર ધોધવાઓને નિરખતા, તેના ધૂ ધૂ કરતા જળધ્વનિને કર્ણ પ્રદેશમાં અનુભવતા, એક મહાન પર્વતના શિખર ઉપર આવ્યા. આ વિશાળ શિખરના સપાટ ભાગ ઉપર અનુપમ સૌંદર્યતાએ પોતાની મહત્ સત્તા સ્થાપન કરેલી હતી. કુદરતી ચમત્કૃતિએ ત્યાં રહેઠાણ કીધું હતું. કવિતાઓની કલ્પના શક્તિનું ત્યાં મૂળ હતું; તપસ્વીઓની અનુકૂળતાએ ત્યાં વાસો કીધો હતો; દૈવ્યની અપૂર્વ વિભૂતિએ ત્યાં અધિ દૈવત્વ સ્થાપન કીધું હતું. ત્યાં સ્વર્ગીય પુષ્પની પરિમળતા પ્રસરી હતી; ત્યાં ડુમ ડુમ કરતા ડમરૂના સ્વર, ઘંટના ધણધણાટ તથા કૌતકી ભય તથા આશ્ચર્ય ઉત્પન્ન કરે એવા વિલક્ષણ ધ્વનિના ભણકારા થતા હતા.

પ્રયાણમાં થોડો વધારો થતાં, ભવ્ય ભપકાથી ભભક મારતું એક દૈવ્ય દેવાલય દ્રષ્ટિએ પડયું. દેવાલયનું શ્વેત સૌંદર્ય, ચંદ્રના શ્વેત વર્ણને ઝાંખ મારે એવું હતું, તે મંદિર સ્ફાટિકનું હતું કે ચુના માટીનું હતું તેની ખાત્રી થઇ શકતી નહતી. આ દેવાલયના મધ્ય ભાગમાં વિક્રાળ દેખાતા વ્યાઘ્રાંબર ઉપર, અનુપમ તેજસ્વી વિભૂતિથી દીપતો એક યોગીરાજ પદ્માસન વાળી, સમાધિસ્ત સ્થિતિમાં જણાતો હતો. મસ્તક ઉપર ઝુકી રહેલી જટામાંથી જળનો પ્રવાહ શ્રવતો હતો, કપાળ ઉપર ચંદ્રનું તેજ ઝળકારા મારી રહ્યું હતું, ગળામાં રૂંઢમાળા તથા રૂદ્રાક્ષની માળા તથા હાથમાં ત્રિશૂળ, ડમરૂ અને શંખ દીપી રહ્યાં હતાં. આ ત્રણે પુરૂષોએ તેમને સાષ્ટાંગ પ્રણામ કરી, અપૂર્વ પ્રેમથી પૂજન કરી, સ્તુતિ આરંભી.

એટલામાં એક મહાન ધ્વનિ થયો, તે સાથે અનુપમ તેજનો

મહાપુંજ જણાયો, જે તેજના પુંજમાંથી અતિ ઉત્તમ અને વિલક્ષણ આશ્ચર્યતા પમાડે એવી એક દૈવી કન્યા દૃષ્ટિગોચર થઇ. તેનું ચંદ્રના જેવું આહ્લાદકારક મૂખ, તેજસ્વિ, સ્નિગ્ધ, અત્યંત લાંબા અને મેઘ સરખા કાળા કેશ, મૃગ જેવી મનોહર અમી ભરેલી આંખ, કામદેવનાં ધનુષ્ય જેવી વાંકી ભૃગુટી, કામદેવના હીંડોલાં જેવાં સુંદર મધ્યમ તથા સમા કાન, મનોહર શુકનાં જેવી નાસીકા, હીરાનાં જેવાં શ્વેત ચળકતા મોગરાનાં ફુલની અણીઓ જેવા દાંત, પ્રવાળનાં રક્ત રંગ જેવી શોભા આપતો નીચલો હોઠ, કમળ જેવા કોમળ હાથ, કદલીના વૃક્ષ જેવા મનોહર પગ અને તેનાં અંગની મનોહર સુંદરતા તથા દૈવી વિભૂતિથી દીપતું પવિત્ર તેજ, મહાન છાપ પાડતું હતું. તેનાં મનોહર કાનમાં દીપી રહેલાં સુંદર રત્ન જડીત કુંડળો, હાથમાં ધરેલાં અનેક રત્નોથી દીપતાં દિવ્ય કંકણો, પગમાં ચંદ્ર જેવા દીપતાં ઝાંઝરો, કંઠ સ્થાનમાં આરોપણ કરેલી મુક્તાફળની માળા અને શરીરે આચ્છાદન કરેલી બદામી રંગની સ્વચ્છ મનોહારીણી સાડીએ એનું, અનુપમ લાવણ્ય વધાર્યું હતું.

આ દૈવીકન્યાએ પોતાના કર કમળમાં સુગંધીમય સ્વેત પદ્મની માળા ધારણ કરી હતી. તે તેણે ઊંચી કરી. તે જોઇ આ ત્રણ પુરૂષોમાંથી જે પુરૂષના હાથમાં ભાલો દીપી રહ્યો હતો, તે નમ્રતાથી નમન કરતો આનંદનું ચિત્ર સમીપ જવા જીજ્ઞાસા બતાવતો જણાયો. આ વખતે આતુરતાવાળું તેનું મુખ કમળ ખીલી રહ્યું હતું. પરંતુ મહાદૈવ્યમૂર્તિએ તેનાં તરફથી દૃષ્ટિ ખસેડી, અને આ ત્રણમાના પાછળથી ભળેલા પાતળા કાઠાવાળા માણસ ઉપર દૃષ્ટિ ફેરવી. એટલામાં એક બ્રહ્માંડને ફાડી નાંખે એવો કઠોર ધ્વનિ થયો. તે થતાંની સાથે એક રાક્ષસી બાંધાનો અતિ પુષ્ટ વિકાળ ચેહેરાવાળો, લાંબા હોઠવાળો, કોધિષ્ટ નેત્રવાળો, મોટો ઝભો પેહેરેલો અને હાથમાં કાળ દંડ લીધેલો કાળભૈરવ જેવો, પ્રચણ્ડ પુરૂષ આવીને ઉભો રહ્યો. તેણે વૈરભાવ વૃત્તિ દર્શાવીને કાળ દણ્ડ ઉંચો કીધો, તેનીજ સાથે બે પુરૂષો ગેબ થઇ ગયા, અને ત્રીજો જે પુરૂષ પાછળથી તેમની સાથે જોડાયો હતો તે નાઠો, ભયથી તેના હોસ કોશ ઉડી ગયા. તે ત્રાસ, ભય અને અદ્ભૂતતાના પાસમાં બેબાકળો થઈ ગયો. જીવ જવાના ભયથી, સિંહ દેખી હરણ જેમ નાશે છે, તેમ અનેક ખાડી, કોતર અને ડુંગરા ડુંગરીઓનો વિચાર કર્યાં સિવાય, જેમ પલાયણ થયું તેમ કીધું. જીવન મર્યાદાનું રક્ષણ કરવાને અપૂર્વ શ્રમ લેવાથી જેમ શ્રમિત થવાય છે, તેમ આ સ્વપ્નવત્ સ્થિતિમાં પણ એની સ્થિતિ, પૂર્ણ ભીતિથી ભરેલી, તેજથી હરાયલી, ગૌરવથી ગળાયલી, આત્મકૃતિથી ઠગાયલી, શૌર્ય ગર્વથી

છિન્નભિન્ન થયેલી, અવ્યવસ્થિત, શીત, જડતા અને દૈન્યથી બેબાકળી દેખાતી હતી. દુઃખ પછી સુખ એ કેહેણી પ્રમાણે આ વીરને સ્વપ્ન-વત્ સ્થિતિમાં પણ અનુભવ થતો હોય તેમ લાગતું હતું. તેની મુખ-મુદ્રા ઉપર આનંદ, પ્રફુલ્લતા, ગૌરવતા, બુદ્ધિ પ્રપંચની ચાંચલ્યતા, રાજ્ય-તેજની મહત્તાની છાંયા આચ્છાદન થયેલી હોય એવાં ચિહ્‌ન જણાતાં હતાં.

તે તેમજ હતું. ભયમાંથી પ્રયાણ કરતાં કરતાં દૃષ્ટિને આહ્‌લાદ આપે એવા રમણિય વૃક્ષ ઘટાના મનોહર પ્રદેશમાં તે આવી પડયો. ત્યાં અનેક પ્રકારની પુષ્પલતાઓ પોતાનાં પરિમળથી, શ્રમિત જનનાં શ્રમને ક્ષણમાત્રમાં નાશ કરવાને તત્પર થયેલી હોય તેમ પરિમળનો મહાપ્રવાહ ચલાવી રહીઓ હતી. નજીકમાં સ્વેત કમળથી આચ્છાદન થયેલું કમળાકર જાણે મુક્તાફળનાં કીર્ણથી બનેલું હોય તેમ દ્રષ્ટિને આહ્‌લાદ આપતું તેની દ્રષ્ટિએ પડયું. નજીકના પર્વત ઉપરથી વહેતા તથા શિલાતલ ઉપર અથડાઇને વહેતા નાના નાના ઝરાઓ, જાણે વિચિત્ર પ્રકારનો અવાજ કરી, આ ભયથી ભ્રમિત થયેલા નરને આનંદ આપવાને જળ તરંગ વગાડવાનું લઈ બેઠા હોય તેમ, તેને લાગ્યું. સંકટ તથા ત્રાસને બદલે હવે આનંદ અને કુદ્રતિ સૃષ્ટિ સૌંદર્ય-ની ચમત્કૃતિને અનુભવતો અનુભવતો એક વૃક્ષ વૃન્દમાંથી બીજા કુંજમાં અને બીજામાંથી ત્રીજા કુંજમાં ફરતો ફરતો, સિંહાદ્રિ પર્વતની તલેટી સમીપ આવી લાગ્યો. પર્વતના શિખર મંડળની ઊંચાઇને ઊંચી ડોક કરી નિહાળતો, ગગનમંડળ સામું દ્રષ્ટિ કરી નક્ષત્રો અને ગ્રહો ઊપ-ગ્રહોની અદ્‌ભૂતતાને અનુભવતો, શાંતિથી એક કદમ વૃક્ષને ટેકો દઈ તે ઊભો હતો. એટલામાં શાંતિ તૂટી. નવિન ચમત્કૃતિથી ચકિત થઈ ભ્રાંતિ-માં પડયો. એક શ્વેત હાથી તેની શ્વેત સુંઢમાં શ્વેત પદ્મ ધારણ કરી ગંભીર ગર્જના કરતો, જરા જરા વારમાં સુંઢને વાંકી ચુંકી કરી એક દાંત ઉપરથી બીજા ઉપર મૂકતો, શ્વેત પદ્મને નમાવતો, તેની તરફ આવતો જણાયો. ચંદ્રકીર્ણ જેવી શ્વેત દેખાતી ચાંદીની અંબાડીથી તથા મુક્તા-ફળની ઝાલરોથી સુશોભિત થઇ રહેલી રેશમી ઝુલથી, ઇંદ્રના ઐરાવત જેવો દેખાતો તે હાથી, એક ક્ષણમાત્રમાં તો તેની નજીકમાં આવ્યો.

આવતાં વારનેજ તે હાથીએ, શ્વેત પદ્મ તેના ગલામાં આરોપણ કરી, પોતાની સુંઢનો કોમળ આંટો મારી, પીઠ ભાગ ઉપરની અંબાડીમાં તેને મૂકયો. અંબાડીમાં રત્ન જડીત રાજ્યદંડ તથા ચામર પડેલાં હતાં. તેણે ચામરને હાથમાં લીધું અને રાજ્યદંડને ખોળામાં મૂકયો. આ વખતે મદમાં મદોન્મત્ત થયેલો હાથી, દિગ્‌વિજય કરવાને નિકળેલો રાજા, જેમ અનેક રાજ્યોઉપર સૈન્યનો ધસારો કરી, તેમને ખંડિત કરી પોતાનાં સત્તાબ-ળને આધિન કરતો હોય તેમ, અનેક વૃક્ષના ઉપર પ્રહાર કરતો તથા

પુષ્પ લતાઓને સુંઢમાં ભરાવી ગગનમંડળ તરફ નાંખતો, જાણે પોતાની મનોધારણા પૂર્ણ થઈ હોય તેથી, ગગનના ગ્રહગણોનું પૂજન કરી તે ઉપર પુષ્પવૃષ્ટિ કરી આભાર માનતો હોય તેમ, મદથી ડોલતો ડોલતો, મહા પ્રદેશને ખુંદી વળ્યો. તેના ઉપર બેઠેલા પુરૂષની મુખ મુદ્રા ઉપર રાજ્યતેજની વીજળી ઝબકારા મારી રહી હતી. આનંદથી ચકચૂર થયેલાં હૃદયસાગરમાં, પ્રપંચ બુદ્ધિના તરંગોએ મહારાજ્ય સ્થાપવાનાં તરંગોને વેગવાન કીધાં. હાથમાં આવી રહેલા ચામરના પ્રતાપથી, અનેક શત્રુઓને મચ્છર ઊરાડે છે તેમ, દુર રાખવા યત્ન કરતી અભિલાષા ઉત્પન્ન થઇ, અને રાજ્યદંડના મહા પ્રતાપમાં અનેક રાજા રાણાને નમન કરતાં રાખી, પોતાનું શ્રેષ્ઠત્વ માન્ય રખાવવા આગ્રહી નીતિ અખત્યાર કરેલી હોય એમ દૃશ્યમાન્ થયું હતું. અલ્પ વખતમાં હાથી ઉપર બેઠેલા માણસને પૃથ્વી ડોલાયમાન થતી નજર પડી, અનેક તરૂવરો એ ઉત્પાતને લીધે સમૂળ નીચે ઉખડી પડતાં દીઠાં, આકાશમાંથી ચંદ્ર તથા સૂર્ય સાથે બીજા ગ્રહો ખરી પડતા જણાયા, અને વિચિત્ર કુતુહલ કરતાં અનેક માંકડાંઓ, સમુદ્રકાંઠા તરફથી તે મદોન્મત્ત હાથી તરફ ધસી આવતાં જણાયાં. આ માંકડાંઓની આકૃતિ કંઇ વિચિત્ર તરેહની હતી. કદમાં પ્રચંડ, બાંધો મજબૂત, સ્વરૂપે ગૌર, મુખમુદ્રા રતાશ પડતી, આંખો માંજરી, ઝીણી અને ઊંડી, હાથ ગોળ અને છાતી વિશાળ, નખ નાના અને દાંત સીધા, પણ ક્રોધિષ્ટ મૂખમુદ્રા કરે ત્યારે ભય આપે એવા હતા. મુખારવિંદ હસતું અને મનોહર જણાતું હતું; છતાં કંટાળો આપે એવી ખાસીઅતોથી તથા સ્વસ્વાર્થી રીતભાતની છાંયાના ઉપર આચ્છાદન થયેલી જણાતી હતી; અને કંઇ એવી અસ્થિર ચાંચલ્યતાએ તેમના મોં અને હાથ ઉપર કાબૂ મેળવેલો હતો કે, એક ક્ષણ માત્ર પણ એક સ્થિતિમાં તે રહેતાં નહીં. પ્રથમ ધીમે ધીમે આજીજીથી અને દીનતાયુક્ત મૂખમુદ્રા કરી, તેના શરણાંગત હોય તેમ આવ્યાં; પરંતુ તે ચામરધારીની જરા નજર ચૂકી કે, અનેક માંકડાઓએ હાથીનાં ગણ્ડસ્થળ ઉપર પ્રહાર કરવાની તૈયારી કરી, મહાન ગર્જના કરી મૂકી, દાંતીઆ કરતાં કરતાં આખા વનને પ્રચંડ ધ્વનિથી કંપાયમાન કરી મૂકયું. પણ સાવધ વીરે ચાપલ્ય બુદ્ધિના પ્રભાવથી, ચામરના અનેક પ્રહાર કરી, અનેક માંકડાંના હોસકોશ નરમ કરી નાંખ્યાં, એટલામાં ચામર તૂટયું; હાથીનો મદ નરમ થયો; શ્રમથી કંટાળેલો નવલકીશોર જણાયો, કે અનેક માંકડાંઓ વિલક્ષણ કુતુહલ કરતાં, ધડકતી છાતીથી ડરતાં, પણ મૂખમુદ્રા ઉપર પુરૂષાર્થ દર્શાવતાં, હાથી ઉપર તૂટી પડયાં. યૌવન વીરનાં પેહેરેલાં કપડાં અવ્ય-

વસ્થિત થઇ ગયાં, મોતીની માળા તૂટી ગઇ, હાથી મદ ગલીત થઇ જમીન ઉપર પડયો, અને રાજ્યદંડને યત્ને કરી ગ્રહણ કરવા એક બલિષ્ઠ માંકડાંએ અપૂર્વ શ્રમ કરી, અડધો ગ્રહણ કરી ખેંચવા માંડયો. પરસ્પર ખેંચતાણ કરતાં એક જબરો આંચકો વાગ્યો તેની સાથેજ, ફાળ ભરેલો સ્વપ્નસુખમાં વિચરતો વિર ચમકીને જાગી ઉઠયો.

ભયથી વ્યાકુળ થયેલો, આશ્ચર્યતાથી ભ્રાંતિમાં પડેલો, ચિત્રેલા ચિત્રામણ જેવો સ્તબ્ધ થયેલો, આકુળ વ્યાકુળ સ્થિતિમાં શિથળ દેહથી શૈયા ઉપર તે વીર બેઠો. સ્વપ્નવૃત્તાંત પલકે પલકે સંભારી, વિચારી, ઊંડા વિચારમાં પડતો; અને વળી પાછો ધીરજ ધરી, નવીન તુરંગ મનમાં આવ્યો હોય તેમ મનમાં ચાળા કરતો હતો. તેણે કંઇ આ સ્વપ્નવત્ સ્થિતિમાં ઇશ્વરની મહાન ઐશ્વર્યતા નિરખી હોય, તથા ભવિષ્યનો સંદેશો સાંભળ્યો હોય, તથા હવાઇ કિલ્લાઓને મન સંકલ્પથી બાંધ્યા હોય, તેવું તેના મોં ઉપર જણાયું. પલંગ ઉપર તે કેટલીકવાર સુધી તો જડભરત જેવો બેસીજ રહ્યો, પણ તંબૂના દ્વાર સામું જોતાં, રાત્રિનો વખત વીતિ જઇ અરૂણોદય થવા આવેલો જણાયો. પૂર્વ દિશાનાં વાદળાંઓ સૂર્યના સંસર્ગથી નદીમાં પોતાનું પ્રતિબિંબ પાડી, જળ પ્રવાહને રક્ત આસ્માની અને નીલ રંગમય બનાવી દેતાં હતાં; સૂર્ય તેના તેજોમય પ્રકાશની વિભૂતિથી ચંદ્ર તથા તારાદિ ગ્રહગણને સંતાઇ જવાની ફરજ પાડતો હતો. કમળાદિ પુષ્પો પરિમળનો પ્રવાહ ચલાવતાં ખીલતાં હતાં, અને પશુ પક્ષીઓ પોતાના ચારા માટે કુતુહલ કરતાં ઊદ્યોગે લાગતાં હતાં. સાન્જારા નદીના તટ ઉપર સંખ્યાબંધ માણસો આ વખતે શિવ, શિવ, શંભૂ, શંભૂનો અવાજ કરતાં સ્નાન સંધ્યાદિ કર્મ કરી રહ્યાં હતાં. પરોઢની મુબારકબાદી આપવા તોપે ઢણઢણાટ કરતો અવાજ કરી ખેરિયત ખેરસલ્લાથી બધાને જાણ કીધી તે વખતે લશ્કરી પોશાકમાં દીપી રહેલી, નાગી તલવારથી ચકચકારો મારી રહેલી સૈનિકોની એક ટૂકડી, સૈન્યના મધ્ય ભાગમાં ઊડતા જરીપટકા પાસેના તંબૂ આગળ આવીને ઊભી રહી, અને પોતાના જુના સાથીઓને રજા આપતી જણાઇ. આ તંબૂ સર્વ કરતાં વધારે મહત્વતા ધારણ કરતો હતો અને તેથીજ આપણું વલણ તેના તરફ સવેળા જશે તો તે કંઇ અયોગ્ય ગણાય એમ નથી.

જ્યારે સૃષ્ટિનો વ્યવહાર સૂર્યના કીરણોના ઉદય સાથે ઉદ્યોગમાં મેલાયો હતો, ત્યારે આ તંબૂમાં તેની અભાવના થાય એમ નહતું. આ તંબૂમાં કંઇ જુદાજ તરંગના રંગો રેલાઇ રહ્યા હતા. તંબૂના મધ્ય ભાગમાં એક સુંદર ઇરાની ગાલીચા ઉપર ઉમદા ભૂરી મુખમલની ગાદી

બીછાવેલી હતી. તેના ઉપર સુંદર ગોળ તકીઓ મૂકેલો હતો. તે ઉપર મહાન વિભૂતિથી દેદિપ્યમાન જણાતો ભવ્ય પુરૂષ બેઠેલો હતો. તેના ગળામાં સુંદર પણ નાનો સુશોભિત હીરાનો હાર પડેલો હતો, પગ પાસે રત્નજડીત ઉમદા પાણી પાયેલી તલવાર તથા ગેંડાના ચામડાની મજબૂત ઢાલ પડેલી હતી. તે વારેવારે નજીક પડેલા એક પત્રપર નજર કરતો અને ઊંડો નિશાસો મૂકતો જણાતો હતો. તેની આંખમાં જણાતી રતાશથી તથા ઉપરા ઉપરી આવતાં બગાસાંથી એમ જણાતું હતું કે તેને આખી રાત નિંદ્રા વિના તરફડીઆં માર્યાં હશે. તેની મૂખમુદ્રા ઉપરથી તેનું અંતઃકરણ જાણે નિરાશાથી ખિન્ન થયેલું, પણ પ્રવૃત્તિ બળથી ઉદ્યોગને પ્રેરતું, શૌર્ય રસ પી પુષ્ટ બની જઇ, પતાકા ઉડાવવા આગ્રહી થયું હોય એમ જણાતું હતું. ગાલ ઉપર આંગળી મૂકી, લાંબા વખત સુધી કેટલાક વિચારો કર્યાં કર્યાં, પણ આખરે તેના વિચારની સાંકળે તેના મનમાંથી બહાર નિકળવાની આતુરતા કરી. તેણે ઊંચું જેયું. ભાલદારને નિશાની કરી. તેવાજ ત્રણ પુરૂષોને તેની સમક્ષ રજુ કર્યાં. આ મહાપુરૂષ કોણ હતો તે જાણવાની જીજ્ઞાસામાં વાંચનારને વધારે વાર સુધી ન તલપાવતાં, જણાવવું જરૂરનું છે કે એ પુરૂષને પેશ્વા **બાલાજી બાજીરાવ નિઝામઅલ્લી** ઉપર ફતેહ મેળવી પુના તરફ વળતી વખતે પોતાના લશ્કર સહવર્તમાન, **માન્જારા** નદીના કીનારા ઉપર પડાવ નાંખી પડયો હતો, અને તેની હજુરમાં હાજર થયેલા ત્રણ પુરૂષો તે ગઇ રાત્રે સ્વપ્ન વૃત્તાંતમાં દ્રશ્ય થયાં હતાં તેઓ હતાં.

**બાલાજી બાજીરાવ–ભાઉ** ગઇ કાલના સમાચારથી મને આખી રાત નિંદ્રા આવી નથી, અને મારૂં અંતઃકરણ પ્રચંડ ક્રોધને આધિન થયું છે.

**સદાશિવરાવ ભાઉ**–મહારાજ ! એવું શું છે? કૃપા કરી જણાવશો?

**બાલાજી બાજીરાવ**–મધ્ય રાત્રિએ જાસુસ આવ્યો અને આ પત્ર લાવ્યો, તેથી લાહોરમાં **રઘુનાથરાવના** સૈનિકોનો **અબદાલીએ** પરાભવ કર્યો. **દિલ્લીમાં દત્તાજી સિંધીઆના** સૈન્યનો ધાણ વાળ્યો, તેમાં **દત્તાજી સિંધીઓ** અને તેનો ભાઇ **જોતીબા** ખપી ગયા. વળી યવનોએ શિખેન્દ્ર શેહેર આગળ **મલ્હારરાવ હોલ્કરને** શેહ આપી મોટો અનર્થ કર્યાના સમાચાર આવ્યા છે.

**સદાશિવરાવ ભાઉ**–આહા હા હા ! ! આ તો મોટો અનર્થ ! કીર્ત્તિ ધ્વજનું ખંડન ! નહી સહન થાય એવો કારી ધા.

**બાલાજી બાજીરાવ**–મને આખી રાત ઉંઘ આવી નથી. મારો જીવ તલપાપડ થઇ રહ્યો છે. એ દુષ્ટ યવનોનો ધાણ કહાડયા સિવાય મને જરા પણ શાતા વળનાર નથી. **ભાઉ**! આઠસે નવસે વરસ થવા આવ્યાં. આપણી પવિત્ર **ભારતભૂમિની** છિન્નભિન્ન હાલત એ દુષ્ટ

યવનો કરતા આવ્યા છે-પવિત્ર દેવાલયોનો નાશ કર્યો છે, લાખો આર્યજનોને જોર જુલમથી ધર્મભ્રષ્ટ કર્મભ્રષ્ટ અને સંતતિ તથા સંપતિથી ભ્રષ્ટ કર્યાં છે, અને કર્યાં જાય છે. જ્યાં સુધી આર્યભૂમિ ઉપરથી યવનોનું મૂળ ઉચ્છેદ પામે નહિ, ત્યાં સુધી સુખશાંતિ મળનાર નથી. અને એ પણ નક્કી છે કે, જ્યાં સુધી આર્યપ્રજામાં ઐક્ય નીતિબળ તથા સ્વતંત્રતાથી છકેલી અને શૌર્યરસ પી પુષ્ટ બનેલી દ્રઢતા તથા હિંમત પ્રાધાન્યત્વ નથી પામી, ત્યાં સુધી સર્વ આશા વ્યર્થ છે. **ભાઉ**! સિપાઇઓમાં સહનશીલ શક્તિ તથા સાદાઇની વધારે જરૂર છે, અને તેને માટે મને શક જાય છે. **શિવાજી** મહારાજની રીતિનું અનુમોદન કરતાં મારા સરદારો મને વધારે મોજીલા થતાં જણાય છે. આ અનર્થનું કારણ હું મારા સરદારોનેજ ધારૂં છું. દ્રઢ, યુક્તિબાજ, હીમતવાન અને દીર્ઘદ્રષ્ટિથી વર્તનારા સરદારોની મને ખોટ છે. મરાઠાઓ પોતાનું શૌર્ય-તેજ ક્ષીણ કરતાં જણાય છે. **નિઝામ** ઉપર મેળવેલા જયની કીર્તિને ઉત્તરમાં ગયેલાં વ્યંડળોએ કલંકીત કરી છે, અને કીર્તિરૂપી સુવર્ણપાત્રમાં લોઢાની મેખ મારી, મારા હૃદય સ્થાનને જર્જરીત કરી નાંખ્યું છે. શું! મહારાષ્ટ્રિઓ એવા નામર્દ છે કે આ દુષ્ટ યવનનો દળસહવર્તમાન નાશ કરી, આર્યભૂમિને, એ કષ્ટોના ભારથી મુક્ત નહીં કરે? શું! મહારાષ્ટ્રિઓમાં એવો કોઇ માઇનો પુત ઉત્પન્ન થયો નથી કે તે દેશને, ધર્મને તથા પોતાની સંતતિનાં સુખને સારૂ પોતાનાં સુખને સ્વાર્પણ કરી, **અટક** સુધી જય ઝુંડો ફરકાવે? યવનોના મૂળનો ઉચ્છેદ ન કરે? અને આર્યસંતતિના સુખને સારૂ સામા રાજ્ય સ્થાપવાને અગ્ર પડી મારી સન્મૂખ આવીને રણરંગમાં જાય? મેં તો દ્રઢ નિશ્ચય કીધો છે કે, યવનોનો પરાજય કીધા સિવાય હું શાંતિથી બેસનાર નથી.

**પેશ્વા**નાં જુસ્સા ભરેલાં વચનોથી **સદાશિવરાવ ભાઉ** ઉસ્કેરાઇ ગયો, આંખો લાલચોળ થઇ ગઇ, રોમ રોમ ઉભાં થઇ જઇ, શૌર્યની કંપારી શરીરમાં છૂટી રહી. તે ઝુંમમાં ને ઝુંમમાં ઉભો થયો, મહારાજને પગે પડયો ને બોલ્યો-"મહારાજ, આજ્ઞા હોય તો યવનોનો ઉચ્છેદ કરૂં, ભારતભૂમિને યવન સત્તાથી સ્વતંત્ર કરૂં, ગયલી કીર્તિને યશાળી કરૂં, **રામદાસ** મહારાજની કૃપાથી, **શિવાજી** મહારાજના પ્રતાપથી, અને આપના આશિર્વાદથી ભગવો જયઝુંડો **અટક**ના મહાન પ્રદેશ સુધી ફરકાવવા તત્પર છું."

**પેશ્વા** પ્રસન્ન થયો, **ભાઉ**ની પીઠ ઠોકી અતિભાવથી પાસે

બેસાડયો. સદાશિવરાવ ભાઉ સાથે વિશ્વાસરાવને જવાનું પણ નક્કી ઠર્યું. સૈન્ય સામગ્રી ટૂંકા વખતમાં તૈયાર કરાવવાનો ઠરાવ થયો. આ ગ્રંથના નાયકને પણ તેમની સાથે જવાનું હતું. તે તટસ્થ થઇને આ બધું જોયા કરતો હતો. તેને આ વખતે રાત્રિનું સ્વપ્ન સ્મૃત્તિમાં આવ્યું, તેથી વિશેષ આશ્ચર્યતામાં ગરકાવ થયો. તેણે સદાશિવરાવને તથા વિશ્વાસરાવને લક્ષપૂર્વક ધ્યાનમાં લીધા, તેની ખાત્રી થઇ કે સ્વપ્નાવત્ સ્થીતિમાં દેવાલયમાં રાક્ષસના પ્રચંડ ધ્વનિથી ગેબ થઇ જનાર બે પુરૂષોમાં ભાલો ઝાલનાર ભાઉ હતો અને બંદુક ઝાલનાર વિશ્વાસરાવ હતો.

## પ્રકરણ ૨ જું.

### પુના અને જનરંગ.

વૃતિ દિશે આ જન રંગ કેરી, વિચિત્ર રંગો થકિ છે ભરેલી;
કાલાંતરે યોગ્ય કૃતી કરે છે, વિરજનોને આધિન રહે છે.

સને ૧૭૬૦ માં પેસ્વાની રાજધાની પુનામાં મોટો સમારંભ થતો દેખાતો હતો. રાજદ્વારી મંડળ સાથે સામાન્ય જનમંડળ પણ મોટી ધમાલમાં પડેલું હતું. તેમની સાથે ધર્માધ્યક્ષો પણ સામેલ થયેલા દેખાતા હતા પુનાના–તેમ આસપાસ ગામોના તથા શેહેરોનાં બાળકોથી તે વૃદ્ધજનો સુધી એકજ વાતનું પ્રાધાન્ય આપતા હતા. તેમાં સ્ત્રી મંડળ પણ રસ ભરેલો ભાગ લેતું જણાતું હતું. આર્યાવર્તમાંથી યવનોનો ઉચ્છેદ કરી, અટકની પેલી પાર હાંકી મુકવાની વાતો ચાલી રહી હતી. આખું જનમંડળ વીરરસની ધૂનમાં ચકચૂર થઇ ચકડોળે ચડયું હતું. પેશવાના સૈનિકોમાં શૌર્યમદ ઝળકાટથી ઝળકી રહ્યો હતો. અને તેની જનમંડળ ઉપર છાપ પડી હતી. પુનામાં પ્રતિદિન નવીન નવીન કૌતકો થતાં, અને તે રસ ભરેલી શૈલીથી આખા મહારાષ્ટ્રના લોકો એકબીજાને સંભળાવતાં, અને સાંભળવાને ઇંતેજારી રાખતાં. ઘોડા, ખચ્ચરો, ઉંટો તથા બળદોની ખરીદી થતી, ઘોડાઓની અશ્વ પરીક્ષકો, પરિક્ષા કરી રાખતા, અને પૂર્ણ કસોટીમાં લઇ લશ્કરના કામ માટે લાયક કરવાને યત્ન કરતા. હાથીઓને બંધુક અને તોપો આગળ ઉભા રહેવાની ટેવ પડવાને કેલવતા. બળદો તોપો તાણવાને માટે લાયક છે કે કેમ તે તપાસતાં અને ભાર વહેવાને ઉંટો તથા ખચ્ચરો પૂરતાં થાય એટલાં છે કે કેમ તેને માટે પૂરતી તપાસ કરી રહ્યા હતા. તોપો ઢલાઇ રહી હતી, તલવાર અને બંદુકો સાફ રાખવા માટે સિ-

પાઇઓને તાકીદ અપાઇ હતી અને તેથી કરીને તલવાર ઘસનારા સરાણીઆઓની જબરી ખેંચતાણ થતી હતી. સિપાઇઓની હોંશાતોંશીમાં શરાણીઆની કમબખ્તિ લાગતી. એકબીજાની ખેંચતાણમાં સરાણીઆઓને ભાઇબાપાથી રાવસાહેબ, ભાઉસાહેબ, અને દાદા દાદાના મીષ્ટ વચન ઉચારી કામ લેવાની ફરજ પડતી. કવાયતના મેદાનમાં રોજ ઈબ્રાહીમખાંન ગાર્દી સૈનિકોને સખન કશોટીમાં લેતો અને દમપર દમ રવઇઓ (રીવ્યુ) કરાવતો, તેથી સ માન્ય જનમંડળને જોવાની મઝા પડતી. હજારો લોકો મેદાનમાં રવઇ જોવા આવતા અને તેથી લોકોને નિયમમાં રાખવાને ઈબ્રાહીમખાંનને કેટલીક મહેનત અને વખતના ભોગ આપવાની ફરજ પડતી. શહેરમાં હજારો દરજીઓ તંબૂઓને માટે, લુહારો હથિયારોને માટે, અને સુથારો તંબૂઓની ખીટીઓ તથા તેને ગોઠવવાના સ્થંભોને માટે કામે લાગ્યા હતા. દારૂગોળો બનાવવાને માટે ભારે ધમાલ અને તાકીદ જણાતી હતી. અનાજનો સંગ્રહ કરવા માટે કંઇ થોડો ઉદ્યોગ થતો નહોતો. શીલેદારો, સરદારો અને દરકદારોએ પોતાની પાયગાને તૈયાર કરવા માંડી હતી. જરીના નિશાનોના ચળકારા અને રણતુરના અવાજો વારે ઘડીએ, પુનાના બજારમાં માલમ પડતાં હતાં. લશ્કરની ભરતી સંખ્યાબંધ માણસોથી પ્રતિદિન થવા લાગી હતી. કોકણી, કર્ણાટકી, બ્હાઘેલા તથા રજપૂત લોકો દૂર પલ્લેથી આવી સામેલ થતા હતા.

સૈન્યમાં દિવશે દિવશે વધુ અને વધુ સુધારો થતો જતો હતો. હઝારો માહારાષ્ટ્રિઓ સ્વધર્માભિમાનથી સૈન્યમાં દાખલ થવા જતા હતા. તેઓ ભિન્ન ભિન્ન વેશ પ્રકૃતિ અને આકૃતિવાલા વીર પુરષોનું પ્રદર્શન જનમંડળના ઇતિહાશનું શુદ્ધ સ્વરૂપ ખડું કરતાં હતાં. વીરત્વની છાયા પાડતા વીરપુરૂષોના પ્રચંડ બાંધામાં કેટલાકનાં શરીર કાળાં, કેટલાકનાં ઘઉંવર્ણાં હતાં. તેમાં રામોસીઓ તેઓના અતિકાળા શરીરના રંગથી, મેલા ઘેલા વીંટેલા દંટાથી, તથા કમરે વીંટેલી કાલી કામલી તથા મજબુત ડંડવાલા કાળા બાહુમાં દીપી રહેલાં કામઠાં અને ગોફણથી વિલક્ષણ ચિત્ર દર્શન દેતા હતા. ગુઢગી* પેહેરી તે ઉપર રૂનો ડગલો પેહેરનાર માહારાષ્ટ્રિ વીરો કંઈ ઓર તોરવાલા વીરત્વનું ભાન કરાવતા હતા.

ક્ષાત્ર બુદ્ધિનું ગર્ભથી અભિમાન ધારણ કરનારા રજપૂતો, મેરાબદાર અંગરખા ઉપર કમર કસી, તેમાં શસ્ત્રોને સજી, ફાંકડી મુછો ઉપર તાલ દેતા, બાંકી પાઘ મેલી વીરત્વની બલિહારી બતાવતા હતા.

---

* ગુટણ સુધીની ટુંકી સુરવાળ.

કેટલાકની આંખ લાલ, કેટલાકની વાઘના જેવી વિકાળ અને કેટલાકની કમળ જેવી મનોહર હતી, પણ સર્વમાં વીરત્વની અગ્નિ સળગેલી હતી. નાસિકા, હોઠ અને ચેહેરાની જુદી જુદી આકૃતિઓ, જુદી જુદી પ્રજાના મિશ્રણ થવાથી બંધાયેલી જાતોનું ઇતિહાસિક ભાન કરાવતી હતી. પરંતુ આ સમયે તે સર્વની મુખમુદ્રા ઉપર શૂરત્વની છાપ મુદ્રાંકિત થયેલી દૃશ્યમાન્ થતી હતી. આ વીર મંડળના સમુહ આગળ વીરત્વની ધૂનમાં ઉદ્ધત થયેલો એક તરૂણ પુરૂષ અગ્ર આવી બોલ્યો-"વીરો! નિર્દોષ અને દુષ્ટને સાશન દેવાનો વીરધર્મ જાણો છો?"

મંડળમાંથી પ્રત્યાઘાત થયો--હા! હા, વીરપુરૂષોનો એ પરમ ધર્મ છે, અને તેમાંજ પરમ તત્વ છે.

તે તરૂણ બોલ્યો-નિર્દોષને દુઃખ દેવા તથા આર્યભૂમિ ઉપર સ્વામિત્વ સ્થાપન કરવા અબદાલી આવે છે તેને માટે તમો શું ધારો છો?

વીર મંડળમાંથી ફરીને પ્રતિ ઉત્તર મળ્યો-દુષ્ટને શાસન દેવા! તત્પર છીએ."

તે તરૂણે પ્રશ્ન કર્યો-તે કેમ કરી શકશો?

વીર મંડળમાંથી અવાજ થયો-તરવાર બલે! તમો કહો.

તે તરૂણ બોલ્યો-દુષ્ટને શાસન આપવાને ઇચ્છતા હો તો, જીવન અર્પણ કરવા જેટલા આગ્રહને દ્રઢીભૂત કરો! અબદાલીના અસહ્ય જુલમોથી આર્યપુત્રોને મુક્ત કરવાને દેહને અર્પવાની તૈયારી કરો; સેંકડો વર્ષોથી સંપતિ, સંતતિ અને સુખ સત્તાને લુટતા યવન દુષ્ટોનો ઉચ્છેદ કરવાને સાવધાનતા વાપરો. યવનો તમને બળહિન, શૌર્યહિન તથા કાયર પંક્તિમાં ગણી નિંદે છે, તેમને તમારૂં ખરૂં વીરત્વ બતાવી, વીર પુત્ર તરીકે માહાન છાપ પાડશો નહિ ત્યાં સુધી તે નમ્યું આપનાર નથી. માટે તમારી માતૃ ભૂમિના માનને માટે, યશ કીર્તિના લાભને માટે, તમારી અને તમારી સંતતિની સ્વતંત્રતાને માટે; તથા નામર્દ હીઝડાના અપવાદમાંથી મુકત થવા માટે, એટલુંજ નહિ, પરંતુ તમારા વડીલોની મહાન યશસ્વી કીર્તિનાં રક્ષણ માટે, જીવન મર્યાદાને તુચ્છ ગણી સ્વાર્પણ કરવાને આગળ ધસો!

ઉત્સાહથી આનંદિત સ્વરે તે તરૂણને અભિવંદન દેતો એક જટાધારી ધાર્મિક મહતાની છાપ પાડતો બોલ્યો-ગીતામાં વ્યાસ ભગવાન કહે છે કેઃ— 'हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम्' લડાઇમાં મરાસો તો સ્વર્ગ મળશે અને જીત્સો તો પૃથ્વી (રાજ્ય) ભોગવશો. આ મહાલાભ સંપાદન કરવાનો આ સંધીકાળ આવ્યો છે. એવો કાળ મહા ભાગ્યશાળી ક્ષાત્ર વીરોને પ્રાપ્ત થાય છે.

* "यदृच्छया चोपपन्नं स्वर्गद्वारमपावृतम्॥"
"सुखिनः क्षत्रियाः पार्थ लभंते युद्धमीदृशम्*॥"

યુદ્ધ એ સ્વર્ગનું દ્વાર છે, માટે ધર્મના રક્ષણ વાસ્તે પ્રાણાર્પણ કરવાને તત્પર થાઓ. એમાં મહા પુન્ય છે. તેમ કરતાં રણ સંગ્રામમાં દેહનો પાત થવાથી સ્વર્ગની મહાન સિદ્ધિ પ્રાપ્ત થાય છે. જેને પોતાના ધર્મનો ટેક નથી રાખ્યો, તે નરાધમ આ દુનિયામાં અને પેલી દુનિયામાં કાંઇ પણ સુકૃત બાંધતો નથી. જે પ્રજાની સ્વતંત્રતા નષ્ટ થાય છે, તે યથેચ્છ સ્વધર્માચરણ આચરી શકતી નથી. સ્વદેશીઓ, સ્વધર્મિઓ, યવનોથી પીડાય છે, દંડાય છે, અને દુઃખોમાં રોળાય છે. શું તેમના સુખ માટે, ધર્મના રક્ષણને માટે, તથા દુનિયામાં ક્રૂરતા વાપરનાર કૃતઘ્નિઓના અટકાવની ખાતર, શું વીરત્વ દાખવવાની જરૂર નથી? શું સ્વધર્મિઓનાં આંસુની નીકો તમારી શૌર્ય શક્તિને ઉત્તેજીત કરતી નથી? દુઃખથી પીડાતા આર્ય બંધુઓ ઉપર શું દયા આવતી નથી? અરે કાયર પુરૂષોને ધિઃક્કાર છે. તેવા નરાધમનું જીવતર વ્યર્થ છે કે જેને મનુષ્ય પ્રાણીને દુઃખમાંથી છોડવવાની જીજ્ઞાસા થતી નથી. શું તમો એમ સમજો છો કે, યવનો તમારાથી દૂર છે? તે તમને શાંતિમાં બેસવા દેશે? જરા નહિ! તમારી યશસ્વિ કીર્તિનું ઉત્તર હિંદુસ્થાનમાં ખંડન કર્યું છે, અને જો તમો વીરત્વ બતાવી, અબ્દાલીનો ઉચ્છેદ નહિ કરો તો, તેના ઘોડાનાં પગલાં થોડા દીવસમાં આ પવિત્ર ભૂમિને ભ્રષ્ટ કરશે, સ્વધર્માચરણથી નષ્ટ કરવા પ્રયત્ન કરશે. અરે આપણા પવિત્ર દેવાલયોને અભડાવી મૂર્તિઓને ખંડન કરશે, કુળવધુ અને બાલીકાઓ ઉપર આપણા સમક્ષ કુચેષ્ટાઓ કરશે, શું તે તમો સાંખશો?"

વીરમંડળમાંથી પ્રતિ ઉત્તર મલ્યો—ના, ના, નહિ,! નહિ! કદી નહિ."

જટાધારી બોલ્યો—यतो धर्मस्ततो जय; ધર્મ ગૌરવના મહત્વને રક્ષણ કરવા મથસો તો મહત્વતા મળશે. માટે ઉત્સાહ બળ વધારી ગૌબ્રાહ્મણ પ્રતિપાળ થઇ આર્ય ધર્મના રક્ષક થાઓ, અને દુરાનીના હુમલાથી આર્ય ભૂમિને બચાવવા, મહાવીરત્વ ધારણ કરી, રણરંગમાં વિજય મેળવવા, અને સ્વતંત્રતાનું રક્ષણ કરવા તત્પર થાઓ. ચક્રવર્તિ પદ ધારણ કરી આર્ય ગૌરવને ગૌરવાન્વિત કરો.

એ સાંભલી, ચતુર, બુદ્ધિશીળ ચક્રી પાઘ પેહેરેલો એક બીજો તરૂણ, નીચું મુખ રાખી ઘણીવાર સુધી વિચાર કરી ઉંડો નિઃશ્વાસ નાખતો બોલ્યોઃ આર્ય ધર્મની ઉન્નતી માટે યત્ન શો!!! જ્યાં સુધી મોગલો, ગીલ્લજાઇઓ

---

* સ્વર્ગનું બારણું ઉઘાડી નાખ્યું હોય, તેનાં સરખું આ યુદ્ધ સમજ, એટલે એની મેલેજ, હે પાર્થ! ભાગ્યશાળી ક્ષત્રીને મલે છે.

અને અફઘાનોના હલ્લા છે, ત્યાં સુધી આર્ય ભૂમિમાં હાહાકાર છે. જ્યાં સુધી મોગલાઇ મરોડાઇ નથી ત્યાં સુધી સુખ સમૃદ્ધિ તથા સ્વધર્મનું રક્ષણ નથી. જ્યાં સુધી યવન રાજ્ય છે, ત્યાં સુધી આર્ય પ્રજાનું હિત ક્યાં છે! કીર્તિનો વીજય ક્યાં છે? ઉન્નતીનો માર્ગ ક્યાં છે! શાન્તિની સુખદ સીમા ક્યાં છે! જ્યાં સુધી મોગલાઇ છે, ત્યાં સુધી પરતંત્રતાની બેડી છે, ત્યાં સુધી આર્ય વીરોના કપાળ ઉપર કલંકની રેખા અંકિત થયેલી છે. જ્યાં સુધી એ યવન રાજ્ય છે, ત્યાં સુધી આર્ય વીરો, તમારી શૌર્ય કુશળતાની મહતા નથી. તમારૂં ગૌરવ નથી. તમારી ગણના નથી. અફસોસ! ધર્મપ્રસિદ્ધ આર્યભૂમિએ સંપ સત્તાને ખોયાથી જે અનુભવ્યું છે તે ઇતીહાસનાં પાનાં ફેરવવાથી દ્રષ્ટિગોચર થાય છે કે, આચારસુન્ય યવનોને રાજ્ય અપાવ્યું છે, સ્વધર્મને હાનિ પહોંચાડી છે. કુળવધુની લાજ ખોઈ છે, અને કલંકનો કાળો ડાઘ કપાળે લગાડયો છે. જ્યાંસુધી મોગલાઈ રાજ્ય હિંદુસ્તાનમાં છે–ત્યાં સુધી આર્યો પ્રાચીન ગૌરવ મહત્તાને ભુલી જાઓ, અભિમાનથી અંકિત થતાં હૃદયને દૂર કરો, મુછ ઉપર ફરતાં હાથને નીચા રાખો અને આર્ય ભૂમિમાં જન્મ ધરીને તેને કૃતાર્થ કરી છે એ વાત ભુલી જાઓ." બોલતાં બોલતાં વળી પાછો ઉસ્કેરાઈ જઈ તે વીર મંડળ તરફ લાંબા લાંબા હાથ કરી, કપાળને કરચલીવાલું કરી નાખતાં, વીરત્વ ભરેલી છાતી ઉન્નત કરતાં, બોલ્યો–આર્ય વીરો! ઉદય માર્ગને ઉન્નત કરી આર્ય ભૂમિને તારવા માગતા હોય તો, તેજ રહિત થતાં મોગળ સત્તાના વિસ્તીર્ણ ક્ષેત્રમાં શૌર્ય બળથી સત્તાના બીજને વાવવા તત્પર થાઓ અને ઉદય માર્ગને રોધ કરતાં અબદાલીના બાવળરૂપી કાંટાને ઉખેડી નાખી ભસ્મીભૂત કરી નાખો. દાસત્વની સાંકળનાં બંધનથી દુર રહેવાને તથા તેને તોડવાને ભારત પ્રસંગવસાત્ ભારત યત્ન કરીને ઇતિહાસનાં પાનાં ચળકાવ્યાં છે ખરાં, પણ આ પ્રસંગ તેથી પણ ભારે છે. યત્ન શીવાય દાસત્વનું બંધન દુર કરાતું નથી, શૌર્યથી સેહ આપ્યા શીવાય શત્રુઓ નહાસતા નથી, વીરત્વનું અભેદ્ય બળ જોયા શીવાય શત્રુઓ પીછો મુકતા નથી, નમીત થતા નથી, અને તે શીવાય સ્વતંત્રાનાં મહા સુખ ચખાતાં નથી."

પેહેલો તરૂણ પુરૂષ વીરત્વનું ભાન કરાવતો બોલ્યો–"વીર પુરૂષો! રાજ્ય નૈતિજ્ઞ તરૂણ વીરે જે વચન પ્રવાહ ચલાવ્યો છે તેનો ધડો, ઇતીહાશના પાના ઉપરથી સંપૂર્ણ મલે એમ છે. પ્રતાપી પ્રતાપે દાસત્વ સ્વીકારવાને મોગલોને હંફાવ્યા ન હોત તો આજે એની ખ્યાતિ કયાંથી હોત? શીશોદિયાકુળભૂષણે દ્રઢતા ધારણ કરી મહાસંકટ સહન કરી, મહશૌર્ય બતાવ્યું ન હોત તો આજે એનું યશોગાન કોણ ગાત? ક્ષાત્ર કુળનું

ગૌરવ ક્યાં ગણાત? ભારતની મહતા ક્યાં મપાત? વીરત્વ બતાવે છે તેને યશદેવી યશમાળા પહેરાવે છે, સ્વતંત્રતા તેની સનમુખ રહે છે, કુળ ગૌરવ ગૌરવતા આપે છે. અને દાસત્વની સાંકળ દુર રહે છે. શિવાજી મહારાજે મહત્ પ્રયત્ને આર્ય જીવનને તાર્યું છે, સ્વધર્મને રક્ષણ આપ્યું છે, મોગલ પાદશાહાતના બલને નષ્ટ કર્યું છે અને તેણે જો યવન સત્તાને છેદન કરવાને યત્ન કીધો ન હોત તો, આજે આર્ય પ્રજાના શા હાલ હતા? આજે ધર્મની કેવી સ્થિતિ હોત! આજે પેશવાની સ્થાપના પણ હોત નહિ, આજે માહારાષ્ટ્રિ ગૌરવને કોઈ જાણુત પણ નહિ. આ સર્વ વિચારવા યોગ્ય છે. ધડો લેવા લાયક છે અને પ્રશંસા પાત્ર છે. માટે બાંધવો, 'તમારૂં જીવન ખરચીને અબદાલીની ઉપાધિથી, આર્ય પ્રજાને બચાવવા મહાબળનું સંયમ કરવા તત્પર થાઓ, અને તેમ જો કરી શકશો તો, ભવિષ્યની પ્રજાના મહાહિતને તમો સ્થાપી શકશો.'

યૌવનની ઉન્મત્ત દશામાં વાક્ય પ્રહાર કરતા વીરો અને જન મંડળને નિહાલી રહેલો વૃદ્ધ સંત, જે અત્યાર સુધી શાંત ચિત્તે શ્રવણ કરતો હતો તે, ગંભિરતાથી આગળ આવી, સર્વ તરફ તીવ્ર દ્રષ્ટિથી જોઇ રહ્યો. જન મંડળની નિર્બળતા, અહંકૃતિ, અધમતા, અને અવિચારીપણાની ઉદ્ધતતાની નીચતા નજર નીચે આવી ગઇ અને મહાકાર્યની ઇચ્છાશક્તિ કરનાર મંડળમાં તેને મહતા ન જણાવાથી, તેના મનમાં સ્ફુરાયમાન થયું કે, "આર્યના ભવિષ્યનું ગૌરવ નક્ષત્ર આકાશમાં ઉન્નત થયું નથી, જન મંડળમાં અને રાજ્ય કરતા પુરૂષોમાં ચક્રવર્ત્તિ પદની યોગ્યતા આવી નથી, હિન્દુપદ, પાદશાહત સ્થાપન કરવાના માહા નિયમો, સબળતા પામેલા નથી, માટે તેના ઉપરથી અવર મંડળનો રાજ્યભાર જનાર નથી. મૂલ પાયાનું સંશોધન કર્યા વગરનો આ તરૂણોનો જડ બકવાદ પાયા વિના મેહેલ ટકાવવાના વિચાર બરોબર છે." એ નિર્બળતાનો અંતરભેદ પામી, અંતરમાં ખેદીત થતાં ભારે નિશ્વાશ મુકી, ભ્રાતૃભાવનું મધ મુકતાં તે બોલ્યો—" સત્ધર્મ બળની મહતા, તેજશ અંશની મહાશક્તિ તથા ઓજસ્વાન પુરૂષોની આંતરશક્તિની દ્રઢ ઇચ્છાશક્તિ, એજ મહાકાર્યોને પાર પાડે છે, તે તરફ લક્ષ આપ્યું છે?"

પેહેલો તરૂણ પુરૂપ બોલ્યો—"સ્વામી! એ ગૂઢ વિષયમાં અમને ના ફેંકો. જે દુષ્ટોએ હમારૂં હર્યું છે અને હરવા આવે છે તેને હણવા દો.

વૃદ્ધ સંત—તમારૂં તેમણે હર્યું નથી. તમારી અધમતાએ તમને તજાવ્યું છે."

પેહેલો તરૂણ-એ દુષ્ટ દુરાત્મા યવનો અમારી પવિત્ર ભૂમિ ઉપર શા માટે આવે છે ?

વૃદ્ધ સંત-ભૂમિ બ્રહ્મની છે. ભૂમિના ભેદની ગણના પ્રશંસાપાત્ર નથી તમારી નિર્બળતાથીજ તમે તેને રાજ્ય કરવા લાવ્યા છો !

પેહેલો તરૂણ-અમે એ કુત્સિત દુષ્ટોને ક્યાં નિમંત્રણ કરવા ગયા છીએ.

વૃદ્ધ સંત-તમારામાંના કેટલાએક સ્વાર્થી દુરાચરણી અધર્મીઓના કૃત્યોથીજ તેઓ આવ્યા છે.

પહેલો તરૂણ-પવિત્ર પરાક્રમથી વિજેતા થયેલા જણાતા નથી.

વૃદ્ધ સંત-એજ મહતા ભરેલું છે. તે તમારા પાપી આચરણોનું ફળ છે એમ જણાવી આપે છે, અને તેજ દર્શાવી આપે છે છે કે, ધાર્મીક-સામાજીક તથા રાજકીય વ્યવસ્થા પતિત થયેલી છે. તે ઉન્નત થશે નહિ ત્યાં સુધી ઉન્નતિ નથી. અહંકાર અને સ્વાર્થ બુદ્ધિ રાખી મનુષ્ય પ્રાણીને દુઃખ દેવા માટે જે વિજેતા થાય છે, તે ખરા વિજેતા નથી, પણ જનમંડળને ઉપાધીરૂપ છે. સકળ જગત મંડળમાં ભ્રાતૃભાવ સ્થાપનાર વિજેતા ખરો વિજયી છે.

પહેલો તરૂણ-અફ્ઘાનો, મોગલો કે ગીલજાઇ આદિ પ્રત્યેક યવનોમાં સ્વાર્થ પરાયણતા શિવાય બીજું જણાતું નથી. પરધર્મી તથા પરદેશી કહી સર્વદા નીંદે છે.

વૃદ્ધ સંત-"તેનું ફળ તેને મળશે. કર્મનું ફળ કોઇને છોડતું નથી. તે તેમને પણ છોડનાર નથી. નાના જન મંડળમાં મિથ્યા ભાવ રાખી માહા જનમંડળને દુઃખી કરનાર મંડળ જ્યારે ત્યારે પોતાની સ્થિતિને દુઃખમય કરનાર છે. તેમના મનની નિર્બળતાજ તેમને અધમતાએ પોંહચાડશે અને જગતને તે ત્રાહે ત્રાહે પોકરાવે છે તે પોતેજ ત્રાહે ત્રાહે પોકારશે.

પેહેલો તરૂણ-તે કયારે થશે. ?

વૃદ્ધ સંત-કાળક્રમના વારા પ્રમાણે તેનો વારો આવશે ત્યારે.

પેહેલો તરૂણ-હમારે ત્યારે શું કરવું ?

વૃદ્ધ સંત-પરમાર્થ બુદ્ધિથી જગતમાં ભ્રાતૃભાવની વૃદ્ધિ કરવાની વૃત્તિ રાખી સ્વાર્પણ કરવા મહાપુરૂષાર્થ કરો, કાળે કરી સર્વ સાધ્ય થશે.

વૃદ્ધ સંત એટલું બોલતાંજ મૌન ધારણ કરી ત્યાંથી ખસી ગયો. તરૂણ પુરૂષે ઉન્નતિની અભિલાષાથી સ્વાર્પણ કરવાને તત્પર થઇ મહા પુરૂષાર્થ કરવા, સકળ મંડળને પ્રેરણા કરવા માંડી. આવી રીતે પુનાનું જનરંગ વિચિત્ર સ્થિતિને ભુક્તમાન કરતું, વિરરસને ચકડોળે ચઢ્યું હતું. તેની અસર પ્રજા મંડળમાં એટલી બધી વધી હતી કું

જ્યાં ને ત્યાં રણસંગ્રામમાં જવાની ઇચ્છા શક્તિ સર્વેને ડોળાયમાન કરી રહી હતી, અને તે એટલા બધા રૂપમાં ઉન્નત થઇ હતી કે, પાર્વતિના દેવાલયમાં મળેલા સ્ત્રી મંડળ તરફ નજર કરતાં, ભારે ચમત્કાર દેખાશે. ? અબળાઓ ! હા અબળાઓ ! તેઓએ વીર વીરાંગનાઓ થવાની ઇચ્છા કરતાં, મહા પ્રયત્ન કીધો. શું કીધો ? કોણે કીધો ? કેવી રીતે કીધો ? તે યથાસાંગ કથવો મુસ્કેલ છે.

## પ્રકરણ ૩ જું.

### પાર્વતીનું દેહેરૂં.

"સત્ કીર્ત્તિ-વૃત્તિ જળ રૂડુ, મહીલા થકી સીંચાય છે;
"તે દેશના જનરંગ તણું, ભવિષ્ટ રૂડું ભખાય છે;
"સત્ કીર્ત્તિ કેરૂ મહત્વ ગણાય, મહત્વા ઉભરાય છે;
"ઐશ્વર્ય સર્વ પ્રકારનું, તે દેશ મહી સ્થીર થાય છે.

ઉંચી ટેકરી ઉપર ભવ્ય ભપકાથી ભભક મારતું પાર્વતીનું દેવાલય આજે બધાનું ધ્યાન ખેંચનારૂં થઇ પડયું હતું. મ્યાના ઉપર મ્યાનાઓ, રાજવંશીઓને છાજતાં દોરદમાકથી દબદબા ભરેલી રીતે, જાસુસોનાં ખીસો ખીસોના અવાજ સાથે પસાર થતાં જણાતાં હતાં. મૂળા નદીનો વહેતો પ્રવાહ, તે સર્વને ઓળંગવો પડતો હતો. મ્યાનાવાળાઓનો બોજો મૂળા નદીના પ્રવાહને ઓળંગવા પછી તુરત ઓછો થતો જણાતો નહોતો. તેમને છેક કાળા પથ્થરથી બાંધેલી વિશાળ સીડીઓને ઓળંગવી પડતી હતી, અને છેક શંકરના મંડપ આગળજ તેમનો છૂટકો થતો હતો. આવા ઘણા મ્યાનાઓ અને સિપાઇઓની ગીરદી પાર્વતીનાં દેવાલય પાસે જણાતી હતી.

આજે ત્યાં શું હતું ? તે સ્વાભાવિક જાણવાની ઇચ્છા થવાથી પ્રશ્ન ઉભો કર્યા શીવાય રહેવાય એમ નથી. આ મંડપના મધ્ય ભાગમાં એક જાડો, બેઠા ખામણાનો, પણ મોટી ફુંડવાળો, અને ગોળ મોઢાંવાળો, પણ નાક જેનું જરા ટુંકું અને જાડું હતું તેવો પુરૂષ, કમ્મરે કસકસીને, નાગપોરી ઉપરણો વીટીને ઉભો હતો. તેના એક હાથમાં મનોહર વીણા હતી, કપાળમાં ત્રિપુંડ્રીક ખેંચેલું હતું, અને માથે એક સફેદ ચકરી બ્રાહ્મણીઆ પાઘડી ઘાલી હતી. આ માણસ વયોવૃદ્ધ, સ્વભાવે શાંત, ખુશ મિજાજી, ગાનતાનની કુશળતા સાથે સંસ્કૃતનું સારૂં જ્ઞાન ધરાવનાર હતો. તેની સંગીત

શાસ્ત્રની કુશળતાની ખાત્રી, તેની પાછળ ઉભો રહેલો મૃદંગ બજાવનાર, તથા પાસે ઉભો રહેલો પાવાવાળો, અને તાલ વગાડનારની સાથે ઉભો રહેલો સારંગીવાળો, એક મીલાવટથી વીણાને અનુસરતાં અનહદ રંગ લાવી મેલી, સાંભળનારને આનંદમાં છલકાવી નાંખતા હતા. મધુરી વાણી અને પ્રસંગને અનુસરતા હાવભાવ વાળી અદાથી, તે સર્વનાં મન રંજન કરવાને શક્તિમાન થતો હતો. એટલુંજ નહિ, પરંતુ પોતાના કહેવાની છાપ એવી તો સજ્જડ સાંભળનારાઓનાં મન ઉપર પાડતો હતો કે, જેથી તે નવે રસમાંથી જે રસને પ્રાધાન્યત્વ આપતો તે તેના શ્રોતાઓ ઉપર દીપી નીકળેલો જણાતો હતો. આ કોણ હતો ? તે એક હરદાસ હતો, અને તેને ખાસ કથા સારૂ આજે રોકવામાં આવ્યો હતો.

પુષ્પનાં સુગંધી તોરણો આખા મંડપમાં ટાંગી દીધાં હતાં. અગરનો ઉમદા ધુપ મઘમઘી રહ્યો હતો. હરદાસ બાવાની સામું એક સુશોભિત સુવર્ણની રત્ન જડીત બાસ્ટી પડી હતી. તે ઉપર ધર્મપોથી કિનખાબના અસ્તરમાં વીટાળેલી મુકી હતી. તેના ઉપર પંચોપચાર પુજન થયલું જણાતું હતું. બકુલ પુષ્પની માળા તે પોથી ઉપર સુશો-ભિતપણામાં વધારો કરતી હતી. પાસે ઘીથી ઝકઝક બળતી સુવર્ણની બે સમેદાનીઓ સર્વનું મન આકર્ષતી હતી. આસપાસ નજર કરતાં ત્યાં ભારે ઠાઠ જણાતો હતો. ઉમદા જરીના ગલીચાઓ બીછાવેલા હતા. જમણી બાજુએ મધ્યમાં એક સુંદર સિંહાસન જેવું ગોઠવેલું હતું, જે તદ્દન સૂવર્ણથી મઢેલું અને નકશી કામના એક નમુના જેવું હતું. તેના ઉપર મુખમલની મઢેલી ઘણીજ ઉમદા ગાદી હતી. આ મંડપમાં સ્ત્રીઓ સિવાય બીજું કોઇ નહોતું. સ્ત્રીઓનો પોશાક ઉમદા હતો, અને તેમની ઊંચા પ્રકારની મર્યાદશીળ રીતભાત ગૃહસ્થાઇનું શ્રેષ્ઠ ભૂષણ બતાવતી હતી. અનેક રંગની સાડીઓથી દીપી રહેલો આખો મંડપ, રંગ બેરંગી થઇ રહ્યો હતો. સ્ત્રીઓના આવાગમનથી જાણે કામ-દેવની પતાકાઓ ફરકતી હોય એવું ભાન થતું હતું. કંકણના ખડખડાટ અને નેપુરના રણકારાએ મોટું કુતૂહળ ઉત્પન્ન કીધું હતું. મોતીની માળાઓ અને હીરાના કંઠાઓએ ઝગઝગારો કરી દીધો હતો. દરેક સ્ત્રી સ્વચ્છતા, સુઘડતામાં અને ટાપટીપમાં એકેક કરતાં ચઢતાપણાનો દાવો કરે એવી હતી. તેનું સ્વરૂપ અને લાવણ્યતાનું યથાસ્થિત વર્ણન કરવાને ગ્રંથકર્ત્તામાં શક્તિ નથી. આ મંડપને અનેક ચંદ્રથી પ્રકાશેલું આકાશ કહેવું કે અનેક કમળોથી ખીલેલું કમળાકર કહેવું ? ખરેખર આ સ્થાનમાં બિરાજેલી સ્ત્રીઓ શૃંગારરસની અધિદેવીઓ હતી. રતીનું પણ એક ફેરી માન ઉતરાવે એવો દેખાવ આ પ્રસંગે

ચઇ રહ્યો હતો. આ સ્ત્રીઓમાં જેમ રૂપ લાવણ્યતા હતી, તેમ વિવેક, મર્યાદા, અને સદાચરણ વૃત્તિ, ઇશ્વર ભક્તિ, અને પતિવ્રત પાલવાની શ્રેષ્ઠ શક્તિ પણ હતી.

આ સ્ત્રીઓનો ખળભળાટ અને ગડબડાટ એક ક્ષણમાત્રમાં શાંત થઇ ગયો. તે સર્વનું લક્ષ એક બાજુએ રોકાયું પ્રતિહારિઓનાં "ખમા ખમા" ના કોમળ સ્વરો, વચ્ચે અનેક દાસીઓથી વીંટાએલી અનુપમ રૂપવતિ એક સ્ત્રીએ દેખાવ દીધો. તેણે તદન નિલા રંગની રેશમી સાડી સજેલી છે, તેજસ્વી કપાળનાં મધ્યમાં કુંકુંમની આડ કીધેલી છે, નાકમાં ઉમદા પાણીદાર મોતીની વાળી ઘાલેલી છે, ગળામાં મોતીનો છડો બિરાજી રહેલો છે, મધ્યમ ખામણાની, શાંત મુખ મુદ્રાવાળી, રાજ્ય ગૌરવથી ગર્વિત ન થએલી, પણ રાજ્ય ગૌરવના મહાતેજની છાપ પાડતી, ધીમે ધીમે ગતિ કરતી, મધ્ય ભાગનાં સૂવર્ણ આસન ઉપર બેઠી. તેની ગંભીર પણ સુરેખ ચક્ષુએ, ચપળતાથી બધા મંડપ ઉપર નજર કરી લીધી. તેની નજર થતાંજ શાંતિએ પોતાનો પૂર્ણ વાસો કીધો. અને સર્વે જણાએ તેનાં રાજ્ય ગૌરવનાં મહાતેજને આધીન થઇ આધિનતા સ્વીકારી, નમન કીધું. આ કોણ હતી? એ **બાલાજી બાજી**-રાવ પેશ્વાની સ્ત્રી **ગોપીકાબાઇ** હતી, અને તેના આમંત્રણથી આજનો સમારંભ હતો.

ગોપીકાબાઇ આસન ઉપર બિરાજ્યાં કે, હરીદાસ બાવાએ વીણાને સ્પર્શ કીધો. ને મૃદંગ ઉપર થાપ પડી. હરીદાસે જરા ટટાર ઉભા રહીને, ઇષ્ટ દેવનું આરાધન કરી, કથા પ્રસંગને ઉપાડયો. હરીદાસ બાવાએ **સી**તાનું સતિત્વ, **સુ**લોચનાનો સુયશ, દમયંતીનું ડહાપણ, **સા**વિત્રીનું પતિવ્રત, કૈકૈનું રણસંગ્રામમાં દર્શાવેલું કૌશલ્ય વર્ણવ્યું. તેના પેટામાં માતા, પુત્રી અને સ્ત્રી તરીકેના સ્ત્રીના સુધર્મનો ઉપદેશ આપતાં, કૈકૈએ રણસંગ્રામમાં દશરથના રથની ધરી ધરી રાખી, માહરણરંગ રાખી, વીરત્વ દર્શાવ્યું હતું; તે દર્શાવતાં, આધુનીક કાળની વીર વીરાંગણાનું સ્મરણ કરાવ્યું. તેમાં **શિવાજી** મહારાજની માતુશ્રી જીજીયાબાના મહાન ઉપદેશથી, **શિવાજી** માહારાજના રાજ્ય તેજની વૃદ્ધિ વર્ણવી. તે ઉપદેશ એ હતો કે-" **શિવાજી**, સત્વરે તૈયાર થા. સુદૃઢતાથી ઉદ્યમ આરંભ. દૃઢ પ્રતિજ્ઞા લઇ સતત્ ઉદ્યોગ આરંભે છે, તેને આ જગતમાં ધન્ય છે. આ જગતમાં તેને અસાધ્ય કંઇજ નથી. યવનો આર્યભૂમિને ભ્રષ્ટ કરે છે, તેને તારા શૌર્ય પરાક્રમથી નષ્ટ કર. એમાંજ તારા જીવનનું ખરૂં સાર્થક સમાએલું છે. આર્ય ધર્મને ભ્રષ્ટ સ્થિાતમાં લાવી નાંખ્યો છે, તેનું સ્મણ કર, તારા ખરા ક્ષત્રિય ધર્મને સંભાળ; જીવનને વહાલું ન ગણ: જીવતર હમેશાં રહેનાર નથી, કાળ તેના ખપ્પરમાંથી છોડ-

નાર નથી, યશસ્વિ કાર્ય કરી યશને મેળવ, સ્વધર્મીઓનું રક્ષણ કરી ધર્મનું રક્ષણ કર, ગૌ બ્રાહ્મણનું રક્ષણ કરવું એ ખરેખરૂં ક્ષાત્રત્વ છે. સ્વભૂમિ સ્વધર્મનું રક્ષણ કરતાં કદી રણમાં પડયો તો દેવત્વ મળશે: યુદ્ધમાં મરવાથી લોકો તને દેવ નામથી પુજશે. સ્વધર્મીઓનું રક્ષણ કરવાને ઉધમી થા, આશા ત્યાગ કરીશ માં: આશાજ મનુષ્યનું ખરૂં જીવન છે. અને આશાજ મનુષ્યમાં શક્તિને પ્રદિપ્ત કરનારૂં મહા સાધન છે. તું એકલો જગતમાં આવ્યો છે અને જગત છોડીને એકલુંજ જવું પડશે; પરંતુ ધર્મ કાર્ય, પરલોકમાં સહાય થશે, અને આ લોકમાં યશાલાં કાર્ય કરશે તો યશ કીર્તિનાં ગાન રહેશે. પુત્ર! મારૂં આશીર્વચન છે અને શ્રી મહાકાલીની આજ્ઞા છે. સતત્ કાર્યમાં મંડયો રહી જય ઝુંડો ફરકાવ." માતૃઉપદેશથી શિવાજીએ યશાલી કીર્ત્તિ મેળવી અને પેશ્વાઇનું મહાતેજ જે આજે તપે છે, તે એ મહાદેવીનોજ પ્રતાપ છે. એવી માતા તરીકેની તેની મહત્તા વખાણી, તેથી, તથા રજપૂત કુળ ભૂષણ ચિતોડી વીર વીરાંગણા પદ્મનીનું દીર્ઘ દર્શીપણું, તથા ફત્તાની સ્ત્રીએ રણ રંગમાં માહા શૌર્યથી ખડ્ગ લેઇ ધસી, ખરૂં વીરત્વ દર્શાવ્યું હતું તેનું, પતિના ગૌરવનું રક્ષણ કરનારૂં કાર્ય વર્ણવી, તેની પત્નિ તરીકેની યશાલી ઉજ્વલતા વખાણી તેથી, તથા બીજાં એવાં અનેક આર્ય વીર વીરાંગનાનાં શૌર્યનાં યશો ગાનથી મંડપમાં બેઠેલું મંડળ શૌર્ય રસમાં ડોળવા લાગ્યું. તેમનાં કોમલ અંત:કરણ ઉપર વીર વીરાંગનાની માહા છાપ પડી, અને તેવાં કાર્ય કરી, ઉજ્વલ યશ પ્રાપ્ત કરવા જીજ્ઞાસુ થયું. સમય પણ તે કાર્યને અનુમતિ આપે એવો હતો. આખું મહારાષ્ટ્ર વીરરસની મહા રેલમાં તણાતું હતું, અને આ તરૂણીએ તેમાં વિશેષતા કરવાને યત્ન કીધો. યત્ન કોનો સફલ થતો નથી? દૃઢ નિશ્ચયથી સર્વ કંઇ થાય છે અને થશે.

હરીદાસ બાવા આરતિ કરી પરવાર્યા હતા. સર્વનાં મન અનેક તર્ક વિતર્કમાં પડયાં હતાં. કેટલાક હરીદાસ બાવાના રાગ તાળની પ્રશંસા કરતાં હતાં; કેટલાંક તેમના કથા ભાગની ખૂબીને વખાણતાં હતાં, અને કેટલાંક તેમના કથા કહેતી વખતના હાવભાવનેજ પ્રાધાન્ય આપતાં હતાં. વળી કેટલાંક તેમણે વીર વીરાંગણાના પ્રસંગને વીરરસથી ઉપદેશ્યો હતો; તેનાંજ યશગાન ગાતાં હતાં. આ પ્રસંગનો લાભ લેઇ એક સત્તર અરાઢ વરસની નવલ કીશોરી યશોદા બોલી:–
"આધુનિક કાળમાં સ્ત્રીઓ શું વીર વીરાંગણા ન થાય?"

હરીદાસ–થાય, અને યશથી કુળને ઉજ્વલ કરે.

યશોદા–શાથી થાય?

હરીદાસ–મહત્ત્વતા કરતાં પ્રાણ કિમતી નથી. એમ જાણી મનની (એકાગ્રતા) દ્રઢ પ્રતિજ્ઞા કરવાથી થાય.

યશોદા–તે કેવી રીતે થાય?

હરીદાસ–એનો કંઇ ક્રમ નથી, એ શિક્ષણના કંઈ પાઠશાળા હોતી નથી, તેમ એ પાઠશાળાથી શીખાય એવું પણ નથી. કુળગૌરવ, સ્વધર્મ ગૌરવ, તથા સ્વદેશ ગૌરવ, જેના મન ઉપર મહત્ત્વતાની છાપ મારી રહ્યો છે; કુળ, ધર્મ કે દેશની હીનતા જેને શૂળ પેઠે ખુંચે છે; હીનતા સ્વીકારી કલંકિત થવા કરતાં પ્રાણુની કિમત ઓછી ગણે છે; જીવતર અસ્થિર છે; કીર્ત્તિ ચિરંકાલી છે; સૃષ્ટિમાં જન્મી કીર્ત્તિધ્વજ નથી ફરકાવ્યો તેને ધિઃકાર છે; કીર્ત્તિ વિનાનું જીવન ફોકટ છે; પરાધિનતા ધિઃકાર પાત્ર છે; શું મારો દેશ, મારૂં કુળ, અને મારા સહોદરો પારકાની ગુલામગીરી કરે, પારકાની પદ સેવા કરે, એના કરતાં પ્રાણ વિસરજન કરવો શ્રેષ્ટ છે; કોઇને પણ નમીશ નહિ; મારા કુળ ગૌરવને હીનતા લગાડી કલંકિત કરીશ નહિ; મારા સ્વદેશીઓને કલંકિત થતાં બચાવીશ અને તેના નિમિત્તે પ્રાણ વિસરજન થતાં સુધી યત્ન કરીશ; કલંકિત પ્રાણુની કિમત શી છે? કલંકિત પ્રાણુનો આ દુનિયામાં યશ નથી અને પરલોકમાં મોક્ષ નથી; રણ રંગમાં અનમી થતાં મર્ણ થાય તો તે સ્વર્ગ સમૃદ્ધિને આપનારૂં છે, એવી છાપ જેના મન ઉપર પડે ને મહત્વતા ઝળકાવી રહે, તે વીરરસ પી, પુષ્ટ બની યશમાળા પહેરે છે.

પાર્વતી*–શું, આ દેશ કાળ અનુકુલ છે?

હરીદાસ–હા, અને તમો જેવાને સત્વરે અનુકુળ થાય એમ છે.

આથી પેશ્વાની સ્ત્રી ગોપીકાબાઇ† જરા હસીને બોલી: "પાર્વતી, તમો યત્ન કરશો તો નિશ્ચે પાર પડશો; તમારા સ્વામી અબ્દલીના યુદ્ધમાં સૈન્યાધિપતિ થઇ જનાર છે.

પાર્વતિ–એ વાત સબળ સહાયતા સિવાય બનવી મુશ્કેલ છે.

ગોપીકાબાઇ–હું મહારાજને વિદિત કરીશ.

પાર્વતિ–પ્રધાન મંડળની સમગ્ર ઐકયતા થવી મુશ્કેલ છે.

ગોપીકાબાઇ—તમારી મદદગાર યશોદા‡ થશે.

યશોદા—બાઇ સાહેબની ઇચ્છાનુસારે યત્ન કરીશ.

શું યત્ન કરશે? આ નવલયોવનમાં ઝુકોલે ચઢેલી યુવતી શું જુક્તિ કરશે? આ માહા કાર્યને કોના દ્વારાએ પાર પાડશે? તેણે કાનમાં પાર્વતિબાઇને કંઇક કહ્યું. બન્નેએ જરા સ્મીત સ્મીત હાસ્ય કર્યું.

---

* સદાશિવરાવ ભાઉની સ્ત્રી.

† પેશવા બાલાજી બાજીરાવની સ્ત્રી.

‡ જનાર્દન ભાઉ ઉર્ફે નાનાફડન વિસની સ્ત્રી.

મંડપમાં બેઠેલી સ્ત્રીઓએ જુદી જુદી કલ્પનાઓ કરી, અને આ કાર્યને એક અદ્ભૂત આશ્ચર્ય ધાર્યું.

જેમ સ્ત્રી મંડળ ભરાયું હતું, તેમ પોત પોતાના વાહન સાથે વિદાય થયું. ઉઠતી વખતે યશોદા, પાર્વતિ અને ગોપીકાબાઇએ ગુપચુપ વાત કરી, અને એક બીજાં સામું જોઇ સ્મીત સ્મીત હસ્યાં. બાદ પોત પોતાના દરજ્જા પ્રમાણે નમન કરી જૂદાં પડયાં. શું વાત કરી તે લખવાનું કારણ નથી, તેમ લખનારને તે વાત જણાઇ પણ નથી.

## પ્રકરણ ૪ થું.

### શયન ગ્રહ.

“માધુર્યતા પ્રેમ પવિત્રતાથી, વધાવતી પ્રેમળ પ્રેમ સાથી;
“સતી શિળે શૂકિરતી કરે છે, શાણી શુશીળા જગમાં ઠરે છે.

ચંદ્રપ્રભા હવડા અનુપમ સૌંદર્યથી નભમંડળને ચલકાવી રહેલી છે. તેની શાંતિયુક્ત પ્રભાએ જગતનાં શ્રમિતજનોને વિશ્રાંતિ આપવાને શરૂઆત કીધેલી છે. કમળાકરમાં અનેક કુમુદ પુષ્પોને ખીલાવી તેની સૌંદર્યતામાં અધિકતા કરી છે. પ્રેમી દંપતિને પ્રેમનું સ્મરણ કરાવવાની હીમત ધરી છે. અનેક પ્રેમીઓના ધૈર્યને ડોલાયમાન કરી, તેમના સ્થીરપણામાં અસ્થીર ભાવ આણી, તેમનાં અંતઃકરણમાંથી ભારે નિશ્વાસ નાખતાં કીધાં છે. કેટલાંકને અત્યંત પ્રેમાંધપણામાં મુગ્ધ કરી આનંદાશ્રુથી ભીનવી રહેલી છે. ચંદ્રની અનુપમ પ્રભાના સુખને કોણે નથી અનુભવ્યું ? એ ચંદ્રનું અનુપમ સૌંદર્ય, એક ચિત્ર વિચીત્રથી ભરેલા રંગ મેહેલ ઉપર પોતાનું બળ અજમાવી રહ્યું હતું. વિશાળ રંગભુવન, અનેક પ્રકારના સુગંધિત પદાર્થોથી સુવાસિત થઇ રહ્યું હતું. ગુલાબ, ગુલદાવરી અને ગુલછડી બેહેકી રહી હતી. તેમાં કેવડો અને મોગરો વધારો કરતાં હતાં. ગુલાબના પાણીના છંટકાવથી, પવનની લપટ ઉમદા વાસ આપી રહી હતી. સ્ફટિકનાં સુંદર આસનો, નાના પ્રકારનાં બીજાં આસનો સાથે સુશોભિત કરેલાં ગોઠવેલાં હતાં. મધ્ય ભાગમાં સુંદર છત્રપલંગ શોભી રહ્યો હતો. પલંગની પાસેની ખીટી ઉપર સુંદર વીણા લટકી રહી હતી, અને તેની પાસેની બારીમાંથી આવતી ચંદ્રપ્રભા શયનગૃહમાં ટાંગેલા ઉમદા બિલોરના મોટા તકતાઓ ઉપર પસરી રહી, તેના પ્રતિબીંબથી અલૌકિક સૌંદર્યતાનું ભાન કરાવતી હતી. આ સ્થળે કામદેવને અનુકુળ થનાર કૃત્રિમ અને અકૃત્રિમ સૌંદર્યતાનો

સમૂહ એકઠો થયો હતો. તે એક ફેરી મુદ્ર બ્યંડળને પણ વિલક્ષણ ભાવ ઉત્પન્ન કરે એવો હતો. પરંતુ એ સ્થાનમાં એક સુંદર કાષ્ઠાસન ઉપર બેઠેલા, પાતળી કાઠીવાળા, ઘઉંવર્ણો, લાવણ્યમય મુખમુદ્રાવાળા નવલકિશોરને તે સંસર્ગ કરતાં ન હોય એમ જણાતું હતું.

બહારનો વૈભવ, એ સુખદ સ્થિતિનો પૂર્ણ ચિતાર નથી. બહારના વૈભવથી, કોઇને સુખી માનવાનો નથી. સુખ કેવળ શાંતિ અને સંતોષમાંજ છે, અને તે સુખ કેવળ બ્રહ્મજ્ઞાનમાં તલ્લિન થએલા યોગીઓ, સમાધિષ્ટ સ્થિતિ સિવાય ભોગવવા ભાગ્યેજ ભાગ્યવાન થાય છે. આ પુરૂષ શયનગૃહમાં પણ શાંતિમાં જણાતો નહોતો. પોતાના ડાબા ગાલ ઉપર આંગળી મૂકી વારે વારે ગંભિર વિચારમાં ગરકાવ થતો જણાતો હતો. એની આગળ પાછળ ભરતખંડના અનેક વિભાગના નકશાઓ તેના યથાસાંગ હેવાલ સાથે પડયા હતા. તેના ઉપર પોતાના અભિપ્રાયો ટાંકતો હતો. જનસ્થિતિ અને જનવૃત્તિની પ્રકૃતિથી માહિતગારી મેળવી, તેને કેમ અનુકુળ કરવા, તથા તેને કેમ અનુકુળ થવું તેનો મહાપાઠ તે પઢતો હતો. આ પુરૂષનાં હાથમાં આ વખતે દિલ્હીથી તે પંજાબ સુધીનો નકશો હતો. તેના ઉપર મનન કરતો કરતો ક્રોધમાં આવી ગયો. તેણે પોતાનો હાથ અફાળ્યો અને મંન ઉપર પૂર્ણ અંકુશ નહિ રહેવાથી પ્રસિદ્ધપણે મનમાંના વિચાર બહાર પડવા માંડયા. "ભરતખંડના સાર્વભૌમ રાજાનું ઉચ્ચ પદ આજે યવન ધરાવે છે! તેણે આજે રાજ્યકુળતિલક ક્ષત્રિઓને નમિત કર્યા છે. અફસોસ! સનાતન ધર્મ નાશ થયો છે. આ બધાનુ કારણ શું છે? ક્ષત્રિઓએ પોતાની સત્તા કેમ ખોઇ? સંપનો અભાવ, દુરાગ્રહ બુદ્ધિ, કલંકિત રીતિ, અને બલાબલનો વિચાર ન કરતાં અવિચારીપણે કીધેલાં કાર્યનું એ ફળ છે. તોપણ હવે ભારતભૂમિને એના પ્રાચીન ગર્વથી ગર્વિત કરવાનો આ સમય છે, એની ગએલી મહત્તાને સ્થાપવાને, શૌર્યતેજને ચળકાવવાને, સ્વતંત્રતા મેળવવાને, શત્રુઓને સેહ આપવાને, તથા ગએલી કીર્ત્તિને મેળવવાને જો આર્યો આગ્રહ પૂર્વક મંડે તો તે મેળવે એમ છે. કેમકે દીર્ઘદ્રષ્ટીથી તપાસતાં મારી ધ્યાનમાં આવે છે કે, મોગલોનું બળાબલ તપાસતાં તે છેક આવી થાક્યું છે. તેના દીવાનો, ઉમરાવો, અમીરો, અને સૂબાઓમાં સંપ નથી. તેઓ આત્મ લોભથી લોભાયલા છે; દુર્વ્યસનથી દગધાયલા છે, દુરાચારથી ખરડાયલા છે; અને એમનું બળ મરેઠી સૈન્ય સામું જરા પણ ધીરજ ધરી શકે એવું નથી. તોપણ અફઘાનો હજી છેક એવા થયા નથી. તેમનામાં હિમ્મત અને જવાંમર્દિ છે. પણ જો આર્ય પ્રજા એકત્ર થઇ મહાશ્રમ કરે તો હું નથી ધારતો કે યવનો જરા પણ ફાવે.

બળાબળનો વિચાર કરતાં, મરેઠી સૈન્ય અબદાલી કરતાં વધારે છે, સૈન્ય સામગ્રી સારી છે, લશ્કર કસાયલું છે અને આખા મહારાષ્ટ્રમાં આ ફેરી શૌર્યનો ધ્વનિ થઇ રહ્યો છે. તે ખાત્રી આપે છે કે મહારાષ્ટ્ર જયમાળા પેહેરવાને લાયક છે. તોપણ આ સમય રંગને એપાવે એવાં મોટાં સૈન્ય ઉપર સત્ય પરાયણ અંકુશ રાખનાર સૈન્યાધિપતિની ખોટ છે. શૂરવિર, સત્યશીળ, ઉદાર, ઔદાર્ય, ચપળ, યુક્તિબાજ, ગંભીર, દીર્ઘ વિચાર શીળ, ધૈર્યવાન, એવા સઘળા મહાગુણો એક માણસમાં સમાયલા હોય એવો મહાપુરૂષ મરાઠી સૈન્યાનો નાયક નથી. અને તેથીજ મારા મનમાં સંદેહ છે કે મરેઠી સૈન્ય રખેને રાખમાં ચોળાય, રોળાય અને કીર્તિને બદલે અપકીર્તિ હોરીને આવે. પ્રભુ મને જો અનુકુળતા આપે તો એક ફેરી ભરતખંડને શૌર્ય, બળ, અને સમૃદ્ધિ સાથે કીર્તિવાન બનાવી મજબૂત કરીશ, યવનોને આર્યભૂમિ ઉપર ત્રાહે ત્રાહે પોકરાવીશ.” આવી રીતે એ પુરૂષના મનના ઉછાળા, કુતૂહળ કરી રહ્યા હતા.

એજ સમયે એક અનુપમ લાવણ્યમય સુંદરી તેની પાછળ ઉભી ઉભી વિલક્ષણ અનુભવ લેતી હતી. હવે તે તરફ લક્ષ આપીએ. નવ યૌવનમાં દીપી રહેલી સ્વચ્છ તરૂણી, નિર્મળ પ્રેમને અધિન થએલી, આનંદિત ચક્ષુથી વિવેક અને લજ્જાને અધિન થઇ, વારે વારે પોતાના વસ્ત્રને સમારતી હોય તેમ કૂતુહળ કરતી, પ્રીતમને નિહાળી રહી હતી. એનો તંગ કમખો વારે વારે નિહાળી, તેને તંગ રાખવાને ઘણો શ્રમ કરતી હોય તેમ જણાતું હતું. માથા ઉપર વારે વારે હાથ ફેરવી કેશના પ્રદેશને વ્યવસ્થિત રાખવાને યત્ન કરી રહી હોય તેવા ચિન્હો કરતી હતી. તેના કેશપાસમાં ગુંથેલું ગજરૂં તથા આનંદથી પ્રફુલ્લ જણાતા ગાલ ઉપર ખીલી રહેલી લાલી, પ્રીતમના ચીત્તને લલચાવવાને યત્ન કરતાં હોય તેમ ખીલી રહ્યાં હતાં. તેની સાથે પ્રેમના તનમનાટથી પ્રફુલ્લ થએલા તેના હૃદયના ઉભરાથી નાસિકાના અગ્ર ભાગ ઉપર આવી રહેલી સુરખી, તથા ચક્ષુમાં દેખાતા મદનના નિર્મળ પણ પ્રેમાન્ધ સ્થિતિને દર્શાવતાં વિકારો પતિને અધિન થઈ, અધિન કરવા ઉત્સુક દેખાતા હતા. પ્રીતમના પ્રેમને પાત્ર થવા શયનગૃહને શણગારી તેનો લહાવો લેવા આખા દિવસની આકાંક્ષીત થએલી, હવડા નિર્મળ પ્રેમને અનુભવવા આવી હતી. પ્રેમ ઘેલડીએ પ્રીતમના વિચારમાં ને વિચારમાંજ આખો દિવસ ખોયો હતો. શણગાર સજવામાં પ્રીતમની પ્રીતિને પાત્ર થવા પુરતો શ્રમ લીધો હતો. વારે વારે આયનામાં પોતાની મુખ મુદ્રાને નિહાળી, પ્રીતમના પ્રેમને પાત્ર કરવા, પ્રફુલ્લ બની, મનોહર કરી હતી. કપાળના મધ્ય ભાગમાં ચાંદલાને ગોઠવવા અને બરોબર ગોળા-

કૃતિ આપવા, પાંચ સાત ફેરી લુછી લુછીને બરોબર કર્યો હતા. તેની મખમલી બગલને વારે વારે લુછી ખુશબોના પદાર્થોથી સુવાસિત કરી, કમખાને બરોબર તંગ કર્યો હતો. તેની સ્વાભાવિક સૌંદર્યતામાં સુલલિત, સુગોળતાએ, સુમનોહરતા દીપાવી હતી. સુગોળ હાથમાં રત્નની ચુડીઓ હતી. સુગોળ બાહુમાં માણકથી મઢેલા અને મોતીના છાગલીઆવાલા વોડવાંક હતા. ગોળ આંગળીમાં હીરાની ગોળ વીંટી હતી. ગોળ ગ્રીવાના પ્રદેશથી લટકેલી ગોળ મોતીની માળા, સુગોળ પયોધર ઉપર ઉછાળા મારી રહી હતી. પ્રેમ ઘેલડીએ આખો દિવસ પ્રીતમને હૃદય પારણે ઝુલાવી હવે રંગ મહેલમાં પ્રેમ હીંચકે ઝુલવા અનેક કલ્પનાઓ કરી હતી. પ્રેમના આવેશમાં રંગમહેલના દ્વારમાં આવી. સ્વામી જોશે, પ્રેમ ચિન્હ કરશે; એ વિચારે ખંચાઇ, અર્ધ ખુલ્લા દ્વારથી લજ્જાને આધિન થઇ પતિને નિહાળવા માંડયો. પ્રેમના આવેશથી ધ્રુજતા પગને આગળ કરતાંજ પતિની પૂઠ જણાઇ. યુવતિ ખમકીને ઊભી રહી પ્રીતમનું માન મનથી ચાહ્યું. પણ પ્રીતમને પ્રીયાંગનાની ખબર ક્યાં હતી? પ્રીયા માનભંગ થએલી ક્ષણભર ખમકી રહી, પણ પાછી પ્રેમબળને પ્રબળ કરી સ્થિરચિત્તે નિહાળવા લાગી, તો પ્રીતમ મહાવિચારમાં લીન થએલા હતા. તેમની મુખમુદ્રા તર્ક વિતર્કને અધિન થઇ ઉસ્કેરાએલી હતી. આ જોઇ મનોવિકારના ચક્ર જાળમાં ફસી, મોટો નિશ્વાસ મૂકી, મનમાં આશા ભંગને લીધે થયેલી ખીન્નતાને ખસેડી મુકવા યત્ન કીધો. પરંતુ તે યત્ન સાથે પતિના પ્રેમાળ કૃત્યોનું પુનરાવર્ત્તન થવા માડયું. એક પછી એક પ્રીતમની પ્રેમ ચેષ્ટાનું સ્મરણ તાજું થવાથી, પ્રેમાળ વૃત્તિ વધારે જાગૃત થવા માંડી. અને *કર્ણાટકની સ્વારીમાં જતી વખતે પતિએ કરેલાં પ્રેમચિન્હનાં સ્મરણે છેક લાચાર બનાવી. પ્રીતમનો કિશોર વયનો મનોહર ચેહેરો, તેનો ભભકો, છટા, તેની સન્મુખ તરી આવ્યાં. તેના લશ્કરી પોશાકના ભભકાએ મનોહરતાની ભભક તાજી કરી, તેના નિર્મળ પ્રેમનાં કટાક્ષે કંપાવી મુકી. એટલુંજ નહિ, પરંતુ પ્રેમાર્દ્ર ચિત્તથી પતિએ આપેલાં અધરદાન, અને હૃદયદાનનાં સ્મરણથી જાણે તેને હવડા તે અનુભવતી હોય, તેવી તદાકાર થઈ ગઈ. એક ક્ષણ માત્રમાં આ બધા વિચારોએ તેને કંપાવી નાંખી. તેને પ્રેમ ઘેલડી બનાવી દીધી. વળી તેને પતિનું બાળ ચેષ્ટાના ચરિત્રનું સહસા સ્મરણ થયું, ને તે અનુભવિત હોય એવું કલ્પવા લાગી. અનુભવથી તથા કલ્પનાથી જે મહાઆનંદ થાય છે, તે મહાઆનંદ સુખ કાર્ય કરતી વેળા પ્રાપ્ત થતું નથી. કાર્ય આવે

---

* સન ૧૭૫૭ માં કર્ણાટક ઉપર પેશ્વા સ્વારી કરવા ગયા હતા. ત્યારે નાના ફડનવીશને લઈ ગયા હતા તેનો ખુલાસો પ્રકરણ છઠ્ઠામાં જણાશે.

છે, અને ચાલ્યું જાય છે. કાર્યની ક્રિયા થતી વેળાએ સુખ મેળવી શકાતું નથી. તે વખતે મન જે કાર્યમાં દ્રઢીભુત થઈ કાર્ય કરવા મચેલું હોય છે, તેથી તેને જે સુખદ અનુભવ મળે છે, તેની ખરી કીમત આંકી શકતું નથી. પરંતુ કેટલોક કાળ વિત્યા પછી જ્યારે તે સુખદ અનુભવ કલ્પનામાં ઉદિત થાય છે, ત્યારે અપૂર્વ સુખની મહત્તા મન ઉપર અંકિત થાય છેઃ તેનો અનુભવ ઉપભોગ કરતાં પણ વિશેષ સુખ ચખાડે છે. હવડા પ્રિયાની પ્રેમાળ મૂર્તિ સરળ ભાવથી પતિનાં બાળ ગૌરવના સ્મરણથી હર્ષિત થઇ, બાળ પતિએ છેક બાળ કાળમાં એક સમયે મેવાની વેહેંચણી કરી હતી, તે વેળા બધા કુટુંબીઓના હાથમાં મેવાનો પડીઓ મુકતાં મુકતાં, પ્રિયાનો વારો આવ્યો. વિવાહીત થએલી બાળા આ વખતે ઘરમાં હાજર હતી. પતિએ વિવેક મર્યાદાનો ગૌરવ દર્શાવવા કે પછી પ્રેમ પ્રલનાળીકામાં પ્રેમનું હુંપદ બતાવતાં, પ્રિયાના હાથમાં મેવાનો પડીઓ ન મુકતાં, તેની પાસે મુકી, મેવો વેહેંચવાનું કામ આગળ ચલાવ્યું. પ્રિયાએ તે મેવાનો સ્વિકાર કીધો નહિ. બાળ પ્રિયા શું કરે? તેને દુનિયાનો વા વાગ્યો નહોતો. પણ કુદરતે તેનામાં સર્વ વાસનાનાં બી ભરેલાં હતાં. પ્રેમગૌરવથી તીરછી નજરે પતિ ઉપર દૃષ્ટિપાત કર્યો. પતિને જણાવ્યું કે, અપમાનિત થઇ છું, શું દાસજનોથી પણ અધિકાર ઉતર્યો કે, આપના હાથથી મેવો લેવાને અયોગ્ય ઠરી? પ્રિયાએ પ્રેમ ગૌરવમાં મૌન ધર્યું. મેવાને હાથ અરાડયો નહિ. બાળ પતિ પ્રિયાની ચેષ્ટા પામી ગયો. મનમાં જરા સ્મીત હાસ્ય આવ્યું. તે સાથે પ્રેમબીજનાં મહત્વે ઉછાળો માર્યો; ને મન સાથે દ્રઢીભૂત કરાવ્યું કે, રિસાયલી પ્રિયાને રીઝવવી. થોડાક કાળમાં એક ઓરડામાં સહસા પતિ, પ્રિયાનું એકાંત મળવાનું થયું. બાળા લજ્જા અને રીસના આવેશમાં ખંચાઇને બાજુએ થઇ ગઇ. પરંતુ પ્રાણેશે પ્રિયાને ગલે હાથનો સ્પર્શ કરી, પ્રેમ દીનતાથી કહ્યું; "તેં મેવો કેમ ન ખાધો?" પ્રિયાએ કહ્યું, "જે પદાર્થ મને આપવા યોગ્ય પ્રાણેશને ન જણાયો તેનો સ્વીકાર કેમ કરૂં?" પ્રીતમે આગ્રહ કરી મેવાની તાસક પાસે મૂકી, હાથમાં મેવો લઇ પ્રિયાનું મુખ ભરી દીધું. વળી પ્રેમ ચિન્હ કરતાં અધરદાન દીધું ને હૃદયદાન દેતાં ખૂબ દાબી, કુખ પ્રદેશ અને બગલના પ્રદેશમાં વિલક્ષણ કૌતક કરી હાસ્ય કરાવતાં કહ્યું; "પ્રિયા! તું બહુ વહાલી છે." એમ કહીને એક ઉપર એક એમ ત્રણ ચાર મેવાના મુઠ્ઠા પ્રિયાનાં મુખ કમળમાં મુક્યા, ને પ્રિયાએ તે પ્રેમ લાવણ્યે ખાધા. પતિએ પ્રેમપાન કરતાં કહ્યું, "હવે કેમ બોલતી નથી? શું તું તારી આગલ શરમને વધારે ચાહે છે?" પ્રીયાએ મૃદુ મૃદુ હસીને પતિને

નિહાળ્યાં કર્યાં. પતિએ કેશ પ્રદેશ ઉપર પ્રેમ ઉદ્ધતતાથી હાથ પસાર્યો, તેથી કેશબંધન છૂટી ગયું. કેશ પીઠપ્રદેશ અને સ્તનપ્રદેશ ઉપર અવ્યવસ્થિત પ્રસર્યા. પ્રીયા ગાભરી થઇ ગઇ. તેની મુખાકૃતિ ઉપર પળે પળે ઘણીક જાતનાં નવા નવા ભાવ પ્રકાશતા જણાયા. પ્રીતમને તે ભાવે આધિન કર્યો. તેણે ક્ષણભર વ્યાકુળ થઈ જઈ, પ્રેમ જીવનની ભૂમિકામાં પ્રવેશ કીધેલો અનુભવ્યો. આધિનતાથી પ્રિયાએ કહ્યું, "છોડો, જવાદો." પ્રીતમે જોરથી ડાબી કહ્યું, "હું તને નહિ છોડું; તને નહિ જવા દઉં; તારી પ્રેમ મૂર્તિથી મારી આંખો ધરાતી નથી." પ્રીયા પ્રીતમની ખેંચાતાણમાં પલ્લવનો પટ જરા ચીરાયો, લાંબો હાથ કરતાં ગળામાંની મોતીની માળા ટૂટી પડી. પ્રીયાએ દીનતા અને પ્રેમથી ડપકા ભરેલી આંખ કરી કહ્યું, "પ્રાણેશ! આ શું કર્યું? માતાને શું જવાબ દઇશ?"

પ્રીતમ ઉદ્ધતાઇથી દીનતાને આધિન થએલો, પણ પ્રેમના બંધનથી બંધાએલો, પ્રેમ દ્રષ્ટિ કરતો કરતો પ્રિયાને તે ઓરડામાં તજી બહાર નીકળી ગયો. પ્રિયાએ મોતી વીણવાના ગભરાટમાં, ને પ્રીતમને નીહાળવાની અધિરાઇમાં, વીલક્ષણ સ્થીતિ અનુભવી. પ્રેમથી રક્ત થએલાં મુખથી અધિર થએલાં પ્રેમ ભરેલાં ચક્ષુથી, પ્રીતમની પૂઠ દેખાઇ ત્યાંસુધી નિહાળી. નિહાળતાં નિહાળતાં બોલી, "અરે આ શું થયું? એમને ખોટું લાગ્યું. માળાએ મારાનું કામ સાર્યું." મોતી વીણતાં પાછી ગભરાઈ. સત્ય પરાયણ સાધવી વિચારમાં પડીને બોલી. "માતાને શું જવાબ દઇશ? દુષ્ટ માળા તું દુષ્ટા છે. તેં પતિ અને માતા એના આગળ અકારા કરવાનું કર્યું! અરે! પણ આ શું? મારા પ્રાણ રીસાયા. પ્રથમ હું રીસાઇ, પ્રાણેશે મનાવી. પ્રાણેશ રીસાયા, હવે કેમ કરી મનાવું?" પ્રેમ કૌતકે સરળ સાધવીને શરણ કરી, પ્રેમને આધિન થઇ ધ્રૂજવા મંડી. પતિ અવકૃપાના ભયે પ્રેમની મહતા બતાવી ને પ્રેમને અખંડિત કરવા તે મંડી. બાળા શું કરે? તે સરળ સ્વભાવની સાધવી હતી. તેણે દીન વદનથી, લજ્જાનો ભાર વહેતાં પ્રાણેશની દિશા તરફ નિહાળ્યું. એથી શું થયું? એ સવાલ પ્રેમના પરમાણુની મહત્તા જાણનાર પૂછશે નહિ અને તેની મહત્તા ન જાણનારને પુછવાનો હક્ક નથી! મહત્ પ્રેમનાં ઐશ્વર્યે જે સ્વાદ ચખાડયો હતો, તેને આજે પ્રેમના મનોતરંગમાં ખંડિત થયેલી પ્રિયા, કલ્પનાથી અનુભવી, બમણું સુખ લે છે. પતિ પરાયણી સુશીલાને પ્રાણેશનાં મધુર વાકય જાણે હમણાં, પ્રેમ અમૃત મેલી તેનાં કાનને પવિત્ર કરતાં જણાયાં. આહાહાહા! "તું મને બહુ વાહાલી છે!" આ કેવું પ્રેમામૃત છે!!! આ અમૃતે મારામાં પ્રેમ વેલડીને ઉછેરી છે, મારા જીવનમાં ઉત્તમ

મધુરતા મેલી છે, આધિન કરી છે. અરે એ શબ્દધ્વનિ જ્યારે જ્યારે સ્મૃતિમાં તાજો થાય છે, ત્યારે ત્યારે મારૂં હૃદય વિલક્ષણ ભાવને ધારણ કરે છે. મગજ પ્રેમની ધુનીમાં ધમધમી સકળ ભ્રાંતિને ભુલાવે છે, અરે તે મધુર ભાવ આજે પ્રાણેશ કેમ દર્શાવતા નથી. આજે એમનું પ્રેમ ચાતુર્ય મારો અનાદર કરવાને કેમ નિષ્ઠુર થયું હશે? પ્રાણેશ આજે તમે મારા સામું જોઈ જે કુતુહળ કીધું હતું, તેનો યત્કિંચિત્ પ્રભાવ બતાવી કેમ સંતુષ્ટ કરતા નથી? મારે માટે તમે આજે કેમ બેદરકાર છો? જો પ્રથમ સુખનો સ્વાદ ચખાડયો ન હોત તો આજે સુખની અભિલાષા થાત નહિ, તેની ઉરમી મને સતાવત નહિ. પણ આજે દુઃખ મનમાં શામાટે આવે છે? સુખદ તરંગની મૃદુ મૃદુ લહેરીમાં મને રંગી છે; મધુર પ્રેમ વાણીથી પ્રેમામૃત રેડી મગજને ધ્વનિત કર્યો છે; પ્રેમાંજલીથી મધુર અમૃત સીંચન કરી પ્રેમ વેલીનું મૂળ અચળ દ્રઢ કીધું છે; પ્રેમ શલ્ય એક ફેરી ખુંચ્યું કે તે આખા જીવન સુધી ખુંચ્યા કરવાનું. તે સર્વદા મનમાં સુખને નાશ કરવાને ઉગ્ર રહે છે, ભમાવે છે, શાંતિને આપતું નથી, તલ્સાવે છે, તૃપ્તિને આપી શકતું નથી, અતૃપ્તિને વધારે છે અને કૂતુહળ કરાવી પ્રેમને આધિન કરી, પ્રીતમની પ્રેમ પ્રતિમાને નિહાળીને કે કલ્પીને, મોરલીથી નાગ ડોલ્યા કરે છે તેમ, પ્રેમ ધ્વનિમાં ડોલ્યા કરે છે. સ્વકીયા પતિમાં જે સુખ માને છે, તે સુખ પરકીયાં પરપતિમાં માને છે. પરપતિને હૃદય આપનારીને ધિઃકાર છે, તેના પ્રેમ કૂતુહળ ઉપર હજારો વજ્રના ઘાત પડજો, તેમની ચેષ્ટાઓ નિર્મળ લગ્ન બંધનને નષ્ટ કરનારી, સુધર્મ આચારને ભ્રષ્ટ કરનારી, અને આખરે આ લોક અને પરલોકના સુખથી અધોગતિને આપનારી છે. તરૂણ બાળાઓ તરૂણ વયને સમાલો. જો મન્મથના સરથી એક ફેરી વિંધાઇ, તો સર્વદાને માટે સુખદ શાંતિનો નાશ કરશોઃ અનેક પ્રયત્ને તમારૂં જીવન સુખરૂપ થશે નહિ; માટે પ્રેમના પાત્ર સિવાય પ્રેમને ન રેડવાની સાવચેતી રાખો. પરપુરૂષને દ્રષ્ટિ માંડી જોતા જ ના, જાણે અજાણે દ્રષ્ટિપાત થવાથીજ દુઃખનું મૂળ ઉત્પન્ન થાય છે. અધર્મી અનાચારીના ઉદ્ધતવેશ ઉપર રીઝા થઈ તમારી મનોવૃત્તિ ચલાયમાન કરતાંજ ના. ભુંડા અવિચારી અધર્મિની કુટીલ વાણીને શ્રવણમાં પેસવા દેતાંજના. તેની સાથે ભાષણ કરવામાં ભાવ ધરતાજ ના. એમાંજ તમારૂં શ્રેય છે. એમાંજ તમારા પતિવ્રત્તિની સુરક્ષા છે. પતિવ્રતની રક્ષા સિવાય મહા ઉન્નતી નથી. જ્યાં પતિપ્રાણા સુશીળાઓ વસે છે, ત્યાં સર્વ સુખનો વાસો છે. ત્યાં સર્વ સુખદ શાંતિ પ્રવર્તે છે, આનંદને ઉભરાવે છે.

તેના ખરા સ્વાદને અનુભવાવે છે, ધર્મને ખીલાવે છે અને ઇહ લૌકીક સુખને અચળ દ્રઢ કરી આપે છે; અને પરલૌકીક સુખને સુલભ કરવાની આશાને ખીલાવે છે. બાળાઓ! મનરૂપી ધી, હૃદયરૂપી વાસણમાં ભરેલું છે, તેને મદનરૂપી આગ કલ્પના દ્વારા તપાવે છે. મદન રૂપી આગ જેટલી થંડી હોય છે. તેટલી શરીરની મજબૂતી સચવાય છે, વિવેકની મર્યાદાનું રક્ષણ થાય છે, રોગોને રોકી શકાય છે અને મહતાને સ્થાપી શકાય છે. માટે પતિપ્રાણા શાધવી થવા ચાહતી હોય તો મનને વશ રાખો, મનને વશ રાખવા દ્રષ્ટિને સાધ્ય કરો, વાણીને વિવેકે વાપરો–તમારો જય છે.

જે અપૂર્વ સુંદરીને તમો ઓળખો છો. તે સાધ્વીએ કૂળ ધર્મથી **સીતા**ના પ્રેમને શ્રવણ કર્યો હતો, **સદ્‌ભામા**ના સ્નેહને શ્રેષ્ઠ ગણ્યો હતો, **શકુન્તલા**ના સ્નેહ સૌંદર્યની મહતાને મહાન માની હતી, **તારા** મતિની પ્રેમ આધિનતાને કીર્તિવંત ગણી હતી. ને તેના સદ્‌ભાવથી એનું અંતઃકરણ પતિના પ્રેમમાં ડુબી ગયું હતું. પ્રેમાર્દ્રવૃતિથી પતિના વિચારમાં ને વિચારમાં પ્રાણેશની પ્રતિમાનું ધ્યાન ધરવા લાગી; ધ્યાન કરતાં સરખામણી કરવા લાગી, અને તેમ કરતાં કરતાં પતિમાં પૂજ્યભાવના ઉત્પન્ન થઇ. સાધવી સુશીળા ઉચ્ચ કુળની કુલાંગના હતી, પત્નીવ્રતની જાણકાર હતી, સ્વધર્મની અનુયાયી હતી, તેને પતિની ચિત્તવૃતિને અવ્યવસ્થિત સ્થિતીમાં જોઈ, પોતાનું કર્તવ્ય કરવાની હીમત આણી, સ્વચ્છ નર્મળ સ્નેહના ઝરાને વહેતો કરી, મનોવિકારને શાંત કરી, પતિના વિચારને અનુકુલ થઇ, પતિને અનુકુલ થઇ, પતિને અનુકુળતા કરી આપવા દ્રઢિભૂત કીધું; અને જે પતિના મુખમાંથી ઉપલા વાક્યોમાંનું છેલ્લું વાક્ય નીકળ્યું કે, " પ્રભુ મને જો અનુકુળતા આપે તો એક ફેરી **ભ**રતખંડને શૌર્ય, બળ અને સમૃદ્ધિ સાથે કીર્તિવંત બનાવી મજબૂત કરીશ, યવનોને આર્યભૂમિ ઉપર ત્રાહે ત્રાહે પોકરાવીશ!" એ વાક્ય પુરૂં થતાંજ જે તરૂણી પાછળ ઉભી ઉભી અત્યાર સુધી શ્રવણ કરતી હતી, તે આ પુરૂષની સનમુખ આવી, પ્રેમયુક્ત ગંભીર પણ નમ્ર સ્વરે બોલી; "પ્રાણેશ, દાસીને આપના દુઃખની ભાગીઅણ કરો, અને આપના સદ્ ઉદ્દેશથી ઉપદેશિત કરો." તે પુરૂષે જરાં આશ્ચર્યથી સ્નેહમય દ્રષ્ટિ કરી પ્રતિઉત્તર આપ્યો; "તમારાથી મેં શું છાનું રાખ્યું છે? તમો સઘળું જાણો છો. તો પણ તમો આજે મારા કયા ઉદ્દેશ ઉપર ઉપદેશ માગો છો?" તે બોલી, "હવડા જે વિચાર આપ કરતા હતા તેનોજ!! તે પુરૂષે પુછ્યું; પતિ પ્રાણા સાધવી સ્ત્રીઓ પતિના મહાન ઉપદેશને ગ્રહણ કરી, પ્રાચીનકાળમાં ચાલતી હતી; તેથીજ આર્યસ્થીતિ ગર્વિત થઇ ગાજી હતી; અને સ્ત્રીઓ જ્યારે સદ્‌ઉપદેશ સાંભળી, સત્પ્રકૃતિ મેળવી, સદ્‌ચરિત્રવાળી

થાય છે, ત્યારેજ મહાન યશસ્વી પુત્રોને જન્મ આપે છે, અને તેવી સદ્દચરિત્રવાન્ માતાઓના ઉપદેશ અને આશિષથી, મહાયશ મેળવી, તેના પુત્રો, કુળને ઉજ્વળ કરી અનેક દુઃખીઓનાં દુખ દુર કરવાને સમર્થ થઇ, માતૃ કીર્તિને ઉજ્વલ કરે છે. તે પવિત્ર સ્ત્રીની ઉજ્વલ કીર્તિનો માહાયશ છે. પ્યારી તારા સદ્દવિચાર થયા એ નક્કી યશદાઇ છે. પરંતુ તું શું ઇચ્છે છે? તે સ્પષ્ટ કહે?"

"પ્રાણેશ! જે કાર્યમાં આખું માહારાષ્ટ્ર ઉત્કંઠીત થયું છે, તે કાર્યમ સ્ત્રીઓને ભાગ આપો, અને મહારાષ્ટ્રી સ્ત્રીઓને કૃતાર્થ કરો."

"પ્રિયા, મહારાષ્ટ્રી કુલાંગનાઓને દૂર રાખવા કોણ યત્ન કરે છે? અહરનીશ મહારાષ્ટ્રી સ્ત્રીઓ પોતાના પતિ અને પુત્રોને રણસંગ્રામમાં જવા ઉત્કંઠિત કરે એવી તો ઇચ્છા રાખીએ છીએ."

"ના, ના, પ્રાણેશ, મારી અરજ તો સ્ત્રીઓને રણસંગ્રામમાં સાથે લઇ જાઓ એવી છે."

"છી-છી છી!" તે બોલ્યો, "એ વિચાર તમારા હદ બહારના છે. આ સમય કાળને ન છાજે એવો છે." તે બોલી, "ક્ષમા કરજો મહારાજ! ત્યારે શું માહારાષ્ટ્ર કુળ વધુ કલંકિત છે? તે તેના કર્ત્તવ્યને સમજતી નથી? શું તે પતિની સાથે રહેવાને પણ ભાગ્યહિન છે?"

"હું એમ ક્યાં કહું છું. માહરાષ્ટ્ર કુળવધુ ભલે સ્વામીને ઉદ્દેશી રણક્ષેત્રમાં જવાને પ્રેરે. માહારાષ્ટ્ર કુળવધુ પોતાના ધર્મને જરજરિત થતો દેખી, સર્વ સુખના જોખમે, ભલે સર્વસ્વ અર્પણ કરે. પરંતુ તે રણસંગ્રામમાં સાથે આવી શું કરનાર છે?"

તે બોલી—"પતિના દરેક કાર્યમાં સહાયાનુભૂતિ પ્રકાશ કરી, કૈકૈની અને **સ**દ્દભામાની પદીમ-મહા યશ મેળવશે. અર્વાચીન રજપૂત વીર વિરાંગના જેવી રણરંગમાં ખડ્ગનો ખેલ કરી, આર્યભૂમિ ઉપર અમર કીર્તિ મેળવશે, પતિઓને પ્રેમથી ઉપદેશી જયધ્વજ ફરકાવશે."

તે બોલ્યો—"પ્રીયા તમે રણના સપાટા જોયા નથી. ક્યાં રણ રંગ અને ક્યાં રણવાસ. ક્યાં રજપૂત બાળા, અને ક્યાં માહારાષ્ટ્રી સ્ત્રી. ક્યાં રજપૂત અને મરાઠા ક્ષાત્રકુળદીપકો. સત્ય યુદ્ધ વેત્તા છે, તેમને સત્યતા વાહાલી છે, ટેકને સારૂ પ્રાણ ખોવાને દરેક પળે સત્વર રહે છે. જીવનની ખરી ખૂબી ટેક, અનમીપણું અને ગૌબ્રાહ્મણની રક્ષા કરવામાંજ છે એમ દ્રઢીભૂત કીધેલું છે. ક્ષાત્રકુળવધુ પણ તેવીજ હજારો બાળાઓએ, મુસલમાનોના હાથથી આબરૂનું રક્ષણ કરવાને પ્રાણને પલકમાં પરહર્યા છે. ત્યારે મહારાષ્ટ્રી **મ**રાઠાઓ, યુદ્ધમાં પ્રપંચ સિવાય બીજાને પ્રાધાન્ય આપતા નથી-લક્ષ્મીના ગુલામ છે, અને લક્ષ્મી સારૂ કીર્તિની દરકાર ઓછી કરે એવા છે, આવા વિલક્ષણ

ગુણો એક બીજામાં સમાયલા છે અને એવા ગુણો બંધાયા છે. તે કંઈક સકારણ છે. તોપણ મહારાષ્ટ્રી સ્ત્રીઓ, કે જેમને રણ સંગ્રામનો કેવળ અનુભવ મળ્યો નથી, તેમને લઇ જવી જરૂરની નથી, અને તેની સાથે વધારે વિચારમાં લેવાનું એ છે કે, જે નરાધમ લોકો સાથે આપણે યુદ્ધ કરવાનું છે, તે કેવળ પશુવત્ છે, જન સમુહના કટ્ટા દુઃશ્મન છે; દયા તો કેવળ નાશ પામેલી છે, કેવળ સ્ત્રીઓને અપમાનીત કરવી; મનુષ્ય પ્રાણીને દયા રહિત રહેંસી નાંખવા; અનેક કુત્સીત કૃત્યો કરી ત્રાસ વર્તાવવો, એજ તેમનું કર્તવ્ય સમજનારા છે. માટે જો દૈવ્ય અવળો થાય તો, માહા કલંક ચોટે !"

તે બોલી, "મેં માહાત્મા પુરૂષથી શ્રવણ કરેલું છે કે, મહત્વતા કરતાં પ્રાણની કીમત ઓછી જાણી, દ્રઢ સંકલ્પ કરવો, તેથી દુર્ઘટ કાર્યમાં પણ ફતેહ મેળવાય છે. તેઓ સ્ત્રીઓને અપમાનિત કેવી રીતે કરી શકનાર છે? સ્ત્રીઓની ધર્મ રક્ષાનો ભાર કેવળ પ્રભુને શીર છે. જો સ્ત્રી સ્વેચ્છાથી ધર્મથી પતિત નહિ થાય તો, તેનો ધર્મ નાશ કોણ કરી શકે એવો છે?"

તે બોલ્યો, "પ્યારી એ નરાધમો બહુ બુરા છે. એમણે લાખો આર્ય સંતતિનો વિના સ્વાર્થે નાશ કીધો છે. સાધ્વિ સ્ત્રીઓનો યશ ઉજ્વલ છે. તે ઉભયકુળને તારનારી છે. સાધ્વિ સ્ત્રીનો નિઃસ્વાર્થ પ્રેમ વિલક્ષણ વિભૂતીને મેળવે છે, તે કુત્સિતપતીને પણ સ્વર્ગે લઇ જનારી છે. ખરેખર સત્ય શીળવતિ સ્ત્રીના પ્રેમમાં પ્રભુનો વાસો છે"

તે વધારે બોલવા જતો હતો એટલામાં એક વીલક્ષણ સંજ્ઞા થઇ, કે તે પુરૂષ ત્વરાથી ઉઠી નીચે ગયો. તેની સ્ત્રીને આથી કંઇ આશ્ચર્ય લાગ્યું નહિ, કેમકે તેવો પ્રસંગ નિત્ય તેને પડતો હતો. તે નીચે ગયો કે એક મુકરર કરેલા એકાંત ઓરડામાં યોવન અવસ્થામાં દીપતો પુષ્ટ બાંધાનો માણસ, તેની સન્મુખ પ્રણામ કરી ઉભો! "કેમ રામાજીપંથ, શું વર્તમાન છે," તેણે પૂછ્યું.

રામાજીપંત—"માહારાજ! આપની કૃપાદ્રષ્ટિથી સર્વ કુશળ છે. શ્રીમંત પોઢયા છે. દરબાર ભરવાની ગોષ્ઠિ ચાલી હતી. સરદારોને, સ્ત્રીઓ સહવર્તમાન સ્વારીમાં મોકલાવાની વાત નીકળી હતી. બીજી નવલ વિશેષ આજે નથી."

"બહુ સારૂ," કહી તે પોતાના રંગ મેહેલમાં ગયો, અને જાસુસ રામાજીપંથે રૂખસદ લીધી.

"પ્રાણેશ! શું નવલ છે?" તે બોલી.

"પ્યારી! તારા ઉદ્દેષને અનુકુળ છે," તે બોલ્યો.

"કૃપા કરી મારી વિનંતી ધ્યાનમાં લેજો, કીંકરી ઉપર મોટો ઉપકાર થશે, આપની સહાયતા હશે તો શ્રીમંત સંમતિ આપશે. આપના

ઉપર શ્રીમંતનો અતિ ભાવ છે અને મને ગોપીકાબાઇ કહેતાં હતાં," તે બોલી. પછી પ્રેમમય દ્રષ્ટિથી પ્રિયાના મુખ ઊપર દ્રષ્ટિ ફેરવી અનુકુળતાનો કટાક્ષ કીધો પ્રિયાએ તુરતજ પ્રેમયુક્ત તાંબુલ ધર્યું. તેવું તેણે સ્નેહે સ્વીકાર્યું. પ્રિયાને બકુળ માળાથી સજીત કરી, અગરના ધુપની મધુરી મધુરી વાસ લેતો પલંગ ઊર પોઢયો.

## પ્રકરણ ૫ મું.

### દરબાર.

દોહરો.

દબદબો દરબારનો, જુવો તમે સરદાર;
ત્રિગુણાત્મકવૃતિ તણો, દિશે ભલો ચિતાર.

આજે પુના મહાન સૌંદર્યતાથી ગર્વિત થએલું છે. આનંદ ધ્વનિનો માહાઘોષ પસરી રહેલો છે. માંગલીક વાજીત્રોનો મનોહર સ્વર સર્વનું મન ખેંચી રહ્યો છે. સામાન્ય લોકોને બહુ ઉત્સાહ છે. રાજ્યદ્વારીઓને બહુ ત્વરા છે. શૈનીકોની બહુ દોડાદોડ છે. ભીક્ષુકોને બહુ દાન મલ્યાં છે. દેવલોમાં બહુ પ્રાર્થના થાય છે. અરૂણોદય થતાં પેહેલાં આજે પુના ખલભલી ઉઠયું છે. સૂર્યના મહાન તેજસ્વી રક્ત કીર્ણોને, બ્રાહ્મણોએ અર્ધપ્રદાનથી વધાવી લીધાં છે. પોતાના આહ્નિક કાર્યથી પરવારી, દેવનો પ્રસાદ લઈ, માતા પિતાને વંદન કરી, માહારાષ્ટ્રિ સજ્જનો આજે માહાન ઐશ્વર્ય પ્રાપ્ત કરવાના વિચારમાં મસગુલ થએલા છે. દરેક માણસ પોતાનો ઠાઠમાઠ મચાવવામાં મંડયાં છે. પેશ્વાના હુકમથી પુના સુંદર ઠાઠમાઠથી સણગારેલું હતું. પાલખી, નાલખી, રથો, હાથીઓ ને અશ્વો અનેક પ્રકારના ઠાઠથી શણગારેલા હાલણુ માલણુ કરી રહેલા છે. રાજ્ય મેહેલ આજે માહાન ભપકાથી ભભક મારી રહેલો છે. ઘડીએ ઘડીએ ત્યાંથી ઘોડેશ્વાર જાસુસો દમપર દમ છુટતા જણાય છે. જાસુસોની દોડાદોડથી પ્રજાને હેવાલ જાણવાને ઇન્તિજારી વધે છે. ઇન્તિજારીમાં વિચિત્ર કલ્પના કરે છે. અનેક ધ્વનિ થાય છે. 'ઓ આવ્યો, ઓ જાય છે, એ તો એજ,' એવા અનેક શબ્દોનું કતુહલ, લોકોની જીજ્ઞાસાનો પૂર્ણ ચિતાર આપી રહ્યો છે. પેશ્વાએ અનેક ગાયોનું માહાદાન આજે કીધેલું હતું. પુષ્કળ ગરીબોને નીવાજ્યાં હતાં. તેના પુન્યના મહાપ્રવાહની જ્યોતિએ સર્વના મન ઉપર મહાન છાપ પાડી હતી. બંદીવાનો ગાયન ગાઇ રહેલા હતા,

કેમકે ઘણાઓનો આજે છુટકો થયો હતો. ગરીબોને પુષ્કળ મીઠાઇ વેહેંચી તૃપ્ત કર્યાં હતાં. આજે હર્ષ, આશીષ અને સૌંદર્યતાનો વરસાદ વરસ્યો હતો.

હવે બે પોહર દિવસ ચઢી રહ્યો છે. રાજ્યવાડામાં અને સરદારવાડામાં, ભોજનાદિ વિધીથી સૌ સ્વસ્થ થયેલા છે. હાથીઓ ને ઘોડાઓ રાજ્ય મેહેલ તરફ ગમન કરતાં જણાય છે. સ્વાર, પ્યાદા અને શિબંધીના બીજા સિપાઇઓ ભભકા ભરેલા પોશાકમાં તૈયાર થએલા દેખાય છે. રણશીંગાં, સરણાઇ, ડફ, ઝાંઝર, નોબત અને ડંકાના અવાજ સંભળાય છે. આ સમયે પેશ્વા પોતાના રંગ મેહેલમાં ગુપ્તમંત્ર દ્દષ્ટિ કરી રહ્યો હતો. તેની દિવ્ય મુખ મુદ્રા સ્થંભિત થઇ હતી. લમણાના પ્રદેશ ઉપર આંગલી મુકી, જ્ઞાન તંતુમાંથી શોધ કરતો હોય, તેમ મગજને તાણતો તથા નભ મંડળ તરફ દ્રષ્ટિ કરી, તેમાંથી મહત્વતા ખેંચી કાહાડતો હોય, તેમ વારે વારે દ્રષ્ટિપાત કરી, ઊંડા નિશ્વાસ મૂકતો હતો. વળી પલક માત્રમાં બેઠેલા આશન ઉપર આંગલાંને નચાવતો, જાણે કરેલા ઠરાવને અનુમતિ આપતો હોય, તેમ કતુહળ દર્શાવતો, આંતર દ્રષ્ટિને જાગ્રત કરી, દ્રઢતાથી બેઠો હતો. એમ કૌતુક કરી રહ્યો હતો. તે સમયે ગંભીરતાથી પ્રવૃત્તિની ચાંચલ્યતાને હસ્તગત કરી, માધુર્યતા અને વિનયને ખીલાવતી ગોપીકાબાઇ. સાડીના ઝુળતા પ્રદેશને પગ નીચે દબાવી, કોંણીના પ્રદેશને સાથળનો આશ્રય આપી, ગુલાબી ગાલ ઉપર આંગળી મુકી, પતિની સમીપ બેઠી, અને પતિના વિચાર માળાના મણિકાને સાહાનુભૂતિ થવા તક જોતી, મૌનધારી પતિને નિહાળવા લાગી: આ સમયે પતિ અને પ્રિયાનું મૌન્ય **મહાદાજી** પંથ **પુરંદરે** તોડયું. "માહારાજ શું નિશ્ચય ઉપર આવ્યા છો? હંસ જેવો આપનો અનુભવ અભેદી છે. રાજ્ય નીતિજ્ઞોની બુદ્ધિ, તર્ક અને મનના વિલાસોની ગતી આપની બુદ્ધિ તુલામાં તોલાઇ ગયેલી છે."

**બાલાજી બાજીરાવ**—"રાજ્ય નીતિજ્ઞોની ક્ષણે ક્ષણે ભૂમિકા બદલાય છે અને ચિત તેનુંજ સંશોધન કરે છે."

**મહાદાજીપંથ પુરંદરે**—"રાજ્યનીતિજ્ઞોની લોભવૃત્તિ કયે વખતે કઇ ભૂમિકા ઉપર ઠરશે એ કલ્પાવું અશક્ય છે."

**બાલાજી બાજીરાવ**—"સત્યવૃત્તિની છાપ, આત્મજ્યોતિથી ઢાંકી રહેતી નથી. **ભાઉ** સાહેબના ચિત્તમાં સ્વારીમાં જવાનું દ્રઢિભૂત થએલું છે."

**મહાદાજીપંથ** પુરંદરે—"ભલે, **ભાઉ**સાહેબનો ને આપનો વિચાર ગમે તેવો થાય, પરંતુ **ભાઉ** સાહેબના જેવો રાજ્ય કારોબાર કરવાનો હાવભાવ કોઇનામાં પણ આવવો અશક્ય છે."

**બાલાજી બાજીરાવ**–"સત્ય છે. રાજ્યનો બધો ભાર એનેજ શીર છે; અને તે ખોટ કોઇ પુરે તેવો નથી. પરંતુ **ભાઉનો** નિશ્ચય ફરે તેવો નથી."

**મહાદાજીપંથ પુરંદરે**–"કૈલાશવાસી **ચીમાજી** આપા મહાશુર હતા, તેમણે અપૂર્વ પરાક્રમ કરી, વીર તરીકે પ્રતિષ્ઠા સંપાદન કરી છે; તેના પુત્રની તેવી ઇચ્છા થાય એમાં આશ્ચર્ય શું?"

**બાલાજી બાજીરાવ**–"હા. એની ઇચ્છા રૂમસામ સુધી સ્વરાજ્ય સ્થાપવાની છે."

**મહાદાજીપંથ**–"એની વૃત્તિને કબજામાં રાખી, બુદ્ધિપુર્વક કામ કરે તો એવી શક્તિ છે."

**ગોપીકાબાઇ**–"એ બુદ્ધિ અને શક્તિ ઉલટું કૃત્ય ન કરે એની કંઇ જામીનગીરી છે?"

**બાલાજી બાજીરાવ**–"સ્ત્રીની મતી પાનીયે. તમે કલંકની રેખાજ નિહાલો છો."

**ગોપીકાબાઇ**–"પ્રાણેશ! ક્ષમા કરજો. રાજ્યલોભની તૃષ્ણાથી કોઇ ધરાયું નથી. આપેજ ઉપદેશ ઉદ્દેશેલો છે કે, વીર પુરૂષો ભોલા અને ઔદાર્ય હોય છે. ત્યારે રાજ્યનીતિજ્ઞો પ્રપંચી અને કુનેહબાજ હોય છે."

**બાલાજી બાજીરાવ**–"ત્યારે મારા **ભાઉ** માટે તને શંકા છે."

**ગોપીકાબાઇ**–"**ભાઉ**, મારા **વિશ્વાશરાવ** જેવો છે. તોપણ રાજ્યલોભની તૃષ્ણા, મનોવૃત્તિને ક્યારે ભમાવશે એનો શું નિશ્ચય છે? અને **પારવતીબાઇ** સાથે જાય છે, તો પછી દક્ષીણની તેને શું દરકાર રેહેશે? એ વિચારો."

**બાલાજી બાજીરાવ**–"कलौ कृत्या गृहे गृहे! શું તું **ભાઉ** માટે મારા કાનમાં વિષ રેડે છો?"

ગોપીકાબાઇ–"સ્વામી, વિચારો ત્વરા ન કરો, પુત્રો પણ લોભ માટે કુપુત્રો નીવડે છે. કર્ણાટકના બળવા વખતનો ભાવ વિચારો."

**બાલાજી**–"હા, **ભાઉએ**, **રામચંદ્રબાબા સેણવીના** ભંભેરાવાથી વિલક્ષણતા દર્શાવી હતી. પરંતુ તે કાળના **ભાઉમાં** અને આ કાળના **ભાઉમાં**, ભૂમંડળ અને નભમંડળ જેટલો ફેર છે."

**ગોપીકાબાઇ**–"સ્વામી! દાસી અજ્ઞાન છે, પરંતુ મારા પુત્રના હિત માટે મારે કહેવું જોઇએ, તેથી આપની ઇચ્છા વિરૂદ્ધ કહું છું. કર્ણાટકના બળવા વખતે દર્શાવેલી વિરૂદ્ધતાથી મુલકી કામની બધી લગામ હાથ લીધી છે; તો આ સમયે પણ શૈન્ય હાથમાં લીધા પછી, શું કરશે તેનો વિચાર કીધો છે?"

પ્રિયાના વિચારો છેક પ્રિતમને અયોગ્ય લાગ્યા નહીં. બુદ્ધિમતિ

ગોપીકાબાઇની તકરાર **પેશ્વાને** વજન જેવી લાગી, અને વિચારમાં પડયો કે, આવા માહા સૈન્યને લઈ તેની સત્તાથી પરદેશમાં મહા રાજ્ય સ્થાપે, અને પછી સ્વતંત્ર ગૌરવ સ્થાપે, તો આપણે શું કરીશું ? તેણે ગોપીકાબાઇને પ્રતિઊત્તર આપ્યો, "હા તમારૂં કહેવું છેક વજન વિનાનું નથી. **ભાઉ** મારો વિશ્વાશુ છે. સર્વ કાર્ય માટે પાત્ર છે, તો પણ ડહાપણથી પાયો નાખવો જરૂરનો છે. **મહાદાજીપંથ** ! તમો શું ધારો છો?"

**મહાદાજીપંથ**-"માહારાજ ! ગોપીકાબાઇની શંકા વજન વાલી છે. તેમ **ભાઉ** સાહેબ પ્રત્યે આપનો ભાવ પણ સ્તુતિપાત્ર છે. માટે કંઇક મધ્યસ્થ રસ્તો કાહાડવો ઊચિત છે."

ગોપીકાબાઈ-"આપનો વિચાર ઊત્તમ છે. **ભાઉ** સાહેબ સાથે એવો સંબંધ જોડવો ઊચિત છે કે, જેથી સ્વતંત્ર સત્તા સ્થાપન ન થાય."

**મહાદાજીપંથ**-"જરૂર એટલુંજ થવું ઊચિત છે.

**બાલાજી બાજીરાવ**-"તેં શું ધારો છો ?"

**મહાદાજીપંથ**-"યુવરાજ **વિશ્વાસરાવને** સાથે મોકલો, કે સર્વ પ્રસંગે **પેશ્વાની** ઊંચ સત્તાનો ભાશ સર્વના હૃદય ઊપર રહેશે."

**બાલાજી બાજીરાવ**-"હા. એ વિચાર યોગ્ય છે."

ગોપીકાબાઈ-"મારો **વિશ્વાસરાવ** હજી બાળક છે. પુરી મુંછ પણ ફુટી નથી, મારા બાળ કુમારને કયાં રખડાવશો ?"

**બાલાજી બાજીરાવ**-"સિંહણ શું શિયાળ જણે છે કે? યુવરાજ્યમાં ભીરૂતા કેમ કલ્પો છો. મારો **ભાઉ** જ્યારે **રૂમ**શામ સુધી સ્વરાજ્ય સ્થાપવા સ્વાત્માર્પણ કરવા તત્પર થયેલો છે, ત્યારે તું શંકા કરે છે. અને પુત્રમાટે ભીરૂતા બતાવે છે. વાહ! તમે પણ ઠીક લઈ બેઠાં છો."

ગોપીકાબાઇ-"સ્વામી! ક્ષમા કરજો. પુત્ર માટે માતા સદા કાળ અધિરણી છે."

**મહાદાજીપંથ**-"માતૃ ભાવની એ પરિસીમા છે."

**બાલાજી બાજીરાવ**-"પુત્રને ભીરૂ અને કાયર બનાવી, રણવાસમાં રાખવા એ શું રાજ્ય માતાનાં લક્ષણ છે કે?"

ગોપીકાબાઈ-"પ્રાણેશ ! પુત્રને હું ભીરૂ-કાયર બનાવી, મારી કુખને કલંકીત કરવા ઇચ્છતી નથી. ભલે પુત્રને આપની સ્વેચ્છાનુસાર સંગ્રામમાં મોકલો, અને આપના રાજ્યની સત્તાપતાકા ભૂમંડળમાં ગર્જીત કરો."

**મહાદાજીપંથ**-"ધન્ય છે, બાઇસાહેબ! આપની રાજ્ય પ્રકરણી બુદ્ધી ચિરકાલ પ્રસંશા પાત્ર છે."

**બાલાજી બાજીરાવ**-"કુમાર **વિશ્વાસરાવને, ભાઉ** સાથે મોકલવાથી તમારી શંકાનું નિવારણ થવા સાથે, કુળ ગૌરવની કીર્તિ અને ઐશ્વર્યની વૃદ્ધિ છે. માટે એ નિશ્ચય અમલમાં લાવવા મારો ઠરાવ છે."

ગોપીકાબાઇ-"સ્વામીની આજ્ઞાને અધિન છું, પરંતુ યોગ્ય રક્ષણ નીચે મોકલવા વિનંતી છે."

બાલાજી બાજીરાવ-"મારો પણ એ પુત્ર છે, અને પેશ્વાની ગાદીનો વારસ છે, તે વિચાર સર્વ કાળમાં વિસરાય એવો નથી. તમો અધિરતાથી યતકિંચિત્ પણ ચિંતા ન રાખો."

એટલામાં ભાલદારે પોકાર માર્યો, કે દરબારનો વખત થયો. પેશ્વાએ ચાંચલ્યતા ધારણ કરી, પોશાક સજવા માંડયો અને ગોપીકાબાઇએ રૂખસદ લીધી.

દરબારની યોજના આજે ઉત્તમ પ્રકારની હતી. ઉમદા ઇરાની ગલીચા બીછાવી દીધા હતા, કીનખાબની ચંદનીઓ છત સાથે જડી દીધી હતી, જયપુરી તક્તાઓ બાંધી દીધા હતા, ઝુમ્મરો લટકાવી દીધાં હતાં, મધ્ય ભાગમાં સુવર્ણમય રત્નજડીત સિંહાસન શણગાર્યું હતું, તેના ઉપર જડેલી ઉમદા મુખમલ ઉપર સફેદ મલમલનું અસ્તર કરેલું હતું, સિંહાસન પાછળ જરગરચીનો ઝલક મારતો પડદો ટાંગેલો હતો, સિંહાસનની આસપાસ શ્વેત ચંદ્રના રસથી બનાવેલો હોય એવો રૂપેરી કઠેરો, મહાન ભભક આપી રહ્યો હતો. દરબાર મંડપની બંને બાજુએ ફરફર કરતા ફુવારા ઉડી રહ્યા હતા; તેની આગળ પાછળ સુંદર સુશોભીત રંગ બેરંગી ઝાડોનાં કુંડાં ગોઠવી દીધાં હતાં. ધજા પતાકા અને તોરણોથી અનુપમસૌંદર્યતા ખીલી રહી હતી.

સૂર્યનાં પ્રકાશીત કિરણોએ પશ્ચિમ તરફ વલણ કરવા માંડયું. ત્રણ ટકોરાનો અવાજ ઘડીઆલીએ ઘડીઆલ ઉપર કીધો. દરબારમાં દમાદમ ભરતી થવા માંડી, એક પછી એક સરદારે પોતાના ભભકા ભરેલા દેખાવમાં પોતાની જગો લેવા માંડી, કુમાર વિશ્વાસરાવ દબદબા ભરેલા રસાલા સાથે સુંદર અશ્વ ઉપર સ્વાર થઇ આવતો, જનમંડળની દ્રષ્ટિગોચર થયો. અશ્વ ઉપર બેસવાની પોતાની કૌશલ્યતાનો ચિતાર આપતાં સર્વને અચંબો આપ્યો. યુવરાજે સંપૂર્ણ જોરથી ઘોડા ઉપર દ્રઢ આસન મારી, ઘોડાને પુર જુસ્સાથી ચલાવ્યો, તે ઘોડો પાછા પગે હઠયો: ઝડપથી કુદ્યો; ઉતાવળથી ચમકીને નાઠો, અડીયલ થઇને સ્થંભ્યો; અને કુમારશ્રીની મરજી માફક પગ થરકાવ્યો, અને મહાન ચમત્કૃતિથી કુદ્યો ! આ સમયે કુમારશ્રીના શરીર ઉપર તથા અશ્વ ઉપર મહાન સુશોભીત શણગાર આવી રહેલો હોવાથી, શોભાનો કંઇ પાર રહ્યો નોહોતો. સુવર્ણનાં હીરે જડેલાં આભુષણો અને અશ્વ ઉપરનાં ચળકતાં પીછાંથી, સૌંદર્યતાની મહત્તા અંકાતી નોહોતી. અશ્વશાળાના હજુરીઆઓએ પોતાના ઠાઠથી બહાદુરી વધારી હતી. યુવરાજની ચતુરાઇથી જનમંડળે ચકીત થઇ, અભિવંદન આપ્યું. "વાહ મહારાજ-

ના" મુબારકબાદીના શબ્દો ગાજી રહ્યા, અને યૂવરાજ સર્વના અભિવંદન વચ્ચે ઘોડા ઉપરથી ઉતરી દરબારમાં ગયો.

દરબારમાં જમણી બાજુએ સમસેર બહાદૂર, નારોશંકર સરદાર, દામાજી ગાયકવાડ, યસવંતરાવ પવાર, બળવંતરાવ ગણપત મેંદલે, ઇબ્રાહીમખાન ગાર્દી, હરી દામોદર, સોનજી ભાપકર, તુકોજી સીંદે. મહાદજી સિંદે, વાકુલ શીવદેવ વિંચુરકર. ત્રિંબક સદાશીવ પુરંદરે. બાલકૃષ્ણ ગાડગીલ ન્યાયાધીશ, સણવી, સીંદે, સિરકે, આંગ્રે. મોહિતે ઇત્યાદિ ઉમરાવોએ જગા લીધી. ડાબા હાથ ઉપર ભોંસલા, જાદવ, નીંબાળકર, થોરાત, કદમ, ઘોરપડે. કાવરે, મહાડિક, કાકડે, દાભાડે, ખટાવકર, ઘાટગે, ચોવ્હાણ વિગેરેએ જગા લીધી. એ શિવાય દેસાઇ દેશપાંડે, સુબેદાર. દેશમુખ, પોતનીસ, ફડનવીસ, વિગેરે રાજ્યના અમલદારો તથા શેહેરના સાહુકારો વિગેરે માણસો પણ હાજર થઇ, મીસલ સર બેઠા, એટલામાં ચોપદારોના જયયુક્ત ધ્વનિ કરતા પોકારથી દરબાર ગર્જિત થયું. જય જય મહારાજ! ચિરંજીવ, એવા મધુર શબ્દનો ઘોષ આખા મંડપમાં પ્રસરી રહ્યો. તે સાથેજ દરબારીઓ માનભરેલી રીતે અદબથી ઉભા થયા. તુરત તે સભામાં પ્રવેશ કરતો જરીના ઉમદા પોષાકથી આચ્છાદન થએલો, વિશાળ કપાળની ભવ્યતાની છાપ પાડતો, કમ્મરે ટાંગેલી તરવારથી જાણે દીગ્વિજય કરવાની ઇચ્છાને દર્શાવતો એવો ગંભીર મુખ મુદ્રાથી, રાજ્ય પ્રકરણી દીર્ઘદ્રષ્ટિનું ભાન કરાવતો હોય તેવો, ધીમે ધીમે પગ ઉપાડતો, પેશ્વા બાલાજી બાજીરાવ, ખાસા મંડળ સાથે દ્રષ્ટિગોચર થયો. અમીર, ઉમરાવ, સિલેદાર, દરકદાર અને માનકારી ઇત્યાદિઓએ વિનયયુક્ત મહારાજને અભિવંદન કીધું. પેશ્વાના તખ્તની પાસે સદાશીવરાવ ભાઉ તથા વિશ્વાસરાવ સુંદર પોષાકથી શોભતા, રાજ્યમાનથી ગર્વિષ્ટ થએલા બેઠા. તેમનાથી જરાક દબાતો, ઊગતી જવાનીમાં ખીલતો જનાર્ધન ભાઉ બેઠો. "ખમા! "ખમા!"નો પોકાર ચોપદારે પોકાર્યો. અને સભા શાંત થઇ, પેશ્વાના સામું ઇંતેજારીથી જોવા લાગી. સભાનો આ વખતનો દેખાવ જેવો અદબથી ભરેલો હતો, તેવો જ પેશ્વાના મુખમાંથી નીકળેલા હુકમને માન આપવાને જીજ્ઞાસુ થએલો જણાતો હતો. પેશ્વાએ જનાર્ધન ભાનુ તરફ નજર કરી, આજ્ઞા કરી કે, "નાના! સરદારોને મારી આજ્ઞા જણાવ."

નવલ યૌવનના મદથી મદમાતા દેખાતે, નાનો, એની પાતલી કાઠી, લાંબી ડોક, અને શાંત મુખ મુદ્રાથી ગંભીર દેખાતો, મહારાજને નમન કરતો, જરા આગળ આવ્યો. તે ગંભીર પણ શૂર ચઢાવે એવી વાણીથી બોલ્યો; "સામંતો અને સરદારો! મહારાજની આજ્ઞાથી જણાવું છું કે, આપણી તરવારોને મ્યાનમાંથી ઝબકરા મારતી યવનો

ઉપર વાપરવાને સત્વરે તૈયાર થવાનું આ આમંત્રણ છે. શીરે દોરથી સાર્વભૌમના અધિપતિપણાનો ગર્વ રાખનાર યવન રાજ્યનો નાશ કરી, આર્યભુમિનું આધિપત્ય સ્થાપવાનો મહારાજનો ઇરાદો છે. સેંકડો વરસો થયાં સંતતિને દમતા યવનોના હલ્લાઓનો અંત લાવવાનો તથા ભગવા જય ઝુંડાને અટકના પ્રદેશ ઉપર ફરકાવવાનો આ મહાન યત્ન છે. અને તેમાં તમો સર્વોની દીલોહજાનીથી મહારાજા મદદ ઇચ્છે છે. ફત્તેહની ખુમારીથી ગર્વિત થયેલા અબદાલીને સંપૂર્ણ સાશન આપવાને આપણે હવે સત્વરે જવાની જરૂર છે, અને તેટલા સારૂ આપણા અજીત શૈન્યને સત્વરે કુચ કરવાની છે. નીતિ વેત્તાઓએ કહેલું છે કેઃ—

॥ जातमात्रं न यः शत्रुं व्याधिं च प्रशमं नयेत् ॥
॥ अतिपुष्टांगयुक्तोपि स पश्चॉत्तेन हन्यते ॥

( અર્થઃ-જે માણસ પોતાનાં વેરી અને રોગને ઊત્પન્ન થતાંજ નાશ ન કરે તો તેને તેઓ બલવાન થઇને મારે છે. )

માટે આપણે આ દુષ્ટ દુર્બુદ્ધિ અબદાલીની શુદ્ધ શાન ઠેકાણે લાવવા આપણાં વિજયી શસ્ત્રોને લોહી પાઇ પુષ્ટ કરવાનાં છે, અને તેને માટે શ્રીમંત પેશ્વા સરકાર, સદાશીવરાવ ભાઉને, તેનાં બાહાદુરીથી અને નીમકહલાલીથી કરેલાં સુયશયુક્ત કાર્યો તરફ દરીઆફતી કરી, ઊત્તર હિંદુસ્થાનમાં લઢવા જનાર સઘળાં શૈન્યનો સેનાધિપતિ ઠરાવે છે; અને સરકાર આશા રાખે છે કે, સઘળા સામદ અને સરદારો એક તંત્રથી ચાલી, અબદાલીનો પરાભવ કરી, આ દુનિયા ઉપર મોટી કિર્ત્તિ મેલવશો. મારે જણાવવું જોઇએ કે, યવનો સામું લડાઇ લઇ જઇ ખુનખાર લડાઇનો આરંભ કરવાનો દોષ આપણે શીર નથી. એ દુષ્ટે પોતાને હાથે સૂતો સિંહ જગાડેલો છે, અને આપણી સાથે વૈર બાંધ્યું છે તો આપણાં અંતઃકર્ણ ઉપર આ અક્ષરો કોતરી રાખવા જરૂરના છે કેઃ-

॥ समुलघातमघ्नंतः परान्नोघ्नंति मानिनः ॥
॥ प्रध्वंसितांधतमसस्तत्रोदाहरणं रविः ॥

અર્થ—જ્યાં સુધી પોતાના સઘળા શત્રુઓનો નાશ નથી કરી શકાતો, ત્યાં સુધી વૈભવ વધતો નથીઃ જેમ સૂર્ય જ્યારે બધાં અંધકારનો નાશ કરે છે ત્યારેજ સારી પેઠે પ્રકાશિત થાય છે.

માટે, આર્ય ભૂમિના ઉદ્ધારને માટે, આપણા અનમી ટેકના મહત્વને માટે, આપણા સ્વધર્મના રક્ષણને માટે, તથા આપણા રાજ્ય તેજને મહાયશયુક્ત ઓપાવવાને માટે, યવનોનો નાશ કરવો જરૂરનો છે; અને તેનો સઘલો બોજો, સદાશીવરાવ ભાઉ ઉપર તથા શુરા સરદારો

ઉપર મહારાજ મુકવાને ગર્વીત છે.” આ વાકય પુરૂ થતાંજ પેશવા-એ લાંબો હાથ કરી, રત્નજડીત કટીબંધયુક્ત તરવાર, એક ભાલો અને પાંચ પોશાક સાથે મોતીની માલા અને મોતીના તોરાનો શીરપાવ સદાશીવરાવને કર્યો. ભાઉની મુખમુદ્રા રાજ્ય તેજથી ભભક મારવા લાગી, અને હર્વનો આનંદદાઈ ધ્વનિ આખા મંડપમાં ગર્જિ રહ્યો.

પોશાક આપી પેશ્વા પોતાના તખ્ત ઉપર હાથ ઠોકી બોલ્યો, સદાશીવરાવ ભાઉ! તને મેં “મારી સેનાનો મહાનાયક બનાવ્યો છે, અને મારૂં સર્વ સૈન્ય તને સોંપું છું. અને મારા શાણા અને શુરા સરદારો! તમારા હાથમાં ભાઉને સોંપું છું. અને જે કાર્ય ઉપર તમને મોકલું છું તે યશદાઈ થાય તેમ કરવા સપુરત કરૂં છું. તમો સારી પેઠે યાદ રાખજો કે યવનોનો સંહાર કર્યા સિવાય આપણી ઊન્નતી થનાર નથી. એ ક્રુર નરાધમોએ આપણી પવિત્ર ભૂમિ ઉપર અધમ કૃત્યો કરી, આર્ય સંતતિને પીડી છે, લક્ષ્મીને હરી છે, છલ પ્રપંચથી લોહીની નદીઓ વહેવડાવી છે; એ પરાયા ધનનું હરણ કરનાર ચોર છે અને ચોરને શિક્ષા કરવી એ આપણી ફરજ છે, આર્ય ભૂમિઉપર તરકડાઓનું કંઇ પણ લાગતું વળગતું નથી માટે તેમને ભરતખંડની સિમા બહાર કાઢવામાં મોટું પુન્ય છે. એ દુષ્ટોએ આર્યની સંપત્તી સંતતિ અને ધર્મને મોટો ધોકો પોહોંચાડયો છે અને પોહોંચાડતા જાય છે. અપણા પવિત્ર વીરોને માર્યા છે; અજ્ઞાન બાલકોનો નાશ કીધો છે; આપણી કુળ વધુ અને બાળાઓને પતિત કરી છે; અરે! આપણાં અસંખ્ય દેવાલયોનો નાશ કીધો છે, આપણા અશકત આર્યોને જોરજુલમ-થી ધસડી દમડી દમડી સારૂ વેચ્યા છે! અરે! અફસોસ! ગુલામ બનાવ્યા છે. અરે હત્ ભાગ્ય આર્ય! આજ સુધિ તેં બહુ સહન કીધું, હવે તું સત્વરે સાવધ થા. તને દુઃખમાંથી આ માહારાષ્ટ્રી વીરોજ મુકત કરશે. શું માહારાષ્ટ્રી વીરો મારા આ શબ્દોને સત્ય નહીં કરે? યાદ રાખો, કીર્ત્તિ વિનાનું જીવન નકામું છે; શૌર્ય હીન થઇ નામર્દાઇ દેખાડવી એ ધિક્કારપાત્ર છે: મૃત્યુ કોઇને છોડતું નથી, યશદાઇ થઇને મરવું એમાંજ મહાયશ છે. મનુષ્યનું ખરૂં જીવન કીર્ત્તિમાંજ છે. જો તમો નામર્દ હીજડાની પઠીમ પ્રાણનું રક્ષણ કરવા રાજી હોય તો, દક્ષીણ-માંથી જતાજ નહિ; તમારા વડીલોની આબરૂ ઉપર પાણી ફેરવવા માગતા હોય તો શયન ગૃહમાં છુપાઇજ રહેજો. હું સર્વે સરદારો, દરકદારો અને સેનાનીને ખુલ્લું કહું છું કે, પ્રાણ જવાની બીહીક લાગતી હોય તો મારા લસ્કરને નામોશી લગાડવા તેમાં દાખલ થતાજ નહીં, સવેલાથીજ તમારાં મોં છુપાડજો. શાણા સામદો! તમો સારી પેઠે યાદ રાખજો કે યવનોનું આવી થાકયું છે, તેઓમાં હલકાઇ, અભિમાન, નાફરમાની,

દુર્વ્યસન અને દુરાચારી દુર્ગુણો પેઠેલા છે, એટલે તમારો જય છે એમ નક્કીજ માનજો. ઊદ્યોગ શું નથી કરતો, ઊદ્યોગ સર્વ કાર્યનો સિદ્ધિ દાતા છે.

॥ उद्यमं साहसं धैर्यं बलं बुद्धिः पराक्रमः ॥

॥ षडेते यत्र वर्तन्ते तस्माद्देवोऽपि शंकते ॥

'અર્થ–ઊદ્યોગ, સાહસ, ધૈર્ય, બલ, બુદ્ધી અને પરાક્રમ એ છ ગુણ જેનામાં હોય છે તેથી દેવ પણ ભય પામે છે.

"ઊદ્યોગના પ્રભાવથી એક હનુમંતે લંકા બાલી, ઊદ્યોગના પ્રભાવથી વાનરોએ સમુદ્રપર પાજ બાંધી; ઊદ્યોગના પ્રભાવથી ભૃગુકુળનંદન પરશુરામે એકવીશ વાર નક્ષત્રી પૃથ્વી કરી, વીરો તમો પણ પરસુરામના વંશના છો. તમારા ઉપર પરસુરામની કૃપા છે.

"કેટલાક મરેઠા સરદાર તરફથી ઘરબાર અને કુટુંબ કબીલાથી લાંબો વખત દુર રહેવાથી નીરાશી ઊત્પન્ન થાય છે અને તેથી ઘર તરફ જલદી ફરવાની નજર રહે છે. એવી ફરીયાદ મારે કાને આવી છે તેથી તથા કેટલીક માહારાષ્ટ્રી કુળ વધુઓએ આ રણસંગ્રામમાં કબીલા સાથે જવા ઇચ્છા જણાવી. દેશની સેવા બજાવવાની તથા ગંગા સ્નાનાદી તીર્થ યાત્રા કરી પવિત્ર થવા ઇચ્છા બતાવી છે, તેને ધન્યવાદ આપી તે તરફ દરીઆફ કરી, સર્વ સરદારને કબીલા સાથે લસ્કરમાં જવા રજા આપવામાં આવે છે. તો પણ હું એટલી સુચના આપ્યા સિવાય રહેતો નથી, કે સ્ત્રીઓના રક્ષણ માટે ઊમદા પ્રકારનો બંદોબસ્ત રાખવાને જરા પણ ગફલત કરતા નહીં. માટે, તમારા વડીલોનું મહત્વ વધારવા, યવનોથી દેશને છોડાવવા અને તમારા જીવનનું સાર્થક કરવા રણક્ષેત્રમાં જય રંગ દાખવી માહારાષ્ટ્રની કીર્તિને ઓપાવો."

પેશ્વા સરકારનું ભાષણ અંત થતાંજ જય જયનો મહાન ધ્વનિ સભા મંડપમાં ગાજી રહ્યો, અને તેને બહાર ઊભેલાં લસ્કરે ઊપાડી લીધો, તેથી આકાશને તોડે એવી મોટી ગર્જનાથી પુના ગાજી ઉઠયું. તરતજ સવિનય સદાશીવ ભાઉ નમન કરતો ઉભો થઇ વિજ્ઞપ્તિ કરતો બોલ્યો; "માહારાજ શ્રીએ મારા ઉપર કૃપા કરીને જે બોજો નાંખ્યો છે તે ઉપકાર સાથે માથે ચડાવું છું. માહારાજ શ્રીનો ઉપદેશ મારા અંતઃકર્ણમાંથી જરા પણ ખસશે નહીં. માહારાજનો ઉદ્દેશ સંપૂર્ણ કરવાનો મારો દ્રઢ સંકલ્પ છે અને તે સંપૂર્ણ કરવાને આ ચળકતી સમશેરથી હજારો અનાર્યોનાં માથાં કાપીશ. હજારોને રણમાં રોળીશ, હજારોની છાતી ફાડીશ; હું યવનોની લોહીની નદી વહેવડાવીશ અને પરશુરામે જેમ ક્ષત્રિઓનાં રૂધીરથી તરપણ કર્યું હતું, તેમ હું યવનોનાં રૂધીરનું તરપણ કરીશ અને આ ચળકતી સમશેર એ દુષ્ટોના પેટમાં ભોંકી, કહીશ કે, આ આર્ય ભૂમિ ઉપર વિના હકે પગ મૂકવાનો આ લાભ છે, આ આર્ય

સંતતિ, સંપત્તિ અને ધર્મને ભ્રષ્ટ કરવાનું આ ફળ છે, આ કપટ પ્રપંચ અને ક્રુરતાનો પ્રસાદ છે. સરકાર! એ અધમ કપટાચારીઓનો નાશ કરી સ્વતંત્રતાનું બી અંકુરિત કરી, સર્વ આર્ય પ્રજાને એ દુષ્ટોથી મુક્ત કરીશ. ભગવા ઝુંડાને અટકના પ્રદેશથી છેક રૂમશામ સુધી ફરકાવી, રામદાસ માહારાજની જય બોલાવી, પેશ્વાની આણ મનાવીશ, ગામે ગામ અને શેહેરે શેહેર આર્ય ધર્મની સ્થાપના કરી કલંકીત શબ્દોથી હીનતા આપનાર યવનોની જીભના આ સમશેરથી કટકે કટકા કરી, આર્ય ભૂમિના બળતા અંતઃકર્ણને શાંત પાડી, પુનઃ રામરાજ્ય સ્થાપન કરી, મંગળમય ઝુંડાને ફરકાવીશ. તેમ કરવાને મહા કાળી મને સહાય થાય એવી તેને મારી પ્રાર્થના છે. મહારાજનો ઊદ્દેશ સાફલ્ય થવામાં, મહારાષ્ટ્રની મહત્તામાં, આર્ય ધર્મના ગૌરવમાં, સરદારોના વંશમાં, અને સેનાનિના વિજયમાં મહાન ઊજ્વલતા છે. અને તેને ગ્રહણ કરવા શાણા સરદારો હવે સત્વરે આગળ પડો એવી મારી પ્રાર્થના છે."

આ વખતે સઘળા સરદારોની મુખ મુદ્રા ઉપર વીરરસનો પ્રવાહ ઝલકી ઉઠયો. સર્વે એકે અવાજે આ યુદ્ધને માન આપવા લાગ્યા.

પેશ્વા સરકારે સૈન્યમાં જનાર સરદારોની ટીપની રજુ કરવાનો હુકમ કર્યો કે જનારધન ભાનુએ નીચે મુજબની રજુ કરીઃ—

| | |
|---|---|
| ૧ મલ્હારજી હોલકર. | ૧ રામરાવ ખંડોજી દેવકાંતે. |
| ૧ જનકોજી શિંદે | ૧ સિધોજી કામરે |
| ૧ દામાજી ગાયકવાડ | ૧ શયાજી ઠાનગે |
| ૧ યશવંતરાવ પવાર | ૧ ગોપાળરાવ |
| ૧ સમશેર બાહાદુર | ૧ ગોવિંદ પંત બુંદેલે |
| ૧ ત્રિબકરાવ સદાશીવ | ૧ સુલતાનરાવ (નિબાળકર) |
| ૧ નાના પુરંદરે | ૧ હણમંતરાવ સોનવણકર (સાવલેકર) |
| ૧ શોનજી ભાપકર | ૧ રઘુનાથ જીબાબા |
| ૧ વિઠ્ઠલ શિવદેવ | ૧ બહિરજી શેણે |
| ૧ ઉમાજી મહારણે | ૧ ગોવિંદપંત |
| ૧ તુકોજી પવાર | ૧ અપ્પાજી જાધવરાવ |
| | ૧ સંતાજી આટોળે (આઠવલે) |
| — | — |
| ૧૧ | ૧૨ |
| ૧ નારાયણરાવ મોહડને | ૧ દેવજી શિવનેરે |
| ૧ બળવંતરાવ ગણપત | ૧ શામરાવ ગણેશ |
| ૧ આણંદરાવ પવાર | ૧ લિંગોજી નારાયણ |
| ૧ નરસિંગરાવ બાંડે | ૧ માનસિંગરાવ બાંડે |
| ૧ બળવંતરાવ વિનાયક | ૧ વિશાજી મહારુદ્ર |
| | ઈત્યાદી હજુરનાં માણસો. |
| — | — |
| ૫ | ૫ |

ઇયાદી જોતાંજ હુકમ કર્યો કે, "જે સરદારો આ દરબારમાં હાજર નથી તેમને, તથા જાટના રાજા સુરજમલ આદિ મિત્રોને આ કાર્યમાં ભાગ લેવાને પત્ર લખી ખબર આપો."

આજ્ઞા માથે ચઢાવી જનારધન ભાનુ કામે લાગ્યો.

સમયની સંધીનો લાભ લઇ, દામાજી ગાયકવાડે, ડાબે હાથે પેશ્વા સરકારને મુજરો કર્યો, પેશ્વા તેનો ભેદ પામી ગયો, અને દામાજી ગાયકવાડને પાસે બોલાવી વચન આપ્યું કે, હિંદુસ્થાનથીજ આવતાં તમને તમારો ગુજરાત પ્રાંત સંપૂર્ણ સ્વાધિન કરીશું. દામાજી ગાયકવાડે જમણે હાથે મુજરો કરી પોતાની જગો લીધી, અને યશવંતરાવ પવાર તથા બીજા નાના મોટા સરદારો, કે જેમની જાગીરોનો કેટલોક ભાગ જપત થયો હતો, તે સર્વેને પેશ્વા સરકારે વચન આપ્યું કે, હિંદુસ્થાનથી પાછા આવતાંજ સર્વને નવાજવામાં આવશે.

આથી દરબારમાં આનંદ ઊભરાઇ ગયો અને સર્વ સરદારોએ પેશ્વા સરકારને માનપૂર્વક અભીવંદન કર્યું.

અનુપમ સૌંદર્યવાળી વારાંગનાઓ, જે અત્યાર સુધી બાજુ ઉપર હતી તેમણે વચ્ચે આવી, હાવભાવથી નૃત્ય શરૂ કીધું. અદાની છટાથી, અંગના મરોડથી, ઘુઘરીના ઘમકારાથી અને પગની ઊપાડવાની ચપલતાથી સર્વને આનંદ આપ્યો. મધુર રાગના આલાપથી હદ કરી સર્વેને પ્રસન્ન કીધા. એટલામાં હાર, કલગી, અત્તર, ગુલાબ અને પાનસોપારીના સુવર્ણમય થાળાઓએ દેખાવ દીધો. સર્વેને આદર સત્કાર થયો કે, પેશ્વાએ રૂખશીદ લીધી. દરબારમાં ખમા ખમાના અવાજો થઇ રહ્યા, અને દરબારીઓ જવાની ઉતાવળમાં ખળભળી ઉઠયા. ઘોડા, હાથી, પાલખી તથા નાલખીમાં સવાર થતાં સરદારો બળતી મસાલોની ઝલેહ મારતી રોશનીમાં અને ચોપદારોના સલામપે નીઘાના જય યુક્ત અવાજો સાથે ઘર તરફ સીધાર્યા. દરબાર બધું ખલાશ થયું હતું. પરંતુ શાંત સુખ મુદ્રાવાલો જનારધન ભાનુ હજી ત્યાં ઘુમતો હતો. સંખ્યા બંધ મુસદીઓને પાસેના ઓરડામાં બેસાડી દીધા હતા, તે સર્વના ઊપર પોતાના આપેલા મુસદ્દા પ્રમાણે લખવાને તકેદારી રાખતો હતો. અને બીજી તરફથી કાસદોનાં ટોલાંને તાકી તાકીને તપાસતો હતો. પુષ્ટ, મજબુત અને ત્વરાથી સંધેસા લઇ જનારની જોડોને જુદી પાડતો હતો. દરેક સ્થળે જવાને બબે કાસદોને મુકરર કર્યા. તેમના ભાલાને બરોબર તપાશી મુસાફરીના ભાથાનો બંદોબસ્ત કરી સીલ મોહોર કરેલા લખોટાઓ આપવા માંડયા, દરેક કાસદને તાકીદ અપાઇ હતી કે, બનતી તાકીદે ગેરવલ્લે પાડયા સિવાય સંદેસો જલદી પોહોંચાડવો, અને તેમ કરવામાં જે

ખામી પાડસે તેના અને તેના કુટુંબના હાલ હવાલ કરવામાં આવસે; એટલુંજ નહિં પરંતુ રાજ્યદ્રોહના તોહમતને પાત્ર થશે. સંખ્યાબંધ કાસદોની જોડો ભાલે બાંધેલા ઘુઘરાના ધમકારો મારતા અવાજથી પુનાના રાજ્ય માર્ગને ગરજાવતી માર્ગે પડી. હજી પણ આ નવલકિસોરનું કામ પુરૂં થએલું જણાતું નહોતું, પણ હવે રાત્રી વધારે ગઇ હતી તેથી ઘર તરફ નજર કરવાને તેને જરૂર પડી. આજના દરબારમાં અગ્રપણે ભાગ લેનાર, સર્વ કાર્યમાં ઉત્સાહી લાગનાર, તરૂણ છતાં પણ વૃદ્ધ રાજ્યદ્વારીઓથી અગ્ર પડનાર, તથા મહાન કાર્યને પાર પાડવાની કુસળતા ધરાવનાર આ જનારધન ભાનુ કોણ હતો? એની ઓળખાણ અવસ્યની છે. એનાથી હવે વાંચનારને વધારે અજાણ્યા રાખવાની જરૂર નથી જનારધન ભાનુ ઉર્ફે નાના ફડનવીશ મરેઠી રાજ્યનો મોટો સ્થંભ હતો, જેનું ચિત્રદર્શન આપણે માન્જારા નદીના તટ પ્રદેશમાં તંબુ મધ્યે કર્યું છે, તેજ આ વીર હતો. જેને પેશ્વાઇના અંત સુધીના બધા મહારાજાને પટાભિષેક કરાવ્યા હતા, જેણે એક ફેરી મરેઠાના રાજ્યની મોટી લગામ હાથમાં ઝાલી તેમની મહત્તા સર્વત્ર માન્ય કરાવી હતી, અને સત્ય પરાયણ કહીએ તો જેણે પેશ્વાઇને પોતાનાં મોતના બીછાના સુધી બુદ્ધિરૂપી મોહોટા ટેકાથી બચાવી રાખી હતી તે જનારધન ભાનું ઉર્ફે નાના ફડનવીશ તે આ પુરૂષ હતો, એનું વિસ્તારથી ઓળખાણ વાંચનારને આગલા પ્રકરણમાં મળસે.

---

## પ્રકરણ ૬ ઠું.

### નાના ફડનવીસ.

**વસંત તિલકા વૃત્ત.**

રાજ્યકુળે જગતમાં શુભ જન્મ ધારી, શૌર્ય સમૃદ્ધિ થકિ પૂર્ણ કીર્તિ પ્રસારી;
વિજય વિનોદ માહે ધૈર્ય સદા ધરે છે, આલોકમાં જીવન સાર્થક તે ઠરે છે.

આ આખ્યાયિકાના મુખ્ય નાયકનો વંશ પેશવાના વંશ સાથે નિકટનો સંબંધ રાખે છે. પેશવાના મૂળ પુરૂષોએ પેશવાઇ સ્થાપી તે સાથેજ ફડનવીસનો ઓદ્ધો સ્થાપન કરી, નાનાનાં વડીલોને પોતાની કારકીર્દિ સાથે જોડેલા છે. પેશવાઇમાં કાળ કૃપાનુસારે થયેલા સઘળા ફેરફારોમાં એના વંશજોની સ્થીતિમાં પણ ફેરફાર થયેલો હતો. આ આખ્યાયિકાના મુખ્ય પુરૂષનો મૂળ પુરૂષ મહાદાજીપંતથી આગળનો જાણવામાં આવ્યો નથી, તેમ તે જાણવાને લક્ષ પણ દેવામાં આવ્યું

નથી. બાળાજી કૃષ્ણ ભાનુ રત્નાગીરી જીલ્લામાં આવેલા વેળાસ ગામમાં રહેતા હતા; તેમને બે સ્ત્રીઓના સંસારથી ચાર પુત્ર રત્નો થયાં હતાં. પ્રથમ પત્નિથી નારાયણપંત ભાનુ નામે પુત્ર થયો હતો; અને બીજી પત્નિથી હરીપંત, રામચંદ્ર (રામાજીપંત), તથા બાળાજીપંત નામે પુત્રો થયા હતા. નારાયણપંત પોતાના સાવકા ભાઇઓથી પીતાના મર્ણ પછી યોગ્ય વિભાગ લઇ જૂદો થયો હતો. અને હરીપંત, રામાજીપંત, તથા બાળાજીપંત એકત્ર રહી પોતાનો નિર્વાહ ચલાવતા હતા.

વેળાસ ગામ બાણકોટની ખાડીના દક્ષિણ કીનારા ઉપર આવેલું છે. તેની ઉત્તર તીરે શ્રીવર્ધનગામ છે. એ ગામમાં પેશવાના વડીલો વસતા હતા. તેમના કુટુંબ સાથે ભાનુંના કુટુંબને ઘાડો સ્નેહ હતો પેશવાના કુટુંબના મૂળ પુરૂષ બાળાજી વિશ્વનાથ તથા તેના ભાઇ જાનોજી વિશ્વનાથ ઉપર સુવર્ણદુર્ગ અથવા અંજનવેલના કિલ્લાના પ્રદેશ ઉપરના રાજ્ય સત્તાધિકારી હબસીઓની અકૃપા થઇ હતી. હબસી રાજ્યકર્તાના કાનમાં શ્રીવર્ધનના દેશમુખની કારકીર્દી માટે ઝેર મેલાયું હતું. તેના પરિણામમાં જાનોજી વિશ્વનાથને પકડી હબસીઓએ સમુદ્રમાં ડુબાવી દીધો. આથી બાળાજી વિશ્વનાથ, ભાનું કુટુંબમાં આશનાવાસનાર્થે વેળાસ ગામ ગયો. સ્નેહીની મુલાકાત વીપત્તિમાં મોટો સંતોષ આપે છે, અને તેજ ઉત્તમ પંકતીનો આશ્રો નીવડે છે. એ પ્રમાણે સદ્ અને ભાનું કુટુંબનાં સ્નેહીઓના મળવાથી સંપનું તત્વ વધ્યું અને તેને ધૈર્ય આપી, બાળાજી વિશ્વનાથને ઉન્નત થવાને પ્રેર્યો. હબસીનો પ્રદેશ છોડયા શીવાય, જીવનની આશા વ્યર્થ છે, એમ વિચારી, બાળાજી વિશ્વનાથ શ્રીવર્ધન છોડી અંજનવેલ નાસી ગયો. આ વર્તમાનની ખબર હબસીને થતાંજ તેણે અંજનવેલના કિલ્લેદાર ઉપર હુકમ મોકલી, બાળાજી વિશ્વનાથને કેદ કરાવ્યો. આ હકીકતની ખબર પડતાંજ ભાનુંએ પોતાની વગ કિલ્લેદાર ઉપર ચલાવી. તેને લાંચ આપી સંતોષ્યો. આવી યુક્તિ કરી પેશવાઈના સ્થાપનાર બાળાજીપંતને બચાવ્યો. આ ઉપકારના ભારથી બાળાજીપંતનો પ્રેમ ભાનુ ઉપર અપૂર્વ વધ્યો હતો અને બાળાજીપંતે ભાનું કુટુંબનાં ત્રણે ભાઇઓને આ ઉપકારના બદલામાં વચન આપી બંધાયો હતો કે, મારા પ્રારબ્ધના ઉદય સાથે આપનો પડીઓ મારી પત્રાવળી સાથે લાગેલો રહેશે. જે પ્રતિજ્ઞાનો અમલ બાળાજી વિશ્વનાથે, ભાનું કુટુંબને યોગ્ય ઐશ્ચર્ય આપી વાળ્યો હતો.

હરિપંત, રામાજીપંત તથા બાળાજીપંત ભાનું એ ત્રણે ભાઇઓ બાળાજી વિશ્વનાથ સાથે ઉદ્યોગ માટે સતારા ગયા. આ કાળમાં ઔરંગઝેબના મરણથી મોગલ બાદશાહીનું તેજ ક્ષીણ થતું ચાલ્યું

હતું અને તેનો લાભ લઈ, સતારાના રાજ્યદ્વારીઓ, શ્રીમંત શ્રી તારાબાઈ સાહેબનાં અંકુશ નીચે, પોતાનું પુરૂષાર્થ અજમાવવા યત્નશીળ થયેલાં હતાં. રામચંદ્રપંત બહુરીકર, ધનાજી જાધવ, પરસુરામ ત્રંબક તથા શંકરજી નારાયણ વિગેરે વીર પુરૂષો મુત્સદ્દી તથા બીજા રાજ્યદ્વારીઓએ મહત્તા સ્થાપીને શત્રુવર્ગને કંપાવી નાંખ્યો હતો. આ વીર રાજ્યદ્વારીઓ પાસે જતાંજ ભાનુ તથા ભટનો સત્કાર થયો. ઝવેરી જેમ હીરાને પારખી કાઢે છે તેમ, ધનાજી જાધવ સેનાધિપતીએ, બાલાજી વિશ્વનાથને પોતાના કારકુન તરીકે પસંદ કર્યો, અને ભાનું પૈકી રામાજીપંત ભાનુંને શંકરજી નારાયણ સચિવે પોતાની ચાકરીમાં રાખ્યો. હરિપંત, તથા બાળાજીપંત ભાનુએ કંઇક કાળ સુધી વિના ચાકરીએ બાળાજી વિશ્વનાથ સાથે પોતાનો કાળક્ષેપ કર્યો.

રાજ્યદ્વારી કુનેહ અને સુપુરૂષાર્થથી બાળાજી વિશ્વનાથનો ભાગ્યોદય થયો. ધીમે ધીમે ક્રમાનુસારે શાકે ૧૬૩૫ ના માઘ માસમાં એટલે સને ૧૭૧૪ માં સતારાના શાહુ માહારાજની કૃપાથી તે પેશવાની પદવીએ ચઢ્યો. આ પ્રસંગનો લાભ લઈ પેશવાએ શાહુ મહારાજને વિનંતી કરી હરિપંત ભાનુને રાજ્યની ફડણીસીનો ઓધ્ધો અપાવ્યો. તે પછી ચાર પાંચ માસે પેશવાની સાથે જેજુરી મુકામે હરિપંત ભાનું, સંતાન રહીત સ્વર્ગવાસી થયા, તેથી તેમની ફડણીસી ઉપર તેમના ભાઇ રામજીપંત તથા બાળાજીપંતને હક હતો તે, પૈકી બાળાજીપંત સ્વારીની સાથે હતો તેને તેજ ક્ષણે ફડણવિસીનો અધિકાર આપ્યો.

બાળાજીપંતનો કારોબાર કેટલોક વખત શાંતિથી ચાલ્યો. એ દરમીઆનમાં દિલ્લીના પાદશાહ ફરૂકસીર અને તેના રાજ્યકારોબારીઓ સૈયદ અબદુલ્લાખાન, તથા સૈયદ હુસેન અલ્લીખાન વચે વિરૂદ્ધ ઉત્પન્ન થવાથી, સૈયદોએ શાહુ માહારાજાની મદદ માંગી, અને તેમની મદદના બદલામાં નર્મદાની દક્ષિણ બાજુએ આવેલા મોગલ બાદશાહનાં સર્વ પ્રદેશ ઉપર ચોથ તથા સરદેશમુખીનો હક દાખલ કરી, તેની સનંદ પાદશાહ પાસે અપાવવા કહેણ મોકલ્યું. આ વર્તમાનથી શાહુરાજા પ્રસન્ન થયા, અને પોતાના માનીતા પેશ્વા બાળાજી વિશ્વનાથને જવા આજ્ઞા કરી. શાહુ રાજાની આજ્ઞા માથે ચઢાવી બાલાજી વિશ્વનાથ, ખંડેરાવ દાભાડે સેનાપતિ, તથા બાળાજીપંત ભાનું વિગરે દિલ્લી ગયા.

મરાઠી સૈન્યે એક માસ સુધી દિલ્લીમાં પડાવ રાખી રાજ્યદ્વારી કુનેહ અને વીરત્વથી ફરકસારને માહાંત કરી માર્યો, અને દિલ્લીના તખ્ત ઉપર મહમદશાહની સ્થાપના કરી, પોતાના પક્ષનો જય કરી મહત્તા સ્થાપી. કરાર પ્રમાણે ચોથ તથા સરદેસમુખીની સનંદ આપવા, પેશવાના સન્માનાર્થે દરબાર ભરવામાં આવ્યું. આ દરબારમાં જે

ક્રિયા થવાની હતી તેથી દિલ્લીના દરબારીઓ નારાજ હતા. રાજ્યદ્વારી પુરૂષોએ પેશવાનો પ્રાણ લેવાની નીચ યોજના યોજી-તે એ હતી કે, સનંદ લઇને પેશવા દરબારની બહાર નીકળે કે લશ્કરી ગીર્દિ કરી, તેને ઠાર મારવો. મરેઠી વીરો પોતાની છાવણીને યોગ્ય રક્ષણમાં મુકી દરબારમાં આવ્યા હતા ને પોતાની સાથે ચુંટી કહાડેલા વીર પુરૂષોજ રાખ્યા હતા, છતાં પણ જ્યારે બાતમીદારોએ પેશવાને જણાવ્યું કે, આ સમયે જુક્તિ કીધા સીવાય બચવું મુસ્કેલ છે; ત્યારે તેને બાળાજીપંત ફડનવીસ તરફ નજર કરી સુચવ્યું કે, 'આ પ્રસંગે કેમ કરીશું?' ફડણીશે ઉત્તર દીધો, "આપની પાલખીમાં હું બેસીશ, આપ સુખે સનંદ લઇ બીજે રસ્તે પધારો." આ જુક્તિ પેશવાને પસંદ પડી. પેશવા બીજી બાજુએ આડે રસ્તેથી છટકી આવી સનંદ લઈ છાવણીમાં જઈ પહોંચ્યા, અને બાળાજીપંત ફડનવીશ, પેશવાની પાલખીમાં બેઠો. દરબારીઓએ પાલખીમાં પેશવાના આડંબરથી બેઠેલા ફડનવીશને પેશવા ધારી મારો ચાલુ કીધો. મરેઠી વીરોએ મહદ્ વીરત્વ દર્શાવ્યું. સંતાજી ભોસલે અને બાળાજીપંત સાથે પંદરશો મરાઠાઓ મરાયા. એવી રીતે મહાહાની થઈ. સ્વામીને ખાતર બાળાજીએ પ્રાણ સમર્પણ કરી મહામહત્વતા સ્થાપી, સ્વામીનું નીમક હલાલ કર્યું, અને પ્રજામંડળને જણાવ્યું કે, સ્વામીકાર્ય આગળ પ્રાણની કીમત નથી, એવું ગણનારા મહાવીર છે. ધન્ય છે તે વીરને કે જે, સ્વામીના હીતને સારૂ, પોતાના દેશના કલ્યાણને સારૂ, તથા પોતાના, કર્તવ્ય કર્મના ટેકને ખાતર પ્રાણાર્પણ કરે છે. જે કાળમાં, અને જે દેશમાં, દ્રઢસંકલ્પવાળા વીરો જન્મે છે, તે દેશનું, તથા તે કાળનું પ્રજામંડળ ઐશ્વર્ય પ્રાપ્ત કરે છે.

બાળાજી મહાદેવ ફડણવીશના મરણ પછી, પેશવાએ રામાજી પંતને ફડણવીશી સારૂ બોલાવ્યો. રામાજી આ સમયે વૃદ્ધ થયો હતો. તેને નમ્રતાથી અરજ કરી કે, "એક તો હું વૃદ્ધ છું, અને બીજું કાને બેહેરો છું, તેથી સ્વામીની સેવામાં કેવી રીતે અનુકુલ થઇ શકીશ?" પેશવાએ હુકમ કીધો, "તમે દફ્તરનું કામ કરજો, અને તમારો બીજો આપ્ત સ્નેહી હશે તે બીજું કરશે." આથી રામાજીપંતે પોતાના નજીકના સગા અંતાજી નારાયણ ભાનુને, પેશવા સરકાર પાસે રજુ કર્યો. આવી રીતે ફડણવીશીનું કામ ચાર પાંચ વર્ષ સુધી કરી, રામાજીપંત સ્વર્ગવાશી થયા. આ સમયે રામાજીપંતનો પુત્ર બાપુરાવ, તથા બાળાજીપંતનો પુત્ર જનાર્ધન બલ્લાલ ભાનુ, પાંચ સાત વર્ષના હતા. તેઓની સગીર ઉમર હોવાને લીધે, તેમના વખતનો કારોબાર અંતાજી નારાયણ ભાનુએ તેઓ પુખ્ત ઉમરના થયા ત્યાં સુધી ચલાવ્યો.

ભાનુકુટુંબના સંગીરો, બાબુરાવ તથા જનાર્દન બલ્લાર પુખ્ત ઉમરના થતાંજ, પોતાના વડીલોનું ફડનવીશીનું કામ ચલાવવા લાગ્યા. જનાર્દન બલ્લાર ભાનુ તેની ઉંચ નીતિ, રાજ્ય પ્રકરણી બુદ્ધિ અને સામાજિક કૌશલ્યતાએ, બાલાજી બાજીરાવની સંપૂર્ણ પ્રીતિ સંપાદન કરી હતી. એનાં લગ્ન એહેંદળે નામના શ્રેષ્ઠ કુળની રૂખમાબાઇ નામની કુલાંગના સાથે થયાં હતાં. આ કુલવધૂ સુશીલ સ્વભાવની; સ્નેહમયી બાળા હતી. એનાં લગ્નથીજ જનાર્દન બલ્લાર ભાનુને ઘણા પ્રકારનું સુખ થયું હતું. પ્રિયા અને પ્રીતમની પ્રીતિ અવર્ણનીય હતી. પ્રીતમ બુદ્ધિશીલ સુજ્ઞ હતો, અને પ્રિયા પ્રેમાળ, ધર્મશીળ, અને ધ્યાની અધિદેવી હતી. એના રૂપ લાવણ્યમાં મણા નોહોતી. એને સત્‌શિક્ષા, સદ્‌બોધ અને ધર્માચરણથી સત્પ્રકૃતિ મેળવી હતી. સત્પ્રકૃતિવાન્ બાળાને ધન્ય છે. સત્પ્રકૃતિવાન્ બાળાજ પરાક્રમી પુત્રને જન્મ આપે છે. માતાનીજ સત્પ્રકૃતિથી પુત્ર શ્રેષ્ઠ પ્રકૃતિ, સદાચરણ અને સત્શિક્ષા મેળવી, મહાયશસ્વી થાય છે. એ સત્પ્રકૃતિનો મહાયશ છે. આર્ય એવી બાળાને અભિવંદન કરે છે, યશમાનથી વધાવે છે, અને ટૂંકામાં તેના જીવિતને ધન્ય માને છે. રૂખમાબાઇને પુત્રના લાહાવાની બહુ ઉત્કંઠા હતી. તે પ્રતિદિવસ શિવ પૂજન કરીને સત્પુત્ર યાચતી. તેની યાચના હવે સફળ થઇ છે. એનું સ્ત્રીપણું હવે માતારૂપમાં પલટાયું, અને અત્યંત આનંદિત થઇ શંકરની ભકિતની મહત્તા માનવા લાગી. સને ૧૭૪૧ ના મે માસની ૪ થી તારીખે, સતારા શહેરમાં જનાર્દન ભાનુને તેણે જન્મ આપ્યો. રૂખમાબાઇને પુત્ર થયો એ વધામણીએ પતિને સંતોષ આપ્યો, સ્નેહીઓને હર્ષમય કર્યાં, અને આખા કુટુંબમાં આનંદ વરતાયો. સુશીળ સ્ત્રીઓના મધુર ગીતોથી, આનંદિત વાદિત્રોથી અને વૃદ્ધો તથા કુળપુરોહિત આદિના અંતઃકરણપૂર્વક આશીર્વાદોથી જનાર્દન બલ્લાર ભાનુનું ઘર આનંદોત્સવમાં ગરકાવ થઇ ગયું. અનેક બ્રાહ્મણોને દાન અપાયાં.

તે સમય દેશાચાર પ્રમાણે મંગળસ્તુતિપાઠકોને નિયમાનુસારે બક્ષીસો અપાઇ, અને ગોળ ધાણાથી વિદ્યાર્થીઓને આનંદ આપી, તેમના વિદ્યાગુરૂને બક્ષીસ આપી, તેમને છૂટી અપાવી, આનંદ મનાવ્યો તથા જે જે લૌકિક તથા ધાર્મિક કર્મો હતાં તે બધાં ઉલાસયુક્ત કરવામાં આવ્યાં હતાં.


જોશીબાવાએ જન્મકુંડલી તૈયાર કરી હતી. તેમાં નાના પ્રકારના રંગ પુરી યજમાનને પ્રસન્ન કરવા બનતો પ્રયત્ન કર્યો હતો. વૃદ્ધિ ઉતરતાંજ જોષીબાવા ફડનવિસને ત્યાં, મોટા ડોળડમાકથી ચાલ્યા. જોષીબાવાએ સ્વચ્છ જગન્નાથીનું પંચીયું પહેર્યું હતું, હાથમાં છૂટો એક હાથનો અંચળો લીધો

હતો, નાની સરખી તપખીરની દાબડી હાથમાં ઝાલી હતી; ઘડીએ ઘડીએ તેમાંથી તપખીરના ચપટા લઇ નાકમાં દાબતા અને સડક સડક અવાજ ચલાવતા હતા, અનેક વખત નાક તપખીરને લીધે ગળતું હતું તેથી, તથા નાકના નસકોરાંમાં બહુ તપખીર દાબવાથી પહોળાં થઇ ગયેલાં તેથી, તથા મૂંછો સુધી તપખીર પસરી જતી હતી તે જોઇ, છોકરાંઓ હાંસી કર્યા સિવાય રહેતાં નહેતાં. જોષીબાવાએ આજે એક શિષ્યને સાથે લીધો હતો. તેની પાસે પોથીનું પોટલું ઉચકાવ્યું હતું. માંથાની પાઘડી જે રંગ વીનાની થઈ જવા આવી હતી, તેને જરા જરામાં સમારતા હોય તેમ હાથ ફેરવતા ફેરવતા તથા અનેક તર્ક વિતર્ક કરતા કરતા, દક્ષણાનો મોટો ભાગ મેળવવાની આશામાંજ, સ્વસ્તિ-સૂચક મંગળમય વચનો ઉચારતા, ઘરમાં દાખલ થયા. જોષીબાવાનો યથેચ્છ આદર સત્કાર થયો, તેમને મોટે પાટલે બેસાડયા, અને ઘરના બાળ, તરુણ અને વૃદ્ધ બધાં એકત્ર થઇ સામાં બેઠાં. જોષીબાવાએ કેટલીક લૌકિક અને કેટલીક ધાર્મિક ક્રિયા કરી, પછી હર્ષભેર બાળકનું ભવિષ્ય કથન કરવાની તૈયારી કરી. હર્ષમાં ને હર્ષમાં તપખીરના સડાકા મારતાં હાથમાંથી ડાબડી છટકીને ગબડી પડી ને નાકમાંથી પણ પાણી ટપકી પડયું. આ જોઇ છોકરાં હસી પડયાં. જોષીબાવા જરા સાવધાન થઇ છોકરાંઓ તરફ જરા ડોકી ધૂણાવતા સ્મિત હાસ્ય કરી બોલ્યા, 'જેવો હર્ષ તમો છોકરાંઓને આ કથનના પ્રારંભમાં થાય છે; તેવોજ આનંદ આ બાળ આખા માહારાષ્ટ્રને આપશે.' જોષી મહારાજ રીતસર શ્લોકોનો સુસ્વરથી ઉચ્ચારણ કરતા તથા હાથના ચાળા કરતા કરતા પ્રથમ રીત પ્રમાણે જન્માક્ષર વાંચી ગયા. જે જન્માક્ષર જોષીબાવાએ આશીર્વાદના માંગલિક શ્લોકથી લબાણથી લખ્યા હતા પરંતુ તેમાંનો ખાસ જરૂરનો ભાગ, તે ખરી કુંડળી ઉપરથી, જ્યોતિષ સમજનારની સવડતા સારૂ લખીએ છીએ.

"स्वतिश्री नृपशालिवाहनशके १६६३ दुर्मतिनामसंवत्सरे उत्तरायणे शिशिरर्तौ माघमासे कृष्णपक्षे चतुर्थ्यां जन्मतिथौ भृगुवासरे घ. ४३ प. ३० चित्राजन्मनक्षत्रे घ. ६० प. ० तृतीयचरणे राक्षसगणे शूद्रवर्णे त्वष्टादैवत्ये व्याघ्रयोनौ गंडयोगः घ. १९ प. १४ वर्तमानवृद्धियोगे बालवकरणे शततारकामहानक्षत्रे कुंभस्थिते सूर्ये तूलास्थिते चंद्रे कुंभस्थिते भौमे कुंभस्थे बुधे कर्कस्थे गुरौ कुंभस्थिते शुक्रे वृषभस्थिते राहौ सिंहस्थिते शनौ वृश्चिकस्थे केतौ एवं नवग्रहशुद्धौ सूर्यास्ताद्रात्रौ गत घ. ११ प. १० एवं समये तुलालग्ने शुक्रग्रहे चंद्रहोरायां शनिद्रेष्काणे गुरुनवमभागे शुक्रद्वादशांशे बुधत्रयोदशांशे एवं षड्वर्गशुद्धौ षडंशे परषट्के श्रीमदुमारमणचरणसरोजैकनिष्ठदेवद्विजभक्तियुक्तांतःकरणसौजन्यान्वितौदार्यादिगुणसंपन्नराजश्री भानुइत्युपनाम्नां जनार्दनपंतेतिव्यावहारिकनाम्नां भार्योभय-

कुलानंददायिनी स्वपतिंचरणारविंदतत्परा रखुमाबाईति व्यावहारिकनाम्नी प्रथमं सगुणं सुपुत्रमजीजनत् तस्यावकहडाचक्रोपदिष्टं नाम रामचंद्रेति।व्यवहारिकं नाम यथारुचि. ॥

ग्रहकुंडलीयं




भावकुंडलीयं




જન્મ કુંડળી વાંચી રહેતાંજ ફલાદેશ કથવા માંડયું. તે બોલ્યો, "આ બાળ મહાસમર્થ થશે, બુદ્ધિમાં બૃહસ્પતિ જેવો થશે. એના રાજ્યનીતિના મહા નિયમો પૃથ્વીના સર્વલોક માન્ય કરશે, અને એ બુદ્ધિબળથી શત્રુઓનો પરાજય કરશે. એને મહાન રાજ્ય યોગ પાપ્ત થયેલો છે, તેથી એ ચક્રવર્તિ જેવો સર્વ માન્ય થશે, તોપણ પાપ ગ્રહની દ્રષ્ટિ જરા પડે છે, તેથી એ રાજા ન થતાં દીવાન થશે છતાં અનેક મહારાજાઓ ઉપર પોતાની આણ મનાવશે. એના સાતમા સ્થાન ઉપર ઘણા ગ્રહોની દ્રષ્ટિ ચમત્કારિક પડે છે, તેથી એ શ્રીકૃષ્ણચંદ્ર જેવો અનેક સ્ત્રીઓનો વિલાસી થશે. એકંદરે સુખ, સંપત્તિ અને સત્કીર્તિ સંપાદન કરશે. સુશીળ આચરણવાન, દાનશીળ અને ધર્માચરણથી વર્તશે, અને ફડનવિસના કુળની કીર્તિને અનેક દેશોમાં ઝળકાવશે." પુત્રના ભવિષ્ય કથનમાં સંતતિ સંબંધી કંઇ કથન જોષીએ કર્યું નહોતું તેથી, **જ**નાર્દન **બ**લ્લાર **ભા**નુએ પ્રશ્ન કીધો, "મહારાજ મને પૌત્રનું સુખ કેવું છે." "જરાક ગ્રહબળ-પુત્રનું પાંચમું સ્થાન જોતાં-કઠણ જણાય છે, તોપણ એક પુત્ર થશે, પરંતુ એને માટે અનુષ્ઠાનાદિ કંઇક કરવાં પડશે." માહારાજે ગોળ ગોળ બોલી લોચો વાળ્યો. જોષીએ પુત્રનું, રાશી ઉપરથી **જ**નાર્દન **ભા**નુ એ નામ આપ્યું, અને સર્વેએ તે આનંદથી સ્વીકાર્યું. પુત્રનું ભવિષ્ય મહાન ઐશ્વર્ય સંપાદન કરે એવું છે, એ હર્ષથી જોષી મહારાજને યથેચ્છ દક્ષણા આપી, ખુશ કરી વિદાય કર્યા.

આ ભવિષ્ય કથન કેવું હશે? એની સત્યતા કે અસત્યતા માટે અમારે કથવું યોગ્ય નથી. દેશકાળ રીતિનું ચિત્ર અમે તો નિરૂપણ કીધું છે; અને જોષીના ભવિષ્યની તુલનાની જે સત્યતા આગળ વાંચતાં વાંચતાં વાંચક વૃંદને જણાય તે ખરી.

મંગળમય દિવસો આનંદોત્સવમાં નિર્ગમન થવા લાગ્યા છે. બાળક દિવસે દિવસે વયે પહોંચવા લાગ્યો છે. ઉપવીત દઈ શુભ મુહૂર્તે

સાંધી વિદ્યા શીખવવાનો હવે આરંભ કર્યો છે. લંગોટી મારીને ભણવા જતો નાનો, આનંદથી ગુરૂને ત્યાં વિદ્યાભ્યાસમાં ચપળ જણાવા લાગ્યો. તેને પ્રથમ નિત્ય નૈમિત્તિક કર્મો શીખવવામાં આવ્યાં હતાં. તેની સાથે રૂદ્રી, પવમાન તથા પુરૂપસૂક્ત આદિનું ધર્મ શિક્ષણ, જે આત્મ શુદ્ધિને ઉન્નત કરી, ધર્મ સંસ્કારને ઉત્તેજિત કરવા સબળ હતું, તે આપ્યું હતું. એનું અધ્યયન ઉત્તમ કરવા તરફ પેશવા સરકારનું લક્ષ ઓછું નહોતું. પેશવાના રાજ્યના ભવિષ્યના સ્થંભ થનાર, નાના તથા તેના પિત્રાઈ મોરોબાનો અભ્યાસ વિશ્વાસરાવ તથા માધવરાવની સાથે થતો હતો. વિશ્વાસરાવ તથા માધવરાવ જેવા રાજ્યના સ્થંભ થનાર હતા, તેવાજ નાનો તથા મોરોબા પણ થનાર હતા, તેથી તેમની સાથેજ તેમને પણ કેળવવામાં આવતા હતા. એમને કેમ અને કેવું શિક્ષણ આપવું અવસ્યનું છે તે સંબંધી પેશવા કુટુંબની કેવી લાગણી હતી, તેનો ચીતાર આપવા સદાશિવરાવ ચિમનાજીનો તે કાળમાં લખેલો એક પત્ર ઉતારીએ છીએ, કે જે, તેના વિચારની છાયાનો પૂર્ણ આભાસ આપશે.

श्री ।

चिरंजीव राजमान्य राजश्री बज्याबा यांशीं प्रति सदाशिव चिमणाजी आशीर्वाद उपरी येथील कुशल जाणोन स्वकीय कुशल लिहित जाणे. विशेष—तुम्हाकडील पत्र येऊन वर्तमान कळत नाहीं. तरि वरचेवर सविस्तर वर्तमान लिहित जाणे. आम्ही मजल दरमजल नर्मदापार झालों. पुढेंही दरकूच जात असों. घोड्यावर बसणें व लिहिणें पढणें चांगले करणें. तीर्थरूप बोलावतील तेव्हां पुण्यास जात जाणें फार खेळत न जाणें. घरीं अबई मायोने रागे भरणार नाहीं. लाडके व्हाल ते कामाचे नाहीं. चांगले लिहिणें, पढणें, घोड्यावर बसणें करणें. छर रमजान हे. आशिर्वाद. पौ छ. २२ रमजान.

તે કાળમાં અપાતાં ઉત્તમ શિક્ષણમાં નાનાએ સંપૂર્ણ લક્ષ આપેલું હતું. ઘોડા ઉપર બેસવું, ભાલો, બંદુક, જમૈયો, ખંજર તથા કટારી વિગેરે હથીઆરોનો કેમ ઉપયોગ કરવો, તથા જોડી, દાંડપટ્ટા તથા કુસ્તીના દાવપેચ કેમ ખેલવા, તથા મરોડદાર અક્ષરો ત્વરાથી કેમ લખવા, દફતરી જમા ખર્ચનો હિસાબ કેમ રાખવો; તથા સરકારી તથા જાગીરીના મુલકોની જમાબંધીની વ્યવસ્થા કેમ કરવી, તથા સામ, દામ, ભેદ અને દંડથી રાજ્યદ્વારી કુનેહને કેમ સાચવવી એનાં માહા સર્વ તત્ત્વ એના મગજમાં ઉતાર્યાં હતાં.

તે થોડા કાળમાં મોડીમાં સંપૂર્ણ નિપુણ થયો અને સંસ્કૃતમાં ન્યાય સુધી માથું મારવાને આકંક્ષા રાખતો હતો. નાનો, બાળપણથીજ વિચક્ષણ દેખાતો હતો. સામાન્ય બાળકોની પઠીમ હલકી રમતો તે રમતો નહોતો. ઘણો ભાગ તો એ એકાંતમાં બેશી કાંઇ ચિંતવન

કરતો હોય તેમ જણાતો હતો. એની પ્રકૃતિ હમેશાં દીર્ઘદૃષ્ટિથી બધું અવલોકન કરવા તરફ ઉત્કંઠિત હોય એવી જણાતી હતી. તથા તે સમવયના બાળકો કરતાં વડીલોમાં બેસવાનું વધુ પસંદ કરતો હતો. વખતો વખત એના બાપ સાથે રાજ્ય દરબારમાં જવા ચૂકતો નહિ. બાલ્યાવસ્થાથીજ તે રાજ્યઐશ્વર્ય અને રાજ્યવૈભવનો અભિલાષી હતો. તેનું અંતઃકરણ હમેશાં રાજ્યઐશ્વર્ય તેજની વૃદ્ધિ કેમ કરવી? તેની સંકલના સાંકળતુંજ હતું. એક દિવસે દરબારમાં મોગલોના ઐશ્વર્યની વાત થતી હતી, તે સાંભળી જનાર્દન ભાનુએ એના બાપને કહ્યું "આવા પરાયા રાજ્યૈશ્વર્યની વાત સાંભળવી તમને કેમ રૂચે છે? એ યવનો આર્ય પ્રજાના શત્રુ છે, તેમનાં ઐશ્વર્યનાં કથનથી આપણો પક્ષ દુર્બળ થાય છે. માટે શત્રુના ગૌરવને રાજ્યદરબારમાં વખાણવું મને તો જરા પણ ઉચિત લાગતું નથી. શત્રુનું તો કલંકજ બહાર પાડવું જોઇએ, કે તેથી તે પ્રજા સમસ્તમાં અપ્રિય થાય, અને તેમાંજ આપણું હિત સમાયલું છે." આ વાત પેશવાને કાને જતાં તરતજ નાનાનાં વખાણ કર્યાં; અને તે પ્રસંગને દરબારમાં કથાતો બંધ કીધો. જનાર્દન ભાનુના બાલ્યકાળના ચમત્કાર અનેક છે, પરંતુ તે સર્વનો સમાવેશ આ ગ્રંથમાં થવો અશક્ય છે.

જનાર્દન ઉર્ફે નાના ફડનવિસનાં લગ્ન એની દશ વર્ષની ઉમરમાંજ થયાં હતાં. એના સસરાનું નામ સદાશિવ રઘુનાથ ગદરે હતું. તે પુનાનો શ્રીમંત વહેપારી હતો. સદાશિવ રઘુનાથ અને જનાર્દન બલ્લાર ભાનુ સ્નેહ પાસથી બાલ્યકાલથી બંધાયલા હતા. સદાશિવ રઘુનાથને યશોદા નામની પુત્રી હતી. યશોદા બાળપણથી બહુ ચંચળ હતી. એનું રૂપ લાવણ્ય લક્ષ ખેંચે એવું હતું. બલ્લાર ભાનુ, યશોદાની બાળ ચર્યા જોઇ આનંદિત થતો. તે એક દિવસે તેને જોઇ બોલ્યો સદાશિવ! તારી પુત્રી ભાગ્યવાન જણાય છે. "એનાં રૂપ લાવણ્ય સાથે સામુદ્રિક લક્ષણો પણ શ્રેષ્ટ છે, એની સુરેખ કાળી આંખ, તથા સુંદર કેશ, અને પગની છેલી આંગળી મોહોટી છે, તથા અંગુઠો પાતળો છે. એ સૌભાગ્ય તથા સત્યાચરણનું ભાન કરાવે છે. નાભી અને શબ્દ ગંભીર છે. નાસિકા, કાન, નખ અને ગ્રીવાનો ભાગ ઉન્નત છે. હાથની હથેલી, પગનાં તળિયાં, નેત્રનો અંત ભાગ, હોઠ, જીભ, અને નખ રક્ત છે, કોયલ જેવો મધુર શબ્દધ્વનિ છે. નેત્રની પાંપણ વાંકી છે. તેમ મચ્છ તથા છત્ર ચામર આદિ ચિન્હોએ પણ યુક્ત છે. ખચિત યશોદા યશ તથા સુખને મેળવી યશસ્વી થશે." આ યોગ્ય સમયનો લાભ સાચવવાને સદાશિવ રઘુનાથે વિલંબ કરી નહોતી. તરત તે બોલ્યો; "જો તું મારી સાથે સદાનો સ્નેહ નિભાવવા ચાહતો

હોય, અને આ બાળા તું કહે છે તેમ જો સુલક્ષણ સંપન્ન છે, તો તારા પુત્ર સાથે એનો સંબંધ જોડ.”

જનાર્દન બલ્લાર ભાનુએ યોગ્ય વિચાર કરી, યશોદાનું માગું સ્વીકાર્યું. યશોદા અને જનાર્દન ભાનુનો વિવાહ, મણિ કાંચનના સંબંધ જેવો હતો. બાલ્યાવસ્થાથીજ જનાર્દન ભાનુ વૈભવનો અભિલાષી હતો. તે આ વિવાહ સંબંધ થવાથી અત્યંત આનંદિત જણાતો. પ્રિયાની સાથે પ્રીતિનો પાશબંધન સબળ કરવા યત્ન કરતો, અને તેમ કરવામાં દક્ષિણ સંપ્રદાય અનુકૂળ હતો. વિવાહ થતાંજ થોડો કાળ બાળકન્યાને સસરાના ઘરના સહવાસમાં લેવાનો દક્ષણિઓમાં ચાલ છે. આથી બાળ દંપતિમાં પરિચય થવાનો સંભવ છે, અને બાલ્યવયમાં જે નિઃસ્વાર્થ પ્રેમપાશ, એક બીજા ઉપર બેસે છે, તે નિઃસ્વાર્થ પ્રેમના મહત્ત્વ માટે જેટલું કથીએ એટલું થોડું છે. આથી પ્રિયા પ્રીતમની પ્રકૃતિને અનુભવે છે, તેના ઉદ્દેશને સમજે છે, અને તેમ અનુસરી પતિની ચિત્તવૃત્તિ પોતા તરફ ખેંચવા સમર્થ થાય છે. તેમ, પ્રીતમ પોતાના હૃદયમાં પ્રિયાને વાસો આપે છે, અને ભવિષ્યમાં વિશુદ્ધિથી ચંચળ થતાં હૃદયને સ્થિર કરી, મનોવૃત્તિને સદ્ માર્ગે દોરવવાને શક્તિમાન થાય છે. આમ થવાથી દંપતિના ભવિષ્યના દિવસો અત્યાનંદમાં નિર્ગમન થવાનો સંભવ રહે છે.

જનાર્દન ઉર્ફે નાના ફડનવિસનાં બાળપણાંની રમતગમતોનો અંત આવ્યો હતો. હવે તે અશ્વ ઉપર પાકો સ્વાર થયો હતો. આયુદ્ધોને હાથમાં લેવાને ઉત્કંઠિત જણાતો હતો. એક દિવસે મિત્રો સાથે ઘોડાની શરત કરતાં, સખત જખમી થયો હતો. આ પરિણામ તેની ગફલતને લીધે થયું નહોતું, પરંતુ તેનો પિત્રાઇ મોરોબા જે એનો સદાનો પ્રતિસ્પર્ધિ હતો, તેની સાથે વાતચિતમાં કંઇક તકરાર થતાં તેણે ઘોડા ઉપરથી નાનાને પાડી નાંખ્યો. ઘોડો મોટા ખુંખારાના અવાજ કરતો, અસ્વાર વના ઘર તરફ આવતો જણાયો. માતાએ ખાલી ઘોડાને જોઇ ચિંતાતુર અંતઃકરણે રૂદન કરવા માંડયું. તપાસ કરતાં અરણ્યની અંદર કાંટાની વાડમાં લપટાયલો નાનો હાથ લાગ્યો. આ ફેરી એણે સખ્ત માંદગી ભોગવી હતી. પરંતુ માતાની આશ્વાસના, અને પિતાની કાળજીથી, દવાદારૂથી સારી પેઠે માવજત થઇ. તેથી અલ્પ વખતમાં આરામ થયો; અને મરણ શય્યામાંથી ઉઠેલો મનાયો. આ વખત એની ઉમ્મર તેર ચૌદ વર્ષની હતી. આ સંકટમાંથી બચ્યા પછી એના શરીર ઉપર મોટો બોજો આવી પડયો. જનાર્દન બલ્લાર ભાનુ સખત માંદગીમાં સપડાયો. તેને હવે આ સૃષ્ટિના વહેવારમાં સાજા થઇ પુનઃ દેખાવ દેવાની આશા થોડી હતી. અતકાળનો સમય નજીક જાણી જનાર્દન બલ્લાર ભાનુએ પુત્રને શય્યા પાસે બેસાડયો.

શોકાર્ત મુખમુદ્રાથી ગ્લાનિ થયલા પુત્રને જોઇ બોલ્યો, "પુત્રશોકથી ગ્લાન નહિ થા. હવે મારા દિવસ ભરાયા છે. તે માટે સરજન હારની પાસે જવાનું છે. સર્વ મનુષ્યને તે કર્તવ્ય છે. માટે તું સાવધાન થઇ મારી આટલી શિક્ષા શ્રવણ કર. પેશવાનો વિશ્વાસુ થઇ વિવેક અને ન્યાયથી વર્તજે. કૃતઘ્ન થઇ સ્વામી સેવામાં હરામી કરી કલંકિત થતો નહિ. તારી ચાતુર્ય બુદ્ધિને સ્વામીના ઉદય માટે યોજજે. પેશવાનો મહાન્ ઉદ્દેશ, જે યવનોને ભારતભૂમિમાંથી સદાને માટે અટક બહાર કરવાનો છે, તેને સહાયાનુભૂતિ આપજે, ધર્મનું રક્ષણ કરજે, અને આર્ય ભૂમિના હિતને સંભાળી, યવનોના બળને હણી દેશને સ્વતંત્ર કરજે, એમાંજ ખરૂં કલ્યાણ છે. માટે એને અનુલક્ષી વર્તજે." આ ઉપદેશ આપી જનાર્દન બલ્લાર ભાનુએ આ ક્ષણભંગુર સૃષ્ટિનો ત્યાગ કરી, અક્ષય ધામમાં વાસો કીધો. પતિના મરણથી રૂખમાબાઇ આર્ત નાદથી રૂદન કરવા લાગી. તેના હૃદયને ફાડી નાંખે એવા વિલાપથી નાનો મૂર્છિત થઇ ગયો. જરાકમાં સાવધાન થઈ હા પિતા, હા, પિતા, કરી રડવા લાગ્યો. પિતામરણનું દુઃખ કેવું અસહ્ય છે તે કોણ નથી જાણતું? પિતા મરણથી સંસારની સઘળી ચિંતાઓ ચિત્તા વાઘની પઠીમ ધસી આવે છે, સંસારી સ્થિતિમાં અણજાણ્યા રહી મહાલવાનું દૂર થાય છે, લૌકિક વહેવાર, કુટુંબની તંગી, અને બીજી અનેક પ્રકારની આધિઉપાધિ માણસને જરા પણ જંપવા દેતી નથી. સ્વચ્છંદીપણું અને મદોન્મત્તપણે મહાલવાનું સુખ સ્વપ્નવત્ થાય છે. નાનો આ સ્થિતિને હવે આધીન થયો હતો. પિતાની મરણ ક્રિયા કરી સંસારનો ભાર વહેવા લાગ્યો અને પિતાએ મરણશય્યા આગળ આપેલા ઉદ્દેશને સાફલ્ય કરવા ભાવથી ઉદ્યોગ કરવા, ચિત્તને દ્રઢીભૂત કીધું.

જનાર્દન ભાનુએ હવે ફડનવિસના હોદ્દાનો ભાર વહેવા માંડયો હતો. પેશવા સાથે સંપૂર્ણ પ્રીતિ સંપાદન કરી હતી. આ બાળક ફડનવિસની ચતુરાઇમાં પેશવા મોહિત થયો હતો. તેના વિના જરા પણ ચેન પડતું નહોતું. મ્હોટા રાજદ્વારી કાર્યમાં પણ તેની સંમતિ યોગ્ય ગણાવા લાગી હતી. પેશવા હવે કર્નાટક તરફ સ્વારી લઈ જવા તત્પર થયો હતો. નાના ફડનવિસને પણ આગ્રહથી સાથે લીધો હતો. નાનાને રણરંગ જોવાનો આ પ્રથમ જોગ મળ્યો હતો. એમાં એને ઘણું અવલોકન કીધું અને લશ્કરની ખરી તંગી તથા ખોડ ખૂબીની માહિતી મેળવી હતી.

સને ૧૭૫૭ માં ગર્જના કરતું પેશવાનું સૈન્ય કૃષ્ણા નદીના પૃષ્ટ ભાગને ખુંદતું, ખુંદતું તથા તે પ્રદેશપર સત્તા ધારણ

કરતા સર્વ નવાબોને નમિત કરતું, તથા પેશવાની આણ મનાવતું શ્રીરંગપટ્ટણના મજબુત કિલ્લા પાસે આવી લાગ્યું.

આ વખતે નાનાનો ભભકો જબરો હતો. તેને પેશવાની અનુમતિથી મૈસુરનો રાજ્ય કારોબાર ચલાવનાર નંદજીરાજને પુષ્કળ ધમકી આપી નમિત કર્યો, અને પાંચ લાખ રૂપીઆ નગદ લઇ, બીજા અવેજ સારૂ રાજ્યનો કેટલોક મુલક કબજે લીધો. થોડા વખતમાં શેરા પ્રાંત કબજે કરી, વર્ષારૂતુના ભયથી યોગ્ય બંદોબસ્ત કરી, પેશવા નાના ફડનવિસની સાથે પાછો પુને આવ્યો. આજે મહાઆનંદ હતો. પુત્રના મેલાપે માના મનમાં નવો જીવ મેલ્યો હતો. વિધવા માતાનું જીવન પુત્ર છે. પુત્રના આરોગ્ય માટે અત્યંત ભાવથી શ્રમ લઈ અનેક ફાંફાં મારી વિલક્ષણ કાર્યો કરે છે, અનેક રક્ષાબંધનો (તાવીજો) કરાવે છે, મનથી તર્કવિતર્ક કરી પુત્રના ઓવારણાં લે છે, પુત્રનાં દુઃખો નિવારણ કરવા પ્રભુને વિજ્ઞપ્તિ કરે છે. પોતાના હજારો જોખમે પુત્રનું કલ્યાણ ઇચ્છે છે, અને તેમ કરવા તત્પર રહે છે. એ આર્યમાતાના પુત્રપ્રેમનો મહાયશ છે. તેમાં સુપુત્રની સ્નેહસત્તા આખા કુટુંબ ઉપર મહાન્ મહત્તા મેળવે છે. એટલુંજ નહિ, પરંતુ સુપુત્રનું યશગાન તેની પ્રવીણ સુશીળ, ઉચ્ચ પ્રકૃતિ જનરંગમાં પ્રવર્તાવે છે. અને તેનો યશગાનનો કીર્તિધ્વજ કુપુત્રોને શિક્ષા દેતો હોય તેવો દ્રસ્ય થતો, સુપુત્રના જન્મને ધન્યવાદ આપતો દીપે છે. એ સુલક્ષણ-સંપન્ન પુત્રનો મહાયશ છે. ઉછરતા તરૂણોને એ ઉપરથી સદ્બોધ મેળવવાને યોગ્ય તક મળે છે. તેમને હમે કુપુત્ર અને સુપુત્રની સત્તા, ઘર, કુટુંબ, અને જનસમૂહ આગળ કેવી છે, તેનું તોલન કરવાનું સોંપીએ છીએ અને તેમાંથી સુસાર ગ્રહણ કરી વર્તવા કહીએ છીએ. કુપુત્ર વડીલોની કીર્તિને કલંકિત કરે છે, તેથી તેમની આંખના પાટા-રૂપ થાય છે. પોતે કલંકિત કૃત્યોથી કાજલરૂપ બને છે, અને જનરંગ આગળ અધમતા સ્વીકારે છે. જનસમૂહ તેને ધિક્કારે છે, કુટુંબીઓ સ્વીકાર કરવા ઇચ્છતા નથી, તેનાં નામ સાથેનો પણ સંબંધ સ્વીકા-રવા અખાડા કરે છે. તેના જીવનથી જનસમૂહને લાભ નથી, તેથી તેની તેને દરકાર નથી. તેનો સુશીળજનો પણ સ્વીકાર કરતા નથી, તેમ પ્રભુને ત્યાં પણ સ્વીકાર થવો દુર્ઘટ છે. જેનું જીવન કાળાં કૃત્યોથી ભરેલું છે તેનું બધુંએ કાળુંજ છે. માટે વાંચનાર, તું સાવધાન રહે. કલંકિત જીંદગીનો સંગી થતો ના. સુવૃત્તિ રાખી સુપુત્ર થઇ જનરંગના મહાન્રંગમાં સુકીર્તિ મેળવ.

સુકીર્તિસંપન્ન પુત્રના મેળાપથી રૂખમાબાઇએ આનંદિત થઇ આજે ઇષ્ટ દેવીનું યજન સાથે બ્રહ્મભોજન અને કુટુંબ ભોજન રાખ્યું હતું.

રૂખમાબાઈના ઘરમાં માણસોનું આજ આવાગમન ઘણું થતું હતું. નાનો ઇષ્ટદેવીનું યજન કરવા બેઠો હતો. કુટુંબનાં ઘણાં માણસો નાનાને નિહાળવાને આજે આવ્યાં હતાં. તેમાં અનેક નવયૌવનમાં દીપતી સ્ત્રીઓના સમૂહની પાછળ એક મુગ્ધા બેઠી બેઠી સરળ ભાવથી નાનાને નિહાળતી હતી. તેની તેજ ભરી આનંદ પ્રફુલ્લિત ચક્ષુનો દ્રષ્ટિપાત વારે વારે કરતાં તે ધરાતી નહોતી. એના ચંચળ હૃદયમાં નાનાની છબીએ પૂર્ણ નિવાસ કીધો હતો. છતાં પણ બાહ્યાકૃતિ જોવાને મન તલપ મારતું હતું. સ્ત્રીના સમૂહમાં તે છેક ખૂણામાં હતી અને તેમ તે લગ્ન વિવેકનો વિચાર કરીને, સખીના ખભાનો આશ્રય લઇ અર્દ્ધ શરીર સંકોચેલું રાખી ગોઠવાઇ બેઠી હતી. ઘણે દિવસે પતિમૂર્તિ નિહાળવાની આજે તક મળી હતી. તેનું ઘેલું મન પતિપ્રેમમાં છકતું છકતું નિરંકુશ થતું જતું, પણ ચક્ષુવિવેક મર્યાદામાં રોકવાને સત્વર થયેલી જણાતી હતી. વડિલોની મર્યાદા, મુગ્ધાને આફેરી અકારી લાગવા માંડી. હવે એનાં ચક્ષુ પતિદર્શનથી તૃપ્ત થતાં નહોતાં. તે વારેવારે સખીના મધ્યભાગમાં દબાતું મોં રાખી, પતિ સામું દ્દષ્ટિ ફેંકતી અને ચપળ આંખને પાછી ઠેકાણે લાવવા મથતી. ઘણીએ ફેરી આંખને એણે વારી, તો પણ એના કહ્યામાં રહીજ નહિ. તેમ મને તેના ઉપર અંકુશ રાખવાને મહેનત કરી, ખરે, મહેનત કરી, પણ થાકીને પાછી સંમતિ આપી, અને આંખની સાથે પોતે પણ ચલિત થઇ ચકડોળે ચડવા માંડયું. પવિત્ર મુગ્ધાના અંતઃકરણમાં મનોવિકારો ઉદય થયા. તેને એના મસ્તકને ઘુમાવી નાંખ્યું. તેના નવીન લોહીમાં જોરથી પ્રવાહ ચાલવા માંડયો. આખરે તેનાં મન તનને પણ કંપાવવા માંડયું. આથી પતિદર્શનની જિજ્ઞાસા વધતી ને વધતીજ ગઈ. જરા સાવધ થઇ, લજ્જાએ અને વિવેકે વાદ આરંભ્યોઃ—

"શું મારા પતિમુખચંદ્રને હું નિહાળું એ અયોગ્ય છે? શું લાંબે કાળે પતિદર્શનનો લાભ મળ્યો છે તે લેવાને મારે વિવેકની જાળમાં સપડાવું જોઇએ? શું એ ધર્મવિરૂદ્ધ છે? ના, ના, નથી, તેમ તો નથી. ત્યારે મારૂં મન કેમ આમ થાય છે? ના, ના, હું ભુલી, મારૂં ચંચળ હૃદય આજે મૂર્ખ બન્યું છે. તે લજ્જાવિવેકનો વિચાર નથી કરતું. મારા વડિલો મને આ વિવેકથી કેવી ધારશે? શું આ જનસમૂહ મને અમર્યાદ કહેશે? ના, ના, મારે કાંઇ સ્ત્રીમંડળની કે જનમંડળની દરકાર નથી. પતિને નિહાળવામાં દરકાર શાની? શું એ નીતિથી અયોગ્ય છે? ના. તો પણ છેક આવી બેહા બનવું યોગ્ય નથી. માતુશ્રી દેખે તો શું ધારે? જો પેલાં મારા સાસુ બેઠાં, શું એમણે મારી આવી વૃત્તિ જાણી તો નહિ હોય? મને આજે ઘણે લાંબે સમયે

એમને નિહાળવાને મળ્યું છે. બળ્યું આ મન, જરા પણ શાંતિએ નથી પકડતું, મારી આંખ પણ આજ મારા કહ્યામાં નથી. અરે આ તે શું કૌતુક મારા હૃદયસ્થાનમાં થઇ જાય છે! મને આટલી અધીરી અને ગાંડી કોણે બનાવી છે? આનંદદાયી મુખમુદ્રા આજે કેવી રમણીય જણાય છે! આ મહામુસાફરીથી એની કાંતિની સૌંદર્યતામાં મોટો ફેર થયેલો છે. મનોહર કરકમળમાં રમતું કંકણ તેનાં સૌંદર્યના ચમકારાથી મારા અંતઃકરણમાં વિલક્ષણ ચમત્કાર કરે છે. અરે! મારૂં મન શું થાય છે તે સમજી શકતું નથી. વારૂ, આ કાળજું કેમ ધડકે છે? આંખ કેમ લજ્જિત થાય છે? પરસ્વેદ મુખ મુદ્રાઉપર કેમ વારે વારે આવે છે? આ શું? રે ચમત્કારિક દૈવશક્તિ મને ભમાવે છે? ના, ના. ત્યારે હું કેમ ચિત્તને સ્થિર રાખી શકતી નથી? આ દૈવશક્તિનું કુતૂહળ નથી, કે નથી જાદુગરનું જાદુ, ત્યારે મને નખથી તે શિખ સુધી કોણ કંપાયમાન કરી રહ્યું છે?"

કંપતાં અંતઃકરણને કંઈ વિચાર સુઝયો નહિ, તે સ્તબ્ધ થઇ જ્ઞાનશૂન્ય સ્થિતિમાં કંપતુંજ રહ્યું, અને એ સ્થિતિમાં તેનું મુખકમળ રક્તવર્ણવાળું થઇ, અતિ દીપવા લાગ્યું. પાસે બેઠેલી સખીએ દૃષ્ટિ કરીને બાલાને નિહાળી, કે બાલાને લજ્જાએ ચેતવી. તેણે ઝટ શુદ્ધિમાં આવતાં, લજ્જાથી નીચું જોયું. સખીએ અંતરૂભાવનો આભાસ કંઇક જાણી લીધો, અને તેના સામું સ્મિત હાસ્ય કરી, આડી નજર કરી, બીજી બાજુએ પોતાની દૃષ્ટિ યોજી. બાળાના મનમાં સખીના હાસ્યે વધારે વખત લાગણી રાખી નહિ. તેના હાસ્ય કટાક્ષની લજ્જા, તેની દૃષ્ટિ બીજી તરફ થતાંજ નષ્ટ થઇ ગઇ અને વિચારની ઘટમાળાએ પોતાનું કામ પાછું શરૂ કરવા માંડયું. બાલાના અંતઃકરણમાં મોહ સાથે ભ્રમણા ઉત્પન્ન થઇ.

બાલા શંકામાં પડી;-"પ્રાણેશના હૃદયમાં મારે માટે સ્નેહાવકાશ હશે? જો પ્રેમનો જ્યોતિ પતિના હૃદયમાં પ્રકાશતો હોય તો ચક્ષુદ્વારા તેનું પ્રતિબિંબ મારા પ્રત્યે કેમ નથી આવતું? શું હું તેમની સ્મૃતિમાં નહિ હોઉં? એમ તો ન હોય. ગમે તેમ હોય, એમાં મારે શું? પતિની મનોવાંચ્છા સાથે મારા અંતઃકરણને શું સંબંધ છે? આર્ય મહિલાને આર્ય ધર્મે સૂચવ્યું છે કે, પ્રાણેશના હૃદયમાં મારે માટે સ્નેહાવકાશ હોય કે ન હોય, પણ મારૂં તનમન તો એમનેજ અર્પણ છે. એમના ચરણની દાસી થવામાંજ મારૂં શ્રેય છે. મારૂં જીવન એમને જ અર્પણ છે. તે કદાપિ એમના તરફથી પ્રેમવૃત્તિને રોકનાર નથી. સજ્જનોથી શ્રવણ કર્યું છે; અને માતાથી ઉપદેશિત થયેલી છું કે. આર્ય મહિલાનું ખરૂં જીવન પતિવ્રતમાંજ છે. નિર્બાધ્ય સંતત પ્રેમપ્રવાહ પતિના પ્રત્યે વહ્યોજ જવો જોઇએ. એમાં શંકા આડે આવી જરા પણ વિક્ષેપ નાં-

ખવામાં આવે. તેને જરા પણ મત કરવી નજ જોઇએ. જેમ હોકાયંત્રની માછલી, ઉત્તર દિશાને તજતીજ નથી, લોહ, લોહચુંબક પ્રત્યે આકર્ષાયા શિવાય રહેતુંજ નથી, અને ચકોરી ચંદ્રને નિહાળવામાંજ નિમગ્ન રહે છે. પછી ચંદ્ર ગમે તેવો બેદરકાર છે, તેની ચકોરીને શી ચિંતા છે? ધન્ય છે એ પ્રાણીને! એના પ્રેમવિનય આગળ સર્વ હેઠળ છે. એ ખરા પ્રેમની શિક્ષા ગુરૂ છે. પ્રાણી, તને પણ ધન્ય છે."

એ વિચારની ઘટમાળામાં વિચારની લહેરમાં "ધન્ય" એ શબ્દ સ્પષ્ટ બોલાઇ ગયો, અને કર્ણ દ્વારે મગજને ચેતાવ્યું કે, તું વિભ્રાંત સ્થિતિમાં છું. ફરી સાવધ થઇ, મુખ ઉપર હાથ ફેરવી પરસ્વેદને વિસર્જન કર્યો. અને મસ્તક ઉપર હાથ ફેરવી કેશને જરા વ્યવસ્થિત કરવા જેવું ચિહ્ન કર્યું. વળી પાછું સંકોચાઇ, સખીના ખભાનો આશરો લઇ, નિહાળવાનું શરૂ કીધું. આ વખતે પ્રિયાને પ્રીતમ અનુપમ લાગ્યો. તેની સૌંદર્યતાએ તેના હૃદયમાં પ્રેમની અમીનો પ્રવાહ ચલાવ્યો. એ પ્રેમે પતિમાં વિશ્વાસનું અંકુર ફોડયું. તે સાથે પ્રીતમ સાથે થયેલા પૂર્વવૃત્તાંતે સ્ફુરાયમાન થવા માંડયું. દક્ષિણિ સંપ્રદાય ગુર્જરી સંપ્રદાય કરતાં બાળ વરવધૂને સંબંધમાં લાવવાને વધારે અનુકૂળ છે. એ સંપ્રદાયથી બાળચેષ્ટાઓનાં અનેક કૌતક બન્ને જણાએ અનુભવ્યાં હતાં. બાળવયના નિઃસ્વાર્થ નિર્મળ પ્રેમની સીમા અવર્ણનીય છે. બાળપ્રિયા પ્રીતમનું વર્ણન, હાસ્ય અને આનંદ ઉત્પન્ન કરે એવું હોય છે. પણ તે મહા મહત્ત્વતાવાળું છે. તેમાં પ્રેમનાં ખરાં અંકૂર સમાયલાં છે. એ ચર્ચા દર્શાવવા કરતાં વિચારવાથીજ અનુપમ આનંદ પ્રાપ્ત કરે એવી છે. આ બાલાના મનમાં જે ચિત્રપટ ઉભો થયો હતો, તે છેક લાંબા કાળનો નહોતો, પરંતુ સને ૧૭૫૭ માં કર્ણાટક ઉપર પેશવાની સ્વારી ગઇ, તે વખતે તેમની સાથે જવા તે તત્પર થયેલા પોતાના પ્રાણેશના સ્નેહસમાગમનો હતો. આ બાલાએ ત્યારે શું અવલોકયું હશે? એ યત્કિંચિત કાલની મુલાકાતે પ્રેમનો મજબુત કિલ્લો તેના મનમાં રચાયો હતો. એ ટુંકા વખતના ચિત્રદર્શનેજ તેને અનેક રાત્રીએ સ્વપ્નમાં પ્રેમપાન કરાવ્યું હતું, અને તેજ પ્રેમે આ જાગ્રત સ્થિતિમાં તેનાં ચિત્રરૂપી ચિત્રપટ ઉપર પતિની સ્નેહમય મુખમુદ્રાને આલેખી હતી! એનો પ્રતિઉત્તર મળવો મુસ્કેલ છે, તોપણ ઉછરતાં લોહીમાં પ્રેમનું જે કંઇ પ્રથમ બિંદુ ટપકે છે, તે અજબ રીતે અંતઃકરણમાં સદાને માટે ઘર કરે છે; ને આ ભવમાં વિસરાતું નથી. એટલુંજ નહિં, પરંતુ અંતઃકરણ ઉપર તેની છાપ એટલી પ્રબળ સત્તા ચલાવે છે કે, તેની આણમાં પ્રેમનું મહત્ત્વ સદાની અધીનતા સ્વીકારે છે.

આનો અલ્પ કે મહાન્ અનુભવ વાંચનાર, તને પણ છે, કેમકે પ્રેમની નિશાએ કોઇને છોડયા નથી; અને તે છોડનાર નથી. પ્રેમની પ્રથમ છાપને તારા અનુભવ સાથે સરખાવ, એટલે આ બાલાની બાહિર્ અને અંતરની સ્થિતિને તું કલ્પી શકીશ. પ્રીતમે લશ્કરી પોશાક પહેરી મુસાફરી સારૂ તૈયારી કરી હતી. પોશાક મનોહર અને સ્વચ્છ હતો, તેમ યૌવનમાં ખીલવાની અણીપર આવેલા નવલકીશોરની ખુબસુરતીની મનોહરતામાં મણા ન હોતી. યૌવન, સૌંદર્ય, લક્ષ્મી, અને કીર્તિ એ ચારે સંપાદનની અણી ઉપર આવેલા પુરૂષના પ્રેમકટાક્ષમાં કેવી મધુરતા હોવી જોઇએ, તે વાંચનાર તુંજ વિચારી લે. નવલ કીશોરે વિધવા માતાના ચરણ આગળ નમ્રતાથી નમન કરી, જવાની તૈયારી દર્શાવી, આજ્ઞા ઇચ્છી. માતાએ અંતઃકરણના ના અને હાના ગુંચવાડાથી વિયોગથી દુઃખી થતાં, પણ પુત્રની કીર્તિ અને ઐશ્વર્યની વૃદ્ધિથી હર્ષિત થતા અંતઃકરણથી પ્રેમ ચક્ષુ ઢાળતાં રજા આપી. આ સમયે સકલ સ્નેહી મંડળ સાથે પ્રિયા પ્રાણેશને નિહાળતી હતી. આજ્ઞાવિવેકના બંધનથી વાણી નિકળતી નહોતી, પરંતુ ચક્ષુમાંથી ખરતાં આંસુ અને દયામણું મોં જોનારને જુદોજ ભાવ ઉત્પન્ન કરતું હતું.

પ્રીતમને કાર્યવશાત્ માળ ઉપર જવું થયું. પ્રિયાએ આ તકનો લાભ જવા દીધો નહિ. બાલા પોતાનું શરીર સંકોચી, સર્વની દ્રષ્ટિ ચુકવી, પતિદર્શનની અભિલાષાથી બીજે માર્ગે ઉપર ગઇ. પ્રીતમે મેડી ઓળંગી ચાલીમાં થઇ ઓરડામાં જવા માંડયું, ત્યાં બારણા આગળ આંસુ ભરેલી ચક્ષુ સાથે પ્રિયાંગનાને જોઇ. નજર મળતાંજ બન્ને સ્તબ્ધ થયાં. બાલા પ્રેમાવશમાં કંપવા લાગી; અને પ્રીતમના અંતઃકરણ ઉપર જાણે પ્રેમનો મોટો બોજો આવી પડયો હોય તેમ થયું. પ્રિયાએ સમયનો વિચાર કરી, સાવધાની પકડી, આંસુ લુછયાં, અને રખેને પતિને અમાંગલિક શુકન થાય, એ વિચારે મુખને પ્રફુલ્લિત બતાવતાં, જયસૂચક વચનો બોલી, વિનયથી, વહેલા પધારજો–"પ–ધા–ર–જો"–એવા અસ્પષ્ટ શબ્દો, મહા મહેનતે, મુખમાંથી બહાર પડતાં પહેલાં તો પતિ ગદગદિત થઈ ગયો. તેણે પ્રિયાને અંકમાં દબાવી-હૃદયદાન અને અધરદાન આપ્યું. પ્રિયાએ અધરદાન લેતાં પતિની ચક્ષુ સાથે ચક્ષુ મેળવી, પ્રેમનું અમૃત મૂકયું. પતિએ ગદગદિત થયેલી પ્રિયાનાં આંસુ લુછયાં અને પ્રેમાવશના જુસ્સાથી દેદીપ્યમાન દેખાતા, ગરમ કપાળ ઉપર પ્રેમ ચિહ્ન કીધું. દાદર ઉપર ખખડાટ થયો, કોઇ આવશે એ ભયે બન્નેને સાવધ કર્યાં; અને છુટાં પાડયાં. છુટાં પડતાં યત્કિંચિત્ અવકાશ મળ્યા, તેમાં પ્રિયાએ પ્રીતમ પ્રત્યે, અને

પ્રીતમે પ્રિયા પ્રત્યે, પ્રેમ કટાક્ષ નાંખ્યો. તેમાં રહેલા અસીમ પ્રેમની મધુરતા તથા લજ્જાની વચ્ચે આવી પડેલા ભયને લીધે, ચિત્ત વિરુદ્ધ પગ ગતિ કરતા હતા, તેમાં ચક્ષુઓ જે પ્રેમનું કામ કરતાં હતાં, તેનું ચિત્રદર્શન કથાવું અશક્ય છે. પરંતુ જે પ્રેમના અમૃતે આ પ્રસંગે મધુરતા મૂકી, તે આખી જીંદગી સુધી પ્રિયા અને પ્રીતમનાં અંતઃકરણમાં કોતરાઇ ગયેલી રહી, અને એજ પ્રીતિએ પતિના પ્રેમ વિશ્વાસમાં પુષ્ટિ પૂરી હતી. બાળા પોતાના અંતઃકરણમાં આળેખાયલી છબી સાથે, પૂજામાં બેઠેલા પ્રીતમની સૌંદર્યતાની સરખામણી કરવામાં લીન થઇ હતી એટલામાં ઘંટાને નાદ કર્ણદ્વારપર પછડાયો. ઘડિયાલનો ઘોંઘાટ સંભળાવા માંડયો. તે સાથે સકળ મંડળ ઉભું થયું અને "जयदेव जयदेव जयपंचायतन"નો માંગલિક સ્વર, હાથથી તાળી પાડતાં, સકળ મંડળ આગળ ધ્વનિ કરી રહ્યો. બાળા પ્રેમ સમાધિમાંથી સંભાળી ઉભી થઈ, એમાં ભેળાઇ અને સખીના ખભા ઉપર હાથનો ટેકો દઇ, એડી ઉપર ઉંચી થઈ; આરતિની ઝળકતી જ્યોતિના તેજમાં દીપતી પતિમુખમુદ્રાને નિહાળવા લાગી. બાળા હવે તો પ્રેમનેજ આધીન થઇ હતી. તેને કંઇ કંઇ વિલક્ષણ, તર્કવિતર્ક, પ્રેમ સૌંદર્યની મહા રેલમાં તણાતા જણાયા. પ્રેમકલ્પનાની ભાંગફોડમાં લીન થયેલાં મગજ ઉપર "राजाधिराज पेसवानो जय"ના શબ્દો પછડાયા. બાળાએ મુખ ઉપર હાથ ફેરવી, શુદ્ધિ લાવવાને પ્રયત્ન કરતી હોય, એવું ચિહ્ન દર્શાવતાં સાવધાની પકડી, એટલામાં એક બ્રાહ્મણ, સર્વના હાથમાં પુષ્પ મેલતો મેલતો આવી તેના હાથમાં પુષ્પ મેલી પસાર થઇ ગયો. આ પુષ્પ સેનાં હતાં? તે હિંદુ વાંચનાર સમજી ગયા હશે. પરંતુ બીજા વાંચનારાએ જાણવાની જરૂર છે કે, પૂજનના છેલ્લા ભાગમાં દેવ ઉપર થતી પુષ્પાંજલિની આ ક્રિયા થતી હતી. બાળાએ હાથમાં પુષ્પ ઝાલી રાખ્યાં, તેમાં અનાયાસે આવેલાં એક ગુલદાવરીનાં પુષ્પ ઉપર તેની મનોકલ્પનાએ ઠરવા માંડયું. આ વખતે આ બાળ સતીના મનમાં પ્રેમ પ્રવાહે, એ પુષ્પને પતિપૂજન માટે યોગ્ય કલ્પ્યું. બાળાએ ધર્મવૃત્તિને પતિમાં પરોવી અને પ્રાચીન કાળની પતિવ્રતપાળનારી પ્રિયાઓના પ્રીતમપૂજનનો ભાવ ખડો કીધો. વાંચનાર! પ્રેમની અંદર તલ્લિન થયેલ બાળાનો દોષ કહાડતા નહિ, કેમકે એની પ્રેમવૃત્તિએ ધર્મવૃત્તિને જગાડી, પતિમાં તદ્રૂપ બનાવી હતી. આ સમય પ્રેમાંધ થયેલી બાળાના ભાવને ફળીભૂત કરવાને અનુકૂળ નહોતો, કેમકે જનમંડળની મર્યાદાનું મ્હોટું અંકુશ તેના ઉપર સબળ સત્તા ચલાવી રહ્યું હતું. તોપણ પ્રેમ પ્રબળ છે એ કોણ નથી જાણતું? તે બારીકમાં બારીક વખતમાં પણ તેને આધીન થયેલાં મનુષ્ય પાસે વિચિત્ર

કુતૂહલ કરાવે છે એમ કોણ કબૂલ કર્યા સિવાય રહે એમ છે? આ બાળાનું મન હવે કેવળ પ્રેમનેજ આધીન હતું. તેને હવે કંઇ નવીન હીંમત તેનામાં આણી. પુષ્પાંજલિનો મધુર ઘોષ હવે નરમ પડયો, અને પુષ્પ ચઢાવવાનો વખત થયો. તે ટાંકણે એના મનોભાવે પોતાનું ધાર્યું કરવા સાહસ પ્રેર્યું. પ્રિયાએ સચોટ તાકી ગુલદાવરીનું પુષ્પ બધી ગડબડમાં, સર્વની આંખ ચોરવી, દેવી ઉપર ન નાંખતાં, પતિ ઉપર નાંખ્યું. પ્રેમના ઉછાળાએ એ કાર્ય કરાવ્યું, પણ વિવેકે ઓછી ડરાવી નહિ. કરતાં તો સાહસ કર્યું; પણ છાતી ધડકવા માંડી. અને જાણે બહુ શ્રમિત કાર્ય કરી થાકી ગઇ હોય, તેવું તેનું આખું શરીર પ્રસ્વેદવાળું થયું. એ હાલતમાં પણ એક વિલક્ષણ પ્રેમકૌતક અનુભવ્યું. પુષ્પ પડયું તેવીજ **નાના**ની ચક્ષુ પુષ્પ આવ્યું તે તરફ ગઇ. પ્રિયાએ પ્રીતમની નજર આવતી નિહાળી, નીચું જોઇ દીધું. પ્રીતમને કંઇ તેની અસર થઇ નહિ; કેમકે તેના ઉપર શું પડયું હતું, તે તેને દ્રષ્ટિગોચર થયું નહોતું; તેમ એ કૃત્ય કોની તરફથી થયું હતું, તેની જરા પણ લાગણી તેને થઇ નોહોતી. તો પણ પ્રીતમની દ્રષ્ટિએ જે ચોગરદમ નિહાળ્યું હતું તેથી, ત્યાં તે પુષ્પ અનાયાસે સાલના બેવડા પડમાં ઝીલાઇ રહ્યું હતું, તેથી તત્કાળ પ્રિયાનો પ્રીતમે પ્રેમ સંદેસો સ્વીકાર્યો હોય, તેવો સંતોષ આપ્યો. અને એવી કલ્પના કરવાને ઉત્તેજિત કરી હતી કે, પ્રીતમની પ્રેમચક્ષુ, પ્રેમ અમૃત રેડશે. પરંતુ એ કલ્પનામાં તે ખોટી પડી હતી. **નાનો** તો ઇષ્ટ દેવીના યજનમાં તલ્લીન થયેલો હતો. તેનું સકળ ધ્યાન તેમાંજ ગુંથાયલું હતું. એનાં પવિત્ર અંતઃકરણમાં શુદ્ધ નિર્મળતાએ શાંતિ ફેલાવી હતી. તેને પ્રિયાના પ્રેમાંધ વિચારે જરા પણ લાગણી કરી નોહોતી. તેથી તેની શાંતિમાં પ્રેમે ખલેલ પહોંચાડયું નોહોતું. પરંતુ પ્રિયાના મનમાં આથી મહાક્ષોભ ઉત્પન્ન થયો, તેને પતિ પોતા માટે બેદરકાર છે એ વિચાર ઉત્પન્ન કીધો, આથી તેના મનમાં અનેક તર્કવિતર્કની ભાંગફોડ થવા લાગી. 'પ્રાણેશની વૃત્તિ બદલાઇ હશે ? તેમના મનમાંથી હું ઉતરી ગઇ હઇશ ? મારા ઉપર પ્રેમ ભરી મમતા રાખતા હતા, તે વિસારે પડી હશે ? એમને શું હું પસંદ નહિ હોઉં ? મારા પરનું હેત ઉતારવાને એમને શું કારણ મળ્યું હશે ? ના, ના, મેં એમને નાખુશી ઉત્પન્ન થાય એવું કૃત્ય કર્યું નથી. એમની વૃત્તિને આધીન ન રહેવાને મનથી પણ પાપ કર્યું નથી; તો પછી વાણીથી તો કેમજ થાય ? મને શંકા ભય છે કે લશ્કર સાથે લાંબો સમય મુસાફરી કરી, એ અરસામાં નવીન નવીન દેશની નવીન નવીન સ્ત્રીઓ નિહાળી, એમની વૃત્તિ કોઇ નવયૌવનામાં લાગી ગઇ હોય. તેથી મારા પ્રત્યે

અભાવો તો નહિ થયો હોય! વળી કેટલીક નાટકશાળાઓ લશ્કર સાથે હતી; તેમાંની કોઇક રૂપગુણ કળાવતિએ કળા કરી એમનું મન હર્યું તો નહિ હોય? હાય, હાય એમ થયું હોય તો આ જીવન સુખની મર્યાદા આવી ચુકી. સુખના દિવસો સ્વપ્નવત્ થયા, અને જીવનનું સર્વ સુખદ સાધન નષ્ટ થઈ ગયું. અરે! પુનાના ઘણા રાજ્યદ્વારી પુરુષોને આવી રીતિએ વર્તતાં સાંભળ્યા છે. તેમની પ્રિયાઓની આખી જીંદગી દુઃખદ સ્થિતિમાં નિર્ગમન થતી કથાય છે. અરે! હાય આ જીવન સુખની મર્યાદા આવી ચુકી, સુખના દિવસો સ્વપ્નવત્ થયા અને આ જીવનનું સર્વ સુખદ સાધન નષ્ટ થઇ ગયું. અરે!! પુનાના ઘણા રાજ્યદ્વારી પુરુષોને આવી રીતિએ વર્તતાં સાંભળ્યા છે; તેમની પ્રિયાઓની આખી જીંદગી દુઃખદ સ્થિતિમાં નિર્ગમન થતી કથાય છે. પ્રભુ આ વખત બતાવો ના. શું શ્રીમંત જનોને પરણનારને નસીબે આવું દુઃખ લખ્યું હશે? શૂરામાં ખપવા માંગતા સરદારોની સ્ત્રીઓને લલાટે અપમાનિત થવાના લેખ અંકિત થયા હશે? સુશીલ બાળાઓને આવા નિષ્ઠૂર પુરુષોને સ્વાધીન કરવાને તેમનાં પિતા માતા કેમ ક્રૂર થતાં હશે? શું લક્ષ્મીમાંજ સુખ છે? લક્ષ્મીના સુખની કલ્પનામાં સ્વભાવ પરીક્ષા કર્યા સિવાય પોતાની સુકુમારબાલાનું જીવન અર્પણ કરવાને કેમ ઉતાવળાં થતાં હશે? આર્ય મહિલાઓના વિચારશીલ પિતાઓ, જરા વિચિત્રવૃત્તિથી વર્તનાર પુરૂષોની કરણી જોઇ, તેથી સુકુમાર બાલાને ઉત્પન્ન થતાં દુઃખની તુલના તોળી, ભવિષ્યનો વિચાર કરી, શ્રીમાન્ જમાઇને પોતાની પુત્રી દેવાનું જરા લક્ષમાં લેતા હોય તો સારૂ. બેદરકાર પતિના દુઃખનો આડો આંક છે. તેનું વર્ણન કથવું અશક્ય છે. એ સહેનારના હાલ જોઇ તમારાં અંતઃકરણમાં જરા વિચાર કરશો, કે મહા દુઃખનું ભયંકર ચિત્રદર્શન દેશે. પ્રિયાને, પ્રાણેશ માટે જેટલું લાગે, તેટલુંજ પ્રિયા માટે પ્રાણેશને ન લાગે તો, એ સંસારસુખમાં શું મઝા? પ્રાણેશને દરકાર નહિ, ને પ્રિયા ઝુરી મરે, એ દુઃખની ક્યાં પરિસીમા? પ્રિયા પતિને ઝંખ્યા કરે, અને પતિને પાટા જેવી લાગે, એ પ્રિયાનો કોણ બેલી? તેના અંતઃકરણનો ક્યાં ખુલાસો? તેના જીવનની આશાઓએ ક્યાં ખીલવું? પિતાની, શ્રીમાન્ તથા સત્તાધીશ જમાઇ મેળવવાની આશાએ પુત્રીના આખા જીવનને છિન્ન ભિન્ન કરવાનું જોખમ ઉચકવું, એ કેટલું બધું અનિષ્ટસૂચક છે? શ્રીમંતની શ્રીમંતાઇ અને સત્તાધીશની સત્તામાં પુત્રીનું સુખ નથી, પરંતુ કેવળ પતિની પ્રીતિમાંજ પુત્રીનું સુખ છે.

રાજ્ય મેહેલમાં વસતી માનભંગ થયેલી પ્રિયાંગના કરતાં ઝુંપ-

ડીમાં વસતી પ્રાણેશના હૃદયમાં વસેલી પ્રિયાને મોહાસુખ છે. શ્રી અને સત્તા કરતાં પતિનો પ્રેમજ પ્રેમદાને તો આનંદદાયી છે. લક્ષ્મી વિનાનું સંકટ સહન થશે! લક્ષ્મીના કષ્ટનું સમાધાન ગમે તે રીતે થઇ શકશે, તે ગમે તે રીતે પ્રયત્નથી મેળવશે; પરંતુ પ્રાણેશના પ્રેમ વિનાના જીવનને સુખી કરવા, પ્રાણેશના શુદ્ધ પ્રેમભાવ વિના બીજું સાધન નથી, અને તે પતિના અંતર્ભાવ ઉપર આધાર રાખે છે. વિશુદ્ધિવાળો કૃત્રિમ પ્રેમ આનંદ આપતો નથી, આનંદની ખરી ખૂબીને તે અનુભવતો નથી, માટેજ પવિત્ર પ્રેમની મહા શ્રેષ્ઠતા સર્વ માન્ય ગણાય છે. અને તેટલાજ સારૂ દંપતિનો અપૂર્વ પ્રેમ નિર્બાધિત અખંડિત ટકે એવું જોડું પ્રકૃતિથી બંધાય, તેવી ગોઠવણ કરવી એ માતા પિતાની ફરજ છે. તોપણ સ્વપત્ની પ્રત્યે પ્રીતિ ન રાખતાં, પર પત્નીમાં નિમગ્ન રહેનાર નિષ્ઠૂર પુરૂષો ઓછા ઠપકાને પાત્ર નથી. તેમને દેવસમક્ષ લીધેલી પ્રતિજ્ઞા તોડવાનું ભાન નથી. પણ એ તો નિશ્ચિત થયેલું છેજ કે, તેને એ પાતકનું ફળ શારીરિક સ્થિતિમાં અવ્યવસ્થા થયાથી, કે જનવહેવારમાં કલંકિત થયાથી, થોડું કે ઘણું ભોગવવુંજ પડે છે. તે સાથે ગૃહસ્થાશ્રમની શ્રેષ્ઠ સ્થિતિનો સુખદ અનુભવ મળવો દુર્ઘટ થઇ પડે છે. પ્રિયામાંથી પ્રેમ નષ્ટ કરવાના બદલામાં પ્રભુ તેને સર્વ ઉચ્ચ પ્રતિષ્ઠામાંથી તથા સુખદ શાંતિના આનંદથી ભ્રષ્ટ કરે છે. આ શું ઓછી શિક્ષા છે? પણ તેનું તે પશુવત્ સ્થિતિમાં ઘૂમતા પ્રાણીને કયાં ભાન છે? અરે પણ આ નિષ્ઠૂર વિચારોને મારે શામાટે આશરો આપવો જોઇએ. તન, મન અને આ સૃષ્ટિ સાથે સંબંધ રાખનાર સર્વસ્વ મારૂં છે તે બધું પતિનું છે, તો આવા પાપિષ્ઠ વિચારો કરી, ખોટી શંકા લાવી, પતિના સંબંધમાં મનને સંશયી કરવાના દોષમાં શા સારૂ પડવું? પતિવ્રતમાં તેથી મોટી ખામી આવવાનો સંભવ છે. પવિત્ર વ્રત આચરવામાં મનથી પણ દોષ ન કરવો, તેમ પતિને કલંકિત ન ગણવો, એ સતિનો સત્યપરાયણ ધર્મ છે. મારૂંજ મન કાચું છે, કેમકે કારણવિના પતિ માટે અધમ શંકા કરી અધમ વિચાર કર્યા. ખરે, મારૂં મન કેવળ વ્યગ્રતાને તાબે થયું છે. પ્રભુ મને માફ કરજો! મેં પ્રાણેશમાં અધમ વૃત્તિ થયાનું કલ્પી મહાપાતક વ્હોર્યું છે. આત્મા આત્માનો સાક્ષી છે. હું આવા કુતર્કો કરૂં છું તો, પતિ મારે માટે એવું તો ધારતા નહિ હોય. ના, ના, મારા પ્રાણેશ, મારા વહાલા, તમો મારા જેવા અધમ નથી. તમો પૂજવા જોગ છો. તમારી આનંદદાયી મૂર્તિજ મલીનતાનો નાશ કરે એવી છે, તો, આપના અંતઃકરણમાં વિશુદ્ધિ કયાંથી ટકે? આપનું મનોરમા મુખકમળ તેજોમય પ્રફુલ્લિત આનંદ દેનારૂં છે, તેવોજ આપનો મમતાળુ સ્વભાવ દયાશીલ છે. તોપણ આત્મા આત્માનો સાક્ષી છે.

તેથી, મારા મનમાં જે મેં તર્ક કર્યા તેની લાગણી અવશ્ય પતિને થવી જોઇએ. એ સિદ્ધાંત સર્વપ્રણીત છે તે મને ગભરાવે છે. ખરે, મનથી થયેલું નિંદારૂપી કલ્પિત પાપ આટલું દુઃખ આપવાને શક્તિવાન છે; તો તનથી થયેલાં પાપો કેવાં નિષ્ઠૂર દુઃખદાયી નિવડતાં હશે? હે પ્રભુ! તેવાં પાપની કલ્પના કરાવીશ નહિ. તન અને મનથી પતિ-સેવા અવિચ્છિન્ન કરાવી પતિમાં અચળ પ્રેમ આપજે. સ્ત્રીએ તો સર્વદા પોતાની ઈંદ્રિયોને વશ રાખવી તથા પતિપર નિર્મળ પ્રીતિ રાખી પવિત્રપણે વર્તવું તથા તન, મન અને કર્મથી પતિની સેવા શિવાય બીજી ઇચ્છા રાખવી નહિ એ ખરૂં કર્તવ્ય છે. તે પૂર્ણ અદા કરી બતાવવું એ મારી ખરી ફરજ છે.” આવા તર્કવિતર્કમાં બાલા નિમગ્ન થઇ હતી. તે અરસામાં સખીએ હસ્તદ્વારા સ્નેહ સંકેત કરી (ઠોસો મારી) સૂચવ્યું. “સખી, ઉઠ.” આ શબ્દધ્વનિએ જાગ્રત કરી ભાન કરાવ્યું કે, પૂજનનું કાર્ય પત્યું અને સર્વે બીજે કાર્યે લાગવાની તત્પરતામાં હતાં. પતિ પૂ-જનના આસન ઉપરથી ઉઠયો, અને પ્રિયાએ અધીરતાથી પ્રેમદૃષ્ટિ નાંખી. આ વખતની સંધિએ કંઇક વિલક્ષણ કૌતક કીધું. આ પ્રેમચક્ષુ નિષ્ફળ ગઇ નહિ. કેમકે પતિના હૃદય ઉપર તેણે અસર કીધી ને પ્રિ-યાની હાજરી પ્રીતમને જણાઇ.

હવે ભોજનવિધિની તૈયારી કરવા માંડી. રંગોળી પુરાઇ. અ-ગરબત્તીઓથી સુગંધિત થયેલાં આસનો ઉપર સર્વ મંડળ બેઠું. કેસરની ચર્ચા સાથે પુષ્પની સુગંધિત માળાથી સર્વને સજ્જિત કરવામાં આવ્યા. કુટુંબની નવયૌવનાઓએ પીરસવાનું કાર્ય આરંભ્યું. તેમાં યશોદા પણ યોજાઇ હતી.

કુટુંબની ઘણી સ્ત્રીઓ એકેક પછી અકેક પદાર્થ લઇ હાજર થઇ, એમાં યશોદા પણ હાજર થઇ. યશોદાનું મન આજે વિહ્વલ થયેલું વ્યગ્ર હતું, તેથી તેને પૂર્ણભય હતો કે મનની વિભ્રાંત સ્થિતિને લીધે ચાતુર્ય દર્શાવવામાં ખામી આવશે. અને તેમ ન થવા દેવાને માટે ઘણી કાળજીઅત રાખવા છતાં પણ કંઇક બન્યું. પણ તે ફક્ત પ્રિતમ અને પ્રિયાએજ અનુભવ્યું. શું અનુભવ્યું? તેનો આબેહુબ ચિતાર ચિતરી શકાય એવો નથી. એ અનુભવે બાલાના અંતરંગમાં વિલક્ષણ રંગ મુકી બહિરાકૃતિ ઉપર તેની છાપ પાડી હોય, એવું આન્તિક વૃત્તિ તપાસનારને જણાય એવું કૌતક કીધું હતું. પ્રિયા હાથમાં રૂપાનું પાત્ર લઇ, રાયતું પીરસવા ગઇ. રૂપાના ચમચાથી ધીમે ધીમે પીરસતાં પતિનું પાત્ર આવ્યું. એકને બદલે બે ફેરી રાયતું પતિપ્રત્યે દૃષ્ટિ જતાં વિભ્રાંતિથી મેલાયું. પણ તેમાં કૌતક એ થયું કે, હાથમાંથી ગફલત થયાને લીધે ચમચો ફરકયો. પણ સારે નસીબે તે રાયતાંવાળા પાત્રમાંજ

ઝીલાઇ રહ્યો. બાળા ધાભરી થઇ, તેનું મન સાવધ નથી, અને તેને લીધે તેના શરીરની ઈંદ્રિયો યથેચ્છ કાર્ય કરતી નથી; એમ એને આથી જણાયું. પતિએ પ્રિયાની મુખચર્ચા જોઇ લીધી; તેની આન્તિક વૃત્તિ તે-નાથી સમજાઇ. આથી પ્રીતમને વિકાર ઉત્પન્ન થયો. અને તેનું મન પ્રિયાના લાવણ્ય તરફ ખેંચાયું. પ્રિયાના વિકારે પતિને પ્રેમબંધનમાં બાંધ્યો. હવે કુદરતે પોતાનો માર્ગ લેવા માંડયો, પણ વિવેકનું બંધન આ સ્થળે કંઇ ઓછું નહોતું. વિવેકના બંધનથી પ્રીતિની ખરી કીંમત થાય છે. જો લજ્જા અને વડીલોની મર્યાદાનો વિવેક આર્ય પ્ર-જામાં સચવાયો નહિ હોત તો, આ દંપતીમાં જે ઉચ્ચ પ્રેમ સતત અચળ સ્થિતિમાં દીપે છે, તેની આટલી ઉચ્ચ કીંમત થાત નહિ. પ્રેમનો પાશ, જેમ મોહ વધતો જાય છે, તેમ વધારે ને વધારે ચઢતો જાય છે, ને થતા પ્રેમમાં વધારે દૃઢતા થાય છે.

ભોજનક્રિયા પૂર્ણ થઇ. સર્વ મંડળ પોતપોતાને કામે લાગ્યું. ઘરમાં હવે પરાયું કોઇ રહ્યું નહોતું. **નાનો** પણ વિશ્રાન્તિ લેવાના ઇરાદાથી પોતાના શયનગૃહમાં ગયો. **નાનાના** પધારવાથી આજે શય-નગૃહ યથેચ્છ શણગારેલું હતું. હીંડોળા ઉપર હીંચતાં હીંચતાં સતાર ઉપર દૃષ્ટિ પડી; તેને હાથમાં લઇ પ્રેમમત્ત થયેલી વૃત્તિને શાંત પાડવા વગાડવા માંડી. પ્રેમનું સ્મરણ બૂરૂં છે. જેમ જેમ તેનું સ્મરણ વધતું જાય છે, તેમ તેમ તે વધારે સતાવે છે. પ્રિયાના પ્રેમકટાક્ષે જે બી વાવ્યું હતું, તેને આથી અંકૂર ફુટયું, અને મદનઘેલડો થઇ પ્રિયાના પ્રેમકટાક્ષની વેદના અનુભવવા લાગ્યો. પ્રીતમે પ્રિયાની છબીને હૃદયમાં ખડી કરી. તેના પ્રેમકટાક્ષની મધુરતાને પોતાનું અંતઃકરણ અર્પણ કર્યું, અને પ્રિયાને પ્રત્યક્ષ નીહાળવા ફાં ફાં મારવા માંડયાં. આત્મા આત્માનો સાક્ષી છે. પ્રીતમ જેમ નિહાળવા ચહાતો હતો, તેમ કરવા પ્રિયા રાજી હતી. દૃઢ સંકલ્પનાની સત્તા ભારી છે. તેનું આકર્ષણ વિલક્ષણ છે. જગતમાં પ્રત્યેક સ્થળે તેનો ચમત્કાર દૃષ્ટિગોચર થાય છે, અને આ પ્રસંગે પણ એવુંજ કૌતક થયું. **યશોદા** સાસુના હુકમથી વધેલી પુષ્પમાળાઓને મૂકવાને માળ ઉપર ચઢી. આ પ્રસંગે પ્રીતમને સતારની સાથે પ્રેમકુતૂહળ કરતો જાણી, શયનગૃહના દ્વાર આગળ સંકોચાઇને નિહાળવા લાગી. પ્રિયાએ પ્રીતમને પોતાનીજ સ્થિતિમાં પ્રેમમત્ત થયેલો નિરખ્યો, અને તે અસરે તેના શરીર ઉપર વધારે સત્તા મેળવી. પ્રિયાનું શરીર, જેમ પતિને નિહાળતું જાય તેમ તેમ વધારે કંપવા લાગ્યું. આખરે ધીરજ ન રહી, અને પ્રત્યક્ષ પડવા જેવો સંકેત થયો. પતિની દૃષ્ટિ પ્રિયા ઉપર પડી. પ્રિયાએ પ્રીતમને પ્રેમન-મન કર્યું, અને પ્રીતમે દૃષ્ટિથી પ્રેમસત્કાર જણાવી પ્રેમાકર્ષણથી

ખેંચી. સમીપ આવેલી પ્રિયાને હીંડોળા ઉપર યોગ્ય જગ્યા આપી. હૃદયદાન દેતાં બન્નેની દૃષ્ટિ એકમેક થઇ, એટલામાં પ્રીતમની દૃષ્ટિ પુષ્પમાળા ઉપર પડી. પ્રીતમે તે લઇ પ્રિયાનાં કંઠમાં આરોપવા હાથ લાંબો કર્યો. પ્રિયાએ નમ્રતાથી લાવણ્યમય વાણીથી એમ કરવાને અટકાવવા યત્ન કર્યો. એટલામાં હીંડોળા ઉપરની વિણા જમીન ઉપર પડી અવાજ થયો. તે અવાજ નીચે સંભળાવવાથી રૂખમાબાઇએ પુકાર કર્યો. યશોદા એ શું પડયું ? આ અવાજે પ્રિયાને ગભરાટ પેદા કીધો. પતિ પાસેથી સંભાળથી ઉઠી નીચે જવા ધસી. સાસુને શું પ્રતિઉત્તર દઇશ એ વિચારે ગભરાવી. પરંતુ નીચે આવેલી, કંપતી તથા રક્તવર્ણવાળી થઇ ગયેલી વિહ્વળ સ્થિતિમાં જોઈ સાસુ વહુની સ્થિતિનો ભેદ પામી ગઈ. રૂખમાબાઇને મનમાં જરા ખેદ થયો. બાળકોના આનંદમાં વિક્ષેપ નંખાયો એ વિચારે જરા એનાં મનને કંપ સાથે લાગણી કરી. તે સાથે યૌવનાવસ્થામાં આવવા લાગેલી વહુનાં યૌવનને સંપૂર્ણ સત્કાર કરવો હવે જરૂરનો છે અને તેનો ત્વરાએ અમલ કરવો વધારે અગત્યનો છે, એ ધ્યાનમાં આવ્યું. હવે નાના ફડનવિસનો ગૃહસ્થાશ્રમ શરૂ થયો. પ્રિયા રૂપગુણસંપન્ન લાવણ્યમયી સુંદરી હતી. સ્વામીની વૃત્તિને અનુસરનારી, તેનાજ હિતનું ચિંતવન કરનારી, દયાશીળ, ધર્મવૃત્તિવાળી, સ્વામીના નયનનો પ્રકાશ કરતી હતી, સાસુના હૃદયને સંતોષ આપનારી, સકળ સ્નેહીઓના હૃદયને રંજન કરનારી, સેવકજનોનું કલ્યાણ ઇચ્છિનારી, વિવેકની અધિદેવી અને મધુરભાષિણી હતી. આ યુવતીએ આપણી સમક્ષ ચિત્રદર્શન આપ્યું છે. તેથી તેનું ઓળખાણ અવશ્યતું છે, જે યશોદાબાઇને આપણે ત્રીજા પ્રકરણમાં હરિદાસ બાવા સાથે વાત કરતી અનુભવી છે, તે યશોદા, જનાર્દન ભાનુ ઉર્ફે નાનાફડનવિસની પ્રિયાંગના હતી. નાનો, આ પ્રિયાના પ્રેમપાશમાં અત્યાનંદથી દિવસ નિર્ગમતો હતો.

પણ સ્વપ્રિયાના આનંદમાં કુસંગતિએ અધમતા આણી, અધમવૃત્તિ તરફ મનનું વલણ કર્યું. સ્વપત્નિવ્રત તુટયું, તે સાથે મહાન મનોપાધિ ઉત્પન્ન થઈ સતાવવા લાગી હતી.

કુસંગતિનું ફળ અનિષ્ટસૂચક હોય છે. એક ફેરી કુછન્દમાં ફસાયા પછી તેમાંથી નિકળવું દુર્ઘટ થાય છે. કિંચિત મીઠું પડવાથી તપેલું ભરેલો દૂધપાક ફાટી જાય છે, તેમ જીવનને નષ્ટ ભ્રષ્ટ કરી નાંખે છે. પરપ્રિયાના પ્રેમમાં આનંદ માનનારાઓનાં મનની ઉપાધિનું અવલોકન કરો. તેને જ્યારથી એ ઉપાધિ લાગી હતી, ત્યારથી જીવ સ્થિર રહેતો નોહોતો. દરેક કાર્યમાં ગફલતનો સંભવ રહેતો હતો, તેનું મન અનેક કલ્પનામાં તેને નચાવ્યા કરતું હતું. વારે વારે મુખ અને શીર, પરસ્વેદથી ભીનું થતું, નિઃશ્વાસ મુકાવી ગ્લાનિ કરતું અને સ્મૃતિમાં

બીજી વાત ન આણવા દેતાં, બુદ્ધિને ભ્રમિત કરી, કેવળ પરસ્ત્રીની મૂર્તિ, ચિત્તરૂપી ચિત્રપટપર આલેખવાને આધીન કરતું હતું. વ્યાકુળ ચિત્ત થવાથી તંદુરસ્તીનો નાશ થાય છે, મુખ તેજરહિત થવાથી કૃષ્ણતાને પામે છે, અને કલંકિત મન થવા સાથે કીર્તિનો પણ નાશ થાય છે.

પરસ્ત્રી સાથે અધમતામાં સપડાયલાઓ તમારી સ્થિતિની એક ફેરી તુલના કરો. તમારે કેટલી ફેરી ચોરની પઠીમ કામ કરવું પડયું છે! કેટલી ફેરી શરમને મારે નીચું જોવું પડયું છે! કેટલી રાત ચેન વિના ચટપટીમાં ગાળી છે! કેટલી ફેરી માતા, પિતા, બાંધવ અને પત્નીનો તીરસ્કાર ખમવો પડયો છે! કેટલી ફેરી સદ્‌ગૃહસ્થોએ તમારી સંગતિ કરવાને અણગમો બતાવ્યો છે! કેટલી ફેરી માર ખાતા બચ્યા છો! કેટલી ફેરી જનોપવાદમાંથી બચવાને ફાં ફાં મારવાં પડયાં છે, ને કેટલી ફેરી તમારી સામાજિક, રાજ્યદ્વારી તથા સાંસારિક સ્થિતિમાં ટીકાને પાત્ર ઠર્યા છો. એ બધાંનો સરવાળો લેવા સાથે, તમારાં કેટલાં બધાં સારાં કામ બગડયાં છે! તમારી ગૃહિણી સાથે કેટલી ફેરી કંકાશ થવાથી ખરૂં સુખ ખોયું છે! ઉત્તમ મિત્રોએ કેટલી ફેરી ધિઃકાર્યા છે! તથા આખરે પ્રભુપદને માટે તમને જ્યારે વિચાર આવશે ત્યારે તમને એ કુસંગતિથી થયેલી અધમતાએ કેટલા બધા દૂર નાંખ્યા છે, તે ધ્યાનમાં આવશે. આચાર, વિચાર અને વાણીનો નિકટનો સંબંધ છે. એ ત્રણમાંનું એક પણ બગડયું તો પારલૌકિક તથા ઇહિલૌકિક સુખની ઉત્તમતા નષ્ટ થાય છે. **મનુ ભ**ગવાને શારીરિક અધર્મમાં પરસ્ત્રી સંબંધનો મોહા દોષ ગણેલો છે, અને તેને સત્કર્મને નાશ કરનારૂં ગણ્યું છે.

॥ અદત્તાનામુપાદાનં હિંસા ચૈવ વિધાનતઃ ॥
॥ પરદારોપસેવા ચ શારીરઃ ત્રિવિધઃ સ્મૃતઃ ॥

અર્થ—"(૧) ન કરવાનું કરવું એટલે અયોગ્ય કર્મ કરવું, (૨) કોઈ પણ જીવને મારવો, પારકી સ્ત્રીનો સંગ કરવો, એ ત્રણ શરીરના અધર્મ છે."

**મનુ ભ**ગવાનનું વચનશ્રવણ ગુરૂમુખથી અનાયાસે થવાથી હવે **નાના**ને પોતાની ખરી સ્થિતિનો ભાસ થવા માંડયો હતો. કુસંગતિથી થયેલા કુસંસ્કાર માટે મહા ખેદ ઉત્પન્ન થવા માંડયો. મનોવૃત્તિને સાધ્ય કરવા યત્નશીળ થયો. પરસ્ત્રીસંગ અધોગતિને આપનાર છે, એ વિચારે એને બહુ ગભરાવ્યો. અને તેને સારૂ ઉત્તમ સંન્યાસીઓની સંગતી કરી સદ્‌ઉપદેશ મેળવવા ઉત્સુક થયો, અને કીધો. શ્રવણથી મન સાધ્ય થયું નહિ. મનને ઘણું માર્યા છતાં મુવું નહિ. કુસંગતિની સાંકળે એટલો બધો જોરથી બાંધ્યો હતો કે તે ઘણા પ્રયત્ને પણ છૂટવા પામ્યો નહિ. **નાનો** દુરાગ્રહી હતો, તેણે મહા વિચારમાં મનને ઘેર્યું. ઉત્તમ કુળમાં જન્મ્યા છતાં અધમવૃત્તિ કેમ આવી? સતિનો પુત્ર

વ્યભિચારી કેમ થયો? સતિના પુત્રમાં વ્યભિચાર કેમ વાસો કરે? આ પ્રશ્નોના ઉત્તરમાં પિતાના વંશની રીતિ કૃતિ તપાસી, પિતા અને પિતામહ ધર્મપરાયણ, સુચરિત્રવાન્, સુકીર્તિવંત જણાયા. મનનો સંશય દૂર ન થયો. પાછો વિચાર કીધો. માતાકુળને તપાસ્યું. "માતા સ્વધર્મ પરાયણ સાધ્વી છે, પણ માતામહ મેહેંદળે તેવા નથી. માતામહના કુસંસ્કારના અંકૂર ને કુસંગતિની પ્રેરણાથી હું દોરાયો છું એમ તેના મનમાં દ્રઢીભૂત થયું. રોગનું નિદાન કીધું. હવે તેનો ઉપાય યોજવા યત્નશાળી થયો. મન અને આચારને સુસંસ્કારી કરવા ઉદ્યોગ આરંભ્યો. શ્રવણથી ચિત્ત શુદ્ધિ થઇ નહિ; વ્રત વ્રતાદિનો આરંભ કર્યો. કઠોર તપ કર્યા શિવાય આત્મ શુદ્ધિ થતી નથી અને યજ્ઞ કીધા સિવાય ઐશ્વર્યની પ્રાપ્તિ થતી નથી. એ વિચારે એને પુના છોડી ગોદાવરી તટે આવેલા શ્રીક્ષેત્રકાયના ગામ ટોંકેમાં નિવાસ કર્યો. ને ત્યાં શંકર સમીપ અતિરૂદ્રનું અનુષ્ઠાન સ્વજાતે કર્યું. મનમાંથી પાપની ઇચ્છાનું ઉચ્છેદન કર્યા સિવાય નચિંતાઇ થતી નથી. કેવળ શાસ્ત્રપાઠદ્વારા જ્ઞાન સંપાદન કરવાથી કંઇ પાપ કર્મ કરવાની વૃત્તિ અટકતી નથી. તેથી મન અને શરીરને એવી ઉત્તમ રીતે સાધ્ય કરવું કે, પાપ કર્મ કરવાનો વિચાર કરવાને ઇંદ્રિયોને તક મળે નહિ. જ્ઞાનનો પ્રકાશ હૃદય ઉપર એવો પાડવો કે, ધર્મ આજ્ઞાની એક પણ શિક્ષાની અવજ્ઞા કરવાનો અવિવેક થાય નહિ; ઇંદ્રિયોને વશીભૂત થવાથી ભ્રષ્ટતા સિવાય બીજું પ્રાપ્ત થાય એવું થોડું છે. આસુરી વૃત્તિને આધીન થઇ જીવન ધારણ કરવું એ શ્રેયસ્કર નથી. પાપ કર્મથી દૂર રહેવું, અને આત્માની શુદ્ધિ કરવી એ ઉત્તમ ધર્મ છે. પવિત્રતાથી આત્મશુદ્ધિ જલદી વધે છે, આત્મશુદ્ધિ થવાથી અલૌકિકતા પ્રાપ્ત થાય છે, અને તેથી ચિત્તની પ્રસન્નતા થવાથી જે અપૂર્વ આનંદ થાય છે, તથા સર્વ કાળ શાંતિ રહે છે, તે અવર્ણનીય છે. પાપવાસના ધર્મના પ્રકાશથી નાશ પામે છે, અને તેના નિત્ય યજનથી દૂર રહે છે.

નાનો દેવ યજનમાં લક્ષ આપી ધર્મનું સેવન કરતો ગયો અને મનને પરસ્ત્રીગમનથી દૂર કરતો ગયો; તેમ તેમ ઉચ્ચ સંસ્કાર પ્રાપ્ત થવા માંડયા. તેને સુશીળ ગૃહસ્થનું ઉત્તમ ચરિત્ર દ્રષ્ટાંત રૂપ કરવા દ્રઢીભૂત કીધું. સ્વધર્માચરણને અનુસરી ધર્મને ઉદ્દીપન કરવો, રાજ્ય નીતિજ્ઞ થઇ રાજ્ય રંગને દીપાવવો, સ્વામીસેવા કરી સ્વામીના હિતને વધારવું, પ્રજામંડળને ઉન્નતિ માર્ગે ખેંચી ઉન્નતિમાં દીપાવવું, શૌર્યતેજની વૃદ્ધિ કરી યવનોથી દેશને મુક્ત કરી મહા યશ સંપાદન કરી, આર્યભૂમિને સ્વતંત્ર કરવી. એ ઉદ્દેષે એને ઉદ્યોગ કરવાને પ્રેર્યો.

આ નવલ કીશોર હવે ઉત્સાહી થયેલો છે. કાળક્રમાનુસારે જેમ જેમ મલીનવૃત્તિ નિવારણ થઇ, તેમ તેમ, આનંદવૃત્તિથી સ્વસ્થ થયો,

અને અડગ નિશ્ચયથી રાજ્યરંગમાં વિવિધ રંગ મેળવવા લાગ્યો. નિજામના દ્વાર તોરને છિન્નભિન્ન કરી, પેશવાને માન્જારા નદીના તટ પ્રદેશ ઉપર આપણે અવલોકન કર્યો છે. અને તેના સૈન્ય મધ્યભાગમાં એક વિશાળ તંબુમાં ભરનિંદ્રાને આધીન થયેલો નવળકીશોર, આપણે જોયેલો છે, તે આ જનાર્દન ભાનુ ઉર્ફે નાના ફડનવિસ હતો; અને એજ પુરૂષને આપણે પેશવાના દરબારમાં અગ્ર ભાગ લેતાં દીઠો હતો. વાચકો આપણે જનાર્દન ભાનુની ઓગણીશ વર્ષ સુધીની કારકીર્દિ દ્રષ્ટિગોચર કરી છે. હવે એ નવળ કીશોરનાં મહત્ કાર્યોનું ચિત્રદર્શન આગળ જનરંગને થશે. કેવું થશે? અનેક રાજાઓને આણ મનાવતો, દમપર દમ પેશવાઓને તખ્તનશીન કરતો, અંગ્રેજ અને ટિપૂને શેહ આપતો, નિજામને સ્વેચ્છાનુકૂળ નચાવતો, પેશવાઇની કીર્તિને ગજાવતો, અને ચડતી પડતીના ઉદય અસ્તમાં તેજોમય દીપતો હતો.

## પ્રકરણ ૭ મું.

### અજિત સૈન્ય*.

અતિ ધંમ ધમાટે ઘોશ કરતું, સૈન્ય સરર જાય છે,
ભય ભીતિ દેતું જે અરિને, સકળ કીર્તિ કમાય છે,
ધરિ ધૈર્યતા જો સકળ ધસતું, શૌર્યથી ઝીંપલાય છે,
પુરૂષાર્થ ચારે પ્રાપ્ત કરવા, કાજ યોગ્ય ગણાય છે.

અમાનુષિક શક્તિ જેવું ચિત્રદર્શન દેતું, શૌર્યપ્રવાહથી મદોન્મત થયેલું પ્રસન્નમય અજિત સૈન્ય, વિજયી વાવટો ફરકાવતું તત્પર થયું છે; પેશવાનો જેના ઉપર અત્યંત વિશ્વાસ હતો; પ્રજા જેનાં બળ અને શૌર્ય માટે મહત્તા ધરાવતી હતી; શત્રુઓ જેની વિજય કીર્તિના યશગાનથી કમ્પિત થતા હતા; તેનો ઉત્સાહીશૌર્યરસથી અદ્દ્ભુત ધારણ કરેલો દેખાવ, મિત્રોને હર્ષિત કરતો હતો, જેની સમયે સમયે મેળવેલી જયકીર્તિથી *ઈબ્રાહિમખાન ગાર્ડી તેને "અજિત"નું મહાનપદ આપી ગર્વિત થયો હતો; જેની મહત્તા ભરેલી યશકીર્તિ આખી ભરતભૂમિમાં આ સમયે ગાજી રહી હતી; જેના ઘોડાની ખરીઓએ

---

* ઇબ્રાહિમખાન એ ફ્રેન્ચ લોકોના હાથ નીચે કવાયદ શીખેલો હતો. એ, પ્રથમ સલાબતજંગ અને નિજામઅલ્લીને વિગ્રહ થયો હતો, તે વખતે નિજામઅલ્લી પાસે હતો. પાછળથી જ્યારે તેઓનું ઐક્ય થયું ત્યારે નિજામઅલ્લીએ તેને રજા આપી ત્યારપછીથી તેને શદાશિવરાવ ભાઉએ પોતાની નોકરીમાં રાખ્યો હતો.

મધ્ય, દક્ષિણ અને ઉત્તર હિંદુસ્થાનનાં પૃષ્ઠ ભાગને ખુંદી વળી પ્રસંગાનુસારે મહાન કુતૂહલ કીધું હતું, તે દૃઢ નિશ્ચયને દર્શાવતું, અનંત પુણ્યકર્મોના પ્રભાવથી આર્ય રાજરાજેશ્વરનાં પદને પામેલાં પેશવાના યશગાનનું ચિન્તન કરતું; આર્યભૂમિ ઉપરથી મ્લેચ્છોનું ઉચ્છેદન કરવાને ઇચ્છતું, આર્યધર્મની મહત્તાને ચળકાવવાને મથન કરતું; અટક સુધીના પ્રદેશ ઉપર ભગવા ઝુંડાને ફરકાવવાને આકાંક્ષા રાખતું અજિત સૈન્ય, વિલક્ષણ સાજ સજી હવે પ્રયાણ કરવાનો આરંભ કરે છે. પ્રયાણ કરતા સૈન્યના અગ્રભાગમાં અર્ધચંદ્ર જેવા દેદીપ્યમાન થતાં રૂપાનાં રણસીંગા ધારણ કરેલા તથા અર્ધ સૂર્ય જેવાં દેદીપ્યમાન થતાં સુર્વણનાં રણસીંગા ધારણ કરેલા સ્વારો શૌર્ય ઉત્તેજક ધ્વનિ કરતા ચાલતા હતા. તેની પાછળ જરીના ઝળકારાથી ઝબક મારતાં તથા શ્વેત રક્ત ચટાપટાથી સુશોભિત દેખાતાં નિશાનો સાથેના ડુમકાઓ તડકડુમ, તડકડુમ, ડુમ ડુમનો સ્વર કરતા પલાયણ કરતા હતા. તેની પાછળ જંબુરાવાળા ઉંટોની હાર ચાલતી હતી. તેની પાછળ રાક્ષસી કદની મ્હોટી લોઢાની બસેં તોપો, પોતાના ભયાનક ભરેલા ચિતાર ચીતરતી દૃશ્યમાન થતી હતી. તેની પાછળ ઈબ્રાહિમખાનના હાથ નીચે કવાયતથી કેળવાયલું દશ હજાર પાયદળ, આધુનિક કાળનાં વાજીત્રની ટુકડી સાથે, સફાઇથી પ્રયાણ કરતું હતું. તે આખા લસ્કરની જુદી જુદી ટુકડી પાડેલી હતી. તે દરેકનો અધ્યક્ષ, તેના અગ્રભાગમાં હુકમ કરતો ચાલતો હતો. ઇબ્રાહિમખાન એક સુંદર ઘોડા ઉપર બેઠો હતો. તે આખા પાયદલ ઉપર નજર રાખતો હતો. તેની પાછળ પંદર હજાર ઘોડેસ્વારની ચુંટી કાહાડેલી ફોજ ચાલતી હતી. તેમનો પોશાક અલબેલો હતો. આ ફેરી લશ્કરી પોશાક મોગલો કરતાં પણ મરાઠાઓનો શ્રેષ્ઠ હતો, આખા લશ્કરે ઉમદા ડગલા પહેરેલા હતા. તેમના દરેકના ગલામાં રત્ન જડિત સુવર્ણના ગલુબંધ દીપી રહ્યા હતા; જે સૂર્યના તેજથી ઝળક મારતા, જોનારને મુગ્ધ કરે એવા હતા. દરેક સરદારોએ કસબી જરીનો પોશાક પહેરેલો હતો. ઘોડાનો સાજ કસબી ભરત સાથે ઉમદા બનાવી હતો. મધ્ય મધ્યમાં કીનખાબના પલટણી વાવટા ફરકતા દ્રષ્ટિગોચર થતા હતા. તેની પાછળ બંદુકના કુંદા ઝાલેલી આરબોની બરાકો ડુમડુમ ડુમ કરી એક ડાંડીયાથી વગાડતા ડુમકાનો નાદ કરતા, તેમની ભાષામાં ગાતા દેખાવ દેતા, વાજીત્ર ઉપર લક્ષ આપી કુદતા કુદતા પ્રયાણ કરતા હતા. તેની પાછળ ઝાંઝરીઆ ભાલાવાળાઓ ભાલાનો ઝણઝણાટ ધ્વનિ કરતા ચાલતા હતા, તેની પાછળ હાથીઓની મનોહર હાર ચાલતી હતી, ને તે દરેક હાથી ઉપર પ્રસિદ્ધ સરદારો બેઠા હતા. પ્રથમ હાથી ઉપર ભગવો જરીપટકો

ફરફરી રહ્યો હતો. રાજપાટવી વિશ્વાસરાવ સુવર્ણની સુંદર અંબાડીવાળા હાથી ઉપર બેઠો હતો. તેની પાછળ નાના ફડનવિસ ઉર્ફે જનાર્દન ભાનુનો હાથી, રૂપાની ચંદ્રરસ જેવી અંબાડીથી આચ્છાદિત થયેલો ચાલતો હતો. મધ્યમાં સુવર્ણની મનોહર અંબાડીવાળા હાથી ઉપર આ સૈન્યનો મુખ્ય સૈન્યાધિપતી સદાશિવરાવ ભાઉ બેઠો હતો. તેની પાછળ તેનો ખાસ સ્નેહી અને સલાહકાર બળવંતરાવ મહેંદળે બેઠો હતો. સર્વથી છેલા હાથી ઉપર પેશવા બાલાજી બાજીરાવ મેઘાડંબરવાળી સુવર્ણ અંબાડીમાં, મયૂરપિચ્છો અને છત્ર ચામરોથી આચ્છાદિત થયેલો, સુવર્ણમય છડી ઝાલેલા પ્રતિહારોથી જય જય યુક્ત માંગલિક ધ્વનિથી સર્વનું લક્ષ ખેંચતો બેઠો હતો. પેશવા લશ્કર સાથે થોડેજ સુધી ગયો હતો. પેશવાની પાછળ ખાસા સરદારોના ઘોડા હારદોર ચાલતા હતા, અને તેમનાં રક્ષણમાં રહેલી સરનોબત હાથી ઉપર પડી પડી માહાન ધ્વનિથી ધમકારા કરી રહી હતી. તેની પાછળ પેશવાના સરદારોનો જનાનો હતો. રંગબેરંગી મ્યાનામાં તથા રથમાં, મોજથી બેઠેલી માહારાષ્ટ્રીય કુલાંગનાંઓ મહદ્ ગૌરવનું સ્થાપન કરતી હતી. દાસીઓનું આવાગમન આનંદદાયી દેખાવ દેતું હતું. તેમાં સદાશિવરાવ ભાઉની સ્ત્રી પાર્વતીબાઇના રસાલાની બલીહારી હતી. તેની સર્વે દાસીઓ કસબી સાડીઓથી તથા સુવર્ણનાં આભૂષણોથી શણગારાએલી હતી. તેમ નાનાની સ્ત્રી યસોદા બાઇ આદિ સરદારોની સ્ત્રીઓ પણ ઓછા રબાબથી દૃષ્યમાન થતી નોહોતી.

જનાનાની પાછળ બુણગું હતું અને તેની પાછળ પાંચ હજાર ઘોડેસ્વારોની ફોજ, તે સર્વેનું રક્ષણ કરતી રહી હતી. એકંદર પુનાથી પ્રયાણ કરતાં સૈન્યમાં દશ હજાર કવાયતી પાયદળ તથા વીશ હજાર ચુંટી કહાડેલું ઘોડેસ્વાર લશ્કર તથા બસેં તોપો હતી. મુખ્ય સરદારોમાં બળવંતરાવ ગણપત મહેંદળે, સમશેર બહાદુર નારોશંકર, વિઠ્ઠલ શિવદેવ, વિંચુરકર, ત્રિંબકરાવ સદાશિવ પુરંદરે આદિ હતા.

આ વખતે પેશવાના સૈન્યના દેખાવમાં તેના ઉત્સાહ અને હીલચાલમાં સૂર્યની આકર્ષણ શક્તિએ તથા તેના જનાનાના ભાગની સૌંદર્યતામાં ચંદ્રની આહ્લાદક શક્તિએ, તથા તેનાં વીરત્વમાં કાર્તિક સ્વામીનાં શૌર્યે નિવાસ કર્યો હોય એવું ભાન થતું હતું, ક્ષણે ક્ષણે નાગરિકો સૈન્યને અવલોકન કરી તેનો જય ઇચ્છતા, જય ધ્વની કરતા હતા. આનંદિત બાળાઓ સ્મિત હાષ્ય કરતી, હર્ષિત અંતઃકરણથી પેશવા ઉપર પુષ્પવૃષ્ટિ કરતી હતી, વૃદ્ધ માતાઓ આશીષ દેતી જયયુક્ત મંગળ ઇચ્છતી ઓવારણાં લેતી હતી. સેનાનીઓ તેના પ્રતિઉત્તરમાં હરહર મહાદેવ અને જયભવાનિની ગર્જના કરી, વીરત્વની છાપ મારતા હતા. આ

અજિત સૈન્ય પાટનગરથી બહાર નિકળતાં થોભ્યું. પેશવા બાલાજી બાજીરાવનો હાથી તેના ખાસ રસાલા સાથે બાજુ ઉપર થયો કે તુરત સ્વારીના મધ્ય ભાગમાંથી સદાશિવરાઉ ભાઉ, વિજળીની માફક ત્વરાથી પેશવાની સન્મુખ હાજર થયો, આખા લશ્કરે પેશવાનાં માન ખાતર તરવાર અને બંદુકોથી નમન કરી વાવટાઓને ફરકાવ્યા. પેશવા બોલ્યો, "ભાઉ! રણરંગમાં જયરંગ મેળવી સત્વરે માંગલિક વધામણી કહાવજે, ચિમનાજીની ઉજ્વલ કીર્તિને વધારજે! ચિમનાજીનો પુત્ર વિજયી રણધીર છે, એ દુનિયાએ જાણ્યું છે, પણ યવનોનો ઉચ્છેદ કરનાર મહાવીર છે, એમ પ્રતિપાદન કરવાનું બાકી છે, તે કરજે."

ભાઉએ નમન કરી પ્રતિઉત્તર દીધો, "પ્રભુની કૃપા અને કુળદેવીની ઇચ્છાથી સર્વ અનુકૂળ થવું—દુસ્તર કંઇ નથી. જ્યાંસૂધી દેહમાં પ્રાણ છે, ત્યાંસૂધી સ્વામી સેવામાં પાછો નહિં પડું. હું દુષ્ટ યવનોનો ઉચ્છેદ કરીશ, અને પેશવાના જયઝુંડાને અટકના પ્રદેશપર ફરકાવ્યા સિવાય પાછો નહિ ફરૂં," એમ કહી વિદ્યુત જેવી ચલકતી તરવારને હાથમાં ચળકાવી. પેશવાએ પીઠ ઠોકી ને સૈન્યે જય અંબેનો જયયુક્ત મહાન ધ્વનિ આકાશને ફાડી નાંખે એવો કર્યો, રામદાસ મહારાજની જય બોલાવી સૈન્યે પ્રયાણ કરવા માંડયું. સ્ત્રીઓએ માંગલિક ગીત ગાવા માંડયાં અને પેશવા પુના તરફ વળ્યો. પ્રયાણ કરતાં સૈન્યને, સદાશિવરાવે આનંદ પ્રફુલ્લ નેત્રે નિહાળ્યું. નોબત નગારાંના મનોહર નાદથી, અશ્વોના ખોંખારા અને ખરીઓના ખખડાટથી તથા અનેક વાજીંત્રોનાં શૌર્ય ઉત્તેજક ધ્વનિથી, તથા ડુમકાઓનાં ડુમડુમ સ્વર સાથે આરબોની બેરખોના કુતૂહલ કરતાં ગાનથી, તથા ઝાંઝરીઆળા ભાલાનાં ખડખડાટથી, તેનાં કર્ણ પ્રદેશદ્વારા અંતઃકરણને શૌર્યનો પાનો ચઢાવવા માંડયો. અસંખ્ય જનસમૂહથી સાગર જેવા સૈન્યના દેખાવે એના મનમાં અહંભાવની આકૃતિને ખડી કરી. એનાં મહા સૈન્યની અનેક ફરકતી ધ્વજાઓની માફક એનું મન અનેક તરંગોને વશ થતું એકપરથી બીજા અને બીજાપરથી ત્રીજા તરંગને અનુભવવા લાગ્યું. એનાં તેજસ્વી ચક્ષુએ ત્રણ ફેરી અનુક્રમે પ્રયાણ કરતાં સૈન્ય ઉપર લટાર મારી, એનાં હૃદયને ગર્વિત કર્યું. અહંકારરૂપી ભૂતે એને ભમાવવા માંડયો, અને વિચારની સાંકળમાં તેના મગજને ધુણાવવા માંડયું.

"આ મહાસૈન્ય, એની શૌર્ય સત્તાથી શું પરાક્રમ નહિ કરે? કયો દેશ એનાથી ન જિતાય એવો છે? કયો કિલ્લો આ રાક્ષસી તોપોના તડાકા આગળ ટકી શકે એવો છે? કયો વીર પુરૂષ તેના દેખાવથી ભય પામી ભાગ્યા સિવાય સ્થિરવૃત્તિએ યુદ્ધ કરે એવો છે? કોનું વીરત્વ આ સૈન્ય સાથે સ્પર્ધા કરવાને હિંમત ધરે એવું

છે ? એની ભભક કોને નમિત કર્યા સિવાય રહે એવી છે? એની ભવ્યતા કોના ઉપર છાપ માર્યા સિવાય રહે એમ છે ? એની ગર્જના કોને કંપાવવાને અશક્ત છે ? એની આણ કોણ ન સ્વીકારવાને ધૈર્ય ધરે એમ છે ? અબ્દાલીનું સૈન્ય આ સૈન્ય સન્મુખ શું ટકી શકનાર છે? તેનાં માંકડાં જેવા જંગલી સિપાઇઓ, મારા સૈન્યની ગર્જનાને સહન કરી શકશે? દિલ્લીપતિ મોગલ શું અજિત સૈન્યનું નામ સાંભળતાં શરણે નહિ આવે? ખચીત મારો જય છે, અબ્દાલી જિતાયલોજ છે, આલમગીર શરણાગત થયેલો છે, અને અજિત સૈન્યની જિતે આખા દેશમાં જય જયનો ધ્વનિ ગર્જિત કર્યો છે," એમ એના અહંકૃતિના વિચારે એના મનને મનાવ્યું; ને તે વિચારે એને પ્રેમાનંદમાં મત્ત કર્યો. તેને તેનાં ભૂત પરાક્રમનું સ્મરણ થવા માંડયું, અને આનંદમાં વૃદ્ધિ થવા માંડીઃ–"શું દોલતાબાદ, શિવનેરી, આશીરગઢ, વિજાપુર, અને અહમદનગર એકે સપાટે સર કર્યાં નથી? શું નિઝામઅલી અને સલાબતજંગને મારા સ્વપરાક્રમથી નમિત કર્યા નથી? મારા નિમકહલાલ ઈબ્રાહિમે થોડા સૈન્યથી મહાયશ અપાવ્યો છે, તો આ મહાસૈન્યની મહારેલમાં કોણ તણાયા સિવાય રહેશે? આ પ્રયાણ જયસૂચક છે, હર્ષ વર્ધક છે, અને યશધ્વનિને દ્વીપાંતરમાં પસરાવે એવું છે. આ જયથી પેશવાને ખુશ કરીશ; રઘુનાથરાવને ઝાંખો પાડીશ;અને હોલકર તથા સિન્ધિઆ કરતાં મહાબલવાન્ ગણાઇ, તેમને મારા દબેલા બનાવીશ." રઘુનાથ ઉપર દ્વેષ ભાવથી ઉછળતાં અંતઃકરણે ચક્ષુને ઉંચા કીધાં, અને તે ચક્ષુની જ્યોતિએ જરી પટકા ઉપર જ્યોતિ પ્રવાહને ફેરવ્યો. જરીપટકો ઝાંખ મારતો એનાં મનને જણાયો. જાણે જયની આશામાંથી પાછો પાડતો હોય, એવી ભ્રમણાને આધીન કરતો ભળાયો. ઉન્નતિની આશા, જેમ પ્રેમાનંદમાં મદમસ્ત કરે છે, તેમ નિરાશા ઉત્પન્ન થવાથી ઓછું કષ્ટ ઉત્પન્ન થતું નથી. નિરાશાની વેદના અસહ્ય છે. તેની વેદના મનને ચમત્કારિક રીતે વ્યથા ઉત્પન્ન કરે છે. તેમજ જેમ અહંકૃતિની મતિથી મન જે કલ્પિત તરંગોના રંગમાં અનેક હવાઇ કિલ્લાઓ બાંધે છે; તેને શુદ્ધ હૃદય, સત્ત્વગુણમય મતિથી સત્ય પરાયણ ન્યાય આપવા માંડે છે; ત્યારે તે કંઇ વિચિત્ર ચિત્રપટ ચિત્રે છે. ભાઉની અહંકૃતિમય મતિ હવે જરા ઠરી. શુદ્ધ સત્ત્વ ગુણમય મતિએ તેનાં અંતઃકરણના ત્રાજવામાં ન્યાય તોળવા માંડયો. શુદ્ધ આત્મપ્રસંગ–પરત્વે ન્યાય આપે છે, અને જો તેને અનુસરી મનુષ્ય ચાલે તો, અનિષ્ટ ન થાય. પરંતુ અફસોસ! મનની વિશુદ્ધિ તેના સત્ય ન્યાયને ક્યાં ટકવા દે છે. એ ટકાવવી એજ દુર્ઘટ છે; કેમકે સત્ય ન્યાય, આચારવિચાર અને વાણી, સદ્માર્ગે દોરવવા યત્ન કરે છે, અને તેમ થવાથીજ અનંત સુખની પ્રાપ્તિ થાય એવું છે.

**ભાઉની** સત્ત્વગુણમય મતિએ તેને ઇનસાફ આપવા માંડયો. "હું મહા વીર થઇને શાનો ફરું છું? મારામાં શું વીરત્વ છે? આ મહા નાયકનો જે વેશ લીધો છે, તેની યોગ્યતા જરા પણ નથી. મન! સબૂર કર, તારી શક્તિ ઉપરાંત તેં આ કાર્ય કરવામાં સાહસ કર્યું છે. એટલુંજ નહિ, પરંતુ ખરો વીર પુરૂષ નહિ છતાં, દુનિયાને છળવાને તેં તારા પ્રપંચની જાળને વીરત્ત્વની છાંયા દર્શાવી છે. **અહમદ** નગર જિતવામાં તેં શું વીરત્વ દર્શાવ્યું છે? **મોગલોના** કિલ્લેદારોને લક્ષ્મીની સાંકળથી બાંધી, તેમને તેમની સ્વામી સેવાથી ભ્રષ્ટ કરી, કાર્ય સાધ્યું એમાં શું પુરૂષાર્થ કીધો? પ્રપંચ કંઇ મહા વીર પુરૂષનાં ખરાં લક્ષણ નથી, કપટાચારી કંઇ ખરો વીર નથી; મહા રણસંગ્રામની શૌર્ય રેલમાં તે શું કરી શકનાર છે?" મનને મનની નબળાઇએ સ્પષ્ટાભાસ આપ્યો આ વિચારે મોહોટો નિઃશ્વાસ મૂકયો, મનને ગ્લાન કર્યું, મુખ ઉપરના દોરને મલિન કર્યો, અને મુખમુદ્રાને નિસ્તેજ કરી નાંખી, અનેક નિઃશ્વાસના પ્રવાહે નિરાશાના શ્વાસને વહેવડાવ્યો, અને એક મોટા કંપે એના આખા શરીરમાં કંપારી પસારી, જર્જરિત કરી નાંખ્યો. નિઃશ્વાસ મૂકતા **ભાઉની** મુખમુદ્રાને નિસ્તેજ થતી, તેની પાસે બેઠેલા સરદાર **બળવંતરાવ મહેંદળેએ** નિહાળી. તેણે કહ્યુંઃ "મહારાજ! આ શું? આનંદ સમયે મુખગ્લાનિ શાથી?"

**ભાઉ**–"સેજ, અમસ્તું."

મુખચર્યા ઉપરથી આન્તરિક ભાવ જાણી લઈ **મહેંદળેએ** કહ્યું: "શું જયની શંકાએ ભ્રમણા ઉભી કરી વિપત્તિમાં ફસાવ્યા છે? આપે ખોટી કલ્પનાને આધીન થઈ ડરવું ઉચિત નથી. અનિષ્ટ સૂચક કલ્પના, બુદ્ધિના વેગને નબળો કરી મુખતેજને ઝાંખું કરે છે; અને તેમ થવાથી ચિત્ત વિહ્વળ થઇ કર્તવ્યકર્મથી ભ્રષ્ટ થવાને દોરાય છે."

"ના, ના, છેક તેમ નથી, તોપણ મારો આત્મા કંઈ વિલક્ષણ ભાવને આધીન થાય છે. મને કંઈ સમજ પડતી નથી; તોપણ મનને ઉદ્વેગની લાગણી શંકાશીળ કરી ચણચણાટ કરે છે." **ભાઉએ** લાંબો વિચાર કરી જવાબ દીધો.

**બળવંતરાવ મહેંદળેઃ**–"સેવક સ્વામીની સેવામાં સહાય કરવાને તત્પર છે, ત્યાં એ શંકા શી? અમો અમારૂં કર્તવ્ય સારી રીતે બજાવવાને સમર્થ છીએ. આ સૈન્યની મહત્તાજ, જયધ્વજ ઉરાડવાને ઓછી સાક્ષી આપે છે? હું અને ઈબ્રાહિમખાન ગાર્દી આપના બન્ને સમર્થ હાથો–થોડા બળવાન છીએ?"

**ભાઉઃ** "મને તેને માટે શંકા નથી, શંકા લેવાનું કારણ પણ મળ્યું નથી." પરંતુ મનોભાવમાં શંકા, ધ્રાસ્કો નાંખી ચિત્તને વિહ્વળ કરે છે.

કુરૂક્ષેત્રના કીયા યુદ્ધમાં આર્ય યશાળા થયા છે? કુરૂક્ષેત્રમાં થયેલાં મહા યુદ્ધોએ આર્ય પ્રજાને અનિષ્ટસૂચક હીણતામાં હણ્યા છે. આર્ય પ્રજાની બળ, સમૃદ્ધિ અને સત્તાને નષ્ટ કર્યાં છે. હા! હા! કુરૂક્ષેત્ર કરતાં એનું નામ કૂરક્ષેત્ર હોત તો તે વધારે બંધ બેસતું હતું. પાંડવ કૌરવોના મહાયુદ્ધે ભારતને બળહીન તથા શૌર્યહીન કર્યું છે. મહાવીરોને એજ સ્થાને રોળી નાંખી, મહત્ જનોના અંત સાથે ભારત વિભૂતિને પણ નષ્ટ કરી નાંખી છે. હા! હા! અર્જુન, ભિષ્મ, દ્રોણ, કર્ણ અને ભીમ જેવા ભડવીરો ફરી ઉત્પન્ન થયાજ નથી. જેની હાક આ પૃથ્વી તળને ગર્જ્યમાન કરતી, છાપ મારી દિગાંતરને ડોલાવતી હતી, તેની સંતતિ બળહીન, વીર્યહીન થઇ પરાધીનતાને સ્વીકારી અધમ થઈ છે. મહાવીર પૃથુરાજ ઉપર કપટાચારી શાહબુદ્દીનને એજ ક્ષેત્રે પ્રપંચ જાળથી ફાવવા દઈ, આર્યસ્થાનને યવનોને આધીન કર્યું છે. અરે! એ દુષ્ટ ક્ષેત્રે યવનો સાથે મિત્રતા કરી, આર્ય જયધ્વજને ખંડન કરવાનું જાણે માથે લીધું હોય, એવું એનું ચરિત્ર ચિત્તને વ્યથિત કરે છે, અને એ શંકાજ મનને પરિતાપકારિણી થઇ સંતાપે છે કે, રખેને એ ક્ષેત્ર આપણે અનુકૂળ ન થાય."

બળવંતરાવ મહેંદળેઃ "મહારાજ, સત્ય પરાયણ કથવા દો, સેવક અજ્ઞાન છે, અજ્ઞાનતાનો દોષ ગણતા નહિ. હું સત્ય કહું છું કે ગેલા આહીર મહલારીથી આપણું વીરત્ત્વ નબળું નથી; ખાસદાર સિંધિઆ કરતાં આપણું બુદ્ધિ ચાપલ્ય અતિ શ્રેષ્ઠ છે. એટલુંજ નહિ, પરંતુ *આનંદી બાઇના તોર દોરથી દબાયલા રઘુનાથરાવ કરતાં, તમારૂં શૌર્ય સહસ્ત્રગણું પ્રસંશનીય છે. આખા મહારાષ્ટ્રમાં આપનું યશગાન કોણ ગાતું નથી? આપના ગૌરવની મહત્તા કોનાઉપર છાપ પાડતી નથી? આપ સમાન મહા ધૈર્ય કોનું છે? આપના સાહસ પ્રપંચને કોણ પહોંચી શકે એમ છે? આપ મહારાષ્ટ્રના સિંહ છો, આર્ય પ્રજાનું જીવન છો, તમારા મહા જય ઉપર આર્ય ધર્મનો આધાર છે. તમે તમારૂં કર્તવ્ય યથાસાંગ જાણો છો, તેને હૃદયમાં ધારી, ધીરવીર તરીકે અધિક પ્રસિદ્ધિમાં આવવું ઉચિત છે. આપ વિચારો, આપની આ અજિત સૈન્યની અજિતતા આગળ તથા તમારા શૌર્ય પ્રભાવ આગળ પરાસ્ત કરવાને કોણ સમર્થ છે?

ભાઉઃ આ પ્રશંસા કથનથી ઉત્તેજિત થયો, તેની ગ્લાન થયેલી મુખમુદ્રા દીપવા લાગી, તેના હૃદય પ્રદેશમાં જયની આશાએ ભાંગફોડ કરવા માંડી. તેણે એક, બે ને ત્રણ, એમ અનુક્રમે ખુંખારા ખાધા; અને મૂછ ઉપર તાલ દેતો, તેની ભવ્ય મુખમુદ્રાને રાજ્ય તેજથી દીપાવવા લાગ્યો.

---

* આનંદીબાઈનું વય આ વખતે ૧૩-૧૪ વર્ષથી વધારે નહોતું.

પ્રતિહારોએ 'નિઘા રખીએ મહેરબાન'ની માંગલિક નેકી પોકારી. અને તે સાથેજ એક વિશાળ જલાશય તીરે શ્વેત પર્વત જેવા અનેક તંબૂઓ દૃષ્ટિગોચર થયા. ભાઉએ પ્રશ્નસૂચક ચક્ષુ બળવંતરાવ પ્રત્યે નાંખ્યાં, તેને અદબથી હાથ જોડી વિનય પૂર્વક સૂચવ્યું કે, સકળ સૈન્યના વિશ્રામ માટે આજ્ઞાનુસારે ઠેરવેલ વિશ્રામસ્થાન આજ છે.

## પ્રકરણ ૮ મું.

### મુલાકાત.

॥ विपदि धैर्यमथाभ्युदये क्षमा सदसि वाक् पटुता युधि विक्रमः ॥
॥ यशसि चाभिरुचिर्व्यसनं श्रुतौ प्रकृति सिद्धमिदं हि महात्मनाम् ॥

"જય જય મહારાજ ચિરંજીવ! ક્ષાત્ર બુદ્ધિદીપક સૂરજમલ મહારાજનો રસાળો દૃષ્ટિગોચર થવા લાગ્યો છે." પ્રતિહારે વિનયથી સૂચના કરી.

"બળવંતરાવ," ભાઉએ આનંદિત સ્વરે પોકાર માર્યો, અને હાથ જોડી બળવંતરાવ નમિત થઇ સન્મુખ આવ્યો. "સત્વરે રસાળો તૈયાર કરી સ્નેહીને યોગ્ય સત્કાર કરવા તત્પર થાવ."

"મહારાજની જેવી આજ્ઞા," સરદાર બળવંતરાવે આજ્ઞા માથે ચડાવી નમ્રતાથી પ્રતિઉત્તર દીધો.

રસાળાની દોડાદોડીએ ધમાચકડી કરી મૂકી. વાવટાઓના ફરફડાટે ભવ્યતાની ભભક દર્શાવવા માંડી. ખાસ પાયગા સાથે સ્નેહીને સન્માન આપવા ભાઉ, સામંત મંડળ સાથે છાવણી બહાર ઉભો, માંગલિક રણતુરોના માનસૂચક વાજીંત્રોથી અરસપરસના સૈન્યે એકબીજાનો સત્કાર દર્શાવ્યો, મ્યાનમાંથી ચળકતી તરવારોને સન્માનાર્થે નમ્ર કરી ચળકાવી, અને બંદુકોના કુંદાને નમિત કરી, જય જયના ધ્વનિને ગર્જાવ્યો, જય જયના માંગલિક પોકારના હર્ષ ઘોષથી વધાવી લીધેલો, કાળી, પણ તેજોમય કરડી આંખવાળો, મજબૂત બાંધાનો, મધ્યમ કાઠીનો, લંબગોળ, આનંદિત મુખમુદ્રાવાળો, વિશાળ કપાળ અને ટુંકી પેશાનીથી દેદીપ્યમાન દેખાતો, વીરત્વ દર્શાવનારી ઉન્નત છાતી તથા ભોગલો જેવી ભુજાવાળો, એક ભવ્ય પુરૂષ દૃષ્ટિગોચર થયો. તેણે તંગ સુરવાળ, ઝીણી મલમલનો કેસોવાળો સફેદ ગોળ મેલેરાપનો અંગરખો, અને રાતી કસુંબા રંગની રજપુત ઘાટની બાંકી ટેડી પાઘડી ઘાલી હતી. પગની અંદર કસબી મોજડીઓ મોતી, તથા વચ્ચે વચ્ચે લીલમ તથા આબદાર માણેકથી ભરેલી પેહેરી હતી. માથા ઉપર સુંદર આબદાર હીરાનો નાનો શીરપેચ તથા પાણીદાર મોતીનો

તોરો ઝુકી રહ્યો હતો. આ પુરૂષનો પોશાક સાદો તેમ સ્વચ્છ, પણ જોનારને મોહ લગાડે એવો હતો. એટલુંજ નહિ, પરંતુ એની કેડમાં ખોસેલી કટારી તથા કટીબંધમાં ઝુકી રહેલી સમશેર તથા હાથમાં ઓપી રહેલા ભાલાથી, વીરપુરૂષની છાપ, સર્વે ઉપર મહત્તા સ્થાપન કરતી હતી. **સદાશિવરાવ ભાઉએ** આ વીરપુરૂષનું સ્નેહપૂર્વક સન્માન કર્યું; અને તંબૂમાં લઇ ગયો, **ભાઉએ** સન્માનમાં આલિંગન કરી પોતાની જમણી બાજુએ બેસાડયો. તેને તે સત્કારનો નમ્રવિનયથી સ્વીકાર કરી, માન સહિત જગો લીધી. એટલામાં પ્રતિહારોના નિઘારખીએ મેહેરબાનના મનોહર શબ્દોનો ધ્વનિ થયો, અને તેની સાથે મરેઠી પોશાકમાં દીપતા મહા વીરત્વનું દિગ્દર્શન દેતા ભવ્ય પુરૂષો એક પછી એક તંબૂમાં દાખલ થયા. ઘણાક વીરોના બદન ઉપરનાં દૃષ્ય થતાં ચિહ્નોથી મુસાફરીથી શ્રમિત થયેલા દૃષ્યમાન્ થતા હતા.

પૂર્ણ જ્યોતિથી પ્રકાશતી ચક્ષુના પ્રભાવથી દીપતો મુખ-મુદ્રાવાળો **મહલાવરાવ હોલકર**, તથા મુખમંડળ ઉપર બીરાજતી ઉદા-રતાથી તથા આબદાર હીરાના હારથી તેજોમય દીપતી કાંતિવાળા **જનકોજી સિંધિઆએ**, તથા **દામાજી ગાયકવાડ**, **યશવંતરાવ પવાર**, **આપાજીરાવ આઠલે**, **અંતાજી માણકેશ્વર**, તથા વીરત્વ ભરેલી કરડી આંખવાળા **ગોવિંદપંત બુંદેલે** વિગેરે સરદારોએ, પોતપોતાના દરજ્જા પ્રમાણે મીસલ લીધી.

સર્વ સરદારોએ મીસલ લીધી કે સુવર્ણ છડીના પ્રતિહારે શાંતિ ફેલાવવા "જય જય માહારાજ ચિરંજીવ"નો માંગલિક ધ્વનિ ઉચ્ચાર્યો. સર્વે સ્વસ્થ થયા. "**સુરજમલજી**! આપના આવવાથી હું આનંદિત થયો છું. આપના પધારવાથી અમો ઉપર આપનું મોહોટું એહશાન છે." **સદાશિવરાવે** સ્નેહમય નયનથી, **ભરતપુરના** રાજા તરફ ફરી કહ્યું.

"હું મારૂં કર્તવ્ય અદા કરવા હાજર થયો છું. એમાં એહશાન શાનું!! મહા પુરૂષની વાણીજ મહત્તા ભરેલી હોય છે. આપે એહશાન કરી, આર્ય પ્રજાની વહારે ધાવાનું પગલું ભરી, અમારા માથાનો બોજો ઉપાડવા જોગ મહા ઉપકાર કીધો છે, તેમાં અમારૂં એહશાન માનવા જોગ વચન ઉચ્ચારો છો એ સેવકને લજ્જિત કરે એવું છે"

"આપ જેવા સમર્થ ક્ષત્રિવીર અમોને રણરંગમાં જયરંગ અપાવવા ઉત્સુકતા ધારી પધાર્યા છો ત્યારે, આપના એ સ્નેહને કોનાથી અભિ-વંદન ન કરાય એમ છે?" **ભાઉએ** પુનઃ મીઠી વાણીએ સ્નેહનું મધ મૂકયું.

"આર્ય ધર્મ અને આર્ય ગૌરવના રક્ષણ માટે સ્વાત્માર્પણ કરવું, એ ક્ષત્રિનો ખરો ધર્મ છે. આર્ય ધર્મની ઉન્નતિને ઓપાવવાને કયો ક્ષત્રિ

કુળદીપક જિજ્ઞાસુ નહિ હોય ? આપ બ્રાહ્મણ છો, અમોને સદાકાળ પૂજ્ય પાત્ર છો, તમારી આજ્ઞાનું પાલણ કરવાને ક્ષત્રિઓના આત્મા આધીન છે. તમો જ્યારે દેશની વિશુદ્ધિ પામતી રાજ્ય વિભૂતિનું તારણ કરવાને તત્પર થયા છો, ત્યારે કયો ક્ષત્રી શયન શય્યા ઉપર સુખે પોઢશે ? ભીરૂ અને કાયરજ ! આપનું પગલું અભિવંદનીય છે; તેને પ્રભુ યશાળું કરી, આર્ય પ્રજાના સ્વતંત્ર ગૌરવને દીપાવે એ અંતઃકરણથી ચાહું છું;" સુરજમલે વિનયથી જણાવ્યું.

"બેશક, આર્ય પ્રજાની સ્વતંત્રતાનો ઉદ્ધાર કર્યા શિવાય યત્કિંચિત્ કરાર મારા મનને વળનાર નથી. યવનોને દેશપાર કીધા સિવાય હું જરા પણ જંપનાર નથી;" ભાઉએ જુસ્સામાં કહ્યું.

સુરજમલઃ "કયો, આર્ય કુલોત્પન્ન વીર યવનોને શાસન આપવાને, આજે રાજી નથી ? એ દુષ્ટોએ, રાજ્યવૈભવ વિભૂતિને નષ્ટ કરીછે, આર્ય ધર્મ વિભૂતિને ભ્રષ્ટ કરી છે, હજારો કુળ વધૂઓની પાક દામનને અપવિત્ર કરી છે. અરે અફ્ષોસ ! ક્ષત્રિના પવિત્ર લોહીને ભ્રષ્ટ કરવાનાં પગલાં ભર્યાં છે મહાતીર્થોના મહાદેવાલયોને ભ્રષ્ટ કરી, તેના ભૂકા કર્યા છે. નિર્દોષ બાળિકાઓ ઉપર નિરંકુશપણે વર્તી તેમનાં પવિત્રપણાંને નષ્ટ કર્યું છે, ઈશ્વિરી કાયદાને તથા માણસ જાતની નીતિને ધોકો લગાડનારાં કૃત્યો કરી, ત્રાસ, જુલમ અને અનીતિનું સ્થાપન કર્યું છે. તે નરાધમને આર્યભૂમિ બહાર કહાડયા સિવાય આપણું કર્તવ્ય પૂર્ણ થનાર નથી."

સદાશિવ ભાઉઃ "ક્ષત્રીરાજ ! તમારા વિચારથી મને અપૂર્વ મદદ મળી છે. તમારા જેવા ક્ષાત્ર યોદ્ધાના ક્ષાત્ર વિચારે મને ઉત્તેજિત કર્યો છે. રંગ છે તે ક્ષત્રી વીરને કે જે, સ્વધર્મ, સ્વદેશ અને પોતાના જનમંડળની મર્યાદા સારૂ વીર હાક વગાડવાને તત્પર છે. સ્વધર્મ પરાયણ, સ્વાર્પણ કરવાની ખરી શક્તિ તો, ક્ષાત્ર વીર્યથી ઉત્પન્ન થયેલા વીરમાં ઢાંકીજ નથી રહેતી.

ક્ષાત્ર બુદ્ધિ સત્ય પરાયણ સ્વધર્મ અર્થે ધર્મકરતાં, દેહનું રક્ષણ કરવાને મથતી નથી. જે ક્ષત્રિ પોતાના દેશનાં, ધર્મનાં, નિરાશ્રિતનાં તથા ગૌબ્રાહ્મણનાં રક્ષણ સારૂ શસ્ત્ર પકડતો નથી તે ક્ષત્રિજ નથી. જે ક્ષત્રી યુદ્ધને સારૂ ભીરૂ છે, તેનાં માતા પિતામાં નક્કી ફેર જાણો. અરે આ આર્ય ભૂમી વીર પ્રસવિની છે. એનો ઉજ્જવળ યશ મહા યશદાયી છે. ક્ષત્રીનું વચન વ્યર્થ જતું નથી, એ સત્ય માનો. અને તે સાથે એટલું પણ જાણો કે સત્યધર્મથી ક્ષાત્ર ગૌરવને હાનિ નહિ લાગે. રાજ્યનીતિના મહાનિયમથી કલંકિત નહિ થાય; ત્યાંસુધી ક્ષાત્ર યોદ્ધો રણરંગમાં સમશેર લઈ ઝુમતો મરણ પર્યંત પાછો હઠનાર નથી.

મ ઉચ્ચ રાજ્યનીતિના નિયમનું ઉલ્લંઘન કર્યું નથી, અને તે ન કરવાના કરારથી, આ સમશેર આર્યધર્મના જીર્ણોદ્ધાર માટે હાથમાં પકડવા સમ ખાઉં છું." એમ શૌર્યાવેશમાં બોલતાં સુરજમલે સમશેર ચળકાવી.

સદાશિવરાવઃ "ક્ષત્રી કુળતિલક! આ યુદ્ધની તૈયારી, રાજ્યનીતિના નિયમને અનુસારે છે, અને તે સત્યાચરણથી રાજ્યનીતિનાં નિયમને અનુસરી વિજય વાવટો ઉડાડવા ધારે છે. આ મહાસૈન્ય અને સામંત મંડળ, મુસલમાની રાજ્યનો અંત આણવાને, આર્ય ધર્મનો જીર્ણોદ્ધાર કરવાને, પરધર્મી જનોથી પીડાતી આર્ય સંતતિની સ્વતંત્રતાને સ્થાપવાને, ગૌરવ દીપાવવાને, ગૌબ્રાહ્મણનું રક્ષણ કરવાને, તથા આર્યવીર પુરૂષો ઉપર વીરત્વ હીન બ્યંડળની છાપ પડી છે તે ધોઇ નાંખવાને, તથા હીંદુ પાદશાહતનું સ્થાપન કરવાને; આત્મ સમર્પણ કરવા આગળ પડેલ છે. હવે રણસંગ્રામની બાજી કેમ માંડવી એ બધું તમો અને સામંતમંડળના વિચાર જાણવાપર ખોટી છે."

"આર્ય ગૌરવને સ્થાન કરવાને આપ જે આજ્ઞા કરો, તે સ્વીકારવાને અમો સર્વે આધીન છીએ—"મહલ્લાવરાવ હોલકરે વિનયયુક્ત જણાવ્યું.

સદાશિવરાવઃ "આજે વિશ્રાંતિ લઇ કાલે દરબાર કરી સર્વ વ્યવસ્થા કરીશું"

ચોબદારોએ જય યુક્ત માંગલિક ધ્વનિનો પોકાર મારી, દરબાર બરખાસ્ત જણાવી. સર્વે સરદાર મંડળ તથા સ્નેહીઓએ પોત પોતાના નિર્માણ કરેલા તંબૂમાં જઇને વિશ્રાંતિ લીધી.

## પ્રકરણ ૯ મું.

### મસલતમાં વિધ્ન.

સંસારની અતિ વિલક્ષણ નાટ્યશાળા,
તેમાં ભમે નચવતી ઇરષાનિ જ્વાળા;
વીવેકિ ન્યાયિ મતિને નહિ માનનારી,
ઈર્ષા કરે જગતમાંહિ ખુવારિ ભારી.

મહાન ગૌરવથી ગર્વિત થયેલો સદાશિવરાવ ભાઉ આજે વિશાળ તંબૂના મધ્યમાં બેસીને મૃત્યુ લોકમાં સ્વર્ગનું અનુકરણ કરતો હતો. એની મુખમુદ્રા રાજ્યતેજથી ચળકી, મહત્તાનું ભાન કરાવતી હતી. તે સરદારોમાં આજે શિરોમણી હતો, પેશવાનો ખાસ પ્રતિનિધિ હતો, સર્વ તેને નમિત થતા ને તેની આજ્ઞાની આધીનતા સ્વીકારવા સર્વે

તત્પર હતા. એક પછી એક સરદારોએ દરબારવાળા તંબૂમાં પધારવા માંડયું. તેમ બીજી તરફથી મુત્સદ્દી અને કામદાર વર્ગ, પોતાને બતાવવી જોઇતી કુશળતામાં વિશેષ ચાતુર્યતા બતાવી, યથેચ્છ સત્કાર કરવામાં યત્નશીળ જણાતા હતા.

દરબારમાં સામંતો અને સરદારો, તેમ સ્નેહીજનો આવી રહેતાંજ **ભાઉ** સાહેબે મોંહો મલકાવી રાજ્યદ્વારી કુશળતાથી સર્વનું મનહરણ કરતાં, દરબાર ભરવાને ઉદ્દેશે **અબદાલી** સાથે કેવી કુનેહથી યુદ્ધ કરવું તે સંબંધી વિચાર કરવા માટે છે, એમ દર્શાવતાં જણાવ્યું કે, "હું તે માટે સર્વની સંમતિ ઇચ્છું છું."

**નાના**ફડનવિસઃ મહારાજનું કહેવું યોગ્ય છે. યુદ્ધની યોજના સર્વની સંમતિથી નિશ્ચિત કરી યત્ન આરંભવો શ્રેષ્ઠ છે.

**આપાજીરાવ આટલેઃ** "આ મહત્ કાર્યને આરંભતાં અવલ ઐક્ય વિચારની સાંકળથી સંકળાવું અવશ્યનું છે."

**અંતાજી માણકેશ્વરઃ** સૈન્યના વિભાગ કરી તે ઉપર સરદારોને સ્થાપવા, તથા કયા કયા પ્રદેશમાં રહી ગતિ કરવી તે પણ આ પ્રસંગે નક્કી કરવું જરૂરનું છે.

ગોવિંદરાય બુંદેલેઃ સંપૂર્ણ વિપત્તિમાં શત્રુને નાંખી, ત્રાહે ત્રાહે પોકરાવ્યા સિવાય શત્રુ સેહ માને એ દુર્ઘટ છે, અને તેને માટે પાકી યોજના યોજવા મારી વિજ્ઞપ્તિ છે.

ગંભીર સ્વરથી દીર્ઘ દૃષ્ટિ પહોંચાડી હોલકરે કહ્યું: "આપને સંમતિ આપવા જેવું શું છે, આપ યુદ્ધમાં પ્રવીણ છો. ઘણાએ રણસંગ્રામમાં સબળ જંગ મચાવી વિજયમાળા પહેરેલી છે, મરેઠા આજ કાલના નવીન યોદ્ધા નથી, શત્રુને દુર રહી છેડતી કરી રંજાડવાને સબળ છે, ચાતુર્ય તંત્રથી ત્રાહે ત્રાહે પોકરાવવામાં કુશળ છો ને આદિથી ચાલતી આવેલી આપણી યુદ્ધ પદ્ધતિ છે, તેને અનુસરી કાર્ય આરંભવું ઉચિત છે.

યશવંતરાવ પવારઃ આપની સલાહ પ્રશંસાપાત્ર છે. જે માર્ગે વિજયી થયેલા છીએ એજ માર્ગે દોરાવામાં શ્રેય છે. જ્યારે છુટી છુટી ટુકડીઓથી શત્રુને વિપત્તિમાં નાંખવામાં સૈન્ય રોકાશે, ત્યારે આપણી સાથેના જનાનાનાં રક્ષણ સારૂ સુરક્ષિત યોજના ઘડવી અવશ્યની છે.

સુરજમલઃ સ્ત્રીઓના રક્ષણમાટે પુખ્ત વિચાર કરવો એ આપણું પ્રથમ કર્તવ્ય છે; કેમકે, દુરાત્મા યવનો ક્રૂર બુદ્ધિવાળા છે. તેમજ, આપણી સાથે મોટી મોટી તોપો ઘણી છે, એટલુંજ નહિ પરંતુ પાયદળ પણ વિશેષ છે, તે સાથે બુણગુ પણ અતિશય છે. એ બધાના રક્ષણ સારૂ સ્વારોને તેમની સાથે રોકાવું પડશે ને એથી રણ-

ક્ષેત્રમાં ગુંચવાવું પડશે. માટે, પ્રથમ તોપો તથા જનાનાને, તેમજ બુણુ-ગામાટે મજબુત કિલ્લાને પસંદ કરવો, અને તે સર્વને તેમાં સુરક્ષિત સ્થિતિમાં મૂકી, જુદી જુદી ટુકડીઓથી શત્રુને સેહ આપવાની યોજના યોજવી. પ્રથમ તેમની ધાન્યાદિ સામગ્રિનો નાશ કરવો, કે જેથી મહા વિપત્તિને આધીન થઈ સ્વતઃ પાછા પલાયન કરવાની તેમને ફરજ પડે.

હોલકરે વિનયથી તેમાં સંમતિ દર્શાવતાં કહ્યું: "આપનો અભિ-પ્રાય સર્વની મનોવૃત્તિની સંમતિને આકર્ષે એવો છે, અને તેને માટે ગ્વાલીયર કે ઝાંસીનો કિલ્લો અનુકૂળ પડે એમ છે."

માનવ પ્રકૃતિમાં ઇર્ષા જેવી બલિષ્ઠ પ્રવૃત્તિ બીજી નથી. સરદાર બળવંતરાવ મેહેંદળે, મહલાવરાવ હોલકરનો દ્વેષી હતો. તે હોલકરના હરેક કાર્યને દ્વેષના આવિર્ભાવથી નિંદતો. હોલકરને યુદ્ધ પ્રકરણમાં વિચાર દર્શાવતો જોઇ તે તેનાથી સહન થઇ શક્યું નહિ, તેની ઇર્ષા બુદ્ધિએ હોલકરની વાતને કાતરવાને વૃત્તિ કીધી. તેનાં અંતઃકરણને હોલકરની બુદ્ધિ ઉત્તમ શ્રેયસ્કર જણાઇ, તોપણ ઇર્ષાવૃત્તિએ તેને ખંડન કરવામાં પોતાની મહત્તા છે એવું એને સૂચવ્યું અને તેને આધીન થઈ, બળવંતરાવ મેહેંદળેએ ઇર્ષાનું ઝેર ધીમે ધીમે સદાશિવરાવ ભાઉના કાનમાં રેડયું. બળવંતરાવ મેહેંદળે, ભાઉસાહેબની પાછળ નજીકમાં બેઠેલો હતો. તેને ધીમે રહી ભાઉના કાનમાં મર્મયુક્ત વાકય કહ્યું, "ગોવાળીઆને ગ્વાલીઅર પસંદ પડયું; અને તેના મિત્ર માટે જંગલમાં રખડવાની સલાહ આપી. વાહ ! અજિત સૈન્યની કીર્તિમાં હવે તો ખામી શી ! મહલ્લારીની અક્કલેજ મહા યશ પ્રાપ્ત થશે ! કિલ્લામાં ભરાઈ બેસવું હતું, ત્યારે મહા સૈન્ય લઈ આવવાનું નિમંત્રણ કરવા કોણ આવ્યું હતું? રણરંગમાં જયરંગ મેળવવા માટે મહલાવરા-વની બુદ્ધિ લેવા કરતાં, મહિષી ચરાવવા માટે એ મહલ્લારીની અક્કલ લેશો તો મહારાજને વધારે અનુકૂળ પડશે.,, ભાઉના કાનમાં આ શબ્દરૂપી ઝેરે પ્રવેશ કીધો. તેને સૂરજમલ અને હોલકરની સલાહ યોગ્ય લાગી, છતાં તેનું ગર્વિષ્ઠ મન, બળવંતરાવે મુકેલા ઝેરથી વધારે મદે ચઢયું. તોપણ જરા વિચાર કરી ગયો, અને છેક ઉદ્ધત ન થતાં, શાંતપણે દ્વીધાભાવ યુક્ત થયેલા અંતઃકરણથી બોલ્યો; "જાટકુળ તિલક ! આપે ઉચ્ચારેલો અભિપ્રાય વીર ધર્મને અનુકૂળ ન છતાં, આપે ઉચ્ચાર્યો, તેથી આશ્ચર્ય પામ્યો છું. આ નવલરંગી સેના જ્યારે શત્રુ સમક્ષ મહા રણસંગ્રામમાં અવળે મોઢે કીર્તિ સંપાદન કરે ત્યારે આપ જેવા યશસ્વી મિત્રો, શૂરા સામંતો, તથા સૈન્યની આટલી બધી ધામધુમનું શું પ્રયોજન ? આપના વિચાર સાથે સંમત થવાને મારૂં મન આંચકો ખાય છે. તોપણ તે ઉપર પૂર્ણ વિચાર કરવાને મારૂં મન ના પાડતું નથી

આ વાક્ય સાંભળી મહલ્લાવરાવ હોલકરનું મોં જરાખેદ યુક્ત થયું. તેના મનમાં બળવંતરાવ મેહેંદળેના દ્વેષે પુનઃ દેખાવ દીધો અને તેના મને માન્યું કે, મારી દ્વારાએ રાજ્યને શ્રેયસ્કર સલાહ અપાઈ, તેને નિંદવી એવા દ્વેષથી, બળવંતરાવ મેહેંદળેએ, મરાઠા રાજ્યનો અંત લાવવા, ભાઉને ઉંધો ઉસ્કેર્યો છે. મહલ્લાવરાવે ચુપકીદી પકડી પણ તેની સાથે તેના અંતઃકરણે મોહોટી ગાંઠ વાળી. જેને મરાઠી રાજ્યની કીર્ત્તિને હાનિ પહોંચાડવાનું સ્વરૂપ પકડયું હતું, તે વાંચનાર પ્રસંગવશાત્ જોશે.

ભાઉનું બોલવું સર્વને માન્ય થાય એવું ન હોતું તે સર્વની સુખમુદ્રા ઉપરથી દષ્ટિગોચર થતું જોઈ, સુરજમલ તથા હોલકરને હીણું લાગેલું ધારી, દામાજી ગાયકવાડ બોલ્યો; "સુરજમલના વિચારો લક્ષમાં રાખી ધ્યાનમાં લેવા યોગ્ય છે. જનાનાના અને બુણગાના રક્ષણ માટે ગ્વાલીઅરનો કિલ્લો પસંદ કરવામાં આવે, તેથી શત્રુને પીઠ બતાવી કે ભીરૂતા બતાવી એમ ગણવામાં આવે એવું નથી, તેમજ શત્રુને બળ ભંગ કરી, રણક્ષેત્રમાં લડી કીર્તિ મેળવવામાં ઘણી સલામતી છે. પ્રથમનું કર્તવ્ય કંઈ રાજ્યનીતિના નિયમથી વિરૂદ્ધ નથી, માટે સર્વદા રાજ્યનીતિજ્ઞ વેત્તાઓએ દેશકાળને અનુસરી વર્તવું ઉચિત છે. તુરંગી ખ્યાલોથી ભયમાં આવી ફસાય એમ ન થાય તેની સંભાળ રાખવી."

આથી બળવંતરાવ મહેંદળેએ જરા મોં ઠાવકું રાખી, જુસ્સાના આવેશમાં કહ્યુંઃ "શ્રીમંત સરકારે પૂર્ણ વિચાર કરી આ યુદ્ધની તૈયારી કરેલી છે. દેશકાળને અનુકૂલ લશ્કરને ઉંચા પ્રકારની કેળવણી આપેલી છે. જે લશ્કરે ફ્રાન્સીસ લોકોને તાજુબ પમાડી તેનાં બળની છાપ અજિત તરીકે દુનિયામાં પસારેલી છે, તેવાં સૈન્ય સાથે તમો જેવા બલિષ્ઠ વીરોની મદદ છતાં, એક સ્ત્રીની પેઠે કિલ્લામાં પેસી કાયરપણું બતાવવું, તથા આહીરોની પેઠે જંગલમાં રખડી, લુંટારા જેવું હલકું કામ કરવું, એ તમો સર્વ મંડળને, તેમ શ્રીમંત સરકારને જેબ આપે એવું નથીઃ પછી જાત ઉપર ભાત અને કામળ ઉપર બીબાને અનુસારે ગમે તેમ વિચારો. મરાઠી રાજ્યનો પાયો નંખાયો ત્યારે તેની પાસે કશા પણ સાધન ન હોવાથી, લુંટારાની પદ્ધતિથી કામ લેવાતું હતું, તે તે કાળને માટે દોષ પાત્ર નહોતું, પરંતુ જ્યારે મહા સબળ નાયકના હાથમાં, યોગ્ય લશ્કર સાથે યોગ્ય કામ આવ્યું છે, ત્યારે પાછલી રીતિ, જે વીર પુરૂષોની પદ્ધતિને યોગ્ય જેબ આપે એવી નથી, તે રસ્તે દોરાવું યોગ્ય નથી. કોઈ પણ પ્રકારના કલ્પિત ખ્યાલોથી બળનો વિચાર કર્યા સિવાય, શ્રીમંત સરકારે કામ ઉપાડયું નથી, અને તેવો કોઈ પણ દોષ મહારાજને શિર મુકાય, તે તમો સર્વ મંડળ જોવાને રાજી નહિ હશો એમ હું ધારૂં છું."

ગોવિંદપંથ બુંદલેઃ વીરનીતિને યથેચ્છ અનુસરી બળવંતરાવ મહેંદળેએ વિચાર દર્શાવ્યા છે; આપણું લશ્કર મહા સમર્થ છે, એના બળ માટે કોઇના પણ બે વિચાર નથી, છતાં કાયર અને ભીરૂપણું દર્શાવવું એ શોભા આપે એવું થોડું છે.

મહલ્લાવરાવ હોલકરઃ અમોએ જે વિચાર દર્શાવ્યા છે તે યથેચ્છ દેશકાળનું અવલોકન કરી દર્શાવ્યા છે; છતાં તેથી પ્રતિકૂલ માર્ગે ચાલવાથી જે કંઇ શ્રીમંત સરકારની કીર્તિને કહેવડામણ આવવા જેવું થાય, તેના અમો જોખમદાર નથી. ગમે તેવા વિચારથી એક બીજાના વિચારથી પ્રતિકૂળ ઉતરવામાં આવે, તેમાટે અમો કંઈ પણ ચિંતા રાખતા નથી; તોપણ એટલું સૂચવવું અવશ્યનું છે કે, જે વિચારો આજે આપણે દર્શાવીએ છીએ, તેના ઉપર આખી આર્ય પ્રજાના ભાગ્યનો, શ્રીમંત સરકારની કીર્તિનો, અને આર્ય ધર્મના ઉદયનો આધાર છે; અને હવે પછીની પ્રજા આપણા વિચારને ધિક્કારે નહિ તે ઉપર લક્ષ આણવું અવશ્યનું છે. હમે તો શ્રીમંત સરકારની આજ્ઞાથી હાજર થયેલા છીએ અને આપ સર્વની મતિમાં આવે તેમ ચાલવાને મને હરકત નથી, પરંતુ ઠરેલ અને પાકટ વિચારથી યુદ્ધ રચના રચી પગલું ભરવું ઉચિત છે.

જીનકોજી સિંધિયાઃ યુદ્ધ પદ્ધતિનું સુકાન કેમ માંડવું એ રસાકસી શિવાય સરળ ભાવથી સરળ વિચાર કરી વિચારવું જરૂરનું છે. મારો મત તો મહલાવરાવના વિચાર સાથે મળતો છે; કેમકે જે પદ્ધતિરૂપી અમૃતવેળથી આપને સુખસત્તા આદિ ઉત્તમ ફળ પ્રાપ્ત થયું છે તેને ત્યાગી, નવિન માર્ગે જઈ અનિશ્ચિત લાભના સંશયમાં લટકવું યોગ્ય નથી.

બળવંતરાવ મેહેંદળેઃ "સર્વ મહત્તા કીર્તિમાં સમાયલી છે, તેનો યોગ્ય વિચાર કરી વીર પુરૂષોને છાજે એમ યુદ્ધ કરવામાં વર્તવું ઉત્તમ છે. આ યુદ્ધ કીર્તિ માટે છે, તો તેમાં કીર્તિનું ખંડન થાય એવી ભીરૂ પદ્ધતિ પકડવા વિચાર ચાલે છે, તેને કેટલું વજન આપવું, તે ધ્યાનમાં લેવા લાયક છે."

આટલીવાર સુધી સુરજમલે શાંત ચિત્તે આ સઘળું શ્રવણ કીધું. તેના કાન શ્રવણ કરતા હતા, તેમ આંખમાં વીરત્વપણાના ક્રોધનો દર્શન દેતો સીનો ચઢી આવ્યો હતો. તેના આખા શરીરમાં ઝણઝણી લાગી ગઈ હતી. પરંતુ તેના ગાંભિર્યે તેનો ઉચ્છૃંખળપણાથી ઉપયોગ કરવાને તેને વાર્યો, તે આ પ્રસંગનો લાભ લઈ બોલ્યોઃ "સત્ય કીર્તિનું ખંડન તથા ભીરૂતા એ ક્ષત્રીઓના કોષમાં નથી. ભીરૂતા બતાવી ભયથી ભાગવાની સલાહ ક્ષત્રી કદી આપે, એવી કલ્પના કરવી એ પણ કષ્ટદાયી છે. એટલુંજ નહિ, પણ ભીરૂતાના શબ્દો કાને પણ

શ્રવણ કરવાને ક્ષત્રી લોહી રાજી નથી, તો પછી ઉચ્ચારે તો કેમ? મારૂં કહેવું એવું નથી કે, સૈનિક વીરોએ કિલ્લામાં ભરાઈ, સ્ત્રીની માફક યુદ્ધ કરવું; પરંતુ મારા કહેવાનો આશય એ છે કે જનાનખાનું આ પ્રસંગે તમો સાથે લાવેલા છો, તે યુદ્ધમાં કેવળ નિરૂપયોગી છે, એટલુંજ નહિ, પરંતુ આબરૂને ખાતર તેમનાં રક્ષણ માટે સર્વને વધારે ફીકરમાં રાખનારૂં છે. માટે તેની ફીકરમાંથી કેવળ મુક્ત થવાને, તેઓને મજબૂત કિલ્લામાં આશ્રય આપવો, કે જેથી નિશ્ચિન્તપણે યુદ્ધ થાય. તેમજ ભારે વજનવાળી તોપો ઈજા આપ્યા સિવાય બીજો લાભ કરે એવી નથી, માટે તેને પણ કિલ્લામાં રાખવી; કેમકે શત્રુઓ ઝડપથી છાપો મારી આપણી તોપોને લઈ જવા પામે, ઇયા તો, મુસાફરીના કામમાં આપણો વધુ વખત લે, એવા ઉભય નુકસાન કર્યાં સિવાય, બીજા અર્થની સિદ્ધિ કરે એમ થોડું છે. તેમજ અતિશય બુણગુ, જે કેવળ યુદ્ધ માટે ગેરઉપયોગી છે, તેને સાથે રાખી, ખોરાકી મેળવવાના ભારે દુઃખમાં રહેવા કરતાં, તેને પણ સારા આશ્રયમાં રાખી, સૈનિકોની વીરશ્રેણીથી ઝબક મારતી ટુકડીઓથી શત્રુને સેહ આપવી ઉત્તમ છે. ક્ષાત્ર લોહી, કીર્તિ કરતાં પ્રાણુની મહત્તા ગણતું નથી, ભીરુતાને આધીન થઈ ભયને ગણકારતું નથી, પરંતુ દેશકાળ વિચારી, શત્રુનું બળાબળ તપાસવા અગમચેતી કરવા પાછું પડે એમ નથી, અને શત્રુનું બળ તપાસ્યા શિવાય, કેવળ ઉદ્ધત રહેણીથી રણક્ષેત્રમાં વર્તવું, એ યશદાયી થાય તેમ નથી. એ વિચારે અમે હમારો યોગ્ય ક્ષાત્ર બુદ્ધિને છાજતો, અને કીર્તિની મહત્તાને ચળકાવે એવો અભિપ્રાય આપ્યો છે. આ પ્રસંગે મારે એક સ્નેહી તરીકે સૂચવવું યોગ્ય છે કે, સારાસારનો વિચાર કરી, સરળ સદ્‌ભાવથી વિચિક્ષણ બુદ્ધિ રાખી, યોજના રચવી યોગ્ય છે; કેમકે જે વીરો સાથે રણરંગમાં કામ પડનાર છે; તે પારકી ભાથી ઉત્પન્ન થયેલા પરાપૂર્વના આપણા શત્રુ છે; હાએ હા કહેનાર તેના હાથ તે વખતે ઝાલવા જનાર નથી; સઘળો બોજો-યશ કે હાનિનો આપણે માથે છે, માટે ગાંભિર્યતા રાખી, દેશકાળ પારખી, મહાવીર તરીકે વર્તો.”

આ શબ્દયુદ્ધની રસાકસીમાં ઈર્ષાની ચનગારી હતી. તેના આવિર્ભાવથી, ભિન્ન ભાવની અણી ઉપર મામલો આવતો જતો જોઈ, નાના ફડનવિસે જોયું કે, હિન્દના હત્ ભાગ્યનું આ બી રોપાય છે. સરળ હૃદય અને સદ્‌ભાવથી ન્યાયયુક્ત વિચાર કર્યાં શિવાય મામા બળવંતરાવ મેહેંદળે વિષનું બીજ રોપે છે. એ બીજ રોપતાંજ તેનો નાશ થાય તો સારૂં, નહિ તો મહા અનિષ્ટસૂચક વર્તમાન નિવડશે. એ વિચારે તે બોલ્યો–

“સર્વના વિચારો સન્માનિત છે, એમાં સંદેહ નથી, પરંતુ તે સઘળા પ્રસંગપરત્વે ધ્યાનમાં લેવા લાયક છે, દેશકાળાનુસારે ઘડાયલા દુરંદેશી

રાજ્યનીતિજ્ઞ વીરોના વિચારોમાં ખામીનો સંભવ નથી અને સુરજમલજી તથા મહલ્લાવરાવજીના વિચારોના સંબંધમાં સંપૂર્ણ વિચાર કરવા, શ્રીમંત ભાઉ સાહેબે પેસ્તર દર્શાવ્યું છે, તો હવે અતિ કાળ થઈ ગયો છે. માટે ગંભીરપણે મનન કરી યોગ્ય વિચાર દર્શાવવા, હવે પછીનો એકાદ દિવસ મુકરર કરી, શ્રમથી શ્રમિત થયેલા સ્નેહીઓએ, વિશ્રાંતિ લેવી યોગ્ય છે.”

ભાઉને આ ગમ્યું. તે આ શબ્દયુદ્ધથી બેચેન થયો હતો. તેને ઉભય રીતે દુઃખ ઉત્પન્ન થતું હતું. એક તરફ એના માનિતા બળવંતરાવ મેહેંદળેનું મન માનતું નહોતું. બીજી તરફ સુરજમલની તથા હોલકરની યોગ્ય સલાહનું અપમાન થતું હતું. તેનો રસ્તો લાવવાનું મહાબળ એનામાં ન હોવાથી, તે ગુંચવાયો હતો. તેને નાના ફડનવિસના બોલવાથી કંઇક બળ મળ્યું. જનરંગમાં માનવ પ્રકૃતિની નબળાઇ પ્રસંગે પ્રસંગે દેખા દે છે. શુદ્ધ ન્યાયના તત્ત્વના અભાવને લીધે કે પછી લજ્જિત સ્વભાવને લીધે, ઘણી ફેરી હાથ નીચેના આદમીઓની શરમની છાંયા પડવાથી, ઘર સંસાર, કે રાજ્યતંત્ર ચલાવવામાં તેમના વિચારને અનુયાયી કરે છે; અને તેથી મહા અનર્થ થાય છે. માટે સાવચેત રહે અને સદાકાળ ન્યાયના સૂત્રને આધીન થઇ વરતે તેનુંજ શ્રેય છે. ભાઉ, બળવંતરાવ મેહેંદળેનાં દબાણથી દબાઇ ગયો હતો. તેનું અંતઃકરણ ન્યાયના સૂત્રને તજી વરત્યું હતું, પણ સુરજમલ રીશાસે એ ભયથી ભડકતો હતો. તેથી નાના ફડનવિસના બોલવાનો લાભ લેતાંજ તે બોલ્યો–“સુરજમલજી ! આપના શ્રમને ધન્ય છે. આપે અતિશ્રમ લીધો, હવે અતિ કાળ થયો છે, તેથી વિશ્રાંતિની આવશ્યકતા છે. યુદ્ધ રચનારની યુક્તિ હવે તે દરબારે ચર્ચવી યોગ્ય જણાય છે. માટે હાલ દરબાર બરખાસ્ત કરવો યોગ્ય ધારૂં છું.”

આ અવાજ નિકળતાંજ “જય જય મહારાજ ચિરંજીવનો”ની બુમ ચોપદારે પાડી અને સર્વ વિસર્જન થયા. આ વિસર્જન થતાં દરબારના દરબારીઓની મુખમુદ્રા ઉપર કેવા રંગ વિરાજતા હતા, તે અવલોકવા અવશ્યતા છે.

બળવંતરાવ મેહેંદળેનું મુખ ગર્વના ગૌરવથી પ્રફુલ્લિત થયું હતું. તેને હોલકરની સલાહના બળને તોડી, જાણે મહા મહત્તા સંપાદન કરી હોય, એવું તેના હાવભાવ ઉપરથી દૃષ્યમાન થતું હતું. તેની મુખચર્યા જાણે એવો ચળકાટ કરી રહી હતી કે, તેના મુત્સદ્દી પેચે હોલકરને ભર દરબારમાં મહાત કરી નાંખ્યો છે. આવા ખોટા મુસદ્દીનો ડોળ ઘાલનાર દપીઓથી દ્વેષના આવિર્ભાવમાં જે કંઇ થાય છે, તેનું ફળ અનિષ્ટ સૂચકજ નિવડે છે; કેમકે ન્યાયપરાયણ ન વર્તતાં

ઈર્ષ્યાના આવેશમાં તે, ધણીનું હિત અનહિત ન વિચારતાં, પોતાના મમતને બર લાવવાને વિચિત્ર રીતે વર્તે છે, જેથી પરિણામે હાનિ થાય છે. આવા મુસદ્દી પેસાનો ગર્વ રાખનાર, ધણીના હિતનો સારાસાર વિચાર ન કરનારને ધિક્કાર છે. તે ઇર્ષાખોર માણસ પાપી છે. તેને ધીટકારનો ફટકો આપી ન્યાયપરાયણ સરલ ન્યાય બુદ્ધિથી વર્તનારને અભિવંદન કરી આગળ ચાલ.

હોલકરનું મુખ તેજ રહિત જરજરિત મનોભાવને દર્શાવતું ગંભીરતામાં આચ્છાદિત થયેલું દૃષ્ટિગોચર થતું હતું. સુરજમલની મુખચર્ચા ક્રોધના આવિર્ભાવમાં પણ સવિનય ક્ષાત્ર ચાપલ્યતાથી ચક-ચકિત દેખાતી, વિલક્ષણ ભાવને દર્શાવતી હતી. આ વખતે સુરજમલનું મન જૂદુંજ કામ કરી રહ્યું હતું. તેના મનમાં ભાઉને માટે જે માન હતું તે નષ્ટ થતું હતું, એના મિત્ર હોલકરે આગ્રહ કરી અલ્પ દૃષ્ટિ વીરોના મંડળમાં તેને મૂક્યો હોય એમ તેને ભાસ્યું. તોપણ આર્ય અભિમાન અને ક્ષાત્ર ધર્મના મહા નિયમે, તેને એ મંડળથી તત્કાળ વિરક્ત ન થવાને વાર્યો અને તેને તે આધીન થયો હતો.

સદાશિવરાવ ભાઉ ભાંગા તુટા મનથી બેબાકળો થયો હતો. તેને ન્યાયબુદ્ધિએ એક તરફ વાળ્યો, ત્યારે તેનાં નબળાં મનને, સેવકની બુદ્ધિ પ્રપંચે જૂદી તરફ વાળ્યો તે તરફ વળ્યો, પણ ન્યાયબુદ્ધિએ તે ખોટું કરે છે એમ સૂચવી, તેનું તેજ હરણ કીધું. જેથી તે તેજરહિત જણાતો હતો. સર્વ સરદારોની મુખચર્ચા પ્રસન્ન નહોતી. ટૂંકામાં જે હર્ષથી સભા બીરાજી હતી, તે હર્ષ ઉઠતી વખત રહ્યો નહોતો. ઉત્સાહ રહિત વીરો શું કાર્ય કરે? ઉત્સાહ નથી ત્યાં જય શાનો? ઇર્ચ્છા એ સર્વ અનિષ્ટનું બીજ છે. તે જેનામાં પ્રવેશ કરે છે, તે પ્રથમ તેનો અને તેના અનુયાયીનો નાશ કરે છે. હિંદુસ્તાનની પડતીની શરુઆત ઇર્ષ્યાએજ કરી છે. જ્યાંસુધી ઇર્ષાની આધીનતા નથી છૂટી, ત્યાંસુધી ઉદયની આશા આર્ય! તું કરતો ના.

બળવંતરાવ મેહેંદળે અને હોલકર વચ્ચેની ઇર્ષાએ શ્રીમંત પેશવાની કીર્તિને નષ્ટ કરવાનું, આર્ય વિભૂતિને ભ્રષ્ટ કરવાનું તથા પરદેશીને વિજયી કરવાનું બી રોપ્યું.

# પ્રકરણ ૧૦ મું.

## છાવણીમાં કુતૂહલ.

*धत्ते श्रियं सृजति कीर्तिमघं लुनीते
मित्रत्वमानयति हंत विरोधिनोपि ॥
यात्यध्वभिः प्रतिपदं सुमनोनुकूलै ।
गौः कामधुक्कमिवनापहरत्यनर्थं ॥

પ્રબળ ગર્જનાથી મહાસાગરના મોજાઓ ભરતીની વખતે જેમ મહદ્ પ્રચંડતા દર્શાવે છે, તેમ મરાઠાની રાજસભાના મહાવીરોએ મહત્તાવાળા વિષય ઉપર વિવેચન કર્યું, પરંતુ તેનો અંત લાવતાં પહેલાં ઓસરતી ભરતીની પઠીમ, પાછા ફરી મહારાષ્ટ્રિય સૈન્યરૂપી મહાસાગરમાં શાંતિ પ્રસરાવવા જેવો યત્ન કીધો.

પરંતુ એ ચર્ચાએલી ચર્ચાએ વીરોની મનોવૃત્તિ ઉપર વિલક્ષણ રંગ પૂર્યો હતો. તે વિચારની રેલથી નવિન નવિન વિચારોના તુરંગમાં રંગાતો, **જનાર્દન ભાનુ** પોતાના તંબુમાં ગયો, માતાએ પુત્રને સહસા દૂરથી નિહાળ્યો. નિહાળતાં પુત્રની મુખમુદ્રા ઉપર વ્યગ્રતાનાં ચિહ્ન જોઇ ચમકી! **રુખમાબાઇ** વિચારમાં પડી. માતાનું પ્રેમાળ અંતઃકરણ કોણે અનુભવ્યું નથી? માતાના મનની અધીરતાની મહત્તા કોનાથી અજાણી રહેલી છે? અધીર માતાએ દ્વારમાં પેસતાં પુત્રને અમિદૃષ્ટિથી વધાવી લીધો. પુત્રે માતાને નમન કીધું. માતાએ ઓવારણાં લઈ, આશીર્વચન વદતાં, પુત્રના વિઘ્નની નાસ્તિ ઇચ્છી, લમણાંના પ્રદેશને હાથનો સ્પર્શ કરી, કડાકડ કડાકા ફોડયા, અને પુત્રને પીઠ ઉપર હાથ ફેરવી તેની મુખમુદ્રાને પ્રેમાળ ભાવથી જોઇ રહી. પુત્રને જોઇ તેની દૃષ્ટિને અમૃતનું સિંચન મળ્યું હોય, તેમ મલકાતે મહોડે **રુખમાબા**ઇએ વાણી વિનોદ શરુ કીધો.

"**નાના**! આજના શું વર્તમાન છે? તારી મુખમુદ્રા કેમ ગ્લાન જણાય છે?"

**જનાર્દન ભાનુ**—આજના વર્તમાનમાં કંઈ અર્થ સિદ્ધિ નથી. સમુદ્ર મન્થનમાંથી વિષની પ્રાપ્તિ થવાની દશા હતી, પરંતુ વિઠોબાએ ખેર કરી છે.

---

* સારી વાણી છે તે કામદુઘા જેવી છે. કામદુઘા જેમ લક્ષ્મીને આપે, કીર્તિને ઉત્પન્ન કરે, પાપને ધોઇ નાંખે, વિરોધી હોય તેને મિત્ર સરખા કરી આપે, અને દેવતાઓને અનુકૂલ માર્ગમાં ચાલે એમ કયા કયા અનર્થને નથી હરતી?

રુખમાબાઈ-બેટા, એવું શું વર્તમાન છે?

જનાર્દન ભાનુ-જગતમાં દ્વેષ અને ઈર્ષા એ અનિષ્ટનું બીજ છે, મુખ્યત્વે કરી રાજ્યદરબારમાં તેની ઓછીજ ખામી હોય છે. આજના વર્તમાનમાં મહત્તા સ્થાપતાં હનિ વ્હોરવાનો વખત હતો. ભાઉ સાહેબની વિલક્ષણતાનું એ પરિણામ છે.

રુખમાબાઈ—ભાઉએ એવું શું કર્યું ?

જનાર્દન ભાનુએ અથથી તે ઇતિ સૂધીનું વૃત્તાંત, તિરસ્કાર અને દયાની લાગણીથી, કરુણાજનક સ્વરે કહ્યું તેમાં મહલાવરાવ હોલકર અને મામા બળવંતરાવ મેહેંદળેનું વૃત્તાંત વધારે ધ્યાન ખેંચીને વર્ણવ્યું.

વૃદ્ધ રુખમાબાઈ રાજ્યકુળના લાંબા સહવાસથી અને પતિની રાજ્યદ્વારી ઉચ્ચ બુદ્ધિના સમાગમને લીધે દીર્ઘ દ્રષ્ટિવાળી બની હતી. તેને આ વૃત્તાંતથી કમકમી ખાધી અને ભાઉની તથા પોતાના ભાઈની નબળાઇ ઉપર અફસોસનો ચીટકાર મારતાં બોલી—

"દૃઢ વૃત્તિ વિના મહા કાર્યમાં ફતેહ મળતી નથી; અને ભાઉએ તો શરુઆતમાંજ તેની ન્યાય બુદ્ધિની નબળાઇ જણાવી છે; એટલુંજ નહિ, પરંતુ હિતને ન્યાય ન આપતાં, રામચન્દ્ર બાબા સેણવીથી જે ક્લેશનાં બી રોપાયલાં તે ક્લેશના આવિર્ભાવમાં તણાઈ અનર્થના ભોગી થવાનું એને ગમ્યું. અર-ર-ર-ર! આવી બાળ બુદ્ધિથી મહારણરંગમાં જય કેમ મેળવશે?"

"મને પણ એજ સંકટ છે," જનાર્દન ભાનુએ પુષ્ટિ આપી.

"બેટા! પોતાનું કર્તવ્ય સિદ્ધ કરવું એજ ખરું પુરુષાર્થ છે. કર્તવ્ય કર્મ કરવામાં શુદ્ધ આચરણની આવશ્યકતા છે; અને ન્યાય પરાયણ આચરણ આચરવામાં ખામી આવી કે, તેના કાર્યની ભઠ્ઠી બગડી એમ નક્કી જાણવું. ભાઉએ મહલાવરાવ હોલકરની સલાહનો સ્વીકાર નથી કર્યો એ યોગ્ય કીધું નથી. કેવળ ઉદ્ધતાએ અનિષ્ટનું કારણ છે અને અપકવ બુદ્ધિવાન્ની સંગત એ મોતની નિશાની છે. રામચન્દ્ર બાબા સેણવીની સંગતથી દ્વેષનું તત્ત્વ ભાઉ સાહેબે મેળવ્યું, એમાં લાભની આશા ધરાય એમ થોડું છે."

"તારા પિતા અહરનિશ મને ઉપદેશ કરતા કે, હલકી વૃત્તિનાં મનુષ્યો સાથે સંગતિ કરતાં નહિ, તેમ પુત્રને કરવાં દેતાં નહિ; કેમકે સહવાસથી સંગતિદોષ પ્રાપ્ત થાય છે અને નીચ સંગતિ નીચ પ્રકૃતિ સ્થાપે છે. વાણી, પ્રકૃત્તિ અને વૃત્તિમાં પણ સંસર્ગના સંસ્કાર આવે છે; અને તેથીજ મોટા કુળના બાળકોને નીતિવાન, ન્યાયી અને પોતાના કર્તવ્યમાં કુશળ બનાવવા હોય તો, તેમને સેવકજનોના સહવાસમાં કે અપકવ બુદ્ધિવાળા અનીતિજ્ઞ પુરુષોના સહવાસમાં, ઉછરવા દેવા

નહિ; ને જો તેમ થવા દીધું તો, આચાર, વિચાર, અને વાણીમાં, તેના ઉચ્ચ વિચારની ભાવનાના અંકૂરની આશા રાખતા નહિ. તેમ તેનાં સત્ય કર્તવ્યકર્મમાં સત્ય નિયમ, સત્ય બુદ્ધિ, અને સત્ય જ્ઞાનની આશા રાખતાં નહિ. ન્યાયબુદ્ધિ અને હિત અહિતની તુલના એ રાજ્યનીતિનાં મહા સૂત્ર છે. તેનો ભાઉએ અનાદર કર્યો અને સર્વ કાર્યમાં દક્ષ અને અનુભવી હોલકરનું મન દુભવ્યું, એટલુંજ નહિ પરંતુ સ્નેહના અનુસંધાનથી, સંકળાયલા સુરજમલની સત્ય સલાહને માન્ય ન આપતાં કેવળ નીચ વિચારને આધીન થઈ ગયો, એ સારું કર્યું નથી. મેં બાળપણથી એનું જીવન નિહાળ્યું છે. સત્ય વિચાર અને સત્ય પુરુષોની સંગતમાં એ ઉછર્યો નથી; એની વૃત્તિ ઉદ્ધત, ગર્વિષ્ટ અને અલ્પદર્શી છે, અને તેનું સ્વરૂપ આ વખતે આબેહુબ ઉભું થયું છે. એજ અનિષ્ટનું કારણ છે."

"માતા! તમારું કહેવું સત્ય છે, મહાકાર્યને ફત્તેહમંદ કરનાર પુરુષમાં ન્યાયયુક્ત, પ્રેમયુક્ત, કર્તવ્યબુદ્ધિયુક્ત, ઉત્સાહયુક્ત તથા સર્વમાં સમાનભાવયુક્ત વર્તવાનાં ઉચ્ચ આચરણની આવશ્યકતા છે."

"હા બેટા, એવા ઉચ્ચ ગુણો સિવાય આત્માર્પણ થઇ શકતું નથી અને જ્યાંસૂધી આત્માર્પણ કરવાની શક્તિ આવતી નથી, ત્યાંસૂધી જન સમાજનો સંપૂર્ણ વિશ્વાસ ખેંચી શકાતો નથી.

"હા, જ્યાંસૂધી વિશ્વાસનું પાત્ર એક બીજા થતા નથી, ત્યાંસૂધી ભ્રાતૃભાવ આવતો નથી; અને ભ્રાતૃભાવ જ્યાંસૂધી પ્રબળ થતો નથી, ત્યાંસૂધી ઐક્યતાની સાંકળ સંકળાતી નથી; અને જ્યાંસૂધી ઐક્ય મહાબળમાં દીપતું નથી, ત્યાંસૂધી કોઇ પણ મહા કાર્યમાં ફત્તેહની આશા વ્યર્થ છે."

"જો બેટા, શિવાજી મહારાજમાં આત્માર્પણના મહાગુણ સાથે ભ્રાતૃભાવ પ્રબળ હતો. એથીજ રણસંગ્રામમાં હજારો આદમીને ઉતારવાને શક્તિવાન થતા હતા, અને તેથીજ, મરાઠી રાજ્યની સ્થાપના થઇ; અને આજે જે મહત્તા દર્શાવવા મહારાષ્ટ્ર નિકળ્યું છે, તે પણ તેનાં રોપેલાં બીજનું ફળ છે."

" હા, પણ હવે શું થશે?" જરા કરચલીવાળું મુખમંડળ કરતાં જનાર્દન ભાનુ બોલ્યો.

"આજના વર્તમાનથી શું–ધા–રી–એ. તોપણ બેટા, તને એક બાત કહું તે ધ્યાનમાં લે. તારા પિતાજી કહેતા હતા કે, જ્યારે રાજ્યકારી પુરુષોમાં મતભેદ પડવાની સંધિ આવે, ત્યારે તેમને અરસપરસ એક બીજાની સમક્ષ તકરાર કરવાનો વખત ન લાવતાં જૂદા પાડવા, અને દ્વેષભાવનું બીજ વાવવા દેવું નહિ."

"હં, ત્યારે તેજ દુર્ઘટ છે કેની ?" જનાર્દન ભાનુએ આશ્ચર્યસૂચક મુખ કરતાં જાણે પોતાનાં મગજને ખેંચતો હોય અને તેમાં કાંઇ તત્ત્વ મેળવવાને ઉત્સુક હોય, તેમ આકૃતિ કરતાં કહ્યું.

"નહીં, એ તો સેહેલ છે. અને સાધ્ય થાય એવું છે," વૃદ્ધ રુખમાબાઇએ જરા પ્રફુલ્લ મુખે ગર્વિત થતાં જણાવ્યું.

"ત્યારે કહો."

"જો બેટા, એમાં એટલું કરવાની આવશ્યકતા છે કે, વિગ્રહ વધવા ન દેતાં, સંધિ કરાવવી, અને ઇર્ષાના અંકૂરનો નાશ કરવો."

"હા, એ તો સત્ય પણ તેને અમલમાં કેમ મૂકવું ?"

"સરળ ભાવથી મતભેદને તોડી પાડવો."

"તમારું કહેવું ઉંદરોનાં મંડળમાં ઉંદરે બીલાડીને કોટે ઘંટડી બાંધવા આપેલી સલાહ જેવું છે. ગુસ્સે થતાં નહિ. જે મતભેદ તોડવાનું તમો કહો છો, તે શી રીતે તોડવો ? એ તોડવાનું કામજ મહત્ બુદ્ધિનું છે; અને તે અનુભવ સિદ્ધ શી રીતે કરી શકાય ? એનું ઉત્તર આપો." જનાર્દન ભાનુએ જરા ટકોર મારતાં કહ્યું.

બુદ્ધિમતિ માતાએ પુત્રના સામું જરા મુખ મલકાવી કહ્યું, "હા બેટા, તું મારા કેહેવાનો હેતુ યથાર્થ ન સમજ્યો હોય તો, સાંભળ.

"વીર પુરુષો પ્રશંસાથી રાજી થાય છે. આત્મપ્રશંસાથી કોણ ઠગાતું નથી ? એનો મોહોપાશ ટુંકા વખતમાં સર્વને આધીન કરે છે. માટે આત્મપ્રશંસાથી, ભાઉ અને હોલકર બનેની વૃત્તિને પીગળાવી તેમને તેઓ, મહાપુરુષ છે, તેમના ઉપર હિન્દના મહા ભાગ્યની આશા છે તથા તેઓ મહા કાર્ય કરવા નિકળ્યા છે, તેમાં ક્ષુદ્રજનોની અલ્પમતિથી થયેલા પાછલા દ્વેષની ખુમારીમાં દોરાઇ જઇ, મતભેદના ભોગ થઇ, હાનિ હોરવી યોગ્ય નથી, એમ જણાવી શાંત પાડ. અને એ વિવેચન કરવામાં સરળ ભાવ રાખી, સમયને અનુસરતી મીઠાશ મૂકી, તેમનું મન રંજન કર.

"કેમ, હેતુની સિદ્ધિ થાય એમ છે કે, નહિ ? પરંતુ એ કાર્ય કરનાર પુરુષે મનુષ્યના આત્મકર્તવ્યના મહા નિયમોને અનુલક્ષીને કાર્ય કરવું ઉચિત છે. આત્મકર્તવ્યમાં દ્રઢતા ધરનારને કોઇ પણ કાર્ય અસાધ્ય નથી, તો ન તુટેલી સંધિને દીપાવવી એમાં શું મુસ્કેલ છે ? ભાઉને જણાવ કે, સ્વાર્થબુદ્ધિથી, સ્વાર્થના હિતને માટે રામચંદ્ર બાવા સેણવીએ, મૂકેલા દ્વેષના ઝેરથી ઠગાઇ મહા પુરુષોથી વિગ્રહ કરવાથી દૂર રહે; એટલુંજ નહિ પરંતુ સામભેદથી મનાવી લઇ, તમારાં કાર્યને સાધ્ય કરો. અને હોલકરને ઉદ્દેશીને કહે કે પકવ અનુભવી થઇ, આત્મકર્તવ્યને ચુકતા નહિ. દુનિયાં તમારા ઉપર આધાર રાખે છે,

તમારી સૂક્ષ્મબુદ્ધિને કામે લગાડી, તમારા મહા અનુભવથી, મહારાષ્ટ્રને જય અપાવો.–બોલ હવે કેમ છે?

"હા, હા. ઠીક, ઠીક, મારે આ ભાર વેહેવો એ તારો ઉદ્દેષ છે. તો મારું આત્મકર્તવ્ય હું સિદ્ધ કરીશ. પરંતુ મામાના મનનું કેમ સમાધાન થશે? તેમને ઉલટું તો નહિ લાગે?"

"બેટા, એની ચિંતા તું કરીશ નહિ, પ્રસંગને અનુકૂળ કરીશ," રુખમાબાઇએ સંશય છેદ્યો.

ઠીક, ત્યારે તો. પરંતુ મહા અનુભવિઓને ઠેકાણે લાવવાની તારી ધારણા પાર ઉતરશે?" જનાર્દન ભાનુએ કંઇક પ્રફુલ્લ વદને પણ સંશયાત્મક વાણીથી ઉચ્ચાર્યું.

"संशयात्मा विनश्यति, કર્તવ્યકર્મ કરનારને સંશય કેવો?" દૂર બેઠેલી બળવંતરાવ મામાની સ્ત્રી લક્ષ્મીબાઇએ ટકો કર્યો.

"કેમ મામી! નણન્દને પુસ્તી આપતાં હશો."

"હાસ્તો, મહારાષ્ટ્રીય વીરોની સભાએ જ્યારે વિલક્ષણતા દર્શાવી છે, ત્યારે હમારામાંનાં રુખમાબાઇએ, રાજસિંહની માતા જેવું વર્તન કરી, દક્ષપણું બતાવ્યું છે, ત્યારે કહેવાની તક કેમ જવા દઉં?" લક્ષ્મીબાઇએ હાસ્યમાં કહ્યું.

"હા, હા, તમારું કર્તવ્ય સિદ્ધ કરજોની!! વખત પાસે છે." જનાર્દન ભાનુએ પ્રતિઉત્તર આપ્યો.

"જો જો ભાણાભાઇ! હું તો રંક સ્ત્રી છું, પણ સત્ય પરાયણ આત્મ કર્તવ્યનો નિશ્ચય કરવાની દૃઢતા હમારા વર્ગમાં જે પ્રભુએ આપી છે, એવી નિશ્ચયતા કોઇને બક્ષી નથી. હમારું ખરું કર્તવ્ય પતિવ્રતમાં છે. અને અમે પતિ ભક્તિ આગળ બ્રહ્માંડનાં સુખને તૃણવત માનીએ છીએ. હું અભિમાન કરતી નથી, પરંતુ સ્ત્રીનાં સતીત્વ આગળ તો બ્રહ્માંડાધીશ પણ વિસાતમાં નથી. તુલસી અને વિષ્ણુનું દૃષ્ટાંત સાક્ષીભૂત છે."

જનાર્દન ભાનુ–મામી! કયા કાળનું આખ્યાન કહો છો?

લક્ષ્મીબાઇ–આત્મકર્તવ્ય સર્વ કાળમાં સરખું છે. સદ્ધર્મનું મહાબળ, કોઇ પણ કાળમાં નીચત્વ પામતું નથી. પછી જેવો નિશ્ચય અને શ્રદ્ધા.

સાધ્વી મામીએ ભાણેજને માહાત કીધો. એટલે માએ સ્મરણ કરાવ્યું: "બુંદની બીગડી હોજે સુધરતી નથી, માટે બેટા! સમયને સાંધો. પેશવોનું ખાધેલું લુણ કૃતાર્થ કરો, અને વિગ્રહનું વાદળ ખસેડી સંધિની શાંતિ ફેલાવો. મોહોટા પુરુષો જેમ મદે ચઢેલા દુરાગ્રહી હોય છે, તેમ ન્યાયબુદ્ધિએ વિચારતાં પાછા સત્ય વાત ઉપર આવે છે."

જનાર્દન ભાનુએ ગંભીર થઇ મગજને ગતિમાં મૂકી, માતાના ઉદ્દેશને ફલિભૂત કરવાને, સાધક શોધવા માંડયો. ભાઉને સ્નેહી યોગ્ય સાધક દૃષ્ટિ સમક્ષ તરી આવ્યો નહિ. પરંતુ ગંગાધર યશવંત દીવાન અનુકૂળ પડશે એમ ધારી, સાધક કરવાની યોજના કરી, મનમાં ઉલટ સિદ્ધાંત ધાર્યો કે, ગંગાધર પાસે ભાઉને એમ મનાવવું કે, આપે ધાર્યું કરવું, પણ વિગ્રહના વાદળને શાંત પાડવું. એમાં આપનું ગૌરવ વધારે સચવાશે; અને સુરજમલના વકીલ રૂપરામ કટારી મારફતે, હોલકર તથા સુરજમલને મનાવવા કે, હાલ તુરત દીર્ઘ દૃષ્ટિ વાપરવાથી શાંતિ ફેલાવવા સાથે શોભા રહેશે; અને મામા બળવંતરાવને માતા શાંત કરશે, એટલે વાંધો આવવાનો સંભવ નથી. આ વિચાર મનમાં તરી આવતાં તે બોલ્યો, "માતા ઠીક છે; ઠીક છે. હું તારાં વચનને સિદ્ધ કરવા સામ અને ભેદ બન્નેને વાપરીશ." જનાર્દન ભાનુ તરતજ ઉઠયો, અને વિગ્રહનાં ચઢેલાં વાદળને વિખેરી શાંતિ પસરાવવા યત્ન આરંભ્યો. પ્રથમ ગંગાધર યશવંત દીવાનને સાધ્ય કર્યો; અને સદાશિવરાવ ભાઉનું સુકાન ફેરવ્યું; અને તેના દ્વારા હોલકરને મનાવી, સુરજમલને રાજી કર્યો. અને તેને રૂપરામ કટારીએ સંપૂર્ણ પૂસ્તી આપી. આ નાનું નાટક ભજવતાં માહા શ્રમ થયો. અનેક પાત્રોને સાધ્ય કરતાં કરતાં જનાર્દન ભાનુનું મન વ્યથિત થઇ ગયું. એનો વિસ્તાર કરતાં એક ગ્રંથ ભરાય, અને નવીન કૌતક દર્શાવે. માટે તે પ્રસંગને કોરે મૂકી, નાના ફડનવિસના તંબૂ ભણી જઇએ. તેણે માતાને સંતોષ સાથે શાંતિ આપી. માતાએ પુત્રની પીઠપર હાથ ફેરવી ધન્યવાદ આપ્યો. સેવકે ભોજનનો પુકાર કર્યો. માતાએ આજ્ઞા કરી, જાઓ બેટા, ઘણા શ્રમિત થયા છો; નિશ્ચિંતથી ભોજન કરો. માતાને નમન કરી જનાર્દન પાકશાળાના તંબુમાં ગયો. પ્રિયાંગના પ્રેમથી સત્કાર કરવા સજ થઇ બેઠી હતી.

અપૂર્વ રમણીય મૂર્તિ, પ્રેમ લાવણ્યથી કટાક્ષ નાંખી મધુર વચનામૃતથી પતિને રંજન કરવા લાગી. પ્રેમ જ્યોતિમય શોભાથી દીપી રહેલી પ્રિયા, પ્રીતમને દુર્લભ દેખાઇ. મુખમંડળને પુર્ણિમાના ચંદ્ર જેવું પરિપૂર્ણ દીપી રહેલું લાગ્યું. પુષ્પથી ગુંથેલી વેણીમાં મહા કુશળતા વાપરેલી લાગી. વાળ હોળવામાં અને તેને ગોઠવવામાં સૂક્ષ્મ કારીગરી કળાઇ. શૂક જેવી મનોહર નાસિકામાં લટકી રહેલી વાળીમાં દીપી રહેલાં મોતીઓએ વારેવારે હાલી મોહનમંત્રની અસર કરવા માંડેલી જણાઇ. તેના બન્ને કાનમાં ઝૂલી રહેલાં હેમકર્ણભૂષણોએ મદનનાં તનમનાટનું ભાન કરાવ્યું. ગળામાં ઝૂલી રહેલા હિરણ્યમય ચંદ્રહારે પ્રીતમને પોતાના તરફ ખેંચવા માંડેલો જણાયો. પ્રેમ ભરેલી કાળી ચકચકિત ચક્ષુમાંથી

નિકળતાં કટાક્ષો તેને પ્રેમ પાશથી બંધન કરતાં હોય એવાં લાગ્યાં. પ્રીતમ વારેવારે દૃષ્ટિપાત કરી પ્રિયાનું લાવણ્ય, અતૃપ્ત નયનથી નિહાળતો હતો.

આ વખતે પ્રિયાએ વસ્ત્રમાં સુંદર ગુલાબી રંગની રેશમી સાડી પેહેરી હતી. જે સાડીને વારે વારે હીરાની મુદ્રાથી શોભી રહેલા નાજુક હાથથી ઉંચી નીચી કરી, કુંટીના પ્રદેશનું પતિને દર્શન કરાવતી હતી. ને પતિને વિશેષ પ્રેમ ઘેલડો કરવા મુખને મલકાવી, નયનને ચળકાવીને મોહ મધુરતાને દીપાવતી રહી હતી. પતિને આજે પ્રિયામાં મહા સૌંદર્ય જણાયું. વાંચનાર પ્રિયા મનોહર છે, એ વિચાર નિંદિત નથી. તને પણ પ્રિયા એક કાલે એવી મળી હશે. તેની સૌંદર્યતામાં મુગ્ધ થયો હોઇશ. એ પ્રભુની અદ્‌ભુતતા છે. પ્રત્યેક સુંદરીને તેના પતિ માટે એવો અવકાશ છે. પ્રત્યેક સુંદરીમાં એક ફેરી મહા મોહકતા દીપે છે; અને તે પ્રાણેશનું ચિત્ત પ્રેમબંધનથી બાંધવાને તાકીદ ધરાવનારું હોય છે. પરંતુ તે એટલીજ સરતે કે પવિત્ર વૃત્તિથી પવિત્ર પ્રેમને યોગ્ય તકે, પ્રાણેશને સમર્પણ કરવાથી. કુલટાનું રૂપલાવણ્ય કોડીનું છે. ઉકેડામાં નાંખેલું અમૃત નકામું છે. તેમ કુલટાનું પરપતિને અર્પેલું પ્રેમામૃત વિષરૂપ થાય છે. એ જો ખરુ માનતા ન હો તો, વિચારોઃ કુલટાનું પ્રેમામૃત પીનારાઓને વિષ અપાય છે. તેમનો દેહ છેદાય છે અને કમોતે કપાય છે, તે સાથે કુલટાનું નાક છેદાય છે, તેની કીર્તિ કલંકિત થાય છે.

પવિત્ર પ્રેમની બલીહારી છે. તે અવર્ણનીય સુખામૃતથી તૃપ્તિ સાથે શાંતિ આપનાર છે. તે પવિત્ર પ્રેમદૃષ્ટિથી પ્રીતમને વધાવી લીધો. રંગોલી પુરી, અગરથી સૌગંધિક કરેલા સુંદર આસન ઉપર **નાનો** બેઠો. સેવકોએ ચપળતાથી ચાંદીના થાળમાં ભોજન પીરસ્યું. પ્રિયાએ હાથમાં પંખો લઇ આગતા સ્વાગતા કરવા માંડી. સ્વામીને ભોજન માટે આગ્રહ કરતી, પ્રસન્ન મુખે **યશોદા**, અતૃપ્ત નયનથી, આનંદ અનુભવતી વાણીવિનોદે ચઢી.

"બહુ શ્રમિત થયા છો, નિશ્ચિંતતાથી જમો."

જનાર્દન **ભાનુ**એ જરા મુખ મલકાવતાં કહ્યું; "આ તો તમારાં દક્ષ કાર્યનું પ્રથમ મંગળાચરણ!"

**યશોદા**એ જરા શરમના ભારમાં ખેંચાતાં, પણ પ્રેમમય ચક્ષુ ચળકાવતાં, પ્રતિઉત્તર દીધો–"પ્રાણેશ! કંઇ મારો દોષ થયો છે?"

**જનાર્દન**–હા, તમારો અને તમારાં મંડળનો.

**યશોદા**–એવો શો છે?

**જનાર્દન**–એ બધા શ્રમનું કારણભૂતજ એ છે.

યશોદા–આજના વર્તમાનમાં હું શી રીતે આપના શ્રમનું કારણભૂત થઇ, એ સમજાતું નથી.

જનાર્દન ભાનુએ જરા હસતી મુખમુદ્રા કરી યતિકંચિત્ આશ્ચર્ય-સૂચક ચક્ષુથી યશોદાના સામું જોઇ કહ્યું, "હં, શું તમો સ્ત્રીઓએ આ રણસંગ્રામમાં સાથે આવવા યત્ન નથી કીધો?"

યશોદા–એમાં અમે શું અયોગ્ય કીધું છે?

જનાર્દન–યોગ્ય અયોગ્યનો નિશ્ચય પ્રસંગે થશે. પરંતુ મતભેદનું કારણ આજે તમોજ છે.

યશોદાએ જરા મરડાટમાં મુખ મલકાવી કહ્યું–"પ્રાણેશ! એમાં હમારો દોષ શો? દરબારમાં કંઇ સ્ત્રીઓનો અવાજ નથી. જે કરવાનું તે સર્વ પુરુષ મંડળને હાથ છે. સ્ત્રીઓ તો સ્વામીના સુખના સાધનભૂત થવા આવીઓ છે."

જનાર્દન-સ્ત્રીઓ કેવળ આબરુના રક્ષણ સારુ ભયમાં રાખશે. એ સિવાય બીન અનુભવવાળીઓ રણસંગ્રામમાં બીજું શું કરશે?

યશોદ–ભયમાં રહેવાથી મહત્ કાર્યો થતાં નથી. અને પ્રસંગ શિવાય અનુભવ મળવો અશકય છે એ આપનોજ ઉદ્દેશ છે. તેથી વિરુદ્ધ કેમ કહો છો. પ્રિયાએ નીતિના સૂત્રથી પતિને મહાત કીધો.

જનાર્દન–સ્ત્રીઓએ પતિનું આસ્વાસન કરવું, ગૃહસંસારને અનુભવથી કેળવવો, અને ગર્ભ ધારણ કરવો, એ તેનું કર્તવ્ય છે. નહિ કે રણસંગ્રામમાં ધૂમવું.

યશોદા–પ્રાણેશ! આસ્વાસના કરવા, આનંદ આપવા, અને સર્વ કાર્યમાં સહાયનુભૂતિ પૂરવા સિવાય બીજું કાર્ય કરવા સ્ત્રીઓ ઇચ્છતિ નથી. ખડ્ગનો ખેલ કરવાનું તેમના સ્વપ્નામાં પણ નથી. બુદ્ધિમતિએ ફરી સ્વામીને મહાત કીધો.

જનાર્દન, પ્રિયાની વાકચાતુર્યતાથી જરા હસ્યો, અને બોલ્યો "ભલે વાકચાતુર્યમાં ગમે તેમ વદો, પરંતુ રણસંગ્રામમાં સાથે રહેવાથી સ્ત્રીઓ ચિંતા રહિત પતિઓને કરે એ અનુભવ સિદ્ધ થવું દુર્ઘટ છે."

યશોદા-યુક્તિ પ્રયુક્તિથી જયને સાધ્ય કરવો, એમાં આપ ક્યાં અશક્ત છો? આપે આજે મહત્ કાર્ય કીધું છે. પ્રબળ તોફાનના વંટોળીઆને, યુક્તિની ફુંક મારી શાંત કીધો છે, અને રંક અબળાઓને સાથે લાવવાનો આપે એક ફેરી ભાર ઉપાડેલો છે, તો તે ઉપાડયા સિવાય હવે ક્યાં છૂટકો છે? સ્વામી સામું પ્રેમાળ ભાવ બતાવતી, સ્વામીની પ્રશંસા કરતી, તેના ઉપર વારી જતી હોય તેવો ભાવ કરતી, યશોદા બોલી.

જનાર્દન ભાનુ–તમો બોલવામાં બડાં ખબરદાર છો; જોખમ ઉપાડવા મનેજ અગ્ર કીધો.

યશોદા-સ્ત્રીઓનો બધો ભાર સ્વામીને માથે છે. એ સિદ્ધાંત પરાપૂર્વનું સિદ્ધ થયેલું છે. પરણ્યાને પાલે અને જણ્યાને જીવાડે.

જનાર્દન-પણ ક્યાં.

યશોદા-સર્વ કાળે અને સર્વ સ્થાને.

જનાર્દન-વાહરે વાહ;

યશોદા-કંઇ છૂટયે છૂટકો છે.

જનાર્દન-શાથી ?

યશોદા-અનુમતિ આપીતી તેથી.

જનાર્દન-ભલું યાદ છે.

યશોદા-ભેંશ કુદે તે ખીલાને બળે.

જનાર્દન-વાહ!!! તમો તો હવે મહિષી થયાં; પણ તેવી બુદ્ધિ ન વાપરતાં.

સ્વામીથી પ્રિયા સહસા મહાત થઇ, તેથી લજ્જિત થઇ નીચું નિહાળી પંખો નાંખતી બોલીઃ "પ્રાણેશ ! હમ રૂં સર્વસ્વ આપનું છે. આપની અનુમતિને આધીન છીએ. અને બુદ્ધિ સર્વદા આપનાજ ઉદ્દેષથી દોરાયલી રહે છે. પછી તેને કેમ દોરવવી ? એ આપ ઉપર આધાર છે," હસમુખી સ્ત્રીએ હાસ્ય કરતાં ટઉકો કીધો.

જનાર્દન ભાતુ હવે ભોજન કરી રહ્યો હતો. તાંબુલ પ્રિયાએ ધર્યું. તે લેતાં કે, અતિકાળ થઇ ગયેલો હોવાથી, નિદ્રાંદેવીને આધીન થવા શય્યા ઉપર સૂતો. પ્રવૃત્તિની જાળ નિદ્રામાં પણ ક્યાં છૂટો છેડો કરે છે ? પ્રિયાએ નિદ્રાવશ પતિની દયાજનક સ્થિતિ ઉપર દયા લાવી આસ્વાસના કર્યા કરી. હવે આપણે આ છાવણીના બીજા ભાગ ઉપર શું થતું હતું તે નિહાળીએ.

---

## પ્રકરણ ૧૧ મું.

### નિદ્રામાં સદાશીવરાવ ભાઉ.

માયા તણો પરમ પાર ન કોઇ પામે, સ્વપના વીષે અવનવા ખેલો બતાવે;
પામે ન ભેદ જનકો મનથી વિચારી, માહા કાર્ય સારૂ પ્રભૂએ માયા પ્રસારી.

પુષ્ટ કદાવર કાઠાનો, ભવ્ય મુખમુદ્રાથી, રાજ્ય વિભૂતિથી ગર્વિત દેખાતો, ઉંચી પેસાની, અને ભરાઉ સીનાબાજ છાતીથી વીરની છાપ પાડતો, **સદાશિવરાવ ભાઉ**, શયન શય્યા ઉપર લોથપોથ થઇ પડયો હતો. એની અવ્યવસ્થિત ગુંચળાં વળેલી કેશવાળી અને ગુછાવાળી મુંછો, ચિંતાથી વ્યગ્ર થયેલી મુખમુદ્રાને ભયાનક દર્શાવતી હતી. પંચભૂતને સાક્ષી ઉત્તમ અને અધમ કૃત્યોની ઉપર નજર રાખી, અપરોક્ષ રીત

શિક્ષા દાતા થાય છે અને મનને સૂચવે છે, એટલુંજ નહિ, પરંતુ કાર્ય પ્રમાણે આનંદ અને ચિંતા બન્નેનો અનુભવ આપી, કુતૂહલ કરાવે છે. દરબારમાં બતાવેલાં વર્તનનો પશ્ચાત્તાપ નિદ્રામાં આજે **સદાશિવરાવ ભાઉ**ને જંપવા દેતો નહોતો. હજારો સૈનિકો, સામંતો અને મંત્રીઓ, આ વખતે સહાય થતા નહોતા. તે સર્વની વાહાર અંતરંગમાં મદદનીશ થવા સમર્થ નથી. ખોટું કામ કરતાં વાંચનાર, તું પણ ડરજે, કેમકે, અન્યાય રૂપી વિંછુ હજારો ગણી વેદના મનને આપે છે. એટલે આપણેજ આપણા શત્રુ થઇએ છીએ. **સદાશિવરાવ ભાઉ**ને મનોપાધિ શય્યામાં ભડકાવતી, ડરાવતી, અને વ્યગ્ર કરી લવારો કરાવતી હતી. જેનો વિવેક ઘણો જડ થઇ ગયો હોય છે, અને જે ગર્વમાં મદોન્મત્ત થઇ મોટાઇ અને યશ મેળવવા માટે પ્રયત્ન કરતો હોય છે, તેને નિરાશા ક્ષણે ક્ષણે અશાંતિમાં ડોલાવે છે.

આજે આખો દહાડો **સદાશિવરાવ ભાઉ**એ, યુદ્ધ કેવી યુક્તિથી કરવું, અને જય કેમ સંપાદન કરવો, એની તકરારમાં કહાડેલો હતો. તેમાં **બળવંતરાવ મેહેંદળે** અને **મહલાવરાવ હોલકર**ના વાણીપ્રસંગથી બહુ ગુંચવાડો થયો હતો. દરબારમાં **બળવંતરાવ**ની મહત્તા સ્થાપતાં, ન્યાયને મરજી વિરુદ્ધ ઉંધો વાળવાનું નબળાપણું બતાવ્યું હતું, પરંતુ તે વખતનો સજ્જડ ચિતાર જે એના મગજમાં ઉતરી ગયો હતો, તે રાત્રિએ એના ઉપર સત્તા ચલાવતો હતો. **ભાઉ** છેક નાદાન નહોતો કે, ન્યાયને ન સમજે. એનામાં ન્યાયબુદ્ધિ ઉત્તમ હતી. પણ તેને અમલમાં મેલવાની શક્તિ હમેશાં ભોળા મનના માણસમાં જેમ ઓછી હોય છે, તેમ તેના સંબંધમાં હતું. તેનાં ભલાં પણ નબળા મનનો લાભ દરબારમાં જૂદી રીતે લેવાયો હતો. તેનું અંતઃકરણ તેને ડંખતું હતું. હમેશાં નબળા મનના આદમી બીજાની મતિથી દોરાય છે, સત્ય ન્યાય કથતાં સ્પષ્ટ કહે છે કે, આમ કરવું યોગ્ય હતું, પરંતુ હશે એને રાજી કરવાને આમ કીધું; આમ મનને મારે છે 'પરંતુ હશે! એમ થવા દો,' એમ થવાથી મહા હાનિ થાય છે અને તે કવખતની થયેલી હાનિ કોટી વરસોએ પણ પૂરાતી નથી. એ ધ્યાનમાંથી ખસેડવા જોગ નથી. વાંચનાર! તને પણ યાદ હશે કે, હશે કરીને, તેં કેટલીક હાનિ ભોગવી હશે.

નિદ્રામાં લોચલોચ કરતા સ્વામીની આગતાસ્વાગતા કરી, પ્રિયા વારે વારે સ્વામીના કપાળ ઉપર હાથ ફેરવી, સ્નેહથી ચુંબન કરતી હતી. પતિને સ્નેહથી પાસું આપી, છાતી ઉપર હાથ પસારતી હતી. એવામાં **ભાઉ**ના મુખમાંથી, સ્વર નિકળ્યો. "આ અસત્ય કીધું કે?"

**પાર્વતી બાઈ**–"શું સ્વામી?" જાણે શુદ્ધિમાં હોય તેમ ઉલટ પ્રશ્ન કીધો.

સદાશિવરાવ–ના, ના, અરે આ તો ન્યાય નહિ, ભય છે, આ તો ગુંચવાઈ બાજી હો હો.

પાર્વતીબાઈ–શું ગુંચવાયું?

સદાશિવરાવ–અરે લેતો જા, મારો, પણ માર ખાઇશ બળવંતરાવ.

પાર્વતીબાઈ–કેમ, આપને કંઈ સુખ નથી?

સદાશિવરાવ–શું કરવું? હવે કેમ કરવું? અલ્યા નાના! ઠીક-ઠીક-ઠીક કીધું જો.

પાર્વતી મનમાં બીધી અને સ્વામીનો સરળ ઉત્તર ન મળવાથી, જરા ઢંઢોળી બોલી, "પ્રાણેશ, કેમ વારૂ, આપના જીવને કેમ છે? આવું આવું શું લવો છો? આપને આજે બહુ શ્રમ થયેલો લાગે છે." જાગ્રતિમાં નહિ આવેલો સ્વામી, લાંબા લાંબા હાથ કરતો, ઘડીમાં મૂછ ઉપર હાથ ફેરવતો, ચિત્રવિચિત્ર ચાળા કરતો બોલ્યો–"વીર પુરુષોને ભીરુ પડે છુપાવું કેમ પાલવે? અરે હજારો યવનોનો નાશ કરવાને હું સમર્થ છું. લુંટારાની પેઠે-શું-હું-હું-લુંટારો છું. અરે જો-જો-આ સપાટો." એમ કરી હાથ લાંબો કરતાં પ્રિયાના અંગમાં અથડાયો.

પાર્વતી–અરે વળી પાછું આજે આમ શાથી થયું? કેમ તમે યોગ્ય ઉત્તર આપતા નથી?

સદાશિવરાવ, ઘડીએ ને પલકે એની એ ધૂનમાં ને ધૂનમાં લવતો રહ્યો. "ના-ના-હોલકર સત્ય છે. એનો વિચાર માન્ય રાખવામાં શું નુકશાન છે? સ્ત્રીઓ, સ્ત્રીઓ, સ્ત્રીઓને માટેજ જરૂરનું છે. બસ હીરા ગળ્યા તે ગળ્યા, હવે જે થવાનું તે થાય. સ્ત્રીઓને તો સાથે રાખવી. બસ! તું મને શીખામણ દેનાર કોણ? અરે-અરે-સુરજમલ! ના-ના તમો સાચા છો; રક્ષણની જરૂર છે. અરે પણ બળવંત! તારાંજ-તારાંજ બધાં વાનાં છે." ગુસ્સામાં ને ગુસ્સામાં હાથ અફાળ્યો. પ્રિયાએ હાથને જરા સ્નેહ ભાવથી ઝાલ્યો, એટલામાં તો ઝુંમમાં ને ઝુંમમાં હાથને બળ કરી છોડવતો; બીજું પાસું ફેરવતો, લાત પછાડી બોલ્યો; "અલ્યા! કાયરો શું જુવો છો? ડરો છો શું, એ વીરનાં લક્ષણ છે કે? લાવ-લાવ મારી સમશેર. જો યુદ્ધમાં મારો સપાટો; ભલે યવનો કપટકળા રચે; હું આર્યનાં નામને એબ નહિ આપું. અરે-અરે-જે ભૂમિપર, અર્જુન, ભીષ્મ, કર્ણ અને પૃથુરાજ જેવા વીરોએ હાક વગાડી છે; તે ભૂમિ ઉપર હું કાયર ભીરુ બનું? ના-ના-ના-હું કોણ? ભાઉ! ભાઉ! ભાઉ!"

આવી સ્થિતિમાં પતિને જોઈ પ્રિયાને અધિરાઈ વધવા માંડી, મનમાં તર્કવિતર્કથી; વધારે શંકાશીળ બનવા લાગી. તેની છાતી ભયની મારીબેસી ગઈ; મુખ ગ્લાન થયું અને જીભ સૂકાવા લાગી. પરન્તુ

કહે કોને ? સહે છૂટકો હતો. સ્વામીને જાગ્રતિમાં લાવવાનું એને શિર આવી પડયું હતું, તેથી એ પરાણે પરાણે હિંમત આણી, પતિને જોરથી ઢંઢોળ્યો. સદાશિવરાવ શુદ્ધિમાં આવ્યો અને આંખ ચોળતો ચોળતો, સફાલો બેઠો થયો; "કેમ છે? તું કેમ ચિંતાતુર છે?" એમ પ્રિયા સામું દૃષ્ટિ કરી બોલ્યો.

પાર્વતી–પ્રાણેશ! પ્રાણેશ! પ્રકૃતિને કેમ છે?

સદાશિવરાવ–સ્વસ્થ છે.

પાર્વતી–ના-ના, મારાથી છુપાવો ના, આજે કંઈ ચેન જણાતું નથી.

સદાશિવરાવ–આજના શ્રમથી હું થાકી ગયો છું; અને તેથી મારા હમ્મેશના સ્વભાવ પ્રમાણે થયું હશે.

પાર્વતી–હા, આપ નિદ્રામાં આજે ઘણું બોલ્યા અને તેથી હું ચિંતાતુર વિશેષ થઈ. એવું આજનું વર્તમાન શું છે?

સદાશિવરાવ–આજના વર્તમાનમાં મુખ્ય તમારોજ વિષય તકરારી છે. ઘણા કાલથી જે થતું આવ્યું નથી, તે ઉપર સામાન્યપણે સર્વને અપ્રીતિ હોય છે, તેમ તેમાં હાનિ થવાનો સંભવ ધરાય છે.

પાર્વતી–મારાથી હાનિ શું?

સદાશિવરાવ–તમારા એકલા માટે નથી, પરંતુ તમારા આખા વર્ગ માટે છે.

પાર્વતી–હા! હું સમજી, ત્યારે શું આપ સ્ત્રીઓને સાથે નહિ રાખો? જ્યારે અનુભવ નહિ આપો ત્યારે અનુભવાશે ક્યારે?

સદાશિવરાવ–મારૂં મન એકે વાત નિશ્ચય કરતું નથી. ડગમગે છે.

પાર્વતી–પ્રાણેશ સંશયાત્મક વૃત્તિ ન રાખો, જે સિદ્ધાંત આપે કીધો છે, તે હવે ફેરવતા નહિ.

સદાશિવરાવ–હા, દૃઢ નિશ્ચય ન રાખવાથી જગતની આગળ હલકા પડયા છીએ.

પાર્વતી–પ્રાણેશ! આપથી જરા પણ અળગી કરતા ના, સર્વનો રક્ષક પ્રભુ છે.

સદાશિવરાવ–"મારૂં કર્તવ્ય હું સારી પેઠે જાણું છું. જે વાત થઇ ગઇ છે. તેને ફેરવી દુનિયાંને હસાવીસ નહીં.

પ્રિયાએ સ્વામીના મતને અનુમતિ આપતાં, પ્રેમચિહ્ન કીધું; અને સ્નેહ બતાવતાં પ્રશ્ન કીધો, "પ્રાણેશ! હજી ચિત્ત સ્વસ્થ થયેલું કેમ જણાતું નથી."

સ્વામીએ પ્રેમકટાક્ષ નાખતાં પ્રતિઉત્તર દીધો કે, "હા, જરા એમ છે ખરૂં."

પાર્વતીબાઇ—એવું શું કારણ છે?

સદાશિવરાવ ભાઉ–તે તમને કહેવાથી કંઇ લાભ નથી.

પાર્વતીબાઇ–ત્યારે શું કંઇ હાનિ છે.

સદાશિવરાવ ભાઉ–ના તેમ પણ નથી.

પ્રિયાએ પ્રેમકટાક્ષ નાંખતાં કહ્યું, "ના, ત્યારે તો કહો."

સદાશિવરાવ ભાઉ–મેં વિલક્ષણ સ્વપ્નસ્થિતિ અનુભવી છે. તેનો ચિતાર વારે વારે મારા મનમાં તરી આવવાથી, મનને કળ વળતી નથી.

પાર્વતી–કૃપા કરી કહો. મનનો બોજો બહાર કહાડવાથી ભાર ઓછો થાય છે.

સદાશિવરાવ–"સ્વપ્ન અવર્ણનીય વિલક્ષણ છે. પણ ઘણો ભાગ યાદ છે. તે સાંભળ. અગાધ જળમય સમુદ્રમાં, રત્નજડિત નૌકા દ્રષ્ટિ-ગોચર થઇ. તેમાં થતો મધુર વાદિત્રધ્વનિ મનને લલચાવતો હતો. નૌકા સુંદર વસંતી વાવટાઓથી અલંકૃત થયેલી, મનોહર બની હતી. સુગંધિત પુષ્પતોરણો ફરફરી રહેલાં હતાં. સુકાનીઓ ગૌર વર્ણવાળા ને સુવર્ણ મુગટધારી હતા. તેના દરેક બાહુ સાથે સુંદર રેશમ જેવી સુંવાળી પાંખો હતી. દરેક નાવિકના ગળામાં રૂદ્રાક્ષની માળાઓ, તથા કાનમાં કુંડળ હતાં. એ નૌકા ઉપર એક નવયૌવના અદ્દભૂત સૌન્દર્યતાની અધિદેવી સત્તાધીશ હતી. તેના ગળામાં સફેત કમળપુષ્પની માળા અંકિત થયેલી હતી. કેશપાશ મનોહર હતા. ચક્ષુ સુશીળ અને તપ-સ્વીનાં જેવાં નિર્મળ હતાં. મુખમંડળ તેજના મહાન ગૌરવથી સર્વ પ્રત્યે મમતા ભરેલો ભાવ ઉત્પન્ન કરે એવું હતું. ઘણી સહચરીઓથી તે વીંટાયલી હતી. ગગનમંડળ સુધી ઉછાળા મારતી નૌકા સપાટાબંધ મારી સન્મુખ આવી. એટલામાં ગાઢ અંધકાર પસરી ગયો. હવે દૃષ્ટિએ કામ કરવાનું બંધ કર્યું. એટલે સુવર્ણ તેજોમય સૂર્યનારાયણ, સુવર્ણની ધારા વરસાવતો દૃષ્ટિગોચર થયો. સુવર્ણ ધારા જળમાં કુતૂહળ કરે છે, તે સાથે મેઘ સુવર્ણવૃષ્ટિ કરતો ગગન મંડળને તેજોમય કરી રહ્યો છે. તેમાંથી મહા પ્રચંડ ધ્વનિ થઇ, આકાશ મંડળના બે ભાગ થયા. તેમાંથી એક શૂર પુરૂષ દ્રષ્ટિગોચર થયો. તે આબેહુબ વિશ્વાસ-રાવને મળતો હતો, અને યત્કિંચિત્ પણ સંદેહ નથી કે, તે વિશ્વાસરાવ નોહોતો. આ વખતે વિશ્વાસરાવે મનોહર પીતવસ્ત્ર ધારણ કર્યાં હતાં. રત્ન જડિત શિરપેચ ચળકી રહ્યો હતો. કાનમાં મોતીનાં ચોકડાં હીંચોળી રહ્યાં હતાં. બાહુમાં પાણીદાર બાજુબંધ ચમકી રહ્યા હતા. ગળામાં મોતીનો કંઠો, તથા કમરે સુવર્ણકટી મેખલા દીપી રહી હતી. હાથમ ધનુષ્ય દીપી રહ્યું હતું, કમળ જેવી મનોહર ચક્ષુ, શૌર્ય તેજથી દીપેલી, વીરપુરૂષનું ભાન કરાવતી હતી. વિશ્વાસરાવે વીરહાક કરી, ભૂમંડળ તરફ કુદકો માર્યો. હું તટસ્થ થઇ ગયો. રત્નજડિત નૌકાની અધિ-

દેવીએ પ્રેમ લાવણ્યે બાહુ પસારી, વિશ્વાસરાવને ઝાલી લીધો. નૌકા ગેબ થઇ ગઇ અને મારા હાંજા ગગડી ગયા. એટલામાં ઘોર અંધકાર થયું. તેમાં ડોકીયાં કરતો ચંદ્રમા હાસ્ય કરતો દૃષ્ટિ ગોચર થયો, તેનાં રૂપેરી કીરણમાંથી એક વિદ્યુત કાંતિમય સુંદરી પ્રગટ થતાં દીઠી. પૂર્ણિમાંના સ્વચ્છ ચંદ્રમાના જેવું તેનું મુખ, કમાનદાર મનોહર તેની ભમરો, મૃગ જેવાં કાળાં અણીઆળાં બન્તે નેત્રો, માંસ વડે કરીને હાથીના બાળકની જંઘા સમાન પુષ્ટ તેની જંઘા તથા સ્તન, પ્રવાળ જેવા રક્ત પાતળા હોઠ, રાતા માણેક જેવા ચળકતા ઉપસેલા નખ, શુદ્ધ ત્રાંબાના રંગ જેવી લાલ તેની આંગળીઓ, કમળ જેવી કોમળ તેની હથેલીઓ, કુંદના પુષ્પની કળિયો સમાન તેના દંતની પંક્તિ, કાળા સૂક્ષ્મ, અને વ્યવસ્થિત કરેલા તેના કેશ, જાણે કામદેવની પ્રિયા રતી હોય, એવી, સર્વાંગે દીપતી, મારી સન્મુખ આવી, મારાપર દૃષ્ટિપાત કીધો. હું ઘટિકા માત્ર ચલિત થયો. એવામાં તારી મનોહર સુખમુદ્રા, મારો ડાબો હાથ ઝાલી ઉભી રહી. તારી મનોહરતા અદ્ભુત લાગી. તારો છૂટો ચોટલો કમર સુધી ઝૂલતો હતો. દેહરત્ન જાણે ચિત્રપટ ઉપર આળખેલું હોય તેમ લાગતું હતું. તારાં લોચન વિશાળ, અતિ સ્થિર તથા ગંભિર તેજોમય દેખાતાં હતાં. વિખરાયલી વેણીઓથી ખભા ઢંકાયલા હતા. તેના મધ્યમાં પુષ્પની વેણીઓ, ગુંથેલી લટકી રહેલી હતી. કપાળમાં કુંમકુંમનું પીયેળ તથા હાથમાં હાથીદાંતનો રત્નજડિત રક્ત ચુડલો ચળકી રહ્યો હતો, તારા તથા સુકુમાર સુંદરીના વચ્ચે દૃષ્ટિપાત થયો. મેં પુછ્યું, "તું કોણ છે?" તેણે પ્રતિઉત્તર દીધું. "મને પૂછવાનો તને અધિકાર નથી." મેં પૂછ્યું "શાથી?" તેણે કહ્યું, "તે તું સમજી શકીશ નહિ."

"આ સંવાદનો અંત થતાં પહેલાં પ્રચંડ ઘોષ કરતી મહાકાળી ભૈરવી, પોતાના મંડળ સહિત ભય આપતી દૃષ્ટિએ પડી. મહાકાળીની લાંબી લબડતી જીભ અને ક્રોધાગ્નિથી દેવતા જેવી દીપતી ચક્ષુઓમાંથી ઝરતો અગ્નિ, ભય આપતો હતો. ગળામાં લોહીથી ટપકતાં માથાંઓની માળામાંથી ટપકતું લોહી, વિકાળપણાની પરિસીમા દર્શાવતું હતું. મુંડ માળામાં નીચે મુજબનાં પુરુષોનાં મસ્તકો નજરે પડયાં. બળવંતરાવ ગણપત, ગંગાધર નારાયણ, ઇબ્રાહીમખાન ગાર્ડી, અમૃતરાય ચવલે, ગોવિંદપંત બુંદેલે, નારાયણ સીંગરેડે, કૃષ્ણાજી મોરે, શોનજી શિરકે, અહિરરામ રજપૂત, રામરાવ રાણે, મલ્હારરાવ વાઘ, દેવિદાસ રજપૂત, જાવજી જાદવ, ગણેશ રામચંદ્ર શિરોળે વિગેરે.

"વિકાળ કાળીના ભૈરવીમંડળે મહા કોલાહલ કરી મૂકયો. કાળકાની ભયાનક ગર્જનાએ પૃથ્વી તથા આકાશનો અંતરાળ ગજાવી મૂકયું.

કાળની મહા ગર્જના સાથે વિવિધ શક્તિઓ દૃષ્ટિગોચર થઇઓ. વૃષભ ઉપર બેઠેલી, ઉત્તમ ત્રિશૂળ ઝાલેલું, મોટા ભુજંગ શરીરે વીંટેલા અને ચંદ્રરેખાના અલંકારથી અલંકારાએલી શિવા, કુમારરૂપ અંબિકા, હાથમાં શક્તિ ધારણ કરી, મયૂર ઉપર બેઠેલી, કાર્તિકસ્વામીની શક્તિ, તેની સાથે ગરુડ ઉપર આરૂઢ થયેલી, શંખ, ચક્ર, ગદા, ધનુષ્ય, તથા ખડ્ગથી દીપતી વિષ્ણુની શક્તિ, તથા વારાહ તથા સિંહ ઉપર આરૂઢ થયેલી, કેશવાળી ફડફડાવી રહેલી, વિષ્ણુની બીજી શક્તિઓ, તેની સાથે હાથી ઉપર બેઠેલી, સહસ્ર ચક્ષુવાળી ઇંદ્રની શક્તિ, એ સર્વે શક્તિઓ મસ્ત બની સંહાર કરતી કરતી, મારી આગળ પાછળ ફરી વળી. એટલામાં જટાધારી મહાપુરુષે ત્રિશૂળનો મહા પ્રહાર કરી, ભયાનક ગર્જના કરી. હું ભયથી કંપી ગયો. જીવન આશાની મર્યાદાનો અંત આવ્યો જણાયો. મારી ચક્ષુ ભયની મારી વીંચાઈ ગઈ. મહા પુરુષે મારો હાથ ઝાલી ભરસમુદ્રમાં નાંખ્યો. સમુદ્રના એક તરંગે મને રત્નજડિત નૌકાનું દર્શન કરાવ્યું. રત્નજડિત નૌકાની અધિદેવીની આજ્ઞાથી જે સુશીલા તારી સાથે વાદ કરતી હતી, તે આવી મને નૌકા ઉપર લઈ ગઇ. નૌકા માહા દિવ્ય હતી. નૌકાનું વર્ણન અવર્ણનીય છે. તેમાં શ્રેષ્ઠ સુંદર આસન ઉપર વિશ્વાસરાવને દીઠો. વિશ્વાસરાવે મારા પ્રત્યે ધસી આવી આલિંગન દીધું. એટલામાં અંધકારની ભયંકરતા દૃષ્ટિગોચર થઇ. નૌકા અને સમુદ્ર અદૃષ્ય થયાં. અવર્ણનીય પાહાડનું શિખર દૃષ્ટિગોચર થયું. ત્યાં સર્વ સુખની પરિસીમા વરસેલી લાગી. એક બાજુએ બળવંતરાવ ગણપત પોતાની ધર્મપત્ની સહિત હજારો અપ્સરા સાથે વિહાર કરી રહ્યો હતો, ત્યારે બીજી બાજુએ ગોવિંદપંથ બુંદેલે પ્રિયાને અંકમાં લઇ નૃત્ય આલાપ શ્રવણ કરી રહ્યો હતો. કોઇ કોઇની દરકાર કરતું નહોતું. અનેક સુખદ કૌતુકની પરિસીમા અલૌકિકતા દર્શાવી રહી હતી. મને જોઇ નૌકા ઉપર સત્તા દર્શાવનારી અધિદેવી મારા સામું સત્કારપૂર્વક આવી, સ્નેહમય દૃષ્ટિથી મને શાંતિ આપી. મેં તેને પૂછ્યું. "હું અહીંયાં ક્યાં સુધી રહીશ?"

અધિદેવીએ કહ્યું. "તે કહેવાનો મને અધિકાર નથી."

મેં કહ્યું; "મારે બહુ કામ છે. ભારત ભૂમિની આશા તલશે છે."

અધિદેવીએ કહ્યું; "અનાચારી, અધર્મી, દેશદ્રોહીને સ્વતંત્રતા મળનાર નથી. દેશદ્રોહીને શીર પરતંત્રતાનું બંધન ટળનાર નથી. મિથ્યા ઇચ્છા તજ."

મેં કહ્યું; "એ ઇચ્છા છોડાય એમ નથી."

અધિદેવીએ કહ્યું; "સદાચાર, સત્ય, સંપ, અને સાથે અડગ દૃઢતા વિના સ્વતંત્રતા આવતી નથી. તે આવેથી ઇચ્છા ફળશે."

મેં પૂછ્યું, "પણ હાલ શું?"

તેણે કહ્યું, "પાછળ ફરી જો." મેં પીઠ પાછળ નજર કરી તો, ભૂમંડળ **યવનોથી** ભરાઇ ગયું છે. લોહીની ધારાથી નદીઓ વહી રહી છે અને સર્વ સ્થળે ભયંકરતા શિવાય બીજું નથી. એટલામાં સમુદ્રમાંથી તામ્રમુખા વાનરોની મહા સંખ્યા ભૂમંડળ ઉપર ધસી આવી. તેમણે યવનોનાં શીર ઉપર પગ દીધા, અને તેમને આધીન કરી, નચાવવા માંડયા. આ શું? વાનરો; હા, વાનરો યવનોને નચાવે છે, અને તે નાચે છે. મેં અધિદેવીને પૂછ્યું, "આ શું? તેણે કંઇ જવાબ દીધો નહિ. કપાળ ઉપર હાથ મૂકયો. હું સમજ્યો નહિ. એટલામાં પ્રચંડ ધ્વનિ થયો તેથી હું આકુળ વ્યાકુળ થયો. તે વ્યાકુળતામાં આજના દરબારની ભ્રમણતાએ મન ભ્રમિત કર્યું હતું. તેમાં **હોલકર**, **સિંધિયા**, અને **સુરજમલનું** કુતૂહળ દૃષ્ટિસન્મુખ આવ્યું. એટલામાં તેં મને જગાડયો."

**પાર્વતીએ** આકાશની તરફ જોઇને કહ્યું, "જગદીશ્વર કૃપા કરો." એમ એકદમ કહેતાં કહેતાં આંસુ પડવા લાગ્યાં.

**સદાશિવરાવે** **પાર્વતીના** બન્ને હાથ પકડી હૃદય સાથે ચાંપ્યા. બન્નેથી કંઇ બોલાતું નહોતું. હૃદયની અનિષ્ટસૂચક ભ્રમણાની ચિંતા સજળ નયનદ્વારા એક બીજાનું મન દર્શાવતું હતું.

**પાર્વતીએ** ઉદ્વેગયુક્ત કંપિત સ્વરથી કહ્યું: "પ્રાણેશ! આ સ્વપ્નભાવ મને કંપાવે છે."

**સદાશિવરાવે** ધીરજથી શાંતિ આપતાં કહ્યું: "સ્વપ્નની વાતો ખરી હોતી નથી. તીક્ષ્ણ તરવાર ભવાનીની કૃપાથી ઝાલી છે, તેનો ભાર તેને શીર છે. આવાં સ્વપ્નો વિસ્મૃતિના મહાસાગરમાં ડુબાવી દેવાં યોગ્ય છે."

પતિપ્રાણા સાધવીએ પતિની આજ્ઞા માનીને શાંતિ મેળવી.

આ સર્વ વાતચીત થયા પછી **સદાશિવરાવ** પ્રિયાના ખોળામાં માથું મૂકીને સૂતો. **સીતાની** પઠેમ સ્વામીનું માથું ખોળામાં લઇને પંખો હલાવતી પતિપ્રાણા પ્રેમકુતૂહળ કરતી બેઠી ને સ્વામીએ શાંત નિંદ્રા લીધી.

# પ્રકરણ ૧૨ મું.

## * સદાશિવરાવ ભાઉનું પીછાન.

શુદ્ધ શુશીળ કુળમાં શુભ જન્મધારી;
વીજય વિનોદ થકી કીર્તિ જગે પસારી;
શૌર્યે થકિ રણ ચહડી શત્રુ હણે છે;
ભૂમંડળે ભવિષ્ય તે ઉજવળ કરે છે.

**સદાશિવરાવ ભાઉ** સાથે આપણે પ્રથમથી પરિચય છે. એનું ઓળખાણ આ સ્થળે આપવું યોગ્ય લાગે છે.

**શ્રીવર્ધન** નામે ગામમાં સને ૧૬૭૯ માં, **વિસાજીપંત જનાર્દન** પંત **ભટ** નામે ગૃહસ્થ વસતો હતો. તે ત્યાંના **દેશમુખ** તથા **કુળકરણી** તરીકે કામ કરી, સંતોષથી પોતાનો ગૃહસ્થાશ્રમ નભાવતો હતો. તેને બીજા પુત્રો સાથે **બાલાજીપંત** ઉર્ફે **બાળકૃષ્ણ** નામેનું પુત્ર હતો. **બાળાજીપંત** રૂપસંપન્ન તેમ ગુણસંપન્ન હતો. તે સ્વભાવે મીલનસાર, મર્યાદશીળ, તીવ્રબુદ્ધિવાળો, સાહસિક તેમ ધૈર્યવાન, ઉદ્યોગી, વેદધર્મ-પરાયણ, નીતિવાન, અને દ્રઢ નિશ્ચયવાળો હતો. તેનાં લગ્ન **મલ્હાર દાદાજી બર્વે**ની પુત્રી **રાધાબાઈ** સાથે થયાં હતાં. **બાળાજી પંતને** રાધાબાઇથી સને ૧૬૯૫ માં **બાજીરાવ** નામે પુત્ર થયો. જે ઇતિહાસના પાછલા ભાગ ઉપર **શ્રીમંત બાજીરાવ બલ્લાલ પેશવા પંતપ્રધાનના** નામથી પ્રસિદ્ધિમાં આવ્યો; અને તેના **જન્મ** પછી એ ત્રણ વર્ષે **ચીમાજી આપા** નામે બીજો પુત્ર થયો હતો. આ શિવાય **બાલાજી-**

---

* જનાર્દન પંત ભટ
- વિશાજી પંત
  - બાળાજી પંત
    - બાજીરાવ પેશવા
      - કાસીબાઇ
      - મસ્તાની
    - ચિમાજી આપા
      - રખમાબાઇ
      - અન્નપૂર્ણા ઉરફે અનુબાઇ
        - સદાશિવરાવ ભાઉ
          - પાર્વતિબાઇ
        - બયાબાઈ
    - ભિઉબાઇ
    - અનુબાઇ

પંતને ભીઉબાઇ તથા આનુબાઇ નામની બે પુત્રીઓ હતી, તેમાં ભીઉબાઇને બારામતીકર બાપુજી નાયક જોશીના ભાઇ, આબાજી નાયક સાથે પરણાવી હતી અને બીજી પુત્રી આનુબાઇને ઇચલકરંજીકરના જાગીરદાર નારાયણરાવ ઘોરપડેને પરણાવી હતી.

બાલાજીરાવનાં લગ્ન, ગર્ભશ્રીમંત ચાસકર જોશી બળવંતરાવની પુત્રી કાશીબાઇ સાથે થયાં હતાં અને ચીમાજી આપાનાં લગ્ન વિશ્વનાથપંત પેંથેની પુત્રી રખમાબાઇ સાથે થયાં હતાં. રખમાબાઇ સ્વભાવે ઉદાર, ગંભીર, હીંમતવાળી, સ્વધર્મશીળ, પતિપરાયણ હતી; પરંતુ અભિમાની અને હઠીલી હતી. તો પણ પતિ પત્નીનો પ્રેમ અનિર્વચનીય હતો. ચીમાજી આપાને બીજી સ્ત્રી નામે *અન્નપૂર્ણા ઉર્ફે અનુબાઇ નામે હતી. સતિ સાધવી *અન્નપૂર્ણાબાઇથી સાકે ૧૬૫૨ ના શ્રાવણ સુદ ૪ થે સદાશિવરાવ નામે પુત્ર થયો. જેને ભાઉના ઉપનામથી આપણે જાણીએ છીએ. સદાશિવરાવ ભાઉનાં લગ્ન ભીકાજી નાયક કોલટકરની કન્યા પાર્વતીબાઇ નામની પવિત્ર કુલાંગના સાથે થયાં હતાં.

સને ૧૭૪૧ ના જાનેવારી માસમાં ચીમાજી આપા સતારામાં સ્વર્ગવાસી થયા. એ વખતે સદાશિવરાવ ભાઉ તેમની પાસે હતો. તેણે પિતાના મરણનું વરસ શોકમાં પસાર થવા દીધું ને તેની સાંવત્સરિક ક્રિયા પૂર્ણ થતાંજ પુરુષાર્થ માટે મનને દોર્યું. એ અરસામાં સતારે, સાહુ મહારાજની મુલાકાત સારૂ બાલાજી બાજીરાવ પધાર્યા. તે સમયે સાહુમહારાજે પિતા વિનાના પુત્રની દયા ખાઇ, બાલાજી બાજીરાવને પ્રશ્ન કીધોઃ—"સદોબાને શું પુને લઇ જવાના નથી?" પ્રશ્નના પ્રતિઉત્તરમાં શ્રીમંત પેશવા સરકારે જણાવ્યું, "એ મારૂં કાળજું છે. એની વૃત્તિ શાંત થવા અત્રે રાખ્યો હતો. હાલ હું લઇ જનાર છું." સ્વારી પુને પાછી ફરતી વખતે સદાશિવરાવને સ્નેહપૂર્વક સાથે લીધો. આ વર્તમાન પિતા રહિત થયેલા પુત્ર માટે, જેમ જનસમાજમાં સંતોષકારક ગણાયું હતું, તેમ જનાનામાં થયું નહોતું. રાજ્યદ્વારી કલેશની પરિસીમા ઉપર જેણે દૃષ્ટિ દોડાવી હશે, તેના અનુમાનમાં આવ્યું હશેજ, અને અમે વધારે સ્પષ્ટ કરીને જણાવીએ છીએ કે, શ્રીમંત ગોપિકાબાઇ આથી હર્ષિત થયાં નહોતાં. તેણે પતિને ભંભેર્યો. "આપણી સંતતિનું ઠેકાણું નથી, અને આવાં વિપરીત બળને વધારી શું લહાણ કહાડશો." શ્રીમંતે શાંતિથી ચુપકી પકડી, પ્રતિઉત્તર દીધું નહિ, પરંતુ પ્રિયાએ મેલેલાં ઝેરી બાણે ખાલી બાર જવા દીધો નહોતો. સદાશિવરાવને પુને આણ્યા પછી, તેને રાજ્ય કારોબારમાં કંઇ ભાગ

* અન્નપૂર્ણા ઉર્ફે અનુબાઇ, ચીમાજી આપાની પાછળ પુના મુકામે ઓંકારેશ્વર આગળ સતી થઇ હતી.

આપવામાં આવતો નહોતો. કેવળ **શ્રીમંત પેશવા સરકાર** સાથે પંક્તિ ભોજન સિવાય બીજો લાભ નહોતો. **સદાશિવરાવ** બાહોશ અને ઉદ્યોગી હતો, તેથી દરેક પ્રકારના કામકાજની માહિતગારી મેળવવા દફ્તરી કામ કરવામાં ગુંથાયલો રહેતો હતો.

એવી રીતે વર્ષ દોઢ વર્ષ વીત્યા બાદ, એક દિવસે એવો પ્રસંગ આવ્યો કે, **રામચંદ્રબાવા શેણવીને શ્રી**મંત સરકારે રાજ્યકારોબારમાં હાથ ન ઘાલવા આજ્ઞા કરી. જો કે, **રામચંદ્રબાવા શેણવી** દરરોજ દરબારમાં આવતા હતા, પરંતુ રાજકારોબારમાં તેમની કંઈ સંમતિ લેવાતી નહોતી. એટલુંજ નહિ, પરંતુ તેમની સાથે વાતચિતનો પ્રસંગ રાખવા‌ને પણ, મુત્સદ્દી વર્ગને મનાઈ થઈ હતી; તેથી **રામચંદ્રબાવા** સમયનો દાવ સાંધવા, ચુપકીથી રાજ્યદરબારનું વર્તન નિહાળ્યા કરતો હતો. એની દૃષ્ટિ **સદાશિવરાવ** પ્રત્યે ગઇ. રાજ્યદરબારમાં ઉછરેલા મુત્સદ્દીને આથી મોહોટી આશા ઉત્પન્ન થઈ, અને તે આશાની અભિલાશામાં રાજ્યકુળના વીરપુરુષને મુત્સદ્દી પેચની ગુંટી પાઈ, પીંજરામાં પુરાયલા સિંહને બળિષ્ટ કરી, પોતાના બળને પ્રબળ કરવા ધાર્યું. ઘણા પ્રયત્ને એક સમયે, સમયની અનુકૂળતા સાંધી, **સદાશિવરાવ ભાઉ** દફ્તર લખતો હતો ત્યાં જઈ બેઠો, અને અનુકૂળતા વિચારી, **રામચંદ્ર** પોતાની જગ્યાએથી બેઠો બેઠો બોલ્યો કે, "હું જાણતો હતો કે વીરપુત્રમાં કંઈ મહા વીરત્વ હશે, પરંતુ તમો તો બેઠા બેઠા ખરડા ઘસરડો છો." આ શબ્દધ્વનિએ **ભાઉ**ને સતેજ કીધો. તેણે લખવાનું ડોળ ઘાલી પ્રતિઉત્તર દીધું; "સિંહ શીયાળ થતો નથી અને સિંહણનું દૂધ સુવર્ણપાત્ર સિવાય જેરવાતું નથી. પાણી છે પણ પ્રસંગે!" આ માર્મિક વાણી વિનોદે ઉભયમાં સ્નેહ ઉત્પન્ન કીધો, અને તે સ્નેહપાશ જેમ સબળ થતો ગયો, તેમ તેમ રાજ્યદ્વારી પ્રપંચની જાળ ગુંથાવા માંડી. પ્રથમ સૂત્રમાં **રામચંદ્રબાવા શેણવીએ ભાઉ**ને ભણાવ્યું કે, "તમો દફ્તરો લખવાનું કામ કર્યા કરો એ યોગ્ય નથીઃ તમને દફ્તરી કામની માહિતી મળી ચૂકી છે, હવે તમે પ્રસંગવસાત્ ધીમા ધીમા **શ્રીમંત સરકાર** જ્યાં રાજ્યકારોબાર ચલાવવા બેસે છે, ત્યાં બેસતા રહેો. **શ્રીમંત સરકાર** તમોને ત્યાંથી વિવેકને ખાતર ઉઠાડી શકશે નહિ; પરંતુ આ સૂત્રની પુષ્ટિમાં તમને એમ પણ જણાવું છું કે, જ્યાં સૂધી સંપૂર્ણ કાર્ય સિદ્ધિનો વખત આવે નહિ, ત્યાં સૂધી તમો રાજ્યકારોબારના કોઇ પણ કામમાં બોલતા નહિ, એટલુંજ નહિ. પરંતુ સામાન્ય રાજ્યદ્વારી કામમાં જ્યાંસૂધી **શ્રીમંત સરકાર** પૂછે નહિ, ત્યાંસૂધી જરા ટાપસી પણ પૂરતા નહિ." આવી રીતે **ભાઉસાહેબે** બીજા ચાર પાંચ માસ ગત કરી નાંખ્યા. એટલામાં એવો વખત આવ્યો

કે, એક દિવસે મોટું દરબાર ભરાયું હતું તેમાં સરદાર વર્ગ સાથે મુત્સદ્દી વર્ગ પણ બિરાજ્યો હતો, અને તેમાં **રામચંદ્રબાવા શેણવી** પણ હતો. એ દરબારમાં કર્ણાટકમાં બંડ થયું હતું, તે શમાવવાનો વિષય નિકળતાં, **શ્રીમંત બાલાજી બાજીરાવ** બોલ્યાઃ "આ બંડનો બંદોબસ્ત કરવા કોને મોકલીશું?"

આ અવાજ નિકળતાંજ **રામચંદ્રબાવા શેણવીએ સદાશિવરાવને** નીશાની કરી સૂચવ્યું, "સમયનો લાભ લો," અને **શ્રીમંત** સરકારનું બોલવું પૂરૂં થતાં, બોલવાની સંધિ આવતાં, **ભાઉ**એ ઉભા થઈ નમ્ર સ્વરે વિનંતિ કરી કે, "મને આજ્ઞા કરો તો, સ્વામીના પ્રતાપથી, કર્ણાટકના બંડનો બંદોબસ્ત કરવા જવા તત્પર છું." આ વચન સાંભળતાંજ **શ્રી**મંત સરકારે પ્રતિઉત્તર કર્યો કે, "**ભાઉ**! તું હજી મારી દૃષ્ટિથી બહાર ગયો નથી, રણરંગ તેં ખેડયો નથી, છતાં તારા માથા ઉપર આવો ભાર મૂકવાની કેમ રજા આપું?"

"મહારાજ! સર્વ પ્રતાપ આપના પુણ્યનો છે. મારા બળ ઉપર વિચાર કરવો યોગ્ય નથી. સ્વામીની કૃપાથી સર્વત્ર જય જોઉં છું," **ભાઉ**એ નમ્ર સ્વરે ગંભીરતાથી કહ્યું. **શ્રી**મંત સરકારે આજ્ઞા કરી "**ભાઉ**! મુહૂર્ત ચોખું છે, જાવ અને જય કરો."

**ભાઉ**એ નમસ્કાર કરી આજ્ઞા માથે ચડાવી, અને લશ્કરને કુચ કરવાની આજ્ઞા થતાંજ, લશ્કરનું આધિપત્ય ધારણ કરી, પ્રયાણ શરૂ કીધું. આ સમયે **રામચન્દ્ર બાવા શેણવી** તેમને ઘેર જઈ મળ્યા અને **ભાઉ**ને સૂચવ્યું કે, મને બાતમી ઉપરથી જણાયછે કે, **શ્રી**મંત સરકારનો વિચાર ફરશે, અને તેથી તમને પાછા બોલાવવા **સાંઢણી** આવશે. માટે હાલ તુરત વીશ કોશ દૂર મુકામ રાખજો, અને ત્યાંથી આપ પાછા ફરતા નહિ. **શ્રી**મંતના પત્રના પ્રતિઉત્તરમાં લખજો કે, 'સ્વામી રાજ્યાસન ઉપર આરૂઢ થયેલા છો, અને હું બેરોજગારી છું. પુરુષાર્થ રહિત બેસવું એ આપણા કુળનો ધર્મ નથી. આ લશ્કરના બંદોબસ્ત સારૂ આપને યોગ્ય લાગે તેને મોકલજો, મને કોલાપુરના રાજ્યમંડળ તરફથી બોલાવવામાં આવ્યો છે, માટે પેટને સારૂ હું ત્યાં જઈશ." આવું કહેતાંની સાથે, **રામચંદ્ર બાવા શેણવીએ ભાઉ** સાહેબ જોગો કોલાપુરના રાજ્યમંડળ તરફનો પત્ર આણ્યો હતો તે રજુ કર્યો. તે પત્રમાં કોલાપુરના રાજમંડળે **ભાઉ**સાહેબને ત્રણ કિલ્લા અને પાંચ હજારની જાગીર આપવાની કબૂલાત કરી હતી.

ઉપલા સંકેતને આધારે **સદાશિવરાવ ભાઉ**એ વીશ કોશ દૂર મુકામ કીધો. જ્યારે આ વર્તમાનની ખબર જનાનખાનામાં ગઈ, ત્યારે **ભાઉ** જેવા પિત્રાઇને કર્ણાટકના બંદોબસ્ત સારૂ મોકલ્યો એ વાત,

શ્રીમંત સૌભાગ્યવતી ગોપિકાબાઇને નાપસંદ પડી, અને તેથી સંસારી ક્લેશે રાજદ્વારી વિષયમાં હાથ ઘાલ્યો. શ્રીમંત સરકારે પ્રિયાની જીદથી, કે ભ્રમમાં ભરમાઇને,સદાશિવરા ભાઉને પાછા બોલાવવા સાંઢણી મોકલી. સાંઢણી સ્વારે રાત્રીએ અને રાત્રીએ જઇ ભાઉસાહેબને ચીઠ્ઠી આપવા સાથે સંદેશો કહ્યો કે, "આને આજ સમયે મહારાજ આપને બોલાવે છે." આ પત્રના પ્રતિઉત્તરમાં તત્ક્ષણે ભાઉએ લખી વાળ્યું કે,"આપના લશ્કરને સંભાળવા સારૂ આપને મોકલવો હોય તેને મોકલજો, મને કોલાપુરના રાજા સાહેબ તરફથી બોલાવવા આવ્યું છે, ત્યાં જાઉં છું." આવો પ્રતિઉત્તર લખી આપી, સાંઢણીને પાછી રવાને કરી. સૂર્ય ઉદય થતાં શ્રીમંત સરકારની હવેલીએ સાંઢણી જઇ પહોંચી; અને શ્રીમંત શ્રીના હાથમાં પ્રતિઉત્તર મૂક્યો. વાંચતાંજ શ્રીમંત બાલાજી બાજીરાવ ગભરાયા, અને ઉંડો વિચાર કરતાં, આ સર્વ ખટપટનું કારણ રામચંદ્ર બાવા શેણવી છે, એમ શોધી કહાડયું; અને પ્રતિકૂળને અનુકૂળ કરવા પ્રતિકૂળની અનુકૂળતાવાળાની જરૂર છે, એ સિદ્ધાંતને અનુસારે રામચંદ્ર બાવા શેણવીને પોતાની સાથે લઇ, શ્રીમંત સરકાર, ભાઉસાહેબનો મુકામ હતો ત્યાં ગયા. શ્રીમંત બાલાજી બાજીરાવ અને ભાઉની મુલાકાત થઇ; એક જાનાં ચક્ષુ મળતાંજ શ્રીમંત સરકારે પ્રશ્ન કર્યો, "કેમ રે ભાઉ! તારા મનમાં શું છે? જે હોય તે સત્ય કહે." ભાઉએ પ્રતિઉત્તર "દીધો; મહારાજ! મારા મનમાં આ વિષય સંબંધી કંઇ નથી. સ્વામીનું રાજ્યાસન અમર રહો, પરંતુ સેવકને કંઇ નિર્વાહ માટે જોઇએ, એ આપ યોગ્ય વિચારશો. અને તેને માટે કોલ્હાપુરના માહારાજશ્રીએ મને બોલાવવા આ પત્ર મોકલ્યો છે, ત્યાં હું જવા ધારૂં છું તે સુખે વાંચો;" એમ કહી પત્ર રજુ કર્યો. પત્રનો મજકુર શ્રીમંતે વાંચ્યો. તેમાં દર્શાવ્યું હતું કે, "સતારાના રાજ્યમાં પેશ્વા છે, તેવા પેશ્વા હમારા રાજ્યમાં નથી, તેથી અમો હમારા રાજ્યના પેશ્વાની પદવી તમોને આપીએ છીએ."

આ પત્ર વાંચી શ્રીમંત સરકાર વિચારના વમળચક્રમાં પડયા, અને બોલ્યાઃ "આખરે આજ કીધું કે?"

ભાઉએ ઉત્તર દીધોઃ "આપની આજ્ઞાથી હું દૂર નથી. આપની આજ્ઞા સિવાય કંઈ પણ પગલું ભરનાર નથી."

શ્રીમંત બાલાજી બાજીરાવ–તમે પુને ચાલો.

ભાઉ–પુને લઈ જઇ, સ્વામી! શું કરશો?

શ્રીમંત બાલાજી બાજીરાવ–તારે શીર આખા રાજ્યનો કાર્યભાર નાંખીશ. બધો રાજ્ય કારભાર તું કરજે. તારા સિવાય રાજ્ય કારભાર ચલાવવા હું ખુશી નથી.

શ્રીમંતના આગ્રહથી ભાઉ પુને ગયો, અને કર્ણાટક માટે

બીજો સરદાર મોકલ્યો. **ભાઉએ** પુને જઈ મુલકી કારોબાર પોતાને હાથ લીધો. આવી રીતે **શ્રીમંત બાજીરાવ બલ્લાલ પેશ્વાના** પુત્ર **બાલાજી બાજીરાવના** સમય રંગમાં, **સદાશિવરાવ** રાજ્યદ્વારી કાર્યમાં માહિતગાર થયો હતો. રાજ્ય પ્રપંચના મુત્સદ્દી પ્રપંચોમાં તે સમયમાં તે પ્રવીણ ગણાતો હતો. હવે તેની ઈચ્છા વીરપણાની મહા છાપ પાડવાને ઉત્સુક થઈ હતી, તેથી પુનામાં રહી કેવળ મૂલકી કામોમાં ગુંથાઈ રહેવામાં એને ચેન પડતું ન હોતું. એટલુંજ નહિ, પરન્તુ એને વિજયી થઈ, મહાવીર તરીકેની ખ્યાતિ મેળવવાની ઇચ્છા જંપવા દેતી નહતી, તેથી પ્રસંગ પરત્વે યુદ્ધમાં જવાની સંધિ શોધતો હતો. વીરપુરૂષોનું વીરત્વ, વીરતરીકેની ખ્યાતિ કરવાને ઉછળતું રહે છે, અને તે પોતાનું મહત્ત્વ વધારવાની સંધિ આવતાં, અગ્ર પડયા સિવાય રહેતું નથી. **ભાઉ** મહાવીર હતો.

એનું વીરત્વ પ્રશંસનીય હતું. **ભાઉનો** કારભાર જરા વધારે સાવધાનિથી ચાલતો હતો, અને પ્રભુએ તેને છેલ્લી વખતે યારી આપી હોત તો, એના નામ ઉપર આજે આર્યપ્રજા પુષ્પની વૃષ્ટિ કરતી હોત; ઇતિહાસવેત્તાઓ યશનો ધ્વની ગર્જાવી રહ્યા હોત; અને હિંદુસ્થાન શું સ્થિતિમાં હોત, તે કલ્પવું મુશ્કેલ નથી.

રઘુનાથરાવ દાદા હિંદુસ્થાનમાંથી પાછા આવ્યા. આ સમયે રઘુનાથરાવ ખજાનામાં દ્રવ્ય ન લાવતાં, કરજ કરી આવ્યા હતા, તેમ સૈન્ય સામગ્રીના સંબંધમાં વાદવિવાદ થયો. **ભાઉ** સાહેબે સમયની સંધી સાંધી, તે વાદને લંબાવ્યો અને રઘુનાથરાવે વચનપ્રહાર કરતાં જણાવ્યું કે: "કહેવું સહેલું છે, પરંતુ કરવું કઠણ છે. ઘરમાં બેઠાં રાજ્ય કરવા કરતાં પારકી માના જણ્યા સાથે રણરંગમાં ઘુમવું એજ દોહેલું છે." સમયનો રંગ સાચવી, મનને ભાવતો પ્રસંગ આવેલો જોઇ, **ભાઉસાહેબે** કહ્યું: "તમે હિંદુસ્તાનમાં જઇ આવ્યા એમ છે તો, હવે હું જઇશ." આ વાક્યયુદ્ધના અંતે એવું કર્યું કે, **સદાશિવરાવ ભાઉએ** સ્વારી કરવા જવું.

**ભાઉને** સ્વારી ઉપર જવાનું ઠર્યું ત્યારથી વિજયી થવાની આકાંક્ષાએ મહાયત્ન આરંભ્યો. સામ, દામ, ભેદ અને દંડ, એ ચારે પ્રયોગને એકે ઝપાટે પ્રયોગમાં મેલ્યા. **અહમદનગરના** મોગલ કિલ્લેદારોને લાંચ આપી, અલ્પશ્રમે **નિજામસાહી** બાદશાહીનું પુરાતન શહેર સ્વાધીન કીધું. આથી **નિજામઅલ્લી** અને **સલાબતજંગે** યુદ્ધની તૈયારી કરી, સૈન્યને યુદ્ધ સારૂ **બેદર** અને **ધારૂર** મોકલ્યું, અને સાત હજાર સૈનિકો લઇ **સલાબતજંગ** તથા **નિજામઅલ્લી** તેને જઇ મળ્યા. એટલામાં **સદાશિવરાવ ભાઉએ, ભીમા** નદીને કાંઠે જઇને **બહાદૂરગઢ** સર

કીધો. **ભાઉએ** આ સ્થળે પ્રપંચ બુદ્ધિનો મહા ચમત્કાર દર્શાવ્યો. ઊદગીરમાં પોતાનો મુકામ રાખી, લશ્કરની નાની ટુકડી મોકલી, યુદ્ધની શરૂવાત કરી. **ભાઉના** સૈનિકોએ બન્ને ભાઇઓને હંફાવવાને નાની નાની લડાઇઓ કરી; તેમનો દારૂ ગોળો ખપાવી નાંખ્યો. મહાબળથી લડતા સૈન્યને શ્રમિત થવાની સંધિના સમાચાર મળતાંજ, યુદ્ધભૂમિ ઉપર **ભાઉસાહેબ**, ચાલીશ હજાર સૈનિકો સાથે આવી ઉભો અને તેજ સમયે સંકેત પ્રમાણે એનો અંગીભૂત ઇબ્રાહિમખાન **ગાર્ડી**, પોતાના પાંચહજાર કવાયતી સૈનિકો સાથે, મહા ગર્જના કરતો, રણભૂમિ ઉપર વીર હાક વગાડતો દૃશ્યમાન થયો. આથી શત્રુના હાંજા નરમ થયા, સંધિનું કહેણુ શરૂ થયું, પરંતુ પ્રપંચ તંત્રથી શેહ આપનાર **ભાઉ** પાકો હતો. તેણે કહેણને સ્વીકાર્યું નહિ. આથી **નિજામઅલ્લી** અને **સલાબતજંગે**, વીર પુરૂષને યોગ્ય હિંમત પકડી, ઇબ્રાહીમખાનના લશ્કર ઉપર, મહા વેગથી હલ્લો કરી, તેનાં અગીઆર નિશાન સર કરી, જયઘોષ કીધો. આ વિજય ઘોષનો ધ્વનિ પૂર્ણ થઈ રહેતાં, પહેલાં તો **ભાઉસાહેબના** સૈનિકોએ, પ્રચંડ ધ્વનિ કરી, હલ્લો કર્યો. જેના મહા વેગમાં ત્રણ હજાર મોગલો નાશ પામ્યા. આ જયથી **નિજામઅલ્લી** નમિત થયો, તેનો ગર્વ મટી ગયો અને **ભાઉસાહેબ** તરફ પોતાનો મહોર સિક્કો મોકલી સ્વાધીન થવાનું કહેણ કહાવ્યું. વીર પુરૂષો અનમ્રને નમાવવાને જેવા ઉત્સુક હોય છે, તેવાજ નમ્ર અને આધીન થનારને બચાવવાને દયાળુ હોય છે. **ભાઉ** સાહેબે સંધિ સ્વીકારી, અને તે સંધિમાં; **દોલતાબાદ**, **શિવનેરી**, **આસીરગઢ**, અને **વિજાપુરના** કિલ્લા મેળવ્યા તથા **બીજાપુર** પરગણાનો હિસ્સો, **બેદરનો** કેટલોક ભાગ, અને **ઔરંગાબાદ** શહેર વિના તે સઘળો પ્રાંત વિગેરે મળી, બાસેઠ લાખની ઉત્પત્તિનો મૂલક મેળવ્યો. આ યુદ્ધથી દક્ષિણની મુસલમાની રાજ્યસત્તાના ઉપર ગૌરવતા પ્રાપ્ત કરવા જેવું થયું, એટલુંજ નહિ, પરંતુ **પેશ્વા**, દક્ષિણ **હિંદુસ્તાનમાં** મહા સમર્થ રાજ્યસત્તા ધારણ કરે છે એવો મહા આભાસ પડયો.

**નિજામ** ઉપર જય મેળવી, આનંદથી ગર્વિત થયેલો **ભાઉ**, ત્યાંથી પાછો ફરી, **પેશ્વા** સાથે **માંજરા** નદી ઉપર પડાવ નાંખી પડયો હતો. જેને આપણે સને ૧૭૬૦ ની રાત્રિએ દૃષ્ટિગોચર કર્યો છે; અને તે વખતથી તે ચાલતા પ્રસંગ સુધીની વાંચનારાઓને માહિતી છે.

**નિજામઅલ્લીને** શેહ આપ્યાનું નૂર મધ્ય હિંદુસ્તાનના વર્તમાનથી ઉતરી ગયું હતું. તે વર્તમાનનું ચિત્રદર્શન શું હતું?

# પ્રકરણ ૧૩ મું.

## હિંદુસ્તાનના સંદેશાનું ચિત્ર દર્શન

વીરત્વ ધારી નર મહા બંકા, મરે તથાપિ ન નમે અટંકા;
રણે ધસી મહાકીર્તિ પ્રસારે, વીરો તણી હિમ્મત વીર ધારે.

**શ્રીમંત બાળાજી બાજીરાવ પેશવા**ને આપણે **માન્જરા** નદીના તટ પ્રદેશમાં નિહાળ્યો છે. હિંદુસ્તાનથી આવેલા નાશકારક વર્તમાને તેને ક્રોધાવેશમાં આણેલો હતો, અને શૌર્ય પરિસીમાએ તેને ઉત્તેજિત કર્યો હતો, અને તેથી તેને ખોએલા યશને સંપાદન કરવાને, અજિત સૈન્યને યવનમહત્તા તથા સત્તાને નમિત કરવાને, રવાના કર્યું હતું. એ વર્તમાન શું હતું?

રઘુનાથરાવ દાદાએ મરાઠી જયધ્વજ ઉરાડી, **અટક** સુધીનો પ્રદેશ તાબે કર્યો હતો. તેને જિતવા સારૂ **અહમદશા અબ્દલ્લી** સત્વર દોડી આવ્યો હતો. **લાહોર**માં રહેલા મરાઠાઓની મદદે **દત્તાજી સિંધિયા** તથા **મલ્હારરાવ હોલ્કર** જઇ પહોંચે તે પહેલાં તેઓનો પરાભવ કરીને, **દિલ્લિ** નજીક આવી પહોંચ્યો. બહાદૂર **દત્તાજી સિંધિયા**એ પ્રસંગોપાત કાવાઓ આપી આપી, દુરાનીને ત્રાહે ત્રાહે પોકરાવી હતી. એટલામાં **અહમદશાહ અબદલ્લી**ને, **નજીબખાન**, **મીરપુર**ના તળાવ આગળ, પોતાના લશ્કર સહવર્તમાન આવી મળ્યો, અને તેજ સ્થળે **અયોધ્યા**નો નવાબ **સુજાઉદ્દૌલા** પોતાની ગુસાંઇઓની શૂરવીર ટોળીઓ સાથે, પચાસ હજાર સૈનિકો અને ત્રણસો તોપો સાથે, **ભાગીરથી** ઉતરીને આવી મળ્યો, અને બીજી તરફથી **અનુપ** શેહેરથી લંગડો **અહમદખાન**, દશ હજાર પઠાણ સૈનિકો સાથે મદદે આવ્યો. આવી રીતે એકજ સ્થળે એક લાખ અને ચાળીસ હજાર સૈનિકોનો મહાજમાવ, **દત્તાજી સિંધિયા** સામે ગર્જના કરતો ઉભો.

**દત્તાજી સિંધિયા**ની પાસે આ વખતે સૈન્ય બળ ઘણુંજ ઓછું હતું. **મલ્હાવરાવ હોલ્કર**નો પત્ર મદદ સારૂ આવી પહોંચ્યો હતો. પરંતુ તે લશ્કર સાથે ગણત્રી કરતાં કેવળ ત્રીશ હજાર સૈનિકો થતા હતા–જે સૈન્ય **અહમદશાહ અબદલ્લી** સાથે એકઠા થએલા સૈન્ય બળ આગળ નજીવું હતું.

**દત્તાજી સિંધિયા**એ આ ફેરી ભારત યુદ્ધ કરી, ક્ષત્રિ ધર્મની અથાગ શૌર્યતા બતાવવા નિશ્ચય કીધો. **દિલ્લિ**ના વજીર **ગ્યાજુદીનખાને** આવીને વિદિત કીધું કેઃ–"હમારે આ પ્રસંગે કયાં રહેવું યોગ્ય છે?" **દત્તાજી સિંધિયા**એ કહ્યું કે, "વજીર બહાદૂર! ધીર ધરો, અને કિલ્લામાં રહો. **દુરાની** નામર્દ છે, વીર **મરેઠા**ની યુદ્ધ કૌશલ્યતા આગળ નમિત છે.

હું મરેઠી પ્રાપંચિક યુદ્ધ પદ્ધતિથી કાવાઓ આપી ભૂલાવામાં નાંખીશ; એટલામાં **મલ્હાવરાવ હોલકર**ની કુમક આવી પહોંચશે, એટલે પ્રાણાંત સૂધી યુદ્ધ કરી, સમશેરથી શૌર્યનો સ્વાદ **અબ્દાલી**ને ચખાડી, પ્રાણ લઇશ કે આપીશ. આ યુદ્ધમાં જયને જોઇશ, નહિતો અનંત કાળ સારૂ મારી આંખ મીંચીશ."

ગ્યાજુદ્દીનખાન વજીરનું આવી રીતનું સમાધાન કીધાના વર્તમાન સિંધિયાનાં પત્નિ **ભાગીરથીબાઇ**એ જાણ્યાથી **નારોશંકર** સાથે મસલત ચલાવી. **ભાગીરથીબાઇ** આ વખતે નવ માસનાં સગર્ભા હતાં, આથી **નારોશંકર**ને **ભાગીરથીબાઇ**ને લશ્કર સાથે રાખવાં યોગ્ય ન જણાવાથી, તેઓ **જાનરાવ બાંબલે**, તથા **ગોવિંદપંથ બુંડેણે** તથા **જનકોજી સિંધિયા**ને મળીને, તે સંબંધી નિરાકરણ કરવા, દત્તાજી પાસે ગયાં અને પ્રશ્ન કીધો કે, "આપે આત્મસ્વાર્પણ કરવાને દૃઢીભૂત કીધું છે, એ માટે હમારે કહેવાનું નથી, પરંતુ સ્ત્રીવર્ગને માટે શું કીધું છે?"

**દત્તાજી સિંધિયાઃ** વીરપુરુષોએ વીરત્વ બતાવી જય મેળવવો, કે સ્વાર્પણ કરવું એ તેનું કર્તવ્ય છે. સ્ત્રીઓના વિચાર કરવાને કાળ ખોવો યોગ્ય નથી.

**નારોશંકરઃ** આ શું તેમણે **શું** પાપ કીધું? યોજના કર્યા સિવાય છૂટકો નથી.

**દત્તાજી સિંધિયાઃ** મેં દૃઢીભૂત કીધું છે કે, વીરત્વ બતાવી પ્રાણ વિસર્જન કરવો. હવે બાળ બચ્ચાંઓની ચિંતાનાં ચિત્વનનું શું પ્રયોજન છે.

**જાનરાવ બાબલેઃ** મહારાજ! એમ ન બોલો, તમારા ઉપર સર્વનો આધાર છે.

**દત્તાજી સિંધિયાઃ** વીરપુરુષનું રણમાં પડવા સિવાય બીજું સૌભાગ્ય શું હોય? શું સ્ત્રીઓના વિચારથી ડરી આધીન થવું? મારા ઉદય સાથે ઉદય છે અને મારા અસ્ત સાથે સર્વનો અસ્ત થવો અવસ્યનો છે. શું મારા સહોદર રણમાં કલંકિત થઇને **પેશવા** સરકાર તથા **ભાઉ** સાહેબને મુખ બતાવશે? કલંકિત થઇ જીવવું તેના કરતાં, કુટુંબ સહવર્તમાન મરવું યોગ્ય છે. વિજયની આશા નથી તો મરણ નિશ્ચય છે.

**નારોશંકરઃ પાટીલ!** તમો યોગ્ય કહો છો, પરંતુ વિચારો, વિના સ્વાર્થે બાળ બચ્ચાંઓનો સંહાર કરવો યોગ્ય નથી. એ કર્મ **બુંદી** તથા **કોટા**ના રજપૂત રાજવંશીઓએ કરી શું લહાણ કહાડયું છે? વંશનું ઉચ્છેદન અને મહા હાનિ સિવાય શું લાભ મેળવ્યો છે? **ભાગીરથીબાઇ** સગર્ભા છે, પુત્ર સંતતિ થવાની આશા છે, એ વિચારો."
**દત્તાજી સિંધિયા** વિચારમાં પડયો. પ્રિયા પાસે તંબુમાં ગયો. પ્રિયાને મળ્યો. પ્રિયાની સ્થિતિ સગર્ભા જોઇ પોતાને સંતતિ નથી, તેનું સ્મરણ

ચર્યું. પુત્ર થશે તો વંશનું રક્ષણ થશે, શત્રુના વેરને લેનારો થશે; એ વિચારે ઉત્તેજિત કર્યો. તેને અનુસારે **ના**રોશંકરની સલાહ યોગ્ય લાગી. બહાર આવી દત્તાજીએ આજ્ઞા કરીઃ "જનકોજી! તમો સ્ત્રીવર્ગ તથા બુણગા વિગેરે માણસોને લઇ, **ચં**બેલી પાર જાઓ, અને રક્ષણ કરો. હું અત્રે રહી યુદ્ધ કહીશ.

જનકોજી સિંધિયાઃ કાકા સાહેબ! શા અપરાધથી મને ત્યાગો છો? આપને છોડીને હું જઇશ નહિ, રણક્ષેત્ર છોડીશ નહિ, મારી સમશેર પ્રભુની પાસે ચાકરી કરશે, શત્રુને શેહ આપશે, નિર્માલ્ય થઇ કલંકિત થશે નહિ.

દત્તાજી સિંધિયાઃ ત્યારે સ્ત્રીવર્ગનું રક્ષણ કોણ કરશે?

જનકોજી સિંધિયાઃ ક્ષમા કરો, હું સ્ત્રીવર્ગનું રક્ષણ કરવાને લાયક નથી. આપ વડીલ છો. સંસારનો ભાર પ્રભુને શિર છે, હું યુવાન છું, રણરંગમાં રમવું એ મારૂં કર્તવ્ય છે. મારી ફરજ મને બજાવવા દો. આપ કૃપા કરીને કુટુંબને પાળતા આવ્યા છો તો, તેનું રક્ષણ પણ કરો.

દત્તાજી સિન્ધિયાઃ ધર્મપરાયણ પુત્ર, **શ્રી**મંત સરકારનું બહુ કાળથી નિમક ભક્ષણ કરેલું છે, રણસંગ્રામ છોડી, સ્ત્રીઓનું રક્ષણ કરવા જવાનું શું તું સત્યપરાયણ કહે છે?

જનકોજી સિન્ધિયાએ આંખોમાં આંસુ લાવી કહ્યું, "કાકા સાહેબ! તમારી સાથે રહેવાની અનુમતિ આપો. તમો કરતાં સ્ત્રીઓ વધતી નથીઃ પુત્રધર્મનો ત્યાગ કરીશ નહિ. રણભૂમિમાં જય કે હાનિ પ્રભુને હાથ છે. પણ પિતાતુલ્ય તમોને ત્યાગી, મારા પુત્રધર્મને કલંકિત કરીશ નહિ."

બન્નેના દુરાગ્રહનો અંત ન આવવાથી, **ના**રોશંકરે તોડ કહાડયો કે, **ભા**ગીરથીબાઇ તથા જનકોજી સિન્ધિયાની સ્ત્રી કાશીબાઇ વિગેરે સ્ત્રીમંડળ તથા બુણગાએ, સુરજમલ જાટના વકીલ રૂપરામ કટારી સાથે જવું.

**ભા**ગીરથીબાઇએ દત્તાજી સિન્ધિયાને પ્રેમ પ્રણામ કર્યો. પતિને પ્રિયાએ ઇશ્વરને સપૂરત કરી, ખેદયુક્ત શોક કીધો, મરણપ્રાયશોકનું કથન દુસ્તર છે. નસીબનું ચક્કર કેવું દુસ્તર છે, તેનો વિચાર કરી દુઃખી ન થતાં, ઉદય અસ્તની પ્રનાલિકાનો વિચાર કરી, યોગ્ય ધડો લેશો તો, સુખી થશો, અહંકારથી છકશો નહિ. નહિ છકેથી મહા લાભને સંપાદન કરશો.

પાંચ હજાર લશ્કરના રક્ષણ નીચે રૂપરામ કટારીએ, સિંધિયાનાં સ્ત્રીમંડળને લઇ ફરકાબાદ પાસે મુકામ કીધો.

એજ દિવસે દુરાનીનું લશ્કર ધસારો કરતું યમુનાને પેલે પાર આવી પહોંચ્યું. એક બાજૂએ દત્તાજી સિંધિયાનું લશ્કર ને બીજી બાજૂએ દુરાનીનું

લશ્કર પાણી પીતું હતું. દુરાનીનું લશ્કર **યમુના** ઉતરી આવે છે, આથી **દત્તાજી સિંધિયાને** લશ્કરને કાવો આપવાનો વખત રહ્યો નહોતો. **જાનરાવ બાબલેએ** તોપોનો મારો શરૂ કીધો. ઊંટો ઉપરથી સુતરનાળ તથા હાથી ઉપરથી હાથીનાળો તડાતડ કડાકા કરી ગર્જવા લાગી. **જાનરાવ બાબલેએ** સ્વાર મોકલી વર્તમાન સૂચવ્યાં કે "**પાટીલ**, આપ, કેમ સ્વસ્થ બેઠા છો? દુરાનીનું સૈન્ય અડધી **યમુના** ઉતરી ચુકયું છે. ઘાટઉપર આપણા લશ્કરને ઠરવા દેતું નથી, તોપોના મારાથી સો દોઢસો માણસો ઠાર થયેલાં છે."

આ વર્તમાનથી **દત્તાજીની** આંખ ફાટી. પાસે **સાબાજી સિંધિયા** તથા તેના પુત્ર **બયાજી સિંધિયા** બેઠા હતા, તેમને આજ્ઞા કરી–"**બયાજી બાવા**! તમો **જાનરાવ બાબલેની** કુમકે જાઓ. તમો રણવીર છો, યવનને શેહ આપો."

**બયાજી બાવાએ** હુકમ મળતાંજ તસલીમ બજાવી, સ્વામીના હુકમની આધીનતા જણાવી બોલ્યો; પ્રભુની આજ્ઞાને આધીન છું. સ્વામીનું નિમક ઘણા કાળથી ખાધું છે, તેને સ્વામીની દૃષ્ટિ સમીપ કૃતાર્થ કરીશ."

**દત્તાજી સિંધિયાઃ** વીરપ્રવર, તમારાં શૌર્યને કોણ નથી જાણતું? રણરંગના મહાનાયક છો, તમો રોજના લઢનાર છો, તમો યુદ્ધમાં ઘૂમો તેમાં નવાઇ નથી, યુદ્ધમાં ન ઘૂમો તેજ નવાઇ ગણાય."

**બયાજી બાવાઃ** પ્રભુકૃપાથી યુદ્ધાનલ પ્રજ્વલિત કરૂં છું, યવન આહૂતિ આપી સ્વામીની દૃષ્ટિને ઠારૂં છું.

**દત્તાજી સિંધિયાઃ શ્રીગજેંદ્રનું** સ્મરણ કરી ત્વરા કરો.

**બયાજી બાવા** પાંચ સાત હજાર સૈન્ય લઇ ઘાટ રોકી ઉભા. ઘોર યુદ્ધનો આરંભ થયો. **દુરાનીના** ચિત્તને વ્યગ્ર કર્યું. **બયાજીએ** ખાસા સ્વારો સાથે પાણીમાં સામનો કીધો; એટલામાં શત્રુદળમાંથી સણસણાટ કરતી ગોળી આવી, **બયાજી બાવાને** ઠાર કર્યો. **બયાજીની** સાથે બીજા પણ ઘણા ઠાર થયા, અને **દુરાનીએ યમુનાના** ઘાટનો કબજો લીધો. સવારે આવી **બયાજી બાવા** ઠાર થવાના વર્તમાન કહ્યા. **દત્તાજીએ** ગર્જના કરી, યુદ્ધ નોબતનો ધ્વનિ કરવા હુકમ કર્યો; અને પોતે યુદ્ધે ચઢયો. **જનકોજી સિંધિયા** બખતર પહેરી નિશાનનું રક્ષણ કરતો આગળ ધસ્યો. **યમુનાતીરે** લશ્કરને ચાલવા સુગમતા નહોતી. ઉભા રહેવાની અગવડતામાં મરેઠી લશ્કરે તુમુલ યુદ્ધ કીધું. **અબદાલી** શેહ પામી થોભ્યો. એમ કરતાં કરતાં આઠ ઘડી વહી ગઈ, એટલામાં પાંચશેં આદમી પડયાં. **યમુનાતીરની** અવગડ ભરેલી જગ્યાને લીધે સૈન્ય અવ્યવસ્થિત થયું, એનો લાભ **દુરાનીને** વધુ મળ્યો.

તેથી સરદાર **તાન્હાજી** ખરડાએ અરજ કરીઃ "પાટીલ! દુરાનીનું સૈન્ય ઝાડીમાં ઉતરી ચૂક્યું છે. ગોવિંદપંથ બુંદેલે તથા **માલોજી સિંધિયા** મહાત થયેલા છે, આબરૂ કલંકિત થવાનો અનિષ્ટકાળ આવ્યો છે, સ્વામી ઇચ્છા હોયતો નિશાન કાઢી નાંખીએ."

**દત્તાજી સિંધિયાઃ તાન્હાજી!** શું લડાઇમાં મરવાથી ડરેછે? કલંકિત જીવનની કીંમત નથી, કલંકિત થવા કરતાં દેહ ખપાવવો ઉત્તમ છે, વિમુખ થનારનો પ્રભુ સંગ્રહ કરતો નથી, નિશાન ઉતારી લેવાથી ઉલટી લશ્કરની ખરાબીનો સંભવ છે.

**તાન્હાજી ખરાડેઃ** પ્રભુ! પૂર્વે દેવ દાનવે શું વર્તન કર્યું છે? તે વિચારો. સમય કાળને અનુલક્ષી વર્તવું ઉચિત છે.

**દત્તાજી સિંધિયાઃ** ભીરૂ થઈ ભાગવું એ બ્યંડળનું કામ છે. ભાવી મિથ્યા થતું નથી, કલંકિત રહી જીવનારનું મોં કાળું છે. રણસંગ્રામમાં વિમુખ ન થનારને સર્વ સાધન સાધ્ય છે. ઇશ્વરપર નેક દ્રઢતા રાખો, એજ ઉત્તમ છે.

જનકોજી **સિંધિયા** નિશાન પાસે ઉભો ઉભો, વીરશ્રીને ઉત્તેજિત કરતો હતો; એટલામાં અકસ્માત્ ગોળી આવી હાથનું હાડકું ફાડી આરપાર નીકળી ગઇ. આ વર્તમાન ખીજમતદારે દત્તાજી **સિંધિયાને** પહોંચાડયો.

આ વર્તમાનથી **દત્તાજી** ઉન્મત્ત થયો. ખુન ઉપર આવી ગયો. દુષ્ટ યવનોનો નાશ કરવાને દ્રઢીભૂત થયો, અને વાઘની પઠેમ શત્રુઓનો નાશ કરવાને ગર્જવા લાગ્યો. ખાસા સરદારોને તૈયાર કરી દુરાનીના લશ્કર ઉપર આંધળીઆં કરી શત્રુના લશ્કરમાં ઘુસ્યો. મહા ઘોર યુદ્ધ થયું. મડદાંઓનો ગંજ વળ્યો. વિદ્યુત્ જેવી સમશેરોથી શત્રુ દળને ત્રાસ આપ્યો. એકનો ઉપાય બે. શત્રુ મહાદળમાં ધીમે ધીમે વીરત્ત્વ દર્શાવતાં વીરો વિરામ પામ્યા. **યશવંતરાવ જગદેલે, થોરાલેકર** તથા **પીરાજી** જગદેલે ગોળીથી ઠાર થયા. એટલામાં **દત્તાજી સિન્ધિયાને** ગોળી વાગી; અને **લાલમણી** ઘોડી ઉપરથી રણ ભૂમિપર પડયો. **લાલમણી** ઘોડીને સૂની જોઇ, **રાજારામ ચોપદાર** તથા **રાધોબા સેણવી** **પાગનીશને**, સ્વામી માટે ચિંતા થઇ. સેવક ધર્મથી તેમનું મન ઉભરાઇ આવ્યું, ને મન સાથે દ્રઢીભૂત કીધું કે, **દત્તાજી સિન્ધિયાની** કૃપાથી આ હાર વિહાર યથેચ્છ પામ્યા છીએ, તો આ ફેરી તેનાં ખાધેલાં નિમકનું સાર્થક કરવું. પ્રાણાંતપર્યંત શ્રમ કરી સ્વામીના જીવનનું રક્ષણ કરવું. બન્ને જણા ઘોડા ઉપરથી નીચે ઉતર્યા, અને શોધ કરતાં કરતાં **દત્તાજી સિન્ધિયાને** ઘાયલ થયેલા દીઠા, અને જ્યાં તે પડયા હતા ત્યાં બન્ને ફોજનો મારો શરૂ હોવાથી, **દત્તાજી સિન્ધિયાને** બહાર કાઢવામાં ફત્તેહ

પામ્યા નહિ. જાતિશ્રમ નિરર્થક જવાથી પુરૂષાર્થ કરવા ફાંફાં મારવાં માંડયાં. એટલામાં નજીબખાન રોહીલાના ગુરુ કુતુબશાહની અંબાડી નજીક આવી. કુતુબશાહ સાથે રાજારામ ચોબદારને ઘાડું પીછાન હતું. તેથી રાઘોબાએ તેની મદદ મેળવવા રાજારામને પ્રેરણા કરી. રાજારામે સમયકાળની બુદ્ધિને તાબે થઇ કુતુબશાહને મુજરો કર્યો. કુતુબશાહે રાજારામને પ્રશ્ન કીધોઃ "રાજારામ! તુંમ ઇદર કહાંસે?

રાજારામે નમન કરી આજીજીથી વિનવ્યું કે, "નેકનામદાર, ઉમર-ભરમેં કુચ તકલીફ દીયા નહિ હે, સો દેનેકું આયા હું. ઔર આજીજીસેં મંગલેતાહું સો મેહેરબાની કરકે બક્ષીશ દીજીએ"

કુતુબશાહઃ "કયા મંગતાહે?"

રાજારામઃ નેકનામદાર, પાટેલ ઘાયલ પડાહે ઇસકું બચાવ."

કુતુબસાહઃ દત્તાજી કીદરહે? દીખલાવ.

રાજારામઃ નેકનામદાર! મેરી અરજકી ખાતર બચાવ, મેરી ઇતની મંગણી ખુદાકે ખાતર કબુલો.

કુતુબશાહઃ બેફીકર રહો, પાટેલકું દીખલાવ.

રાજારામ દત્તાજી સિન્ધિયા જ્યાં ઘાયલ પડેલો હતો ત્યાં કુતુબ-શાહના હાથીને લઇ ગયો. કુતુબશાહ નીચે ઉતર્યો અને થોડા કદમ ચાલ્યો એટલે દત્તાજી સિન્ધિયાને પડેલો દીઠો. કુતુબશાહ આનંદિત થયો. બેવચની થવાની મનમાં ઇચ્છા થઇ. નીતિનું તત્ત્વ ઓછું હોય છે, ત્યાં વચનની કીંમત હોતી નથી. તેમ રાજ્યદ્વારી કુનેહ સાચવવા માટે પ્રાચીનકાળ જેવી શ્રેષ્ઠતા એ કાળમાં પણ સચવાતી નહોતી. અને તેજ પ્રમાણેનો આ વખતે રાજારામ ચોપદારને અનુભવ મળ્યો.

કુતુબશાહે, દત્તાજી સિન્ધિયાને શુદ્ધિમાં જોઈ પ્રશ્ન કીધો; "કયું કયા હાલમેં હો!"

દત્તાજી સિન્ધિયાએ શત્રુને વ્યંગાર્થમાં બોલતો સાંભળી, વીર ગૌરવથી પ્રતિઉત્તર દીધોકે, "બઢી મોજમે હું."

કુતુબશાહઃ અબ કયા ઇરાદાહે.

દત્તાજી સિન્ધિયાઃ "ઇનિસા અલાહુતાલા, બચેંગે તો ઔરભી લડેંગે."

કુતુબશાહઃ કયું હમેરે સાથ લડનેકી લેહેજતી અભી તક નહિ પાઈ.

દત્તાજી સિન્ધિયાઃ વીરપુરુષકા એહી લચ્છન હે. ઘોડે ચઢેગા સો પડેગા. તુમભી વીરપુરુષ હો, લઢાઇસે કયા કુચ ડરતે હો!

કુતુબશાહઃ હે કાફર! અભી તેરા જાન લેતા હું. કયું કુચ કહેના હે?

દત્તાજી સિન્ધિયા એ કુચ વીરોકા કામ નહિ હે. નામર્દોકા હે. ધર્મકા ફરમાન નહિ હે, બેઇમાનકાહે. મેં જાનસેં ડરતા નહિ.

દત્તાજી ઘાયલ હતો, તેની શુદ્ધિ ધીમે ધીમે જતી રહેવા લાગી.

કુતુબશાહ ક્રોધે ચઢયો; અને સિન્ધિયાનો જાન લેવાને તત્પર થયો. જોરથી દત્તાજી સિન્ધિયાના કમરમાં કસેલું સેલું ખેંચી ધુટણીએ પડી, શીરચ્છેદ કરવાની તૈયારી કરી. સિન્ધિયા અશક્ત હતો. હાલી ચાલી શકવાની શક્તિ નહોતી તેમ શુદ્ધિ પણ પૂરતી રહી નહોતી. કુતુબશાહે જોરથી ધક્કો મારી સિન્ધિયાને ચત્તો કરી, શક્તિહીન થયેલા વીરને પાદથી સ્પર્શ કરી, અપમાનિત કરવાની કલંકિત ચેષ્ટાઓ કરવા માંડી. વીરપુરૂષને ન છાજતું ઉદ્ધત કૃત્ય, રાજારામ ચોપદાર તથા રાઘોબા પાગેથી સહન ન થવાથી નિસ્તબ્ધ થઈ ગયા, વજ્રઘાત જેવી મહા વેદનાને અનુભવવા લાગ્યા; અને દીન થઈ અતિ ગ્લાનતાથી શ્રીમંત દત્તાજી સિન્ધિયાનું રક્ષણ કરવાને આજીજી કરી.

રાજારામ ચોપદારે કુતુબશાહના ચરણમાં પાગ મૂકી, દીનતાયુક્ત સજળ નયને કહ્યુંઃ "મહેરબાની કરકે ઉમર ભરકી મેરી અરજ કબૂલ કરો, હજારકે પાલનહારકું બચાવ. ઔર દીયેલા બચનકું નિભાવ."

કુતુબશાહે ક્રોધાવેશમાં તિરસ્કાર દર્શાવતાં કહ્યુંઃ "ચોપદાર, તેરી એ બાત મંજુર ન રહેગી. હમેરે દીનઇમાનશે હલાલહે સો હમ જરૂર કરેંગે."

રાજારામ ચોપદારઃ ખાવિંદકી ખીજમત બજાઇ હૈ, ઉસકે બદલેમે એ ભીખ મંગ લેતાહું. પ્રીતિકી ભિક્ષામેં દત્તાજીકા જાન બક્ષો. ઘાયલકું બચાનેકું, હજરત મહમદકા ફરમાન હૈ સો નિઘામે રખો.

ક્રોધાવેશમાં કુતુબશાહની ચક્ષુમાંથી આગના તણખા નીકળવા માંડયા. મહાગર્જનાથી ગર્જીને તે બોલ્યો, "રાજારામ! તું કયા પ્રીતિકે એશાનમે દબાતા હૈ! મેરેકુ બેવકુફ બનાતા હૈ? ફત્તેહકા લાભ ખુદાને દીયા હૈ સો ખોલતા હૈ? કયુ ઇસ લાભકું જાને દઉંગા નહિ."

આવાં તિરસ્કાર ભરેલાં વાકયથી ચોપદાર ઝાંખો થઇ ગયો, છતાં પણ અચકાતો, અચકાતો, આંખમાં પાણી લાવી બોલ્યો, "ભિક્ષા મંગનેકા સેવકકા કામ નહિ હૈ, ઔરભી મંગતા હું, ઉમરભર ઉઠાયલી સેવાકે ખાતર, પ્રીતિકે વિનયકે ખાતર, સજ્જનકી સજ્જનતાકે ખાતર, દયાકી મહત્તાકે ખાતર, ઇસ બખ્ત દયાળુ હોકે નામના બઢાવ. નેકીકે સાથ સ્વાર્થભી કર લો. દત્તાજીકે જાન બચાનેકે ખાતર એક ક્રોડ રૂપૈયા દેનેકું હાજર હું."

કાકલુદી ભરેલાં વચનથી કુતુબશાહનું હૈયું જરા પીગળ્યું. રૂપિયાની લાલચે મનને નરમ કર્યું. પરંતુ જયરંગ મેળવવાના લોભે ઉત્તેજિત કર્યો. પ્રાપંચિક વૃત્તિએ સમયનો દાવ સાંધવાને લલચાવ્યો, અને તેના પરિણામમાં રાક્ષસી વૃત્તિના કુતુબશાહે પ્રચંડ ગર્જના કરતાં દત્તાજીનો શિરચ્છેદ કર્યો. આપેલાં વચનનો ભંગ કર્યો; વિશ્વાસની પરિસીમાને

ઓળંગી; સત્યની પ્રનાલિકાને છેદી, એટલુંજ નહિ પરંતુ, ઘાયલનું રક્ષણ કરવાના ધર્મનો ત્યાગ કર્યો. તે સાથે વીરપુરુષને ન છાજતું અધમ કૃત્ય કરી, કીર્તિને કલંકિત કરી.

આટલું કરેથી પણ તેની રાક્ષસીવૃત્તિને શાંતિ વળી નહિ. શ્રીમંત દત્તાજીનાં શિશકમળને ભાલામાં ખોસી, વિજય નાદની ગર્જના કરાવતો તે નજીબખાનની પાસે ગયો. નજીબખાને રૂમાલમાં લોહીથી નીકળતાં શિશને વીંટાળી હાથમાં લઇ, અનેક કુચેષ્ટાઓ કરી, ઇર્ષાના પેટામાં જે અધમતા છૂપાએલી છે, તેની પૂર્ણતા કરી બતાવી, તેની વૃત્તિની નબળાઇને દર્શાવી. એટલુંજ નહિ, પરંતુ તે મસ્તક ધામધૂમ સાથે દુરાનીને નજર કર્યું. અબ્દાલીએ દત્તાજીનું માથું હાથમાં લઈ, મહા હર્ષધ્વનિ કર્યો. જયના ગર્વમાં વીરપુરુષની શ્રેષ્ઠતા ચૂકાઇ, મૃતદેહને અપમાનિત કરવાની અધમતાને સ્વીકારાઈ, અને તેના પ્રત્યે જેટલું ન કરવા જોગ હતું તે સર્વ કર્યું. મનુષ્ય પ્રાણીમાં વૈર ભાવથી જે અધમતા આવે છે, તેવી બીજાથી આવતી નથી. મહા પુરુષો વેર લેવામાં પણ વિનયી હોય છે. તેઓનું વેર કાર્ય સાથે હોય છે. કાર્ય સિદ્ધ થયે અધમતા બતાવવી, તેને તે ધિક્કારે છે, અને તે આખા જગતથી ધિક્કારાય છે. કાર્ય સિદ્ધ થયા પછી, જે રાજ્યકર્તા, તથા જનમંડળનાં માણસો જયના ગર્વથી ફૂલાઇ, વેરની અધમતા સ્વીકારી દયાનો અનાદર કરી, ક્રૂર થાય છે તે, નવા વૈરનાં બીજને વાવે છે. એટલુંજ નહિ, પરંતુ તે વૈરનો બદલો ચક્રવર્તી વ્યાજ સાથે પાછો લેવાનો યત્ન થાય છે, અને કાળાંતરે ફળે છે. જેનો અનુભવ આ આખ્યાયિકાજ આપશે. અને તે સિન્ધિયાના શિરચ્છેદ કરનાર કુતુબ-શાહના શિરચ્છેદનો હેવાલ જાણશે ત્યારે ખાત્રી થશે. પ્રાચીન કાળના રાજ્યકર્તાઓમાં વેર લેવાની જે અધમતા હતી, તેજ ઘણે અંશે તેમની રાજ્યસત્તા સામા, શત્રુઓને વધારનારી હતી. શત્રુતા, રાજ્યસત્તા તથા સમૃદ્ધિ મેળવવા માટે થાય છે. અને રાજ્યદ્વારી લડાઇમાં એ સિવાય બીજું ઓછું હોય છે. તે પ્રાપ્ત કીધા પછી, મનુષ્ય પ્રાણીનો સંહાર કરવો; મૃતદેહને અપમાનિત કરવો; ઇત્યાદિ ચેષ્ટાઓ કરવી, એ માણસ જાતિની અધમતા સિવાય બીજું નથી. એ દુર્ગુણો બ્રિટિશ રાજ્યકર્ત્તા-ઓમાં નથી, એજ એમના રાજ્યનો પાયો સુદૃઢ કરનાર મહાતત્ત્વ છે. એ દુનિયાનાં સર્વ જનોને ધડો લેવા જોગ છે. સંસારી પુરુષોને, પણ વિવેકનો વિચાર કરી, વેરી પ્રત્યે દયા રાખી, ડહાપણથી વર્તવાથી મહાલાભનો સંભવ છે.

નિરાશાના ખેદથી જર્જરિત થયેલો રાજારામ ચોપદાર, મનથી મહાવ્યથાને અનુભવવા લાગ્યો. કુતુબશાહનો વિશ્વાસ કરવા માટે પો-

તાનાં ચરિત્રને નિંદવા મંડયો. કુતુબશાહ સાથે કેવા નઠારા ચોઘડીઆમાં ભૂલાવામાં પડયો એનો વિચાર કરી કરીને તેણે મહા રુદન કરી પોતાનું મન મોકળું કર્યું.

હવે સ્વામીનાં શરીરને મેળવી, તેની દહનક્રિયા કરી, દેહનું સાર્થક કરવા મનને દોર્યું. પરધર્મીમાં વિશ્વાસ રાખવાથી ઠગાયો. કપટાચાર્યોથી કાર્યોની સિદ્ધિ નથી એમ માનસિક ચક્ષુથી બહાર અને અંતરમાં વિચાર કરી જાણી લીધું. રાજારામ ચોપદારને નજીબખાન સાથે પીછાન હતું, પરંતુ તે કાર્ય સિદ્ધિ માટે ઉપયોગી થઇ પડયો નહિ. એથી એની નિરાશા વધી. તોપણ દૃઢતાથી પુરુષાર્થ કરવા નક્કી કરી, ઉમરાવગીર ગોંસાઇ પાસે ગયો. ઉમરાવગીર ગોંસાઇ સુજાઉદ્દૌલાનો માનીતો મહાવીર હતો. ઉમરાવગીરના પુરુષાર્થ ઉપર સુજાઉદ્દૌલાનો જય ઘણી ફેરી આધાર રાખતો હતો. તેથી તેના કહેવા ઉપર સુજાઉદ્દૌલાને લક્ષ આપવું પડે એમ હતું, તેથી તેની મદદ ઇચ્છી. રાજારામની દુઃખદ કહાણી સાંભળતાં સાંભળતાં, ઉમરાવગીરની વૃત્તિ ઉન્નત થઇ, સ્વધર્મનું અભિમાન જાગ્રત થયું. ઉમરાવગીરે તીવ્ર દૃષ્ટિ કરી કહ્યું; "રાજારામ! હૃદયમાંનું દુઃખદ શલ્ય કહાડી નાંખ, કહાડી નાખ, સ્વધર્મીઓને રક્ષણ આપવું એ મારું કર્તવ્ય છે. ધૈર્ય રાખો. શ્રીમંત સિન્ધિયા સરકારનું રૂડું કરવું અવશ્યનું છે. અને તેમાં સહાયભૂત થઇશ."

રાજારામ–આપ ધર્મના અનુયાયી છો, ધર્મમૂર્તિ છો, ધર્મના જાણકાર છો, પ્રેતસંસ્કાર યથેચ્છ થયા સિવાય દેહનું સાર્થક થતું નથી, અને તે કરનારને મહા પુન્ય છે. દત્તાજીને સદ્ગતિ આપવાનો શ્રમ લઇ આપ નામના કરો.

ઉમરાવગીર–કાર્યસિદ્ધિ પ્રભુને હાથ છે. યવનસેવા કરું છું, પણ વીર ટેકથી મહત્તા સ્થાપી છે. સ્વામી ઉદાર છે, યવન છે, પણ મારા વચનનો અનાદર નહિ કરે, એમ હૃદય ખાત્રી કરે છે. ઉઠો, સુજાઉદ્દૌલા પાસે અરજ કરીએ.

રાજારામ–વીરશ્રેષ્ઠ! આપનો જય છે. આપનો શ્રમ સિદ્ધિદાતા છે. હમે તો તમારે પદરે પડેલા છીએ. યવન મંડળમાં તમો સિવાય હમારો સહાયક નથી.

ઉમરાવગીર, રાજારામ ચોપદારને લઇ, સુજાઉદ્દૌલા પાસે ગયો. અને અતિ નમ્રતાથી બોલ્યો. બાલ્યકાળથી આપના ગૌરવને ગર્જાવવા યત્ન કર્યો છે. આપની કીર્તિ વધારવા પ્રાણની કીંમત ગણી નથી. જગત્ જાણે છે કે, ઉમરાવગીર સ્વામીની કૃપાથી સિંહ છે, તેનો બોલેલો બોલ બરબાદ જતો નથી, આજે જગત આગળ કીર્તિનું રક્ષણ થવું સ્વામીને હાથ છે.

સુજાઉદ્દૌલા–ગોસાઈ બહાદૂર! આપ ક્યા કહેનેકું મંગતે હો. તુમેરે બચનસેં કુચ દૂર નહિ હે.

ઉમરાવગીર–દત્તાજી સિન્ધિયા દક્ષણનો સરદાર છે. એના શબને અવલમંજલ પહોંચાડવાની હમારી ફરજ છે. હમારો તો સ્વધર્મી છે. આપને પદરે પડયા છતાં, હમારા સ્વધર્મીઓમાં હમારી આબરૂ ન સચવાય તો, હમારું જીવન નષ્ટ છે. આખી આર્ય ભૂમિમાં મારા નામપર પીસ્તાળ પડશે.'

સુજાઉદ્દૌલા–ઇસિમેં ક્યા હે, ચલો, નજીબખાનકે પાસ મેં આતા હું.

સુજાઉદ્દૌલા, ઉમરાવગીરને સાથે લઈ, નજીબખાન પાસે ગયો. સુજાઉદ્દૌલાની ઇચ્છા ઉમરાવગીરને ઉપકૃત કરવાની હતી. તેણે નજીબખાનને કહ્યું; "દત્તાજીકા જો હોનેકા થા સો હો ચુકા. અબ ઇસ્કા શિર દો, શિર રખનેમેં કુચ હાંસલ નહિ હે."

નજીબખાનઃ શિર દેનેકું મેં લાચાર હું; મેને તો અબદાલીકું નજર કીયા હે!

રાજારામ ચોપદારઃ જરા અરજ ધ્યાનમાં લો. મનસુર અલ્લીનો રક્ષક એક વેરી રાણોજી સિન્ધિયા હતો.

નજીબખાન–એ બાત સચ્ચી હે, મેરે વાલીદ મનસુર અલ્લીકું ગંગાકે પાર ઉતારકે, ઉંનકે જાનકું બચાયા થા, ઉસ્કે તકલીફસે હમ ઇસિ હાલતમેં હે.

ઉમરાવગીર–ખુદાવિંદ, શું એ ધ્યાનમાં લેવા જોગ નથી?

નજીબખાન–મેં લાચાર હું. મેને દત્તાજીકા શિર અબદાલીકું નજર કીયા હે. અબ મેરે અખત્યારકે બહાર હે.

સુજાઉદ્દૌલા–ઇસિ બાતમેં ડખલ નહિ ચલેગી. તુમ હમેરી સાથ અબદાલીકે પાસ ચલો. મેરે ઉમરાવગીરકે ખાતર એ કામ કરનેકા હે.

પોતાના ઉદ્દેશને ફલિભૂત કરવાને સુજાઉદ્દૌલા દુરાની પાસે ગયો. તીક્ષ્ણ બુદ્ધિશાળી દુરાની ભેદને પામી ગયો. સુજાઉદ્દૌલાએ દત્તાજી સિન્ધિયાનાં મસ્તક માટે માગણી કરી કે તરતજ, નજીબખાને, રાણોજી સિંધિયાએ પોતાના બાપ ઉપર કરેલા ઉપકારનું વૃત્તાંત જણાવી સંમતિ આપી. દુરાની વિલક્ષણ પુતળું હતું. દત્તાજીનું મૃતદેહ પણ તેને મન રત્નનું હતું. દુરાનીએ અપૂર્વ કીંમત આંકી–આખરે ત્રણ લાખ રૂપીયાની માંગણી કરી. મહા શ્રમે બીજા દરબારીઓના પડવાથી ઉમરાવગીરે બે લાખ રૂપીયાની હામી કરી, દત્તાજીનું મસ્તક પોતાને સ્વાધીન લીધું.

યવન દળને સેહ આપી, આર્ય પ્રભુત્વ સ્થાપવા અગ્ર પડેલા દત્તાજીનું મસ્તક લઇ, તેના ધડ સાથે મેળવી, રાજારામ ખુબ રડયો. મનુષ્ય

જીવનની મર્યાદા પ્રભુના હાથમાં છે. ઉદય અસ્ત ફરે છે. જે વીરનું નામ સાંભળી વીરમંડળ કંપતું, તે વીરના મૃતદેહને અગ્નિસંસ્કાર કરવાને આજે કોઇ આપ્ત નહોતું. જે વીરનાં વચન ઉપાડવા લાખો માણસો હાજર થતાં, તેનાં શબને સંસ્કાર કરવાનું કામ મુસ્કેલી ભરેલું થયું હતું. જેનાં અંગનું હજારો રક્ષકો રક્ષણ કરતા હતા, તેના શબ ઉપર શત્રુઓએ અનેક કુચેષ્ટાઓ કરી હતી. આ ક્ષણભંગુર દેહનું ભાવિ કોઇ જાણતું નથી. રાજા અને રંક સર્વની કર્મગતિ ન્યારી છે.

ઉમરાવગીર પોતાની પાસેના મરેઠાઓને ભેગા કરી, યમુનાતીરે દત્તાજીના શબને દહન ક્રિયા કરવા ગયો. સુખડ તથા તુલસીનાં કાષ્ઠની તૈયાર કરેલી ચિતામાં શ્રીમંત દત્તાજી સિંધિયાનાં પવિત્ર શબને સુવાડી, ઘીની આહૂતિથી ચિતાને પ્રજ્વલિત કરી અને અગ્નિજ્વાળા, મહા શબ્દ ધ્વનિ કરતી, ગગનમંડળ તરફ ઉડી રહી, પરંતુ તે ભીષણ ચિતાના પ્રજ્વલિત અગ્નિમાંથી ઉડેલા તણખારૂપી ક્રોધનાં રજકણોએ, દક્ષિણ હિંદુસ્તાનમાં મહા યુદ્ધાગ્નિ પ્રજ્વલિત કીધો; જે યુદ્ધાગ્નિના મહાપ્રવાહમાં, મરાઠી મહા રાજ્યૈશ્વર્યની ઇચ્છા બળી ભસ્મીભૂત થઇ, તેનો નિરાશા જનક ભડભડ શબ્દધ્વનિ આર્યભૂમિના ઇતિહાસ પૃષ્ઠ ઉપરથી વિસરાતો વિસરવો અશક્ય છે.

## પ્રકરણ ૧૪ મું.

### સીકન્દ્ર આગળ સેહ.

રણો તણી વાત રસિલી લાગે, નિવેડતાં તે વિપરીત ભાસે;
વીરત્ત્વ ધારી રણમાં ઘુમે છે, જય અજયનો તે લાવ લે છે.

દત્તાજી સિન્ધિયાનો શિરચ્છેદ કરી યવન સેનાએ જયનાદની માહા ગર્જના કરી. યવનોની ગર્જનાએ વિદ્યુત પઠેમ શબ્દ ચમત્કારથી મરાઠી સેનાને ચકિત કરી, ક્ષણ ભરમાં સ્તબ્ધ બનાવી દીધી. મરાઠી સૈનિકો વિસ્મિત લોચનથી અબદાલીના યોદ્ધાઓ તરફ જોવા લાગ્યા. જરી-પતાકાનું રક્ષણ કરનારા સરદારો આ ભેદ પામી જઇ, વિચારમાં પડયા કે, સુરક્ષિત થવાનો આરો નથી. એટલામાં તાનાજી ખરાડેએ કહ્યું,- "જયની બાજી પલટાઇ છે. શ્રીમંત દત્તાજી સિન્ધિયાના જગત્ શિરોમણિ લાલમણી અશ્વને આ હું લાવ્યો છું. વીર શ્રેષ્ઠ જનકોજી સિન્ધિયા ઘાયેલ થયેલો છે, હવે લઢવું અર્થ રહિત છે. માટે જરી પતાકા ઉતારી તેને શત્રુને હાથ જતો બચાવો. બીજા સરદાર તરફથી પ્રતિઉત્તર થયો કે, "નિશાન ન જોતાંજ સૈનિકોનું શૌર્ય નષ્ટ થશે, કોઇ કોઇનું રક્ષણ કરવા રહેશે નહિ, ને મહા હાનિ થશે."

તાનાજી ખરાડેએ વિશેષ આગ્રહથી કહ્યું: "નિશાન અને શ્રીમંત જનકોજી સિન્ધિયાની રક્ષા કરવાનો સમય છે, તેને રક્ષો, એ સિવાય બીજો વિચાર હાલમાં ઉચિત નથી." આ વાદને પરિણામે નિશાનને રણક્ષેત્રમાંથી ખસેડી મેદાનમાં લઇ જવા લાગ્યા. તેને મેદાન તરફ જતું જોઇ, સૈનિકોએ તે તરફ વલણ કર્યું. ક્ષણ ભરમાં સૈનિકોની વીરશ્રી નષ્ટ થઇ ભીરુતા પસરી ગઇ. યવનોને શાસન આપવા આવેલાઓ અનહદ ભીરુતા બતાવી, ભયથી ભાગવા લાગ્યા. બાપ દીકરાના બચાવ માટે બેદરકાર થયો, અને દીકરો પિતાનું રક્ષણ કરવાને બેદરકાર જણાયો. જે સ્વામીનું નિમક ખાઇ છેક દક્ષિણથી આટલે દૂર આવેલાઓ, તેઓનું રક્ષણ કરવામાં વીરપણાને અધમતા લગાડનારી કલંકિત ભીરુતા પકડી, બ્યંડળ કરતાં પણ વિશેષ નામોસીની છાપ વહોરી, જન સમાજ આગળ ચીરકાલની ધિક્કારની માળા પહેરી. એટલુંજ નહિ, પરંતુ માહારાષ્ટ્રીય વીરો માટે જે મહત્તા હતી, તેને નષ્ટ કરી. રણસંગ્રામમાંથી ભીરુતા બતાવી નહાસવું તેનાથી વિશેષ વીરપુરુષોને બીજી નામોસી નથી, વીરપુરુષોના જીવનમાં એથી બીજું મોટું કલંક નથી અને આલોક તથા પરલોકના સર્વ ઉન્નત માર્ગને રોધ કરનાર એ સિવાય બીજું કાર્ય નથી. માટે વીરપુરુષોએ, પોતાના હૃદય લેખમાં કોતરી રાખવું યોગ્ય છે કે, પ્રાણની કીંમત કીર્તિ આગળ કોડીની છે, અને કલંકિત થઇ પ્રાણ બચાવવો એ જીવિત મૃતમય છે.

આ વિપરીત સમયમાં ઘાયલ થયેલા જનકોજી સિન્ધિયાને મહા પરાકાષ્ઠાથી યેસુજી ભુઇટે, તથા જાનરાવ વાબલે, એ બન્ને જણાઓએ, બે બાજુથી ઝાલી રાખી, ઘોડા ઉપર બેસાડયા; અને ત્વરાથી ચાલવા લાગ્યા. દુરાનીએ પાછળથી કતલ ચલાવી. સૈનિકોએ ધૈર્ય તજ્યું તે સાથે પ્રાણની ખુવારી વધતી થતી ચાલી, પરંતુ હાથી ઉપરના માહાવતોએ આ સમયે ધૈર્ય ધર્યું ને સ્વામીનું રક્ષણ કરવાને શત્રુદળને ખાળવું જરૂરનું હતું. એ કર્તવ્ય સૈનિકોએ તો ન કર્યું પણ તે, યથાસાંગ માહાવતોએ બજાવ્યું. માહાવતોએ રણ કુંડાળું કરી, હાથીઓની હરોલ આગળ દુરાનીના લશ્કરને ખાળામાં નાંખ્યું. માહાવતોએ પૂર્ણ બહાદુરીથી કેટલોક કાળ યુદ્ધ ટકાવ્યું. એ સમયનો લાભ જનકોજી સિન્ધિયાને દૂર લઇ જવામાં કામે લાગ્યો. હાથીઓનું રણકુંડાળું મહાવતોના મરણો સાથે નષ્ટ થયું અને દુરાનીના લશ્કરે પાછો લશ્કરનો દુમાલો પકડયો. *જહવેરગંજ હાથીએ મહા પરાક્રમ આ રણકુંડાળામાં દર્શાવ્યું, પરંતુ તે આખરે ઘાયલ થયો.

* જહવેરગંજ—એ હાથી આ યુદ્ધમાં પકડાયલો કુતુબશાહને હાથ લાગ્યો હતો, જે કુંજપુરના યુદ્ધમાં જય થતાં પાછો જનકોજી સિન્ધિયાને હાથ લાગ્યો હતો.

અને તેનો માહાવત બડેખાં મરાયો ત્યારેજ દુરાનીને માર્ગ મળ્યો હતો. સૈનિકોના મોટા ભાગે આ ફેરી ઘણી અધૈર્યતા બતાવી હતી. તેઓએ પોતાના ઘાયલ થયલા સરદારની દરકાર જરા પણ રાખી નહોતી. આ વખતે અઢાર ગાઉ સૂધી સિન્ધિયાનો દુમાલો યવન સેનાએ છોડયો નહિ. આ સમયે અતિ દુઃખ ભોગવતી સિન્ધિયાની દુઃખદ સ્થિતિ કરુણાજનક હતી. ઉત્તમ સ્થિતિમાં ઉન્નત થયેલો, તેમાં પણ જખમી થયેલો, તેમાં પણ શત્રુથી પકડાવાની ક્ષણક્ષણે ભીતિમાં, તેમાં પણ બેદીલ થયેલા અનુચરોથી તજાયલા એવા સરદારના દુઃખની પરિસીમાનો વિચાર વાંચનાર તમોજ કરી લ્યો. ઘોડા ઉપર ન બેસી શકાવાથી, ખાસા સરદારો, અનુચરોની ગેરહાજરીમાં જનકોજી સિન્ધિયાને ખાટલામાં સૂવાડી, કેટલાક કોશ સૂધી દોડયા. તેઓને સાયંકાળ સૂધી પણ ખાટલો મૂકી થાક ખાવાનો વખત મળ્યો નહિ. પરમ દુઃખનો અનુભવ લેતાં, પરમ દુઃખી જનકોજીના ઘાયલ શરીરને વહન કર્યું. પાણી પાણીના કરુણાજનક સ્વર કરતા સરદારને, ભયને લીધે, પાણી આપવા જેટલી પણ સબૂરી ધરાતી નહોતી. અબદાલીના લશ્કરના ભણકારાએ, ભડકાવી ભડકાવી ભીરુ બનાવ્યા હતા. મહા કઠાવટે, ચોવીશ કોશ દૂર સિન્ધિયાનું બણગુ તથા કબીલો પડેલો હતો ત્યાં પોહોર રાત્રીએ લઇ ગયા.

જનકોજી સિન્ધિયાને ખાટલા ઉપર લાવતાં જોઈ પરાજયનો ભેદ સૈનિકો પામી ગયા. તેમાં દત્તાજી સિન્ધિયાને ન જોવાથી વિશેષતા થઈ. જ્યારે સૈનિકોએ દત્તાજી સિન્ધિયાના ગત થવાના વર્તમાન જાણ્યા ત્યારે તેજહીન થઈ ધૈર્યને ખોઈ બેઠા. વીરત્વથી શૌર્ય ગર્જના કરનાર મરેઠાઓ આ ફેરી ભીરુ અને કાયર થયા હતા. અબદાલીની એટલી બધી સેહ લાગી ગઈ હતી કે, તેનું નામ સાંભળતાં થરથર કાંપતા, અને રખેને આ ક્ષણે આવી જીવનમર્યાદાનો અંત લાવશે એટલા અવિશ્વાસી થયા હતા.

જનકોજી સિન્ધિયાને હાલહવાલ સ્થિતિમાં કચેરીના તંબુપાસે ઉતાર્યા કે દીવાન રામજીપંત તથા રૂપરામ કટારી આવીને ઉભા રહ્યા. આ દુઃખદ વર્તમાન જનાનખાનામાં જતાંજ, દત્તાજી સિન્ધિયાની સ્ત્રી ભાગીરથીબાઈ તથા જનકોજી સિન્ધિયાની ધર્મપત્ની કાશીબાઈ તત્ક્ષણે બહાર ધસી આવ્યાં, અને જનકોજી સિન્ધિયાને ઘાયલ જોતાંજ સ્ત્રીઓ ગદ્‌ગદિત્ થઈ કંપવા લાગી, અને જ્યારે દત્તાજી સિન્ધિયાના સ્વર્ગવાસના વર્તમાન જાણ્યા ત્યારે, કંપતા હૃદય ઉપર વિદ્યુત યુક્ત વજ્રમય પ્રહાર પડયો હોય, એમ સ્થંભિત થઈ, દુઃખની ભીષણ પરિસીમા અનુભવવા લાગીઓ. ભાગીરથી બાઈનું હૃદય સ્થંભિત થઈ ગયું હતું, મુખમાંથી ઘણાંજ લાંબા નિઃશ્વાસ નિકળતા હતા. આર્ય

રમણિનાં હૃદયવિદારક આર્ત નાદથી કોનું હૃદય પીગળ્યા વિના રહે એમ છે? હમણાં એનું હૃદય શૂન્યકારમય થઈ ગયું છે. એને મન જગત્ અંધકારમય ભાસવા લાગ્યું છે. શોકથી નવિન વિધવા, આર્તનાદ કરે છે. "હાય હાય, આજે મારૂં જીવન ભ્રષ્ટ થઈગયું છે. આજે સકળ જગતને શૂન્ય અંધકારમય જોઉં છું. મને અસાર સંસારે દુઃખની પરિસીમાએ પહોંચાડી છે. અરે! આ શરીર કેવળ નિરંતર પ્રબળ દુઃખો વહન કરવાને કેમ ટકી રહ્યું છે? આ દગ્ધ શરીરમાં હવે ચૈતન્ય તું કેમ થોભી રહ્યું છે? હાય હાય! આ મારો કઠણ પ્રાણાત્મા કેમ ટકી રહ્યો છે? તને જગતમાં રહેવું કેમ રુચે છે? .મહાત્મા, સત્ય, ધર્મધીર, મહાવીરની પાસે જવા કેમ વિલંબ કરે છે? પ્રાણ! તું નિષ્ઠૂર છે. પુણ્યશ્લોક પાસે ત્વરાએ જા, સ્વર્ગમા રાહ જુવે છે. અરે, મારું મર્મસ્થાન વિંધાઈ જાય છે. અરે હા! વીરમણિ મલ્હારરાવ! તમે ત્વરાએ તમારા મિત્રને કેમ સહાયક ન થયા. હા, ધર્મમૂર્ત્તિ બાલાજી બાજીરાવ, હા, શૌર્ય શિરોમણિ ભાઉ સાહેબ! હા, મારા બાવન ઉમરાવો! તમે બધા કયાં છો? તમે શું આ દુઃખદ વર્તમાન જાણતા નથી? આર્ય કીર્તિના અધિપતિ, આર્યતેજના વૃદ્ધિદાતા, આર્યરાજ્યના સ્થાપક, તમે બધા કયાં છુપાયા છો? હા, દેવી મહાકાળી! હા, દેવી ચંડિકા! હા લક્ષ્મીકાંત! હા પાર્વતીરમણ! તમારા યજનો કરનારને કેમ સહાયક ન થયા? અરે, વિઠોબા! આ અનાથ પાપિણીપર દયા કેમ ન કરી? હા, વિનાયક! માંગલિક નાયક! અમાંગલિક શબ્દધ્વનિ કેમ સંભળાવ્યો? હા, હા, દુરાત્મા અબ્દાલી, આર્ય કીર્તિને હરી જાય છે. મારાં સૌભાગ્યને હરી ગયો છે. એ દુષ્ટ દુરાચારી, ધર્મશત્રુનું નિકંદન કરવા કેમ કોઇ સહાય ન થયા? અરે આર્ય દેવો! આર્ય વીરો! અધર્મી ક્રૂર કર્મીને સાશન દેવા કેમ છૂપાવ છો?"

સુશીળ સાધવીના આર્ત નાદથી સર્વના કંઠ રુંધાઇ ગયા. આંખોમાંથી આંસુની ધારા વહેવા માંડી. જનકોજી સિન્ધિયાએ શાંત્વન કરતાં કહ્યું, "દેવી! ભાગ્યમાં હતું તે થયું. તમો વીર સ્ત્રી છો. વીર ધર્મને વિચારો, અમસ્તો જીવને પરિતાપ કરવાથી, સિન્ધિયા વંશની સંતતિનો અંકૂર (ગર્ભ) તમારા ઉદરમાં છે, તેને વ્યથા થશે. હું ઘાયલ છું. દુઃખદ કાળમાં ધૈર્ય આપવાનું તમારે શિર છે."

ભાગીરથી વિધવા થઇ હતી. દુઃખની પરિસીમામાં વિંધાઇ ગઇ હતી. છતાં પણ તે બીજી સ્ત્રીઓ જેવી નહોતી. તે વીર સ્ત્રી હતી. વીરના સહવાસમાં ઉછરી હતી અને સમયકાળને સમજનારી હતી. તેણે રામાજીપંત સામું જોયું.

**રામાજી પંતઃ** બાઇ સાહેબ, આપ બુદ્ધિવંત છો. વિપત્તિમાં શોક, તેજ હરે છે, ને બુદ્ધિને હીન કરે છે.

રૂપરામ કટારીઃ નિશ્ચે થવાનું તે થઇ ચૂકયું છે. શ્રીમંત રણક્ષેત્રમાં વીરહાક કરતા સ્વર્ગે ગયા. હવે ધાયલને બચાવવા જરૂરના છે. દુરાનીની ચાલ ભારી છે. શોક કરવાનો આ વખત નથી.

વિપત્તિથી વૈકલ્ય દશાને પ્રાપ્ત થયેલી ભાગીરથી બાઇએ ગદ્‌ગદિત્ સ્વરે સમયને ઉચિત કરવાનું સૂચવ્યું.

રામાજી પંત દીવાન તથા રૂપરામ કટારીએ, પ્રાતઃકાળમાં કુચ કરવાની સંમતિ આપી. લશ્કરને નગારજી મારફત તે બાબતની ખબર આપી, પરંતુ પારિપત્સ થયાના વર્તમાનથી સૈનિકો ભીરુ થયા હતા અને અબદાલીના મહાન વેગના કથનથી ગભરાયલા હતા, તેથી સૈનિકો ધૈર્ય ધરી શકયા નહિ. ધાયલ સ્વામીની દરકાર કર્યા સિવાય, તેની આજ્ઞાને ધ્યાનમાં લેવાનું પડતું મૂકી, પાણીના રેલાની માફક પલાયન કરવા માંડયું. ધૈર્ય રહિત થયેલી મરેઠી સૈન્યનો દેખાવ, દયાજનક પલમાત્રમાં થઇ ગયો. સર્વ પોતપોતાનો જાન બચાવવાની ગડમથલમાં પડી ગયા. પોતનીશ, અને જામદારખાનાના કારોબારીઓએ, ભાગીરથી બાઇ પાસે ધસી આવી, ખજાના અને કપડાં લત્તાંનો બચાવ કેમ કરવો, તે પૂછવા લાગ્યા. ભાગીરથી બાઇ સંકટથી આભી બની ગઇ હતી તેણે દીવાનની સંમતિ લેવા જણાવ્યું. સમય કાળને અનુલક્ષનારી જનકોજી સિન્ધિયાની સ્ત્રી કાશીબાઇ, પાસે હતી, તેણે વીરવીરાંગનાને છાજતી ભાષામાં કહ્યું: મનુષ્યનાં જીવન કરતાં સ્થૂલ પદાર્થોની કિંમત જાદે નથી. ખજાનો ને જરૂરી કીંમતી કપડાં ઉંટો ઉપર લાદો. ન ઉપાડાય એવા તથા જેને ઉંપાડવાને હાલ તુરત ઓછાં સાધનો છે, તેવા તંબૂ વિગરે સર્વ સાહિત્યો, બાળી ખાખ કરી નાંખો. આ આજ્ઞાને અનુસારે તોપખાનું નકામું કરી નાંખી, ત્યાંજ પડતું મૂકયું અને બીજાં સર્વ સાહિત્યમાં અગ્નિ મૂકી, તેની જ્વલંત જ્વાળાને નિહાળતા વિપત્તિના મહાન સંકટને તાબે થયા.

જખમી જનકોજીને પાલખીમાં નાંખ્યા અને આંખમાંથી દુઃખનાં આંસુ પાડતી, રાજ્યકુળ વધૂઓ, ઘોડીઓ ઉપર સ્વાર થઇ, પલાયન કરવા લાગીઓ. ભાગીરથી બાઇ નવ માસની સગર્ભા હતી. તેના પેટમાં ગર્ભ, વારે વારે સ્ફુરણ થવાથી, અને તેવા વિકટ વખતમાં, મારતે ઘોડે પ્રયાણ કરવાથી, દુઃખની પરિસીમા રહી નહિ. અસહ્ય યાતના સહન કરતાં, અરણ્યના માર્ગને રાત્રીએ મૌન્ય ધારણ કરી, કાપતાં કાપતાં અઢીપહર રાત્રે બાર કોશ આવ્યાં. આ વખતે સૈનિકો સ્વામીની દરકાર રાખ્યા વિના, રાનોમાલ થઈ ગયા હતા અને જ્યારે રૂપરામ કટારીએ જણાવ્યું કે, એક દીલ પૂરા પાંચસે લડવૈયા પણ સાથે નથી, ત્યારે તેણે પાલખી ઉતરાવી, જનકોજી સિન્ધિયા સાથે મસલત ચલાવી.

રૂપરામ કટારીઃ અવ્યવસ્થિત થયેલા અધૈર્ય સૈન્યથી અબદાલી સામે રક્ષણ થવું અશક્ય છે.

રામાજી પંતઃ આપનું કહેવું સત્ય છે. સ્વામીની ઈચ્છા થતી હોય તો, કંઈ રક્ષણ શોધીએ.

રૂપરામ કટારીઃ કદાપિ ભરતપુર, રાયગઢ કે કુંભેરી એમાંથી એક સ્થળે જાટ આશ્રય આપે, તોપણ દુરાની આવે ત્યારે, આપનો બચાવ થવો અશક્ય થાય, અને સૈનિકોની તો વ્યવસ્થા થવી દુર્લભ છે."

જનકોજી સિન્ધિયાઃ ભાગીરથી બાઈની સંમતિ લો."

ભાગીરથીએ, દયાજનક ગદ્‌ગદ્ કંઠે કહ્યું: "મારો અંતરાત્મા વિપત્તિથી શૂન્ય થયો છે. ભાઈ! તમો સર્વને યોગ્ય લાગે તે માર્ગ લો."

આ સમયે લાજ મર્યાદાનો વિવેક તોડી, કાશીબાઈ બોલીઃ "આ સમયકાળ વિચાર કરી વખત ખોવાનો નથી. પ્રભુ અવકૃપાએ બન્ધુ વ્યંકટરાવ તથા પરમ હિતચિંતક ભાપકર સહાયક થયા નથી, તો જાટ કોણ? જે સૈનિકો સ્વામીને માટે મરવા દક્ષિણથી અહીંઆં સુધી આવ્યા છે, તેને તજી છૂપાવાથી શું? અનેક પ્રાણીના પ્રાણને સંકટમાં નાંખી, જીવન મર્યાદાના રક્ષણના હેતુ સારૂ ભીરુ થવાથી પણ બચીશું એવો શું લેખ છે? થોભવાનો વિચાર ઉત્તમ નથી. બનતી ત્વરાએ હોલકરના લશ્કરને મળવું એ ઉચિત છે, માટે પાલખી ચાલવા ઘો."

કાશી બાઈનાં મહત્ત્વ ભરેલાં મતને આધીન થઈ, ભાગીરથી બાઈએ પાલખીને ચલાવવાનો હૂકમ કર્યો. કુચ કરતાં કરતાં પ્રાતઃકાળ થયો, અને રેવડી નજીક આવ્યા કે ત્યાં અહમદઅલ્લી આવ્યાના વર્તમાન સંભળાવા માંડયા. દુરાનીના આવવાનો શબ્દધ્વનિ કર્ણદ્વાર ઉપર પડતાંજ સર્વના જીવન મર્યાદાનો અંત આવ્યો હોય તેમ નાશ ભાગ થઈ રહી. અધિરાઈની પરિસીમા રહી નહિ. પાલખી ઉચકનારા ગભરાઈને જખમી સરદારને નાંખી નાશી જવાની તૈયારી કરવા લાગ્યા, ભોંઇઓનું આ વર્તન જોઇ, ભાગીરથી બાઇ કંપિત થઇ, ગદ્‌ગદિત્ સ્વરે નેત્રોમાંથી આંસુ ઢાળતી ભોંઇઓને વિનવવા લાગી. "ભાઇઓ! તમો નિર્દય થતા ના. હમારા વંશનું જીવન, હમારા સુખદુઃખનો આધાર, ને તમારો અત્યાર સૂધીનો પોષક, તમારા હાથમાં છે; તેના જીવનનો આધાર, તમારા ચાલવાના કૌશલ્ય ઉપર છે. ધૈર્ય ધરી પરાક્રમ પૂર્ણ કરો, અબદાલીની દોડને નિરર્થક કરી, અમર કીર્તિ લો અને અબદાલીની તરવાર, તમારી ડોક ઉપર આવે ત્યાંસૂધી પણ તમારી દોડને ગતિમાં મૂકજો અને તેમ કરી, તમારૂં કર્તવ્ય યથાસાંગ બજાવશો તો, તમો બત્રીશે બત્રીશ ભોંઇઓને શેર શેર સોનાનાં કડાં બક્ષીશ આપીશ."

સોનાની લાલચે, અનુચરોમાં વિલક્ષણ ગતિ મૂકી, મતિને સૂધી કરી. ભોંઇઓની દોડ આગળ ભાગીરથી બાઇથી ઘોડી ઉપર ટકાયું નહિ. તેથી તેણે જનકોજી સિન્ધિયાને કહ્યું: કુમાર જનકોજી, ગર્ભની વેદનાથી

મારાથી તમારી પાલખી બરોબર ઘોડી ચલાવી શકાતી નથી. વ્યથા બહુ થાય છે, માટે મને કોઇ વીર પુરુષને સોંપો, હું ધીમે ધીમે તેની સાથે આવી પહોંચીશ. કદાપિ દુરાની નજીક આવે તો, મારા દેહના બે કટકા કરી નાંખી, મારા દેહને જીવતી શત્રુના હાથમાં ન જવા દેવા, મારા રક્ષકને આજ્ઞા કરજો, કે કુળ લજ્જાનું રક્ષણ થાય."

આ સમયે જનકોજી સિન્ધિયા ગદ્ગદિત્ થઈ ગયો. મનમાં મોટી હાય મારી આકાશ તરફ દૃષ્ટિ કરી કહ્યું: "પરમ કૃપાળુ પ્રભુ! તમારૂં રક્ષણ કરો. અમારા કુળની પરમ આશા તમારા ઉદરમાં છે. તેનો વિચાર કરી, જીવનનું રક્ષણ શોધજો. મહાવીર આવજી આનંદરાવને તમને સોંપું છું. તમે ધીમે ધીમે આરામીઅતથી આવી પહોંચજો."

બીજી તરફ આવજી આનંદરાવ તરફ વિશ્વાસસૂચક ભાવ બતાવતાં દૃષ્ટિ કરી સૂચવ્યું કે, "કદાપિ દુરાની દૃષ્ટિએ પડે તો, બાઈ સાહેબને, જીવાડવાની આશા ન રાખતાં, તેમના બે કડકા કરી નાંખી, તમારે તમારૂં ફાવતું કરી લેવું." અને તેજ ક્ષણે કાશીબાઇના રક્ષણ સારૂ કુસાજી સિન્ધિયાની નિમણુક કરી, તેને પણ એજ સૂચના આપી. તરુણ કાશીબાઇ વીર વીરાંગના હતી. તેણે પતિની પાલખી છોડી નહિ. જવાંમર્દીથી, પતિની રક્ષક થઇ, સ્ત્રી ધર્મ સાથે વીર વીરાંગનાનો પરમ ધર્મ સિદ્ધ કરી બતાવી, સાંપ્રત કાળના સ્ત્રી વર્ગ આગળ દૃષ્ટાંતભૂત નિવડી, વિલક્ષણ કુતૂહળને નિહાળતા અને વેદનાને અનુભવતા, જનકોજી સિન્ધિયાએ, બીજે દિવસે, દિલ્લીથી એંસી કોશ દૂર આવેલા, કોટ પુતલીમાં મુકામ કીધો. મલ્હારરાવ હોલકરનો મુકામ, કોટ પુતલીથી બે ત્રણ કોશ દૂર હતો, ત્યાં આ દુઃખદ વર્તમાન પત્રદ્વારાએ પહોંચ્યા. પત્ર લઇ જનાર સ્વારે કરુણાજનક સ્વરે દત્તાજી સિન્ધિયાના શિરચ્છેદનો હેવાલ તથા જનકોજીના ઘાયલ થયાનું વર્તમાન તથા લશ્કરની અવ્યવસ્થા થવા સાથે સિન્ધિયા કુળની કુલાંગનાઓને વેઠવાં પડેલાં સંકટનો હેવાલ વિગતે કહ્યો. દુઃખ ઉત્પન્ન કરે એવી કહાણીથી વીર મલ્હારરાવની છાતી ભરાઈ આવી. વીર છતાં વીરધર્મનો ત્યાગ કરી દત્તાજીના સ્નેહ ભાવની પ્રતિમાને વારે વારે સ્મરણમાં આણી, મનોવેધક શોક કરવા માંડયો. દીવાન ગંગાધર પંથે બહુએ આશ્વાસના કરી, પણ હોલકર સરકારની મનોવૃત્તિ શાંત થઈ નહિ. આખર વૃદ્ધ પ્રિયાને શીર ફરજ આવી પડી, તે પતિસન્મુખ આવી ધૈર્ય દેવા બેઠી.

કુલીનતાની અધિમૂર્તિ ગૌતમાબાઈ, ગંભિરતા ધારણ કરી, વીર પતિની પાસે ધીમે ધીમે જઇને બેઠી. પતિના સામું કંઇક શોકયુક્ત દીન ભાવથી તથા કંઇક વીર વીરાંગનાને છાજતા સરળ ભાવથી જોઈ રહી. પતિના શોકમાં ફેર ન પડતો જોઈ, સતિ પણ ગદ્ગદિત્ થઈ ગઈ.

ગૌતમાબાઈ દુનિયાદારીની જાણુકાર હતી. દત્તાજી તથા જનકોજી ઉપર સ્વામીની પ્રીતિ પુત્રવત્ હતી, એમ એ જાણતી હતી, તેથી જો શોકાગ્નિ વધારે પ્રદિપ્ત થશે તો સુબેદારની પ્રકૃતિ શિથિલ થશે; અને તેથી શૌર્યતેજ ઝાંખુ થશે, એથી મહા અર્થની હાનિ થશે, અને અનર્થની પ્રાપ્તિ થશે, એ સર્વ વિચારી, પતિના ખભા ઉપર હાથ નાંખી, સાડીના પલ્લવ થકી પતિના આસું લુંછી નાખી, છાતીના ભાગ ઉપર હાથ ફેરવતી ફેરવતી, બોલીઃ "પ્રાણેશ ! આપ જેવા વીર પુરુષને આમ શોક કરવો ઉચિત નથી."

મલ્હારરાવઃ "હું શું કરૂં? મારાથી સહન થતું નથી. અરે! મારો દત્તાજી, તેના આ હાલ!"

"પ્રાણેશ, દત્તાજીએ ક્ષાત્રધર્મ યથાસાંગ બજાવ્યો છે. પોતાનું કર્તવ્ય કરી જગતને વીર તરીકેની પીછાન આપી છે, એની કીર્તિ આજે જગતમાં ગર્જી રહી છે. વીર રણમાં નહિ મરે તો ક્યાં મરશે ? વીરના જીવનનું કર્તવ્ય રણ કીર્તિમાં છે."

"અરે એનો શિરચ્છેદ! અરે યવન પાતકીએ મારા દત્તાજીનો શિરચ્છેદ કરી, તેના શબને રખડાવ્યું. એ દુઃખ જરા પણ વિસરાતું નથી."

ગૌતમાબાઈઃ "પ્રાણેશ! પાતકી કપટાચારીઓની કુચેષ્ટા વિચારી, અવિચારી શોક કરવો યોગ્ય નથી. આપ વીર છો. દત્તાજીના વીરત્વનો વિચાર કરો. વીર પુરુષને છાજતી મહા વીરતા બતાવી છેઃ શત્રુને ભીરુતા બતાવી નથી. શત્રુને મારતાં મારતાં વીરશ્રીની મહાહાક ગર્જાવી ઇહલૌકિક કીર્તિ સંપાદન કરી, પારલૌકિક સાધન સંપાદન કર્યું છે; અને વીર પુરુષને એજ દુર્લભ છે."

દીર્ઘ નિઃશ્વાસ છોડતાં સુબેદાર મલ્હારરાવ હોલકર, પ્રિયા સામું આંસુ ભરેલી ચક્ષુથી ઉંચું જોઇ બોલ્યોઃ પ્રિયા! પુત્રના મરણથી જે શોક નહોતો થયો, તે શોક મારા દત્તાજીરૂપી જમણો હાથ કપાવાથી થાય છે. અરે રણસંગ્રામમાં એને વીર હાક મારતો ક્યારે જોઇશ ? એમ કહી ખુબ રડયો. તેથી તેની પ્રિયા પણ ગભરાઇ ગઇ. પતિના આંસુની ધારા સાથે તેની ચક્ષુમાંથી પણ આંસુની ધારા ચાલવા માંડી. એક ક્ષણભર વૈકલ્ય દશાને બન્ને જણાએ અનુભવી, દેવી ચટ સાવધાન થઇ, પતિ સામું દૃષ્ટિ માંડી બોલીઃ "પ્રાણેશ ! આમ શું કરો છો ? શરીર શિથિલ થશે. તમો જેવા વીરોને રડવું ન છાજે. રડવાનું કામ સ્ત્રી વર્ગનું છે."

હોલકરે પ્રિયાના શબ્દોને લેખવ્યા નહિ; એ વિચારી, પ્રિયાએ વીર પતિની વૃત્તિને જાગ્રત કરવાને બુદ્ધિ યોજી. કઠોર શબ્દ પ્રહાર કરવો શરૂ કીધો.

"કાયર ભીરુ બની સ્ત્રીની પઠેમ વિલાપ કરવો હોય તો કરો. દત્તાજીની સ્ત્રી, અને કુમાર જનકોજી ઘાયલ થઇ પડયાં છે, તેને આશ્વાસના કરવાનું કોરે મૂકી, લોક હસાવવાં હોય તો હસાવો. જો દત્તાજીને માટે લાગણી થતી હોય તો, ચિરંજીવી ખંડેરાવના મરણ સમયે લીધેલી ધીટ પ્રતિજ્ઞાને સ્મરણ કરી, તમારા વીરત્વથી શત્રુ મંડળને ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવી હતી, તેમ કર્તવ્ય કરવાને, મહા ધૈર્ય ધારી ખડ્ગનો ખેલ કરી, પ્રાણાંત સુધી પુરુષાર્થ ધારી, દુષ્ટ કપટાચારીઓનું નિકંદન કરી વેર વાળો."

પ્રિયાનાં વચન, બાણ જેવાં લાગ્યાં. સુબેદારે સાવધ થઇ, દત્તાજીની સ્ત્રી, તથા ઘાયલ જનકોજીની આશ્વાસના કરવાનું પ્રથમ કર્તવ્ય છે, તે તરફ વૃત્તિ દોરી. તુરતજ લશ્કરને કોટ પુતલી જવાનો હુકમ કીધો; અને ટુંકા વખતમાં સિન્ધિયાના કુટુંબનો જ્યાં મુકામ હતો, ત્યાં હોલકર સરકારની સ્વારી આવી પહોંચી. શ્રીમંત સિન્ધિયા સરકારની કુલાંગનાઓ, ઘાયલ જનકોજી સાથે વૃક્ષના આશરા નીચે નિસ્તેજ રંક જેવી સ્થિતિમાં પડી હતી. રાજ્ય વૈભવમાં મહાલનારાં કુટુંબના પડાવ માટે, સિપાઇને પડી રહેવા લાયક રાવટી પણ નહોતી. વસ્ત્રના છેડા ઝાડો સાથે બાંધી, સૂર્યના તેજથી પોતાનું રક્ષણ કરતાં હતાં. આવી સ્થિતિમાં તેમને જોઈ, ગૌતમાબાઇના હૃદયમાં વજ્ર ઘાત થયો. અરસપરસ દૃષ્ટિ મળતાં, ભાગીરથીબાઈ તથા કાશીબાઇની અત્યાર સુધી ધારણ કરેલી ધૈર્ય નષ્ટ થઈ, અને તેમણે આંસુની નીકો વહેવા માંડી. ભાગીરથીબાઇના શોકને શાંત્વન કરવાનું કામ ગૌતમાબાઇને બજાવતાં મહા સંકટ થયું. આર્ય વિધવાના હૃદય વિદારક આર્ત નાદથી, કોનું હૃદય કંપ્યા સિવાય રહે એમ છે? એ વિષયને ત્યાગી વાંચનાર ઘાયલ જનકોજી તરફ દૃષ્ટિ કરો. વીરે વીરની દૃષ્ટિનું મીલન થતાં ક્ષણભર મૌન્યતાએ, પોતાનું આધિપત્ય સ્થાપ્યું. આખરે જનકોજીના મુખમંડળમાંથી કરુણાજનક શબ્દ પ્રવાહ વહેવા માંડયોઃ "અરે જગત્‌નિધે, હમે તારો શું અપરાધ કર્યો છે? હમારો વડીલથી વિયોગ કીધો. તારે ત્યાં શી ખોટ હતી કે, પાટીલને તેડી લીધા. અરે મહાધીર! રણધીર વડીલનાં હવે કયાં દર્શન થશે?"

જનકોજીનો કરુણાજનક શબ્દ ધ્વનિ કર્ણદ્વારપર પડતાં સમર્થ વીર મલ્હારરાવ શિથિલ થઇ જઇ, શોક કરવા લાગ્યો. ગૌતમાબાઇએ બન્ને વીરોનું શાંત્વન કર્યું અને વીર ધર્મનું સ્મરણ કરાવી, યવન પરત્વે વૈર લેવાની વૃત્તિ જાગ્રત કરી, તેમનું કર્તવ્ય કરવા તરફ વૃત્તિ દોરી.

એ દિવસે તો સર્વેએ સ્વસ્થ થઇ પડાવ નાંખ્યો. બીજે દિવસે, ક્ષાત્ર ધર્મ પરાયણ સુરજમલની પત્રિકા આવી. તેમાં તેણે સૂચવ્યું

હતું કે-"દુરાનીનું સૈન્ય તમોપર હલ્લો કરવાને આવે છે. માટે તમારે સાવચેતીથી કામ લેવું."

આ વર્તમાનથી મલ્હારરાવ હોલકર, જનકોજી સિન્ધિયા, તથા ગંગાધર પંત તથા રામાજી પંત દીવાન એકત્ર થઇ શત્રુને કેમ મહાત કરવો તેનો વિચાર કરવા બેઠા.

જનકોજી સિન્ધિયાઃ "શત્રુનું મહત્ત્વ મરોડયા સિવાય આપણો રંગ રહેનાર નથી. માટે આ પ્રસંગે "हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महिम्" એ યુક્તિ પ્રમાણે શત્રુ સામે લઢવાનો મારો તો નિશ્ચય છે.

મલ્હાવરાવ હોલકરઃ આ સમયકાળ વિચારી કામ લેવાનું છે. તમારા કસાયલા વીરો મહાત થયા છે, ત્યારે મારું ખાનદેશી લશ્કર કેમ જોર મારશે? એ પ્રથમ વિચારવાનું છે.

ગંગાધર પંતઃ હાલ તુરત લશ્કરને કાવા આપી દુરાનીને અથડાવવો મને દુરસ્ત લાગે છે.

રામાજી પંતઃ એ દરમીયાનમાં એકાદ કિલ્લાનો આશ્રય કરી, લઢવાનું કામ રાખ્યું હોય તો.

મલ્હારરાવ હોલકરઃ સૈન્ય કૌશલ્યતામાં આપણે વધારે વિચારવું પડે એમ નથી. પરંતુ જનકોજીરાવ જખમી છે, તેમની, તથા જનાનખાનાની બહુ ફિકર છે.

ગંગાધર પંતઃ ત્યારે જનકોજીરાવને જૂદે સ્થળે રાખવા જરૂરના છે.

મલ્હાવરાવ હોલકરઃ હું એજ ધારું છું. જનકોજીરાવે જનાના તથા બુણગા સાથે ચંબેલીપાર મુકામ રાખવો ઉચિત છે, કેમકે દુરાનીની ત્વરા ભારી છે. સહેજે ચાલીશ કોસ કાપવા એ એના લશ્કરને મન રમત છે.

જનકોજીઃ સુબેદાર! તમો વડીલ છો. સ્ત્રી મંડળનું રક્ષણ કરવાનું કામ તમારે શિર છે. માટે આપ છૈયાં છોકરાંઓને લઇને જાઓ. મારો તો કૃતનિશ્ચય છે કે, શત્રુની સામું લડી વડીલનું વૈર લેવું, યા તો વડીલની પડેમ રણક્ષેત્રમાં વીરધર્મ કૃતાર્થ કરવો.

મહલાવરાવઃ "ભાઇ! તમો જખમી છો. વિપત્તિ ધર્મને સ્વીકારો તો સારૂં.

જનકોજીઃ સુબેદાર! આ મૃત્યુલોક છે. એમાં કોઇ અમર નથી. ક્ષણિક દેહને સારૂ વીર ધર્મથી ભ્રષ્ટ બની કલંકિત થનાર નથી. કીર્ત્તિ ચિરકાળી છે તેના લોભને છોડી, કુલધર્મને બોળીશ નહિ. કાયર બ્યંડળને ધિક્કાર છે."

મહલાવરાવઃ કુમાર! તમો વીર છો, રણરંગમાં જયરંગ મેળવો એવા છો. પરંતુ દેહની અસાધ્યસ્થિતિમાં શું કરી શકશો? તેમ દુરાનીનો વેગ ભારી છે. અસાધ્ય દેહે કેમ ટકી શકશો?

જનકોજીઃ દુરાચારી યવનને પ્રભુએ જયનો પટો આપ્યો નથી. સર્વ સ્થળે દુરાનીનો જય નિશ્ચિત થયેલ નથી. તેના ડરથી દુનિયાને હસાવીશ નહિ. માન હાનિ ખમીશ નહિ. मनस्वी म्रियते कामं कार्पण्यं न तु गच्छति. પ્રાણ જાય તો ખેર, પણ માન હાનિ થવા ન દેવી એ નિશ્ચયને છોડીશ નહિં.

આ વાદવિવાદથી જનકોજીરાવે પોતાની હઠ છોડી નહિ. શ્રીમંત હોલકર સરકાર, વડીલ ભાવના સ્નેહમાં ગુસ્સો કરી પોતાને તંબૂએ ગયાં અને ત્યાં ગૌતમાબાઇને સકલ વર્તમાનથી માહિત કર્યાં. ગૌતમાબાઇ પ્રસંગધીર સમજુ હતી. તેણે જનકોજીરાવને અભિવંદન આપતાં પતિના વિચારને અનુમોદન આપ્યું નહિ. તે બોલીઃ કુમાર જનકોજી ક્ષાત્ર ધર્મ પરાયણ મહાવીર છે. વિપત્તિમાં પણ ઉત્સાહયુક્ત મહાધીર ધારી, વીરધર્મને અનુસરવાનું કહે છે, એ ખોટું શું કરે છે ? અપકીર્તિ મેળવી કેટલા કાળ ગાળવા છે ? વીરધર્મથી કુમાર જનકોજી કદિ ચલિત થનાર નથી. માટે ખરો વિચાર કરવો બાજુએ મૂકી, ખોટો કાળક્ષેપ કરવો યોગ્ય નથી. હું સ્ત્રીમંડળને લઇને જઇશ. સ્ત્રીવર્ગને માટે તમારે કે જનકોજીએ, કોઇએ પણ, શત્રુને પીઠ આપી, જનમંડળ હસાવવાની આવશ્યકતા નથી.” પ્રસંગ ધીર પતિપ્રાણાએ પતિના મનનું સમાધાન કર્યું, અને કુમાર જનકોજીના મનને મનાવ્યું.

અનુભવ સર્વ શક્તિ લાવે છે. વીર પતિના સહવાસમાં વસનારી સ્ત્રીઓ વીરાંગના થાય છે. પતિને પણ પ્રસંગ વસાત્ ધૈર્ય આપી રંગને દીપાવે છે. સત્યશીળ આર્ય પત્નીનો મહિમા અવર્ણનીય છે. આખરે ગૌતમાબાઇને શિર સ્ત્રીમંડળનો બચાવ આવી પડયો અને લશ્કર સાથે સ્ત્રીમંડળ તથા બુણગાને લઇ, ગૌતમાબાઇ પોતાની રાજધાની ઇંદોર તરફ કુચ કરી ગયાં.

સ્ત્રી વર્ગને માળવા તરફ વિદાય કરી, મરાઠી રાજ્ય કુળ દીપકોએ મરાઠી વીર પદ્ધતિથી, મારવાડ તરફ કુચ કરવી શરૂ કીધી. દુરાનીએ તેમનો પલ્લો પકડયો. અને જ્યારે દુરાની મારવાડમાં આવ્યો ત્યારે, મરાઠી સૈન્યે પાણીપત તરફની દીશા સાંધી. અને જ્યારે યવન દળ તે તરફ આવ્યું ત્યારે તેમણે દિલ્હીની તરફ પ્રયાણ કીધું, અને જ્યારે અબદાલી તે તરફ આવ્યો ત્યારે, સિન્ધિયા અને હોલકરે આગ્રા તરફ જવા માંડયું. ત્યાંથી જયપુર તરફ ગયા. જેમ જેમ મરેઠી સૈન્ય દોડ કરતું, તેમ તેમ દુરાનીનું સૈન્ય તેની પાછળ ભમતું. મરાઠી સૈન્યની માહાચાતુર્યતાનો સંપૂર્ણ પ્રયોગ આખરે ફલિભૂત થયો નહિ. અબદાલી જેમ જેમ મરેઠી સૈન્યની પાછળ ભટકયો, તેમ તેમ વધારે ઉત્સાહી થયો અને પોતાની લડવાની યોજ-

નાને વધારે મુસ્તકીમ કરતો ગયો. મરેઠી કાવાની પદ્ધતિથી દુરાની કાયર થયો હતો. તેમ જનકોજી સિન્ધિયાને એ પદ્ધતિ પસંદ પડતી નહોતી. તોપણ વડીલ હોલકર સરકારની સંમતિને અનુસરી, કાવા માર-વાનું કામ અટક્યું નહોતું. આખરે ફાલ્ગુન સુદિ ૧૫ ને દિવસે, મરેઠી સૈન્ય યમુના નદી ઉતરી, સિકંદ્ર શેહેર આગળ આવી પહોંચ્યું.

આજે હુતાશનિનો દિવસ હતો. સૈનિકો હુતાશનિના આનંદમાં મસ્ત થઇ મહાલવા લાગ્યા હતા. પ્રથમ સિકંદ્રને લુંટી પાયમાલ કર્યું. પછી મરેઠાઓએ ખાઇ પી મસ્તાન થઇ, હોળીના ગેરીઆ બની વિશેષ મદોન્મત થઇ અપૂર્વ હાનિ કરી આનંદ માન્યો.

સિકન્દ્રમાં મરેઠી સૈન્યે મહા રોળ વાળ્યો; તે સાથે તેમની ઉન્મત્ત થયેલી પ્રકૃતિએ શાંતિ પકડી, અકબર બાદશાહના રોજાનું રક્ષણ કરવા માટે તથા તેને અપમાનિત ન કરવા માટે ઓછી કાળજી રાખી નહોતી. આ જગત્પ્રસિદ્ધ બાદસાહની હિંદુ અને મુસલમાન પ્રત્યેની સમાન બુદ્ધિનું એ ફૂળ હતું.

આ નાનકડા શહેરમાં જગત્પ્રસિદ્ધ અકબર બાદશાહની કબર આવેલી છે. એ સમર્થ બાદશાહને અત્યારસુધી સર્વ પ્રજા અભિવંદન આપતી આવેલી છે. માટે વાંચનાર આપણે પણ અભિવંદન આપીએ, અને તેના રોજાનું વર્ણન લક્ષપૂર્વક અવલોકન કરીએ.

એક ભવ્ય બાગમાં આ રોજો આવેલો છે. તેની ચારે બાજુએ મનોહર ભવ્ય બુરજોવાળો મજબૂત કોટ છે. પેશવાનો દરવાજો કોટની દક્ષિણ દિશાએ છે. એમાં પ્રવેશ કરતાં એક વિસ્તીર્ણ ચોક આવે છે. તેના ગોળાકાર પડતા મુખભાગને રંગીન આરસપહાણના વેલબુટ્ટિ તથા પત્તાના નકશી કામથી મનમોહક કર્યું છે. ચોકની અગાશી ઉપર લાલ રેતાળ પથ્થરના નાના ઘુમટો તથા સફેત સંગેમરમ-રના ચાર સુંદર મિનારા બાંધેલા છે. અહિંઆથી આગળ જતાં રોજાના ભવ્ય સ્થાનમાં જવાય છે.

જગતના મહાન બુદ્ધિશાળીની પંક્તિમાં ગણાતા મહા પુરુષોનો રોજો વિલક્ષણ પ્રકારની બાંધણીથી બંધાયલો છે. એની સરખામણી હિંદુસ્થાનના કોઇ પણ પ્રસિદ્ધ મકાન સાથે થાય એવી નથી. એ રોજો ખરેખર એક મિનારારૂપ છે. એ અદ્દભુત રોજાની બાંધણી ઉંચી એસણી ઉપર લીધેલી છે અને આખી બાંધણી ચાર માળમાં પૂરી થાય છે. ત્રણ માળમાં ગુલાબી રંગના પથ્થરોના ઉત્તમ નકસી કામવાળો ઘુમટ છે અને ચોથા માળની આસપાસની બાંધણી નકસીદાર સફેત આરસપહાણની છે. તે ઉપરની છત્રીઓ મનોહર રીતે આરસપહાણનીજ ગોઠવેલી છે.

મુખ્ય દ્વારથી થોડે દૂર સાંકડો રસ્તો વટાવ્યા પછી, મહાન્, જગત્પ્રસિદ્ધ અને દરેક પ્રજાના માનીતા અકબર બાદશાહની સાદી આરસપહાણની સમાધિ આવે છે. તેની ભવ્યતાની છાપ, તેના પ્રત્યે પૂજ્ય બુદ્ધિને સજીવન કરે છે. આ ભવ્ય રોજાને મરેઠી લશ્કરે સર્વ દ્વેષને તજી માન આપ્યું, અને તે મહા પુરુષની સમાધિને સર્વે જણાએ અભિવંદન આપી મહાઆનંદ માન્યો.

આનંદમાં મદમસ્ત થયેલા લશ્કરમાં એકાએક સુરજમલ જાટ તરફથી વર્તમાન લઇ સાંઢણી આવી. જાટે દુરાનીના સૈન્યની કુચનું વર્ણન કરતાં દર્શાવ્યું હતું કે, "દુરાનીનું સૈન્ય દિલ્હી નજીકની યમુના ઉતરી, અંતરવેદી પ્રાંતમાં થઇ, તમારા ઉપર હલ્લો કરવા નિકળી ચૂક્યું છે, માટે તમો બનતી સ્ફુરતા વાપરજો."

જાટની પત્રિકાને અભિવંદન આપતાં જનકોજી સિન્ધિયા મલ્હારરાવ હોલકર પાસે ગયા અને સર્વ વર્તમાન વિદિત કરતાં વડીલ પ્રત્યે વિનય બતાવી કહ્યું: "સુબેદાર ! અદ્યાપિ પર્યન્ત આપની આજ્ઞાને અધીન થઇ વર્ત્યો છું, આપના યુક્તિબળના આશ્રય નિચે રહી, આજસૂધી કાવા કર્યા છે, પણ હવે યવનને વીરત્વ બતાવી, મરેઠી ગૌરવ સ્થાપવા ઇચ્છું છું. આપ દૂરદર્શી છો, હજારો દરજ્જે મારા કરતાં સર્વ કાર્યમાં યોગ્ય છો, છતાં મારો આત્મા હવે કાવા કરી શત્રુને હંફાવવા તરફ નથી. ક્ષુદ્ર યવનો આસ્માન ફાડીને કંઇ આવ્યા નથી. આટલી બધી સેહ ખાવી યોગ્ય હોય ? દુરાની આપણા દેશમાં ચઢી આવ્યો છે. નથી આ દેશમાં તેના કિલ્લા, નથી તેમનો વીર સહાયક, અને જો એક ફેરી સેહ ખવાડી નસાડયા તો, તેમનો કોઇપણ રક્ષક થનાર નથી. તમે ઘણા કાળથી બહાદુરી પ્રકાશ કરો છો, અનેકવાર તમે મોગલો, નવાબો, અને રજપૂત રાજાઓને નમિત કર્યા છે, તો આ દુરાનીના શા ભાર છે? આપ જય માટે સંદેહ શા માટે કરો છો ? એક ફેરી ભુજબળનો સ્વાદ ચખાડવાની યોજના રચો."

મલ્હારરાવ હોલકર: ઉચ્ચાભિલાષી મહાવીર મરાઠી ગૌરવનું સ્થાપન કરવું એ મારૂં કર્તવ્ય છે. હું જીવનની જરા પણ દરકાર રાખતો નથી. પરંતુ જે મરેઠી મહાગૌરવ સ્થાપ્યું છે, તેને કલંકિત કરવા ઇચ્છતો નથી. દુરાની આ દેશનો સ્થાયી વતની નથી, એનો અંતઃકરણપૂર્વક કોઇ સહાયક નથી, એનાપર ભારતભૂમિની પ્રજા રાજી નથી, એના નિકંદન માટે આર્ય પ્રજા સર્વદા ચિંતવન કરે છે, એ સર્વે સત્ય છે, તો પણ એનું લશ્કર કેળવાયલું છે, ઉચ્ચ અભિલાષી સાથે ઉત્સાહી રણદર્શી યોદ્ધાઓથી પરિપૂર્ણ છે માટે યુદ્ધયોજનામાં તેને સેહ આપવા તે અધિક સાધનની આપણે જરૂર છે.

**જનકોજી સુબેદારઃ** દુરાની કંઇ બે માથા ધરાવતો નથી. જ્યાં સૂધી આપણો અને એના સૈન્યનો મુકાબલો થયો નથી, ત્યાંસૂધી કલ્પિત સેહ ખાવી યોગ્ય નથી. એક ફેરી યુદ્ધ કરવાની આજ્ઞા કરો.

**ગંગાધર પંતઃ** આપનું કહેવું સત્ય છે. એક ફેરી મુકાબલો કીધા સિવાય, યવનો સેહ ખાનાર નથી. તોપણ આપના ઘા હજી રૂઝાયા નથી, તેથી વીરત્વ બતાવવાનો લોભ આ ક્ષણે ન રાખતાં, એ કામ મને, અન્યાબાપલસીકરને શેટીબા ખરાડે અને મહિપતરાવને સોંપો. અને આપ આગ્રામાં જઇ યુદ્ધની તાસીર તપાસો.

સર્વ મતે હોલકર સરકાર તથા ઘાયલ જનકોજીને આગ્રા જવાનું ઠર્યું અને યુદ્ધનો ભાર અન્યાબાપલસીકર તથા શેટીબા ખરાડેને શીર મૂક્યો.

અરુણોદય થતાં દુરાનીના સૈન્યનો ભેટો થયો. મરેઠી વીરોએ મહા વીરત્વ બતાવી, મહા યત્ન કીધું. પરંતુ સૈન્યમંડળ ઓછું હોવાથી, સેહ પામી નાઠું. યુદ્ધમાં મહિપતરાવ દીવાન, તથા શેટીબા ખરાડે ખપી ગયા.

દુરાનીએ મરેઠી સૈન્યને સેહ આપી એ વર્તમાને, દક્ષિણ હિંદુસ્થાનમાં ખળભળાટ ઉત્પન્ન કીધો. અને પેશવા બાલાજી બાજીરાવને ક્રોધાધીન કીધો. વાંચનારને પ્રથમ પ્રકરણ સાથે આતું અનુસંધાન લેતાં જણાશે કે, નિજામઅલ્લી સાથે જયરંગ મેળવી, માન્જારા નદીને કિનારે પડેલા પેશવાને, દત્તાજી સિન્ધિયાના વધ થયાના તથા મલ્હારરાવ હોલકર તથા જનકોજી સિન્ધિયાને સિકેન્દ્ર આગળ સેહ મળ્યાના વર્તમાન મળ્યા હતા; અને તે વર્તમાનના શ્રવણથી, તેના મગજતંતુમાં ભરાયલા ક્રોધાગ્નિએ મહારંગની યોજના ઉભી કરી, યુદ્ધાગ્નિને પ્રજ્વલિત કર્યો હતો. તે સર્વનું આદિ કારણ આ વર્તમાન હતું.

## પ્રકરણ ૧૬ મું.

### મોક્ષપુરી મથુરા.

अयोध्या मथुरा माया काशी कांची अवंतिका ।
पुरी द्वारावती चैव सप्तैता मोक्षदायकाः ॥

મરેઠી સૈન્ય ચંબલ નદીના સૌન્દર્ય પ્રદેશની અનુપમ રમણિયતાનો અનુભવ લેતું હતું. એ દરમિયાનમાં ચંદ્ર ગ્રહણનો યોગ થયો. મહારાષ્ટ્રીય વીરો, તેમ વીરાંગનાઓએ આદરપૂર્વક શ્રદ્ધાથી ગ્રહણા ભેદા વિધિ કરી, પ્રભુસ્તવનમાં કાળક્ષેપ કર્યો. ચંબલનાં મનોહર ને,

ઝાડોના ઝુંડો અને ભયાનક પર્વતની ખીણો ઉપર દ્રષ્ટિપાત કરતું મરેઠી સૈન્ય સૂર્યતનયા યમુના તરફ પ્રયાણ કરતું ચાલ્યું. કાલિંદીનાં કાલાપાણીની મનોહરતાએ મરેઠી ચતુરાઓના ચિત્તમાં ધર્મની મહત્તા ખીલાવી ને તેથી તેઓએ યમુના દર્શન અને જળપાન કરી, પોતાને કૃતાર્થ કરવા આદર્યું. મરેઠી સૈન્યે ગૌઘાટ ઉપર વિશ્રામ કીધો. જનાર્દન ભાનુએ ધર્મપત્ની યશોદા તથા માતા, દેવી રૂખમાબાઈ સાથે ધર્મશાસ્ત્રાનુક્રમે તીર્થસ્નાન કીધું અને બે દિવસ વિસામો લઇ મથુરામાં પ્રવેશ કર્યો. મથુરામાં તીર્થ અપવાસ કીધા પછી, જનાર્દન ભાનુએ ક્ષૌર, પ્રાયશ્ચિત, તથા શ્રાદ્ધાદિક કર્મ કર્યું. આ ધર્મક્ષેત્ર હતું. ધર્મક્ષેત્રમાં દેવયજન કરવાને સ્ત્રીપુરુષોને સરખો હક હતો. તેમ સર્વ સરખા ઉત્સાહમાં હતાં. મરેઠી સૈન્યની વીર નારીઓએ આજે રાજ્ય ગૌરવની ગર્વિષ્ઠતાનો ત્યાગ કરી પશ્ચિમ તીર્થમાં સ્નાન દાન કરવા યમુનાનો આશ્રય લીધો. યમુના તટ પ્રદેશની મનોહરતા બાંકી હતી. સુંદર પત્થરથી બાંધેલા ઘાટ આગળથી શહેરની, તેમ સામેના કાંઠાની સૌંદર્યતા, મનનું આકર્ષણ કરતી હતી. નદીના તટ પ્રદેશ ઉપર ઝૂકી રહેલા ચંદ્ર આકારનાં ધાબાંવાળાં ઘરો અને અસંખ્ય મંદિરો સૌંદર્યતાની મહત્તા દર્શાવતાં હતાં. યમુનાસ્નાન કરવા દૂર પ્રદેશથી આવેલાં યાત્રાળુઓનો સમૂહ જ્યારે શ્રદ્ધા અને ભાવયુક્ત પોતાના ગોરો સાથે જળમાં પ્રવેશ કરે છે, ત્યારે તે દેખાવથી જે ધર્મ મહત્તાની અનૂપમ છાપ હૃદયમાં પવિત્રતાના ભાવને ઉત્પન્ન કરે છે, તે અવર્ણનીય છે. સાયંકાળે યમુનાના જળમાં અનેક દીપદાન દેવાય છે. તે દીવાઓના તણાતા સમૂહમાં મનોવૃત્તિ ખેંચાયા સિવાય રહેતી નથી. એટલુંજ નહિ, પરંતુ ભરતખંડના બીજા ભાગો કરતાં, આ તીર્થમાં યમુનાની આરતિ કરવાનો પ્રચાર છે, તે સમય ખાસ લક્ષ ખેંચે એવો છે. તે આરતિ એક ચુનાગચ્ચીવાલી કમાન આગળ, ઊંચી બાજટી ઉપર ઉભા રહી ઉપાધ્યો ઉતારે છે. જેનું પ્રતિબિંબ યમુનામાં પડે છે. તેનું અવલોકન કરવાને દરેક યાત્રાળુનું મન આકર્ષાય છે. આ મહત્ત્વતાવાળી ઉંચી ચુનાગચ્ચીવાળી કમાન સર્વનું લક્ષ ખેંચી રહી હતી. તેની પાસે એક નાનો સરખો ચોતરો હતો. તે ઉપર શ્રીકૃષ્ણચંદ્રની પ્રતિમા બિરાજી હતી તેને સર્વ મંડળે પ્રણામ કીધા. ઘાટ ઉપર સ્ત્રીમંડળે પગલાં મૂકતાં, તેમના નેપૂરના રણકારાથી જળમાં કુતૂહળ થયું. જળમાં અનેક પ્રાણીઓ ઉંચા નીચાં મુખ કરતાં ભય પામતાં, પરંતુ અજાણ્યાઓને ભય આપતાં દેખાયાં. દક્ષણની દાક્ષિણ્યપતિ વીર નારીઓને આ દેખાવ નવીન હતો. ચોબાજીએ જળમાં કુતૂહળ કરતા કાચબાની સમજ આપી, સ્ત્રી મંડળને ધૈર્ય આપતાં જણાવ્યું કે યમુ-

નામાં કાચબા ઘણા છે. અને તે કીનારા ઉપર સર્વદા બેઠેલા રહે છે. કાચબાઓની સંખ્યા એટલી બધી છે કે અજાણ્યાઓને ભય આપે છે. પરંતુ ઘણે ભાગે એ કાચબાઓ શાંત છે. તેથી તેમનાથી ઇજા થવાનો સંભવ થોડો છે. વીર નારીઓએ હવે યમુનામાં સ્નાન કરવા પ્રવેશ કીધો કે તેમની કટીમેખલાને ચુડ મારતી મદવતી માનિનીની પઠેમ સ્વચ્છંદે વહેતી યમુનાએ સ્નેહ ભર્યો સત્કાર કર્યો અને પ્રેમાર્દ્રવૃત્તિથી પ્રેમઘેલડી થયેલી સખીઓના અરસપરસ આલિંગનથી, જેમ અપૂર્વ પ્રમોદ ઉત્પન્ન થાય છે, તેમ યમુના દેવીના સ્નાનથી, દક્ષણી પ્રિયાંગના-ઓની શારીરિક મલીનતા નષ્ટ થઇ, તેમની ચિત્તવૃતિને સત્ત્વગુણમય બનાવી, પવિત્ર આનંદ પ્રાપ્ત કર્યો. આ વિશ્રાન્ત ઘાટ હતો, તે છોડી બળભદ્રઘાટ, યોગઘાટ, પ્રયાગઘાટ તથા રામઘાટને અવલોકન કરી, કનખલક્ષેત્ર તથા રામેશ્વરનાં દર્શન કરી, બંગાળીઘાટ તથા ધ્રુવઘાટને છોડી, બુદ્ધિતીર્થમાં ગયાં. ત્યાં રંગભૂમિ છે. જ્યાં શ્રીકૃષ્ણચંદ્રે ધનુષ્ય તોડી ઉગ્રસેનને રાજ્ય અપાવ્યું હતું. ત્યાં રંગનાથ મહાદેવ છે. તેનાં દર્શન કરી, આગળ કૃષ્ણકૂપ છે તથા તેની પાસે કુબ્જા કૂપ છે. ત્યાં સૌ ગયાં. એપ્રમાણે યથાક્રમે સરસ્વતિકુંડ, ઉત્તરકોટીકુંડ, ગૌકર્ણેશ્વર મહાદેવ, ગૌતમઋષિની સમાધિ, દસાશ્વમેધનો ઘાટ, કૃષ્ણગંગાઘાટ, વૈકુંઠઘાટ, અને આખરે ગૌઘાટને કિનારે વરાહજીનું સ્વરૂપ છે તે સર્વે અવલોકનકર્યું

મથુરાપુરીનાં ધર્મસંબંધી મહત્ત્વવાળાં સર્વ સ્થળો અવલોકન કરતાં કરતાં મરેઠી રાજ્યદ્વારીઓ તથા કુલાંગનાઓને તેની પ્રાચીન શ્રેષ્ઠતાનું ઇતિહાસિક વૃત્તાંત તાજું થયું. એ ઇતિહાસિક વૃત્તાંતે વીરોના મનમાં ધર્મવૈર્ય તાજું કર્યું, અને કુલાંગનાઓએ તેના શ્રવણથી કમકમી ખાઈ મોટા નિઃશ્વાશ મૂકી, જાણે પોતાના પતિઓને તે વૈર્યનો બદલો લેવાને અનુમતિ આપી હોય તેવું ચિત્ર દર્શન, ઘટિકા માત્રમાં થઈ રહ્યું. આ મહાન્ પવિત્ર અને ધનાઢ્ય ધર્મસ્થાનને સને ૧૦૫૭ માં મહમદ ગિજનીએ ભસ્મિભૂત કીધું હતું. એની ખરાબી મહમદે કેવી ક્રૂરતાથી કરી હતી તે બધું કહેવા બેસીએ તો, મનુષ્યત્વ ધારણ કરનાર પુરુષનાં એકેએક રૂવાં કમકમી ખાઈ ઉભાં થાય એમ છે. તેથી મથુરાવાસીઓના વચનોમાં નહિ, પરંતુ મહમદ ગિજનીએ પોતે જાતેજ સદરહું શહેર સર કીધા પછી જે પત્ર લખ્યો હતો તે આઠેકાણે તાજો કરી, મહમદે કેવી ખરાબી કરી હતી, તે તેના અભિપ્રાય પ્રમાણે દર્શાવીએ છીએ. તે પોતાના પત્રમાં, હાકેમને લખી જણાવે છે કે—'આ વિચિત્ર ભવ્યતાવાળા મહાન્ શેહેરમાં એક હજાર ભવ્ય મકાનો છે. તેમાંનો મોટો ભાગ આરસપહાણનો બાંધેલો છે. ખોદાતાલાના નેક દીનના પવિત્ર શહેરોનાં જેવાં ઉંડાં મૂળો છે તેવાંજ ઉંડાં મૂળો આ શહેરનાં છે. આ

મકાનોની ભવ્યતામાં હિંદુ લોકોનાં દેવાલયોને ગણુતો નથી, જો કે તેની સંખ્યા ઘણીજ મ્હોટી છે, અને તેની ભવ્યતા પણ ભારી છે. આ બધાં મકાનો બાંધતાં જે ખરચ થયો હશે તેની ગણત્રી કરતાં એમ કહીએ તો ચાલે કે ઘણા લાખ દીનાર ખરચાયા હશે; અને તેમ કહેવામાં હું કંઈ અતિશયોક્તિ કરૂં છું એમ જરાપણ નથી; અને એ હું કબૂલ કરું છું કે આવું મહાન્ ભવ્ય શહેર બે શૈકામાં પણ ભાગ્યેજ બંધાઈ રહે. હિંદુઓના દેવલોમાંથી પાંચસો સુવર્ણની પ્રતિમાઓ જડી છે. તે પ્રતિમાઓની આંખો ઉત્તમ માણેકોની બનાવેલી છે, તે માણેકોની કીંમત ૫૦૦૦૦ દીનાર છે. એક બીજી મૂર્તિનું એક આભુષણ નિલમણીનું છે. તેનું તોલ ૪૦૦ નિસ્કલ્સ છે, અને જ્યારે એ પ્રતિમાઓને ગાળી ત્યારે તેમાંથી શુદ્ધ ૯૮૩૦૦ નિસ્કલ્સ સુવર્ણ નિકળ્યું. આ સિવાય રૂપાની મૂર્તિઓ અમને જડી છે, જે ભરવાને સેંકડો ઉંટો જોઇએ." આવો મહાનાશ થયા પછી ઔરંગજેબે ઓછી હાનિ કીધી નહોતી. ત્યાં સત્યાં પ્રતિષ્ઠિત દેવાલયોને તેણે જમીનદોસ્ત કીધાં હતાં. આ બધાં કૃત્યોમાં પુનરાવર્તનથી ધર્મદ્વેષનું પ્રતિબિંબ મરેઠાઓના મનમાં તાજું થયું.

વાંચનાર! ધર્મદ્વેષની પરિસીમા અવર્ણનીય છે. એ દ્વેષનું વિલક્ષણ ઝનુન જે કોઈ પ્રસંગે પ્રાધાન્યત્વ પામે છે, તે પ્રસંગે મનુષ્યમાં મનુષ્યત્વ શિવાય પશુત્વપણું આણે છે. મથુરાનો નાશ કરનાર યવન વીરોએ પશુત્વ બતાવી રાક્ષસી પ્રકૃતિને અધીન થઈ જે કૃત્યો કર્યાં છે, તે મનુષ્ય પ્રકૃતિની નબળાઈ શિવાય બીજું કંઈજ નથી. તોપણ એ દુષ્ટ કૃત્યોથી દ્વેષરૂપી ચણગારી ઉડેલી તેણે મરેઠાઓને ઉશ્કેરી હજારો પ્રાણીઓના સંહારનું કારણ આપ્યું હતું. એ વિષ બીજનું વિષફળ હતું.

મુસલમાનની એક મસજીદ તોડવાથી જેટલું દુઃખ મુસલમાન ભાઇઓને થાય, તેટલુંજ દુઃખ ક્રિશ્ચિયનોનું દેવાલય તોડવાથી ક્રિશ્ચિયનોને થાય, અને તેટલુંજ દુઃખ આર્ય પ્રજાનાં પવિત્ર ધામને ભ્રષ્ટ કરવાથી આર્યોને થાય એ નિઃસંદેહ છે. આ વિચાર સર્વ પ્રજાએ ધ્યાનમાં રાખવો અવશ્યનો છે. પ્રાચીન કાળમા અનિષ્ટ સૂચક ધર્મદ્વેષો ઉત્પન્ન થયા ન હોત તો સૃષ્ટિના ઘણા ભાગની સૌંદર્યતા નષ્ટ થઈ નહોત.

મરેઠાઓના મનમાં યવનો માટે જે મહા તિરસ્કાર પ્રાપ્ત થયો હતો, અને મુગલ શાહનશાહતને નષ્ટ કરવાનું જોર આવ્યું હતું તેનું ખરૂં કારણ ઔરંગજેબનો જુલમ હતો. મુગલ પાદશાહનો જુલમ સહન કરી, ક્ષાત્રત્વ ધારણ કરનાર રજપૂતો નરમ થયા હતા, ત્યારે ધર્મદ્વેષના મહાવિષરૂપી બીજે, દક્ષિણ હિંદુસ્થાનમાં તેની પ્રબળતા ઉન્નત કરી, મોગલોને ભસ્મિભૂત કરનાર વિકાળ શક્તિ ઉત્પન્ન કરી હતી.

મરેઠાઓના ધર્મદ્વેષથી જે વૈર્ય ઉત્પન્ન થયું હતું, તેને મથુરા

નિહાળવાથી ઉત્તેજન મળ્યું, અને સર્વ મંડળ, યવનોનાં ક્રૂર કૃત્યોને નિહાળી ઉંડો નિઃશ્વાસ મૂકતા, અને વૈર્યનો બદલો પરિપૂર્ણ ક્યારે લેવાશે તેની આશાનું આવાહન કરતા ઉન્મત્ત થયા હતા.

આ સર્વ મંડળને હવે વૃન્દાવન જવાનું ઠર્યું હતું. વૃન્દાવન મહા પૂજ્ય ધામ છે. આર્ય ધર્મીઓના શ્રીકૃષ્ણચંદ્રે ત્યાં ઘણી લીલા કરી હતી તેથી, તેમ સૃષ્ટિ સૌંદર્યતાની મહત્ત્વતાએ ત્યાં વાસો કરેલો છે તેથી, તે સર્વનું લક્ષ ખેંચે એવું સ્થળ છે. હાલમાં ત્યાં ત્રણસે ને સાઠ દેવાલયો છે અને નાનાં મોટાં મંદિરોનો તો પાર નથી. તે દરેક દેવાલયો ખાસ નિહાળવા લાયક છે. એમાં ભરતભૂમિની સર્વ કારીગીરીના નમુના સમાઈ ગયા છે, એટલુંજ નહિ, પરંતુ રાજ્યવૈભવથી હરિ સેવાનો પૂર્ણ ચિતાર ત્યાં દ્રષ્ટિગોચર થાય એવું છે.

જનાર્દન ભાનુ સકળ મંડળ સાથે વૃન્દાવનમાં આવી પહોંચ્યો, અને કાલી મર્દનની મૂર્તિ સમીપ, કદંબનું વૃક્ષ છે, જે વૃક્ષ આગળથી શ્રીકૃષ્ણચંદ્રે ગોપિકાઓનાં વસ્ત્રહરણ કર્યાં હતાં, ત્યાં સ્નાન કરવા આવી પહોંચ્યા. કદંબ વૃક્ષનું મૂળ યમુના જળમાં ગયેલું નિહાળી અપૂર્વ આનંદ થયો.

આ સ્થળે યમુનામાં સ્નાન તર્પણ કરી જળમાંથી બહાર નિકળ્યા કે વિચિત્ર દેખાતા એક પુરુષે પોતાનો પગ અગ્ર કરી સૂચવ્યું કેઃ "હમારા પગકા પૂજન કરો." મલીનતાથી ભરેલા જ્ઞાન શૂન્ય પુરુષની આ માગણીથી કેવળ ક્ષણભર આશ્ચર્યતાસૂચક ચક્ષુએ જનાર્દને તેના સામું જોયા કીધું. તે પુરુષે ફરી જણાવ્યુંઃ–"મેં ઇસ તીર્થકા ગોર હું, ગોરકે પૂજન બીન યમુના સ્નાનકે ફળ નહિ પાવેગો." સ્વાત્મકીર્તિ કથનથી જનાર્દને પ્રશ્ન કર્યોઃ "ક્યા શ્રુતિકારથી આપની મહત્ત્વતા આટલી બધી ધરાઇ છે?" તેણે કહ્યું. "મેં કુછ પઢેલા નહિ હું. પઢનેકા કામબી હમારા નહિ હે; કુળધર્મકી પ્રનાલિકાસે મનાવત હે." તીર્થ ક્ષેત્રમાં મહત્ત્વતા ધરાવનારા, અને તેમાં મુખ્યત્વે કરીને જેનું જીવન એજ ધંધા ઉપર છે; તે લોકો પણ આત્મ કલ્યાણ અર્થે, યા તો ઉપજીવિકાના માર્ગને ઉન્નત કરવા સારુ પણ, સ્વધર્મ શાસ્ત્રનું અધ્યયન કરતા નથી. એ વિચાર જનાર્દનના મનમાં સ્ફુરાયમાન થયો, અને મુસલમાની રાજ્યથી થયેલા બીજા બીગાડમાં આનો પણ સમાવેશ કીધો. મન સાથે ન્યાય આપ્યો કે જે પ્રજાનું રાજ્ય નષ્ટ થાય છે તેનો ધર્મ પણ ભ્રષ્ટતા પામે છે. ને જેના આગવા આંધળા, તેનું લશ્કર કૂવામાં પડે છે. તે ન્યાયાનુસાર આ દેશકાળ પોતાનું ભાવી ભુક્તમાન કરે છે."

એ વિચારથી ઉંડો નિઃશ્વાસ મૂકયો. ભઇયાજી સામું જોઈ હાથ ઉંચકી

એક સુવર્ણ મહોર આપી કહ્યું: "કેમ સંતુષ્ટ થયા?" તેણે પ્રતિઉત્તરમાં કહ્યું: "આપકા યમુના સ્નાન સફળ હો ગયા." એોવારાપર ભયાનક દેખાતી કાળીનાગની પ્રતિમાને નિહાળી સર્વને આનંદ થયો. અટલાબિહારી, આળાબિહારી, રાધાકિશોર તથા ગોવિંદજીનાં દર્શન કરતાં કરતાં, મધ્યાહ્ન કાળે કુંજબિહારીના મંદિર સન્મુખ આવી પહોંચ્યા. કુંજબિહારી તરફ જતાં જનાર્દન ભાનુની સ્ત્રી યશોદાએ ભગ્નસ્થિતિમાં એક દેવાલય જોઈ, સાસુ સામું દૃષ્ટિ કરી પ્રશ્ન કીધો.

યશોદા–માતોશ્રી! આ શું હશે?

રૂખમાબાઈ–એ તૂટેલું દેવાલય છે.

* લક્ષ્મીબાઈ–હા, તે તો હમો પણ જોઇએ છીએ.

યશોદા–એ દેવાલયનો અડધો ભાગ મજબૂત સ્થિતિમાં છે, તે તેની મજબૂતીનો આભાસ આપે છે.

લક્ષ્મીબાઈ–તેથીજ તે વધારે લક્ષ ખેંચે છે.

પાર્વતીબાઈ–અડધું દેવાલય જાણે આબેહુબ તોડેલું દેખાય છે.

યશોદા–મને ભાસેછે કે, એ યવનનું કૃત્ય હશે.

ચોબાજીએ સંમત્તિ પૂરતાં સૂચવ્યું કે, "ઇસિ ઠાકોરજીકે મંદિરકું પાદશાહ ઓરંગઝેબને તોડા હે."

યશોદા–હા! ભારતભૂમિની દુર્દશા કેવી છે? યવનોએ હિંદુ રાજ્યનો વિનાશ કર્યો છે. તે સાથે હિંદુના દેવોને પણ અપમાનિત કર્યા છે.

પાર્વતીબાઈ–"અરે! આ તો જુઓ! આ દેવની મૂર્ત્તિ ભાંગી નથી, પરંતુ દેવનું મુખ જણાતું નથી.

† લક્ષ્મીબાઈ–એ શું હશે?

યશોદા–એ આર્ય ધર્મના અપમાનનો લેખ છે.

લક્ષ્મીબાઈ–લેખ જેવું તો કંઈ જણાતું નથી.

યશોદા–"ધ્યાન દઈ જુવો, યવનોએ દરેક તીર્થમાં આર્ય ધર્મને અપમાનિત કરવાના લેખ લખ્યા છે, અને તેને મેં પ્રત્યેક મહા તીર્થમાં નિહાળ્યા છે. આ પણ તેમાંનો એક છે.

લક્ષ્મીબાઈ–હિંદુ દેવાલયોમાં દેવોની મૂર્તિઓ વિકૃત કરેલી દેખાય છે. તેમનાં નાક, કાન અને મુખને વિકૃત કરેલા છે. એ ત્યારે યવનોના વિજય લેખ છે? અને આર્ય ગૌરવતાને હીનતા લગાડનારા યવનોના કીર્તિસ્થંભો કે?

યશોદા–હા! એમજ છે. પુરાતન ક્ષેત્રોમાં જ્યાંસૂધી વિકૃત થયેલી પ્રતિમાઓ રહેશે, ત્યાંસૂધી ધર્મદ્વેષીઓના ભીષણપાતકના લેખ ભૂસાનાર નથી.

---

* બળવંતરાવ મહેંદળેની સ્ત્રી. † વિશ્વાસરાવની સ્ત્રી.

પાર્વતીબાઇ-યવનોને એમ કરવાનું શું કારણ હશે?

યશોદા-આર્ય ગૌરવમાં ગર્વિત થતાઓને હીનતા આપવા.

પાર્વતીબાઈ-ના, ઉત્તેજિત કરવા.

યશોદા-હા, અપમાનિત થયાનું સ્મરણ ગૌરવ સ્થાપવાને યત્નશીળ કરે છે. અપમાનનું ચિંતવનજ આશાને બાંધે છે ને વીરપુરુષની આશા બળવત્તર થઈ ફલિભૂત થાય છે.

જનાર્દન ભાનુ, સ્ત્રીઓનાં વાક્યયુદ્ધને કંપિત મને સાંભળી રહ્યો. અને દીર્ઘ નિઃશ્વાસ છોડી મનમાં બબડયોઃ "શું ? આ પવિત્ર ભારત ચિર દિન તિમિરાવૃત્ત સ્થિતિમાં રહેશે? શું આર્ય ભૂમિનો પ્રાચીન ઉદયકાળ ફરી દર્શન નહિ દે? શું ભારત તેજોમય નહિ ઝળકે? અરે! તિમિર થાય છે તે સૂર્યના ઉદય સાથે જાય છે, રોગી આરોગ્યતા પામી પાછું બળ મેળવે છે. સૂર્ય, ચંદ્ર ગ્રહણના યોગથી ઘેરાય છે અને પાછા તેજોમય ચળકે છે. પ્રભુ, જીર્ણ થયેલા, વેર ઝેરના કેહરથી ચગદાતા આર્ય જનોનાં ગૌરવને ગર્વિષ્ટ કરવા મને બળ આપ. ભારતસંતાનને સંતાપથી છોડાવી ઉન્નત કર.

એટલામાં કુંજબિહારીનું મંદિર આવ્યું. નાનાની મનનમુદ્રા ટૂટી, પ્રભુદર્શનમાં વૃત્તિ ગઈ. પરંતુ મધ્યાહ્નકાળ થવાથી પ્રભુએ શયન કીધું હતું અને કમાડ બંધ હતાં તેથી બહારથી હીંડોળાની દોરી ખેંચી દેવ સેવા કરી. ત્યાંથી શ્રીકૃષ્ણ પ્રાણેશ્વરી રાધિકાજીને શૃંગાર કરવાથી પ્રસિદ્ધિ પામેલા શૃંગારવટના તથા સામગાન, મુરલીમાં ગાઈ, કૃતાર્થ કરેલા બંસીવટનાં દર્શન કર્યાં. તેની પાસે સેવાકુંજ છે. તેમાં રંગ મહેલ છે. ત્યાં સ્વામનીજી સાથે પ્રભુ નિત્ય વિહાર કરે છે. *એ કુંજ વનની મનોહરતા મનને મુગ્ધ કરે છે. છત્રાકારે કુંજમાં ગોઠવાઇ રહેલાં કંટક વિનાનાં વૃક્ષોએ મરેઠી મંડળની શ્રદ્ધામાં વધારો કર્યો. અને શ્રીકૃષ્ણચંદ્રની બાળક્રીડાનાં આખ્યાનથી તેને આબેહુબતાના ચિતારો મનમાં તાદૃશ્ય થવા લાગ્યા.

કુંજની વૃક્ષઘટામાં ફરતા ફરતા મહારાષ્ટ્રિ પ્રિયાંગનાઓ પરિહાસ કરવા લાગી, તેમાં અનેક વિષયોનું વિષયાંતર થતાં

---

*જનાર્દન પોતાના સ્વહસ્તે લખેલાં જીવન ચરિત્રમા લખે છે કેઃ-

तेथुन सेवावन होस्थळे, कुंज करे को भगवान ।
लीला करीतो, असाच भास होता असावा ॥
सर्व वृक्ष छत्राकार ठेगणे भूमिस्त पल्लव ।
कंटक वृक्षा सही परंतु कंटक नाहि ॥

(ઇત્યાદિ પાનું ૪૬ મું) હાલમાં પણ વૃંદાવનના કુંજમાં જનાર્દન લખે છે તેજ પ્રમાણે છે.

ધર્મ તત્વની મહત્તાએ અધિરાજ્યત્વ મેળવ્યું. આ ધર્મસ્થળ હતું. તે યવનોથી અપમાનિત થયું હતું. યવનો આર્ય ઉન્નતિનું ઉચ્છેદન કરનાર છે, એ વાત આ કાળમાં જરા પણ વિસરાતી નહોતી, તેથી તે તરફ સર્વનું લક્ષ વધારે ખેંચાતું. સર્વ કાળમાં સંકટ વિસરાતું નથી, તેનું મનન વારે વારે કુત્સિત ચિત્રને દૃષ્ટિસમક્ષ ઉભું કરે છે અને બનતે પ્રયત્ને નષ્ટ કરવાને પ્રેરે છે. એ સિદ્ધાંત સર્વકાળમાં એક સરખું છે.

યૌવન ભાવમાં દીપતી યશોદા, મહા ધર્મશીળ હતી. તેણે શ્રીમંત પાર્વતીબાઇને પ્રશ્ન કર્યો: "પાર્વતીના મંદિરમાં કરેલી પ્રતિજ્ઞા લક્ષમાં છે."

કર્ણમાં ઝુળતાં મુક્તાફળનાં આભુષણોને હીંચાવતાં. "હા" નો પ્રતિઉત્તર આપતાં પાર્વતી બાઇ બોલ્યાં: "મારા સ્મરણમાંથી એ જરા પણ દૂર નથી." ધન્યવાદ આપતાં યશોદા બોલી: "દેવી ! પ્રત્યેક પ્રસંગે એ વિષયે પ્રાધાન્યત્વ ધારણ કરેલું છે."

પાર્વતી બાઇ: "હા, સાંપ્રત કાળમાં એ નવીન સંપ્રદાય છે. તેથી વિશેષ ચર્ચાય એમાં આશ્ચર્ય નથી અને ગયે મુકામે તો મહા કુતૂહળ પ્રાપ્ત થયું હતું."

યશોદા: "એવું શું થયું હતું ?"

પાર્વતીબાઇ: "દરબારની વેદનાથી સ્વામી વ્યથિત થયા હતા તેમને વિચિત્ર સ્વપ્ન દર્શન થયું."

લક્ષ્મીબાઇ: "હા, છેલ્લો દરબાર એવોજ હતો. પરંતુ પ્રાચીન આર્ય કુલાંગનાઓની પઠેમ આપણે કર્તવ્ય કર્મ કરી બતાવીશું નહિ, ત્યાંસુધી જનમંડળમાં આપણી ગણના થનાર નથી. જનાર્દન ભાનુએ મારૂ હાસ્ય કર્યું તે દિવસે વિલક્ષણ ભાવ દર્શાવ્યો હતો."

યશોદા: "અરે તે દિવસનો મહિમાજ વિલક્ષણ હતો."

લક્ષ્મી બાઈ: "સ્ત્રી મંડળ માટે જે વિચાર દર્શાવાય છે તે, અદૃઢ, અનાચારી, કુલટાઓ માટે છે, સ્વધર્મ શીળ, પતિપરાયણ સાધવી માટે નથી. સુશીળ સતી સાધવી માતાથી ઉત્પન્ન થયેલી કુલાંગનાઓ સર્વ ધર્મનું પરમતત્ત્વ છે."

પાર્વતી: "અરે, ત્યારે તો સર્વ મંડળને એકજ દિવસે આ દુર્ઘટ અનુભવ અનુભવવો પડયો હતો. તમારા વાદનો શું અંત આવ્યો હતો ?"

લક્ષ્મીબાઇ: "જનાર્દન ભાનુ મહા વિલક્ષણ પુતળું છે. મેં તો આર્ય મહિલાના ઉત્કર્ષ ધર્મનું સ્વરૂપ દર્શાવતાં દર્શાવ્યું કે:-

"आर्तेऽऽर्ता मुदिते हृष्टा प्रोषिते मलिनाकृशा ।
मृते म्रियेत्तथा पत्यौ सार्ध्वी साध्वी निगद्यते ॥

"એ ઉપદેશશ્રવણ કર્યો છે. તે ચિરકાલ ખસનાર નથી. અને પ્રસંગે દર્શાવીશ."

યશોદા–"મથુરા અને વૃન્દાવન નિહાળવાથી આપની સ્મૃતિમાં કંઇ તાજું થયું છે?"

પાર્વતી બાઇ–"હા, ધર્મની હીનતાનું શલ્ય તાજું થયું છે અને તે ક્ષણે ક્ષણે સાલે છે."

લક્ષ્મીબાઈ–"ત્યારે તો મનમાં દૃઢીભૂત કરો કે, વીર કાર્યથી યવન સત્તાને સંહારી, રંક આર્ય પ્રજાને કેહર વેરના દુઃખથી છોડાવવી, તથા અપમાનિત ધર્મનો બદલો લેવા શ્રીમંતને સહાયાનુભૂતિ પૂરી સર્વ કાર્ય કૃતાર્થ કરાવવાં, અગર જીવનની મર્યાદાને ટૂંકી કરવી. હવે યવનને પારિપત્ય કર્યા સિવાય મહારાષ્ટ્રનું મોહ જોવું નથી."

યશોદા–"જય, વિજય પ્રભુને હાથ છે. સહાયાનુભૂતિ પૂરવાનું આપણું કર્તવ્ય છે."

લક્ષ્મીબાઈ–"હું અસત્ય ભાષણ કરતી નથી. પ્રાણેશને સૂચવીશ, યવનોનું પારિપત્ય કરવું, પ્રાણદાન અર્પી સ્વર્ગે જવું."

યશોદા–"કઠણ પ્રતિજ્ઞા શીદને કરો છો?"

લક્ષ્મીબાઈ–"યવનોથી અપમાનિત થયેલા ધર્મ તથા દેશને યવનોથી મુક્ત કરાવવો અથવા યવનોથી ઉભરાયલા પ્રદેશમાં જીવન તજવું; એ મારૂં વચન કદિ વ્યર્થ થનાર નથી."

કુંજમાંથી વાણી વિનોદ કરતું કરતું મંડળ યમુના તટ ઉપર પવિત્ર રેતીમાં લોટવા ગયું. પ્રભુના પાદારવિંદથી પવિત્ર ગણાતી રેતીમાં સર્વ મંડળે દેશ કાળમાં ચાલતા સંપ્રદાય પ્રમાણે લોટી પવિત્ર થયું અને ત્યાંથી જ્ઞાન ગુજરીમાં ગયું. અને મહાત્માઓના શ્રવણકીર્ત્તનથી આત્માને સંતુષ્ટ કર્યો.

વૃન્દાવનથી કુંજમાં સ્થલે સ્થલે બેઠેલા મહાત્માઓનાં દર્શનથી વિલક્ષણ અનુભવ જનાર્દન ભાનુને થયો. ભરતખંડના આ પવિત્ર ક્ષેત્રમાં ઘણે દૂર દૂર પલ્લે, મહાન તપસ્વી સંતો આ સમયે ભેગા થયા હતા. કેટલાક મહાત્માઓ કંદ મૂળ તથા ફળ ઉપર નિર્વાહ ચલાવતા હતા; ત્યારે કેટલાક દૂધ સિવાય બીજાનું પ્રાશન કરતા નહોતા, ત્યારે કેટલાક માધુકરી માંગી જે સિદ્ધાન્ન પ્રાપ્ત થતું તેમાંજ સંતોષ માનતા તથા કેટલાક જળપ્રાશન કરી અઘોર તપશ્ચર્યા કરતા, તથા કેટલાક વૃક્ષોનાં પાંત્રાંનું સેવન કરી નિરભિમાની થઈ શાંતિથી વ્રત આચરતા હતા. કેટલાક પંચકેશ વધારી રહ્યા હતા, કેટલાક એક હાથ ઊંચો રાખી નખ વધારી રહ્યા હતા, એક તપસ્વીનું ઝુંડ પડયું હતું તેમાં એક યુવક સંત, વૃક્ષની ડાળીએ દોરડાંથી પગને મજબૂત બાંધી ઉંધે માથે ટંગાઈ, માળા હાથમાં લઈ જપ કરી રહ્યો હતો ને તેને બાંધેલા બીજા મજબૂત દોરડાથી હષ્ટ પુષ્ટ યોગીશ્વર ઝોલા ખવડાવી રહ્યો હતો. ઉંધે

માથે લટકેલા સંતનો દરેક ઝોલો પ્રાણાંતની પરિસીમાને અનુભવાવે એવો હતો. મહાત્મા શાંતતાથી પોતાના જપમાં તલ્લિન થઈ ગયેલો હતો. ઝોલા નાંખનાર મહાત્મા પરસ્વેદથી ભીંજાઈ શ્રમિત થયેલો દૃષ્ટિગોચર થતો, પરંતુ ઝોલા ખાનાર સંતને નહોતો પરસ્વેદ કે નહોતો કિંચિત્ પણ વેદનાનો ભાવ. આ વિલક્ષણ તપસ્વીની તપશ્ચર્યા નિહાળી, આગળ ચાલતાં એક મહાત્માને ચોરાસી ધુનીનો તાપ સહન કરતો નિહાળ્યો. થોડે થોડે અંતરે ચોરાસી ધુનીઓ ગોઠવી તેને પ્રજ્વલિત કરી મધ્યમાં બેસી પદ્માસનને સિદ્ધ કરી સ્થિર વૃત્તિથી જપ કરી રહ્યો હતો. અગ્નિજ્વાળા અસહ્ય હતી. દૂર ઉભા રહિને નિહાળનારને પણ સહન થવી કષ્ટદાયી હતી, તે મહાત્મા સ્થિર ચિત્તે સહન કરતા હતા. તેની પાસે એક વૃદ્ધ યોગેશ્વર વિપરીત મુદ્રા કરી, પંચાગ્નિનું સેવન કરતા હતા. આગળ ચાલતાં લોઢાના તીક્ષ્ણ ખીલાની કરેલી શય્યા ઉપર પોઢેલા સંત, એકાગ્ર વૃત્તિથી ભગવત સ્મરણ કરી રહ્યા હતા. અનેક સંતોના સમૂહો ગોળ આકારમાં બેશી ઢોલ, ઢ્રુ, ઝાંઝર તથા તાલ, કરતાલ લઈ પ્રભુનાં કીર્તન ગાઈ રહ્યા હતા. મૃગચર્મ ઉપર અદ્ભુત અવસ્થામાં બેઠેલા મહાન તપસ્વીને જોઈ તે તરફ લક્ષ વધારે ખેંચાયું. ભવ્ય કપાળમાં સ્વેત ચંદન ચર્ચી, તુલસીની માળાથી પવિત્રતા દર્શાવતી, વલ્કલના આચ્છાદનથી વિનય બતાવતી, હાથમાં માળા લઈ, સંસાર અસાર છે, સર્વ સુખ ક્ષણભંગુર છે, સર્વ ભાવ અનિત્ય છે, તથા વિષયસુખ દુઃખકારી છે, ઇન્દ્રિય વિષય ઉત્તેજનથી વાસના અને તૃષ્ણા બળવંત થાય છે, અને જૂદા જૂદા ઇન્દ્રિયજ્ઞાન બળવંત થવાથી કામ, ક્રોધ, લોભ, મોહ વિગેરે પ્રવૃત્ત થઈ, જરા, વ્યાધિ અને મૃત્યુ ભય આવીને દેહને વશીભૂત કરી નાંખે છે, ઉપભોગમાં વૃત્તિ પ્રવૃત્તિ કરવાથી, શાંતિ કે હૃદય શુદ્ધિ થતી નથી, પણ જ્યારે આત્મોત્કર્ષ થાય છે, ત્યારે તે દ્વારા તૃષ્ણાની શાંતિ થાય છે અને તૃષ્ણાની શાંતિ થાય છે ત્યારે હૃદયની શુદ્ધિ થાય છે, અને હૃદયની શુદ્ધિથી ઈંદ્રિયોનીકુવાસના નષ્ટ થાય છે, ત્યારેજ અલૌકિક ભાવ પ્રાપ્ત થઇ ચિત્તશુદ્ધિ દ્વારા પ્રેમ ભક્તિનો મહા અનુભવ થાય છે એમ દઢીભૂત કરી, ઇન્દ્રિયનિગ્રહ કરી, બ્રહ્મચર્ય ધારણ કરી, જપાત્મક સ્થિતિને અનુભવાતી હતી. તેની જપાત્મક સ્થિતિ એટલી બધી પૂર્ણતાને પામી હતી કે, પ્રભુ જપનો ધ્વનિ રુંવ રુંવે થઇ રહેતો. આ અદ્ભુત આર્યપણાની પરિસીમા નિરખી **જનાર્દન ભાનુનું** હૃદય ધર્મવૃત્તિથી દ્રવિત થયું, અને તેની સૌમ્યમૂર્તિ, કરુણાપૂર્ણ દૃષ્ટિ અને પુણ્યમય વદન મંડળે, સદ્ભાવ ઉત્પન્ન કરી, નમન કરાવી, ધર્મ ભાવને મહત્પદ અપાવ્યું. ધર્મવૃત્તિને અધીન થયેલા સદ્ભાવશાળી **જનાર્દન ભાનુને** હવે મહાત્માઓને નિહાળવાની અભિરૂચિ વધતી ગઇ. તેની

દૃષ્ટિ એક નાની ગુફા પ્રત્યે ગઇ. ત્યાં એક વયોવૃદ્ધ ઉજ્વલ જ્યોતિથી બૃહસ્પતિ જેવા દેખાતા, રૂપેરી વાળોથી આચ્છાદન થયેલા, પણ શરીરે સુદૃઢ દેખાતા, સફેત બાળોની ફરફરતી, સ્કંધ પ્રદેશ સુધી લટકી રહેલી જટાથી સૂર્ય જેવા દેદીપ્યમાન થતા, લલાટમાં ભસ્મથી અલંકૃત થયેલા તથા રુદ્રાક્ષના ગંડાથી સજ્જિત થયેલા તથા પાસે પડેલા કમંડલથી પવિત્રતાનો ભાસ આપતા, વ્યાઘ્રાંબરપર સિદ્ધાસનથી આરૂઢ થયેલા મહાત્મા દૃષ્ટિગોચર થયા. તેની તપસ્વી, શાંત, નિરભિમાની મુખમુદ્રાથી તથા વિનયવાલીસત્ય મધુર વાણીથી તેની મોટાઇ તથા પવિત્રતાએ સદ્ભાવ ઉત્પન્ન કીધો.

સદ્ભાવદર્શી મહાત્માએ નયનદ્વારા દર્ભાસન સૂચવી સારો સત્કાર કીધો. ભાવથી **જ**નાર્દન **ભા**નુએ આસન લીધું. આ આશ્રમસ્થાન મહાન પવિત્ર ભાસ્યું. ત્યાં સર્વ પદાર્થ શુદ્ધ અને સ્વચ્છ હતા. નાના કુંડમાંથી અગ્નિનો ધૂમ્રપ્રવાહ ગગનમંડળ સાથે સંબંધ કરવા વહેતો હતો. રૂદ્રાક્ષની માળા અને કમંડળ તથા ઇશ્વર સ્તવનનાં સાધન શિવાય બીજું કંઇ દ્રષ્ટિગોચર થતું નહોતું. મહાત્માના તપ પ્રભાવથી પ્રગલ્ભ થયેલાં ચક્ષુ જ્યોતિથી **જ**નાર્દન **ભા**નુના હૃદયમાં વિશ્વાસે નિવાસ કીધો. જાણે મહાત્માના તપ પ્રભાવનાં જ્યોતિમય કીરણો, અજ્ઞાનમય અંધકારના પડદા ઉપર જ્ઞાનમય ઉજેસ પાડતાં હોય તેમ ભાસ્યું. તેમની તપશ્ચર્યાનો પૂજ્ય પ્રભાવ જાણે સ્પર્શ કરી પાવન કરતો હોય, શુદ્ધિ મહત્તાને અનુભવાવતો હોય, શ્રદ્ધાને સ્થિર કરતો હોય, પવિત્રતાને ખીલાવતો હોય, ઉદ્ધતતાનો નાશ કરતો હોય, અને આનંદને ખીલાવી પ્રભુ પ્રત્યે અંતઃકરણના ભાવને પ્રાધાન્યપણું આપતો અનુભવ્યો. મહાત્માએ જપમાંથી નિવૃત્ત થઇ–ભલેપધાર્યાનુ સત્કાર સૂચક વાક્ય કહ્યું. **જ**નાર્દન **ભા**નુએ ભક્તિપૂર્વક પ્રણામ કરી, સવિનય પ્રત્તિઉતરમાં પ્રશ્ન કર્યોઃ કૃપાનિધાન કંઇ આજ્ઞા."

ગંભીર મુખમુદ્રાથી તેણે કહ્યું–"પરબ્રહ્મમાં ચિત્ત જોડી અક્ષય સુખની પ્રાપ્તિ કરો. આ સંસાર વિચિત્ર છે. તેની ભ્રમણામાંથી મુક્ત થવાને આ વાક્ય ચિંતવન કરો–

"का तव कांता कस्ते पुत्रः संसारोऽयमतीव विचित्रः ।
कस्य त्वं वा कुत आयातस्तत्त्वं चिंतय तदिदं भ्रातः॥

ભાવાર્થ–"આ સંસાર અતિ વિચિત્ર પ્રકારનો છે. આ સંસારમાં તારી સ્ત્રી કોણ છે? તારો પુત્ર કોણ છે? અને ભાઈ તું કોનો છે અને ક્યાંથી આવ્યો છે? તે વિષેના તત્ત્વનો વિચાર કર."

"મહાત્મા! એ વિષય ગૂઢ છે. મારા જેવા અલ્પજ્ઞની ચિત્તશુદ્ધિ તથા દેહશુદ્ધિ માટે કલ્યાણકારી માર્ગ કહો." જનાર્દને વિનયયુક્ત કહ્યું.

"દેહશુદ્ધ સારૂ તીર્થ કરો, ચિત્તશુદ્ધિ અર્થે નિત્ય નૈમિત્તિક કાર્યો કરી, જપાત્મક વૃત્તિને ઉન્નત કરો." મહાત્માએ મધુર વાણીથી સૂચવ્યું.

**જનાર્દન ભાનુ:** "કયા તિર્થમાં સ્નાન કરવું ઉત્તમ છે?"

**મહાત્મા:** ગંગા, યમુના, સરસ્વતી તથા નર્મદાનાં સર્વ તીર્થો પવિત્રતાને પ્રાપ્ત કરે એવાં છે. પરંતુ વિશેષતાએ કરીને

गंगाद्वारे कुशावर्ते बिल्वके नीलपर्वते ।
स्नात्वा कनखले तीर्थे पुनर्जन्म नविद्यते ॥

"ગંગાદ્વાર, કુષાવર્ત, બિલ્વક, નીલપર્વત તથા કનખલ, આ પાંચ તીર્થમાં સ્નાન કરવાથી પુનર્જન્મ થતો નથી."

**જનાર્દન ભાનુ:** કૃપાનિધાન! કયાં કયાં તીર્થ અવસ્ય જવા જોગ છે.

**મહાત્મા:** ભરતખંડનાં સર્વ તીર્થની યાત્રા ભિન્ન ભિન્ન ઉચ્ચ સંસ્કારોને પ્રાપ્ત કરનારી છે, પરંતુ *સપ્તપુરી તથા બાર જ્યોતિર્લિંગ તથા ચાર †ધામને જરૂર જુઓ: આપ તરુણ છો, ધન્ન સંપત્તિ પણ છે.

**જનાર્દન ભાનુ:** બાર જ્યોતિર્લિંગ કયાં કયાં છે?

**મહાત્મા:** **श्लोक.**

सौराष्ट्रे सोमनाथंच श्रीशैले मल्लिकार्जुनम् ।
उज्जयिन्यां महाकालमोंकारममरेश्वरम् ॥ १ ॥
पर्यत्म्या वैद्यनाथश्च डाकिन्या भीम शङ्करम् ।
सेतुबंधेतु रामेशं नागेशं दारुकावने ॥ २ ॥
वाराणस्यान्तु विश्वेशं त्र्यम्बकं गोतमीतटे ।
हीमालयेतु केदारं घुसृणेशं शिवालये ॥ ३ ॥

**જનાર્દન ભાનુ:** કેવળ તીર્થ યાત્રાથી આત્મશુદ્ધિ થઈ અધિકારી થવાય?

**મહાત્મા:** જેનાં મન, વાણી અને કર્મ શ્રેષ્ઠ સંસ્કારને પામ્યાં નથી અને જેનું ચિત્ત હમેશ સર્વ કાર્યમાં અસ્થિર અને વ્યભિચારી છે, તથા દ્વેષી છે, તે આત્મશુદ્ધિને પામતો નથી. એટલુંજ નહિ, પરંતુ મોક્ષ માર્ગને માટે કદી અધિકારી થતો નથી. પરંતુ આચાર, વિચાર અને વાણીને ઉત્તમ નિયમમાં રાખી, ગર્વ મદાદિક દોષોનો ત્યાગ કરી, સદાચરણશીળ હોય છે, તેને તીર્થનું ફળ સિદ્ધિદાતા થાય છે.

**જનાર્દન ભાનુ:** શા સાધનથી પવિત્રતા અને શુદ્ધિ પ્રાપ્ત કરી શકું?

**મહાત્મા:** પરમ જ્ઞાન મેળવવાથી પ્રાણ પવિત્રતાને મેળવે છે.

**જનાર્દન ભાનુ:** સર્વથી કયા મનુષ્યનું જીવન ઉત્તમ છે?

---

* અયોધ્યા, મથુરા, હરદ્વાર, કાશી, કાંચી ને દ્વારકા.

† પૂર્વમાં જગન્નાથજી, પશ્ચિમમાં દ્વારકા, ઉત્તરમાં બદરીકેદાર, દક્ષિણમાં રામેશ્વર.

**મહાત્મા**: જ્ઞાની પુરુષનું જીવન સર્વ કરતાં ઉત્તમ છે.

જનાર્દન **ભાનુ**: જગતમાં સર્વ કરતાં સર્વ સ્થળે પ્રીતિકર શું નિવડે છે?

**મહાત્મા**: સત્ય.

જનાર્દન **ભાનુ**: જન્મકલેશ શાથી નષ્ટ થાય?

**મહાત્મા**: શ્રદ્ધાપૂર્વક ધર્મ ઉપર વિશ્વાસ રાખી વિશ્વાસવાળો બળને ઉન્નત કરે છે, તે જન્મકલેશને નષ્ટ કરે છે. જેમ–

क्रियान्तरासक्तिमपास्य कीटको ध्यायन्नलित्वं ह्यलिभावं मिच्छति ।
तथैव योगी परमात्म तत्त्वं ध्यात्वा समायाति तदेकनिष्ठया ॥

"બીજી ક્રિયાઓની આ શક્તિ તજી દઈને કીડો એક ભાવે ભમરાનું ધ્યાન ધરે તો તે ભમરાની સ્થિતિને પામે છે. તેમ યોગી પણ પરમાત્મ તત્ત્વનું ધ્યાન કરે છે, તો તેમાં એક નિષ્ઠા થવાથી તે રૂપને પ્રાપ્ત કરે છે.

જનાર્દન **ભાનુ**: સત્ય સુખ શાથી પ્રાપ્ત થાય?

**મહાત્મા**: ઉત્તમ રીતે સ્વધર્મ પાલન કરવાથી સત્ય સુખ આપોઆપ પ્રાપ્ત થાય છે.

જનાર્દન **ભાનુ**: જ્ઞાન, યશ, સંપત્તિ અને બંધુત્વ શી રીતે પ્રાપ્ત થાય?

**મહાત્મા**: શ્રદ્ધા ભક્તિથી વિશ્વાસ રાખી સત્શાસ્ત્રને સાંભળે છે, ને તેનું મનન કરે છે, તેને ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત થાય છે. પોતાનાં કર્તવ્ય કર્મમાં મંડયો રહી ઉદ્યોગી થઇ, પુરુષાર્થ કરે છે તે સંપત્તિને પેદા કરે છે; સત્યનું સ્મરણ કરી પરમાર્થ બુદ્ધિથી જનલાભ કરે છે, તે યશને સંપાદન કરે છે, અને નિર્મળ ભાવથી બંધુત્ત્વ પ્રાપ્ત થાય છે.

જનાર્દન **ભાનુ**: સત્તા ઐશ્વર્યનું સુખ શાથી પ્રાપ્ત થાય?

**મહાત્મા**: એ કેવળ પુરુષાર્થને આધીન છે; જેવો પુરુષાર્થ તેવો લાભ.

જનાર્દન **ભાનુ**: દેવ સેવા સહાયભૂત થાય છે? સકળ પુરુષાર્થ સાથે તેવું કંઈ પુરુષાર્થનું સાધન હોય તો કૃપા કરી જણાવશો?

**મહાત્મા**: સંસાર કેવળ તૃષ્ણાથી વ્યાપ્ત છે; તૃષ્ણાનો સમુદ્ર ન સૂકાય એવો છે, તેમાં ફાંફાં મારવાં કેવળ વ્યર્થ છે. અદ્યાપિ તમારી ભાવના છે તો જણાવું છું કે ચિત્ત શોધીને **શંકરને** સંતુષ્ટ કરો; અથવા ત્રણ કોટી દૂર્વાથી ગણેશનું યજન કરો. કર્મ કાણ્ડના અનેક માર્ગ છે, પરંતુ સર્વ સિદ્ધિ, આચાર, વિચાર અને વાણીની પવિત્રાએ કરીને આત્મ સંયમ દૃઢ થવા ઉપર આધાર રાખે છે.

જનાર્દન **ભાનુ**: જપની સિદ્ધિ માટે માળાનો કંઈ ક્રમ છે?

**મહાત્મા**: હા, છે. કેવળ કર્મ કાણ્ડનો વિષય ભ્રમણાનો ભારો છે, પરબ્રહ્મમાં ચિત્ત જોડવું એજ પરમ સિદ્ધિ દાતા છે.

**જનાર્દન ભાનુ**: કૃપા કરીને જણાવો.

**મહાત્મા**: ગુરુ ગમ્ય વિના મિથ્યા પ્રયાસમાં ના પડતો. સાંભળ, દર્ભના ગાંઠાની માળા આત્મજ્ઞાન પ્રાપ્ત કરે છે, સ્ફાટિકની માળા સામ્રાજ્ય પ્રાપ્ત કરે છે, રુદ્રાક્ષ સર્વ મનોરથ સિદ્ધ કરે છે, મુક્તાફળની માળા સર્વ વિદ્યા પ્રાપ્ત કરે છે, સુવર્ણથી બનાવેલી માળા પુષ્કળ લક્ષ્મી આપે છે, પારાની માળા સર્વ કાર્ય સિદ્ધિ કરે છે. સર્વ સિદ્ધિને માટે સારો પ્રયોગ એજ છે કે, જનમંડળ પ્રત્યે ભ્રાતૃભાવ રાખી, દયાને પ્રાધાન્યત્વ આપી સદાચરણે ચાલ, એમાંજ જય છે.

**મહાત્માની** સૌમ્યમૂર્તિમાં દયા ભાવ વધારે તરી આવેલો જોઈ, **જનાર્દન ભાનુનું** મન લોભ મોહમાં વધારે આધીન થયું અને આત્મોત્કર્ષ અર્થે મંત્ર મેળવવાની અભિરુચિ જણાવી. મહાત્માએ, ચારે આશ્રમમાં ગૃહસ્થાશ્રમ–ધર્મ, અર્થ, કામ અને મોક્ષ દાતા છે, એવું સૂચવી, સદ્બોધથી કૃતાર્થ કરી એક ગુહ્ય મંત્ર આપ્યો. જે ભાવે કરી **જનાર્દન ભાનુએ** સ્વીકારી પોતાને કૃતાર્થ માન્યો.

**મહાત્માઓનું** અવલોકન કરતાં કરતાં એને યોગશાસ્ત્રમાં આસન, ધ્યાન, ધારણા, અને પ્રાણાયામથી તે મુદ્રાઓના પ્રકરણસૂધી, તે દેશકાળ પ્રમાણે ઘણી માહિતી **જનાર્દનને** મળી. સાંપ્રત કાળમાં પણ **ગંગા, યમુના** તથા **નર્મદાના** પ્રદેશમાં કેટલાક મહાત્માઓ દર્શન કરવા યોગ્ય ગણાય છે, પરંતુ યોગશાસ્ત્રનો વિષય આપણા લખાણથી નિરાળો હોવાથી તેને અવલોકન કરવાનું વાંચનારની મુનસફી ઉપર છોડી, ઐતિહાસિક આખ્યાયિકા સાથે સંબંધ સાંધવો અવશ્યનો છે. મરેઠી સૈન્યે **ગૌઘાટ** ઉપર મુકામ કીધો હતો. દુરાનીએ પોતાનું સૈન્ય ગંગાપાર **કાલજેશ્વર** આગળ આણ્યું હતું, અને જ્યારે મરેઠી સૈન્યના મહાનાયક **સદાશિવરાવ ભાઉ, જનાર્દન ભાનુ** સાથે વૃન્દાવનમાં તીર્થવિધિ કરતો હતો, ત્યારે દુરાનીનું સૈન્ય, **યમુનાને** સામે તીરે ગર્જના કરતું આવી ઉભું હતું. **યમુના** પાણીથી ભરપૂર હતી. એથી ઉભય પક્ષનાં સૈન્યો નિરૂપાય હતાં. જગત્ જાહેર યુદ્ધના પડઘા હવે શરુ થાય છે, અને તેનું ચિત્ર દર્શન આપતાં પહેલાં, યવન સૈન્યના મહાનાયકનું જીવન વૃત્તાંત આનંદદાયી થઈ પડશે.

# પ્રકરણ ૧૯ મું.

## અહમદશાહ દુરાની.

સ્વતંત્રતાની પરિસીમાને અનુભવતી નીલ, સ્વેત પર્વતોના ભયાનક શિખરોથી આચ્છાદન થયેલી કાબુલની ભૂમિમાં સને ૧૭૨૨ માં અહમદશાહ દુરાની જન્મ્યો હતો. કાબુલની ભૂમિ સ્વતંત્ર ગૌરવને માટે સર્વદા ગર્વ ધરનારી પ્રસિદ્ધ થઇ છે. એ પ્રદેશ વિલક્ષણ રચનાથી સર્વને અસાધ્ય તથા ફળપ્રાપ્તિ ન દેનારો હોવાથી, સ્થિર સ્થિતિમાં તેની સ્વતંત્રતા ઘણા કાળથી સચવાયલી છે ને તેથી તે પ્રદેશમાં વસતી પ્રજા સ્વતંત્રતાના ગર્વમાં ઉન્નત થયેલી, ઉન્મત્ત જણાઇ છે. તેની ગર્વિત થયેલી ઉન્મત્તતાએ ભરતખંડની ઐશ્વર્ય સંપન્ન રાજ્યધાની દિલ્લીની રમણીયતાનો અનેક ફેરી નાશ કીધો છે. સને ૧૩૯૮ માં તૈમુરે તથા સને ૧૭૩૮ માં **નાદિરશાહે** અને તે પછી અહમદશાહ દુરાનીએ દિલ્લીને હાલબેહાલ કરવામાં બાકી રાખી નથી.

આ પહાડી પ્રદેશ રમ્ય ભરતભૂમિની અદેખાઇ કરી રહેલું ઇતિહાસના પૃષ્ઠોથી જગતમાં પ્રસિદ્ધિ પામ્યું છે. એ તેની કઢંગી સ્થિતિમાં, સ્વતંત્રતાની નિર્ભયતાથી થયેલા રક્ષણનું ફળ છે, જેને પોતાનું ખોવાની ભીતિ હોતી નથી તે પારકાનું સંપાદન કરવામાં લલચાય છે.

એ સૂત્રને અનુસારે ભારતભૂમિને સદા વેઠવું પડયું છે. અને સાંપ્રત કાળમાં પણ બ્રિટિશ સિંહને પ્રસંગવસાત્ સરહદ તરફ યુદ્ધમાં ઝોકાવું પડે છે એનું મૂળ કારણ પણ એજ છે. જ્યાંસુધી એ ખડબચડા પ્રદેશની પ્રજા સ્વતંત્રતાની ઉદ્ધતતાથી નિરંકુશિત થતી કોઇ પણ રીતે નહિ અટકે, ત્યાંસૂધી ભરતખંડને તે બોજારૂપ છે; કાં તો લક્ષ્મીરૂપી લોભની નદીની તૃષ્ણામાં તણાઇ વિલક્ષણ અશાંતિમાં પડે, યા તો કોઇ બીજી રીતે ભરતખંડ તરફથી તેમની નજર બીજી બાજુએ દોરાય, ત્યાંસૂધી એ પહાડી પડોશીઓની સખાવતોથી ભરતભૂમિ બેનશીબ રહે, એ અસંભવિત નથી.

અહમદશાહની અટક અબદાલીની છે. તે અબદાલ જાત ઉપરથી પડેલી છે. બીજી અટક દુરાનીની છે. એ વંશની ખ્યાતિ પ્રાચીન કાળથી પ્રસિદ્ધ છે. એની વંશાવળી નીચે પ્રમાણે છેઃ—

**એની ઇઝરાઇલનો ધર્મ પૂર્વકાળના એમના વડીલો પાળતા હતા. તેમાંથી કેશ અબ્દુલ રોદે હઝરત મહમદનો ધર્મ સ્વીકાર્યો. ત્યારથી તેઓ મુસલમાન ધર્મના અનુયાયી થયા છે.**

- કેશ અબદુલ-શેદ
  - શુરબુન
    - શફરૂદીન અટકે સરખેશ
      - શબરાની
      - તરીમ
        - અબદાલ
          - ઝીરક
            - પોપળ
              - ઈસમાલ
              - હસન
              - બામી
                - શદુ
                  - ખાનખીઝાર
                    - અહેમદ શાહ દુરાની
                - શાળે
                - અલીખાન
                - રતીક
                - એરક
              - બાદુ
              - ગબગબ
              - ફુલંદ
            - વાલકો
            - બારક
          - પંચપા
      - બરીચ
      - મીયાના
      - અડતડ
    - એરૂદીન
  - ખેતીન
  - ગરગષ્ટ

સદરહુ અબદાલ ખાજા અબુહેમદ ચીસ્તી કદશલાની ખીજમતમાં ગયો હતો. તેને એણે અબ્દાલનો ખીતાબ આપી આશીર્વાદ આપ્યો ત્યારથી એ પ્રસિદ્ધીને પામ્યો તે વખતથી એ વંશ અબદાલી કહેવાવા લાગ્યો. પઠાણી લોકો અબદાલને "અવદલ" કહે છે.

આ માહા પુરુષનું જીવનચરિત્ર અનેક પ્રકારની વિટંબનાથી ઉન્નત થયેલું છે. એના બાલકાલ અને ગીરદસ્તીનાં વર્ણનને બાજુએ મૂકી, **નાદિરશાહ**ના સાથના સંબંધથી શિરૂઆત કરીશું. પાદશાહ **નાદિરશાહ**ના વીર સહાયકોમાનો **અહમદશાહ** દુરાની એક અડગ સહાયક હતો. **નાદિરશાહ**નો એના ઉપર પૂર્ણ વિશ્વાસ હતો. સ્વામીનાં અનેક દુર્ઘટ કાર્યોમાં એ સહાયભૂત થયો હતો. સ્વામીની આજ્ઞા માટે એનું શીર હમેશાં હાજર રહેતું. આવા સ્વામીના પરમ વિશ્વાસુ નાયક

માટે કોની લાગણી ન હોય ? જે પોતાના સ્વામીની દરેક અનુકૂલતાને સાચવે છે તેને કોઇ પણ પ્રકારની પ્રતિકૂલતા નડતી નથી. તેનું માન, ગૌરવ અને ભવિષ્યનો કાળ પણ અપૂર્વ યશ ઐશ્વર્યથી ચળકે છે.

અતિ રમણીય પ્રભાતની મનોહરતાને સુવર્ણ તખ્ત ઉપર બેસી અનુભવતા, એક સમયે **નાદિરશાહે** ગંભીર સ્વરથી **અહમદશાહ** દુરાનીને બોલાવ્યો. આજ્ઞા કર્ણદ્વારપર પડતાંજ **અહમદશાહ**, અતિ વિનયથી રૂમાલથી હાથ બાંધી અદબ કરી, પાદશાહ સન્મુખ હાજર થયો. **નાદિરશાહે** ગંભિર મુખમુદ્રાથી કહ્યું કે, "ખોદાઇ પ્રેરણાથી મારા મનમાં એવો ભાવ થાય છે કે, **અહમદશાહ**, તું મારા પછી આ પાદશાહતનો માલિક થનાર છો. મારૂં અંતઃકરણ એમ માને છે, અને તે સાથે તારા પેહેલવાન તથા બહાદુર ચેહેરા ઉપર ખુદાઇ નુર બિરાજે છે તે પૂરતી ખાત્રી આપે છે."

આ વચનના પ્રતિ ઉત્તરમાં **અહમદશાહ** દુરાનીએ વવેક યુક્ત દૈન્ય વચને વિનવ્યું કે,–"ઝહાંપનાહ ! સેવક આપનો ગુલામ છે. આપથી પરવશ થયેલો છું. આપના મનમાં મારે માટે કંઇ અંદેશો આવતો હોય તો મારૂં શિર હાજર કરૂં."

**નાદિરશાહે** પ્રીતિયુક્ત વચન ઉચ્ચારી સબુરી આપી સૂચવ્યું કે, "એ ખુદાતાલાનો ખેલ છે. માણુસના હાથમાં કંઇ નથી. ખુદાના ખેલ આગળ કોઇનું ચાલતું નથી. જો ખુદા તને પાદશાહાત બક્ષે તો મારી ઓલાદને આબાદ રાખજે."

સ્વામીનાં આવાં નિખાલસ વચનો સાંભળી, **અમદશાહ** ઘુંટણીએ પડી, ક્ષણભર પાદશાહના પગ આગળ પડી રહી, તેનાં સઘળાં વચનોનો સ્વીકાર કર્યા જેવું સૂચવી, તેના પગને બોશો દીધો.

આ બનાવ બન્યા પછી થોડા વખતમાં **લાહોરનો શાબરશાહ** નામે ફકીર **પાદશાહના** લસ્કરમાં દાખલ થયો. **સાંઈ શાબરશાહ** **લાહોરના** રાજ્યકર્ત્તાથી અપમાનિત થયેલો હતો. તેના મનમાં **લાહોરના** રાજ્યકર્ત્તાઓનું અનિષ્ટ કરવા સાથે, મુસલમાની ધર્મને ઉન્નત કરવાની અભિલાષા હતી. **સાંઇની** ઇચ્છાશક્તિ બળિષ્ટ હતી. પોતાનાં ઇચ્છિત કાર્ય માટે યોગ્ય પુરુષાર્થવાળા વીરની શોધમાં તે હતો. તેની મનોવૃત્તિ **અહમદશાહ અબદાલીની** જ્યોતિર્મય મુખમુદ્રા જોઇ, તેના ઉપર ઠરી, અને ધીમે ધીમે તેને પોતા તરફ ખેંચવા લાગ્યો. **સાંઇની** અપૂર્વ પ્રીતિને લીધે **અહમદશાહ** અહોનિશ તેને નમન કરતો. **સાંઇ** સ્વચ્છંદી–મનમોજી હતો. તે અહોનિશ રેશમી કપડાંના નાના નાના સુંદર મનોહર તંબુઓ કરતો. તેની આગળ પાંજળ કાદવના સિપાઇઓ બનાવી તથા ઘોડા હાથીઓ બનાવી, પાદશાહી

ઠાઠનો દેખાવ કરતો અને મસ્ત થઇ આનંદ માનતો. આત્મસંયમની અલૌકિક શક્તિથી કૌતકી ખેલો બતાવતો, તે અહોનિશ અહમદશાહ અબ્દાલીને કહેતો કે, "બચ્ચા ! તેરી પાદશાહી જમાતા હું." અહમદશાહ અબ્દાલી સાંઇને અપૂર્વ પ્રીતિથી નમન કરતો અને પ્રીતિ ભરેલાં નમ્ર હાસ્યસૂચક વચનોથી પ્રતિઉત્તર દેતો કે, "માટીની પાદશાહાતનો માલીક બનાવો છો ?"

સાંઇએ પ્રત્યુત્તર દેતાં દર્શાવ્યું કે, "માટીકા સબ ખેલ હે, માટી મેંસે માનવી હોતા હે, ઇસ માટીકે ખેલમેસેહી પાદશાહત હોગી."

સાંઈ શાબરશાહે ઘણો કાળ નાદિરશાહ સાથે ગાળ્યો એટલામાં નાદિરશાહની સ્વારીએ દિલ્હી હસ્તગત કીધું.

દિલ્હીની મહત્તા વિદેશીઓને મોહિનીરૂપ હતી અને તે ચક્રવર્તીઓની આશાને તલસાવનારી હતી. જ્યાંસૂધી દિલ્લીનું તખ્ત હસ્તગત હતું નહિ, ત્યાંસૂધી સર્વ પ્રકારની ઐશ્વર્યતામાં તે કાળમાં ખામી ગણાતી હતી.

રાક્ષસી કતલથી ઝાંખી પડેલી દિલ્લીમાં આજે નહતા સ્વદેશી અમીરોનાં હાથીઓ મોતીની ઝાલરોથી કે સુવર્ણ અંબાડીઓથી ઝુલતા, કે નહતા કલગીવાળા સુનેરી રૂપેરી સાજના ઘોડાઓ થનથન નાચતા. આજે સ્વદેશીઓનો રાજ્ય વૈભવ ઝાંખો હતો, કારણ કે નાદિરશાહના સૈનિકો મહા ક્રૂરતાનું ચિત્ર દર્શન દેવામાં મહત્તા દર્શાવતા હતા. નાદિરશાહે આખી હિન્દુસ્થાનની ઇચ્છા વિરુદ્ધ, એટલુંજ નહિ, પરંતુ દુનિયાનો જે કોઇ ભાગ દિલ્લીના તખ્ત પ્રત્યે ભાવયુક્ત દૃષ્ટિથી જોતો હતો તેની ઇતરાજી વચ્ચે, તખ્તે તાઉસ, દીવાને ખાસમાંથી પોતાને વતન લઇ જવા ઉપાડયું. દિવાને ખાસ નામનો પાદશાહી મેહેલ એ કાળમાં મુખ્યત્વે કરીને આખી દુનિયામાં પ્રસિદ્ધિને પામ્યો હતો, અને તેમાં ગોઠવેલું તખ્તે તાઉસ એક અનુપમ સૌંદર્યતાનું અધિદેવ થયું હતું.

દિલ્લી નગરના અતિ સુશોભિત દરબાર ભુવનમાં શોભી રહેલું તખ્તે તાઉસ, નક્કર સુવર્ણનું, છ ફુટ લાંબું અને ચાર ફુટ પહોળું હતું. તેની બેઠક મયૂર આકારની અનુપમ હતી. મયૂરાસનના મયૂર પૂચ્છને ઘણાં કીમતી પાનાંથી જડેલું હતું. સુવર્ણની નક્કર બેસણીની કીનારી, સુંદર દિવ્ય મોતીઓથી મનોહર કરી હતી. આધારને માટે પીઠપર બાર સુવર્ણ સ્થંભો ગોઠવેલા હતા. આગલા ભાગમાં છાંયા સારૂ બે સુંદર મનોહર છત્રો હતાં. તેનો દાંડો સુવર્ણનો હીરા જડિત જાજવલ્યમાન થઇ રહ્યો હતો. છત્રો મોતીથી ભરેલાં હતાં. આ તખ્તની કીંમત *૧૫૦૦૦૦૦૦ ફ્રાંકની તે કાળમાં અંકાઇ હતી.

* ફ્રેંચ ઝવેરી ટેવર્નનીઅરે એ તખ્તની કીંમત ૧૫૦૦૦૦૦૦ ફ્રાંકની આંકેલી છે.

**શાહાજહાન્ બાદશાહ**ના કરાવેલા આ અદ્વિતીય તખ્તને લઇ જનાર **નાદિરશાહ**ના જીવનનો અંત હવે આવી રહ્યો હતો. એકાએક તેના લશ્કરમાં કતલ ચાલી અને તેમાં **નાદિરશાહ**ની કતલ થઈ. **નાદિરશાહ**ની જીવન મર્યાદાનો અંત આવવાના વર્તમાન **શાબરશાહ ફકીરે અહમદશાહ અબ્દાલી**ને કર્યા, અને **અહમદશાહે** અડગ ધૈર્ય ધારી, **નાદિરશાહ**નો અસબાબ બનતે પ્રયત્ને સચવાયો તે સાચવી, આટોપી લઇ કંદહાર તરફ કુચ કરવા માંડી. બે ત્રણ મજલ ગયા પછી **શાબરશાહ ફકીરે પાદશાહ** થવાને **અહમદશાહ અબ્દાલી**ને સૂચવ્યું. **અહમદશાહે** નમ્રતાથી વિનતિ કરી જણાવ્યું: "**સાંઇ! પાદ**-શાહત ધારણ કરવામાં ઘણાં સાધનની જરૂર છે. તે મારી પાસે નથી. મારી **પાદશાહત** સાધન રહિત કેમ વિજયી થશે?" **શાબર**-શાહે પવિત્ર ભાવથી પ્રફુલ્લ મુખમુદ્રા કરી કહ્યું, ખુદાની મહેરબાનીથી સહુ આવી મળશે. ખુદા જેને મહાપુરૂષ બનાવે છે, તેની મોટાઇનાં સાહિત્ય પ્રથમથી તે તૈયાર કરે છે, એટલુંજ નહિ, પણ તેની મોટાઇ સાચવવાની ફીકર પણ તેનેજ શિર છે."

એમ કહી **સાંઇએ અહમદશાહ**નો હાથ પકડી તેને એક ટેકરા ઉપર કરેલા માટીના તખ્ત ઉપર બેસાડયો અને રાજ્યાભિષેક કર્યો. ઝવાહીરના તાજને બદલે કોમળ ઘાસનું બનાવેલું તાજ પહેરાવી, **સાંઇએ**, આદરપૂર્વક **અહમદશાહ**ને દુરાની પદ ધારણ કરાવ્યું. **અહમદશાહે સાંઇ શાબરશાહ**ને નમ્રતાપૂર્વક અભિવંદન કર્યું. અને વલીખાં **બામીજઇ**ને, પોતાનો વજીર બનાવ્યો. ત્યાંથી **કાબુલ** કંદહાર તરફ કુચ કરી **પાદશાહત**ની જમાવટ કરી.

સત્તા સત્તાને વધારે છે, ને ભાગ્ય બલિષ્ઠ થાય છે, ત્યારે સર્વ સ્થળે તેની બલીહારી ખીલી નીકળે છે. સાધનોને સાધ્ય કરી આપે છે. તેમ **અબ્દાલી**નાં પ્રારબ્ધે **હિન્દુસ્થાન** તરફ પોતાનું બળ અજમાવવા માંડયું. ભારતી પ્રજા મોગલ પાદશાહોની નબળાઇથી દુર્દશા ભોગવતી હતી, એટલુંજ નહિ, પરંતુ તેમાંથી પાદશાહી કુટુમ્બ પણ બાતલ ન હતું. બીજા **આલમગીર**ની **મલકાજમાની** ઉરફે **બબુ** બેગમ, આ સમયે મહા સંકટ ભોગવતી હતી. તેને પેટપૂરતાં અન્નનું પણ દુ:ખ હતું.

આ સમયે પાદશાહજાદીઓ તથા બેગમોને **લાલગઢી** પાસેના **યમુના**ના બેટ ઉપર આવેલા **સલિમગઢ**માં રાખવામાં આવતી હતી. આ સ્થળમાં બંદીવાનની દશા પાદશાહી કુલાંગનાઓ ભોગવતી હતી. આ બંધનમાં **મલકાજમાની** તથા તેની પુત્રી **ચંદ્રાજમાની** પણ હતી.

**મલકા જમાની** આ સંકટથી કંટાળી, ઉદ્વેગમાં રહેતી હતી અને મનમાં ને મનમાં મહા દુ:ખને અનુભવતી હતી. વાંચનાર! તેનાં કરુ-ણાજનક જીવન તરફ હવે આપણે દૃષ્ટિ કરીએ.

# પ્રકરણ ૧૭ મું.

## સલિમગઢમાં મલકાજમાના.

*प्रजापीडनसंतापात्समुद्भूतो हुताशनः ।
राज्ञः श्रियं कुलं प्राणन्ना दग्ध्वा विनिवर्तते ॥

તેજથી ક્ષીણ થયેલો સૂર્ય અસ્તાચળ પર્વત ઉપર આશાયશ લેવાની ત્વરા કરતો હતો. આકાશમાં વાદળાંઓ સૂર્યનાં પડતાં કિરણોથી સોનેરી જડેલી છતની પઠેમ દષ્ટિગોચર થતાં, દોડધામ કરતાં હતાં. તેમાં ભાતભાતનાં રંગનો સેળભેળ દેખાતો દેખાવ સરજનહારની અલૌકિકતાનો આભાસ પાડતો હતો. દષ્ટિમર્યાદાની સમીપના રક્તવર્ણથી આચ્છાદિત થયેલાં વાદળાં, પાસેના યમુનાના પ્રવાહમાં રક્તવર્ણ પાડી, આંખને અજાયબીમાં ગેબ કરતાં હતાં. પંખીઓનાં ટોળાં પોતાના માળામાં ભરાઈ જતાં હતાં. પશ્ચિમ દિશામાં ડૂબતો રવિ, પશુ, પક્ષી તથા પંખીઓને રહેઠાણ શોધવા માટે, ઉર્મિ કરી રહ્યો હતો. સૂર્યકમલો સૂર્યના અસ્ત સાથે ડૂબવા માંડયાં હતાં. ગોપાળો ગાયના ટોળાંઓને મધુર વાંસળીના નાદથી દોરી, કયારનાએ ગામમાં દાખલ થઈ ગયા હતા. મેદાનમાં અવાજ નથી. યમુના નદીના તરંગો, વાયુના વેગથી ઉછળી રહેલા વાયુનો સરર કરતો સપાટો યમુનાના તરંગ સાથે સ્પર્શી શીતળતા સાથે અવાજ આપતો હતો. તે સિવાય આ શાંત પ્રદેશમાં હાલમાં કાંઇ સંભળાતું નથી.

યમુનાના પ્રવાહથી વિંટળાયલો બેટ વનસ્પતિથી આચ્છાદિત થયેલો છે. તેની ઉપર એક પૂર ભભકાથી બાંધેલો મજબૂત કિલ્લો છે. કિલ્લાને છેડે તથા વચ્ચે નાના નાના બુરજો આવેલા છે. તે બુરજોથી દરવાનનું રક્ષણ થાય છે. તેના ઉપર ભયાનક ગર્જના કરતી તોપો ગોઠવેલી છે. કિલ્લામાં ગોળીબાર કરવાને બાકાં મૂકેલાં છે. કોટ અને અણીદાર મોરચાઓ લાંબી હારમાં આવી રહેલા હોવાથી, ભપકાદાર દેખાઈ, ભવ્યતાની છાપ પાડે છે. કિલ્લાની અંદર જવાને એક કાષ્ઠનો પુલ બાંધેલો છે. તે પુલ સિવાય અંદર દાખલ થવાને બીજો માર્ગ નહતો. તે પૂલ ઉપર તથા કિલ્લા ઉપર પાદશાહી પેહેરેગીરો નાગી તલવારોથી પેહેરો ભરી રહ્યા હતા. આ કિલ્લામાં મુગલાઇ ઘાટના મનોહર મેહેલો બાંધેલા હતા.

મેહેલમાં આ ફેરી અંધારૂં છવાયલું છે. ફક્ત એક બારીમાંથી પ્રકાશ

---

* પ્રજા પીડાના સંતાપ થકી ઉત્પન્ન થયેલો અગ્નિ રાજાની સંપત્તિને, કુળને, પ્રાણને, દાહ (નાશ) કીધા વિના પાછો થનાર નથી.

નીકળે છે. ત્યાં એક આધેડ ઉમરની સ્ત્રી બેઠી હતી. તેને શરીરના નીચલા ભાગમાં સુરવાળ પેહેરેલી હતી. તે ઉપર ઘેરવાળો પણ ઠીગડાં દીધેલો તુમાન પહેર્યો હતો. કેશના પ્રદેશને ઢાંકવાને એક સફેદ ઉંચી મલમલનો કકડો માથા ઉપર નાંખ્યો હતો. તેની પેહેલાંની લાવણ્યતા માટે કિલ્લાનાં લોકો આશ્ચર્ય પામતાં હતાં, તે લાવણ્યતાની મનોહરતા આજે તેનામાં નહતી. તે આજે ઉત્કંઠિત હતી, તેથી વારે-વારે બારીમાંથી બહાર દૃષ્ટિપાત કરતી, ચંચળ જણાતી હતી. ખરૂં પૂછો તો ઘણા કાળની ચિંતાને લીધે તેનું શરીર દુર્બળ થઈ ગયું હતું, મુખ મ્લાન હતું, જ્યોતિર્મય ચક્ષુમાં કાળાશ આવી હતી, શરીરમાં સ્ફુર્તિ ન હતી, અતિ ક્રોધને લીધે મનની પ્રફુલ્લતા નાશ પામી હતી.

તેણે ઉદ્વેગ મને બારીમાંથી લાંબી દૃષ્ટિ કરી, વળી પાછી ગગનમંડળ તરફ નાંખી ને તે બારીમાં પેશી ગઈ. એનો ક્રોધ એને આધીન ન રહ્યો. તેના ક્રોધની જ્વાળા વાણી દ્વારા બહાર પડવા માંડીઃ “અ-ટકથી તે દક્ષિણસૂધી આધિપત્ય ધારણ કરનારની સ્ત્રી આજે કેદી છે. બંગાળાથી તે સમુદ્ર પર્યંત સત્તા મનાવનારની પ્રિયાને, ખાવા માટે અન્ન અને આચ્છાદન માટે વસ્ત્રની પણ ચિંતા છે. આહાહા! આ દુઃખની કહાણી કોને નિવેદન કરવી?! એ દુઃખમાંથી કેમ છૂટવું?! પાદશાહને કહેતાં દુઃખની સીમા વધે છે, દીવાનને કહેતાં તે કાને હાથ ધરે છે, અમીર ઉમરાવો નિર્માલ્ય સ્થિતિ ભોગવે છે, હવે અબળા વર્ગનો કોણ બેલી?! ત્યારે શું પાદશાહોની બેગમોએ અન્ન અને વસ્ત્ર માટે પણ રંક કરતાં અધમતાથી મરવું કે? ના, નાં, મલકા જમાની, એમ પરાભવ થવાની નથી. મરતી મરતી પણ મારીશ.”

આ કોણ હતી? એ બીજા **આલમગીરની** બેગમ **મલકા જ-માની** ઉર્ફે **બબુ** બેગમ હતી. એનાં દુઃખની પરિસીમા ન હતી. મુસ-લમાની પાદશાહોમાં જે જે દુઃખ દેવાની તાકાત હતી, તે સઘળાં દુઃખ થોડે કે ઘણે અંશે એના ઉપર અજમાવવામાં આવ્યાં હતાં, અને તેનો પક્કો અનુભવ એને મળ્યો હતો. તોપણ એ ધીર અને જુગતી બાજ યુવતી હતી. તેણે આજે પોતાની બુદ્ધિને રાજ્યદ્વારી પ્રપંચમાં ગુંથવાને દૃઢમન કીધું હતું. શામ, ભેદ અને દંડથી પોતાનું કાર્ય સિદ્ધ કરવા તે બહાર પડી હતી. એ કાર્યને સાધ્ય કરવા પોતાના ખોજાને વજીર પાસે મોકલ્યો હતો. ખોજો આવ્યો. તે નિસ્તેજ થયેલો બેગમ સન્મુખ અદબ કરી ઉભો રહ્યો.

**મલકાજમાનીઃ** મારા નેક ખોજા! શું કરી આવ્યો?

**ખોજોઃ** નેક નામદાર! ગુલામે યત્ન કીધો, પણ લાચાર, તકદીર આગળ તજવીજ ચાલતી નથી.

મલકાજમાનીઃ મારા વૃદ્ધ અનુચર! એમ ન બોલ, પુરૂષાર્થ અજિત છે. શું થયું તે કહે.

ખોજોઃ નામદાર બેગમ, હું હુકમ મુજબ ગાજુદ્દીખાન વજીર પાસે ગયો, અને આપનો સંદેશો આજીજી અને નરમાશથી વિદિત કર્યો. વજીરે બેદરકારીથી હુકમ કીધો કે, અંતાજી માણકેશ્વરની પાસે જઈ તમારી વાતનો બંદોબસ્ત કરવો."

મલકાજમાની ક્રોધાવેશમાં આવી ગઈ, તેણે ત્વરાથી પ્રશ્ન કીધો, "પછી?"

ખોજો નમ્રતાથી બોલ્યોઃ હું પેશ્વાના અમલદાર અંતાજી માણકેશ્વર પાસે ગયો, અને તેને બહુ આજીજી કરી, કાકલુદીથી દુઃખદ કહાણી નિવેદન કરી. અંતાજી માણકેશ્વર દુઃખદ કહાણી સાંભળી ગદ્‌ગદિત્ થઈ ગયો. તેણે નમ્રતાથી જણાવ્યું કે, ઘરખટલાની વાતમાં પડવાને હું લાચાર છું. એ સર્વ અધિકાર વજીરનો છે, તેને નિવેદન કરો.

આ વર્તમાન સાંભળી મલકાજમાની ખેદ પામી ગઇ, તેની આંખમાંથી આંસુની નદી વહેવા લાગી. તેણે આક્રંદ કર્યું; નિરાશ થઇ; ઇષ્ટ પાસે જીવન મર્યાદાનો અંત માગવા માંડયો. અરે અલ્લા! અમો રંક અબળા માટે અન્ન, આચ્છાદનની પણ પાદશાહતમાં ખોટ છે, તો અમને ઊંચકી લે. જ્યારે અમારા લલાટમાં આવું લખવું હતું ત્યારે રંકને ત્યાં કેમ જન્મ ન આપ્યો? પૂર્વ જન્મના કયા દુષ્કૃત્યને લીધે આ શાસન થાય છે? અરે શું બાળકીઓને ખાતાં ખાતાં વિક્ષેપ પાડયો હશે? શું રંક જનોની ખાવા પીવાની ચેષ્ટા કરી હશે? શું ધર્મપરાયણ માહાત્માઓને અન્ન ખાતા નસાડયા હશે? કુચેષ્ટાઓ કરી બેજાર કીધા હશે? મને ક્ષમા કર." એમ મહા ખેદ કરતી કરતી મૂર્છાવશ થઇ ગઇ.

આ બનાવથી વૃદ્ધ ખોજો ક્ષણવાર ગભરાયો. તેણે હાથમાં પાણી લઇ બેગમના મ્હોં ઉપર છાંટયું. તે ક્ષણભરમાં સાવધ થઈ. બેગમને સાવધ જોઇ ખોજાએ ધીરજ આપી. ખોજો વયોવૃદ્ધ દુનિયાનો જાણકાર હતો, રાજ્ય પ્રપંચનો ભોમીયો હતો અને તેને અમલમાં લાવવાની તાકાત ધરાવનાર હીમતબાજ હતો. તેણે કહ્યુંઃ "કાલાવાલા કરે સરે એવું નથી. હાલના રાજ્યદ્વારીઓ રાજ્યનીતિજ્ઞ—ન્યાયવેત્તા નથી, માટે ભય આપી શાસન દીધા સિવાય આપણાં દુઃખનો અંત નથી."

મલકાજમાનીઃ તે માર્ગ શું છે?

ખોજો—આજ કાલ નજીબખાન રોહીલો મહા નિપુણ પટાબાજ છે, તેને મળેથી કંઇ માર્ગ હાથ લાગે ખરો.

મલકાજમાનીઃ તેને મારી પાસે લાવ.

ખોજો કુરનશ બજાવી સમ્મતિ દર્શાવી બેગમથી છૂટો પડયો.

## કરણ ૧૮ મું.

———:o:———

### મા અને દીકરી.

મમતા દયા ન્યાય રૂડા તજીને, સંકટ દે છે કુળ કામનીને;
કલેશાગ્નિ તેના થકિ વિસ્તરે છે, સંહાર અંતે સઉનો કરે છે.

રાત પડી ગઇ છે, નભમંડળ વાદળાંઓથી ઘેરાયું છે, અંધારાથી સર્વ આચ્છાદન થઇ ગયેલું છે. આકાશમાં ચળકતા તારા અને તેના ચળકારાના ચળકાટથી ઉછળતા યમુનાના તરંગો ચળકી રહ્યા છે, આગીઆ કીડા વનની ધાડી ઝાડીમાં થોડો થોડો પ્રકાશ કરી, સૂર્યના પદને ધારણ કરવા રૂપ ગૌરવ બતાવી રહ્યા છે; મહાપુરુષો જાય છે, ત્યારે અલ્પજ્ઞો તેની જગ્યા લેવા તૈયાર થાય છે; જ્યારે અરાજ્ય થાય છે, ત્યારે રાજ્યબીજને બદલે ગુલામો, ખવાસો અને ન ગણત્રીના અધમ જનો મહત્તાનો ડોળ ઘાલે છે, અરાજ્યમાં ફાવે છે, ફસે છે અને સર્વને ફસાવે છે. આખરે કુળ, ધર્મ અને રાજ્યની હાનિ સિવાય અવર ફળને આપતા નથી. એ સર્વ આગીઆના તેજ જેવું થાય છે. તે આગીઓ આજે ચળકારા મારતો મારતો સલિમગઢના કિલ્લાના મેહેલમાં આવી લાગ્યો છે.

લગભગ એક કલાક સુધી શૂન્ય હૃદય થયેલી મલકાજમાની સ્તબ્ધ થયેલી આંખ મીંચી પડી રહી. મલકાજમાનીને આ સંસારમાં કોઇજ નથી. ફક્ત પુત્રી ચંદાજમાનીજ છે. ચંદા જમાનીનાજ ઐશ્વર્ય માટે તે સર્વદા શ્રમ કરતી હતી. તેનામાંજ એની બધી આશાના અંકૂરો ઉન્નત થતા હતા. એને માટેજ તે મહા પ્રપંચ ગુંથવા ઉત્તેજિત થતી હતી. ચંદાજમાની માટે તેના હૃદયમાં સ્નેહનો ઝરો વહેતો હતો, અને તેને માટે અપરિસીમ ભાવથી આગ્રહ પૂર્વક સર્વ કરવા તત્પર હતી. એના રક્ષણ માટે, એની ઉન્નતિ માટે, એના સુખ માટે, મલકાજમાનીનું હૃદય સંપૂર્ણ કાળજીમાં રહેતું હતું. ચળકારા મારતો આગીઓ બારીમાં પઠો, અને ત્યાંથી ચંદા જમાનીના શયનગૃહ તરફ ગયો. માતાની વૃત્તિ પુત્રી પ્રત્યે તણાઇ. તેની સ્મૃત્તિ તાજી થતાંજ બધા વિચારો પૂર્ણ થયા અને પવિત્ર સ્નેહ ભાવ મુખ મંડળ ઉપર તરી આવ્યો. પુત્રીને નિહાળું, એ વિચારે તેણી ઉઠી. આ સમયે ચંદાજમાની તેની સખી જાનબાઇ સાથે બેઠી હતી. જાનબાઇ સાથે ચંદાજમાની બાળપણથી મમતાળુપણે વર્ત્તતી હતી. સ્નેહી સખી પ્રેમ–સૌંદર્યની પુતળી હતી. તે વીશ વર્ષની ઉન્મત્ત યુવતી હતી. સૌંદર્યની બલિહારી ચંદાજમાની ઉપર અનિર્વચનીય ભાવ દર્શાવતી

હતી, તેમ જાનબાઇના અંતઃકરણમાં પ્રેમઝરો, ચંદાજમાની માટે, વહેતો હતો. આ સ્થળ પાદશાહીજનાનું હતું, તેમાં વળી કેદખાનું, તેમાં વળી આ રત્ન હતું.

ચંદાજમાનીની ઉમર પંદર વર્ષની હશે. યુવાવસ્થાને લીધે સૌંદર્યે પોતાનો પ્રકાશ પાડવા માંડયો હતો. અનુપમ સૌંદર્યતાની અધિદેવીએ, ચંદાજમાનીને સૌંદર્યતાથી વિભૂષિત કરવા માટે પ્રકૃતિનો ભંડાર ખાલી કર્યો હતો. તેની જ્યોતિઃપૂર્ણ ચક્ષુ, તેની આનંદ પૂર્ણ મુખમુદ્રા, તેની પૂર્ણ ધનુષ્યાકાર ભ્રૂયુગલ, તેના પૂર્ણ સુકોમળ સુગોળ બાહુ, તેનું પૂર્ણ ઉન્નત લલાટ તથા તેના પૂર્ણ સુગ્રંથિત સર્વ અવયવો, મનહરતાની સીમાને પામ્યા હતા. શરીર પાતળું, લાંબુ અને ભરાઉ છતાં, કોમળતાથી પરિપૂર્ણ હતું. ઉન્મત્ત કીશોરી આજે ઉન્મત્તદશા ભોગવે છે. જાનબાઇએ પ્રેમપૂર્ણ ચક્ષુથી ચંદાજમાનીનું મુખ નિહાળ્યું. ચંદા જમાનીનું મુખ પ્રેમથી પ્રફુલ્લિત, પણ ગંભીરતાથી ગર્વિત છે, થોડી વારે જાનબાઈ કહેવા લાગીઃ "દિલ્લીના વર્તમાન જાણ્યા ?"

ચંદાજમાનીઃ શા છે?

જાનબાઇઃ બાદશાહ નવી બેગમ કરનાર છે.

ચંદાજમાનીઃ તેમાં આપણે શું?

જાનબાઇઃ તે બેગમ ગ્યાજુદ્દીનખાનની સગી છે. સૌંદર્યતાની અધિદેવી છે.

ચંદાજમાનીઃ પ્રપંચી ગ્યાજુદ્દીનખાનની સગી છે તો માતાને કષ્ટ દેનારનું પ્રબળ વધશે, પણ પાદશાહની બેગમને શું સુખ થશે ?

જાનબાઈઃ પાદશાહની માનીતિ બેગમ પાદશાહતની માલીક છે. સર્વ સુખ સંપત્તિની અધિદેવી છે.

ચંદાજમાનીઃ એવા ખોટા સુખની પરિસીમા બતાવતી નહિ. દિલ્લીની પાદશાહતમાં પાદશાહી નૂર નથી, પાદશાહનું ચલણ નથી, તો તેની બેગમ તે શું સુખ ભોગવશે ?

જાનબાઇઃ પાદશાહની બેગમને શા સુખની ન્યૂનતા હોય ? તમે પણ બેગમ થાઓ તો કમીના ન રહે.

ચંદાજમાનીઃ મને તે પસંદ નથી.

જાનબાઇઃ કેમ?

ચંદાજમાનીઃ શામાટે આજે તું ફક્ત મશ્કરીએ ચઢી છે?

જાનબાઇઃ હું તને પાદશાહતની બેગમ બનાવવા ચાહું છું.

ચંદાજમાનીએ ક્રોધાવેશ બતાવતાં પ્રેમ કુતૂહલથી સખીના ગાલને ચોંટી દઇ કહ્યું, "તું અક્કલની દુશ્મન છે. ઘેલી ઘેલી વાત શું કરવા કરે છે ? હું દિલ્લીના પાદશાહને કદી પણ વરીશ નહિ."

જાનબાઇ: કેમ?

ચંદાજમાની: તું પૂછ નહિ.

જાનબાઇએ પ્રેમ કુતૂહલથી કુમારિકાનો સુગોળ હાથ પકડી ખૂબ દબાવી પૂછ્યું, "કહે, બેગમ કેમ નહિ થાય?"

ચંદાજમાની: જે પાદશાહમાં શૂર નથી, નૂર નથી, કર્તવ્ય કરવાની કુશળતા નથી, તે નરાધમને પરણીને શું કરૂં? કહે, હવે થયું.

જાનબાઇ: તારે શૂરતું શું કામ છે?

ચંદાજમાની: તું પાદશાહી તુખમની નથી. તને તેનો ખુલાસો જાણવાનો અધિકાર નથી.

જાનબાઇ: તું કોને વરવા ચહાય છે?

ચંદાજમાની: શત્રુને શેહ આપનાર પાદશાહી તુખમના વીર પુરુષને પરણીશ. નહીં તો મરીશ.

જાનબાઇએ જરા પ્રેમ કુતૂહલ કરતાં ચેષ્ટા કરી, "ચસ્મા પેહેરીને જો, હિંદુસ્થાનમાં અંધારૂં છે."

ચંદાજમાની: ખુદા મારો નીઘેબાન છે.

આ વાતના અંતમાં બેગમ મલકાજમાની ત્યાં આવી પહોંચી. બન્ને સખીઓએ અદબથી ઉભાં થઈ નમન કર્યું. ચિંતાનાં તરંગમાં ડુબેલી માતાને જોઈ ચંદાજમાની બોલી, "માતા! આજે તું દુઃખી જણાય છે. તારૂં મુખ ચિંતાથી મ્લાન થયેલું છે. આંખ ઉભરાયલી છે."

મલકાજમાની: નહીં, બેટા કંઈ નથી.

ચંદાજમાની: મા, કાલે તારાથી ખવાયું નહતું, અને આજે પણ ખાધું નથી.

મલકાજમાની: બેટા, ખાવાની મને રુચિ નથી.

ચંદાજમાની: ખાધા વિના તે કેમ ચાલે? જીવન કેમ ટકે?

મલકાજમાની: જીવનની મારે દરકાર નથી. તારા પિતા પેહેલાં મરી હોત તો આવી અવદશાને પામત નહીં.

ચંદાજમાનીએ સજળ નયનથી કહ્યું: "માતા, આ જગતમાં તારા સિવાય મારું કોણ છે? તું મને કોને સોંપત? આપણું અંતરનું કોઈ નથી, તું ન હોય તો મારા શા હાલ થાય?"

મલકાજમાની: હા, બેટા, હજી હતભાગ્યનીને ઇષ્ટ પણ સંઘરતો નથી. મારે માથે હજી એક મોટી ફરજ છે તે હું અદા કરીશ, તારી મને ચિંતા છે. ખુદા તારો નિઘેબાન થશે.

ચંદાજમાની શરમાઈ જઈ નીચું જોઈ રહી.

એવામાં દિવાનખાનાનું બારણું ખખડયું. મલકાજમાનીએ દ્વાર સામું જોયું. એક નવયૌવનમાં દીપી રહેલો વીરપુરુષ ખોજા સાથે

દષ્ટિગોચર થયો. ગુપ્તવેશે આવનાર આ પુરુષ નજીબખાન રોહિલો હતો તે કહેવાની જરૂર નથી.

નજીબખાન કુરનશ બજાવી, અદબ કરી, બેગમના સામું નમ્રતાથી ઊભો રહ્યો, અને વિનતિ કરી કે,–"મા સાહેબ! હું આપનો તાબેદાર ગુલામ છું, મને શું હુકમ છે?"

મલકાજમાની દુઃખથી આકુળ વ્યાકુળ થઈ ગઈ હતી, તેની આંખમાંથી આંસુની ધારા ચાલી રહી હતી. દુઃખની પરિસીમાનું ભયંકર ચિત્ર, ક્ષણમાત્રમાં ઊભું થઈ ગયું હતું.

નજીબખાને આવું જોઈ ફરી કહ્યું, "મા સાહેબ, હુકમ કરો, ગુલામથી થશે તે નેક નામદારના માનને ખાતર તથા પાદશાહી નિમક ખાધું છે તેને ખાતર કરીશ."

મલકાજમાનીઃ નજીબખાન! અમો પાદશાહજાદીઓની આબરુનું રક્ષણ નથી. તેમના માટે અન્ન તથા આચ્છાદનનો બંદોબસ્ત નથી. કેમ કરવું? કોને કહેવું?

નજીબખાનઃ કુલ પાદશાહત નિર્માલ્ય થઈ ગઈ છે. અમીર ઉમરાવો વજીરના મારેલા છે. વજીર દક્ષણીની આગળ લાચાર છે, અને મુસલમાની પાદશાહત બુડી બ્રાહ્મણી રાજ્ય થવા બેઠું છે.

મલકાજમાનીઃ હાય, હાય! શું પાદશાહત નિર્માલ્ય થવા બેઠી છે? શું કોઈ જવામર્દ મુસલમીન નથી, કે અમને દુઃખમાંથી ઉગારે અને પાદશાહતને તારે?

નજીબખાનઃ અમીર ઉમરાવો કોઇ માથું ઊંચકી શકે એવા નથી.

મલકાજમાનીઃ ત્યારે, શું અમારે નિર્માલ્ય સ્થિતિમાં સડયા કરવું?

નજીબખાનઃ ના, મા સાહેબ, નિર્માલ્ય સ્થિતિમાં રહેવું ઉચિત નથી; પરંતુ પાદશાહ પણ બંદીવાન જેવો છે, એટલે લાચાર.

મલકાજમાનીઃ ઉમરાવો નિર્માલ્ય છે, રજવાડાઓ વજીરના તાબેદાર છે, અને પાદશાહ ખુદ બંદીવાન છે, અને તેને પરિણામે અમો રંક અબળાઓ અપૂર્વ દુઃખ ભોગવીએ છીએ, અને મરેઠી સત્તા સર્વોપરી થતી જાય છે. એવી નિર્માલ્ય પાદશાહતનો અંત આણવો જરૂરનો છે, શું, મુસલમીનને મુસલમીન અબલા માટે દયા નથી? શું મુસલમીનને મુસલમીન પાદશાહત માટે દરકાર નથી?

નજીબખાનઃ મા સાહેબ, મુસલમીન લોહી આ નસોમાં વહે છે. મરેઠી સત્તાનો નાશ કરવાને બંદો તૈયાર છે, પણ અફસોસ! મદદ વિના લાચાર છું.

મલકાજમાનીઃ મરદો જ્યારે લાચાર છે, ત્યારે ઓરતોએ શું કરવું?

નજીબખાનઃ મા સાહેબ, ઓરતો પણ કંઈ કરી શકે છે. જો મલકાજમાની બેગમ ધારે અને ગુલામને મદદ આપે તો બેગમોને દુઃખમાંથી છોડાવવાને તથા મરેઠી રાજ્યને પાયમાલ કરવાને બંદો તૈયાર છે.

મલકાજમાનીઃ તમે શું કહો છો?

નજીબખાનઃ હું સત્યજ કહું છું.

મલકાજમાનીઃ ત્યારે તે કહો.

નજીબખાનઃ મા સાહેબ, ફક્ત આ એકજ ઉપાય છે કે, કાબુલ કંદહારના પાદશાહ અમદશાહ દુરાની મહા વીરપુરુષ છે, તેની સહાયતાથી આખી પાદશાહત વશ થાય એમ છે, માટે આપ નામદારની શાહજાદી ચંદાજમાનીને તેના વડા પુત્ર તૈમૂરશાહ સાથે પરણાવવી, અને પાદશાહ આલમશાહને તેમની મદદથી મારી, તૈમૂરશાહને તખ્તનશીન કરવા.

મલકાજમાનીઃ હા, એ વાત સત્ય છે, પણ તેનો અમલ કેમ થાય?

નજીબખાનઃ તેનું જોખમ મારે શિર છે, પરંતુ પ્રથમ કરાર કરો. પેટ દુનિયામાં સર્વને લાગેલું છે.

મલકાજમાનીઃ હા, બેટા! પેટ દુનિયામાં સર્વને લાગેલું છે. તમારો કરાર શું છે તે કહો.

નજીબખાનઃ મા સાહેબ! આ કામ વિકટ છે. મહા રણરંગ રોપવાનું છે, અને પાદશાહત નાશ કરવા સાથે મરેઠા જેવા બલિષ્ટ શત્રુઓને શેહ દેવાનું છે, માટે બીજા સહાયકોની જરૂર છે, માટે સુજાઉદ્દૌલ્લાને વજીરી આપવી અને મને બક્ષીગીરી આપવી.

મલકાજમાનીઃ કબૂલ છે, હજાર ફેરી કબૂલ છે, અને હજરત મહમદ પેગંબરના સોગન લઇને કહું છું કે, કોલથી બેકોલી થઇશ નહીં.

નજીબખાનઃ હવે એ કામ પૂરું પાડવાનું કામ મારે શિર છે. મારા ભાઇ સુલતાનખાન રોહિલાને કન્દહાર મોકલી, દુરાનીને સંદેશો કહાવીશ, અને બધો બંદોબસ્ત કરીશ.

એક બીજાના કાર્યમાં સહાયાનુભૂતિ પૂરવાથી ઉભયને આનંદ થયો. નજીબખાને ટૂંકા વખતમાં વકીલ સાથે એક પત્ર સુજાઉદ્દૌલા ઉપર મોકલ્યો. તેને સંપૂર્ણ હિમ્મત આપી ફોજ તથા પૈસાની મદદ કરવા કબૂલત આપી, તેમજ જયનગરના રાજા માધવસિંગ તથા મારવાડના રાજા બિજેસંગ રાઠોડ તથા હમદખાન લંગડા તરફથી સુવર્તમાન ફરી વળ્યા. આ વર્ત્તમાન મળતાંજ નજીબખાને પોતાના ભાઈ સુલતાનખાન રોહિલાને, કંદહાર, દુરાની પાસે મોકલ્યો; અને તે સાથે સંદેશો

કહાવ્યો કે, "બેગમ મલકાજમાનીની શાહાજાદી ચંદાજમાનીને આપના વડા પુત્ર તૈમૂરશાહ સાથે પરણાવીશું: અને દિલ્લીની પાદશાહત આપના પુત્ર તૈમૂરશાહને અપાવીશું. દિલ્લીનો કિલ્લો આપને તાબે કરાવી આપવાની સર્વ પ્રકારની જુક્તિ મારી પાસે છે, અને આપને ચઢે ઘોડે દિલ્લી તાબે થશે, માટે જરૂર આપે આવવું."

આ પ્રકારે અહમદશાહ દુરાનીના ચળકતા નશીબને હિંદુસ્થાનથી તેડું થયું, અને ભારતભૂમિ સાથે આવી રીતે તેનો સંબંધ જોડાયો.

"स्त्री बुद्धिः प्रलयं गता"–આ સિદ્ધાંત આ ફેરી બબુ બેગમના સંબંધમાં યથાર્થ થવા જેવું થયું છે, અને વાંચનાર, જ્યારે તું વિચાર કરીશ અને તારા મનને પ્રશ્ન પૂછીશ કે, મહારાજ્યો કયારે નાશ થયાં છે, આબરૂદાર કુટુંબો કયારે પાયમલ થયાં છે?" ત્યારે તેનો જવાબ એજ મળશે કે, જ્યારે કુલાંગનાઓના કંકાશથી અનર્થની પ્રાપ્તિ થાય છે, ત્યારે ગ્રહ રાજ્યના અધિપતિ ગૃહસ્થો બેહાલ થાય છે; તેમજ રાજ્યતંત્રમાં જ્યારે એ સડો પેસે છે, ત્યારે રાજ્યનીતિજ્ઞોની બુદ્ધિ મારી જાય છે અને તેથી રાજ્યો પાયમાલ થયાં છે અને આથીજ આબરૂદારની આબરૂ જગતમાં જોખમાયલી છે. માટે વિચારશીળ પુરુષોએ સ્ત્રી વર્ગ માટે સમય સૂચકતાથી અને ડહાપણથી વર્તવું ઉચિત છે. જે કુળમાં સ્ત્રીઓ સંતુષ્ટ રહે છે, તે કુળમાં સર્વ અર્થની સિદ્ધિ છે.

અહમદશાહ દુરાનીએ નાની મોટી છવાર ભારતભૂમિ ઉપર સ્વારી કરી હતી. તે સર્વ સ્વારીનું વૃત્તાંત મહા ચમત્કાર ભરેલું રસિલું છે, પરંતુ આ નવલકથાને પ્રસંગે તે બીજી ફેરી હિંદુસ્થાનમાં આવ્યો હતો. જ્યારે મહારાષ્ટ્રિ સૈન્યનો મહા નાયક સદાશિવરાવ ભાઉ, યમુના નદીમાં અગાધ જળ હોવાથી ઉભય પક્ષને જળ ઓળંગવાનો રસ્તો નથી, એમ ધારી નિશ્ચિતપણે તીર્થવિધિ કરતો હતો, ત્યારે અહમદશાહ દુરાની યમુનાના મહા–જળ પ્રવાહને કેમ ઓળંગી શત્રુને શેહ આપવી તેનો પાઠ પઢતો હતો.

---

## પ્રકરણ ૧૯ મું.

:o:

### દુરાનીના ખાનગી દરબારમાં કુંજપરાના શોક વર્તમાન.

વિપત્તિમાં ધૈર્ય વધુ ધરે છે, વિનાશ તેથી અલગુ રહે છે.
બુદ્ધિ બળે જેને કળથી કરે છે, સર્વ સ્થળે તે વિજયી ઠરે છે.

અસાધારણ રણકૌશલ્યથી વિખ્યાતિ પામેલો અહમદશાહ દુરાની આજે ગંભીર પણ કરડી મુખમુદ્રાથી લીલી મખમલના તખ્ત ઉપર

બેઠો હતો. દરબારની રચના સાદી પણ ખંત ભરેલી જણાતી હતી. રણનૈપુણ્યથી અહંભાવ પામેલી મુખમુદ્રા આજે ગુલાબી સુરખીથી ગરમ થયેલી, માથા ઉપર વિંટેલા ફાંકડા ફેંટાથી દબદબા ભરેલી જણાતી હતી, તેના ઉપર શિરપેચ ઝૂકી રહી, પાદશાહતનું મહાન ભાન કરાવતો હતો. શરીરમાં આવી રહેલો પાદશાહી ઝબ્બો કદાવર કાઠામાં વિશેષતા બતાવી, શત્રુને ભીતિ દેતો દષ્ટિગોચર થતો હતો. તે ઉપર આવી રહેલો કટીબંધ અને તેમાં ખોસેલી હીરે જડિત જમૈયો, યમના જેવો ભયને દેતો ભભકામાં ભયાનકતા વધારતો હતો. પગમાં આવી રહેલા સાબરના ચામડાના મોટા ખખ જેવા જોડા, તેની મજબુતાઈનું ભાન કરાવતા હતા. પાસે મૂકેલી તરવાર અને ઢાલ, પાદશાહી દબદબામાં વધારો કરતાં હતાં. પાદશાહ અહમદશાહ દુરાનીએ તખ્ત ઉપર જગ્યા લેતાંજ, શાહ વલીખાન બામીજાઈ વજીરે તથા સરદાર પસંદખાન તથા નવાબ ઇનાયતખાન તથા સુબેદાર, ઝેનખાન તથા ખિરખાન રયાજી તથા મહમદ હુશેને જગ્યા લીધી. પાદશાહી ખાશાએ બેસતાંજ લાગલા નવાબ સુજાઉદ્દૌલ્લા તથા નજીબ ખાન રોહિલા તથા આમદખાન બંગષ્ટ વગેરેએ પોતાના દબદબા પ્રમાણે દરબારમાં માન સાથે જગ્યા લીધી.

દુરાનીની મુખ મુદ્રા આજે શાંત નહતી. કંદહારથી વિજય મેળવવા આવેલા મહાવીરના સંકલ્પથી ઇતિહાસ જાણનાર અજાણ્યા નથી. લાહોરથી તે દક્ષિણ સૂધીની પાદશાહત મેળવી, દિલ્લીના તખ્ત ઉપર પોતાની સત્તા સ્થાપવા તેની ઇચ્છા હતી. પેશ્વાની સત્તાને શેહ આપી, મુસલમાની સત્તાને નિર્ભય કરી વિજયતા થવાની વૃત્તિ હતી. આર્ય ધર્મને ભ્રષ્ટ કરી, નષ્ટ કરી, હઝરત પેગંબરનો ધર્મ પ્રસરાવવાનો તેનો નિશ્ચય હતો. આર્ય બાળાઓને બળથી હરી, આર્ય ધર્મીઓને ક્રૂરતાથી મારી, મોજ મેળવવાની તેની મરજી હતી. સર્વ પ્રકારે આખા ભારત વર્ષનો અધીશ્વર થઇ, મહત્તા મેળવવાનો તેનો સંકલ્પ હતો.

આવા મહાન સંકલ્પો કરી આવેલા મહાન પુરુષની ક્રોધાવેશમાં દેદીપ્યમાન થતી મુખમુદ્રા ઉપર વિલક્ષણ ભાવ જણાતા હતા. જાણે વીરગૌરવથી છકેલો તે, મરેઠા અને રજપૂતોને પગ તળે કચડવાને મથતો હોય, કે આર્ય ધર્મને અપમાનિત કરવાને ઉઠતો હોય, કે અપમાનિત થવાથી વેરની સાંકળને મજબૂત કરવાને મથતો હોય, કે બુદ્ધિ કૌશલ્યથી પોતાની રણનૈપુણ્યતાની જુક્તિને ગોઠવતો હોય, એમાંનું શું એના મનોભાવ સાથે એ કલ્પતો હતો, તે ચોક્કસપણે કહેવાને અશક્ત છીએ. પરંતુ અટકળવાને સંશયમાં રહેવું પડે એમ નથી, કે આ સર્વનું રહસ્ય એકે સપાટે એની મુખમુદ્રા ઉપર તરી આવ્યું હતું.

દુરાની, સઘળી જુસ્સા ભરેલી લાગણીઓને કાબુમાં રાખી, પોતાની મહત્તાનું ભાન કરાવતો ચોગરદમ દૃષ્ટિપાત કરતો હતો.

આ સમયે નજીબખાન ક્રોધાવેશમાં આવી ગયેલો, હોઠને દાંતથી કરડતો, વાંકા ચુંકા હાથ કરી, ભુજાને ચઢાવતો, જાણે સમસ્ત ભૂમંડળનું બલિદાન આપવાની તૈયારી કરી રહ્યો હોય તેમ ચકિત અને ચંચળ કીકીઓમાંથી ક્રોધાગ્નિ વરસાવતો હોય તેમ તરવારને અફાળતો, મૂછને મરોડતો, અદબથી પાદશાહ સન્મુખ હાજર થઇ અદબ કરી બોલ્યો,–"જહાંપનાહ, મરેઠી લશ્કરને ગજબ કીયા હે, સેતાનેને સેતાનીયતસે કુતુબશાહ ઓર સૈમદખાનકું કતલ કીએ હે!"

આ શબ્દ કર્ણદ્વાર ઉપર પછડાતાંજ દુરાની રોષથી અને અભિમાનથી ગરજી ઉઠયો. હોઠ ઉપર દાંત પીસાતા હતા, અને આંખમાંથી અગ્નિ ઝરવા લાગ્યો. થોડીક વારે અર્ધ સ્ફુટ સ્વરથી બોલ્યો,– "કાફર, ભાઉને દુરાનીકી સમશેરકા સપાટા દેખા નહિ હે, નામર્દ અમન મગરૂબ હે, જબ સમશેરશે બેજાન હોગા, તબ નેક ઇમાનીકે સામને સામના કરનેકા કીયા લાભ હે સો પીછાનેગા."

સુજાઉદ્દૌલ્લાઃ તોબાહ! તોબાહ! કાફર લોકોને પંદર હજાર મુસલમીનકું ઠાર કીયે હે, ઓર પંદરા લાખકા ખજાના કબજ કીયા હે.

નજીબખાનઃ જહાંપનાહ! ઇસ કાફર લોકને બહૂત જુલમ કીયા હે, મેરે જમાઇકું ઓર બેવાઇકું કબજ કીયે હે.

ક્રોધથી ઉત્તેજિત થયેલો, ગર્વથી ગર્જી આમદખાન બોલ્યો, "ખુદાવિંદ, ઇસ નાપાક કાફરોને પાક ઈમાનજાદીઓકી હુરમત લીહે, ઓર અશક્ત મુસલમીનોકું બેગુનાહ ઝબે કીયે હે."

ગંભીરતાનો ડોળ કરી શાહ વલીખાન બામી ઉભો થઈ જઇ, પોતાનાં ઝભાને જરા જરા હાથથી એકઠો કરી સંકડાવતો હોય એવું ડોળ કરતો, નમ્રતાથી ક્રોધ યુક્ત કાતર સ્વરથી બોલ્યો,–"જહાંપનાહ! ઇસ નાપાક લોકને દિલ્લીકા તખ્તકું તોડકે નાપાક કીયા હે, ઓર ઇસ્લામી મહઝબકી પાદશાહતકું તાબે કી હે. દિલ્લીકી પાદશાહતકે મરેઠે ગુલામ હે. ઇસ નાપાક કાફરોને પાદશાહતકા મલાઝા તોડકે કુલ ઇસ્લામી કોમકા ગુનાહ કીયા હે, ઓરભી જાદે ફટેહે. યમુનાકે ઘાટકું ઉતરનેકું તૈયાર કીયેલા નાવકે પૂલકું, તોપોકે તડાકેસે પાયમાલ કીયા હે, ઓર થોડી બોતશી લશ્કરકીભી ખરાબી કીહે."

દુરાનીએ ઘણી વારથી ગુસ્સાને મારી રાખ્યો હતો, પણ તે હવે રોકી શકયો નહિ. ક્રોધના આવેશમાં ટટાર થયો. લોચનો ક્રોધાવેશમાં રકત કરી પ્રજ્વલિત કર્યાં અને બોલ્યો,–"ઇન્શાહતાલા નીઘેબાન હે! મેં ઇસ કાફર લોકકુ નશીયત દૌંગા, લેકિન યારો કુચ અકલકું ભી

ચલાવ. તાકાદશેભી અક્કલ કામ જ્યાદા કરતી હે. હિંદુસ્થાનકે લોક હેવાન હે. તરકીબકે આગું લાચાર હે."

માનસિક ચક્ષુથી પાદશાહનો આન્તિક ભેદ પામી જઇ દીલપસંદખાન બોલ્યો—"જહાંપનાહ! આપકી અક્કલકે આગું આખી જહાંન લાચાર હે તો ઇસ કાફરોકી કયા તાકાદ હે? ગોરીકી તરકીબસે પૃથુરાજ હાલ બેહાલ હુવાથા."

સુબેદાર જેનખાનઃ આપકા કહેના સચ્ચા હે. ઇસ કાફર લોક તરકીબસેહી જીતા જાતે હે.

જિરાઇતખાન પઠાણઃ હિન્દકે લોક લઢનેમે કટ્ટે ઇલમબાજ હે. તરકીબસેહી મારે જાતે હે. કુલ હિન્દકી પાદશાહત મુસલમીનોને તરકીબકે ઇલિમસે કાબીજ કીહે.

રૂસ્તમબા પઠાણઃ યારો, તરકીબકે ઇલિમસે ફતેહ હે; ઇસ કાફરોકો ખુદા સામના ન કરવાંવે,

દાવલખાં ગોરીઃ સામાનાસે યારો એ ફાયદા હે. રજપૂતોકા સામના હોતા હે જબ ખુદાઈ તોબાહ્। મરતે મરતેભી મારતે હે, ઓર ન બચતે ઓર ન બચાતે હે.

લાલખા પઠાણઃ જબ રજપૂતોકા સામના હુવા, તબ ખુદાહી ખેર! બીબીજાનકા ચહેરા કયામત બીન દેખના મુસ્કીલ.

લાડખાં પઠાણઃ લેકીન યારો ઇસ લોક બે અક્કલ હે. બોલ તે હે સો ઠીરતે નહીં હે. ઓર અપને ઇસ્લામી લોક બડે કુનેહબાજ હે, સો જબ તક આતી હે તબ ઠીરફારીકે તરકીબસે કામ કરતે હે.

બિરખાન રયાજીઃ યારો, ખુદા નિગેબાન હે! લેકીન ઇસ લઢાઇ રજપૂતો એકલેસે નહીં હે.

મહમદ હુશેનઃ મરેઠે બડે મક્કરબાજ હે.

દીલ પસંદખાનઃ યારો મરેઠે મક્કરબાજ હે, લેકીન રજપૂતો જેસે બહાદુર નહીં હે.

દુરાની, સર્વનું વાકયયુદ્ધ સાંભળી પ્રફુલ્લમુખ કરી, ગાંભિર્યતાથી બોલ્યો, "મરેઠે ઓર રજપૂતકી સાથ લઢનેમે ફેર હે, લેકીન ઇસબખ્ત દોનું કોમસે લઢનેકા હે."

નજીબખાનઃ જહાંપનાહ! આપના કહેના સચ્ચા હે. ઇસ દોનું કોમકે સામને તરકીબકે ઇલમસે કામ હોના મુસ્કીલ હે. કિંયું કે રજપૂત જેસે બહાદુર હે એસે મરેઠે બડે મક્કરબાજ, કુનેહબાજ હે.

પાદશાહ અને નજીબખાનના મતને અનુમતિ આપતો હોય તેમ સુજાઉદ્દોલ્લા બોલ્યો–"તરકીબકે ઇલિમસે રજપૂત કતલ હોતે હે, લેકિન મરેઠે તરકીબકે ઇલિમસે વાકેફ હે, એકોમ નહિ હે. એસેહિ સામને કરનેવાલેભી મજબૂત હે,"

શંકાથી ઝાંખા પડેલા ચેહેરાથી વજીર શાહાવલીખાન પામી જઈ બોલ્યો–"જબ ઇસ નામર્દ કાફરોસે શેહ ખાકે બેઠ રહેના મંજુર હે?! ક્યા કુચ કંદહારસેં એહી જમામર્દિ કરનેકું આએ હે?! ખુદાકે હુકમસે મેરી સમશેર હુકમ બજાનેકું તૈયાર હે."

દુરાની મહા ગર્વથી મહત્તા સ્થાપતો બોલ્યો, "વજીર બહાદુર! મરેઠે ઓર રજપૂતકું માહાત કરનેકે વિચારમેહી હું. ઇસ દોનું કોમમે ફુટફાટ હોનેકી જરૂર હે."

પ્રફુલ્લ ચેહેરે પાદશાહની બુદ્ધિની પ્રશંસા કરતો હોય એવું દર્શાવતાં તેને અનુમતિ આપતો હોય તેમ નજીબખાન બોલ્યો, "જહાંપનાહ! જરૂર આપકી તરકીબસે કામ હોગા."

તીક્ષ્ણ નયનથી નજીબખાન તથા સુજાઉદ્દૌલા તરફ નજર કરી દુરાની બોલ્યો–"ઇસ તરકીબ તુમેરેસેહી હોગી."

સુજાઉદ્દૌલાએ પાદશાહના વચનને સમ્મતિ આપતાં પોતાની સંમતિ જણાવી, "જહાંપનાહ! હુકમબજાનેકું બંદા તૈયાર હે."

સુબેદાર જેનખાનઃ મરેઠે લઢનેમે મક્કરબાજ હે. ખુદાહી ખૈર, ઇસ કાફર લોક સામના કીયા બીન ફના હોજાવે તો અચ્છા.

દુરાનીઃ મરેઠે એસે કચ્ચે નહિ હે, કે તુમસે લઢેબિન ભાગ જાવે, ઔર તુમેરે તરકીબસે ફસ જાવે. મુસમીનસે ફસે જાવે એસે નહિ હે, લેકિન ફસા ડાલે ઐસે હે.

સુજાઉદ્દૌલાઃ જહાંપનાહ! પક્કે પાયેસે ખબર આઇ હે કે દિલ્લીકે તખ્તકું તોડતે બખ્ત રજપૂત ઓર મરેઠેમે ભેદ પડા હે."

દુરાનીઃ ખુદા નિગેબાન હે.

નજીબખાનઃ કાફર લોક આપસ આપસમેંહી ફના હો જાયેગે.

દુરાનીઃ દેખો યારો, મરેઠે ઓર રજપુત મજબૂત હે. લેકીન ઉસ્કા સરદાર ભાઉ બડા બેવકુફ હે. ખુદાહી ખેર હે. ઇસ બેવકુફમે કોનસી બેવકુફી હે સો તુમકું કહેતા હું.–(૧) ઉદગીરકી લઢાઇમેં ફત્તેહમંદ હોનેસે બડા હંકારી હો ગયા હે, સો કાબેલ સરદારકી બાત સુનતા નહીં હે. (૨) મરેઠી લઢનેકી તરકીબ છોડકે મુગલોકી ફીસીયારીપે ડોળ રખા હે, ઉસેભી મારા જાયગા. (૩) મરેઠી નાશભાગ છોડકે ફીરંગી ગાર્દીકી રીતસેં સામના કરેગા, ઇસેભી મારા જાયગા. (૪) દિલ્લિકા તખ્ત તોડનેમે જો નાફરમાની કીહે, ઇસે કુલ મુસલમીન કોમ ઓર રજપૂત ઓર સુરજમલ્લભી નાખુશ હે, ઉસેભી મારે જાનેકા સંભવ હે. (૫) હોલ્કર ઓર સિંધે જેસે બહાદુર સરદારસેં ઉસ્કા બે બનાવ હે, ઇસેભી મારે જાનેકા સંભવ હે. (૬) ઇસકા મિજાજ બડા ક્રાહિલ હે, ઓર ખરચાકા વિચાર કરતા નહિ હે, ઉસે ખરચાકી

તંગીકે લીયેભી મારા જાનેકા સંભવ હે. (૭) લશ્કર બોત હે, ઉસ્કે ગુજારાકે અનાજ મીલના બોત રોજ મુશ્કીલ હે, ઉસેભી મારા જાનેકા સંભવ હે. જો ઇસ સબ બાતમેં સુજાઉદ્દૌલાકી તરકીબ પહોંચી ઓર બે ફેમ ભાઉ રહેગા, તબતો ખુદાકી મેહેરબાનીસે ટુકે બખ્તમેં મારે જાયંગે.

નજીબખાનઃ પાદશાહી તખ્ત નેક હે, ઉસ્કું ફના કરકે કાફર કબુ રાહેત પાવેગા નહિ,

ધીરે ધીરે વચન વૃષ્ટિ બંધ થઇ. બધા નિસ્તબ્ધ થયા. મુલ્લાંએ નિવાજનો વખત સંભાર્યો. સૌએ ગંભિર શાંતતાથી અદબ વાળી. દરબારમાંજ નિવાજનું કામ શીરૂ થયું. ધર્મ સ્તુતિ કરતાં અબદાલીનું મન સ્થિર સ્થિતિમાં નહતું. રાજ્યતંત્રની પ્રાપંચિક બુદ્ધિ વિજય મેળવવાને આશા ઉન્નત કરતી અને બુદ્ધિની સંકળનામાં વિક્ષેપ આપતાં નિરાશાથી આવી સ્થિતિ ભોગવતાં ભોગવતાં ધર્મ કાર્ય પૂરૂં કીધું.

ચોગરદમથી આવેલા અનિષ્ટ વર્તમાનથી દુરાની સિંહ જેવો છેડાઈ ગયો હતો. તેણે પોતાની ખરી પ્રકૃતિ સલાહકારોને જણાવી નહતી. પડદો ન રાખવાથી પાદશાહનું પાણી મપાઈ જાય છે, એ સિદ્ધાંત એના મનમાં દૃઢીભૂત થયેલું હતું, તેથી તેણે થોડો વખત સુધી મનોરાજ્યની કૌંસિલમાં ગડભાંગ શરૂ કરી. તેણે મનને જણાવ્યું કે, "હું મહાવીર છું. મુસલમાની રાજ્યનો રક્ષક છું. ખુદાનો બંદો છું. હું અજિત છું. હું સ્વતંત્રતાની અધિદેવીની પ્રસાદ પામેલી ભૂમિમાં જન્મ્યો છું. તેથી સ્વતંત્રતા અજિત છે, સર્વને નમાવનારી છે. મુસલમાનોને પર તંત્રતાની બેડીમાંથી છોડવનારો છું. હિન્દુપદ પાદશાહતને નમિત કરનારો છું. સ્વતંત્રતા એ સુખની માતા છે. માતાનું દુધ પુષ્ટિ દાતા છે. સ્વતંત્રતાની રેલીમાં છકેલો અને તેની પુષ્ટિથી ઉન્નત થયેલો સર્વને નમિત કરશે, ધર્મને ઉન્નત્ત કરશે અને કોઇથી પણ ડરશે નહિ. શું હું–ખુદાનો બંદો–નાપાકોથી ભીરુ થઈ કાયર બનીશ? મારી સમશેર હવે જમામર્દી બતાવવાને તલ્પે છે. ભાઉએ કુતુબશાહને વિના કારણે માર્યો છે, દિલ્લીનું તખ્ત તોડી મોટી નાફરમાની કરી છે, અરે, એટલુંજ નહિ, પરંતુ મને હિંદુસ્થાન તરફ સ્વારી લાવવાની ફરજ પાડનાર એ મહારાષ્ટ્રિજ છે. એણે દક્ષિણમાં ન બેશી રહેતાં શામાટે પાક દીનના બંદાઓને સતામણી કરી? એ કહે છે કે 'હમારો દેશ છે.' તમારો દેશ શાથી થયો? જેના બાહુમાં જોર છે તેનો દેશ છે. જેનો ઇમાન સાચો છે, તેને ખુદા સત્તા આપે છે. તમો બે ઇમાન છો. ખુદાના ઇમાનથી દૂર છો, માટે તમો ખુદાઇ ઇનાયતથી બે નશીબ છો, મરેઠાઓને દક્ષિણ છોડવાનું ઘેલાપણું લાગ્યું છે.

તેમને દિલ્લીનું તખ્ત મેળવવાને હવાતિયાં લાગ્યાં છે. એ મેળવવાને તમો હકદાર નથી. મરેઠા એના ધર્મનો ફાંકો રાખે છે! તેના ધર્મનું વેર લેવાને મુસલમાનોને દમવા માગે છે. નહિ—નહિ, તમારૂં ફાવનાર નથી. તમારામાં તમારા ધર્મ ઉપર દઢતા નથી, એટલે તમારો ઇષ્ટ તમને સહાયક નથી, દઢતા એજ વિજય દાતા છે. મને હજરત પેગમ્બર પર એતબાર છે અને તેના ફરમાન (પ્રેરણા) થી આવ્યો છું. મારો વિજય છે."

આવી મનોભાવની ભાંગ ફોડમાંથી સ્વસ્થ થઇ વજીર શાહવલીખાન બામી સામું દષ્ટિપાત કરી દુરાની બોલ્યો, "સરદારો, ખુદાઇ હુકમસે મેં હુકમ કરતા હું કે યમુનામેંસે કલ કુચ કરનેકી હે. યમુના ખુદાકે હુકમસે રસ્તા દેગી."

સર્વેએ એકે સામટા, "યા પરવર દીગાર! અલ્લાહ અકબર! અલ્લાહ"નો પોકાર માર્યો, અને ઉપકાર માન્યો,

સર્વ મંડળ ચકિત થયું. યમુનાના અગાધ જળમાંથી કાલે પ્રયાણ કરી, ભાઉના સૈન્યનો ભેટો કરવાનું દઢ થયું. એ કાર્ય કેમ સિદ્ધિ દાતા થશે, તે તરફ સંશય અને ચમત્કારની દૃષ્ટિથી સર્વ વિચારવા લાગ્યા, "શું અબદાલીનું સૈન્ય અધાત જળમાંથી પાર ઉતરશે?"

"હા, ઉતરશે, અને જગતમાં મહત્તા સ્થાપશે,"

## પ્રકરણ ૨૦ મું.

### અહમદશાહ અબ્દાલીનું યમુના ઉતરવાનું સાહસ.

एकेनापीह शूरेण पदाक्रांतं महीतलम् ।*
क्रियते भास्करस्येव स्फारस्फुरित तेजसा ॥

આખા જગતને પ્રકાશમય કરતી ઝગઝગતી સૂર્ય પ્રભા સોનેરી પ્રકાશ ફેલાવી રહી છે, તે સમયે અબદાલીનાં અંતઃકરણમાં વીરત્વ ઉન્નત થઇ ગૌરવ સ્થાપવા માંડયું છે. વીર પુરુષની દઢતા સમર્થ છે. તેનો મહા પ્રભાવ સર્વ વિકટતાને સરળ કરી સાધ્ય કરે એવો છે, એટલુંજ નહિ પરંતુ અગ્નિ જેવી જ્વલંત જ્વાળાથી શત્રુની સકળ યોજનાને નિર્બળ કરી ભસ્મિભૂત કરે એવો છે. તરુણ અરુણની આનંદિત લેહેરીથી આનંદિત થયેલા સૈન્યને ઉત્તેજિત કરવા, અબદાલીએ શરુઆત કરી, રણતૂરના શૌર્ય ઉત્તેજિત મધુર સ્વરથી સૈન્યને ઉત્તેજિત કર્યું, અને

* ઝગઝગતા રવિ તેજે, પૃથ્વી સારી દીપી રહે જેમ;
શૂરો એક મરણિયો, પૃથ્વી બાધી જીતી શકે તેમ.

યમુના તીર પ્રત્યે જવા હૂકમ કીધો. સૈન્યનો મોટો ભાગ નક્કી કરેલા નદીના પ્રદેશ તરફ જઇ લાગ્યો, એટલે દુરાની ઘોડા ઉપર ચઢી ત્વરાથી ખાસા મંડળ સાથે આગળ થયો. ઘાડી વનસ્પતિથી આચ્છાદન થયેલા નીચા ઊંચા ભૂપ્રદેશને ઓળંગતાં ઉચ્ચ પ્રદેશમાં આવી પહોંચ્યો. ચારે બાજુએ ઘાડી ઝાડી અને ઊંચા નીચા ટેકરાનો વિલક્ષણ દેખાવ સિવાય બીજું કંઇ દૃષ્ટિગોચર થતું ન હતું. ટેકરાઓને અથડાતી મનહર યમુના નદીનો પ્રવાહ, મનોહરતાને ઝળકાવતો વહેતો હતો. આખરે નિર્માણ કરેલા પ્રદેશમાં અબદાલી આવી પહોંચ્યો, અને જ્યાં સુધી અબદાલીનો ઘોડો યમુનાના તટ પ્રદેશના માર્ગને કાપી રહ્યો હતો, ત્યાંસુધી તેના સૈનિકો તેની પછવાડે ધીમે ધીમે શાંતતાથી, વીર-મર્દના ગૌરવમાં, હાથમાં નાગી તરવારો લઇ, પથ્થરનાં પૂતળાંની પેઠે, ગુપચુપ ગતિ કરી રહ્યા હતા. અબદાલીએ ઘોડા ઉપરથી ગૌરવથી નીચે ઉતરી, વીરગૌરવથી મૂછ ઉપર તાલ નાંખી, સમશેર ઉપર હાથ નાંખ્યો કે, આખા લશ્કરે મુબારકબાદીનો વીરધ્વનિ કરી ભૂમંડળ, અને નભમંડળને ગર્જાવી મૂકયું.

વીર મોહિનીમાં મુગ્ધ કરી, ઉત્તેજિત કરવા, અબદાલીએ પોતાના સૈનિકો સામું બે ત્રણ વાર દૃષ્ટિપ્રકાશ ફેંકયો. એટલામાં વજીર શાહ વલીખાન, સરદાર મંડળ સાથે અદબ કરી સામો ઉભો રહ્યો.

અબદાલીએ સૈનિકોને શૂરનો પાનો ચઢાવવા માટે તથા સ્વામી ભક્તિમાં દૃઢ થઇ, વીર ગૌરવમાં ઉન્નત થઇ, સ્વધર્મની લાગણીથી ઐકય બની, વીરમોહિનીની શક્તિમાં મુગ્ધ થઇ, ઐકયતાના લક્ષ્યમાં મત્ત બનાવવા, લીલો વાવટો ચઢાવવા વજીરને હૂકમ કીધો. હુકમ કરતાંજ દબદબા ભરેલા રૂઆબ સાથે, કુરાનના ફકરાથી પવિત્ર કરેલો લીલો વાવટો, સુવર્ણના થાલામાં ઉંચકી, ઉમદાં વસ્ત્ર પેહેરેલા બારગીરો લાવતા દૃષ્ટિગોચર થયા. સુવર્ણ થાલા ઉપર કીનખાબનો હોડો ઢાંકેલો હતો, અને તેની સાથે સુવર્ણ છડીથી દીપતો છડીદાર, સુનેરી પોશાકથી આચ્છાદિત થયેલો ચાલતો હતો, સર્વને વાવટા પ્રત્યે નમિત કરવા સુવર્ણની છડી ચળકાવી દર્શાવતો હતો. આગળ વીર ધ્વનિ કરતાં વાજીંત્રો ચાલતાં હતાં, અને તેની પાછળ મહોટા ઝભ્ભા પહેરેલા ધર્માધ્યક્ષો (કાજીઓ) દબદબાથી ચાલી, તેની મહત્તામાં વધારો કરતા હતા, અને તેની પાછળ સરદારો મીસલ સાથે ચાલતા હતા. મીસલવાર ચાલતું મંડળ, અબદાલી સન્મુખ આવી પહોંચ્યું. અબ-દાલીએ રાજ્યગૌરવથી વાવટા ઉપર ઢાંકેલો કીનખાબનો પટ ખેંચી લીધો, અને આખા લશ્કરે જયની ગર્જના કરી. વાવટા કાઠી યમુનાના પ્રદેશ ઉપર ઉભી કરવામાં આવી હતી, તે ઉપર બે કદાવર કાઠાના

પુરુષો ચઢી ગયા, અને દોરથી બાંધેલો વાવટો ઉપર ખેંચી લઇ ફરફરતો કીધો. લીલા વાવટાના ફરકવા સાથે, સૈનિકોએ, "યા અલ્લાહ અકબર"નો મહાધ્વનિ, ગગન મંડળને ગર્જાવી નાંખે એવો કર્યો, અને તોપના અવાજ દમપરદમ થવા લાગ્યા.

વાવટાને ફરકતો જોતાંજ લશ્કરને ચમત્કારિક અસર થઇ. વીરત્વની મહાશક્તિએ સૈનિકોને એક કંપારી કરી, રુવે રુંવે ઉભા કરી નાંખ્યા. વીર પુરુષોનું મન સ્વામિની ભક્તિને આધીન થઇ વીરત્ત્વ દર્શાવવાની દશામાં મત્ત થયું, અને વીર મોહિનીમાં મુગ્ધ થયેલા સૈનિકો વિજયી થવા, વીર ગર્જના કરવા લાગ્યા.

વાંચનાર! આ નાના સૂત્રપટના ઉડવાથી સૈનિકો કેમ ઉશ્કેરાઇ ગયા? એ પ્રશ્ન પૂછતા નહિ. એનો અનુભવ સૈનિકોથી કરજે, યા કોઈ સ્થળે વીરમંડળનાં નિશાન ઊડતાં હોય ત્યાં તેની મહત્તા તપાસી જોજે. વાવટો એ ગગન મંડળમાં ઉડતું વીર પુરુષનું અંતઃકરણ છે. એ પ્રસંગવસાત્ વીર પુરુષને ઉત્તેજિત કરે છે, અને પ્રાણાંત સુધી પરિશ્રમ કરાવે છે, અને જયરંગથી ભીંજાઈ ફરફરતા વીર પુરુષના અંતઃકરણને શાંતિ આપે છે, અને રાજ્યસત્તાને વિજયી કરે છે.

સૈનિકોને ઉત્તેજિત થયેલા જોઈ અબદાલીએ તેમને વિશેષ ઉન્મત્ત કરવા, એટલુંજ નહિ, પરંતુ દઢતાથી દઢીભૂત કરવા, હાથમાં એક કમાન લઈ યમુનાના કિનારા ઉપર ધસ્યો, અને કમાનમાં તીર ચઢાવી બોલ્યો.

"કંદહારથી હિંદુસ્થાન સુધી આવેલા વીરો! ખુદા મહાન્ છે. એક ખુદા સિવાય બીજો કોઈ નથી, એક ખુદાને માનનારને ખુદા મદદગાર છે, એ એકીન કદી તોડવું નહિ. ખુદાતાલાએ મને સ્વપ્નું આપ્યું છે અને તેમાં હુકમ કીધો છે કે, નાપાક કાફરો જિતાશે અને આપણો જય છે. હજરત મહમદ પેગંબર આપણો નીઘેબાન છે. હજરત મહમદે મને ખુવાબમાં હુકમ કીધો છે, અને તેના હુકમથી આ મંત્રેલું તીર યમુનામાં નાંખું છું. એ તીર પાણીમાં જતાંજ યમુનાનું પાણી રસાતલમાં વહી, આપણાં લશ્કરને માર્ગ આપશે. જેને ખુદાતાલાના હુકમ ઉપર ઇતિબાર ન હોય તે કમબખ્તે તેનું મોઢું મારી પાસથી છૂપાવવું, એટલુંજ નહિ, પરંતુ તે નામર્દ પાજીના કકડે કકડા કરવા ખુદાતાલાનો હુકમ છે. યારો! આ તીર હું યમુનામાં નાખું છું, તે સાથે તમોમાંથી પાંચ હજાર સ્વારો નદીમાં કૂદી પડો. ખુદાતાલા તમને સહીસલામત પેલે પાર ઉતારશે."

એમ કહેતાંજ, અબદાલીએ યમુનાના જળમાં તીર ફેંકયું, અને આખા લશ્કરે વીર ગર્જના કરી ગગન મંડળને ગર્જાવી મુકયું. એકે સપાટે પાંચ હજાર સ્વારો દઢતાથી નદીમાં પડયા.

આ વખત પ્રાતઃકાળનો હતો. આખું જગત્ આનંદને અનુભવતું હતું. યમુનાના કાંઠાના પ્રદેશ ઉપર તરૂણીઓ પાણી ભરવા આવી છે, શીતળ વાયુ મંદ મંદ વહી રહ્યો છે, ઝાકળનાં ટીપાં ઝાડ ઉપરથી ટપકી રહ્યાં છે, ગોવાળિયાઓ ગાયો ચરાવવા આવેલા છે–તેઓ વાંસનું બનાવેલું તુનતુનીયું વગાડે છે અને કોઈ વાંસળી વગાડી આનંદમાં મત્ત થઈ કનૈયાનું ગાન ગાઈ રહ્યા છે, યમુનામાં નવલ યુવતીઓ નાહે છે. નહાતી નહાતી સખી સાથે જળક્રીડા કરે છે, તથા કેટલીક પાણી ભરે છેઃ યુવતીઓ આનંદમાં છે. આનંદિત બાળાની દૃષ્ટિ સામા કાંઠા ઉપર ગઈ; કીકીયારી પાડી, બહાર નીકળી, "સખી, નહાસો, નહાસો, લજ્જા મર્યાદાના બચાવને સારૂ, જીવન મર્યાદાના રક્ષણને સારૂ, નહાસો."

રાધા નામની એક સ્ત્રી, આ શબ્દ સાંભળી કાંઠા સામું દૃષ્ટિ નાંખી સૈન્યરચના જોઈ રહી.

સીતાએ કહ્યું, અક્કલ શૂન્ય થઈ, આ યવનદળ સામું શું જુવે છે?

**રાધાઃ સીતા!** આ તમાસો જોવો મને બહુ ગમે છે, જો કેવું મનોહર દેખાય છે.

**સીતાઃ** એ યમ જેવું યવનદળ છે, એ જીવલેણ છે, તેમાં શું જુએ છે?

**રાધાઃ** જો, જો, એમાં કંઇ તને મનોહરતા નથી લાગતી?

**સીતાઃ** અનાર્ય યવનમાં અધમતા સિવાય તેં શું દૃષ્ટિગોચર કર્યું?

**રાધાઃ** એમાં કંઇ વીરત્વ છે અને વીરત્વ જોઇ મારું અંતઃકરણ બહુ રાજી થાય છે.

**જાનકીઃ** ત્યારે તું યવની થા.

**રાધાઃ** જા, જા, અધમ વાણી વદી અધમ ન થા.

**જાનકીઃ** અધમ જનોમાં મહત્ત્વતા દર્શાવી મોજ માણે છે, અને મને ઠપકો દેવા તૈયાર થાય છે. વાહ! તું પણ ખરી.

**રાધાઃ** અધમ જનોમાં પણ વીરત્ત્વ છે. એવું વીરત્ત્વ ધારણ કરનાર, વીર પુરુષોને જન્મ આપનારી માતાના જીવતરને સાર્થક ગણતાં આનંદિત થાઉં છું.

**જાનકીઃ** ત્યારે તું વીર પુરુષની માતા થજે?

**રાધાઃ** છાની મર! મજાક ન કર! વીર પુરુષો ઉત્પન્ન કરનારી ભૂમિનોજ ઉદય છે. જો, જો, નાનો કાબુલનો રાજા હિન્દુસ્થાનને કચડે છે.

**જાનકીઃ** અરે! આ સૈન્ય આવ્યું, નાશ, નાશ, ભૂમિનો ઉદય કરતાં તારોજ અસ્ત થશે.

**રાધાઃ** સખી, મહત્ત્વતા ધારણ કરનાર વીર પુરુષોને નિહાળી લેવા દે.

**જાનકીઃ** નિહાળીને શું કરીશ?

રાધાઃ વીરત્ત્વનો પાઠ મારા અંતઃકરણમાં ભરીશ, અને વીરત્ત્વના મહત્તત્ત્વને મારા અંતઃકરણમાં ઉન્નત કરીશ.

જાનકીઃ ગાંડી, તેથી શું થયું?

રાધાઃ એમાંજ મહત્ત્વ છે. કીડો પણ ભ્રમર થાય છે. આશા એ સર્વનું બીજ છે.

જાનકીઃ તું શેની આશા રાખે છે?

રાધાઃ આવા વીરત્ત્વવાળા પુરુષોની માતાથી આચ્છાદિત થયેલા ભૂમંડળને જોવાની.

જાનકીઃ તું ભ્રમણતામાં ભમી જઇશ, ભમી!

રાધાઃ ના, ના, સખી, હું ભ્રમણતામાં ભમતી નથી. ભમરી થાઉં છું, મારી સાથે ઊડ.

જાનકીઃ શું બકે છે?

રાધાઃ યવન દળનું બળ અને વીરત્ત્વ મપાયું. એની ખબર ભારતની આશાને આપ.

જાનકીઃ ભારતની આશા ક્યાં છે?

રાધાઃ મહારાષ્ટ્રીય નાયક **ભાઉ**ની પાસે.

સકળ મંડળ, ભય, ત્રાસની અપૂર્વ પરિસીમાને અનુભવતું, **યમુ**નાનો ઘાટ તજી નહાઠું. **યમુ**નાનો ઘાટ શૂન્ય થયો. માંગલિક ગીત ગાતી બાળાઓ અને મનોહર વીણા વગાડતા ગોપાળો, જેમ નશાય તેમ નાઠા. **રાધા**ને એક મરેઠી સ્વારનું દર્શન થયું. મરેઠી સ્વારને **રાધા**એ **અ**બદાલીના દળ બળના ઐશ્વર્યથી માહિત કીધો. સ્વારે બ્યુગલ (રણશિંગડા) નો નાદ કરતા ઘોડાને પૂરપાટ મૂક્યો. અશ્વ ચારે પગે કૂદતો સર્વની દૃષ્ટિથી અદૃશ્ય થયો.

**અ**બદાલીનું સૈન્ય મહા ગર્જના કરતું, **યમુ**નાના મહાજળમાંથી પસાર થતું કાંઠા તરફ આવવા લાગ્યું. અશ્વ પાછળ અશ્વ, ફુંફુના ફુંકારા ઉરાડતા, અને જળના અપૂર્વ બળને વેધતા પોતાના સ્વારો સહિત **યમુ**નાને કિનારે આવ્યા. એક પછી બીજી અને બીજી પછી ત્રીજી એમ દમપર દમ લશ્કરી ટુકડીઓ **યમુ**નાના ઘાટ ઉપર આવી લાગી. આખરે હાથી ઉપર અસબાબ લાદી તેને ઉતાર્યો, અને દરેક સ્વાર સાથે એક એક પ્યાદાને ઉતારવાની યુક્તિ કરી. લશ્કરને સલામતિથી તા૦ ૨૫ મી અકટોબર સને ૧૭૬૦ ને રોજ આ કાંઠે આણ્યું.

પોતાની યુક્તિમાં ફતેહ પામવાથી, ઉલ્લાસમાં મગ્ન થતાં **અ**બદાલીએ આનંદનો વીરધ્વનિ કરી, વીરમંડળને શાબાશી આપી. વીરગર્જના કરી અને તેને વીરમંડળે અભિવંદન આપી મહા ગર્જના કરી ગગનમંડળને ગર્જાવી મૂક્યું.

# પ્રકરણ ૨૧ મું.

## દિલ્લિપર જય પતાકા.

દીલ્લી તણા દુરગપર જયની પતાકા;
જયના કરે ફર ફરિ મ્હોટા ફડાકા;
માહારાષ્ટ્રનિ કીર્તિ પૂર્ણ જગે પ્રસારી;
આશ્ચર્ય! કાળ તણિ છે ગતિ એવિ ન્યારી.

વૃંદાવનની પવિત્ર ભૂમિમાં તીર્થ વિધિ કરતાં, છોડેલા **જનાર્દન ભાનુ** તથા **સદાશિવરાવ ભાઉ** તરફ લક્ષ આપીએ.

અનુક્રમે પ્રયાણ કરતાં કરતાં મહારાષ્ટ્રીય સેનાના નાયકો ડંકાના કડીક ધુમ, કડીક ધુમ કરતા નાદથી ગર્જના કરતા, નોબત અને નગારાના અતિ તીક્ષ્ણ અને દીર્ઘ નાદથી આનંદ માનતા, ઘોડાઓને કુદાવતા કુદાવતા, તેની ખરીઓના પ્રહારથી ભૂતળની કણીઓને ઉરાડતા, અશ્વોને ખુંખારા કરાવતા, મદગલિત ગજરાજોના ગળામાં ઘાલેલી ઘંટમાળોનો ઘોષ કરાવતા, વીરત્ત્વ ભરેલી માંગલિક શબ્દધ્વનિથી શત્રુઓનાં હૃદયને જર્જરિત કરતા, યવનોના પાટનગર, દિલ્લી પાસે, આવી લાગ્યા.

ભારતભૂમિનું પાટનગર ગણાતું દિલ્લી, રમણીયતાનું મહાસ્થાન છે. એમાં અનેક પાદશાહતોનું સ્થાપન અને ઉત્થાપન થયું છે. એમાં અનેક ફેરી જૂદી જૂદી પ્રજાએ સત્તા, દોર અને તોરથી અર્થ અને અનર્થો કરેલા છે. એને અનેક રંગભૂવનો, રાજ્ય ભૂવનો અને મિનારાથી ઘણાઓએ શણગાર્યું છે; ત્યારે રાક્ષસી પ્રકૃતિના અનેક દુષ્ટોએ એનો નાશ કરવામાં પાછી પેની કરી નથી.

એજ ભૂમિના પૃષ્ઠ ભાગ ઉપર ભારતભૂમિનાં ક્ષાત્ર વીરોએ, દિગાંતરમાં જય મેળવી સાર્વભૌમ સત્તા સ્થાપી, વિજય મેળવ્યો હતો; એજ ભૂમિ ઉપર રજપૂત વીરોએ મહાસત્તા સ્થાપી મહત્તા મેળવી હતી; એજ ભૂમિ ઉપર ગોરી, તઘલખ તથા **મોગલ** વંશજોએ મહા વૈભવ મેળવી; મોજ માણી હતી; અને એજ ભૂમિ સામું આખી દુનિયાં મહત્ત્વતા ભરેલી જિજ્ઞાસાથી જોયા કરતી હતી. હજી પણ તેની મહત્તા તજાઇ નથી. જર્જરિત થયેલી દિલ્લી હજી પણ નિહાળવા લાયક છે.

તેના પ્રાચીન અને અર્વાચીન ફેરફારો, તેની મહત્તા તારા ચક્ષુદ્વારા તારા મગજને મોહિત કરશે, અને તે હેતુથીજ દિલ્લીનું વર્ણન કોરે મૂકી મહારાષ્ટ્રીય સૈન્યના વર્તન તરફ દષ્ટિ ફેરવીએ છીએ.

મજબુત કિલ્લાના પર્વતો જેવાં બુરજો ઉપર ઉડી રહેલાં નિશાનો,

મોગલ બાદશાહતની સત્તા ગૌરવનો પ્રકાશ કરતાં હતાં. તેને હસ્તગત કરી પોતાની સત્તાને ઝળકાવવા મહારાષ્ટ્રીય સૈન્યે મહા યત્ન આરંભ્યો. દિલ્લીના કિલ્લાની પાસે ગયા, ત્યારે કિલ્લાની સરદારી રોહિલા તથા ગારદી નજીબખાન પાસે હતી. આ સમયે ગારદી નજીબખાન પાસે ચાર હજાર લસ્કર હતું.

મહારાષ્ટ્રીય સૈન્ય દિલ્લી પાસે આવ્યું ત્યાંસૂધી તેના સત્તાધારીઓ અજાણ હતા. એક હજાર સૈનિકોને જૂદે જૂદે દરવાજે કિલ્લામાં પ્રવેશ કરવાનો ભાઉસાહેબે હૂકમ કીધો. અંધારી રાત્રે છાનામાના સિપાઇઓ કિલ્લા પાસે ગયા. કિલ્લાની આગળ જળથી ભરેલી મોટી ખાઇ હતી. સૈનિકો સ્થંભ્યા. એટલામાં એક પુરુષે પોતાના અંગ ઉપરનાં વસ્ત્રોને તજી દીધાં; મજબૂત કચ્છો માર્યો; અને કમ્મર સાથે મજબૂત દોરડાનો દોર બાંધી દીધો, અને મુખમાં નાગી તરવાર પકડી જળમાં ધીમેથી સરકી ગયો. કોટનો કાંગરો પકડી જરા સ્થંભ્યો, ઉંચે જોઇ ચઢવાને લાગ શોધ્યો. ધીમે ધીમે કારીગીરીથી કિલ્લાના અગ્રભાગ ઉપર જઇ પહોંચ્યો. ઉપર જતાંજ ધડકતાં ચિત્તને શાંત પાડી, ધૈર્યતાથી દૃષ્ટિને ચોગરદમ ફેરવી, પોતાની સલામતી તપાસી જોઇ. આ સમયે સર્વે શાંત હતું. કિલ્લા ઉપરના પેહેરેગીરો બેદરકારીથી આનંદમાં મશગુલ હતા. મોગલોના સ્વપ્નામાં પણ મરેઠા આજે દિલ્લી ઉપર ધસારો લાવશે એવી ભ્રાન્તિ ન હતી. દિલ્લીના અમીરો આજે ગાઢ નિદ્રામાં સૂતા હતા. લશ્કરી અમલદારો સ્વેચ્છાનુસારે રંગરાગમાં પડયા હતા, અને પ્રજામંડળને તો જરા સણસણો પણ ન હોતો.

દિલ્લીના કિલ્લા ઉપર ચઢનાર વીરે દોરને કોટના બાકામાં પોરવી મજબૂત બાંધ્યો, અને તેને હલાવ્યો. બીજી તરફથી તેને મજબૂત તંગ કરવામાં આવ્યો અને તેની મદદથી એક પછી એક એમ અનેક પુરુષો મોગલ પાદશાહતના કિલ્લાની અંદર દાખલ થયા. જેમ જેમ સૈનિકોની સંખ્યા ઉતરતી ગઇ, તેમ તેમ આગળ વધતી ગઈ, અને જૂદી જૂદી ટુકડીમાં દિલ્લી નગરમાં પસરી ગઇ.

મહારાષ્ટ્રીય વીરોએ હર્ષઘેલા થઈ દિલ્લી નગરની રમણ્યતા જોઈ, તેને લૂટવાનું શરૂ કીધું. "હર હર મહાદેવ"નો શબ્દ ધ્વનિ કરતાં તીરોનો વરસાદ વરસાવતા અને તરવારોને ચળકાવતા શેહેરમાં ઘુમી વળ્યા. આ લૂટવાની ઉલટમાં દરવાજા ખુલ્લા કરવામાં બેફામ રહ્યા.

મુસલમીનો મરાઠાના આવ્યાના વર્તમાન જાણી પ્રથમ ભયભીત થઇ ગયા, ભીરુ અને કાયરો તો છૂપાઇ ગયા, ઘરમાં લપાઇ ગયા અને બીબીની સોડમાં ધ્રુજવા લાગ્યા.

મરાઠાઓ શબ્દધ્વનિ કરતા કરતા બજારમાં આવ્યા, પેહેરેગીરોને

દીધો, તીરોના વરસાદથી તેમના જીવનનો અંત લાવવા મહા યત્ન કીધો. હતૂભાગ્ય યવનો જીવન મર્યાદાને તાબે થયા. તાબે થતાં થતાં મરણ કીકીયારીથી સેંકડો સિપાઇઓને ચેતાવ્યા. ક્ષણમાત્રમાં "અલ્લા અકબ્બર"નો શબ્દ ધ્વનિ કરતાં; **મેહેશન-ઉલ-મુલ્ક** તથા **આકુબ અલી** કિલ્લેદારના અગ્રપણા નીચે હજારો સિપાઇઓ આકાશ તથા ધરણીને ધ્રુજાવતા, મરેઠા ઉપર તૂટી પડ્યા. ભારે જંગ મચ્યો. મુસલમાનો ભાલાનો મારો ચલાવી હલ્લો કરનારાઓને મારવા લાગ્યા. મરેઠાઓ તરવારથી વિનાશ કરવા લાગ્યા. લોહીથી પરસ્પર વીરપુરુષો રંગાઈ ગયા. મરેઠાઓએ મહાગર્જના કરી યવનોને શેહે આપી. લડાઇમાં તેઓ પણ કાચા ન હતા. સેંકડો વીરો ખપવા લાગ્યા. મરેઠાઓની મુલેજ સંખ્યા ઓછી હતી, તે બહુ ઓછી થવા લાગી. લૂટ કરનારા અને રક્ષકોની મહા સિંહ ગર્જનાથી તથા ઘાયલ થયેલાનાં આર્ત્તનાદથી અંધકારમય ગગન કંપિત થવા લાગ્યું.

મહારાષ્ટ્રિઓની એક ટુકડી સમયોચિત સમજી દરવાજા તરફ ધસી. ત્યાં દરવાનો સાથે મહાયુદ્ધ થયું. દરવાનો બહાદૂરીથી લઢતા એક પછી એક પડવા લાગ્યા. લોહીની નદી વહી રહી. દરવાનનો ઉપરી રોહિલો સિંહની પેઠે ગર્જના કરતો ઘૂમતો, ઘણા ઘાથી ઘવાયો, તેને ઘણા ઘાથી ઘવાયલો જોઇ દરેક દરેક દરવાન તેની મદદે ધાયો અને મરેઠા તરફ શૂરમાં અંધ થઈ ધસ્યા. આણી તરફથી મરેઠા બે બાજુથી ઘેરાયા. રાજ્યમાર્ગ ઉપરથી મરેઠાઓને હઠાવતા હઠાવતા દરવાજા સૂધી તેમને લાવ્યા. આ સમયે મરેઠી નાયક સ્તબ્ધ થઈ ગયો, અને વિસ્મય લોચને નિહાળવા લાગ્યો.

આ મામલો બહુ બારીક હતો. એ સમયે મિત્રોની મદદ મળી શકે એવું નહતું, અને બન્ને તરફથી સરખો મારો હતો. આ પ્રસંગે ચિંતાથી અનુભવતા ત્રણ વીરપુરુષોએ એક મહાયુક્તિ વાપરી. તેમાંનો એક પુરુષ મહા ચાતુર્યનું ચિહ્ન કરી, સાથીઓને ચેતાવી દરવાજાની સમીપમાં અંધકારના આશ્રા નીચે ચાલ્યો ગયો, અને તેની સાથે તેના બન્ને સાથીઓએ ગતિ કરી. આ સમયે દરેક દરવાન શૂરત્વમાં અંધ થઈ, પોતાના ઘવાયલા સરદારના રક્ષણ માટે ધસ્યા હતા. તેનો લાભ લઈ પ્રથમ ગયેલો જુવાન દરવાજો ઊઘાડવા લાગ્યો. એક સાંકળ ખોલી, વળી ભોગળ ખોલી, અને ત્રાસ તથા ભયમાં આગળ પાછળ જોતાં વીરે બીજા બધા દરવાજાના બંધનને ખોલ્યા. હવે છેક ઉપરની સાંકળ ખોલવાની રહી છે. વીરત્વ દર્શાવતો વીર ઉપર છલંગ મારી કૂદ્યો, અને સાંકળને પકડી. આ સમયે એક રોહિલાની દૃષ્ટિ તે તરફ પડી. તેવોજ તે રુદ્ર ગર્જના કરી તરવારનો પટો કરતો ધસ્યો, ને બોલ્યો, "કપટાચારી, તારા જીવનની મર્યાદા આ આવી!"

તેવોજ નીચેના યુવકોએ પ્રત્યુત્તર દેતાં ઢાલને આડી ધરી, ભાલાનો ઘા કરતાં ગર્જના કરી કે, "મિથ્યાવાદી, જો અંત આમ આવે છે."

એટલામાં તો ઉપર ચઢેલા વીરે સાંકળ ખોલી નાંખી અને દ્વારને ખોલ્યું, પરંતુ એ દરમ્યાનમાં વીરત્વ ભરેલા રોહિલાઓની તરવારના ઝપાટાથી ઢાલના ચુરેચુરા થઇ જઈ, તરવારના સપાટાએ લોહીની ધાર વહેતી કરી. બીજા યુવકે તત્કાળ રોહિલા ઉપર ભાલાનો સખત ઘા કરી તેને સખત ઘાયલ કીધો. મરણ ધાટીને અનુભવતો શૂરો રોહિલો ધૂળ ચાટતો ધરણી ઉપર ઢળ્યો, અને ત્રણે વીર યુવકો, "હર, હર, મહાદેવ" નો જયધ્વનિ પોકારતા દરવાજાની બહાર ધસી ગયા. એ શબ્દધ્વનિના પ્રત્યુત્તરમાં મહારાષ્ટ્રીય લશ્કરે, "હર, હર, મહાદેવ"ની મહાગર્જના કરી, અને તે મહાગર્જનાના મહાધ્વનિએ કિલ્લાની અંદરના મહારાષ્ટ્રીય નાયકના કર્ણદ્વાર પર અથડાતાંજ તે ઉત્સાહથી સતેજ થઈ ગયો, અને રોહિલાના સરદાર ઉપર રુદ્ર કોપ કરી કૂદી પડી સમશેરથી તેનો શિરચ્છેદ કર્યો, કે તત્ક્ષણે પેશ્વાનો જય પોકારતું મહારાષ્ટ્રીય સૈન્ય આવી મળ્યું, અને મોગલ પાદશાહતનાં નિશાનને નીચે ગગડાવી, પેશ્વાના ભગવા ઝુંડાને કિલ્લા ઉપર ફરકાવતા, મહા વજ્રનાદ ઊઠાવ્યો, અને તે ધ્વનિએ આખી દિલ્લીને ખળભળાવી મૂકી.

આ ત્રણ યુવકો ઉપર આપણું લક્ષ ખેંચીએ. સૈન્ય જેવું દિલ્લીમાં પેઠું કે ત્રણે યુવકો બીજી બાજુએ ખસી ગયા. તરવારના સપાટાથી ઝરતા લોહીની ધારા હજી બંધ થઇ નથી, તે જોઇ એક યુવક બોલ્યો–"તમને સખ્ત વાગ્યું છે."

પ્રત્યુત્તર દીધો, "જરા અછડતો ઘા થયો છે."

ત્રીજાએ કમ્મરમાંથી દવાની ડબ્બી કહાડી અને તે ઉપર ભભરાવી રૂમાલનો સખત પાટો બાંધતાં તે બોલ્યો, "આજે તો તમે પૂરેપૂરાં વીરાંગના બન્યાં છો!"

ઉત્તર દીધો, "સખી! તમારા વીરત્વે આજે મહારાષ્ટ્રને ઉજ્જ્વળ કર્યું છે, ભારતની આશાને ખીલાવી છે."

તેણે પ્રત્યુત્તર દીધો, "તમો ન હોત તો જીવન મર્યાદાનો અંત હતો, અને અંત આવ્યાનો ભરમ સર્વને ભ્રમિત કરતે."

તે બોલ્યો, "આ તો ચકિત કરશે."

તેના ઉત્તરમાં કહ્યું, "આ વૃત્તાંત સમય શિવાયજણાવવો નહિ."

તે બોલ્યો, "સખી! તમો નહીં, પરંતુ તમારો હાથ જણાવશે."

વિસ્મયમય લોચને તે બોલ્યો, "પ્રાણેશને શું કહીશ!"

પ્રત્યુત્તર દીધો, "કહેજો કે, વીરત્વ મહત્ કાર્ય કરે છે, અને મહત્વતા સ્થાપે છે."

તે બોલ્યો, "આવું ઘેહેલું ઘેહેલું શું બકો છો?"

પ્રત્યુત્તર દીધો, "વળી વિશેષ કહેજો કે વીરત્ત્વ કંઈ પુરુષનેજ નથી વર્યું, જેને વરે છે તેને યશમાળા પેહેરાવે છે."

તે બોલ્યો, "સખી ! પ્રાણેશને પ્રતિઉત્તર દેવાનો વિચાર મનને મહા લજ્જામાં લજવાવે છે."

પ્રતિ ઉત્તર દીધો, "તમો કહો તો હું આવીને કહું કે, આપ નિદ્રામાં હતા, તે વખતની આપની ફરજ મારી સખીએ બજાવી છે."

તે બોલ્યો–"હાસ્ય વિનોદ હવે જવા દે, હદ થઇ."

પ્રફુલ્લતાથી હસતો હસતો હાથ પકડી, કાન સૂધી મુખ લંબાવી ગાળને જરા ચોંટી દઇ બોલ્યો, "તારા પ્રાણેશને કહેજે કે, અમે અમારું કર્ત્તવ્ય કરી બતાવ્યું છે. સૈનિકોની ભૂલને સુધારી તમારા ઉદ્દેશને સાફલ્ય કર્યો છે."

સ્નેહ ચાતુર્યથી હાથ તરછોડતાં તે બોલ્યો, "પ્રાણેશ આગળ કીંકરીની વિશાત્ શી છે. તેના આનંદમય પ્રેમ સ્ફુરિત લોચન આગળ આધીન છું."

તેણે હાથ પકડતાં પ્રેમમય કુતૂહલ કરતાં વિસ્મયમય લોચનથી હાસ્યમાં કહ્યું, "વરઘેલીની વાતો હું સાંભળતી નથી."

લજ્જાથી ઘટિકા માત્ર વાક્ શૂન્ય થઈ, તેણે વાત ઉડાવતાં શબ્દધ્વનિ કર્યો, "આપણું કર્ત્તવ્ય વખત ગુમાવવામાં નથી." એ શબ્દનો સંચાર થતાં માત્રમાંજ ત્રણે યુવકો મરેઠી કેમ્પમાં પેસી ગયા, ગુમ થઇ ગયા, અને જાણે કોઇને દૃષ્ટિગોચર થયા ન હોય તેમ અદૃષ્ય થઈ ગયા.

આ દિવ્ય મૂર્તિઓ યૌવન અવસ્થામાં દૃષ્ટિગોચર થતી ભવ્ય મૂર્ત્તિ હતી, પરંતુ તેમાં સ્ત્રીભાવની નિશાનીઓ દૃષ્ટિગોચર થતી હતી, તથા તે યુવક છતા સ્ત્રી રૂપે ભાષણ કરતા હતા એ પ્રશ્નો વિચારવા જોગ છે. તેનો પ્રત્યુત્તર એજ છે કે તે વીર નહિ, પરંતુ વીરાંગનાઓ હતી. ત્યારે તેણે ક્યા કુળને ઉજ્જ્વળ કર્યું હતું? તે જાણવાની જરૂર છે, તેની શોધ કરવી અવસ્યની છે. ત્યારે શોધ કરી મનની અભિલાષાને શાંત પાડો. "ના," "હાલ નહીં." ભાવી આવશે, ત્યારે પડદો ખુલશે.

ઉષાની લાલ છટા પૂર્વ તરફ જણાવા લાગી. તેણે દિલ્લીના અમીરોને સૂચવ્યું કે, લોહીથી રક્ત કરેલી તરવારથી મઝા માનતા મરાઠા દિલ્લીના કિલ્લા ઉપર મહાલી રહ્યા છે, પાદશાહતના પોતને ધોઈ નાંખ્યું છે, મોગલાઇનું માન મરોડી નાંખ્યું છે, મુસલમીનોનું નામ નાશ કરવા માંડયું છે.

જે કિલ્લો લેવાને લાખો પ્રાણીઓએ પ્રાણ ખોયા છે, તે કિલ્લો એક રાત્રિમાં શત્રુએ હાથ કીધો; જે પાદશાહતનો દબદબો

આખી દુનિયામાં મશહુર છે, જેના દબદબાથી સકળ જગત્ અંજાય છે, તેને ક્ષણમાત્રમાં ઝાંખુંઝપ પાડી આંજી નાંખ્યું છે.

ગાર્દી નજીબખાને શૌર્યથી જેટલું થાય એટલું કરી, વજ્રનાદ કરી, ધસારો કર્યો. એની સિંહ ગર્જનાથી રોહિલાઓ ઉત્તેજિત થઈ, શૌર્યથી મદમસ્ત થઈ ગયા અને મદોન્મત્ત હાથીની પઠે ભાલાં લઈ ધસ્યા, ધસારાની સાથે તુમુલ યુદ્ધ થયું, અને બાર અગ્રગણ્ય વીરોએ મરેઠી લશ્કરને ઠેલો કરી, દરવાજા બહાર હાંકી મૂક્યું, અને દરવાજા બંધ કરી દીધા. શૌર્યથી મદમસ્ત થયેલો લોહીથી ખરડાયલો નજીબખાન, વીરત્વ ભરેલી ફાળ મારતો કિલ્લા ઉપર ચઢયો, અને પેશ્વાનો ભગવો ઝુંડો ઝાલનાર વીરનો તરવારથી નાશ કરી, ઝુંડાને કિલ્લાની નીચે નાખી દીધો, અને પાદશાહની જય પતાકાને ઉરાડતો, મોગલાઇની મહત્તાનો જયનાદ પોકારતો, ગર્જના કરી ઉઠયો, તેને નીચે ઉભેલા રોહિલાઓએ ઊપાડી વજ્રનાદથી ગગન મંડળને ગર્જાવી મૂકયું અને તેની ગર્જનાથી દિલ્હી હર્ષમાં દીપવા લાગ્યું.

મહારાષ્ટ્રીઓએ દરવાજો બંધ થયેલો જોઈ લઢવું નિરર્થક ધારી દિલ્હીને ઘેરો ઘાલ્યો.

મહારાષ્ટ્રીઓને શેહેરમાંથી હાંકી કહાડી, દરવાજો બંધ થયાના વર્ત્તમાન જાણી, સદાશિવરાવનું મુખ મ્લાન થયું. હોઠ ઉપર દાંત પીસી બળવંતરાવ મેંઢળેને અનુલક્ષી ક્રોધાવેશમાં બોલ્યો, "નામર્દોએ હાથ આવેલો કિલ્લો ખોયો."

બળવંતરાવે ગંભીર સ્વરથી દ્રઢતાથી પ્રત્યુત્તર કર્યો, "મહારાજ, ચિંતા નહિ, આગીઆના તેજ જેવું શત્રુનું વીરત્ત્વ, આપના શૌર્યનો સૂર્ય પ્રકાશતાંજ ક્ષીણ થશે."

સદાશિવરાવ ગર્જના કરી બોલ્યો, "મોઢામાં આવેલો કોળીયો જવા દઇ ભવિષ્યની આશા રાખનાર મૂઢ છે."

બળવંતરાવ મેંઢળેઃ પ્રભુ ! સૈનિકો નિર્દોષિત છે.

સદાશિવરાવઃ ત્યારે સરદારો દોષિત છે?

નાના ફડનવીસઃ ના, તેમ પણ નથી. અનુભવની અપક્વતા છે.

સદાશિવરાવઃ અપક્વ અનુભવીઓ કીર્ત્તિનું ખંડન કરનાર અને કલંકને લગાડનાર છે.

વિસ્મયમય લોચનથી સદાશિવરાવ ભાઉને નિહાલી શાન્તિનો ભંગ કરી, બળવંતરાવ મેંઢળે બોલ્યો, "વિજય હર્ષના અંકૂરની રેલમાં રેલાયલા વીરો વિશ્રાંતિમાં ભૂલ્યા, શહેરમાં ધસ્યા, દરવાજા તરફ લક્ષ આપવામાં ચૂકયા એ સત્ય છે, પરંતુ ક્ષણ માત્રમાં જે વીરે ડાંક વગાડી દિલ્લીને ડોલાયમાન કરી છે, તે પ્રશંસાપાત્ર છે. દિલ્લી પાટ-

નગર છે. તે મહા વીરોથી ભરપૂર છે. અલ્પ જનોથી જે જય મળ્યો છે, તે થોડો સંતોષકારક નથી."

સદાશિવરાવ જરા શાંત પડી ગંભીરપણે બોલ્યો, "હં હં ! ઠીક."

જનાર્દન ભાનુ-જરા લાવણ્યમય મુખમુદ્રા કરી બોલ્યો, "લઢાઇના નિયમથી આપ કુશળ છો. સૈન્યમાં વીરત્વ લાવવા, હીર ચઢાવો. નિન્દાથી હિર નિઃસત્વ થાય છે."

ગંભીર નિઃશ્વાસથી ફુલતી વિશાળ છાતી ઉપર હાથ ફેરવતો સદાશિવરાવ ભાઉ, "ક્ષણુ માત્ર તીવ્ર દૃષ્ટિ સ્થિર કરી મનમાં બબડયો—गतं न शोचामि॥"

બળવંતરાવ મેંઢળેઃ મહારાજે શું વિચાર્યું?

સદાશિવરાવ ભાઉઃ વર્ત્તમાનને સાધ્ય કરી ચાલતી બાજીને ઉન્નત કરવી.

બળવંતરાવ મેંઢળેઃ યુદ્ધના આપ વેત્તા છો, આપનું યુદ્ધ કૌશલ્ય અભેદ્ય છે, ચિરકાળ વિજયી છો.

વીર ગર્જનાથી ગર્જી, વજ્રમુઠમાં ધારદાર તરવાર ચળકાવતાં સદાશિવરાવ ભાઉએ ઇબ્રાહિમખાનને બોલાવ્યો.

ઇબ્રાહિમખાન નમ્રતા દર્શાવતો, વીર ગર્જના કરતો બોલ્યો, "મહારાજના હુકમને આધીન છું."

સદાશિવરાવનો હૂકમ સાંભળવા સકળ મંડળ ટમટમી રહ્યું. સર્વે નિસ્તબ્ધ થઇ ગયા. શાંતિ પસરી ગઇ. સર્વે વિસ્મયમય લોચનથી સદાશિવરાવ સામું જોઈ રહ્યા. તેણે હૂકમ કીધો, "દિલ્લીના કિલ્લા ઉપર તોપોનો મારો ચલાવો. તેને ભાંગીને ભસ્મીભૂત કરો. કિલ્લાના ચૂરેચૂરા ઊડાવી પાદશાહને નમિત કરો"

ઇબ્રાહિમખાને માથું નમાવી, નમ્રતાથી પ્રત્યુત્તર આપ્યો "બોત ખુબ, ખાવિંદના હૂકમને આધીન છું."

ઈબ્રાહિમખાને તોપોના મોરચા બાંધી, શેહેરને ઘેરી લીધું. તોપોના તડાકા અને ભડાકાથી દિલ્લીને ગર્જિત કરી નાંખ્યું. ગગન મંડળ તોપોના ધુમ્રથી આચ્છાદન થઈ ગયું. ધુમ્રના અંધકારથી કાંઈ દૃષ્ટિગોચર થતું નહતું, અને યુદ્ધના ઘોરનાદથી દિલ્લીનું જનમંડળ કંપી ઊઠયું હતું. તોપોના સપાટાથી દિલ્લીના મિનારા અને રંગભૂવનો ભૂતળમાં પડવા લાગ્યા. અગ્નિના પ્રસરવાથી ભસ્મીભૂત થવા લાગ્યા. પ્રજામંડળ ત્રાહે ત્રાહેથી ત્રાસી ગયું. આવી રીતે પાંચ સાત દિવસ સૂધી હલ્લો કરી દિલ્લીને જર્જરીત કરી નાંખ્યું.

એટલામાં જનકોજી સિન્ધિયા, મલ્હારરાવ હોલકર, તથા સુરજમલ જાટ, વિજયી સેનાના ધબકારાથી ભૂમંડળને ધ્રુજાવતા આવી

પહોંચ્યા. આ વર્તમાને **ભાઉ**ને હર્ષિત કર્યો, સૈન્યે વીરગર્જના કરી અભિવંદન આપ્યું. સર્વના એકત્ર બળે દિલ્હીના કિલ્લાને આધીન કર્યો.

જગતપ્રસિદ્ધ દિલ્હી નગર ઘણે કાળે આર્ય વીજયી વાદ્યથી ગર્જી રહ્યું: સમર વિજયી મહારાષ્ટ્રીય સેના ધબકારા કરતી, ધરાને ધ્રુજાવતી, શહેરમાં પેઠી. ભારતની આશાને ઉન્નત કરી અને ભારતના ગૌરવને ગરજાવી મૂક્યો. આજે વિજયવાદ્યથી ભૂમંડળ અને નભમંડળ ગરજી રહ્યું છે. ભૂમિ ઉપર **ભાઉ**ના મહા ગર્વને આંકવાની જરૂર નથી.

---

## પ્રકરણ ૨૨ મું.

### દિલ્હીમાં મહારાષ્ટ્રીય ગૌરવ.

यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी ॥

મહારાષ્ટ્રીયોની ઘણા કાળની ભાવના સિદ્ધિ દાતા થઇ છે. ભારતનું ભૂષણ ગણાતી દિલ્હી આજે **ભાઉ**ને હસ્તગત થઇ છે. દિગાંતરમાં મહત્ત્વતા ધારણ કરનાર યવન પાદશાહત પાદશાહથી તજાઇ છે. હિંદુપદ પાદશાહતનું ગૌરવ આજે સ્થાપન થયું છે. **પેશ્વા**ની મહત્તા આજે ગર્જી રહી છે. **પેશ્વા**નો પ્રતિનિધિ **સદાશિવરાવ ભાઉ** આજે ગર્વિત દેખાય છે. યશનો મોઢ, જગતે આજે તેને શિર ઢાળ્યો છે.

**સદાશિવરાવ** મહાહર્ષિત થયેલો છે. તેના આનંદને મહારાષ્ટ્રીઓએ સંપૂર્ણ અભિવંદન આપ્યું છે, અને તેની આજ્ઞાનુસારે સ્વારીનો ઠાઠ જમાવી દિલ્લીનાં રાજ્ય માર્ગને ચકિત કરી નાંખ્યો છે. અહંકૃતિ ભરેલી મુખમુદ્રાથી દીપતો **ભાઉ**, મસ્તક ઉપર લશ્કરી ટોપ અને શરીર ઉપર કવચ ધારી અશ્વપર સ્વાર થયો છે. કમરે તરવાર લટકાવી તથા હાથમાં વિદ્યુત્ જેવો ભાલો ઝાલી, મહાવીરની છાપ પાડી રહ્યો છે. એની ચપળ ફરતી ચક્ષુ મહત્તાની છાપથી નગરજનને નમિત કરતી, વિદ્યુત્સમ ચળકારા મારી રહી છે. તેના શૌર્ય તેજથી વીરત્ત્વનું ભાન કરતો, ધૈર્યથી અશ્વને નચાવતો, સ્વારીને મોખરે સર્વને તૃણવત્ ગણતો મહાલી રહ્યો છે.

સ્વારીની મીસલ ઉત્તમ પ્રકારની ગોઠવેલી છે. રણતુર, ભેરી, ડફ અને તુરાઇના મહાનાદ અને શંખધ્વનિ કરનારા તથા ડંકાવાળાઓ નાદ કરી, દિલ્હીના રાજ્યમાર્ગને ગજાવી રહ્યા છે. ધ્વજા, પતાકા તથા છત્ર અને ચામરો દિલ્હીના રાજ્યમાર્ગને અલૌકિક મહત્તાથી અચ્છાદન કરી રહ્યા છે. અશ્વારોની અનેક હારોથી રાજ્યમાર્ગ ઘેરાઈ ગયો છે. ચિત્ર વિ-

ચિત્ર રંગેલા હાથીઓની હાર, પર્વત જેવું દિગ્દર્શન દેતી, આંખને આનંદ આપી રહી છે. ભાટ ચારણોની મનોહર વાણીથી, છડીદારોના મહત્તા ભરેલા અવાજથી, તથા પુરોહિતોના આશીર્વાદથી તથા તે સાથે લોકોના કુતૂહલ ભરેલા નાદથી, કર્ણદ્વાર ઉપર કાંઈ વિલક્ષણ રંગ અનુભવાતો હતો.

વિશ્વાસરાવમાં આ સમયે ભારતભૂમિમાં મહા સૌંદર્યતાનું આધિદૈવત્વ ગણાતું હતું. એની મનોહરતાની મહત્તા આજે કૃત્રિમ અને અકૃત્રિમતાથી ઝળકી રહી હતી. વસંતિ રંગની ચંદેરી પાઘ મસ્તકે ધારણ કરી હતી. તે ઉપર પાણીદાર હીરાનો શીરપેચ, મોતીના તુરા સાથે, ઝુલી રહ્યો હતો. શ્વેત બદન ઉપર ચંદેરી મલમલનો ઝીણો અંગરખો, બદનની સુરખીને તથા આભૂષણનો આચ્છાદન કરેલાં છતાં દૃષ્ટિગોચર કરતો,ગોળ મેહેરાબ વાળો ચાર ખૂણાથી શીવેલો,ચારે દીશાએથી સર્વનું લક્ષ ખેંચતો, બરોબર તંગ દીપી રહ્યો છે. કંઠમાં મનોહર મોતીની માળાઓ મહત્તાને અંકાવી રહી હતી. હાથમાં હીરાની વીંટી મુજરો લેતા તેજને ચળકાવતી, સર્વને ચકિત કરી રહી હતી. કર્ણમાં ઝૂકી રહેલા મોતીના વાળા, મુજરો લેતી વખતે ઝુલતા, સર્વ જગતને ઝુકાવી રહ્યા હતા. કપોળમાં કરેલાં કસ્તૂરીના ટીલકે સર્વને મનોહરતાનું કૌતક કરી મુગ્ધ કરી દીધા હતા. આબદાગીરીથી આચ્છાદન થયેલો અને રત્નજડિત ચમરથી ચકચકારા મારતો વિશ્વાસરાવનો હાથી, આજે અનહદ કારીગીરીથી શણગારેલો હતો. ભરજરીથી શણગારાયલો ગજ, સુવર્ણ ડુંગર જેવો દીપતો, સુવર્ણ અંબાડીથી શોભી રહ્યો હતો. સુવર્ણ અંબાડી, સાતસો મોતીની ઝાલરોથી ઝાક ઝમાળ થયેલી, સર્વના મનને ખેંચી રહી હતી.

આ સ્વારીના મહાઠાઠનું વર્ણન કરે આપણે પાલવે એવું નથી, માટે આપણે એ સ્વારીના વિશ્રામ ઠામ આગળ જઈએ. સમસ્ત જગતમાં તે કાળમાં અનુપમ ગણાતું, સફેદ સંગેમરમરના પથ્થરોથી બનાવેલું અને અનેક અલંકારોથી અલંકૃત થયેલું "દિવાને ખાસ" આગળ સ્વારી અટકી. રત્ન માણિક્યથી અલંકૃત થયેલું સ્થાન આજે ધજા પતાકાથી સુશોભિત કરવામાં આવ્યું હતું. સુગંધિત પુષ્પ માળાઓથી તથા આશોપાલવના તોરણોથી દિવાને ખાસ શણગારી દીધો હતો. દિવાને ખાસની મહત્તા જગત્ જાહેર છે. તેનું વર્ણન, વાંચવા, હિન્દુસ્તાનના ઇતિહાસના પાછલા પાના ફેરવવા પડશે. આજે આ સ્થાન ઉપર બાદશાહી વાવટો ઝાંખો પડયો હતો. પેશ્વાનો ભગવા રંગનો ઝરી પટકો ફરફરી રહ્યો હતો. તેણે પેશ્વાના પુત્રનો આદર સત્કાર કીધો. આનંદમાં પ્રફુલ્લ થયેલા પેશ્વાના

વારસને તેણે જણાવ્યું કે, તારા વડીલોની આશાને આશરો મળ્યો છે. શિવાજી મહારાજના મનચિંતામણીએ કલ્પેલું આજે સાર્થક થયું છે. આજે "દિવાને ખાસ" માં જિતેલા અને જિતાયલા બન્ને પક્ષનું એકત્ર મળવું થયું છે. મોગલ અમીરો અને મરેઠા સરદારો મીસલસર બેઠા છે. મોગલોની ઉપર મહારાષ્ટ્રીઓ સરસાઇ ભોગવતા દૃષ્યમાન થાય છે. મધ્ય ભાગમાં સુંદર ગાદી બિછાવી, તખ્તની અદબ રાખી, વિશ્વાસરાવને તે ઉપર બેસાડી, સદાશિવરાવ ભાઉએ મહા હર્ષથી પેશ્વાની મહત્તાની ગર્જના કરી અને તેને હર્ષાનંદથી અભિવંદન કરતા ભાલદારોએ, સભામંડળને ગજાવી નાંખ્યો અને તેને અનુમોદન દેતા મહારાષ્ટ્રી સૈન્યે, ગગનમંડળને ગજાવી મૂક્યું. આ ગર્જનાએ મોગલોનું હીર નમિત કીધું અને તેણે જગત્‌ને જણાવ્યું કે, જે દિવાને ખાસમાં દક્ષિણનો સિંહ શિવાજી, ઔરંગજેબ આગળ નમિત થઇ ઊભો હતો, જે દિવાને ખાસમાં મહારાષ્ટ્રીઓ માટે જરા પણ સત્કાર નહતો, જે દિવાને ખાસમાં હજારો ભારતના શિરોમણી રાજાઓનાં માન ઊતાર્યાં હતાં, જેમાં શિવાજીને પાંચ હજારી કહેવામાં આવ્યો હતો, તેમાં આજે શિવાજીના વંશજોના પ્રધાનનો પુત્ર, મહાસત્કાર પામ્યો છે. તેને આજે સર્વે નમન કરે છે. તે આજે હિન્દુ પાદશાહતનું પદ મેળવવાને ભાગ્યશાળી થયો છે.

રાજા અને મહારાજાઓ ! કોઇ ગર્વ કરતા નહિ. વારાફરતી વારો આવે છે. અજિત સૈન્યો રણસંગ્રામમાં રોળાયાં છે. અજિત પાદશાહતો અલ્પજનોથી જિતાયલી છે, ચક્રવર્ત્તિ અને શકધારીઓનાં રાજ્યો પણ કાળના ઉદયાસ્તમાં અસ્તવ્યસ્થ થયાં છે અને કાળક્રમાનુસારે થવાનું તે થયાજ કરવાનું એમાં હર્ષ, શોક કે ગર્વ કરવાનો નથી. ગર્વ કોઇનો રહ્યો નથી, રહેતો નથી, અને રહેશે નહિ. એનો ઉત્તમ બોધ સર્વ દેશના ઇતિહાસો આપે છે. એ ક્રમ એકલી પાદશાહતોનેજ લાગુ નથી; પરંતુ આ ક્ષણભંગુર સંસારના સર્વ જીવોને તે લાગુ છે. જન્મ્યું તે તો જાવાનું, જાવાનું; ખીલ્યું તે તો કરમાવાનું, કરમાવાનું; ફૂલ્યું તે તો ફાટવાનું, ફાટવાનું; એવાં લઘુ લઘુ વાકયો પણ મહાપ્રમાણભૂત સિદ્ધાંતો છે. એ સિદ્ધાંતોનાં સૂત્રોને કોઇએ છેદ્યાં નથી અને તે અભેદ્ય સૂત્રો કોઇનાથી ભેદાવાનાં નથી.

"પીપળ પાન ખરંતી, હસતી કુંપળિયાં,
"મુજ વિતિ તુંજ વિતશે, ધીરિ બાપડિયાં."

એમ સર્વને અનુભવ થયો છે, થાય છે અને થશે, એવું મહાજનો ભાખી ગયા છે. તે તરફ લક્ષ રાખી દુનિયામાં જે દયા, નીતિ અને સત્કૃત્યોથી સુકીર્ત્તિની વાસના રહે છે તે સંપાદન કરવા વૃત્તિને પ્રેરો.

પેશ્વાની મહત્તા ગરજાવી ભાઉએ કરવા લાયક વ્યવસ્થા કરી.

**નારોશંકરને રાજા** બહાદૂરનો ઇલકાબ ભરદરબારમાં આપ્યો. આ દરબાર સર્વમાન્ય થયો નહતો. જ્યારે મહારાષ્ટ્રીઓને હર્ષઘેલા કીધા હતા, ત્યારે દિલ્લીના અમીર ઉમરાવોમાં, અને મુખ્યત્વે કરી યવન સરદારોના મનમાં મ્હોટી બેચેની થઇ હતી. યવન સરદારોનો આંતિક ભેદ, **ભાઉ** તેમની મુખચર્ચા ઉપરથી પામી ગયો હતો, અને તે વાત **હોલકર** તથા **સિંધિયા**, તેમ **સુરજમલ**ના મનમાં પણ, દેશકાળને બંધબેસતી થયેલી લાગી નહતી. એ સર્વનો ભેદ લઇ **ભાઉ** સાહેબે દરબારીઓને દરશાવ્યું કે, "**પેશ્વા** સરકારનો ઇરાદો **પાદશાહત**નો નાશ કરવાનો નથી, પરંતુ **પાદશાહત**ના પાયાને પરિપક્વ કરી તેનું રક્ષણ કરવાનો છે, અને તેના રક્ષણ માટે છેક દક્ષિણથી આટલે સૂધી **પેશ્વા** સરકારે મને મોકલ્યો છે. અમો **પાદશાહત**નું રક્ષણ કરી તેના શત્રુઓને શેહે આપવા આવ્યા છીએ, અને તેને અનુસરીને આ રાજ્યના અમીરોને તથા અમારી સરકારને જે વ્યાજબી જણાશે તે પગલાં ભરવામાં આવશે." આ પ્રમાણે આશ્વાસન કરી દરબાર બરખાસ્ત કર્યો.

વિચાર કરતાં કરતાં મન શાંતિને પામતું નથી. અંતઃકરણ વિચાર માળાથી ઉભરાયા કરે છે. મનોવૃત્તિ સંદેહને હિંડોળે ચઢી છે. એવી સ્થિતિમાં **સદાશિવરાવ ભાઉ**, શૂન્ય હૃદય થયેલો, દિવાને ખાસના એક ખૂણામાં બેઠો છે. એટલામાં **બળવંતરાવ મેંઢળે** દ્રષ્ટિગોચર થયો. **ભાઉ**એ તેને પ્રેમપૂર્વક સન્માનિત કર્યો, અને પ્રશ્ન કીધો, "**બળવંતરાવ**! આ સમય દૂરદર્શી બુદ્ધિ વાપરી મહત્તા મેળવવાનો છે."

સન્માનિત થયેલા **બળવંતરાવે** નમ્રતાથી મસ્તક ધુણાવતાં ઉત્તર દીધું, "સ્વામીનું કહેવું સત્ય છે."

ગાઢ નિઃશ્વાસ મૂકતાં **ભાઉ** બોલ્યો, "હવે પાદશાહ કોને સ્થાપવો?

**બળવંતરાવ મેંઢળે**: સ્વામીની વૃત્તિ કોના ઉપર ઠરે છે?

**ભાઉ**: મીર જવાન બખ્ત ઉપર.

સ્વામિની વૃત્તિને અનુમોદન આપતો ઉત્સાહથી આંખ ઝળકાવતો **મેંઢળે** બોલ્યો, "એ બાલ પાદશાહ પસંદ કરવામાં આપનું દૂરદર્શીપણું પ્રશંસાપાત્ર છે. બાળક છે તેથી તે આધીન રહેશે, વીરત્ત્વ રહિત છે એટલે માથું ઉપાડી શકશે નહિ. સમયોચિત સત્તાના દોર તોરમાં ફેરફાર કરવાની જરૂર જણાએ વાંધો પડવાનો સંભવ નથી. વળી **રાજા** બહાદુર **નારૂ**શંકરને તેના ઉપર દેખરેખ રાખનાર ઠેરવ્યો છે, એટલે છે છે ને નથી. એ સર્વ ઘાટ યોગ્ય ઘડયો છે. તાત્કાળિક યવન સરદારો અને પ્રજાનું મન પણ મનાશે, અદેખાઈ ઓછી થશે અને મહત્ત્વ વધશે."

**ભાઉ** સાહેબે સંમત્તિ પૂરતાં કહ્યું, "એ તો ઠીક, પરંતુ વજીરાતને માટે કોણ યોગ્ય જણાય છે?"

મોટો ભાર મૂકતાં દીર્ઘદર્શી પુરુષને ઊચિત ચેષ્ટા કરતો બળવંતરાવ મેંઢળે બોલ્યો, "મહારાજ! એ પુખ્ત વિચારનું કામ છે. એમાં ઘણા ઘણા સ્વાર્થીઓના સ્વાર્થ રહેલા છે, એ વિચારવું ઉચિત છે."

ભાઉઃ હું એથીજ ખેદિત થયેલો છું.

બળવંતરાવ મેંઢળેઃ "શું આપ મહારાજ દક્ષિણથી હિન્દુસ્થાન સુધી કોઈના જીવ ઉપર આવ્યા છો. આ ભૂમિના કીડા થયેલા હોલકર અને સિંધિઆની બાજીથી ભરમાતા નહીં, એ મરેઠા, બ્રાહ્મી રાજ્યના કટ્ટા દુશ્મન છે.

ભાઉઃ હું એ વિચાર હાલ કરવા બેઠો નથી. દ્વેષરૂપી વિષ મારા કાનમાં રેડ નહિ. આ વખત દ્વેષ વધારવાનો નથી."

બળવંતરાવ મેંઢળે મ્લાન મુખથી બોલ્યો "સ્વામીનું કહેવું સત્ય છે. હું તો એમ વિદિત કરૂં છું કે જે રાજ્યકુળદીપકને આપ વજીર કરો તે આપને ચિરકાળી સહાયકારી થાય, આપના જયને અનુમોદન આપનાર હોય, શત્રુને શેહ આપે એવો હોય, દૂરદર્શી હોય, તે સાથે પાછળથી તેને માટે આપણે પસ્તાવું પડે નહિ, તેમ તેના ઉપર ધિક્કારની નજરથી જોવું પડે નહિ, અને સંપત્તિમાં તથા વિપત્તિમાં સર્વદા સત્યવૃત્તિ રાખી, આપના ગૌરવને ખીલાવે એવો હોય તેને વજીર નીમવો યોગ્ય છે. આપનું બુદ્ધિ ચાપલ્ય સર્વથી અભેદ્ય છે."

ભાઉઃ એવો તારી દૃષ્ટિમાં કોણ યોગ્ય ઠરે છે.

બળવંતરાવ મેંઢળેઃ ગ્યાજુદ્દિનખાન વજીરાત માટે ફાંફાં મારે છે.

ભાઉઃ હા! તું એને માટે શું ધારે છે?

બળવંતરાવઃ એની આકાશ કુસુમવત્ ઇચ્છા છે.

ભાઉઃ કેમ! જેણે આપણે સારૂ આટલી બધી અનુકૂળતા કરી છે, પાદશાહતને અસ્તવ્યસ્ત કરી સહાયભૂત થવા રૂપ કૃત્ય કર્યું છે, તેને માટે વિરૂદ્ધ મત કેમ ઉચ્ચારે છે?

બળવંતરાવઃ સ્વામી દ્રોહી આપણું શું કલ્યાણ કરે? સ્વામી, વિચારો.

ભાઉઃ સત્ય છે. સ્વામીદ્રોહિ સર્વ શિક્ષાને પાત્ર છે. જે સત્યનું પાલન કરી શકતો નથી, તે સર્વ ગૌરવથી હીન થાય છે.

બળવંતરાવઃ સ્વામીથી વિરૂદ્ધાચરણ કરનાર ઉપર આપણાથી કેમ વિશ્વાસ મૂકાય?

ભાઉઃ એ ધૂર્ત છે, એનાથી સાવચેત રહેવું ઉચિત છે.

થોડી વારમાં હોલકર, સિંધિઆ તથા સુરજમલ્લ વિગેરે મંડળ આવી લાગ્યું, એટલે તુરત અસાધારણ ચતુરાઈ તથા બુદ્ધિ કૌશલ્યથી વીરત્વનો ઠાઠ બતાવતો સદાશિવરાવ, દરબારની મીસલે બેઠો. એક પછી એક એમ સર્વેએ મીસલ ઉપર જગ્યા લીધી.

**સદાશીવરાવ ભાઉએ** આનંદમય મુખમુદ્રા કરતાં કહ્યું ધણા કાળની મહારાષ્ટ્રની ઇચ્છા ફળિભૂત થઇ છે. મહાત્માઓનું કહેવું સત્ય છે. **શિવાજી** મહારાજની મનોભાવના ઘણે કાળે પણ ફળિભૂત થઇ છે, અને તેમની ભાવના શક્તિએ ધારેલું ફળ મોડું પણ ફળદાતા પ્રાપ્ત **થયું** છે. એ તેમની ભાવના શક્તિનો મહાજય છે. હવે જે ફળ પ્રાપ્ત થયું છે તેને નભાવવાને બુદ્ધિ વાપરવાનું કર્ત્તવ્ય આપણે માથે આવ્યું છે, માટે એ સંબંધમાં તમો શું ધારો છો?"

**મલ્હારરાવ હોલ્કરઃ** આપ નિપુણ છો. આખો લાડુ એકદમ મોંમાં પેસતો નથી એ જાણો છો?

"હા, પરંતુ મારૂં મન શંકાશીલ થાય છે, અને તે એ છે કે, જે કાર્ય સફળ થતું આવે છે, તે કાર્ય જો તુરતા તુરત કરવામાં આવતું નથી, તો તે નિરસ થાય છે. ઝાડ ઉપર પરિપકવ થયેલું ફળ તુરત ઉતારી ખાવામાં ન લઇએ તો તેનો રસ દ્રવી જઇ નકામું થાય છે. તેમ આ કાળમાં હિંદુપદ પાદશાહત જો નહીં સ્થાપીશું તો આવો રંગ જામવો અશક્ય છે." **ભાઉ** સાહેબે શંકા અને દીર્ઘ વિચારથી સંકળના ગુંથતાં કહ્યું.

**જનકોજી સિંધિઆઃ** આપનું કહેવું સત્ય છે, પરંતુ બળવાન શત્રુથી કામ લેવાનું છે, તેથી પ્રજામાં પ્રીતિભાવ બલિષ્ટ થાય એવું વર્ત્તન રાખવું જરૂરનું છે. યવન પાદશાહતનો તદન નાશ કરવાથી પ્રજાની રાજ્યભક્તિની પ્રકૃતિ સામે આપણે લડવું પડશે, તે સાથે ભારત ભૂમિની કુલ મુસલમીન કોમની સાથે શત્રુતાનો અગ્નિ પ્રજ્વલિત થશે.

**સુરજમલ્લઃ** આ સમયે આર્ય તેમ યવન બન્નેનો પ્રીતિભાવ રહે એવો માર્ગ લેવો ઊચિત છે, કેમકે સર્વની થોડી કે ઘણી સહાયતાની આવસ્યકતા છે.

**જનાર્દન ભાનુઃ** સહાયતા વગર કોઇપણ કાર્યની સિદ્ધિ નથી.

असहायः समर्थोऽपि तेजस्वी किं करिष्यति ।
निर्वाते ज्वालितो वह्निः स्वयमेव प्रशाम्यति ॥

**અર્થ**–તેજસ્વી સમર્થ હોય તો પણ જો સહાય વગરનો હોય તો શું કરી શકે? પવન વિનાના દેશમાં બળતો અગ્નિ પોતાની મેળેજ શાંત થાય છે.

**સદાશિવરાવ ભાઉઃ** દીર્ઘ દ્દષ્ટિથી તપાસતાં તમારા વિચારો ઉત્તમ છે, અને તેથી હું **મીર જવાન બખ્તને શાહઆલમ** નામ ધારણ કરાવી **દિલ્લીના** તખ્ત ઉપર બેસાડવા ઇચ્છું છું."

**હોલ્કરે** સંમત્તિ પૂરતાં પ્રશંસા કરી અને સર્વેને તે વાત રુચિકર થઈ પડી હોય તેમ તેમની મુખચર્ચા ઉપરથી દર્શાઈ આવ્યું. **એ**

વાતનો અમલ કરવામાં નક્કી થયું, અને સિક્કા તથા મહોરો તેના નામની કરવાને પરવાનગી અપાઈ.

સુરજમલ્લે આ સમયનો લાભ લઈ, આર્જવતાથી ભાઉસાહેબને ગ્યાજુદ્દીનખાનને વજીર નિમવા અરજ કરી.

સુરજમલના બોલવા સાથેજ હોલકર ને સિંધિયાએ સંમત્તિ પૂરી.

થોડીવાર સુધી સ્થિર નેત્રે ભાઉ સાહેબ, સુરજમલ્લ સામું જોઈ રહ્યો, અને ક્રોધાવેશમાં બોલ્યો, "તમારી ઇચ્છા આકાશ પુષ્પવત્ છે. ખળ પુરુષની પ્રીતિ કિંચિત્કાળ સુધીજ કામની છે. સ્વામીદ્રોહી મારું શું કલ્યાણ કરનાર છે? એ વાત તમો કરતા નહિ, હું સાંભળનાર નથી, અને હું એ વાતમાં કોઇની પરવા કરનાર નથી." આ શબ્દ સાંભળતાં સર્વે જણા અચાનક વિજળી પડી હોય તેમ નિર્વાક્, વિસ્મય અને સ્તબ્ધ થયા.

સૂરજમલનું કપાળ લાલચોળ થઇ ગયું. આંખમાંથી અગ્નિ કણ નિકળવા લાગ્યા. તે ધીર સ્વભાવથી બોલ્યો, "આપનું આજનું ભાષણ વિલક્ષણ અને અમને સંદિગ્ધ કરે એવું છે. તમારી અને અમારી માળા ગુંથણીથી ઊલટું અને ન છાજતું છે."

સદાશિવરાવઃ મારા વિચારો રાજ્યનીતિના મહાસૂત્રને આધારે દૃઢ કરેલા છે, તમારું કહેવું મને જરા પણ અસર કરનાર નથી."

સૂરજમલ્લઃ તમો તમારા મનના મુખત્યાર છો, પરંતુ સ્નેહ સંબંધથી હમારો પણ અધિકાર છે, તેથી અમો નિવેદન કરીએ છીએ.

સદાશિવરાવઃ આપને યત્કિંચિત્ એમાં ખોટું વિચારવાનું કારણ નથી, મારો નિશ્ચય ન ફરે એવો છે.

સુરજમલ્લઃ ભલે, તમો ગમે તે વિચારે કામ કરતા હશો, પરંતુ ગ્યાજુદ્દીનખાનના સંબંધમાં અપાયલાં વચનો ફરે એ શોભા ભરેલું અમોને, તેટલુંજ તમોને નથી.

સદાશિવરાવ ભાઉઃ આ વિષયમાં વખત ગુમાવવો યોગ્ય નથી. પૈસાની ઘણીજ તંગી છે, અને હાલ તુરત પચાસ લાખ રૂપિયાની જરૂર છે.

મલારરાવ હોલ્કરઃ બુંદેલખંડથી શું જવાબ આવ્યો?

સદાશિવરાવ ભાઉઃ ગોવિંદપંત બુંદેલેએ જુગતિ કરી છે અને પારાજીપંત વાઘને એ કામમાં યોજ્યો છે, પરંતુ વખત વિપરીત છે.

જનકોજી સિંધિઆઃ પૈસાની ખરી તાણ છે. પ્રભુ સર્વ સ્થળે વિપદને દૂર કરનાર છે, સમયની સહાયતા જરૂર તે કરશે.

સદાશિવરાવઃ મારી દૃષ્ટિ પાદશાહી દીવાનખાનાની સુવર્ણ છત ઉપર જાય છે.

બળવંતરાવ મેંઢળેઃ સ્વામીનો વિચાર પ્રશંસાપાત્ર છે. વિના શ્રમે વિપત્તિ દૂર થશે.

સુરજમલ્લઃ ઉશ્કેરાઇ ગયેલી વૃત્તિથી બોલ્યો, એ વિચારો અનિષ્ટ-સૂચક અને વિનાશ કરનારા છે. પાદશાહી તખ્તને નાશ કરવાને હાથ લગાડવાની ઇચ્છા કરવી એ યોગ્ય નથી, પાદશાહી તખ્તનો મરતબો તૈમુર ને નાદિરશાહ જેવાઓએ પણ તોડયો નથી."

મલ્હારરાવ હોલ્કરઃ સુરજમલ્લના વિચાર વિચારવા જોગ છે, ઉતાવળા થવાનું પ્રયોજન નથી, પાકટ વિચારે કામ લેજો.

જનાર્દન ભાનુઃ મારી વિજ્ઞપ્તિ છે કે આ વિષય વિચાર ઉપર રાખો. આજે અતિ કાળ થયો છે.

તુરતજ ભાલાદારે ચિરંજીવ માહારાજની ગર્જના કરી, મંડળ વિખરાયું. સુરજમલ્લ, હોલ્કર અને સિંધિયાનાં મુખ ગ્લાન થયાં હતાં. સર્વેએ મૌન્ય ધર્યું અને પોત પોતાની છાવણીમાં ગયા. સુરજમલ્લે જતાં જતાં એક વાકયને બે ચાર વાર મનમાં ને મનમાં ઉચ્ચાર્યું અને તેના સણસણાટનો સુસવાટો મનુષ્યોના મનને હજી પણ ખેદ આપે છે, "विनाशकाले विपरीत बुद्धिः!"

---

## પ્રકરણ ૨૩ મું.

:o:

### તખ્ત ખંડન.

વિરલા જન યશને મેળવશે, પણ ઉદ્ધત તે ન ગ્રહી શકશે,
તેમ પૂર્ણ પ્રતાપનો અસ્ત થવા, થયું ભાઉનું ચિત્ત કલહ કરવા.

ચિંતાતુર અંતઃકરણથી ખેદિત થયેલા હોલકર, સિન્ધિયા તથા સુરજમલ્લ પોતપોતાના તંબુમાં ગયા અને સદાશિવરાવ અહંભાવથી ધુંધવાયલો પોતાના સ્થાન પ્રત્યે ગયો.

સર્વના મનમાંથી પ્રીતિનું બંધન ઢીલું થયું હતું. સદાશિવરાવે અકાળે અયોગ્ય અધિકાર વાપરવા માંડયો હતો. પાત્રની યોગ્યતા અયોગ્યતા વિચારી, વિવેકે વર્તવાનું ભાઉ ભૂલવા લાગ્યો હતો. જે પારકાથી દોરવાય છે, તે આત્મ કર્તવ્યમાં ચૂકે છે, ને તેને તેના ફળના ભોગ્તા થવું પડે છે. અધિકાર પરત્વે સર્વનો સત્કાર કરવો જરૂરનો છે. સુરજમલ્લ, હોલ્કર, તથા સિન્ધિયા સરકારે કરેલી માંગણીઓ, એક બીજાનાં અપાયલાં વચનો અને પ્રતિજ્ઞાના પ્રતિબંધથી સ્વીકારવા યોગ્ય છતાં, ન સ્વીકારવા સ્વેચ્છાનુચારી થઇ વર્તવામાં, ભાઉ સાહેબની ભૂલો એક પછી એક હવે આપણી સમક્ષ તરી આવશે, અને પ્રતિજ્ઞા ભંગ કરવાનો અવિવેક વાપરવાથી શું ફળ થાય છે, તે આપણને ઉચ્ચ શિક્ષણ આપશે.

ભાઉ સાહેબનું અંતઃકરણ તેને ડંખી રહ્યું હતું. સુરજમલની માંગણીનો અનાદર કરવામાં હિત નથી, એમ તેને તેનો આત્મા કહેવા લાગ્યો હતો. સુરજમલ્લે વચનનું અપાત્રે દાન કીધેલું તેનો તેને પસ્તાવો થવા માંડયો હતો. હોલ્કરે પોતાની મિત્રતાના બળથી સુરજમલ્લને વચન બંધનમાં નાંખ્યો હતો, તેનો પરિતાપ તેને તપાવી રહ્યો હતો. અને परवशं दुःखं એ વાક્યનું રટણ કરી રહ્યો હતો. તે પોતાને ઠપકો આપતો હતો ને સર્વને શાસન દેતો હોય તેમ મનમાં ને મનમાં કેમ રવું, તેનો પાઠ કરતો હતો. "ઉન્મત્તાથી પરાઇ બુદ્ધિએ વર્તનારના પાશ-બંધનમાં કોઇને નાંખવો નહીં. કોઇ પણ રાજ્યદ્વારી, સાંસારિક પ્રસંગમાં ગુપ્ત કામ કરતાં પ્રથમ વિચારવું કે પાત્રેદાન થાય છે કે કેમ? તે થયેલા કરારો પાર પડશે કે કેમ? તેમ થવામાં આખરે આપણી હાંસી થશે કે કેમ? રાજ્યદ્વારીઓ અને જનમંડળના સામાન્ય પુરુષો આપણને નિંદશે કે કેમ? મહાજનો ધિઃકારશે કે કેમ? આખરે મિત્રો ઠપકો દેશે કે કેમ? અને વિદ્વાન્ પુરુષો આપણે માટે શોક કરશે કે કેમ? આટલો વિચાર કરી પછી આગળ ડગ દેવું. અફસોસ! આ બધુ મારે માથે ચહોંટવાનો વખત આવ્યો છે. સ્વેચ્છાનુચારિ પરાઈ બુદ્ધિએ દોરનાર ઉદ્ધત તરુણનો હું ભોગ થઈ પડયો છું. અપકવ, ઉદ્ધત, સત્ય પ્રતિજ્ઞાનો અને પરિપકવ બુદ્ધિનો અનાદર કરનાર રાજ્યદ્વારીઓથી સાવચેત રહેવા મારી સ્થિતિનો ધડો આપું છું."

* * *

આજે પગાર માટે સૈનિકો સખત માંગણી કરી રહ્યા હતા, સર્વેનાં મન ઉંચાં હતાં.

સદાશિવરાવ ભાઉ, રાજ્યગર્વના ઉદ્ધતપણાંનો ગૌરવ દર્શાવતો બોલ્યો કે, સૈન્યને શાંતિ આપવા સારૂં મુસારો આપવો અવશ્યનો છે, અને તેમ કરવા પૂરતાં નાણાંની ખોટ છે. તખ્ત ઉપરની સોનેરી છત ઉપયોગી નથી. એ ખાલી વૈભવની વસ્તુ શોભા સારૂં રાખી, હલકા અને ભવિષ્યના ખોટા વહેમ ભરેલા વિચાર કરી, વિપત્તિની ઘાટીમાં સપડાવું એ દૂર્દર્શીપણું ગણાય એવું નથી. માટે એ છત તોડી સૈન્યને મુસારો આપવા મારો વિચાર દઢીભૂત થયો છે.

આ વાકય સાંભળતામાં દરબારના સઘળાનાં હૃદય જરજરીત થઈ ગયાં. ક્ષણભર મહા મૌન્ય પ્રસરી રહ્યું. સર્વના નેત્રમાં ક્રોધની કણિકાઓ પ્રજ્વલિત થઈ ગઈ. પણ તે નીચેથી ઉંચા થઈ શકતા નહોતા. સર્વનું મૌન્ય તોડી મહાવીર સુરજમલ્લ આર્જવતાથી બોલ્યો, "પાદશાહી તખ્તની જગો મર્યાદાની છે. તેની મર્યાદા કોઇએ લોપી નથી. માટે મર્યાદા લોપવી એ આર્યકુળભૂષણને શોભા આપે એવું નથી."

સદાશિવરાવ ભાઉ: શું દુષ્ટ યવનો, વિના સ્વાર્થે આર્યોનાં તખ્તોનું ખંડન કરે, ધર્મ દેવલોને પતિત કરે, એ તેમને શોભા આપનારું છે? અને વિપત્તિમાં પણ રક્ષણાર્થે આપણે સુવર્ણ છતનો ઉપયોગ કરીએ એ શોભા આપનારું નથી? આ મહા સૂત્ર તો ચમત્કારિક છે યવનોએ આર્ય ભૂમિને ત્રાસ દેવામાં શું બાકી રાખી છે? આ દાવ લેવાનો આપણો પણ વારો આવ્યો છે. આવેલો દાવ ખોવો એ મૂર્ખાઈ કહેવાય.

સુરજમલ્લઃ અનાર્ય અને આર્ય બૂદ્ધિમાં ભેદ છે.

સદાશિવરાવઃ દુષ્ટની દુષ્ટાઈ માટે ભલમનસાઈ ન છાજે.

સુરજમલ્લઃ દિલ્હીનાં તખ્ત તરફ આખા ભારતવર્ષમાં પુજ્ય ભાવથી જોવાય છે. તે પ્રત્યે યવનો અને આર્યો બન્નેની સમાન પ્રીતિ છે. એનું ખંડન થવાથી મહા હાહાકાર વર્તશે.

ભાઉ: હું તેની દરકાર કરતો નથી. મારે પૈસાની ખરેખરી જરૂર છે.

સુરજમલ્લઃ પવિત્ર સ્થળમાં પ્રભુનો વાસો છે.

ભાઉ: અપવિત્ર યવનોથી પતિત થયેલા સ્થાનમાં પ્રભુતા ટકતી નથી.

સુરજમલ્લઃ પાદશાહી તખ્તની મર્યાદા વિવેકાવિવેકનો વિચાર કરી અત્યાર સુધી સર્વેએ રાખી છે, પૂર્વે નાદિરશાહે સ્વારી કરી હતી ત્યારે તખ્ત ઉપર સુવર્ણના કળશો હતા તે લીધા હતા, પણ છતને હાથ અડકાડયો નહોતો તેમજ એ ફેરી અબદાલી સ્વારી લાવ્યો હતો, તેણે પણ છતનું ખંડન કીધું નથી.

સદાશિવરાવ ભાઉ: વિવેકાવિવેકનું જેને ભાન નથી, તેની સાથે વિવેક કેવો? જે અનાર્યોએ આર્યોનાં અનેક સુચિહ્નોનો નાશ કર્યો છે. તેનું એક પણ ચિહ્ન યાદગારી રાખવા ઇચ્છતો નથી.

સુરજમલ્લઃ આર્ય રાજ્યદ્વારી બુદ્ધિની મહત્તાને ઓપાવે એવા આ વિચાર નથી. આપે આપની મહત્તા સામું જોવાનું છે.

સદાશિવરાવ ભાઉ: હું એ વિચારો કરવા હાલ બેઠો નથી. મારે પૈસાની ખાસ જરૂર છે.

સુરજમલ્લઃ પૈસાની તંગી હોય તો મને હૂકમ કરો તો પાંચ લાખ રૂપીઆ આપવા તૈયાર છું. પરંતુ હું એક પાદશાહી ઉમરાવ, આપની સમક્ષ હાજર છું, ત્યાં આગળ પાદશાહી તખ્તનું ખંડન થશે તો તે મને શોભા આપનારું નથી. સ્વામીદ્રોહનું કલંક મારે માથે ચહોંટશે, અને તે આપની મિત્રતાના સંબંધને લીધે મને યશદાયી થનાર નથી.

સદાશિવરાવ ભાઉ: મને પાંચ લાખ રૂપીએ બસ થાય એમ નથી. યવનોની પાદશાહતનું ગૌરવ ચિહ્ન મારાં હૃદયને ખુંચે છે. તેનું ખંડન કર્યા સિવાય મને કરાર વળનાર નથી. જે પ્રજાએ આર્યોનાં અનેક સ્થાનોનો નાશ કીધો છે, તેઓને આ કાર્યથી જાણવા દો કે

તમારાં મહત્ સ્થાનનું ગૌરવ **ભાઉ**એ ભસ્મીભૂત કર્યું છે, તમારાં પાપી આચરણોનો બદલો આપ્યો છે અને આપશે. જિતાઇને મારા સમક્ષ રંક થયેલી પાદશાહતના તમો હવે ઉમરાવ નથી. હવે એ વિચાર મનમાંથી કહાડી નાંખી, જે મારું ખરું કર્તવ્ય છે તેને સહાય થાઓ.

**સુરજમલ્લે** આર્જવતાથી ફરી કહ્યું, "આપને જેટલું દ્રવ્ય જોઇએ તે પૂરું પાડવાને તૈયાર છું. તખ્તની મર્યાદા સાચવી, મારી કીર્તિને કલંકિત થતી બચાવો અને સમસ્ત પ્રજાની પ્રીતિ મેલવો."

**સદાશિવરાવ ભાઉ**: હું હવે આપની વાત સાંભળનાર નથી, એમ કહી ક્રોધાવેશમાં ઉભો થઈ, સમશેરથી છત ઉપર પ્રહાર કરી, તેને તોડી પાડવાનો હૂકમ કીધો.

હૂકમ મળતાંજ હજારો કારીગરો કામે લાગી ગયા. સભાસ્થળ નિસ્તબ્ધ થઇ ગયું. મુંગે મોઢે સર્વે એક બીજાના સામું જોવા લાગ્યા. આ સમાચાર દિલ્હીમાં ફરી વળતાં પ્રજાવર્ગ સ્થંભિત થઇ ગયો. સર્વના મનમાં મહા કમ્પ થયો. આર્ય અને અનાર્ય સર્વની આંખમાં **ભાઉ** હલકો જણાયો અને સર્વની આંખોમાં ક્રોધના ભાવે સ્થાપન કર્યું. હાહાકાર કરી રહેલી દિલ્હીમાં આ સમયે એક મહા ધરતિકંપ થયો. તેને લોકોએ તખ્ત ખંડનથી ઉલ્કાપાત થયાનું જાહેર કરી, પ્રભુની અવકૃપાનું ચિહ્ન માન્યું.

હાહાકાર થઇ રહેલાં દિલ્હી નગરમાં હજી પૂરી શાંતિ પથરાઈ નથી, તેમ વીરમંડળમાં પ્રીતિનું અનુસંધાન થવાને નવીન તક આવી નથી, તે દરમીઆનમાં **ભાઉ** સાહેબે રાત્રીની વેળાએ એક ખાસ દરબાર ભર્યું હતું. **સિંધિયા**, **હોલકર**, **નારોશંકર**, **રાજા બહાદૂર**, **સમશેર બહાદૂર**, **દામાજી ગાયકવાડ**, **યશવંતરાવ પવાર**, **બલવંતરાવ મેંઢળે**, તથા **સુરજમલ્લ** દરબારને શોભાયમાન કરી રહ્યા હતા. હિન્દનું ગૌરવ સ્થાપન કરવા માટે મહા પરિશ્રમ કરનારાઓમાં આજે જોઇએ તેવો ઉત્સાહ નહોતો. મન અપમાનિત થવાથી મુખ મ્લાન થયેલાં હતાં. મૌન્ય ધારી સભા બેઠી હતી, તેમાં **સદાશિવરાવ ભાઉ**, **હોલકર**ને સંબોધી બોલ્યો, **મહલારરાવજી**! દુરાનીને **યમુના** માતાએ તેના ઊંડા જળના મહા પ્રતાપથી ખાલી રાખ્યો છે. નદીઓની મહારાણીએ આપણને ખરી મદદ કરી છે. એ વખતનો લાભ આપણે અત્રે બેસી રહી ખોવો યોગ્ય લાગતો નથી."

**મહલારરાવ હોલકરે** કહ્યું: "મનુષ્યથી થઈ શકે એટલું બધું પુરુષાર્થ આપ અત્યાર સુધી કરતા આવ્યા છો, હવે આપ શું ધારો છો, તે જણાવો."

**સદાશિવરાવ ભાઉ**: કુંજપરામાં ફક્ત પંદર હજાર સૈન્ય લઇ, દત્તાજીનો ધ્વંશ કરનાર કુતુબશાહ તથા **અહમદખાન** કતલબાજ પડયા છે, તેનું પારિપત્ય કરવા મારી ઇચ્છા છે.

બલવંતરાવ ગણપત મેંઢળેઃ સમયને અનુસરતી યોગ્ય સલાહ છે. શત્રુનું પારિપત્ય થવા સાથે, સમર્થ ખજાનો હાથ લાગવાનો સંભવ છે, એટલુંજ નહી, પરંતુ કુતુબશાહનું પારિપત્ય થવાથી, અબ્દાલીની ઇચ્છાશક્તિ ઝાંખી થવા સાથે, તેની સમર્થસહાયતા બંધ થશે, એ ઉભય તરફથી લાભકારી છે.

નારોશંકરે સુરજમલ્લ સામું ફરી પ્રશ્ન કર્યો, "તમારો શું અભિપ્રાય છે ?"

સદાશિવરાવે તેને ઉત્તેજિત કરતાં વિશેષતામાં કહ્યું, "તમો આ દેશના પાકા અનુભવી છો, હિન્દુપદ પાદશાહત સ્થાપવા ઉત્સાહી છો, કહો, કેમ કરવું છે?"

સુરજમલ્લે આર્જવતાથી ખિન્ન હૃદયે કહ્યું, "આર્ય રાજ્ય ગૌરવને સ્થાપવા પ્રતિજ્ઞા કરી અમો આધીન થયેલા છીએ, આર્ય ધર્મ ગૌરવ હૃદયમાં ચલકી રહેલું છે, લીધેલી પ્રતિજ્ઞાને સાફલ્ય કરવા સર્વદા તત્પર છીએ, પરંતુ તે સર્વનું ફળ અપમાનિત થવામાં તથા પ્રતિજ્ઞા ભંગ થવામાં સમાયલું દર્શાયું છે, ત્યારથી હૃદય ખિન્ન થયેલું છે. ખિન્ન હૃદયને માર્ગ શેનો જડે?"

સદાશિવરાવ ભાઉઃ ખિન્ન હૃદયને રસમય બનાવો.

સુરજમલ્લઃ પાદશાહી છતનું ખંડન કરવાથી જગતમાં પ્રેમભાવના લુપ્ત થઇ છે, માટે તેને બરોબર હતી તેવી કરાવી આપો. અને ગ્યાજુદ્દીનખાનને વચન આપી અમો, હોલકર તથા સિન્ધિયા, બંધાયલા છીએ, માટે તેને વજીરાત આપી અમારી હાંસી થતી બચાવો, પછી આપ નામદારની જે જે નાની મોટી ઇચ્છાઓ હોય તે જણાવો. આપે દિલ્લી છોડી જવાની જરૂર નથી. શત્રુને સેહ આપવાની સર્વ મસલતો અત્રે બેઠાં બેઠાં ચલાવો. અન્નપાનાદિ સર્વ સાહિત્ય પૂરાં પાડવાને હું તૈયાર છું, એટલુંજ નહીં પરંતુ આપ અત્રે બેસી રહો, અમો હરેક પ્રકારે કુંજપરાને હસ્તગત કરી, તેનું પારિપત્ય કરવાને તૈયાર છીએ. આપે દિલ્લી છોડી કોઈ પણ સ્થળે હવે ગુંથાવું જરૂરનું નથી, કેમકે શત્રુનું બળ કયારે વધશે તે કળાવું અશકય છે.

સદાશિવરાવ ભાઉઃ મહારાષ્ટ્રની મહત્ત્વતા વધારવા, ભારતવર્ષની સ્વતંત્રતા સ્થાપવા, તથા રૂમશામ સૂધી યવનોને શાસન દેવાને, આ હાથમાં તરવાર પકડી છે, તે તમારા બળ ઉપર પકડી નથી. દક્ષિણથી અટલે સૂધી જે હું આવ્યો છું, તે તમારા સામર્થ્યપર આવ્યો નથી, અમારી વૃત્તિમાં જેમ આવશે તેમજ કરવામાં આવશે. તમારે હમારી સાથે રહેવું હોય તો રહો. અને જવું હોય તો તમારે ઠેકાણે જાવ. અબ્દાલીનાં યુદ્ધ પછી અમો તમારી સાથે સમજી લઇશું.

સભાસ્થળ નિસ્તબ્ધ થઇ ગયું, સિન્ધિયા તથા હોલકર પોતપોતાની જગો ઉપર સ્થિર પુતળાં જેવા થઇ ગયા, કોઇના હોઠમાંથી શબ્દધ્વનિ નિકળવા પામ્યો નહીં, સર્વનાં અંતઃકરણમાં થોડો ઘણો ક્રોધાગ્નિ પ્રજ્વલિત થયો, અને ત્યાં ને ત્યાંજ સમાયો. પણ તેની છાપ જે સૂક્ષ્મદ્રષ્ટિમાં પડી તેને સત્યપ્રતિજ્ઞા અને સત્યાસત્યના બળાબળપર મહાબળ અજમાવ્યું. તેનું સ્પષ્ટીકરણ અંદરના ભેદમાં દૃષ્ટિ કીધા સિવાય સમજાય એવું નથી.

ખિન્ન મુખ મુદ્રાંકિત થયેલો સુરજમલ્લ દીર્ઘ નિઃશ્વાસ મૂકતો, સભાસ્થાન મૂકી પોતાને સ્થાને ગયો. ભાઉ સાહેબે ક્રોધમાં મહાગર્જના કરી, કુંજપરા ઉપર કુચ કરવાનો નિશ્ચય કીધો, ને બીજો ઠરાવ બલવંતરાવ મેંઢળે સાથે ગુપ્ત પણે કર્યો, જેનો સણસણો હોલકરના કાન ઉપર જવાથી તે અંદરનો ભેદ પામ્યો કે સુરજમલ્લનું અનિષ્ટ કરવાનો એ ઘાટ ઘડાયો છે.

ભાઉ સાહેબે, બલવંતરાવ મેંઢળે સાથે ગુપ્તપણે કેટલીક મસલત કીધા પછી નિશ્ચય કીધો કે, સુરજમલ્લ જાટને આજે બંધિવાન કરવો અને તેનાં લશ્કરને લુંટી લેવું.

હોલકર અને સિન્ધિયા તંબુપર ગયા પછી તેમની સંપૂર્ણ ખાત્રી થઇ કે, ભાઉ સાહેબે મિત્રદ્રોહ કરવાની પાકી ગોઠવણ કરી છે. એ જાણી, હોલકરે સિન્ધિયાને પોતાની પાસે બોલાવ્યો. હોલકર દીર્ઘ નિઃશ્વાસ નાંખી બોલ્યો, “વીરપ્રવર! મહા યુદ્ધમાં વિજયી થતાં પહેલાં નિરાશાનાં ચિહ્ન ચળકવા માંડયાં છે, રણધીર સુરજમલ્લ સાથે કપટાચરણ કરવા ભાઉ સાહેબે નિશ્ચય કીધું છે, ભાઉએ સત્ય પ્રતિજ્ઞાથી વિરુદ્ધાચરણ કરવા માંડયું છે, સુરજમલ્લ આપણા સ્નેહબંધનથી આવ્યો છે. એને હાનિ થતાં જગતમાં ચિરકાળ આપણી હાંસી થશે.”

જનકોજી સિન્ધિયાઃ મહાવીર! આપની આજ્ઞાને અધીન છું. આર્ય ધર્મ અને આર્ય રાજ્યની ઉન્નતિ કરતાં પહેલાં નિર્દય કર્મનાં ભોગ થવાનો સમય આવ્યો છે. મહાયુદ્ધનો વખત આવતાં પહેલાં ખરા સાથીઓથી વિરોધ કરી પોતાના બળને તોડવા ભાઉ અભિમાનથી દોરાય છે, એ ખરેખરું અનિષ્ટનું ચિહ્ન છે.

મહલારરાવ હોલકરઃ હાલમાં એ બધો વિચાર કરતાં અવલ સુરજમલ્લનું રક્ષણ કરવાનો ઉપાય યોજવો જરૂરનો છે.

જનકોજી સિન્ધિયાઃ એક તરફ સ્નેહ બંધન અને વિશ્વાસની સાંકળથી બંધાયલા છીએ, બીજી તરફ રાજ્યદ્રોહ અને ઉદ્ધતોના વિરુદ્ધાચરણની ભીતિ છે.”

મહલારરાવઃ હાલ તો સુરજમલ્લને બચાવવે પછી ભરી પીસું.

જનકોજી: ત્યારે આ વર્તમાનની સુરજમલ્લના વકીલ રૂપરામ કટારીને સૂચના આપો અને ભાઉ સાહેબનું લશ્કર સુરજમલ્લ ઉપર જાય તે અવલ સુરજમલ્લ અત્રેથી કુચ કરી જાય એમ થવું યોગ્ય છે.

મહલારરાવે રૂપરામ કટારીને બોલાવી મંગાવ્યો. રૂપરામ કટારી નમિત થઈ હાથ જોડી ઉભો રહ્યો અને આજ્ઞા ઇચ્છી.

મહલારરાવે કહ્યું: રૂપરામ! તમોને એક મહાકાર્ય માટે આજે બોલાવવા પડયા છે. ભાઉ સાહેબની બુદ્ધિ સુરજમલ્લ માટે કપટ ભરેલી થઈ છે. રાત્રીએ હલ્લો કરી કપટાચારી આજે તેને કેદ કરશે એવી ભીતિ છે.

રૂપરામ કટારી આ સાંભળી જરા કંપ્યો, અને બોલ્યો: મહાવીર સુરજમલ્લ તો, આપના સ્નેહબંધનથી હિન્દુપદ પાદશાહતને સ્થાપવા સ્વાર્થાર્પણ કરવા આવ્યા છે, તેમાં આ ભેદ શો?

જનકોજી સિન્ધિયા બોલ્યો, "એજ ભારત ભૂમિની કર્મ દશાનું ફળ છે. તરુણ વયે અધિકાર પામી, ઉદ્ધત થઈ, અધમ મિત્રોની સલાહથી દોરાય છે ને ખુશામતથી ખરડાય છે, તેનું જો ચિત્ર દર્શન છે."

મહલારરાવ હોલકર: રૂપરામ! વાતોનો વખત નથી. સુરજમલ્લને જઈ કહો કે આજ રાત્રીએ હરેક પ્રકારે ભાઉ સાહેબને ન જણાય તેમ નિકળી ચાલ્યા જાવ. ભાઉ સાહેબનો મુકામ દૂર છે, માટે તેમ કરવામાં તમો જરૂર ફતેહ પામશો અને તેમ નહી કરો તો જે કંઇ નુકશાન થશે તેના અમો જવાબદાર નથી. અમોએ વચનો આપી પ્રતિજ્ઞા કરી છે, માટે અમારું કર્તવ્ય અમોએ પૂરું કર્યું, પછી હમારે શીર દોષ નહીં, એમ કહી હોલકરે પોતાને કાને હાથ દીધા.

રૂપરામ કટારી વાયુને વેગે સુરજમલ્લ પાસે ગયો. સુરજમલ્લ વિચાર શૂન્ય થઈ ગાદી ઉપર આંખો મીંચી પડયો હતો. તેની દૃષ્ટિમાં આજનો વાદવિવાદ રમી રહ્યો હતો. તે મનમાં ને મનમાં બડબડતો હતો, "પ્રતિજ્ઞા લઈ તેને છૂપી રીતે ઉલ્લંઘન કરવી એ ક્ષાત્રોચિત કાર્ય કહેવાય નહીં. આર્ય સ્વતંત્રતાની ઉન્નતિ કરતાં હું વિલક્ષણ સ્થિતિમાં ફસ્યો છું. દેશ, ધર્મ, અને સત્ય પ્રતિજ્ઞાનું રક્ષણ કરતાં વિરુદ્ધાચરણીઓનાં કપટાચરણથી શું સ્થિતિમાં આવીશ તે કલ્પાતું નથી. આ તો કહેવત છે કે, દાના દોસ્ત કરતાં મૂર્ખ મિત્ર ખોટો. હવે પાણી પીને શું ઘર પૂછવું? મેં અપાત્રે વિશ્વાસદાન દીધું છે, તોપણ સત્ય પ્રતિજ્ઞાનું પાલન કરવું એ મારો ધર્મ છે. હું ક્ષાત્ર ધર્મ સાથે સંબંધ ધરનાર વીર છું, પ્રભુના માર્ગને અધીન છું."

આ વિચારની સાંકળ ગુંથણીમાં રૂપરામ કટારીએ આવી વિક્ષેપ નાંખ્યો. રૂપરામ જરા ગભરાયલે અવાજે બોલ્યો, "મહારાજ."

સુરજમલ્લે જવાબ દીધો, કેમ રૂપરામ! અત્યારે."

રૂપરામ કટારી, વયોવૃદ્ધ મહાવીર! મહલારરાવે કહાવ્યું છે કે, ભાઉ સાહેબની બુદ્ધિ મલીનતાને પામી, કપટાચરણી થઈ છે. અમારા તમારા વિશ્વાસથી અપાયલાં લેવાયલાં વચનોનો વિચાર કરી, તમોને હાલ તુરત લશ્કર સહવર્તમાન જતા રહેવા સૂચના છે. આ કહેણનો પ્રતિઉતર જોઇતો નથી. સત્યનો બેલી ઇશ્વર છે!" સુરજમલ્લ હોઠ કરડતો ઝુમમાં ને ઝુમમાં ઉભો થયો. હાથમાં તલવાર ઝાલી પગનો પ્રહાર કરી બોલ્યો, "પ્રતિજ્ઞા કરી છે, તેનું પાલન કરીશ. કાપટય બુદ્ધિ ધારી કલંકિત થઇશ નહિ, એક ફેરી ભાઉને મળીશ."

રૂપરામ કટારીઃ મહારાજ! વિરુદ્ધાચરણીથી મેલાપ કરવાની નીતિ નથી, અને વયોવૃદ્ધ મહલારરાવજીએ તેથીજ કહેણ કહાવ્યું છે.

સુરજમલ્લઃ રૂપરામ, આ સમયની સ્થિતિ સર્વ પ્રકારે દુઃખકર છે. ભાઉ સાહેબના દ્રોહી થવાય છે, નહીં તો ભાઉના કેદી થઇએ છીએ. એટલુંજ નહીં, પરંતુ દુરાનીની આંખમાં શત્રુતાનું બીજ મૂકયું છે તે તો જૂદું. સર્વ તરફ વિપરીતતા છે.

રૂપરામ કટારીઃ અણી ચૂકયો શો વર્ષ જીવે. એ સૂત્રને અનુસારે બધા વિચારો કોરે મૂકી, મધ્યરાત્રીએ પલાયન કરવું ઉચિત છે.

સુરજમલ્લનાં લશ્કરને ગુપ્તપણે આજ્ઞા અપાઇ અને એક પહોર રાત્રી જતાં લશ્કરે કુચ કરી નાખી. ચાર પાંચ ગાઉ લશ્કર ગયા પછી, હોલકર, સિન્ધિયા તથા દીવાન ગંગોબા તાત્યાએ ભાઉસાહેબ પાસે જઈ સુરજમલ્લ એકાએક પલાયન કરી ગયો, એ વર્તમાન વિદિત કર્યા. સદાશિવરાવ ભાઉ ક્રોધાવેશમાં ઉશ્કેરાઈ ગયો, અને ગર્જના કરી લશ્કરને તેની પુંઠે મોકલવા હુકમ કર્યો. મરેઠા લશ્કર તૈયારી કરી તેની પાછળ જવા તૈયાર થયું, ત્યારે સુરજમલ્લ રાયગઢ પહોંચી ગયો હતો. પાછળ ગયેલાં લશ્કરે સુરજમલ્લના લશ્કરનું બજાર તથા બુણગું લુંટયું અને તે પાછું ફર્યું. આવી રીતે મિત્રદ્રોહ કરવામાં સદાશિવરાવે ઉદ્ધતતા વાપરી, દુનિયામાં પોતાની હાંસી કરાવી, એટલુંજ નહીં, પરંતુ સભામાં પ્રતિજ્ઞા કરી કે, "દુરાનીનું પારિપત્ય કર્યા પછી, જાટને હતો નહતો કરું ત્યારે હું ભાઉ ખરો!"

તખ્ત ખંડન સાથે મૈત્રીનું ખંડન થયું. હવે કુંજપરાના યુદ્ધ મંડન તરફ દૃષ્ટિ દોરીએ.

# પ્રકરણ ૨૪ મું.

## કુંજપરાનું યુદ્ધ.

શુરવીર પુરારે, તેં તો ગ્રહી બાન કમાન રણતુર થાતારે, જગત મહી થાય સુજાન અનુભવિ પુરારે, તે તો નહિ પાછા ફરે અડગતા ધારીરે, વિજયનો ઘોષ કરે જીવન આ જગમાંરે, અચળ અમર તો નથી ભીરૂ કાયરનુંરે, જીવન સાર્થક તો નથી રણરંગ જંગમાંરે, ધુમતા કદી પ્રાણ જશે પરમ પ્રભુ પદમાંરે, પુનિત વિશ્રામ થશે

બીજે દિવસે, નભમંડળ લાલ ઉષાના રંગથી આચ્છાદન થવા લાગ્યું છે, તે સમયે સદાશિવરાવના કરેલા હુકમ પ્રમાણે, બળવંતરાવ ગણપત મેંઢળે, જનકોજી સિંધિયા, મહલારરાવ હોલકર, દામાજી ગાયકવાડ, યશવંતરાવ પવાર, વિઠ્ઠલ શિવદેવ, સમશેર બાહાદુર તથા ઇબ્રાહિમખાન ગાર્ડી તથા બીજા ના'ના મો'ટા સરદારો, સૈન્ય સહવર્તમાન જયધ્વજોને ફરકાવતા ફરકાવતા, સદાશિવરાવના પડાવ પાસે આવી પહોંચ્યા.

ભાઉ સાહેબનું ખાસા લશ્કર જયનાદ કરતું તેમાં ભર્યું.

સદાશિવરાવે સરદારો તરફ હસ્તે ચહેરે કહ્યું, "આજે કુંજપરાનો જય કરવા જવાનું છે. પેશવા સરકારનો પક્ષ શંકરે સ્વીકાર્યો છે, તેમની કૃપાથી વિજય મળશે એવો સૈનિકોનો ઉત્સાહ ખાત્રી પૂરે છે."

બલવંતરાવ મેંઢળેઃ જ્યાં સદાશિવ સ્વયંભૂજ સાથે છે, ત્યાં સર્વદા જયજ છે.

સર્વે સરદારોએ સાધુવાદ આપ્યો.

દામાજી ગાયકવાડઃ આપનું પુરુષાર્થ અપૂર્વ છે. ન ધારેલી ત્વરાથી દિલ્લી સર કર્યું છે, તો કુંજપુરાની શી વિશાત છે?

સમશેર બાહાદુરઃ આજ કાળ યુદ્ધનો વખત છે અને શત્રુઓ લાંબો વખત થવા સાવચેત થયેલા છે, માટે દિલ્લી કરતાં કુંજપુરાના યુદ્ધમાં વધારે મેહેનત પડશે.

મહલારરાવ હોલકરઃ કુતુબશાહ કાબેલ સૈનિક છે, એની રણનૈપુણ્યતા દીર્ઘદર્શી છે, માટે હંફાવશે એમાં શક નથી.

જનકોજીઃ અબદાલીના સૈન્યની મદદ યમુનાના જળને લીધે એને મળી શકે એમ નથી, એ આપણા લાભમાં વધારે છે.

ઈબ્રાહિમખાનઃ એથીજ સવેલાએ કીલ્લાને સર કરવો જરૂરનો છે.

બલવંતરાવ મેંઢળેઃ મહારાજે આથી પણ દુરગમ્ય દુર્ગો સર કર્યા છે, અને કુતુબશાહ જેવા કંઇકને કુતરાને મોતે માર્યા છે, તો એના શા ભાર છે.

**સદાશિવરાવ ભાઉ:** મહાવીરો, તમારા જેવા મહા પરાક્રમી વિજયેત્તા મારી પાસે છે, ત્યારથીજ મારો જય છે. માટે આજે કુંજપુરા ઉપર હલ્લો કરી તેના કિલ્લાના એકેએક કાંગરાનો ભાંગી ભૂકો કરો, અને મહાવીર દત્તાજીનો વધ કરનાર કુતુબશાહ નામર્દની પઠેમ કિલ્લામાં ભરાઇ બેઠો છે, તેને ખેંચી કહાડી, વૈરનો બદલો લઇ, દત્તાજીના આત્માને શાંતિ આપો. જ્યાંસૂધી કુતુબશાહના ટુકડે ટુકડા કરી કુતરાને ખવડાવ્યા નથી, ત્યાંસૂધી વીરો! આપણું કર્તવ્ય સિદ્ધ થયું નથી અને દત્તાજીના ઋણમાંથી આખું મહારાષ્ટ્ર મુક્ત થયું નથી એમ માનજો.

વીરોએ પ્રતિઉત્તરમાં મહાગર્જના કરી નભ મંડળ સૂધી શબ્દ ધ્વનિને ગર્જિત કર્યો.

સૈન્યે પ્રયાણ શરૂ કર્યું. મજળ દરમજળ જતાં કુંજપુરના કિલ્લા પાસે આવી પહોંચતાં, શત્રુ સજ થઇ સામો આવેલો જણાયો. બંને લશ્કરનું મળવું થતાંજ મહાયુદ્ધ શરૂ થયું. જંજીર, સુતરનાળ અને બંદુકોના તડાકા થવા લાગ્યા. ક્ષણમાત્રમાં તો સમશેરનો મારો શરૂ થયો. એકમેકના સૈનિકો એક બીજામાં મળી ગયા. અને ગીર્દી ભારે થઇ ગઇ. એક પ્રહર સૂધી આ મહાયુદ્ધ શરૂ રહ્યું. તેમાં પોતાના અને પારકાને ઓળખવાનો વખત રહ્યો નહોતો. પઠાણો સમશેર મારવામાં કાબેલ હતા તેમ મહારાષ્ટ્રીયો કંઇ કાચા નહોતા. આ અવ્યવસ્થિત યુદ્ધ જોતાંજ ભાઉ સાહેબે બલવંતરાવ ગણપત મેંઢળેને ત્રણ ટોળીઓથી હલ્લો કરવાને આજ્ઞા કરી.

**સદાશિવરાવ ભાઉ**એ એક બાજુએ **સમશેર બહાદુર** તથા **દામાજી ગાયકવાડ** તથા **નારોશંકર**ને મોકલ્યા, અને બીજી બાજુએ **યશવંતરાવ પવાર** તથા **ઈબ્રાહિમખાન ગાર્દી**ને મોકલ્યા અને વચ્ચેથી ખાસા લશ્કરે મારો ચલાવ્યો. આવી રીતે ત્રણ બાજુએથી કુતુબશાહ ઉપર ત્રણ ટુકડીથી હલ્લો થયો. હુમલાનો વેગ અમાનુષિક, અનિવાર્ય હતો. હર હર મહાદેવની મહાગર્જના કરતો **બલવંતરાવ મેંઢળે**, હાથમાં તલવાર લઇ, ભીષણ વેગથી યવનો ઉપર તુટી પડયો, અને બીજી બાજુએથી ઉન્મત્ત થયેલો **દામાજી ગાયકવાડ**, મહાગર્જના કરી તેમને ઘેરી વળ્યો. ત્રણે બાજુના મારાથી કુતુબશાહના પ્રસિદ્ધ રણનિપુણ વીરો મરાયા, અને તેનું સૈન્ય કેવળ ગતિભંગ થઇ ગયું. સુસવાટા મારતો સમશેરનો મારો ચાલી રહ્યો, લોહીની નીકો વહી રહી, એક ક્ષણભર સૂધી અવર્ણનીય વીરત્ત્વતા ચલકી રહી, મનુષ્ય દેહના ઢગલાનો ગંજ વળી ગયો, યુદ્ધ નાદથી ગગન ભેદાઇ ગયું અને મૃતદેહથી રણભૂમિ ભરાઇ જવા આવી. એટલામાં મહારાષ્ટ્રીયોના મારાથી મુસલમાનોની હાર તુટી, ને ગગન મંડળને ગર્જાવી મૂકે એવી

મહાગર્જના થઇ. સર્વેએ તે તરફ દૃષ્ટિ કરી તો, દામાજી ગાયકવાડ, કુતુબશાહને કેદ કરી લઇ આવતો દૃષ્ટિગોચર થયો.

મહારાષ્ટ્રીયો આ જયથી મહા ઉન્મત્ત દશાને પ્રાપ્ત થયા. શૂરત્વની ઝૂમમાં, કરુણાના ગૌરવને ભૂલી જઇ, ઘાતકી કાર્યમાં પડયા. નિરપરાધીઓનો સંહાર વાળવા માંડયો. પાંચ છ હજાર માણસોને ઠાર કરી નાંખ્યા. કરુણાનો ત્રાસજનક ધ્વનિ, સર્વને કંપાવી રહ્યો. શહેરમાં લશ્કર દાખલ થયું. વસ્તિને લૂટી, આગ લગાડી પાયમાલ કરી નાંખી. અનેક વૃદ્ધ, તરુણ, બાલક અને બાલકીઓના ઉપર, વગર પ્રયોજને શસ્ત્રોના પ્રહાર થયા, અને ઘણાના પ્રાણ ગયા.

કુંજપુરામાં દાખલ થયેલા વીરોએ રાજ્યદ્વારી પુરુષોની શોધ કરી, તેમાં નજીબખાન રોહિલાનો જમાઇ તથા સૈયદખાન કતલબાજ કેદ પકડાયા.

લૂટ કરવાના ઉદ્યોગમાં સકળ સૈન્ય ગુંથાઇ ગયું હતું. કેટલાંકે ઘોડા, હાથી, ઉંટ તથા બલદો લુટમાં મેલવ્યાં, ત્યારે કેટલાંકે અલંકાર અને પટકુલો લૂટમાં મેલવ્યાં. દરેક યોદ્ધાએ પોતાની શક્તિ અને જુક્તિ પ્રમાણે થોડું કે ઘણું મેલવ્યું હતું. આ સમયે જનકોજી સિંધિયાને મહા આનંદ થયો. જહવેરગંજ નામનો તેનો અતિ પ્રિય હાથી, જે દત્તાજી સાથે થયેલા યુદ્ધમાં કુતુબશાહને હાથ ગયો હતો, તે આ સમયે જનકોજીને હાથ આવ્યો. જહવેરગંજે ઘણે કાલે સ્વામીને જોઇ હષ ગર્જના કરી, જનકોજી તે સાંભળી પ્રેમમાં મત્ત થયો. વિજયના હર્ષ સમયમાં ઘણા કાલના વિખુટા પડેલા: વહાલા હાથીને જોઇ, જનકોજીના હર્ષમાં બમણો વધારો થયો. પ્રાણી વર્ગમાં જ્ઞાનિ ગણાતાં પ્રાણીએ સ્વામીને સુંઢવતી વધાવી લીધો, પ્રેમનાં ચિહ્ન દર્શાવતાં પ્રાણીની આંખમાંથી પ્રેમાશ્રુની ધારા વહી, તેને નિહાળી જનકોજી પણ પ્રેમાનંદમાં મગ્ન થઇ ગયો. તેનું હૃદય દ્રવિત થયું અને આંખમાંથી પ્રેમનાં બિન્દુ ખર્યાં. આ અનિવાર્ય પ્રેમની પરિસીમા ભેદ પડાવવાની આપણે જરૂર નથી, એ તો સૃષ્ટિના પ્રેમબંધનની શૃંખલાનો પ્રભાવ છે.

જહવેરગંજ હાથ લાગવાથી દત્તાજીનો શિરચ્છેદ થયેલો તે વર્તમાન સર્વની સ્મરણ શક્તિમાં તાજો થયો અને કુતુબશાહ ઉપર મહાદ્વેષને ઉત્તેજિત કર્યો. સદાશિવરાવના મનમાં મહાદ્વેષનું ભૂત ભરાયું. તેની ઇચ્છા કુતુબશાહ ઉપર વેર લેવાને ઉશ્કેરાઇ, એટલામાં કુતુબશાહને હાથી ઉપર બેસાડીને દામાજી ગાયકવાડ તેમના તરફ આવતા દૃષ્ટિગોચર થયા

સદાશિવરાવ ભાઉ તેને જોતાંજ મહાગર્જના કરી બોલી ઉઠયો, “શા માટે આ દુષ્ટ ઘાતકી યવનને હાથી ઉપર બેસાડી સન્માનથી લાવો છો? એ પાપીને હાથી ઉપરથી ફેંકી દ્યો.”

એટલામાં હાથી સમીપ આવી પહોંચ્યો. કુતુબશાહને લઇ દામાજી ગાયકવાડ, ભાઉ સાહેબ પાસે હાજર થયો.

કંપિત દેહથી, શિથિલ દેખાતો, તેજશૂન્ય, કુતુબશાહ, ધીમે ધીમે, ભયથી, ભાઉ પાસે આવી ઉભો.

હોઠ ઉપર દાંત પીસી, ક્રોધાવેશથી લાલ આંખોથી ક્રોધ દર્શાવતો સદાશિવરાવ બોલ્યો, "પાપિષ્ઠ, કપટાચારી, તું શા રંગમાં છે?"

કુતુબશાહ, ક્ષણવાર તો પથ્થરની મૂર્તિની પેઠેમ સ્થિર થઈગયો, અને વિદ્યુત્‌ના વજ્રઘાતથી ભ્રાંતિ રહિત થયો હોય, તેવી સ્થિતિને અનુભવતો, ધીમે ધીમે, કપાલ ઉપર વળેલા પરસેવાને લૂછતો, આજીજી કરી બોલ્યો, "હજુરના હુકમને આધીન છું."

ક્રોધ કંપિત સ્વરથી સદાશિવરાવ બોલ્યો, "દુષ્ટ! તારી શી યોજના ઘડવી તેના ખ્યાલમાંજ છું."

કંપિત થતાં દેહને સ્થિતિમાં આણતાં, કંપિત સ્વરથી કુતુબશાહ આજીજી કરી બોલ્યો, "ખાવિંદનો હુકમ હોય તો, તમારી ઇચ્છા પ્રમાણે દુરાની તથા નજીબખાન રોહિલા સાથે સલાહ કરાવવા તૈયાર છું. દુરાનીને હિન્દુસ્થાનથી પાછો કાબુલ વિદાય કરૂં, અને યુદ્ધ કરવાની આપને જરૂર ન પડે, એવું આપની મરજી પ્રમાણે કરાવી આપું, તેમ છતાં યુદ્ધ કરવાની આપની મરજી હોય તો આપ તેમ કરજો. પરંતુ પચાસ લાખ રૂપિઆ લઈ મારા દેહને બચાવો, એટલુંજ નહિ, પરંતુ આપ નામદારને તાબે રહી ખંડણી આપવા તૈયાર છું."

સદાશિવરાવ ભાઉ, ક્રોધાવેશમાં વિકૃત થયેલા મુખથી બરાડ પાડીબોલ્યો, "પાપિષ્ઠ! તહારી ચેષ્ટા ફોકટ છે, તારી આજીજી મને અસર કરનાર નથી, તારી મદદ માંગવા હું દક્ષિણથી અહિઆં સૂધી આવ્યો નથી, હું દુરાનીની દરકાર કરતો નથી, નજીબખાનની નામર્દાઈથી વાકેફ છું, સુજાઉદ્દૌલાની શૂરત્વતાને માપી ગયો છું. ભાઉ આજ કાલનો યોદ્ધો નથી, તેને તારી તથા તારા રણનૈપુણ્ય વીરોની દરકાર નથી. દિલ્લીને ડગમગાવ્યું છે, અને રૂમશામને રોળવા જનાર છું, તે તારી હિંમતથી થનાર નથી."

ધીરે રહી આર્જવ નાદથી કુતુબશાહ બોલ્યો–"ખાવિંદ! મારો જાન હરેક તરકીબથી બચાવો."

સિંહ ગર્જનાથી સદાશિવરાવ ભાઉ બોલ્યો, "દુષ્ટ! દત્તાજીનો શિરચ્છેદ કરનાર તુંજ છે."

કુતુબશાહ, આ શબ્દ સાંભળતાં જરા કંપિત થયો. તે ક્ષણભર કંઈ પણ જવાબ ન આપતાં, સ્થિર ઉભો રહ્યો. ભાઉ સાહેબની મુખમુદ્રા ઉપરથી તેના અંતર દ્વેષની વૃત્તિને તે પામી ગયો, અને તેથી

તેની ખાત્રી થઇ કે પ્રાણાન્ત સુધી **ભાઉ** છોડનાર નથી, માટે આર્જવતાથી દીનતા બતાવવી યોગ્ય નથી. તેથી વજ્ર જેવી છાતી કરી વીરત્ત્વથી પ્રતિઉત્તર દીધો, "દત્તાજીનું ભાવી હતું તે થયું. શત્રુનો શિરચ્છેદ કરી ભાલા ઉપર ખોસી વાજીંત્ર સાથે ફેરવવાનો કુરાનમાં હૂકમ છે, તે હૂકમ પ્રમાણે મેં મારો સ્વધર્મ બજાવ્યો છે."

છંછેડાયલા સિંહની પઠેમ ઉન્મત્ત થઈ ક્રોધ ગર્જના કરતા **સદાશિવરાવ ભાઉએ**, સમશેરને ચળકાવતાં હૂકમ આપ્યો, "દત્તાજીની હત્યા કરનારને પ્રાણ દંડની શિક્ષા છે. નિશાન પાસે લઇ જઇ એનો શિરચ્છેદ કરો." સર્વે ક્ષણભર નિસ્તબ્ધ થઇ ગયા. **મહલ્લારરાવ હોલકર, જનકોજી સિન્ધિયા**, દામાજી ગાયકવાડ, એક બીજા સામું મુંગા મુંગા જોઇ રહ્યા.

**મહલ્લારરાવ હોલકર**, ગંભીર મુખ મુદ્રા કરી બોલ્યો, "ક્ષમા કરો, મહારાજ, ક્ષમા કરો. જિતેલાને મારવો મુશ્કેલ નથી, એમાં જયની મહત્તા નથી, જગતમાં પ્રશંસા નથી. વીર પુરુષો ઉદય અસ્તના ચક્ર પ્રમાણે વારા ફેરા લે છે. આજે એને, કાલે આપણે! યુદ્ધના નિયમોના આપ જાણકાર છો, માટે મારા જેવા વૃદ્ધની સલાહની અવગણના નહિ કરશો એવી આશા છે. કુતુબશાહને મારવા કરતાં જીવતો રાખવામાં સર્વ લાભની પ્રાપ્તિ છે."

**સદાશિવરાવ ભાઉ**, ક્રોધથી મુખ મુદ્રાને વિકૃત કરતો બોલ્યો, "મારી આજ્ઞાનો ભંગ થયેલો જોવા રાજી નથી. દત્તાજીનો વધ કરનાર દુષ્ટ ઉપર દયા શી?"

**જનકોજી સિંધિયા**: મહારાજ! એનો પ્રાણ લેવાથી દત્તાજી સજીવન થનાર નથી, એની દુષ્ટતા ઉપર આપે જોવાનું નથી. એનાથી મહત્ કાર્યો પાર પડવાનો સંભવ છે, આપણે ભવિષ્યમાં પ્રબળ યુદ્ધવેત્તા સાથે યુદ્ધ કરવાનું છે, તેમાં એ જીવતો રાખેલો ઘણો કામનો થઇ પડશે. શત્રુને મારવો તેના કરતાં મારી નાંખવાના ભયમાં રાખવો એ ઉત્તમ છે. માથા ઉંપર ઉગામેલી તલવાર જે કાર્ય કરે છે, તે કાર્ય સમશેરથી શિરચ્છેદ થયા પછી થતું નથી. મોતના ભયથી શત્રુ અનુકૂળ રહે છે અને સહીસલામત છોડાવવાની લાલચથી તેના સાથીઓ આપણે પ્રતિકૂળ થતા ડરે છે; પણ આશાનું અંકૂર નષ્ટ થતાં વિરોધતા વધે છે, માટે કુતુબશાહની જીવન આશાને નષ્ટ ન કરવા મારી વિનંતિ છે."

**સદાશિવરાવ ભાઉ**: આ સંસારમાં સર્વ છે, તે માન ગૌરવને માટે છે. મોતનો બદલો મોતથીજ લેવો એવો મારો નિશ્ચય છે, કે જેથી આ દાખલો ભવિષ્યમાં સર્વને દૃષ્ટાંતભૂત થાય. ઇશ્વરે ન્યાય કરાવવા સારૂજ–આ દુષ્ટને બંધિવાન કરાવ્યો છે, અને જ્યારે એ દુષ્ટનો વધ થશે ત્યારેજ મારા મનને શાંતા વળશે."

દામાજી ગાયકવાડ: વૃદ્ધ હોલકર સરકારની સલાહ પ્રસંશાપાત્ર છે, તેમજ જંકોજીના મનમાં દત્તાજીનું વેર લેવા કરતાં, સમયનું મહત્કાર્ય સાધી લેવાનું વસ્યું છે, તે વિશેષ શ્રેષ્ઠ છે, અને અમો સર્વ તમો નામદારને એજ અરજ કરીએ છીએ કે કુતુબશાહને બચાવી, મહત્ કાર્યને સંપાદન કરો.

સદાશિવરાવ ભાઉ: ગુસ્સાના આવેશમાં બોલ્યો, "હું એને ક્ષમા કરનાર નથી. મારી આજ્ઞાનો ભંગ કરશે તેને શિક્ષા કરીશ. એ દુષ્ટનો હમણાં ને હમણાં શિરચ્છેદ કરો," એમ કહી ત્રણ ફેરી હુકમ કર્યો. સર્વે સ્તબ્ધ થઇ ગયા. કુતુબશાહ ગગળી ગયો, તેની ચક્ષુમાંથી આંસુનો પ્રવાહ ચાલવા માંડયો, તેણે આર્જવતાથી પાણીને માટે માગણી કરી.

કુતુબશાહે પાણી પીવા માંગ્યુ, એ શબ્દ કર્ણ ઉપર પછડાતાંજ, સદાશિવરાવ ભાઉ ગર્જના કરી બોલ્યો, "આને લઘુશંકાનું પાણી પાઓ."

આ શબ્દધ્વનિએ સર્વને કંપાવી મૂકયા, અને દયાના ઉદધીને ઉભરાવ્યો. સર્વના મનમાં દયા વશી, પણ કોઇની હિમ્મત ઘુંટડો પાણી આપવાની થઈ નહિ. પાણી પાણી કરતો દત્તાજીનો ખૂની, પણ જગતમાં ગણાતો એક અમીર, લશ્કરી નિશાન પાસે, દીનતાથી ગયો. તે વખતે તેના મનમાં તેનાં પૂર્વનાં પાપો તરી આવ્યાં અને જગતમાં પાપાચરણ કરનારને પોતાનાં દૃષ્ટાંતથી શિક્ષણ આપતો હોય તેમ દર્શાવતો, ધ્રુજતે શરીરે ઉભો રહ્યો એટલામાં તો વિદ્યુત જેવી તલવારે તેના દેહથી તેના શરીરને જૂદું પાડયું ! એટલુંજ નહિ, પણ તેના દેહના અનેક ટુકડા કરી, કોહલાં કુતરાંને સ્વાધીન કીધા અને તેજ દશાને સૈયદખાન કતલબાજ પામ્યો. હવે આ કરુણાજનક નાટકપર પડદો નાંખી દેવો જરૂરનો છે.

પણ નજીબખાન રોહિલાનો વહેવાઇ તથા જમાઇ કેદ પકડાયા, તેની છાતી ઉપર ચઢી બેસી મોટા મોટા પલીતાઓ ચાંપી તથા મરચાંની ધૂનિઓ દઇ, તે કાલની ઘાતકી મરેઠી પદ્ધતિ પ્રમાણે ત્રાહે ત્રાહે પોકરાવી ! પંદર લાખ રૂપિઆ કહડાવ્યા અને તેમને કેદ કરાવ્યા. દુરાનીના દરબારમાં આ વર્તમાન જણાઇ ચૂકયા છે.

આ વિજયથી બલવંતરાવ ગણપત મેંઢળે ફુલીને ફાલકો બની ગયો. તેણે હોલકર તથા સિંધિયાને, ભાઉ સાહેબ પાસે આવતા જોઇ, સદાશિવરાવ ભાઉના કાનમાં વિષ રેડયું, "ઘરડો ખુવડ હોલકર અને તરુણ જંકોજી ઘણા કાલનાં હિંદુસ્થાનમાં સ્વારી અર્થે આવે છે, તેમનાથી આપણો જય જોઇ ખમાતો નથી. ક્ષણે ને ક્ષણે દુરાનીની દેહેસત આપ્યા કરે છે. દુરાનીનું વીરત્વ આપના પ્રતાપ આગળ કંઇ વિસાતમાં નથી. દિલ્લી અને કુંજપરાના જયથી આપનો પ્રતાપ જગતમાં પસરી

રહ્યો છે, અને દુરાની આપના વીરત્ત્વના મહાતેજના તાપને સાંખી શકનાર નથી. તે કોણ જાણે કયાંએ ચાલ્યો જશે! જણાશે પણ નહિ. પરંતુ હોલકર તથા સિન્ધિયા તેના ગુણનું વર્ણન કરવાનું લઈ બેઠા છે, તેને પત કરતા નહિ."

**ભાઉસાહેબ**ના કાનમાં વિષ રેડાઇને પૂર્ણ થયું કે, **હોલકર** અને **સિન્ધિયા** તંબુમાં દાખલ થયા. જય માટે અભિવંદન દેતાં, **મહલારરાવ હોલકર** બોલ્યો કે, 'આપ મહાત્મા વીરત્ત્વના બળથી યશસ્વી થયા છો, તો હવે અત્રે ન પડી રહેતાં, જેમ બને તેમ ત્વરાથી દિલ્હી જવું અવસ્યનું છે, ત્યાં સર્વ પ્રકારતું રક્ષણ મળે એવાં સાધનો છે, કેમકે માથા ઉપર શત્રુ સબળ છે."

**બલવંતરાવ મેંઢળે** વ્યંગોક્તિમાં બોલ્યો, "સુબેદાર! તમારા મનમાં અબદાલીનો એટલો બધો ધાક કેમ પેસી ગયો છે? રાત્રીએ સ્વપ્નામાં પણ અબદાલીનીજ શેહ પડતી હશે."

**મહલારરાવ હોલકરઃ** વીરત્ત્વના રંગ જોયા નથી, તેના ચાળા છે.

**બલવંતરાવ મેંઢળેઃ** જોયા અને ખેલ્યા.

**મહલારરાવ હોલકરઃ** રણ રંગમાં વીર પુરુષોની ખરી સિંહ ગર્જના જોશો ત્યારે જણાશે.

**બલવંતરાવ મેંઢળેઃ** શત્રુના વીરત્ત્વની પ્રશંસા કરી બાલકો ડરાવવાનું છોડી ધો તો સારૂં.

**મહલારરાવ હોલકરઃ** સત્ય અને ઉત્તમ લાગે છે તે કહીએ, છીએ, પછી બાપા, તમારી મરજી." વિલક્ષણ રીતે હું પદ ગૌરવને દર્શાવતાં અહંકૃતિ ભરેલી દૃષ્ટિ કરી, **હોલકર** તથા **સિંધિયા**નું, **બલવંતરાવ મેંઢળે**એ અપમાન કર્યું.

અપમાનિત થયેલા વીર પુરુષોએ **સદાશિવરાવ**ને મુજરો કરી, ક્રોધાવેશમાં રજા લીધી. સૈન્યે કુંજપરામાં આનંદિત થઇ મહાલવા માંડયું. આવી રીતે આનંદમાં મસ્ત થયેલા લસ્કરને, દુરાની **યમુના** પાર ઉતરીને આવે છે, એવી સૂચના, રાધાના પ્રયત્નથી થઈ હતી, જે આપણે પાછળ વાંચી ગયા છીએ.

# પ્રકરણ ૨૫ મું.

——:o:——

## મહાયુદ્ધના પડઘા.

જેને પોષણ નીચનું કરિ ઉછેર્યા, લાજ જેણે તજી;
પૂર્વે પાપ કરેલ જે ભુલિ ગયો, સંપતી દૈવે સજી:
દ્વેષી જે ગુણી જનનો, સરવ એવા ગુણ જેમાં ભળે;
તેવા દુર્જનનાજ આશ્રય તળે, કહો સુખ કોને મળે?
(નીતિ શતક.)

તા૦ ૨૫ મી અકટોમ્બર સને ૧૭૬૦. અબ્દાલીએ યમુના પાર કરી. એ વર્તમાન મળતાંજ ભાઉ સાહેબ ઉત્તેજિત થયો. અમાનુષિક ચંચળતાને ધારણ કરી, વિદ્યુત જેવી ચક્ષુઓને ચોગરદમ ચળકાવતો ઉદ્યોગે લાગ્યો. તેણે સૈનિકોને હૂકમ ઉપર હૂકમો આપ્યા. એટલામાં તો ભાલદારો સુવર્ણ છડીઓને હાથમાં ચળકાવતા એકથી બીજા સરદારોના તંબુઓમાં વર્દી આપવા દોડયા. ક્ષણ માત્રમાં ભાઉ સાહેબના રણ તંબુમાં નાના મોટા સઘળા સરદારોએ પોતાની હાજરી આપી. રેશમી કિનાતો અને ભરગચ્ચિથી ભરેલા રુઆબદાર તંબુમાં સરદારોનો રોપ થોડા સમયમાં તો ભભક મારતો બીરાજી રહ્યો.

સદાશિવરાવ ભાઉ: વીર પુરુષો! દૈવ કૃપાથી અને તમારા વીરત્ત્વની સહાયતાથી, કુંજપુરાનો કિલ્લો હસ્તગત કરી, આપણે સર્વેએ વિજય હર્ષનો નૂતન આનંદકલ્લોલ અનુભવ્યો છે. વિજયાનંદના હર્ષ કલ્લોલમાં રમણ કરતાં મારા વહાલા સરદારો અને સૈનિકો! આજના વર્તમાને આપણ સર્વેને ચિરકાળી કીર્તિ સંપાદન કરવા, અને આથી પણ મહા વિજયાનંદ અનુભવાવવા, તક આપી છે. વીરો! રણશૂરોનું આનંદભુવન રણસ્થાન છે. જેમ જેમ વીરશ્રીની મહત્તાથી વીર પુરુષ વીરત્વથી વિજયને પામે છે, તેમ તેમ તે મહા આનંદ અનુભવે છે. અત્યાર સૂધી તમો વિજેતા થયા છો, વીરશ્રીથી શત્રુને શેહ આપી મહત્ત્વ સ્થાપ્યું છે, તેથી પણ વિશેષ મહત્ત્વ સ્થાપવાની તક પાસે આવી છે. દુનિયામાં અજિતપણાંનો દાવો કરવા નિકળેલો નિર્માલ્ય દુરાની, તમારાથી રોળાવા, ચોળાવા, અરે મહારાષ્ટ્રીય વીરોની વીરત્વ ભરેલી જ્વાલામાં ભસ્મિભૂત થવા યમુના ઉતરી ચૂકયો છે, તેને શાસન દેવાને મેં તમોને બોલાવ્યા છે."

એ સાંભળતાંજ વીરત્વના તેજોમય ઓજસથી સર્વ ઉપર છાપ પાડતો બાળ સૂર્ય જેવો જંકોજી સિન્ધિયા પોતાની જગોએથી ઉઠી બોલ્યો, "દુષ્ટ દુરાચારિ, હૃદય શૂન્યને આવવા દો, પ્રભુની પ્રભુતા તેને યોગ્ય શાસને પહોંચાડશે."

**સદાશિવરાવ ભાઉઃ** વીરો! અબ્દાલી અમાનુષિક ત્વરાથી એકાએક યમુના ઉતરીને આવ્યો છે, એ ઉપરથી તેનું બળ ભારી જણાય છે. તેથી તેને મહાત કરવાને શું યત્ન કરવો જરૂરનો છે તે કહો?"

**મહલ્લારરાવ હોલકરઃ** આપને એ સંબંધમાં પેસ્તર નિવેદન કરેલું હતું, હવે બલવંતરાવને પૂછો."

**બલવંતરાવ મેંઢળેઃ** યુદ્ધ વેત્તાઓએ શત્રુ આવે તારે રમણિઓની પઠેમ મહેણાં ઓઠાં કરવાં એ તો આજેજ જોયું.

**મહલ્લારરાવ હોલકરઃ** મારું કહેવું તમને અનુકૂળ પડતું નથી. મારી તો સાઠે બુદ્ધિ નાઠી જેવી ગત થઇ છે. મસલત કરવાને સમયે તમારે પ્રતિકૂળતા કરવી અને હવે ઠપકો આપવો એ પણ ઠીક છે.

**યશવંતરાવ પવારઃ** હાલ તો આવેલા વખતનો વિચાર કરવાનો છે.

ઉંડો નિશાસો મૂકતાં, **જનાર્દન ભાનુ** બોલ્યો, "આર્ય રાજ્યનો વિનાશ કરનાર, તથા આર્યના દેવોને અપમાનિત કરનાર, ભીષણ પાતકી, શસ્ત્ર સજી રણઘોષ કરતો આવે છે. તે સમયે આગલી પાછલીનો વિચાર કરવાનો નથી. ફકત તેને સેહ આપવાનો જે માર્ગ સૂજે તેજ વિચાર કરવાનો છે.

**મહલ્લારરાવ હોલકર,** ગંભીર સ્વરે, પણ ગુસ્સાના આવશેમાં બોલ્યો, "હાલની અવસ્થા જોતાં તો હું કેવળ વિલક્ષણતાજ ભાળું છું. મારા વિચાર સારા લાગો કે ન લાગો, તોપણ સત્ય પરાયણ મારે કહેવું જોઇએ તે હું કહી દઊં છું કે, બંધુ બલવંતરાવના મગજમાં વિલક્ષણતાનું જે ભૂત ભરાયું છે તે ખાલી ભ્રાંતિમાં નાખી ભમાવી મારે છે, અને પ્રત્યેક પ્રસંગે એમણે દર્શાવેલી વિરોધતાજ આખર સરવાલે આપણા સર્વની વિરુદ્ધ પ્રચંડ શક્તિ ધારણ કરી ઉભી રહે છે, અને તેથી મહા વિટંબણા અને મહાભયમાં ફસીએ છીએ. યુદ્ધમાં વિજય થનારે દરેક પળે ને પળે બહુ વિચારવાનું છે. સનાતન નિયમોને આધારે ઉત્તમ બચાવ શોધવાની જરૂર હતી, તે મેં તથા જનકોજી સિન્ધિયાએ નિવેદન કર્યું હતું. છતાં કપોળ કલ્પિત તરંગોને તાબે થઇ, ફક્ત વિરોધતા બતાવવાને ખાતરજ, કુંજપરામાં લસ્કરને અટકાવી રાખવાનો આગ્રહ કરી, બલવંતરાવે નાશના માર્ગમાં સર્વને આણ્યા છે. મારૂં કહેવું કડવું ઝેર જેવું લાગે તેની મને જરા પણ દરકાર નથી, પરંતુ જ્યારે જ્યારે ઉત્તમ યોજના હમારા તરફથી રજુ થાય છે, ત્યારે ત્યારે પ્રતિકૂળતા બતાવી રાજ્યનીતિના નિયમોથી ઉલટી રીતે વર્તણુક બતાવાય છે, અને તે સ્વીકારાય છે. એવી ખોટી ચતુરાઇનો ત્યાગ થાય તો સારૂં. અમો કંઇ કાયર બની હાથમાં સમશેર ઝાલી નથી, પરંતુ બકરીને મારવા જનારે સો સેરને જેર કરવા જેટલો વિચાર કરવો જરૂરનો છે. આ બધી ગુંચવણ બલવંતરાવે નાંખી છે, માટે એનો રસ્તો એમનાથીજ કહાડો."

ક્રોધને વશીભૂત થયેલો બલવંતરાવ મેંઢજે બોલવા જતો હતો, તેનો હાથ દબાવી અંતાજી માણકેશ્વર બોલ્યો, "જેથી હાનિ થઈ હોય તેને બુદ્ધિમાન પુરુષો વારેવારે વિચારી, ગ્લાનિ પામી તેજહીન થતાં નથી. પરંતુ સૂક્ષ્મમાં સૂક્ષ્મ બારીકીથી શત્રુને નાશ કરવા તત્પર રહેછે. સામા પક્ષમાં મોટા માર્ગથી જવાનું પ્રથમ જો ન બને તો ઘણે સાંકડે રસ્તેથી પણ અંદર જઈ શત્રુ તેનો નાશ કરે છે, જેમકે ન્હાના છિદ્રથી નૌકાની અંદર પેઠેલું જળ મોટી નૌકા ડૂબાડે છે તેમ."

મહલ્લારરાવ હોલકરઃ મેં તો પ્રથમથીજ મારો નિશ્ચય બતાવેલો છે કે દિલ્લી જવ, કે ત્યાં સર્વ પ્રકારનું રક્ષણ મળશે. પ્રત્યેક ક્ષુદ્ર વિષયમાં માથું લગાડવું ને મદાભિમાનથી કિંવા અલ્પબુદ્ધિથી આડે રસ્તે દોરાવું અને ખરે રસ્તેથી દૂર જવું અને પ્રત્યેકને ખેંચવા ને ફસાવવા એ ઉત્તમ નથી. મારે પ્રત્યેક સમયે એથીજ બોલવું પડે છે. બુદ્ધિમાન્ પુરુષોએ સર્વદા મહત્કાર્ય કરવાને તત્પર રહેવું એ શોભા આપનારું છે પણ પતંગીયા માફક ઝંપલાવવું એ મૂર્ખતા છે. મારો અભિપ્રાય સુરક્ષિત થવાય એટલા સારુજ દિલ્લી જવાનો છે.

સોનજી ભાપકરઃ મારા હૃદયમાં જે વિચાર સ્ફુરાયમાન થઈ રહ્યો હતો, તેજ આપે દર્શાવ્યો છે.

સમશેર બહાદુરઃ તો હવે વાંધો શું છે. હા, દિલ્લી જવું અને ફરી જવું. એમાંજ સર્વ લાભની પ્રાપ્તિ છે.

ઇબ્રાહિમખાનઃ અબદાલીનું સૈન્ય દોડ કરવામાં સમર્થ છે, માટે તેના સૈન્યથી આપણા લશ્કરનો બચાવ કરી કુચ કરવાનું કામ કઠણ છે. મરેઠી રીત પ્રમાણે કાવા કરી નાસાનાસ કરનારનો મારાથી બચાવ થઇ શકશે નહિ. સર્વ સૈન્યના બળને એકદમ વ્યૂહ રચનામાં મૂકી ગતિ કરવા હું ધારૂં છું. તે પ્રમાણે બધા વર્તે તો હું સર્વને સહિસલામત દિલ્લીના કિલ્લામાં દાખલ કરવાને શક્તિવાન થઇશ એમ ધારૂં છું.

દિલ્લી જવાના વિચારનો નિશ્ચય કરી, જાહોઝલાલીથી અપૂર્વ શોભાના સાગર બનેલું મહારાષ્ટ્રીય સૈન્ય, કુંજપરાને મૂકી દિલ્લી તરફ ચાલ્યું.

ઉપરનો બનાવ બન્યા પછી શત્રુના સૈન્યની બાતમી મેળવવા સારુ સદાશિવરાવ ભાઉએ બાજી હરિ તથા ભગવંતરાય કદમ તથા યસોજી ભોઇટે વગેરેને, પાંચ હજાર સૈન્ય સાથે મોકલ્યા. મહારાષ્ટ્રીય સૈન્ય આનંદમાં મત્ત થયેલું. પ્રયાણ કરતું કરતું, દુરાનીના સૈન્યથી પાંચ મૈલ જેટલે અંતરે આવ્યું. યસોજી ભોઇટે પોતાના લશ્કરને તૈયાર રહેવાને આજ્ઞા કરી, રણતુરનો નાદ કરાવી સાવચેત કર્યું અને પોતાના સાથીઓને જણાવ્યું કે, "દુરાની, મોગલોના જેવો અવ્યવસ્થિત નથી,

પણ વીરશ્રીની રેલછેલ ઉરાડનાર સમુદ્રના મોજાની પઠેમ ગતિ કરનાર છે. અને પલક દરિયાવ થઇ જાય છે. તેમ, જોત જોતામાં દુરાનીનું સૈન્ય આ રણભૂમિને ક્ષણ માત્રમાં યોદ્ધાઓના સમૂહથી ભરી દેશે, માટે સાવધાન થઇ મોરચા બાંધી ઉભા રહો."

ગર્વથી મત્ત થયેલા સૈનિકોએ **યસોજી ભોઇટે**નું હાસ્ય કર્યું. સિંધિયા તથા હોલકરના માણસોએ પ્રતિ ઉત્તરમાં જણાવ્યું કે, "તમોને જેમ દુરાની મહાવીર જણાય છે તેમ તેની વીરત્વની અમારા ઉપર છાપ પડતી નથી. તીક્ષ્ણ સમશેર, શત્રુને સેહ આપવા માટે હાથમાં પકડેલી છે, એને આવવા તો દો, પછી સપાટો બતાવીશું," એમ કહી સર્વે આનંદ મત્ત થઇ મહાલવા લાગ્યા. કેટલાકો હુક્કો ગગડાવી રહ્યા છે, કેટલાકો ઘોડાને પાણી પાવા ગયા છે, કેટલાકો ઝાડ નીચે પાથરણાં પાથરી આડા થયા છે અને કેટલાકો આનંદ કલ્લોલમાં મત્ત થઇ તાલીઓ આપી રહ્યા છે. એટલામાં ઝાડ ઉપર ચઢી અવલોકન કરનાર જાસુસે **યસોજી ભોઇટે**ને સૂચવ્યું કે, "દુરાનીના સૈન્યની ધુળ બે માઇલ ઉપર ઉડતી દેખાઇ છે." આ શબ્દધ્વનિ કાન ઉપર પછડાતાંજ, **યસોજી ભોઇટ** પોતાનું સૈન્ય લઈ મોખરે ધસ્યો અને બીજું સૈન્ય પોતાની તૈયારીમાં પડ્યું. એટલામાં તો વિદ્યુત્ જેવી ત્વરા કરતું દુરાનીનું સૈન્ય, સરદાર **પસનદખાન**ની સરદારી નીચે, ગર્જના કરતું ધસી આવતું દૃષ્ટિગોચર થયું. સૈનિકોનો આકાશ ફાડી નાખે એવો કોલાહલ સાંભળતાનીજ સાથે, બેફામ રહેલા મરેઠાઓ આશ્ચર્ય ચકિત થઇ ગયા અને ગાભરા ગાભરા તયારી કરવા મંડી ગયા, એટલામાં તો **સરદાર પસનદખાને** પોતાના સૈન્યને મીસળસર ગોઠવી હલ્લો શરૂ કીધો. **પસનદખાન** પાસે ચાર હજાર સૈન્ય કડીતોડ હતું. તે મહા ગર્જના કરતું મરેઠા સૈન્ય ઉપર ટૂટી પડ્યું. ક્ષણ માત્રમાં તો રણક્ષેત્ર ભયાનક થઇ ગયું. અલ્લા, અલ્લાનો ધ્વનિ ચારે બાજુએ ગર્જી રહ્યો. આ સમયે **યસોજી ભોઇટે**ના વીર પુરુષો પુરુષાર્થ દર્શાવતા રણરંગ જમાવતા હતા, ત્યારે અસાવધ વીરો, ચિન્તાતુર બની નહાસભાગ કરવા લાગ્યા હતા. **પસનદખાને** આ તકનો લાભ લઇ કતલ ચલાવી. આ કતલમાં મરાઠાના બારસેં સ્વારો મરાયા અને **બાજી હરી** રણભૂમિ મૂકીને પલાયન કરી ગયો.

આ શોકાન્વિત વર્તમાન મહારાષ્ટ્રીય સૈન્યમાં પહોંચતાજ, લશ્કરનું હીર મોડાઇ ગયું અને દિલ્લી જવાની હીમત નાબુદ થવાથી **પાણીપત**માં મુકામ કરવાનું ઠર્યું.

વીરનાદથી વીરહાક વગાડતું મહારાષ્ટ્રીય સૈન્ય **પાણીપત**માં આવી પડ્યું. આ સમયે **ભાઉ** સાહેબ પાસે ૫૫૦૦૦ સ્વાર તથા ૧૫૦૦૦ પાયદળ અને બસેં તોપો અને તે સિવાય પિંઢારા અને બણુગાનાં મા-

ણુસો મળી આશરે બે લાખ લશ્કરનો સમૂહ હતો. ભાઉ સાહેબે મ-ક્કમતાથી યોગ્ય સ્થળ શોધી કહાડી છાવણી નાખી. તેની ચારે બાજુએ આઠ હાથ ઉંડી અને તેત્રીસ હાથ પહોળી ખાઈ ખોદાવી દીધી અને ધુલીયા બૂરજો કરી તે ઉપર તોપો ગોઠવી, યોગ્ય રક્ષણમાં સૈન્યને મૂકયું. દુરાનીએ પણ ગોઠવણ કરવામાં કચાસ રાખી નહોતી. આ સમયે દુરાની પાસે ૪૧૮૦૦ સ્વાર અને ૩૮૦૦૦ પાયદળ તથા સીત્તોતેર તોપો અને બીજા સ્વતંત્ર સૈનિકોનો સમૂહ પણ ભારે હતો.

સમુદ્રના મોજાની પેઠેમ ગતિ કરતું, મહાસૈન્ય એક બીજાને અ-થડાવા લાગ્યું હતું. ભાઉ સાહેબની છાવણીની પશ્ચિમ બાજુએ, દુરાનીએ પોતાની છાવણી નાખવાનો હુકમ, સરદાર જાહાનખાનને કીધો. તેણે મરેઠાઓને લલચાવવા વિલક્ષણ કૌતક કીધું. અસબાબ ભરેલાં ખચ્ચરો, ઉંટો તથા ઘોડાઓને વિખરાતાં વિખરાતાં નાખી, પોતે આગળ પ્રયાણ કર્યું અને જંગળમાં છૂપાઇ રહ્યા. ધણીધોરી વીનાનો અસબાબ જોઇ, મરેઠાઓની ઇચ્છા લુટ કરવાને લલચાઇ. મરેઠા બેફોમમાં લૂટવા પડયા. એટલામાં જંગલમાં સંતાઇ રહેલા જાહાનખાને સમયની સંધી સાંધી સિંહ ગર્જના કરી, મરેઠાઓ ઉપર હાથ કર્યો. લૂટ મેળવવાને આવેલા-ઓને કાપી નાખી, મરેઠી સૈન્યની કુમક આવી પહોંચતા અવલ પલાયન કરી ગયો. દુરાનીએ પોતાની છાવણી ઉત્તમ જગો જોઇ કરી હતી અને તેની આગળ પાછળ ઝાડો પાડી, તેમાં શત્રુ પ્રવેશ ન કરી શકે એવો બંદોબસ્ત કર્યો હતો.

દુરાનીના સૈન્યને અન્નપાનાદિની ઇજા કરવા સારૂ ભાઉ સાહેબે ગોવિંદપંત બુંદલેને, પંદર હજાર આદમી અ પી મોકલ્યો. ગોવિંદપંત બુંદેલેએ દુરાનીના સૈન્યને મહા મહેનતમાં નાખી છાપ પાડી. દુરાનીનો ખોરાક ચોગરદમથી ગોવિંદપંતે બંધ કરવાથી તે ગભરાયો. આ સમયે દુરાની સુજાઉદ્દૌલ્લા તથા નજીબખાનની મારફતે સલાહના કહેણનો ઢોંગ કરતો હતો, જે પત્ર વહેવાર અને રાજ્યદ્વારી કૌશળતાનું વિલક્ષણ ચરિત્ર લખતાં જગતની આગળ, મહાગુપ્ત ભેદોનો ભરમ ખુલ્લો થાય એમ છે અને તે કપટ જાળની મહા શૃંખલા ખોલતાં એક ગ્રંથ ભરાય એમ છે. તે કપટ જાળની બાજીને કોરે મૂકી, ઇતિ-હાસિક વિષય ઉપર જઇએ. ગોવિંદપંત બુંદેલેના મહા વીરત્વને ભેદવા, યવનોએ કાપટ્ય ભેદ કીધો. ગોવિંદપંત આજે કપટનો ભોગ થઇ પડયો. આંબાની ધાડી ઝાડીમાં સપડાઇ ગયો. ધાડી ઝાડીમાંથી નાશી શકાયું નહિ, અને શત્રુના હાથમાં આવી પડયો, યવન સરદારના હાથમાં ગોવિંદ પં-તના પકડાવાથી તેણે હર્ષની ગર્જના કરી, ગગન મંડળને કંપાવ્યું અને ગોવિંદપંત સાથે અનેક કુચેષ્ટાઓ કરી. ગોવિંદપંત મહાવીર હતો, તેવોજ સમયસૂચક પણ હતો. એને યવન સરદારો સાથે વાતચિતનો પ્રસંગ હતો.

ગોવિંદપંતે આર્જવતાથી કહ્યું, "ખાનસાહેબ! તમે મહા પરાક્રમ કરીને આજે વિજયી થયા છો માટે મને છૂટો કરી મારા ઉપર જય મેળવો."

યવન સેનાપતિઃ તમો છૂટા થઈ શકશો નહીં.

ગોવિંદપંતે આર્જવતાથી કાકલુદી કરતાં વિનંતી કરી "શા માટે?"

સળગેલી આંખમાંથી આગના તણખા નિકળતા હોય તેમ કરડી આંખને રોપદાર કરી, યવન સેનાપતી બોલ્યો, "તમોએ હમારા શાહના વિરુદ્ધ હથિયાર પકડયાં છે, તેમના માર્ગમાં વારે વારે કંટકની પઠેમ ધસી આવી વિપત્તિ પાડો છો, એ ગુન્હા માટે તમોને શાસન થશે."

ગોપિંદપંતે વીર પુરુષનું ગાંભિર્ય ધારી તેના સામું ક્ષણ ભર દૃષ્ટિ નાંખી બોલ્યો,–"મહા વીર! તમો વીર ને રણધીર છો, વીર પુરુષનું કર્તવ્ય જાણો છો. દુરદર્શી થઈ વિચારો, તમો હમારા સ્વામીના સામું કેમ સ્વારી લાવ્યા છો?

યવન સેનાપતિઃ તમારા લુટારા સ્વામીને શાસન દેવા અમારો શાહ આવ્યો છે. અમારો શાહ ખુદાનો બંદો અને ખલકનો શાહ છે. તેના સામું થવાનો તમે ગુનોહ કર્યો છે. માટે તમારો બચાવ થનાર નથી.

ગોવિંદપંત બુંદેલેઃ ખાનસાહેબ! દીર્ઘદર્શી થઈ વિચારો! આજે તમારો જય છે અને કાલે બીજાનો જય થાય એમાં કંઈ નવાઈ નથી. તમો અને હું એક સ્થિતિમાં છીએ, મારો પ્રાણ બચાવો.

યવન સેનાપતિઃ સાંભળ દુરાત્મા! તારી કાકલુદીને હું તાબે થનાર નથી. મરાઠા બડા લુચ્ચા ને ફુનેહબાજ છે, તેથી તને હું છોડનાર નથી. આ સમશેરથી તારો શિરચ્છેદ કરીશ." એમ કહી તરવારને મ્યાનમાંથી બહાર કહાડી, વિદ્યુતની પઠેમ ચળકાવી.

ગોવિંદપંત બુંદેલે, પથ્થરના પુતળાં જેવો સ્થંભિત થઈ ગયો. તેનો અવાજ બંધાઈ ગયો, ને આંખમાંથી આંસુનો પ્રવાહ શરૂ થયો. તે ફરી બોલ્યો, "મહાવીર! તમારા વિરુદ્ધ મેં શું આચરણ કર્યું છે? દયા રાખો, મારો પ્રાણ લેવાથી આપને કંઈ લાભ થનાર નથી. મારો પ્રાણ બચાવો તો હું એક ક્રોડ રૂપીઆ આપવા તૈયાર છું."

યવન સેનાપતિનું મુખ ગોવિન્દપંતની કાકલુદી સાંભળી હર્ષોત્ફુલ્લ થયું. તે ગર્વ કરીને બોલ્યો, "તમારી એ માગણી સ્વીકારાશે નહિ."

ગોવિંદપંતઃ હું બીજું કંઇજ માગતો નથી, ફક્ત મારો પ્રાણ બચાવો. તમો કહો તે કરાર કરવા કબુલ છું.

યવન સેનાપતિઃ દયા કરવાનું કામ મહારા હાથમાં નથી. મને મનુષ્ય પ્રાણીનો શિરચ્છેદ કરવામાં મોજ લાગે છે, એમ કહી તરવારને મૂઠમાં ઝાલી ઉગામી.

ગોવિંદપંતે જોયું કે દુષ્ટને દયા નથી, હવે એને કાકલુદી કરી

કહેવામાં માલ નથી, તેણે વીરત્વ ધારણ કરી, વીર વાણીથી કહ્યું, "પકડાયલાને કતલ કરવાનું કામ વીરધર્મથી અધમ ગણાયું છે, તે વિચારો."

**યવન સેનાપતિ**: વીરધર્મ અને સત્ય ધર્મને હું ગણતો નથી. હું મ્હારી સમશેરને મનુષ્ય પ્રાણીનું લોહી પાવાનું કામજ સમજું છું." એમ કહી સિંહની પઠેમ ગર્જના કરી, સૂર્ય તેજથી ચમકારા મારતી તરવારને ગોવિંદપંતના ગળા ઉપર નાખી તેના મસ્તકને ધડથી જૂદું કીધું. લોહીથી ખરડાયલું શિર ભાલા ઉપર ખોસી જયનો નાદ કરતાં અબદાલીની પાસે મોકલી આપ્યું.

આ સમયે ભારે કતલ થઇ તેમાં પંદરસે મરાઠા માર્યા ગયા. આ વર્તમાન ભાઉ સાહેબને પહોંચતાં મહા ખેદ થયો. ભાઉ સાહેબ આ સમયે સર્વ પ્રકારે ગુંચવાયો હતો. અન્નપાનાદિ સામગ્રી પૂરી પાડનાર કોઇ સહાયક નહોતો અને જે મરેઠાઓ યવનોનો ખોરાક બંધ કરી વિજય મેળવતા હતા, તે ઉલટી રીતે ખોરાકની વિપત્તિમાં સપડાયલા હતા. અનાજની બહુજ મોંઘવારી થઇ. લશ્કરમાં જે કંઇ સુવર્ણ તથા સુવર્ણના અલંકાર હતા તેને ભાંગી શિક્કા કરાવ્યા, પણ તેથી, તેમ હોલકર તથા સિન્ધિયા સરકારે ચાલીસ લાખ રૂપીઆ આપ્યા તેથી પણ ખોટ પુરાઇ નહિ. આજે ભાઉ સાહેબ મહા વિચારમાં પડયા છે. દ્રવ્યની ચિંતાની અવર્ણનીય યાતના તેને સતાવી રહી હતી. એ વાત કોઇને હવે કહેવાય એવી નહોતી. દરેક સરદારોએ પોતાથી બનતું કર્યું હતું. દ્રવ્ય આવવાનો રસ્તો કોઇ પણ પ્રકારનો જણાતો નહોતો. એટલામાં પારાજીપંત બાધ સ્મૃતિમાં આવ્યો. તે દિલ્લીમાં હતો. તેના ઉપર પત્ર લખ્યો કે, હરેક જોખમે પણ ખજાનો અમોને પૂરો પાડો. આ વર્તમાને પારાજીપંતને ઉત્તેજિત કર્યો. તેણે દુરાનીની બાતમી કહાડી, પંદરસે ચુંટી કહાડેલા સ્વાર સાથે ખજાનો મોકલવાને તૈયારી કરી. દરેક સ્વારને પાનસે પાનસે રૂપીઆનો તોડો આપી, પાકા બંદોબસ્તથી પોતાના ઉપરીપણા નીચે, સૂર્ય અસ્ત થતાં કુચ શરૂ કરી. ચાર ઘટિકા માત્ર રાત રહી એટલામાં તો ચાલીશ કોશ સૂધી પારાજીપંત સ્વારો સાથે આવી પહોંચ્યો. ત્યાં સૈન્યનો મુકામ જણાયો. અંધારાને લીધે કહોની છાવણી છે તે પરખાઈ નહીં. મળેલી બાતમી પ્રમાણે આ દિશાએ યવન દળ નહોતું એમ પારાજીપંતને ખાત્રી હતી. પરંતુ દૈવયોગથી આજેજ યવન દળ આ બાજુએ આવી પડયું હતું. સૈન્યનો મુકામ જોઇ એક સ્વાર તપાસ કરવા ગયો. આ લશ્કર સુજાઉદ્દૌલાનું હતું.

સ્વારે પૂછયું, "આ છાવણી કહોની છે ?"

કપટાચારીએ કપટથી પ્રતિઉત્તર દીધો, "ઇબ્રાહિમખાન ગાર્દીની છે."

મહા શ્રમથી શ્રમિત થયેલા ઘોડેશ્વારોમાંથી કેટલાકે ઇબ્રા-

હિમખાનનું નામ સાંભળતાંજ, ઘોડા ઉપરથી નીચે મુકામ નાખ્યો, અને હુક્કો ભરી ગુગડાવા બેઠા. પણ સાવધ સ્વારોએ પાકી ખાત્રી કરવા ચોકસી કરવા માંડી. એટલામાં યવનદળમાંથી સૈનિકો ધસી આવ્યા, અને અલ્લાહ, અલ્લાહનો જયધ્વનિ કરતાં **પારાજીપંતના** સ્વારો ઉપર તુટી પડયા. સાવધ સ્વારો નહાસી ગયા, અને ગાફેલોનો કચરઘાણ વળી ગયો. બીજે રસ્તેથી **પારાજીપંત** હજાર નવસે સ્વારો લઈ નહાઠો અને **ભાઉ** સાહેબ પાસે હાજર થયો. આ વર્ત્તમાને મહારાષ્ટ્રીય સૈન્યમાં નવી ચરચા ઉત્પન્ન કરી, અને તેને પરિણામે આજે મહારાષ્ટ્રીય વીરો શું કરે છે તે જોઇએ.

## પ્રકરણ ૨૯ મું.

### જનકોજીનું વીરત્વ.

યુદ્ધમાં ઇચ્છેલું ફળ એકદમ પ્રાપ્ત થાય અથવા તો નાશ થઈ જાય, તે પેહેલાં ધૈર્યવાન પુરુષોનું હૃદય એક ફેરી તો ચિંતાતુર અને સ્થંભિત થાય છે. આજે **સદાશિવરાવ ભાઉ** તો ચિંતાતુર સ્થિતિમાં સ્થંભિત થઈ ગયો છે. વિચારની ઘટમાલા તેના ઘટમાં ફરી રહેલી છે. શરીરમાં સ્ફૂર્તિ નથી. મન પણ આનંદ પ્રફુલ્લ નથી. વિચારનો કંઈ છેડો નથી. સમુદ્ર તરંગની પઠેમ એક પછી એક વિચાર આવ્યા જાય છે. “બાળ કાળથી રણસંગ્રામનો ઉત્સાહ વધ્યો છે, અત્યાર સૂધી અનેક દુર્ગોને શરણ કર્યાં છે, વીરોને તાબે કર્યા છે, વિજયનો ઘોષ ભારતભૂમિમાં ગાજી રહ્યો છે, તે બધો પ્રતાપ, હે પ્રભો! **શંકર** તારોજ છે. આપના કૃપાપ્રસાદથી વીરશ્રેષ્ઠ થયો છું. હવે હું ચોગરદમથી શું વર્તમાન શ્રવણ કરૂં છું? માતા પિતાની ઓથ વિનાના **ભાઉને**, હે **શંકર**! તેં મહા સમર્થ બનાવ્યો. હવે તું શું કરવા ધારે છે! તે મારાં હૃદયને સૂજ પડતું નથી. પ્રભો! કૃપાનિધાન! મારા મનને ઉત્તેજિત કર. તારા કૃપાપ્રસાદથી ગુપ્ત ભેદનો માર્ગ બતાવ. આ જગત્ મારા સામું હસશે, તેનો વિચાર કરી, મારા માર્ગમાં સહાય થા. તમે મને જગતમાં સન્માનિત કર્યો છે, મહત્ત્વતા આપી છે, અનમિત રાખ્યો છે, મારા વીર ગર્વને કોઇએ નમિત કર્યો નથી, તો અત્યાર સૂધીની બધી કીર્તિ શું નષ્ટ થશે? દક્ષિણમાંથી હું શું પણ લઈ નિકળ્યો છું? અને આ બધા વર્તમાન શું સૂચવે છે?

તેમાં વિશ્વાસરાવે શ્રીમંત શ્રીને પત્ર* લખી મારી નિર્બળતાનું દિગ્દર્શન કરાવી આપ્યું છે. પેશવાના દરબારમાં બેઠેલો રઘુનાથરાવ, વિશ્વાસરાવના પત્રના વર્તમાન જાણી હર્ષિત થશે. અરે વિશ્વાસરાવ! તેં આશું કર્યું? પત્ર મોકલતાં પ્રથમ મારી સાથે વાતચિત તો કરવી હતી? વિજયી થવું યા તો મરવું, જીવન ક્યાં સર્વદા ટકવાનું છે, આ જીવન તો કાચનું વાસણ છે. માનગર્વને જગતમાં નષ્ટ ન થવા દેવું, એ ઉત્તમ મનુષ્યનું કર્તવ્ય છે, પણ વિશ્વાસરાવે રણરંગના સપાટા અનુભવ્યા નથી, રે એ તો બાળક છે. એણે આ વિપરીત વખત જોઇ હિંમત છોડી, પરંતુ જનકોજી સિંધિયા કેવો? એની રઘુનાથરાવ હાંસી કરશે એ કેમ વિચાર્યું નહિ? પચાસ હજાર લશ્કર અને ક્રોડ રૂપિઆની વિશ્વાસરાવે માંગણી કરી છે. ખરી રીતે એટલી મદદની જરૂર છે. પરંતુ, રઘુનાથરાવની ઇર્ષા મારી કીર્તિને કલંકિત કરે એ મારાં અંતઃકરણને જરા પણ પસંદ પડતું નથી. મનુષ્યે પ્રાણ ખોવો પણ મહત્ત્વ ન ખોવું. મહત્ત્વતાની કીંમત પ્રાણ કરતાં પણ વધારે છે.” આ વિચારની ઘટમાળા ફરે છે તેને વીર પારાજીપંત વાઘનાં દર્શને અટકાવી. પારાજીપંતનાં દર્શનથી ભાઉને આનંદ થયો, અને જ્યારે અનિષ્ટ વર્તમાન જાણ્યા ત્યાર ખેદિત થયો. સદાશિવરાવે પારાજીપંતના વીરત્ત્વને અભિવંદન આપ્યું અને તેનાં શૌર્યની પ્રશંસા કરી.

---

* વિશ્વાસરાવે પાણીપતમાં સંકટનો વખત ધારી, જનકોજી સિન્ધિયાની સાથે મસલત કરી, પોતાના પિતા બાલાજી બાજીરાવને સકળ વર્તમાન લખી જણાવ્યું હતું કે, “ભાઉસાહેબ કેવળ માનગર્વની પરિસીમા છે. તે મદદ માંગનાર નથી. પરંતુ, અત્રે સ્થિતિ એવી દુર્ઘટ છે કે, પચાસ હજાર લશ્કર અને એક કરોડ રૂપિયાની મદદ તમો તરફથી નહિ આવી પહોંચે તો, મારૂં તથા ભાઉસાહેબનાં મુખનું દર્શન થવું દુર્લભ છે. મારા જેવો પુત્ર તો આપને આવી મળશે, પરંતુ ભાઉસાહેબ જેવો વીર બંધુ મળવો દુર્ઘટ છે.” આ પત્ર લખ્યાની ખબર ભાઉસાહેબને થવાથી તેણે વિશ્વાસરાવને પોતાની પાસે બોલાવી, સક્રોધ કહ્યું કે, વિશ્વાસરાવ! તમને તમારા જીવની બીક લાગતી હોય તો, હજી પૂરતો વખત હાથમાં છે. હરેક પ્રયત્ને કરી તમોને દિલ્લી મોકલી આપું. ત્યાંથી પાંચ હજાર આદમી લઈ તમો દેશ ચાલ્યા જાવ. હું તો મરણ સૂધી રણસંગ્રામમાં ઘુમીશ. દક્ષિણથી હિન્દુસ્થાન સૂધી શત્રુને હર્ષિત કરવા આવ્યો નથી, કાં તો મારતાં મારતાં મરવું કે મારવું, એ શિવાય બીજો સિદ્ધાંત કીધો નથી. તમે મારી મર્યાદા ઓળંગી, શ્રીમંત શ્રીને પત્ર લખ્યો એ યોગ્ય કીધું નથી.” આના પ્રતિઉત્તરમાં જનકોજી સિન્ધિયાએ પ્રતિઉત્તર આપ્યો કે, ‘આપના મનમાં આવી શંકા લાવો છો એ યોગ્ય નથી. જ્યારે આવા વિપત્તિ સમયમાં વડીલને ન લખીએ તો શું શત્રુને લખીએ!’ ભાઉ સાહેબે પ્રતિ ઉત્તર કર્યો કે ગમે તેમ થાય પરંતુ હવેથી પત્ર લખી પેશવાની દરબારમાં મારી રૂષવાઇ થવા દેવી નથી, માટે પત્ર લખવો નહિ.’ જે વાત વિશ્વાસરાવે સ્વીકારી હતી.

એટલામાં, સદાશિવરાવ પાસે હોલકર, સિંધિયા, દામાજી ગાયકવાડ, બલવંતરાવ ગણપત તથા બીજા નાના મોટા સરદારો આવી પહોંચ્યા. સર્વએ પારાજીપંતના વર્તમાન જાણી લીધા. ક્ષણભર મૌન્ય ધારી એક બીજા સામું જોયા કર્યું.

સદાશિવરાવનું મુખ ક્રોધાવેશમાં ચઢેલા શૌર્યથી તપેલા સૂર્ય જેવું રક્ત થઇ ગયું હતું. તે સર્વ સરદારોને સંબોધિ બોલ્યો, "મહારાષ્ટ્રીય વીરો! આગલા કાલનાં તમારાં પરાક્રમોને યાદ કરો. અજિત દૂર્ગોને તાબે કરવામાં કેવી ઉત્તમ કીર્તિ તગે સંપાદન કરી છે, પાહાડ પર્વતોના શિખર ઉપર, નદીના કિનારા ઉપર, રણના જંગમાં, તથા શત્રુઓના સમૂહમાં યુદ્ધ કરતાં તમે કેટલી બધી મહત્ત્વતા સ્થાપી છે. સિંધિયા અને હોલકર દરબારે મહા પરાક્રમ કરી દુનિયાને સમયપરત્વે ચકિત કરી છે, તેમનું મોલાપણું આજે શું આશ્ચર્યતા બતાવતું નથી? હું દક્ષિણમાં રહીને જે વીરત્ત્વ મહારાષ્ટ્રીયોનું શ્રવણ કરતો હતો, તે બધુ કયાં ગુમ થઇ ગયું? એક પછી એક અવનવા બનાવ કેમ બનવા માંડે છે, એનો તોડ કંઈ મને સમજાતો નથી."

મહલ્લારરાવ હોલકર: હિન્દુસ્થાન ઉપરની સ્વારી આજે કંઇ નવિન નથી. યવન દળને હજારો વાર શેહે આપી શિક્ષા આપી છે, અને આપણી ધારણા મુજબજ થશે. પરંતુ મોકકો આવ્યા શિવાય મહત્ત્વતા મળતી નથી. જ્યારે દુશ્મનો ફાંદામાં ફસાશે ત્યારે હરણ સિંહને ફાંસી નાંખે છે, તેમ મહારાષ્ટ્રીય વીરો યવન દળને ફાંસી નાંખી, જયનાદનો ધ્વનિ ગર્જાવી મૂકશે.

સદાશિવરાવ: ક્યારે? ચોગરદમથી ભવિષ્યનો પ્યાલો ભરાવા માંડયો છે.

બલવંતરાવ ગણપત: મહારાષ્ટ્રમાં બેઠાં બેઠાં જે હોલકર તથા સિંધિયા સરકારનાં વીરત્વનો ઘોષ કર્ણદ્વાર ઉપર અથડાતો હતો, તે કંઇ અનુભવમાં તો આવ્યો નહિ. એનું શું કારણ હશે? શ્રીમંતના પધારવાથી એમનું શૌર્ય ઉત્તેજિત નથી થતું શું? કે પછી દુરાનીથી શેહ ખાઈ અંજાઇ ગયા છે?

સ્થિર દૃષ્ટિ રાખી મહલ્લારરાવ હોલકર બોલ્યા, "કારણોનું સંશોધન કરવાનું અને કારણોના જોષ જોવાનું કામ બ્રાહ્મણોનું છે, અમારુ કર્તવ્ય વખત આવે જણાય."

બલવંતરાવ: તમો યુદ્ધના વેત્તા છો અને કૌશલ્યમાં અતુલ્ય છો, માટે મારે કેહેવું પડે છે.

ક્રોધયુક્ત દૃષ્ટિથી અગ્નિના વરસાદને વર્ષાવતો જનકોજી સિંધિયા બોલ્યો, "અમારાં યુદ્ધ કૌશલ્યમાં તમોને મહત્ત્વ ન જણાય તો ભલે. પરંતુ તમે કયો દિગ્વિજય કર્યો છે તે જણાવશો? યુદ્ધ કેમ થાય છે! તે કાલે સવારે બતાવીશું." એમ કહી કઠોર પ્રતિજ્ઞા કરી.

સદાશિવરાવ ભાઉ: જનકોજી! જનકોજી! આ પ્રતિજ્ઞા શી કરો છો?

જનકોજી: વીર પુરુષોનું વચન કદાપિ નકામું જતું નથી. રણ-કૌશલ્ય કાલે બતાવીશ. કાં તો રણસંગ્રામમાં વિજય ઘોષ કરી આપને વિજયી કરીશ, યા તો રણયજ્ઞમાં મારી આહૂતિ આપીશ.

સદાશિવરાવ: વીર, જનકોજી! આપનું પરાક્રમ સર્વદા પ્રશંસા પાત્ર છે. તમારા વંશમાં આપજ પુરુષરત્ન છો. ગાદીના રક્ષક છો. માટે પ્રથમ યુદ્ધમાં આપેજ અગ્ર થવાની જરૂર નથી, અને તેમ નહિ કરવા મારી ભલામણ છે.

જનકોજી: મારી પ્રતિજ્ઞા વ્યર્થ જનાર નથી. મારા મરવાથી કંઇ બ્રહ્માનો વંશ નાશ થનાર નથી. પ્રભુનું નિમક ખાધું છે, તેને સાર્થક કરવું એ અમારૂં કર્તવ્ય છે.

સદાશિવરાવ ભાઉ: જનકોજી! વિચાર કરી જાવ, કાલે તમો યુદ્ધમાં ન ચઢો તો સારૂ.

જનકોજી: હું આપને કષ્ટ આપવા ઇચ્છતો નથી. મારાથી અન્યાય થતો હોય તો ક્ષમા કરજો. નિંદાથી હું કલંકિત થનાર નથી. નિંદાખોરોનાં મુખને બંધ કરવાનો રણસંગ્રામ સિવાય બીજો ઉપાય નથી, માટે લીધેલી કઠણ પ્રતિજ્ઞા છોડનાર નથી.

સદાશિવરાવ: જનકોજીરાવ! આટલી બધી ત્વરા ન કરો. તમારું, તેમજ તમારા વંશનું વિરત્ત્વ જગ જાહેર છે. સૂર્યની કીર્તિ ખોબો ભરીને ધૂળ નાંખેથી ઢંકાતી નથી, મારૂં કેહેવું માનો.

જનકોજી: આપની આજ્ઞાને સર્વદા આધીન છું, પરંતુ ક્ષાત્ર ધર્મને દોષ લાગે એ વાત માન્ય થનાર નથી.

એમ કેહેવાની સાથે ક્રોધાવેશમાં તંબુમાંથી નીકળી પડી પોતાને મુકામે ગયો, અને રણતુરનો ધ્વનિ કરી, પોતાના સૈન્યને રણમાં જવા આજ્ઞા કરી ઉન્મત કરી મૂકયું.

આજે કાર્તિક સુદ પૂર્ણિમાનો માંગલિક દિવસ છે. નભ મંડળનો મનોહર મહારાજ પૂર્ણતાને પામી, જગતને પોતાની અનૂપમતા જે સમયે બતાવવાનો છે, તે સમયે જનકોજી સિંધિયા પોતાના પુરુષાર્થથી યશ ચંદ્રને ખીલાવી મહારાષ્ટ્રીય સૈન્યમાં શૌર્ય તેજથી મહત્ત્વતા સ્થાપનાર છે, તેને નિહાળીએ. ફાટેલી આંખોથી સિંહ જેવી ગર્જના કરતો જનકોજી, વૃત્રાસુરનો નાશ કરનાર બન્યો હતો.

દુંદુભીના નાદ કરતું જનકોજીનું સકળ સૈન્ય પાછલી રાતનું ખાઇ પી, વિદ્યુત જેવી ત્વરાથી તૈયાર થઇ ગયું, મદિરા પી મત્ત થયેલા મર્કટોની પઠેમ વીરશ્રીથી મત્ત થયેલા વીરો સૂર્યનાં કીરણ જેવી તેજસ્વી

તલવારોને ચળકાવતાં આગળ ધસી આવ્યા. સમુદ્રમાં ઉછળતા તરંગોની પઠેમ એક બીજા સાથે અથડાતા અટંગા ઉમંગી વીરો, મૂછો મરોડતા ગર્જના કરી, યવન દળને ડરાવવા લાગ્યા. શરણાઇ, ભેરી, ડફ તથા રણતુરોના નાદોએ સર્વેને ઉશ્કેરી મૂકયા. મદોન્મત હાથિઓને ડોલાવતા, અશ્વોને કુદાવતા, બરછીઓનાં ફળોને ઝળકાવતા, મરેઠી વીરો પોતાના સ્વામીની આજ્ઞા ઇચ્છી સજ્જ થઇ ઉભા.

જનકોજી પોતાના સામંતો તથા સૈન્યને સંબોધીને બોલ્યો, "મારા વહાલા વીર શ્રેષ્ઠો ! સિંધિયા કુળની કીર્તિના રક્ષકો, હિન્દુ ધર્મના અનુયાયીઓ! ક્ષાત્ર ધર્મના વેત્તાઓ! તમારી આજે શું પ્રશંસા કરૂં ! તમારૂં વીરત્ત્વ જગતમાં વિજયી નીવડયું છે. અત્યાર સુધી યવનોને રણસંગ્રામમાં રોળી ચોળી તેમને નમિત કર્યા છે, હજારો ફેરી રણરંગમાં જય મેળવી, દુંદુભીના નાદ કરી સ્વર્ગ લોકને તમારી અદેખાઇમાં નાંખ્યા છે. આજે દુનિયામાં કહેવાય છે કે, સિંધિયાના વીર પુરુષોનો જોટો જગતમાં નથી, તેના વીરત્ત્વનું પાણી મપાય એમ નથી. મારા વહાલા અટંકા વીરો ! તમારી એ કીર્તિનું સમતોલન કરવાનો વખત આજે આવી લાગ્યો છે. યવનો મદમસ્ત થઇ હસે છે, તેનો મદ ઉતારવા આજે તમોને મેં આ રણભૂમિ ઉપર આણ્યા છે ને હું તમારી અગ્રે ચાલનાર છું. વીર શ્રેણીનો વરસાદ વરસાવી શત્રુના સૈન્યને ઝબે કરવા, મારા વીર બંધુઓ, મરણથી ડરતા હો તો, પાછા જજો. તમારો સ્વામી આજે મરણીયો છે, તે તમારે મોખરે ચાલી, વીર હાક કરી શત્રુ ઉપર ધસશે. મારા વહાલાઓ ! તમે મારી પાછળ આવો, અને રણ કૌશલ્ય દરશાવો. તમારા વહાલા સ્વામી દત્તાજીનો પ્રાણ લેનારનો આજે પ્રાણ લેવાનો છે. સ્વર્ગમાં ગયેલા દત્તાજી દેવલોક સાથે વૈમાનમાં આવી ઉભા છે, તે તમને ઉત્તેજન આપવા ઇસારો કરે છે. વીરો ! તમારો સ્વામી તથા દેવ લોકો તમારી નાર્મદાઇ જોશે તો સ્વર્ગ લોકમાં તમારી ગેરીયત થશે, માટે સાવધ રહેજો. મરણ કોઇને મૂકવાનું નથી, અને ન આવેલું મરણ કોઇથી થતું નથી. વીરત્ત્વ બતાવી વીરત્ત્વ બતાવનારને સ્વર્ગનાં અક્ષય સુખની પ્રાપ્તિ છે.

"આજનો દિવસ માંગલિકનો છે, મંગળમય મૂર્તિ કીર્તિ અપાવશે. દેવતાઓ આપણી સહાયતામાં છે, માટે આ સમયને ધન્યવાદ આપી, દુષ્ટ દુરાનીના મદને ઉતારવા, ઘોડાઓને રણ સંગ્રામમાં મારી મૂકો ! મારી મુંછના વાળ! આજે મારી સાથે રણમાં ધસી, શત્રુના લોહીની નદી વહેવડાવી કીર્તિને ચળકાવો."

જનકોજીનું બોલવું પૂરૂં થતાંજ, દુંદુભીના ત્રણ ડંકા થયા. સરનોબતે મહાગર્જના કરી, અને વીર વાજિંત્રોએ વીર પુરુષોને ઉશ્કેરી

મૂકયા. તે સાંભળતાંજ પ્રલય કાળના સમુદ્રની ભરતીની પઠેમ **સિંધિયા** સરકારનું લશ્કર, શત્રુના દળ તરફ ઉલટયું. મોખરે **જનકોજી સિંધિયા** સ્વાર થયેલો લશ્કરને ઉત્તેજિત કરી રહ્યો છે, તે જોઇ **અબ્દાલીના** સૈનિકોએ ત્વરાથી પોતાની તૈયારી કરી.

જનકોજીરાવે, **મહલારરાવ હોલકરને** સજ્જ થઇ કુમકે આવવાનો સંદેશો કહાવ્યો. **મહલારરાવની** સ્થિતિ આ સમયે સુડી વચ્ચે સોપારી જેવી હતી. **ભાઉ** સાહેબે જનકોજીની મદદે જવાની ના કહાવી હતી, અને જનકોજીએ સજ્જ થઇ રણસંગ્રામમાં આવવા સમાચાર કહાવ્યા હતા. જનકોજીએ **ભાઉ** સાહેબનું ન માનતાં એકદમ તૈયારી કરી હતી, તેથી તેને મદદ ન આપવા **ભાઉએ** હુકમ કીધો હતો. તેનું અપમાન થાય તો **ભાઉ** સાહેબના ગુસ્સાના ભોગ થઇ પડવાનો સંભવ હતો, અને બીજી તરફ પુત્રવત્ જનકોજીને મદદ ન આપવાથી પોતાની વડીલ તરીકેની ફરજમાં ખામી આવશે, એ વિચારમાં કેટલોક કાળ સુધી, વૃદ્ધ **હોલકર** ગુંચવાયો. તેનાં મનેજ આખરે ગુંચવણીનો અંત આણ્યો. **ભાઉ** સાહેબની આજ્ઞાનું માન રાખવા પોતે જાતે યુદ્ધમાં ન ચઢતાં પોતાના ખાસા સરદારોને તૈયાર કર્યા. **હોલકર** સરકારનું સાત હજાર લશ્કર તડીકડુમ, તડીકડુમ કરતું **સંતાજી વાઘ** તથા ગોવિંદપંત **બુંદેલના** પુત્ર **ભોજરાવ બારગળની** સરદારી નીચે, જનકોજીને મદદ કરવા છાવણીની બહાર નીકળ્યું. તે વીરશ્રીથી ગર્જના કરતું **સિંધિયાની** મદદે જઇ પહોંચ્યું. તેના વર્તમાન **ભાઉ** સાહેબના કર્ણદ્વાર ઉપર આવતાંજ તેના વિનયી મનમાં તેણે તોડ બાંધ્યો કે, "વીરશ્રીથી ઉશ્કેરાઇ જનકોજીએ મહત્ત્વનું કાર્ય કરવા યત્ન કીધો છે. મારો ધર્મ છે કે વીરની મદદે વીરોને રાખવા કે તે વિકટ વખત આવતાં મદદ થાય, અને જય લાભનો પ્રસાદ મેળવવામાં હાનિ ન આવે, માટે **બળવંતરાવ ગણપતને** સાખા સૈન્ય સાથે મોકલવો અવશ્યનો છે." આ તોડ બાંધે છે એટલામાં **સિન્ધિયાના** નોબતખાનાંએ ગંભીર શબ્દથી આખું રણ ગજાવી મૂક્યું, અને તે વીર વાજીંત્રોના શબ્દ ધ્વનિથી ઉન્મત્ત દશામાં આવી જઇ, **સદાશિવરાવ ભાઉએ** વીર ગર્જના કરી, **બળવંતરાવ ગણપત મેંઢળેને** આજ્ઞા કરી કે, "વીર જનકોજી ઉચ્ચ અભિલાષાથી શત્રુનો જય કરવા ચઢયો છે, તેનાં કાર્યને અનુમોદન આપવા ત્વરાથી ખાસા સૈન્ય લઇ, રણસંગ્રામમાં જાવ."

**ગણપતરાવે** વિનયથી આજ્ઞા માથે ચઢાવી, **સિન્ધિયાની** મદદે સૈન્ય લઇ આવી પહોચ્યો. પંદર વીશ હજાર સૈન્યથી ગર્જના કરતો **જનકોજી** રણસંગ્રામમાં આવ્યો, તેને વીરશ્રીથી પ્રતિઉત્તર આપવા

**નજીબખાન રોહિલો**, પઠાણ **અહમદખાન લંગડો** તથા **સુજાઉદ્દૌલા**, દશ પંદર તોપો સાથે રાખી સૈન્ય સાથે સામા આવ્યા.

બંન્ને સૈન્યો એકબીજાની સમીપ આવતાંજ તોપોના ધણણુ ધણણુ કરતા અવાજ થવા લાગ્યા. સુસવાટા મારતાં બાણોની વૃષ્ટિ થવા લાગી, અને હજારો માણસોનાં શરીરમાંથી કેસુડાના રંગની પીચકારીઓ જેવી રૂધીરની ધારાઓ વહેવા લાગી. ત્રીજે પહોર થતાં સૂધી આ મહાઘોર સંગ્રામ ચાલ્યો, એટલામાં જનકોજીએ સમય સૂચકતા વાપરી **અબદાલી**ના પડાવની ડાબી બાજુએ તેનો વજીર પડયો હતો તેના ઉપર ધસારો કર્યો. લશ્કરને આજ્ઞા થતાંજ, "હર, હર મહાદેવ"નો શબ્દ ઘોષ કરતાં વીર ગર્જનાથી મહારાષ્ટ્રીય સૈન્ય મુસલમાનો ઉપર ટુટી પડયું. મુસલમાનોએ પણ ભયભીત ન થતાં, "**અલ્લાહો** અકબર"નો શબ્દ ધ્વનિ ગર્જાવી મૂકયો. ઘોર યુદ્ધનું ધમસાણ થઇ રહ્યું, વિદ્યુત જેવી તલવારો ચળકવા લાગી, અને લોહીથી પરસ્પર શરીરો રંગાઇ ગયાં. એટલામાં **સંતાજી વાઘે** મહાગર્જના કરી વજીરને શેહ આપી. મુસલમાનનું લશ્કર નાશવા માંડયું. ભીરૂ થઇને નાસતાં લશ્કરને ઉત્તેજિત કરતો દુરાની તથા **નજીબખાન રોહિલો સંતાજી વાઘ** ઉપર ધસી આવ્યા. ઘોર સંગ્રામની શરૂવાત થઈ, **સંતાજી**નું સૈન્ય મહાશ્રમિત થયેલું જણાયું, તેની મદદે જનકોજી સિંધિયા ધસી આવ્યો ને **રોહિલા** અને દુરાની સાથે મહાયુદ્ધ મચ્યું. **રોહિલો** લોહીથી ખરડાયલી તલવારથી એકદમ ધસી આવ્યો, તેના સામું વિક્રાળ આંખથી સિંહ જેવો દેખાતો અને ક્રોધથી ચઢાવેલી ભ્રુગુટીથી કાર્તિક સ્વામી જેવો દેખાતો જનકોજી, હાથમાં તલવાર લઈ ધસ્યો. ધીટ પ્રતિજ્ઞાથી વીરત્વની ધૂનમાં ચઢેલો જનકોજી મહાગર્જના કરી ટુટી પડયો. **નજીબખાન** મરતાં મરતાં બચ્યો, અને મહારાષ્ટ્રીય સૈન્ય છેક **અબદાલી**ની છાવણી નજીક આવી લાગ્યું. **અબદાલી**નું સૈન્ય અવ્યવસ્થિત થઈ ગયું. જીવન મર્યાદાના રક્ષણ સારૂ નહાસવા માંડયું, એટલામાં **અબદાલી**ના બે પુત્રો નાશ પામ્યા અને વજીર સજ્જડ ઘેરામાં ઘેરાઈ ગયો. આ વર્તમાને **અબદાલી**ને ઉશ્કેર્યો ને વીરગર્જના કરતો તે ટૂટી પડયો. પણ ઘવાયો, અને બે હજાર મુસલમાનો માર્યા ગયા ને તેથી **અબદાલી**નું સૈન્ય નિસ્તેજ થયું. જનકોજીએ જબરો ધસારો કર્યો, અને ચાર તોપો **અબદાલી**ની છીનવી લીધી, અને બીજી તોપોને ખીલા મારી નકામી કરી નાંખી હતી એટલામાં ચારે બાજુથી મુસલમાની લશ્કર મદદે આવી પહોચ્યું, અને મહારાષ્ટ્રીયોનાં એક હજાર માણસો મરાયાં. એ જોતાં તો જનકોજી વધારે વીરત્વે ચઢયો. અને સાયંકાળ થયેલી છતાં મશાલો સળગાવી માર મારતો દુરાનીના ગોટ અને બુણગુ પડયું હતું

ત્યાંસુધી આવી લાગ્યો. દુરાનીનું ખુણગું નાહાસી છુટયું અને બન્ને સૈન્યોનું ઘોર યુદ્ધ મચ્યું. હવે રાત્રી પડી ગઈ હતી, કોઈ કોઈની દૃષ્ટિએ પડતું નથી, એ જોઈ, સિંધિયાએ જય ગર્જના કરી પોતાનાં લશ્કરને પાછું વાળ્યું. મહારાષ્ટ્રીય સૈન્યે દુરાનીને અપૂર્વ શિક્ષણ આપી જયનો નાદ કીધો. આ સમયે જનકોજીની મદદે બલવંતરાવ ગયો હોત તો મહાજય થવાનો સંપૂર્ણ સંભવ હતો, પરંતુ સદાશિવરાવના ખાસા લશ્કરને લઇને ગયેલો બલવંતરાવ આવે સમયે પણ ઇર્ષાના ભાવથી કે પછી અપક્વ બુદ્ધિના પ્રભાવથી, સ્થિર થઈ ઉભો રહ્યો, અને મહા સંધીને ચુકી ગયો, આથીજ તે એ મહાવીર છતાં પણ દોષપાત્ર ગણાયો છે. જે દોષ ઇતિહાસનાં પાનાં ઉપર ચિરકાલ કોતરાઈ ગયો છે, ને કોઇ પણ પ્રયત્ને ભુંસાવો અશકય છે. દરેક વીર પુરૂષે આ શીક્ષણ લેવા જોગ છે કે ગયો કાળ આવતો નથી. માટે આવેલો લાભ જવા દેવો એ ડહાપણનું કામ નથી.

જયગર્જના કરતો જનકોજી સિંધિયા સદાશિવરાવ પાસે હર્ષ ગર્જના કરતો આવી લાગ્યો. ભાઉ સાહેબે મહાપ્રેમથી અભિવંદન આપ્યું. હોલકરે જનકોજીની પીઠ ઠોકી આશીર્વાદ કીધો, અને સર્વે મહારાષ્ટ્રીય વીરોએ વીર ગર્જના કરી વીરને ધન્યવાદ આપ્યો, એટલામાં બલવંતરાવ મેંઢળે આવી પહોંચ્યો.

મેંઢળેને જોતાંજ જનકોજી સિંહની પઠીમ છેડાઇ ગયો, અને તીક્ષ્ણ નયનથી અગ્નિ વરસાવતો બોલ્યો, "આવા અધમ આચરણથી સ્વામીની સેવામાં મહત્વતા લાવવા ઇચ્છો છો?"

બલવંતરાવ મેંઢળે: અધમાચરણ કેવું?

જનકોજી: રણસંગ્રામમાં દર્શાવ્યું તેવું.

બલવંતરાવ: મહારૂં કામ બચાવ કરવાનું હતું, અબદાલીની સેહથી તમારૂં સૈન્ય ભયભિત થયેલું હતું, તેના આખર બચાવ સારૂ હું રાહ જોતો ઉભો હતો.

સ્થિર ભાવથી જનકોજી ક્રોધમાં આહુતિ સ્વરૂપ થયો અને ગર્જના કરી બોલ્યો, "મિથ્યાભિમાની ! તહારી ચેષ્ટા ફોગટ છે· તેં વીરદ્રોહ કીધો છે, ને સ્વામીદ્રોહ કરી મહારાષ્ટ્રના જયને ખોયા છે. તારા મનમાં જગતમાં મારૂં હાસ્ય કરવાનું હતું, પણ પ્રભુએ તહારૂં હાસ્ય કર્યું છે."

બલવંતરાવે ફીક્કી પડેલી મૂખ મુદ્રાથી ફાંફાં મારતાં પ્રતિ ઉત્તર કર્યો, સ્વામીદ્રોહ અને વીરદ્રોહ કરવાનું અમારા કુળનું લક્ષણ નથી.

જનકોજી: કુળનું નથી, પરંતુ દૃષ્ટાંતથી તમારૂં છે, એમ જગતને તમે અનુભવાવ્યું છે. આજના રણસંગ્રામમાં જરા અભિમાન છોડી અમારી સહાયે આવ્યા હોત તો મહારાષ્ટ્રનો વિજય ડંકો, સદાશિવરાવને વિજય માળા પહેરાવી, આ સમય ભૂમંડળમાં ગર્જી રહ્યો હોત.

સક્રોધ નયનથી પણ ધ્રુજતાં અંતઃકરણથી **બલવંતરાવ** પ્રતિઉત્તર આપવા જતો હતો, તેને **ભાઉ** સાહેબે વાર્યો, અને **જનકોજીરાવ** તરફ માનસૂચક દૃષ્ટિ કરી બોલ્યો, "**પાટીલ!** તમારા કુળનું વીરત્વ સદા પ્રસંશનીય છે તેથી **પેશવા** સરકારની મહાસેવા બજાવી છે, અને બજાવશો. તમો રણકૌશલ્યતા બતાવી યવનોને ચકિત કીધા છે. અને તેથી શ્રમિત થયા છો. યવનોના લોહીમાં ખરડાયલા તમારા હાથને વિશ્રાંતિની જરૂર છે." એમ કહેવાની સાથે આનંદપ્રફુલ્લલોચનથી સ્નેહ વરસાવતા, સાદરથી તેને ભેટયો.

વિજયાનંદથી પ્રફુલ્લ થયેલો, અનુપમ આનંદને અનુભવતો, **જનકોજી** સર્વની હર્ષગર્જના વચ્ચે **મ્હલ્લારરાવ** હોલકરનો હાથ ઝાલી પોતાના તંબુ પ્રત્યે જવા નીકળ્યો. આ સમયે અનુપમ સૌંદર્યતાથી નભમંડળને આનંદમય કરી રહેલો ચંદ્ર, ભૂલોકને મંગળમય શીતળતાથી હર્ષિત કરતો હસતો હતો.

---

## પ્રકરણ ૨૭ મું.

:o:

### વીરની વીરાંગના.

જય જય જપતો વીર, રણ મધ્યે ધશીને;
કરે કારમું કામ, પ્રેમ પૂરણ ધરીને;
રણમાં પડતાં વીર, સ્વર્ગનું સુખ તે પામે;
સુણતાં તેનું કવન, વીરરસ પૂરો જામે.
ક્ષુધા તૃષા કે દુઃખ, ક્લેશ ચિંતા નહિ નામે;
જન્મ મરણ ને જરા, હોય નહિ તેવે ઠામે;
પદ્મણી પૂરણચંદ્ર, અહોનિશ રાસ રમાડે;
ત્યાં રેવાનું થાય, દેહ જો રણમાં પાડે.

ચંદ્રનાં કિરણની અનૂપમતા હવડાં પ્રકાશ આપતી નથી. નભમંડળમાં તારાઓ પ્રકાશ પાડી કલ્લોલ કરી રહ્યા છે. અંધકારની મહત્તા સર્વ દિશાએ બીહામણું રૂપ આપી ડરાવી રહી છે. લીલાં વસ્ત્ર સજેલી મેદિની, દૃષ્ટિને હવડાં સૌંદર્યતા દર્શાવતી નથી. બધી સૃષ્ટિની સૌંદર્યતા રાત્રીની શ્યામતાના પ્રતાપથી શ્યામતાનું પ્રાધાન્ય સ્થાપી, તેને આધીન રહી છે. પાણીપતનું મેદાન આ સમયે અંધકારથી આચ્છાદન થઇ ગયું હતું. પરંતુ વીર પુરુષોનાં અંતઃકરણમાં પ્રકાશતું શૌર્ય ઝાખું થયું નહોતું. તે પાણીપતના મેદાનમાં એક વીર પ્રીતમ પ્રિયાંગનાને નવલ રસમાં નચાવી રહ્યું હતું.

રાજ્યદ્વારી મહત્તાથી ગર્વિત દેખાતા **ભાઉ**સાહેબના તંબુની નજદીક **બલવંતરાવ ગણપત મેંઢળે**નો તંબુ હતો. આ તંબુ સુનેરી સાજના

ઝાકઝમાળથી ઝગઝગી રહ્યો હતો. તેમાં સૃષ્ટિની દિવ્યતા દીપી રહી હતી. એટલુંજ નહિ, પરંતુ સત્વગુણમય દૈવી સંપત્તિનો વાસો હતો તેથી, તે દૈવી ગુણો પોતાની આકર્ષણ શક્તિથી સર્વમાં મહત્તા દીપાવતા હતા અને તેજ દૈવી સંપત્તિએ તેનાં દેવત્ત્વની છાપમાં આપણને મોહિત કર્યા છે.

તંબુની મધ્યમાં બલવંતરાવ પોતાની પ્રિયાંગના લક્ષ્મિબાઇ સાથે આનંદ કલ્લોલ અનુભવે છે. પ્રિયા આનંદિત મનથી મધુર મધુર વાતો સંભળાવી રહી છે, પતિના મનને પ્રેમની આનંદમયી લહેરોમાં નચાવી રહી છે, પ્રેમમય ચક્ષુથી પ્રેમામૃત રેડતી પતિના વદનમંડળને નિરખી રહી છે, પ્રેમ રેલીની શીતળતાથી હૃદય શાંત થયેલું છે, પણ તેજ હૃદય પ્રેમતરંગના વેગથી ઉછળી રહ્યું છે.

પ્રિયાનું કમલવદન હવડાં હૃષ્ટપુષ્ટ યૌવનમત્ત હતું, મુખમંડળ ગુલાબી રેષાઓથી લખલખી રહ્યું હતું, ઉઠાવદાર છાતિ મોતીની માળાથી મનને આકર્ષતી હતી, ચપળ હાથમાં આવી રહેલાં આભૂષણો તેના હાવભાવથી આંજતાં હતાં, પ્રસંગપરત્વે થતો પગનો ઠમકો તેમાં ખૂબી ખીલવતો હતો, કપોળમાં કરેલો ચાંદલો ચંદ્રની પેઠેમ આહ્‌લાદ આપતો હતો, તેમાં ચહોડેલા ચોખા જાણે ચંદ્રની કણિકાથી ઘડેલા હોય તેમ દીપતા, પવિત્રતાની છાપ પાડતા હતા, પ્રેમનાં કિરણથી ઉન્નત થયેલી તેજસ્વી ચક્ષુથી પોતાને મુગ્ધ કરતાં, પોતે મુગ્ધ થયેલી પ્રિયા બોલી, “પ્રાણેશ, કાલે શત્રુનો ધ્વંશ કરવા જવાનું નિશ્ચિતજ છે?”

વીર ઉલ્લાસમાં મગ્ન થતાં બલવંતરાવે પ્રતિઉત્તર કર્યું, “હા.”

પ્રિયાનાં પ્રફુલ્લ વદન ઉપર મ્લાનતાની છાયા છવાઇ. તે ધીમે ધીમે બોલી, “પ્રાણેશ, આપે જાતેજ યુદ્ધમાં ચઢવા ત્વરા કરી?”

ઉચ્ચાભિલાષી યોદ્ધાએ ઉલ્લાસથી પ્રતિ ઉત્તર કર્યો, “બાહુ પરાક્રમથી વિજય મેળવવાની આશાથી અને પ્રભુએ મારે હાથેજ શત્રુનો ધ્વંશ કરવાનું નિર્માણ કીધું હશે માટે.”

ચિંતાતુર બનેલી પ્રિયાએ શાંતતાથી કહ્યું, “પ્રાણેશ! યુદ્ધ ક્ષેત્ર એ વીર પુરૂષોનું આનંદભુવન છે, પરંતુ અમો અબળા જાતિનું જીવન તો પતિમાં છે. પ્રેમ એ અમારૂં જગત્ છે, અને પ્રેમ જીવનના અધિપતિ સ્વામી છે. જીવિતેશ્વર! મારૂં આલોક અને પરલોકનું સર્વસ્વ આપમાંજ છે.” એમ કહેતાં કહેતાં આંસુની ધારા ગાલ ઉપરથી નીચે ટપકવા માંડી.

પ્રીતમ, પ્રેમ ચાતુર્યથી પ્રિયાના કપોળ પ્રદેશ ઉપર હાથ ફેરવી, આંસું લુંછી બોલ્યો; “વીર રમણી! તમો વીરાંગના છો, વીરત્વને ચહાનાર છો, તો આજે કેમ યુદ્ધ માટે કાયરપણું બતાવો છો? મનુષ્ય જીવન ચિરકાલ નથી, મનુષ્યના ભાગ્યમાં મરણ સર્જેલુંજ છે. ઘરને ખૂણે ભરાયે

અમર થવાતું નથી ને સર્વેનો રક્ષક પ્રભુ છે. જળમાં, સ્થળમાં, અગ્નિમાં અને વિપત્તિમાં એજ સહાયક છે, તેનીજ પ્રેરણાથી જગતતંત્ર નાચી રહ્યું છે," એ કેમ ભૂલી ગઈ?

લક્ષ્મિબાઇઃ પ્રાણેશ, મિથ્યા જગતમાં કલંકિત જીવનની આશા રાખતી નથી, વળી આપના લાલન પાલનથી સંતુષ્ટ થઇ છું, આપમાંજ મારૂં જગત છે, આપના ઉદ્દેશને સહાયાનુભૂતિ પૂરવા યત્કિંચિત્ મનને રોકતી નથી, પરંતુ આટલી બધી ત્વરાથી આપે જાતે યુદ્ધમાં ચઢવાનું કારણ શું છે તે જાણવા મનની ઇચ્છા તલ્પે છે.

બળવંતરાયઃ રાજ્યની મદદના કામમાં માનવ જગતની નબલાઇ ભૂલી જવાની છે. અકારણ દોષ નિરૂપણ થવાનો સંભવ જણાવાથી મારે માથે ભાર વહોરવો પડયો છે.

લક્ષ્મીબાઇઃ એવું શું બન્યું ?

બળવંતરાવઃ દુષ્ટ દુરાનીએ ગોવિંદપંતનું શિર રૂમાલમાં વીંટી એક પત્ર સાથે સદાશિવરાવ પાસે મોકલ્યું હતું. પત્રમાં આશય એવો લખ્યો હતો કે, તમારા ગોવિંદપંતને તમારે સારૂ સ્વર્ગમાં જગા તૈયાર કરવા સારૂ મોકલ્યો છે, તે જાણવા સારૂ ગોવિંદપંતનું મસ્તક મોકલ્યું છે, જે તપાસી લેવાથી ખાત્રી થશે. હવે આપે સ્વર્ગમાં પધારવાની તૈયારી, બીન ધોકે કરી રાખવી.

કંપિત સ્વરથી દીર્ઘ નિઃશ્વાશ મુકતાં, લક્ષ્મીબાઇ બોલી, "મૃતદેહ અપમાનિત કરવાનું ચરિત્ર ધિક્કાર પામે છે. એમાં આ લોક કે પરલોકના કોઇ પણ કાર્યની સિદ્ધિ નથી, ફકત મનુષ્યમાં પશુવત્ રાક્ષસી અધમતાની પરિસિમામાંજ અંકાય છે એ દયા રહિત અધમને શું પ્રતિ ઉત્તર આપ્યો?"

બલવંતરાવઃ ભાઉ સાહેબે બુદ્ધિપૂર્વક સયુક્તિ પ્રતિઉત્તર લખાવ્યો. તેમાં દર્શાવ્યું હતું કે જગતમાં સર્વ પ્રાણી માટે એ ગતિ નિરમાણ કરેલી છે, જગતમાં કોઈ અમર રહ્યું નથી, રહેવાનુંએ નથી, અને રહેશે પણ નહીં, એ જગાએ સર્વને જવાનું છે. આપ કંદહારના પાદશાહ છો, આપની યોગ્યતા મુજબ યોગ્ય સત્કાર થવો જરૂરનો છે. તેમ આપ આપના ઘણા સ્નેહી મંડળ સાથે પધારશો એવી ખાત્રી હોવાથી, આપને સારૂ મિજબાનીની તૈયારી કરવા ગોવિંદપંથ આગળથી સીધાર્યા છે. માટે આપ બેધડક સ્વર્ગે સંચરવાની તૈયારી કરજો!

લક્ષ્મીબાઇઃ ગોવિંદપંત †મહાધાર્મિક વીર હતા. તેમની સ્ત્રીએ ત્યારે આ મસ્તક લઈ સહગમન કર્યું કે?

બલવંતરાવ હા, અમર લોકમાં અક્ષય સુખની પ્રાપ્તિ કરી ધર્મ

†ગોવિંદપંતની સ્ત્રીનું નામ તપાસ કર્યા છતાં જણાયું નથી.

સુશીલા ગઇ અને તેની મહત્ત્વતાવાળી કીર્તિ આ લોકમાં, કુળગર્વને ગર્જાવતી ગાજી રહી છે.

લક્ષ્મિબાઇઃ જીવિતેશ્વરના જતાંજ સતી સાધ્વીનો પ્રાણ કેમ રહે? સ્વામીના જીવનપ્રવાહ સાથેજ તેનો જીવન પ્રવાહ પ્રવાહિત થતો જાય છે, અને જેમ પાણી, પાણીમાં મળી જાય છે, તેમ એક બીજામાં ભિન્નત્વ રહેતું નથી. હૃદયમાં પવિત્ર પ્રેમ ઉચ્છ્વાસ પ્રવાહિત થવાથી પ્રીતમમય પ્રિયા થઇ જાય છે, તેથી સતી સાધ્વીનો, પતિમય પ્રાણ થવાથી, પતિ સારૂં જીવન ધારણ કરે છે. પણ પ્રાણેશ, પછી દરબારમાં શું થયું.?

બલવંતરાવઃ નહાના મોટા સર્વ સરદારો આ વર્તમાનથી ખિન્ન થઇ ગયા, અને સર્વેએ એવો અપવાદ મૂક્યો કે, જનકોજીને મેં સંપૂર્ણ મદદ કરી હોત તો દુરાનીની અવદશા થઇ ગઇ હોત, અને મહારાષ્ટ્રીઓનો આવો વખત આવત નહિ. આ અપવાદમાંથી મુક્ત થવા સારૂં વિજય પતાકા ફરકાવવા આ તૈયારી કરી છે. ભારત વર્ષમાં પેશવાનો જય ઝુંડો ફરકાવી, હિન્દુ સ્વતંત્રતા સ્થાપન કરીશ, યા તો પ્રાણાર્પણ કરીશ, એ નિશ્ચયાત્મક કીધું છે.

લક્ષ્મીબાઇઃ વીર પુરુષોનો એજ ધર્મ છે. આપનું કર્તવ્ય આપ જાણો છો. આપના ઉન્નત ઉદ્દેશમાં હું આડી આવીશ નહિ. શૌર્યથી શત્રુને શેહ આપી, યશોગાનથી કુળને ઉજ્વળ કરો, જગતની આદ્ય શક્તિ મહામાયા આપની મદદગાર થશે. જો આ પરાક્રમ દાખવતાં કંઇ અમંગળ થાય તો, આ ચિર વિશ્વાસિની દાસી પણ પોતાનું જીવન સમર્પણ કરી સહગમન કરશે.

બંને ક્ષણભર મૂંગાં રહ્યાં. પછી લક્ષ્મીબાઇએ કહ્યું, પ્રાણેશ ! મારી શંકા દૂર થઇ છે. આપના કાર્યને ઉન્નત કરવા તત્પર છું, મનુષ્યથી થાય એટલું કરવામાં પાછું પડવાનું નથી, પછી વિધિનું ધાર્યું તો થશેજ !

નિર્મળ સ્વભાવની, સુદયા લક્ષ્મી પતિ મૂર્તિને અન્તરમાં આલેખતી, ઘણીવાર પતિ સામું દૃષ્ટિ નાંખી, શ્રદ્ધા અને પ્રીતિથી પતિના ધ્યાનમાં નિમગ્ન થઇ. પતિના અંકમાં દબાઇ પ્રેમ ચર્ચા કરવા લાગી. પવિત્ર પ્રિયાંગનાના પ્રેમ મંદિરમાં આપણે પેશવાનો અધિકાર નથી, તોપણ શયન ગૃહમાં પ્રેમ ક્રીડાના ઉપચારની ખામી નહોતી તે જણાવવાને હરકત નથી. પ્રિયા સ્વામીનાં કંઠમાં હાથ નાંખી પ્રેમ કુતૂહળ કરવા લાગી, પ્રીતમે હડપચી ઝાલી મુખ ઉંચુ કરી અધરદાન દીધું, અને સ્નેહથી આલિંગન દઇ બોલ્યો, "તારી પ્રેમ કળીમાંથી વહેતો પ્રેમ સુગંધ આજે દિવ્ય અનુભવ અનુભવાવે છે, તારા સઘળા કટાક્ષ ઉત્તરોત્તર પ્રેમ પ્રકાશને હૃદય પ્રદેશમાં પ્રકાશિત કરે છે."

પ્રાણેશમય થયેલી પ્રિયા, પતિના ધ્યાનમાં પોતાનું સઘલું અર્પી બેઠેલી હોવાથી, પતિ સામું દૃષ્ટિ નાંખી સ્મિત હાસ્ય કરી, પતિની મંગળમૂર્તિને નિહાળી, ચક્ષુને બંધ કરી, કંઇ બોલીજ નહીં. પતિના અંકમાં રમણ કરતી પ્રિયાનો પ્રેમકાળ હવે વહી જવા લાગ્યો હતોઃ લાલ ઉષાએ પૂર્વ તરફ પોતાનું બળ અજમાવવા માંડયું. પ્રિયાએ પ્રીતમનું મુખમંડળ નિહાળી ચુંબન કર્યું, પ્રેમથી સર્વાંગે કોમળ હાથ ફેરવી જાગ્રત કર્યા.

પ્રાતઃકાળ થયો. પતિએ નિત્ય કર્મ કરી દેવયજન કીધું. પ્રિયાંગનાએ મંગળમય આભૂષણો પહેરી કપોળમાં ચાંદલાનું મંગળ ચિહ્ન કીધું, ને મંગળ કાર્ય કરાવવા પતિને વીર પોશાક સજાવવા આવી.

પ્રિયાએ પતિના સન્મુખ આવી, દર્પણ સામું મૂકી, વીરવસ્ત્ર સજાવવા માંડયાં, પ્રીતમને પોશાક પહેરાવી નિહાળે, અને પ્રેમચિહ્ન કરતી તેમાં સુધારો કરે, એવી રીતે કુતૂહલનો કંઇ પાર રહ્યો નહિ. મસ્તક પર વજ્રમય ટોપ વાંકો મહેલી, તે ઉપર હીરાનો ઝળહળતો શીરપેચ ઝળકાવી મૂકયો. કાનમાં અણમોલ મોતીની કડી, અને બંને હાથમાં વીર કડાં પહેરાવ્યાં. સુગોળ ભુજામાં બાજુબંધ દીપાવ્યા અને આખું અંગ લોહ કવચથી જકડી લીધું. કમરબંધમાં પાણીદાર તરવાર લટકાવી અને બીજી બાજુએ સુવર્ણ હાથાની કટારી અને અકિકના હાથાનો જમૈયો શોભાવ્યો, પીઠ ઉપર તીરોથી ભરપૂર તર્કસ અને ઢાલ લટકાવી, હાથમાં સૂર્ય કીર્ણ જેવો ચકચકતો ભાલો ચળકાવ્યો. પ્રિયાએ પતિના મુછના આંકડાને વલ દેવડાવ્યો અને પ્રીતમને યુદ્ધ કુમાર કાર્તિક સ્વામી જેવો વીરવેશ ધારણ કરાવી, પતિના તેજોમય મુખને નિહાળી રહી.

પ્રાતઃકાળના બાળ સૂર્યનાં કીરણો વિશાળ મેદાનમાં પસરવા માંડયાં. તે સાથે સૈનિકોની હારપરહાર **સદાશિવરાવ ભાઉ**ના હુકમ પ્રમાણે ગોઠવાવા લાગી. **હોલકર** અને **સિંધિયા**નાં લશ્કરે પોતાની મીસલ લીધી અને ફરફર ઉડતા જરી પટકાએ ડુમ ડુમ ઘોષ કરતી સરનોબતે **બલવંતરાવ**ને યુદ્ધમાં ચઢવા ત્વરા કરવા ચેતાવ્યો. એટલામાં **ભાઉ**સાહેબની ચીઠ્ઠી આવીઃ "સૈન્ય સજ થયું છે, આપ બહાર પધારો, અને સૈન્યનું આધિપત્ય લઇને સીધાવો." પ્રીતમે ચીઠ્ઠી વાંચી, નિશ્ચયાત્મક કીધું કે; "યુદ્ધે ચઢી જય મેળવવો. જય મળે તોજ **ભાઉ** સાહેબને મુખ બતાવવું, નહિ તો વીરત્ત્વ બતાવી રણમાં વીર હાક વગાડી સ્વર્ગે જવું."

પ્રિયા પતિની મુખચર્ચાથી આન્તિક ભેદ જાણી ગઇ, તેથી ક્ષણભર તેનું મુખ મ્લાન રહ્યું; પરંતુ અમાંગલિક શુકન થશે એ ભયે ચિત્તને સ્થિર કરી, સમય વિચારી પ્રસન્નચિત્તે મધુર શબ્દ ધ્વનિ કરતી બોલી; "પ્રાણેશ! જગદીશ્વર તમને વિજયી કરે એવી તેને દાસીની પ્રાર્થના છે." તે સાંભળી **બલવંતરાવ મેં**ઢળે બોલ્યો;–"ભદ્રે ! પ્રભુ એમજ

કરશે પરંતુ રણસંગ્રામનો રંગ બાંકો છે. જ્યાંસુધી દેહમાં પ્રાણ રહેશે ત્યાંસુધી યશ મેળવવા યત્ન કરીશ, છતાં યશ નહિ મળે તો વીર હાક વગાડી, વીરત્વની રેલી ચલાવી, સ્વર્ગે સંચરીશ. તમને ફરી મળવું ત્યાં થશે." એ સાંભળતાંજ લક્ષ્મીની આંખમાં આંસું આવી ગયાં. પરંતુ ચળપતાથી તે લૂછી ગર્વથી બોલી, "વીર પુરુષોનો એજ ધર્મ છે. આપ આપનાં કર્તવ્યને જાણો છો. યશ રહિત સો વર્ષ જીવનાર કરતાં યશસ્વીનું અલ્પ જીવન ઉત્તમ છે. પ્રાણને વહાલો કરી કુળને કલંકિત કરનારને પણ આખરે મોત છોડનાર નથીઃ એ વરસ મોડે કે વહેલે દેહધારીને પડવાનુંજ છે, માત્ર તે કયારે પડનાર છે, તેજ જાણતાં નથી. તો તેના ખોટા બચાવ સારૂ ભિરૂતા ધરનાર અલ્પ મતિજ છે. પ્રાણેશ ! સખી મંડળમાં દાસીને કીર્તિવંત કરજો, માતાની કુખને શોભા આપજો. નાથ ! દાસીમાં વિશ્વાસ રાખજો. રણક્ષેત્રમાં કર્તવ્ય કરતાં પ્રાણ વિસર્જન થશે તો, અપ્સરાઓ કંકણ બાંધી આપના કંઠમાં વરમાળા આરોપશે તે પહેલાં તો હું આપની સમક્ષ હાજર થઇશ."

બલવંતરાવ; એ નવું નથી. તે હું જાણુંજ છું. તમોએ કોઇ પણ કાળમાં મને અવિશ્વાસી કીધો નથી. પ્રાણેશ્વરી! આપારાવ બાળક છે, તેનાં લાલન પાલનની જરૂર છે, માટે કદાપિ વિરામ કાળ આવે તો *સમાગમ કરવો ઉચિત નથી.

લક્ષ્મિબાઇઃ "તેના પ્રારબ્ધમાં હશે તે થશે, અનંત બ્રહ્માંડના અધિપતિને તેની ફીકર છે. સર્વમાંથી ચિત્ત વૃત્તિ કહાડી વિજયી થવાને સ્થિર થાઓ, માતા ભવાની આપને સહાય થશે." એમ મંગળ વચનો ઉચ્ચારતાં, પતિના કપાળમાં કુંમકુમનો ચાંદલો કરી, અક્ષત ચહોડી, માંગલિક શૂકન કર્યાં. પતિએ હાથમાં લગામ ઝાલી અશ્વઉપર સ્વારી કરી, વીર ગર્જના કરી. મેદાનમાં ભેગી થયેલી સેનાએ તેને પ્રતિધ્વની કરી ગગન મંડળને ગર્જાવી મૂકયું. થોડી વારમાં તો સેંકડો સ્વારો અને પ્યાદાઓ, ભાલાં, તરવાર અને ઢાલ લઈ વજ્રનાદ કરતા અબદાલીના સૈન્યપ્રત્યે ધસ્યા. તેઓની મ્યાનમાંથી બહાર કાઢેલી તરવારો તથા ધારદાર ભાલાંઓ સૂર્યકીરણથી ઝગઝગ ચળકવા લાગ્યાં. થોડા અરસામાં અબદાલીના સૈન્ય પાસે આવી પહોંચ્યા. પ્રચંડ કોપવાળા સૈનિકોના ગંભિર દેખાવથી રણભૂમિ ભયંકર દીસવા લાગી.

વીરનોબતના ધણધણાટ સાથે, અબદાલીએ પોતાનું સૈન્ય સજ કરી સામું આણ્યું. રોહિલો અને દુરાની એકદમ ટૂટી પડયા. તોપોનો ધનનન, ધનનન, અવાજ થોડા વખતમાં બંધ થયો અને તરવારનો મારો શરૂ થયો. ઘોર સંહાર શરૂ થયો. ધૂળના ગોટ ઉછળવા લાગ્યા,

* સતી થવું.

ક્ષણમાત્રમાં અંધકારમય થઈ ગયું. મહારાષ્ટ્રીય સૈન્યે સખ્ત મારો માર્યો પણ રોહિલાએ એવી સીફતથી સિંધિયા અને હોલકર ઉપર ગોળીઓનો વરસાદ વરસાવ્યો કે, ભયથી સકળ સૈન્ય કંપિત થયું. પરંતુ એટલામાં વાયુ બંધ થયો અને ધુળના ગોટા નરમ થવાથી, રોહિલાનું નિશાન ઘણું ધસી આવેલું, બલવંતરાવની દૃષ્ટિએ પડયું. બલવંતરાવે ક્ષાત્ર બુદ્ધિથી ધસારો કરી, હર મહાદેવની વીર ગર્જનાથી લશ્કરને ઉશ્કેરી, મારો શરૂ કીધો. રોહિલાનાં ત્રણ હજાર આદમીને જોતજોતામાં બલવંતરાવે કતલ કર્યાં. દુરાની પોતાની છાવણીમાં નાઠો. અને નજીબખાન, જે પોતાના સૈનિકોથી ઘણોજ આગળ વધી ગયો હતો તે બલવંતરાવના ઘેરામાં ઘેરાઈ પડયો.

રણવાદ્યનો કોલાહલ વીરત્વને ઉશ્કેરતો હતો. વીર પુરૂષો મરણીઆ થઈ જયનાદ કરી, ગર્જના કરવા લાગ્યા. નજીબખાન કટાકટીના મેદાનમાં જીવન મર્યાદાને અનુભવતો સપડાયો. મદદનાં ફાંફાં માર્યાં, મદદ આવી પહોંચતી નથી; વીર બલવંતરાવ મચક મારતો નથી. નાચાર હાલતમાં ઘેરાયલો નજીબખાન કેદ થવાની તૈયારીમાં છે, પણ ભાવીને તે ગમ્યું નહિ. સણણણ કરતી ગોળી શત્રુ સૈન્યમાંથી આવી અને બલવંતરાવે પ્રાણ છોડયો. બલવંતરાવની ચાણકી ઘોડી ખાલી પડી. દુરાનીએ આ તકનો લાભ લઈ મૃત બલવંતરાવનો શીરચ્છેદ કરવા યત્ન આરંભ્યો. આ વર્તમાનની જાણ વીર ખંડેરાવ નાયક નિંબાળકરને થવાથી, ક્ષાત્ર ધર્મ બજાવી, વીર બલવંતરાવના મૃતદેહને શત્રુ પાસેથી છોડાવી લાવ્યો. વીર પ્રયત્ન કરતાં ઘણા વીરો ખપ્યા, ખુદ ખંડેરાવ નાયક ઝખમી થયો, છતાં સ્વામી સેવામાં પાછીપેહેની ન કહાડતાં, સેવા બજાવી. રોહિલાની ઉન્મત્તતા આથી વધી. તેનું નિશાન ધસમસાત કરતું, આગળ ધસતું, હોલકર અને સિન્ધિયાની દૃષ્ટિએ પડયું. તેમણે વીરગર્જના કરી સંહાર ચલાવ્યો. પાંચ હજાર રોહિલા કપાઇ ગયા, અને દુરાનીને સખ્ત શિક્ષત આપી. મૃતદેહનો ગંજ વળી ગયો, લોહીની નદીઓ વહી રહી, અને ભયંકરતાથી રણભૂમિ, સૌને ખાઉં ખાઉં કરતી વિકાળ ભાસવા લાગી. દુરાની અને નજીબખાન પોતાની છાવણીમાં ગયા અને ભાઉ સાહેબ વીર બલવંતરાવનું જીવન શૂન્ય શરીર લઇ મુકામે આવ્યા.

આજે કાર્તિક વદ અમાવાસ્યાનો દિવસ છે. અમાસના અંધારાએ જગતને શ્યામતાથી અંધકારમય કરી નાંખ્યું છે. તેની સાથે મહારાષ્ટ્રીય છાવણીમાં આ વર્તમાને સર્વના વીરશ્રીને નિસ્તેજ કરી, હૃદયમાં શોક શ્યામતા પસારી દીધી છે.

ભાણ પ્રતાપી સૈન્યના, લક્ષ્મીના પ્રિય પ્રાણ,
રણ સંગ્રામે ડૂલિયા, ભરદરિએ જેમ વહાણ.

# પ્રકરણ ૨૮ મું.

## સતી સુશીલા લક્ષ્મિ.

પતિવ્રતા માનિની પુજ્ય ધામ, ગૃહે ન એને અભિમાન નામ;
સતી પતિમાં અતિ પ્રેમ રાખે, દાક્ષિણ્યથી સેવક સાથ ભાખે.
આજ્ઞાંકિત ધાર્મિક લાજ વાળી, મને તને નિર્મળ બુદ્ધિ શાળી;
મને કર્મે ને વચને પવિત્ર, એકે ન રાખે કુટિલ ચરિત્ર.
વિવેકથી કાર્ય ગૃહે કરે છે, પ્રેમે પિયૂને રિઝવી રિઝે છે;
પ્રાણેશને અર્પણ દેહ કરે છે, પતિવ્રતા તે જગમાં ઠરે છે.

જીવનશૂન્ય પતિને જોઇ, સતિ સાધવી લક્ષ્મીબાઇ સ્થંભિત થઇ ગઇ. પતિના શબ ઉપર દૃષ્ટિની એકાગ્રતા કરી તેને જોઇ રહી. સ્વામીભક્તિ પરાયણ સાધવી હજી જાણે સ્વામી સેવા સ્વીકારતાં હોય તેમ, ભાવ કરતી, સેવા કરવાની ઉત્સુકતા દર્શાવી રહી. પતિના મુખચંદ્રમાં સુખ મેળવી, પ્રેમામૃત પીતી હોય તેમ હાવભાવ કરતી, તેને નિહાળી રહી. ક્ષણે ક્ષણે ભ્રુગુટી ચડાવી, વક્ર નેત્રથી પતિને ઠપકો આપતી હોય, આશ્વાસન કરતી હોય, અને બહુ માનથી નિવારતી હોય, એવું દર્શાવી રહી; ધીમે ધીમે ગતિભંગ થઇ ગઇ, કેશ છૂટા થઇ વિખરાઇ ગયા, કોમળ હૃદયમાંથી નિઃશ્વાસની જ્વાળા ઉડવા માંડી, ક્ષણે ક્ષણે આર્ત્ત નાદ કરતી આંસુને વરસાવવા લાગી, દીન નાદથી કરૂણાની રેલી વહેવા માંડી. "પ્રાણેશ! પ્રિયાને છેતરી ક્ષણમાત્રમાં આવું છું કહી કયાં ગયાં? જીવિત નાથ! આપની આજ્ઞા લોપી નથી, દાસી પ્રપંચને સમજી નથી, મારી સાથે કેમ પ્રપંચ કરો છે? આ ભાગ્ય હીનને હાથે એક ફેરી તાંબુલ લઇ કૃતાર્થ કરો,મધુર મુખને મલકાવો. પ્રાણવલ્લભ! એક ફેરી બોલો! સ્નેહમયી નયનથી એક ફેરી કટાક્ષ નાખો. ક્ષણ અળગી રાખતા નહોતા, દાસીનું લાલન પાલન લાડકોડથી કરતા હતા, તો આજે કેમ બેદરકાર થયા? હૃદયેશ, હૃદયમાં વસી વસાવી છે. મનમેળવી મનથી મહલાવી છે, કર મેળવી કરમાં રમાડી છે, આંખ મેળવી આંખથી હસાવી છે, મનવાંછના પૂરતાં મકલાવી છે, હવે કેમ અકળાવો છો? પાણીગ્રહણ કરી, પ્રાણેશ! અબળાને આશ્રય આપ્યો છે, તો વણ રક્ષાએ કેમ તજી ગયા? મારી સપુરત કોને કરી છે? બાળ આપારાવનું લાલનપાલન કોણ કરશે? હું ભાગ્યહીન છું, મારો દોષ પડયો હશે, પણ બાળ પુત્રનો શો દોષ પડયો? એના બાળસુખની પરિસીમા કેમ આણી? પ્રાણેશ! સ્વર્ગ સુખની લાલસાએ દાસીને કેમ તજી? સત્ય પરાયણ, પતિસિવાય બીજાને ન જાણનાર દાસીને તજી, અપ્સરાઓમાં કેમ મોહિત થયા? સ્વર્ગમાં રહેનારી અપ્સરાઓ! તમો કુલાંગાર

છો. વીર પ્રિયાની દ્વેષીની છો. વીર પ્રિયાઓએ તમારો શું અપરાધ કર્યો છે? ગુણહીણીઓ! ગુણજ્ઞ વીરોને કેમ ઉચકી લો છો? સૃષ્ટિની સતી સાધવીઓને કેમ સતાવો છો? સાધવીઓને વિરહાનળમાં બાળતાં તમોજ ભસ્મિભૂત થશો, તમારી આશા ભ્રષ્ટ થશે. સાધવી સતી, પતિ વિના ભૂમંડળમાં રહેનાર નથી, સ્વર્ગલોકમાં પતિ શાથે સહગમન કરી ક્ષણનો અંતર ન પડવા દેતાં, આવીને તમોને ઝાંખી પાડશે. પ્રાણેશને ફોસલાવનારી અપ્સરાઓ! તમારાં લગ્ન કંકણ બંધાતાં પહેલાં, પતિના ગળામાં ભૂજમાળ પેહેરાવવા સ્વર્ગમાં આવું છું. વિરહાનળમાં બળવા મથતી અપ્સરાઓ! તમને વિરહાનળમાં બાળવા આવું છું.

નવ આશ્રય અન્યનો કર્યો, નવ વિશ્વાસ જરા બીજે કર્યો;
પતિત્યક્ત વ્યથા ન તે સહે, ન વિખૂટી હરણી ક્ષણે રહે.

આર્ત નાદથી ભીષણ યાતના કરતી સતી શોક સમુદ્રમાં ડૂબી ગઈ છે. ચક્ષુમાંથી અશ્રુની ધારા વહી રહી છે, ચક્ષુ તેજ રહિત ઝાંખી પડી છે, હૃદય શૂન્યકારમય થયું છે, કેશાવળી અવ્યવસ્થિત થઈ છે, શરીર શિથિળ ગતિભંગ શોક વ્યાકુળ થયું છે.

ક્ષણમાત્રમાં તો સતીને જગત્ શૂન્યકારમય લાગ્યું, તેની ભાવના મિથ્યા જગત્ ઉપરથી ઊઠી ગઈ, તેના હૃદયમાં સત્યના સૂર્યને પ્રકાશિત કર્યો. તેનાં તેજોમય કિરણો તેની નયનદ્વારા ચળકવા માંડયાં. હવે આંખમાં આંસુ નથી, આર્ત નાદનો ધ્વનિ નથી, ગતિભંગ થયેલા શરીરમાં વ્યાકુળતા નથી, અવ્યવસ્થિત થયેલી કેશાવળી, સિંહણની પઠેમ ફરફરવા માંડી છે. મુખમાંથી ગાઢ નિઃશ્વાસને બદલે. "જે અંબે, જે અંબે"નો ધ્વનિ નિકળવા માંડયો છે. આ મિથ્યા જગત્ તે શૂળી જેવું લાગતું હતું. તેમાં જતી ક્ષણો યુગ સમાન અનુભવતી હતી. જે શબ જોઇ શોકથી દીન નાદ પોકારતી હતી, તે શબને હવે આનંદથી સ્પર્શ કરી. સફેદ સુગંધીમય પુષ્પોથી શણગારવા લાગી. વૃત્તિનું દૃઢ સંયમ, પતિ સાથે થઇ ગયું. પ્રિયાનો પ્રાણ પતિના પ્રાણમાં સમ્મીલન થઇ ગયો. દેખવા માત્રનુંજ સ્થૂળ દેહ દૃષ્ટિગોચર થતું હતું.

લક્ષ્મિનો અંતઃભાવ બદલાયલો જોઇ, બુદ્ધિમતી * રૂકમાબાઇ તેની પાસે આવી. લક્ષ્મિને પાશામાં લીધી. તેના હૃદય ઉપર હાથ પસારી કહેવા લાગી, "ભાભી! શોકને સમાવો. મનુષ્યનું જીવતર શોકમય છે. પ્રારબ્ધનું કાળચક્ર સુખ દુઃખને અનુભવાવે છે. સ્વામીના શબને છોડો, પુત્રમાં પ્રીતિ જોડો ને શોકની નિવૃત્તિ કરો."

લક્ષ્મિઃ પ્રાણેશની સરળ મૂર્ત્તિ હૃદયમાં અંકિત થયેલી છે, તે કષ્ટે પણ હૃદયથી વિખૂટી થાય એમ નથી. પતિવિના સ્મશાનવત્

* જનાર્દન ભાનુ ઉરફે નાનાફડનવિસની મા.

થયેલા સંસારમાં મારી મમતા નથી, પતિએ મને અળગી કરી નથી, ને હું તેમનાથી અળગી થનાર નથી.

રૂકમાબાઇઃ સંસારી આદમીઓને સંસારમાં વિચારીને ચાલવાનું છે, હજી સંસારને કેળવવાનો છે.

લક્ષ્મિઃ સંસારનાં સુખવિલાસ મને હવે અડકનાર નથી, મૃત્યુ લોકનાં સુખ વિલાસ પિસાચી છે, મૃત્યુ લોકમાં હવે સ્વામી નથી, સ્વામી વિના સંસાર વિષમય છે.

જનાર્દન ભાનુઃ મામી! પતિ પ્રત્યે જેવી તમારી ફરજ છે, તેવીજ ફરજ પુત્ર પ્રત્યે છે. બાળ આપારાવ સામું જુઓ.

લક્ષ્મિઃ ભાણુભાઇ! સંસારની ભ્રમણામાં મને નાંખતો ના, હવે તુચ્છ સંસારની આશાઓ મને અડકી શકનાર નથી. આલોક અને પરલોકમાં સ્ત્રીની ગતિ ફકત પતિથીજ છે; સ્ત્રી પોતાનો ઉદ્ધાર કરી શકતી નથી; સ્વામીની ચરણ છાયામાં અમારૂં સર્વસ્વ છે, ત્રિલોકનું ઐશ્વર્ય મારા દૃઢ નિશ્ચયથી મને ડગાવે એમ નથી.

જનાર્દનઃ ત્યારે છતી માતાએ, પુત્રે દુર્ભાગ્ય ભોગવવું? પુત્ર ઉપર દયા નહિજ આણો? માતા પુત્ર માટે સર્વ કાળ દયાશીળ છે, માતા પુત્રના સુખ સારૂ સર્વ જોખમ વેઠે છે, તમે શું પુત્ર માટે દયાળુ નહિ થાઓ?

લક્ષ્મિઃ પ્રાણેશ સ્વર્ગલોકમાં મારી રાહ જુએ છે, મારી સત્ય પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ નહિ થાઉં; સ્વામી સિવાય સ્ત્રીની ફરજ બીજી નથી, પુત્રનું ભાવી તેની સાથે; પ્રભુ તેનું રક્ષણ કરશે; જેણે જન્મ આપ્યો છે તે પાલન કરશે, એની ચિંતા તેને શિર છે.

આ સમયે આંસુ વરસાવતો આપારાવ માતાની પાસે આવ્યો. આપારાવનું વય કેવળ બાર વર્ષનું હતું. તેણે દયાજનક સ્વરે કાકલુદી કરતાં કહ્યું, "માતા, પિતા શ્રીએ સ્વર્ગમાં વાસ કરી, મારો પરિત્યાગ કર્યો છે, અને તમો સહગમન કરવા તૈયારી કરો છો. મારી સંભાળ કોણ લેશે? મારા શા હાલ થશે? માતા દયાની અધિદેવી છે, મને નિરધાર ન મૂકો."

લક્ષ્મિઃ પ્રભુ તારી સંભાળ લેશે. આ જગતનો રક્ષક તેજ છે, તેને સર્વની ફીકર છે, તે તારી ફીકર રાખશે.

આપારાવઃ માતા! માના જેવું આશ્વાસન કોઇથી થતું નથી, તારા સિવાય મને અન્ન પાનાદિથી કોણ સંતુષ્ટ કરશે?

લક્ષ્મિઃ જગત્‌માતા અન્નપૂર્ણા જગતના કોડ પૂરે છે, તે તારા કોડ પૂરશે, સર્વ કાળે તારૂં રક્ષણ કરશે."

આપારાવઃ માતા! મારાં લાડ કોડ કોણ પૂરાં પાડશે? હું કોની સાથે રીસાઇશ? મને કોણ મનાવશે?

લક્ષ્મિઃ ત્રિભુવન નાથ તારૂં લાલનપાલન કરશે, તારૂં રીસામણું મનાવણું પણ તે કરશે, અને સકળ સુખદ સ્મૃદ્ધિથી તને ઠારશે. અલ્યા! સતિનો પુત્ર થઇ કાયર કેમ થાય છે? સિંહ થઈ શિયાળવાની ગત કેમ પકડે છે? જગત્ મિથ્યા છે, એ નાશવંત છે, એ નાશવંત પદાર્થોમાં પુત્ર મારી વૃત્તિને નાંખે છે. તારા પિતા સ્વર્ગના દ્વારમાં ઉભા ઉભા મ્હારી રાહ જુએ છે, તે તારી નબળાઈ જોઈ હસશે, પિતૃલોક અને દેવલોક તારી નિર્માલ્યતા જોઈ તને નિંદશે, આપા! તું સતીનો પુત્ર છે, તારી માતાને પ્રેમથી ભેટી સતી થવાને ઉત્સાહી કર.

જનાર્દન ભાનુઃ મામી! કૃપા કરો, સ્વર્ગનાં સ્વાર્થી થઇ અમને ન ત્યાગો.

લક્ષ્મિઃ જનાર્દન! મારા કર્ત્તવ્યમાં હું પાછી પડનાર નથી, તેમ તમોને તમારૂં કર્ત્તવ્ય કરવામાં પાછા પડતા જોવા ઉત્સુક નથી, પ્રસંગ પરત્વે કહેલાં વચનો વિચારો. મારૂં કર્ત્તવ્ય હું કરૂં છું, તમો અને મહારાષ્ટ્રીય વીરોને માથે મોટું કર્ત્તવ્ય કરવાનું છે, તે કાળાંતરે પણ સિદ્ધ કરજો. દૃઢ આગ્રહથી સર્વ થશે એ વાત ભૂલી જતા નહિ. હવે મને દુનિયાની વાતો વહાલી લાગતી નથી, મને વિલંબ કરાવો નહિ.”

સદાશિવરાવઃ બાળક ઉપર કૃપા નહિ કરો?

લક્ષ્મિઃ જગતના પ્રપંચનો અનુભવ બધો થઇ ગયો છે, તેમાં આસ્થા રહેલી નથી; હૃદયેશ્વર મારા ઉપર ઘણીજ મમતા રાખતા હતા, તેમને છોડી હું રહેવા ઇચ્છતી નથી ને મારા સુખના માર્ગમાં વિક્ષેપ નાંખવા યત્ન કરતા નહિ. જે પ્રાણેશ મને આટલું બધું ચહાતા હતા, તેની સાથે મને જવા દો, જે પ્રાણેશને આ તન અર્પણ થયેલું છે, તેને તેની પાસે જતા રોકો નહિ. આ સમયે આપ હમારા માતા પિતા છો, પુત્ર આપારાવનું રક્ષણ કરજો. હવે પતિ વાંસે જવાને વિલંબ થાય છે માટે ત્વરા કરો.”

આમ કહેતાં કહેતાંમાં લક્ષ્મીબાઇની મુખાકૃતિમાં ફેરફાર થવા માંડયો, ચક્ષુમાં સતીત્વનું તેજ દીપવા લાગ્યું. કેશની છૂટી લટો બંને સ્કંધ ઉપર વિખરાઇ રહેલી ફરફરે છે, કપોળમાં કુમકુમની પીચેલ દીપી રહી છે, અંગમાં શોલે શણગાર સજાઇ ગયા છે, તે ઉપર મનોહર અંબર વિંટાળેલું છે, પુષ્પમાળા ધાલી, કુળગુરૂ, દેવ તથા કુળદેવીનું આરાધન કરી, વડીલોને નમન કરી, જય અંબે, જય અંબે, પુકારી, સ્મશાન ભૂમિ તરફ તે ચાલવા લાગી.

આ સમયે યુદ્ધભૂમિ દેવભૂમિ બની ગઇ છે, સર્વના મનમાં સતી પ્રત્યે દૈવીભાવ ઉત્પન્ન થઇ રહ્યો છે, પોતાનું ઇષ્ટ કરાવવા સતિના ચરણ કમળમાં પુષ્પમાળા મૂકી સર્વે વંદન કરે છે, સતી આંતરિક

બુદ્ધિના પ્રભાવથી અધિકાર પ્રમાણે આશિરવાદ દેતી દેતી ચાલી જાય છે. પેશવા સરકારના સકળ લશ્કરે સંપૂર્ણ માનથી સતીને સન્માનિત કરી છે, સ્મશાનભૂમિ જળ છાંટીને સ્વચ્છ બનાવી છે, સફેદ પુષ્પના સુગંધિત તોરણોથી સુગંધિત કરી મૂકી છે, જરીનાં નિશાનો ચારે બાજુએ ફરફરાવી દીધાં છે, નોબતનો ધ્વનિ ગર્જના કરી રહ્યો છે અને નાનાં મોટાં સઘળાં વાજીંત્રો, જય અંબે, જય અંબેનો નાદ પોકારી રહ્યાં છે. સુખડ અને તુલશી કાષ્ઠની ચિતા ખડકી તે ઉપર મનોહર મહુલી જેવું કર્યું છે.

સતી ચિતાની પાસે આવી. સખી તથા દાસી મંડળની સાથે, લક્ષ્મિએ આદ્યભવાનીની સ્તુતિનો ગરબો ગાયો. સર્વ આનંદમય થયાં. સતિએ ધીમે ધીમે પેહેરેલા અલંકારો, અધિકાર પરત્વે સગાં, સ્નેહી તથા દાસીઓમાં વહેંચી આપ્યાં. પછી મધુર મધુર મુખ મલકાવતી હાસ્યવદના ચિતામાં ચઢી, પતિના શબને પ્રેમપૂર્વક ઉત્સંગમાં લીધું અને તેના ધ્યાનમાં તલિન્ન થઈ ગઈ.

પુત્ર આપારાવ અગ્નિસંસ્કાર કરવા અગ્નિ લઈ ચિતાને પ્રદક્ષિણા કરે છે, પ્રદક્ષિણાઓ પૂરી થતાંજ જીવતિ માતાને સંસ્કાર કરવાનો વખત આવ્યો. તે માતાને અગ્નિ સંસ્કાર કરતાં થરથર કમ્પવા લાગ્યો, હાથ લથડી ગયો. ક્ષણભર સતી સાધ્વી માતા તરફ જોઈ રહ્યો. સતીએ કહ્યું, “ રણધીરનો પુત્ર થઈ કેમ કંપે છે? પુત્ર, ધૈર્ય ધર, દૃઢ વીર થા,” એમ કહી લાંબો હાથ કરી, બાળ પુત્રના હાથમાંના પ્રદિપ્ત અગ્નિને, ઘૃતથી ભીંજાયલી કેશાવળીમાં ચાંપ્યો. અગ્નિ પ્રદિપ્ત થઈ જ્વાળા ચાલવા લાગી. જ્વાળા ચાર દિશાએ પસરી ગઇ, સતી અને પતિના અવયવને વીંટી વળી. લક્ષ્મીનું એક પણ અવયવ કંપતું જણાયું નહિ, તેનો એક પણ વાળ કંપિત થયો નહિ, એક પ્રહરમાં તો ભીષણ ચિતાનો અગ્નિ શાંત થઇ ગયો, અને દેવલોકનાં દુંદુભિનાં નાદને ડોલાવતી સતી સાધવી, પોતાના અને પતિનાં ઇકોતેર કુળને તારતી, સ્વર્ગલોકમાં મહાલવા લાગી.

ગગન વિહારિ ચંદ્ર આજે નભમંડળમાં ચળકયોજ નહતો. સતીત્વના તેજ આગળ એનું તેજ ઝાંખું પડે એ બીતિથી, અમાવાસ્યાનો આશ્રો લઈ છુપાઈ બેઠો હતો. કાર્તિક વદ અમાસની શ્યામતાએ, જગત્‌માં જેમ શ્યામતા પસારી હતી, તેમ મહારાષ્ટ્રીય સૈન્યના સૈનિકોના હૃદયમાં, ભીતિરૂપી શ્યામતાએ પસરી શૌર્યતેજ ઝાંખું કીધું હતું.

# પ્રકરણ ૨૯ મું.

——:o:——

## પ્રથમ પહોર.

શુરા ધાઇ ધાઇ રિપુદળ રણે જાય દલવા,
ધરે છે મન ઈચ્છા અસીથી રીપુદળ હણવા.
બતાવી નિપૂણતા રિપુદળ બળ કરે છે અફ્લ,
ખરે એવા શુરાનું જીવન છે જગમાં સફ્લ.

*શાકે ૧૮૬૨, પોષ સુદ આઠેમને બુધવારની પ્રાતઃકાલે મહારાષ્ટ્રીય સૈન્ય પ્રચન્ડ ગર્જનાથી પાણીપતને ગર્જાવી રહ્યું હતું.

સરનોબત, સુવર્ણ દંડીકાથી વગાડેલી મહાનાદ કરતી, સર્વેને ઉત્તેજિત કરી રહી હતી. ભગવો જરીપટકો ફરફર ફરકતો સર્વેને જયવંત કરવાને સૂચવતો હતો, હજારો બીજાં નિશાનો પોતાનો ફરફરાટ કરી તેમાં વધારો કરતાં હતાં, વિદ્યુત જેવી ચળકતી નાગી તલવારોના ચળકારાથી શૌર્ય તેજ ચમકારા મારી રહ્યું હતું, સરણાઈ, ડફ, ભેરી અને દુંદુભિના નાદોથી રણ ગાજી રહ્યું હતું. શંખ ધ્વનિ અને અનેક ડુમકાઓના ડડીંગ ડુમ, ડુમ, ડુમ કરતા નાદો તેમાં વધારો કરતાં હતાં, દેશી નગારખાના, સાથે મુગલાઇ તથા ફ્રાન્સીસ વાજીંત્રો તેમાં શોભા વધારી રહ્યાં હતાં. †બસો તોપો મીસલસર આગળ રહેલી છે, તેની પાછલ બાર હજાર રક્ષકો ગોઠવાઈ ગયા છે. ચાલીશ હજાર ભોસલે, વીશ હજાર આરબ, ત્રીશ હજાર હબસી, ચાલીશ હજાર પઠાણો, જાટ, રોહિલા, સિન્ધી, જાદવ, શિરકે, ચહવાણ, થોરાત, તથા ગુજરાતના તથા રજપૂતસ્થાનના પરાક્રમી વંશના વીર પુરૂષો, તેમજ ગુંસાઇઓની ટોલીઓ, પોતપોતાના દરજ્જા પ્રમાણે ગોઠવાઇ ગયેલી છે. લગભગ બે લાખ આદમીનો સમૂહ, બુણગા સાથે રણભૂમિમાં વીર ભવ્યતા દર્શાવતો ભેગો થઇ ગયો છે. તોપોની પાછળ ‡સૂત્રનાળો તથા §જંબુરા ઉંટો ઉપર ગોઠવેલા હતા. તેની પાછળ તિરંદાજો અને તેની સાથેજ ઇબ્રાહિમખાનના ગાર્દી અને તેની પલટણો હતી. પછવાડે દામાજી ગાયકવાડના સ્વારો અને તેની પછવાડે બીજું બધું સૈન્ય ગોઠવેલું હતું. જરીના પોશાક અને સુવર્ણ અલંકારોથી આચ્છાદન થયેલું લશ્કર પુર ભભકમાં શૌર્ય દર્શાવી રહ્યું હતું. સૈન્યનો ઠાઠ આજે બાંકો હતો. મહારાષ્ટ્રીયો આજે જીવ ઉપર આવી ગયા હતા. તેમને પોતાનો નિશ્ચય બતાવવા, મોં ઉપર

---

* તા૦ ૬ જાનેવારી સને ૧૭૬૧.
† ગ્રાન્ટડફ બસે તોપો લખે છે, મરેઠા ત્રણસે તોપો લખે છે.
‡ નાની તોપો. § ઉંટો ઉપર રહેતી તોપો.

તથા હાથ ઉપર હલદર લગાવી હતી અને પાઘડીના કસબી તોરા છૂટા લટકાવી, વીર બંકા બન્યા હતા. સૈન્ય, રાજ્ય ઝુંડા પાસે જમાવ થવા માંડયું. તે સમયે વીર વિશ્વાસરાવને તેની પ્રિયા, *લક્ષ્મિબાઇ શણગારી રહી હતી. પતિ સન્મુખ બેઠેલી લક્ષ્મિબાઇનું લાવણ્ય હસ્તકમળમાં ખણખણતા કંકણોથી તથા કોમળ આંગળીઓમાં તારા જેવા ચમકારા મારતી હિરાઓની વિંટીઓથી, તથા પગના ઝાંઝરોના ઝમકારાથી, તથા વસ્ત્રથી ઢાંકેલા નિતંબો ઉપર લટકી રહેલી મોહનમાળાથી, મનોહર બનેલું, દોલાયમાન થઇ રહ્યું હતું. તેની પ્રેમ પૂરી લજ્જાન્વિત સુરેખ આંખોમાં પ્રેમ લાલિત્ય નાચી રહ્યું હતું. તેના વિશાળ કાંતિમાન્ કપાળમાં દીપિ રહેલા ચંદ્ર જેવા ચાંદલાથી તથા પ્રફુલ ગુલાબ કળી જેવા દીપતા ગુલાબી ગાલ ઉપર આવી રહેલાં કાળાં છુંદણાંથી, કર્ણમાં ઝુલી રહેલાં કર્ણ ફુલોથી, પાણીદાર મોતીની નાકમાં ઝુલી રહેલી નથનીથી, શોભી રહેલાં મુખ કમળમાં મંદહાસ્યરૂપી અમૃત દીપિ રહ્યું હતું. સર્વ સૌંદર્યનો ભંડાર બનેલી સુંદરી અતૃપ્ત નયનથી પતિને ફરી ફરી નિહાળી શણગારતી જાય છે. યુદ્ધ માટે સ્વામીને અલબેલો કરતાં અલબેલી થયેલી પ્રિયા, પ્રેમ મુગ્ધ થતી, પતિને પ્રેમ સમુદ્રમાં દોલાયમાન કરી રહી છે. પતિને જેમ જેમ જુવે છે, તેમ તેમ વધારે જોવાની જિજ્ઞાસા થતી જાય છે. એક પોશાકને નાપસંદ કરે છે, બીજો લે છે, એક શસ્ત્રને જુવે છે, બીજાને લે છે, ત્રીજાને સજાવે છે. એમ કરતાં કરતાં પ્રિયાએ પ્રીતમને રણું અલબેલો બનાવ્યો. આ કાળમાં વિશ્વાસરાવ જેવો સૌંદર્યતાનો દાવો કરે એવો કોઈ હિન્દમાં પુરુષ નહોતો. તેની બાળ ચંદ્ર જેવી મનોહર મુખમુદ્રાને હીરાના કંઠાથી પ્રકાશિત કરી, વીર શૌર્યનું પુતળું બનાવ્યું હતું. તેના વીર બાહુને મણિના પાણીદાર બાજુબંધ બાંધી તેની સાથે †મંગળસૂત્ર બાંધી કાન્તિમાન કર્યા હતા, શ્વેત પુષ્પની સુગંધી માળાઓ ગળામાં પેહેરાવી ડોકને ભરી નાંખી હતી, કસ્તૂરીયુક્ત ચંદનથી કપાળને કાન્તિમય બનાવ્યું હતું, રત્નજડિત શિરપેચના ઝગઝગતા પ્રકાશથી તેના પ્રતાપને પ્રસરાવ્યો હતો, વસંતી રંગનાં વસ્ત્રો પેહેરાવી વીરત્વની પરિસીમા મચાવી હતી. હાથમાં ધનુષ્ય આપ્યું હતું, કટિમાં હીરે જડિત કટીબંધમાં તલવાર લટકાવી હતી, ને કમ્મરે કસેલાં સેલામાં કટારી, જમૈયો તથા છરાને ખોસ્યો હતો. મંદ મંદ હાસ્ય કરતી અને પ્રીતમને વસ્ત્ર સજાવીને, લક્ષ્મિ, પતિનું મુખચંદ્ર નિહાળવા લાગી. પતિને જોતાં જોતાં પ્રિયાનું મન ધરાતું નહોતું. પ્રીતમે સ્નેહકટાક્ષ નાંખતાં કહ્યું, "પ્રાણેશ્વરી! યુદ્ધની

---

* વિશ્વાસરાવની સ્ત્રીનું નામ લક્ષ્મિબાઈ હતું. તે સદાશિવ હરિ દિક્ષિત પટવર્ધનની દીકરી થાય. † તાવીજ.

તૈયારી થઈ ગઈ છે, ત્વરા કરો, આજે તમારે પણ સાથેજ આવવાનું છે." પ્રિયાની જમણી આંખ ફરકી, પ્રિયાનું મુખ મ્લાન થયું, તેણે દીર્ઘ નિઃશ્વાસ મૂક્યો.

પ્રીતમે પ્રશ્ન કર્યો, "રણસંગ્રામની વાતોમાં રોજ ઉલ્લાસી રહેલાં હતાં તો આજે મુખ કેમ મ્લાન થાય છે?

લક્ષ્મિ બોલી શકી નહિ. વિશ્વાસરાવે ફરી પ્રશ્ન કીધો, "અત્યાર સુધી આનંદિત હતાં, હમણાં કેમ મુખ ઉતરી ગયું? શું વિચાર આવ્યો? વીર વીરાંગનાનો વા ક્યાં જતો રહ્યો?"

લક્ષ્મિ: "જીવિતેશ્વર, વીરત્વમાં ઉનત્ત થયેલી છું, વીર પુરુષની છાયામાં રહેલી છું, વીરત્વમાં રંગાયેલા આપને જોવા હંમેશાં ઉત્સુક છું, દાસીની વાંચ્છના પતિના ઉદ્દેશને અનુસરનારી છે, પરંતુ મારી જમણી આંખ ફરકી, તેથી મારા હૃદયસ્થાનમાં ડપકો પડયો છે ને દુર્દૈવની શંકાએ સતાવવા માંડી છે." એમ કહેતાં કહેતાં આંખમાંથી વહેતી આંસુની ધારાએ ગુલાબી ગાલ ઉપર ટપકવા માંડયું. પ્રીતમે પ્રિયાને બાહુ પસારી હૃદય સરસી ચાંપી, પ્રેમચિહ્ન કરતાં અધરામૃત પીધું. અને બોલ્યો, "ખોટી શંકાઓ કરી અવિશ્વાસી થવું એ વીર પ્રિયાનું ભૂષણ નથી. જીવન જગતમાં કોઈનું અમર રહ્યું નથી, તેથી તેની તૃષ્ણા ખોટી છે, પણ યશસ્વી જીવનની કિંમત છે. વીર હાક વગાડતાં, વીરત્ત્વ બતાવી વીર ચર્યા કરતાં કદાપિ પ્રાણાર્પણ થાય તો તેમાંએ ચિંતા શી છે? જગતનો અધિપતિ ભૂમંડળના રાજ્યકર્તાને સ્વર્ગનાં સુખને ચખાડે છે, અપ્સરાઓ રમાડે છે અને પ્રભુ અખંડિત મહા આનંદ અપાવે છે."

વક્ર ભ્રગુટી કરી પ્રિયાએ પ્રેમ અને દૈન્યતાથી કહ્યું; "પ્રાણેશ! અપ્સરાની આશામાં મારો ત્યાગ કરતા નહિ," એમ કહી ડુસકાં ભરતી લક્ષ્મિ આંસુ વર્ષાવી રહી.

વિશ્વાસરાવઃ "વીર પ્રિયાનું આ લક્ષણ નથી, એથી તો વીરત્ત્વનું હીર મોડાઈ જાય છે. તમારે તો અમને ઉત્તેજિત કરી વીર માળા સજાવી માંગલિક શુકન કરવાનાં છે."

લક્ષ્મિ લજ્જિત થઈ ગઇ, તેના હૃદયમાં માંગલિક શુકન કરવાની ઇચ્છાએ નવિન ભાવ ઉત્પન્ન કર્યો. પ્રીતમને ગળે બાઝી પડી, પ્રેમ કુતૂહલ કરતી બોલી, "ભવાનિ, આપની તલવારને યશ આપો, ચંડિકા, આપનું રક્ષણ કરો, મહાકાલી આપના શત્રુને સંહારો, આપના ભાલામાં ઈંદ્રના વજ્રનું બળ આપો, આપના ધનુષ્યમાં અર્જુનનું બળ આવો, આપની તલવારમાં શક્તિનો વાસો વસો, કટારીમાં કાલિકા વસો, જમૈયામાં યમ વશો, અને બંદુક અગ્નિદેવનું અધિષ્ઠાન થાવ. વિશ્વનાથ આપના શત્રુને સંહારો. લક્ષ્મિની વિનતિ ઉર ધારી લક્ષ્મિના પતિ

આપનું રક્ષણ કરશે," એમ કહી કુંકુમનો ચાંદલો કરી, પ્રિયાએ તે ઉપર અક્ષત ચહોડી, ગણેશનું સ્મરણ કરતાં માંગલિક શુકન કર્યાં.

પ્રિયા હવે રણઘેલી બની હતી. શણગાર સજી ચંદીની પઠેમ કછોટો મારી, હાથમાં તલવાર લઈ, લટકતા રૂમાલથી તેની સાથે સૈન્યમાં જવા તત્પર થઇ ઉભી.

બીજી તરફ કાર્તિક સ્વામિ જેવો ભવ્ય વીર બનેલો સદાશિવરાવ, બખ્તર, ટોપ અને કવચ પહેરી, અવનવાં શસ્ત્રો સજી, પાર્વતિબાઇ સાથે તંબુની બહાર આવ્યો. પાર્વતિબાઇ પ્રેમમત્ત થયેલી હાથણીની પઠેમ પ્રીતમની અડોઅડ વીરાંગનાનો વેશ ધરી ઉભી છે.

ડાબી બાજુના એક તંબુમાં જનાર્દન ભાનુને ઉત્તેજિત કરતી નવલ કિશોરી યશોદા મનોરમા બની, પતિને યુદ્ધમાં જવા માંગલિક શુકન કરી વધાવતી હતી. તેની પાછળ વૃદ્ધ રૂખમાબાઇ પણ તૈયાર થયેલી હતી.

યશોદા આજે ગર્વિત હતી. તેની ઘણા કાળની મનોકલ્પના અનાયાસે ફલિભૂત થઇ હતી. સ્વામી સહવર્તમાન પૂર્વકાળના દેવાંશી રાજાઓના સમયકાળ પ્રમાણે, રણસંગ્રામમાં જવાનો વખત આજે આવ્યો હતો. રણભૂમિમાં વીર પુરૂષો કેવું વીરત્ત્વ બતાવે છે, તે દ્રષ્ટિગોચર થશે, પતિ શત્રુનો પરાભવ કરશે, અને સમય પરત્ત્વે પ્રાચીન કાળની વીરાંગનાઓ પ્રમાણે વીરાંગના ધર્મને અમલમાં અણાશે, એવી એવી કલ્પનામાં યશોદાનું પૂર્ણિમાના ચંદ્ર જેવું મનોહર મુખ, કમાનદાર ભમ્મરો, બિંબફળ જેવો નીચલો રક્ત હોઠ, કમળ જેવાં નેત્રો, માંસવડે પુષ્ટ થયેલી જંઘા, માંસવાળાં સ્તનો તથા વ્યવસ્થિત કરેલા સુંદર કેશો સાથે, સર્વાંગની સુંદરતામાં, વીરત્ત્વની છાંયા પડી મનોહરતા, વધારતી હતી. પ્રિયા અને પ્રાણેશ સમાન વયનાં હતાં. પ્રિયાની છાંયા પ્રીતમ ઉપર પ્રેમ ઉલ્લાસ આપતી વધારે પસરતી હતી. પ્રીતમને શણગારી પ્રિયા પ્રેમ ઉલ્લાસે નિહાળી ધરાતી નહોતી. તરુણપતિ કોમળ હતો, તેનામાં તરુણ અવસ્થાનું ઉછળતું લોહી વેહેતું હતું, મુખ ઉપર મૂછ પણ પૂરી ફુટી નહોતી, તેથી મુખચંદ્ર વધારે શોભતો હતો. પ્રિયા યશોદાએ સ્વામીને આનંદ આપતાં કાનમાં પ્રેમમંત્ર પૂરતાં જરા ફુંક મારી. પતિ એ પ્રેમઅનુભવ અનુભવતો રોમાંચિત થઈ ગયો. પ્રીતમે પ્રિયાના ગાલ ઉપર જરા પ્રેમચિહ્ન કરતાં અટકચાળું કર્યું. પ્રિયાએ વક્ર દૃષ્ટિથી મંદ મંદ હાસ્ય કરતાં પતિ સામું જોયું, અને બોલી, "તમે યુદ્ધમાં જતાં જતાં પણ આમ શું કરો છો?"

પતિએ હર્ષ પ્રફુલ્લિત નેત્ર કરતાં કહ્યું, "તમારાં અટકચાળાનો પ્રતિઉત્તર કર્યો."

યશોદાઃ પ્રાણેશ ! દરેક યુદ્ધ પ્રસંગે જતાં જતાં તમે મારા હૃદયસ્થાનમાં પ્રેમ લેખ લખતા જાવ છો, તે મને ક્ષણે ક્ષણે સતાવે છે.

જનાર્દન ભાનુઃ મારા હાથમાં લેખણ ક્યાં છે કે લેખ લખું ?

યશોદાઃ "પ્રાણેશની આંખમાં પ્રેમ લેખણ છે, તે મારાં હૃદયપટ ઉપર લેખ લખે છે."

જનાર્દન ભાનુઃ હવે રણવાસની વાતોનો વખત નથી, રણરંગ ખેલવા જવાનું છે ને તમારી વીરાંગના થવાની ઇચ્છા અનાયાશે ફલિભૂત થવાનો વખત આવ્યો છે. કુળગૌરવ, સ્વધર્મગૌરવ અને સ્વદેશગૌરવ, તે હવે વિચારવાનાં છે. ક્ષણ પછી શું થશે ? તેનું ભાવિ કોઇ જાણતું નથી. આજનો દિવસ વિપરીત છે. કાં તો મહામહત્ત્વતા સ્થાપી વિજય મેળવિયે છીએ, કે પછી અનિષ્ટની અગવડતામાં પડીએ છીએ.

યશોદાઃ પ્રાણેશ ! પ્રભુ સર્વ કાળે સહાય થશે. કુળગૌરવની હીનતાની ચિંતા રાખતા નહિ. યશોદા આપના ઉદ્દેષથી ઉદ્દેસાયલી છે ને કલંકિત જીવન કરતાં પ્રાણની કિંમત ઓછી ગણે છે, દૃઢ નિશ્ચયતાને કોઇ ડગાવી શકતું નથી. આપનું રક્ષણ સંપૂર્ણ કરજો. જીવન મર્યાદાનો અદઢતાથી અંત લાવનારની મહત્તા પ્રસંશાપાત્ર નથી. જીવન હોય તો પ્રસંગ વસાત્ બગડેલી બાજી પણ સુધારી શકાય છે. સ્ત્રીઓનું જીવન પતિ છે, આ સંસારમાં સ્ત્રીઓને પતિ વિના સર્વ શૂન્યકારમય છે." એમ કહી દયાવતિએ દયામણું મુખ કરી પતિના મનમાં દયા આણી.

પતિએ અડગ ધૈર્યતાને કૃત્રિમપણે દર્શાવી પ્રિયાને કહ્યું, "કર્ત્તવ્ય કર્મ કરવાની પ્રતિજ્ઞાને ચૂકીને કેમ ભીરૂ થાવ છો ?"

યશોદાએ દઢતાથી પતિને ઉત્તેજિત કરતાં માંગલિક શુકન કર્યાં. અને મનમોહક મૂર્તિ પ્રેમથી ચળકાવતી પતિની સાથે તંબુની બહાર આવી.

* * * *

સૂર્યોદય થતાંજ વિશ્વાસરાવ હાથી ઉપર આરૂઢ થયા. લશ્કરે જયગર્જના કરતાં અભિવંદન કર્યું. તેની પાછળના હાથી ઉપર સદાશિવરાવ ભાઉની સ્ત્રી પાર્વતિબાઈ અને વિશ્વાસરાવની સ્ત્રી લક્ષ્મિબાઈ બેઠાં અને તેની પાછલના હાથી ઉપર જનાર્દન ભાનુની સ્ત્રી યશોદા તથા તેની માતા રૂખમાબાઈ બેઠાં અને તેની પાછળ બીજા સરદારોની સ્ત્રીઓનો સમાસ કરવામાં આવ્યો હતો. સદાશિવરાવે પોતાની સ્ત્રી તથા જનાનાનું રક્ષણ કરવાનું કામ વિસાજી કૃષ્ણ જોગદંડને સોંપ્યું હતું. પાંચસે ચુંટી કહાડેલા ધનગરો, ખાસ જનાના રક્ષણ સારૂ તેના સ્વાધીનમાં આપ્યા હતા. તે સાથે જાનુ ભિંતાલા વગેરે ખીજમતદારોને તેમની પાસે રાખ્યા હતા, અને કટાકટીનો વિપત્તિકાળ આવે

તો બીજું બધું કામ પડતું મેલી, જનાનાનું રક્ષણ કરવાનું કામ હોલકર સરકારને સોંપવામાં આવ્યું હતું. ભાઉ સાહેબે પ્રિયા પાર્વતિબાઇને જિત અને હાર બન્નેમાંથી જે કંઈ બનાવ બને તે પ્રસંગે કેમ વર્તવું! તેની સૂચના આપી, કરી શકાય એટલો બંદોબસ્ત કીધો હતો.

પાર્વતિબાઈ અને યશોદાનો હાથી પાસે હતો. યશોદાએ મંદ મંદ હાસ્ય કરતાં પાર્વતિબાઈ સામું દૃષ્ટિ નાંખી. પાર્વતિબાઇએ પ્રશ્ન કર્યો, "યશોદા હાથને કેમ છે"?

યશોદાએ સાસુથી છુપાવતાં આંખની ઇશારતથી લજ્જિત થતાં પ્રતિઉત્તર દીધો, "ઘણા દિવસ થયા તૈયાર થયેલો છે."

પાર્વતિએ હાસ્ય કરતાં કહ્યું, "ત્યારે તૈયાર થાવ".

યશોદાએ સાસુની મર્યાદા સાચવતાં લજ્જા વિવેકનું રક્ષણ કરતાં કહ્યું, તમારી પાછલ તૈયાર છીએ.

પાર્વતિબાઈઃ ઉત્સાહ તો તમને વધારે છે, અને પાછલ રેહેવા કેમ માંગો છો?

યશોદાઃ સમય પરત્વે પ્રભુ હૃદય ભાવને જેમ પ્રેરેશે તેમ થશે.

એટલામાં હાથીઓએ ચાલવા માંડયું.

ઉત્સાહથી ચપળતા દર્શાવતો, યુદ્ધ કુમાર કાર્તિક સ્વામી જેવો, વીર વેશ ધારણ કરેલો સદાશિવરાવ ભાઉ, શૌર્ય તેજથી ઉત્તેજિત કરેલી મુખમુદ્રાથી સર્વને વીરશ્રીથી ઉત્સાહી કરતો, સૈન્યના અગ્રમાં આવીને ઉભો રહ્યો. અને તેના અગ્ર આવવાની સાથેજ ઈબ્રાહિમખાન ગાર્દી, જનકોજી સિન્ધિયા, મહલારરાવ હોલકર, દામાજી ગાયકવાડ, યશવંતરાવ પવાર, અંતાજી માણકેશ્વર, વિઠ્ઠલરાવ શિવદેવ, સમશેર બહાદુર, તથા બીજા નાના મોટા સરદારો તેને સન્માનિત કરતા, અદબથી સન્મુખ ઉભા રહ્યા. સર્વ સાથે મસલત કર્યા પ્રમાણે સૈન્ય રચના રચાઇ છે કે કેમ તે સંબંધી પ્રશ્ન કરતાં, ઈબ્રાહિમખાને સૈન્ય રચનાનું વર્ણન કરતાં દર્શાવ્યું કે, "તોપખાનાની પાછલ મારા કવાયતી ગાર્દીઓ રાખ્યા છે, તેની પાછલ દામાજી ગાયકવાડના સ્વારો ગોઠવ્યા છે, તેની પાછલ વિઠ્ઠલ શિવદેવના તાબાનું સૈન્ય ગોઠવ્યું છે, તેની સાથે મધ્યમાં આપ નામદાર તથા વિશ્વાસરાવનું ખાસા સૈન્ય રાખ્યું છે, તેની સાથે યશવંત પવાર, સમશેર બહાદુર, મહલ્લારરાવ હોલકર તથા જનકોજી સિંધિયાનું લશ્કર, ક્રમવાર રાખ્યું છે, તેની પાછળ બુણગુ રાખ્યું છે અને તેને સાચવવા સારૂ તેની પાછળ બીજા સ્વારો ગોઠવ્યા છે. સર્વ સૈન્ય સ્વસ્થ થઈ બરોબર ગોઠવાઈ ગયું છે. રચનામાં બાકી કે ખામી રહેલી નથી." એમ કહી શૌર્ય તેજથી અંકિત થયેલા વીરોએ વીરત્વની છટા દર્શાવતાં તરવાર ચળકાવી નમન કર્યું.

શૌર્ય તેજથી, બાલસૂર્ય જેવા દીપતા સદાશિવરાવે ઉલ્લાસ દર્શાવતાં સમશેર ચળકાવી સંકેત કીધો કે જયનાદ કરતાં રણવાદ્યોએ કાનને ફાડી નાંખે એવો નાદ ગર્જાવી મૂકયો, અને સકળ સૈન્ય સ્થિર થઈ પોતાના સ્વામી સામું દૃષ્ટિ કરતું ઉભું.

સદાશિવરાવ રુદ્ર ગર્જના કરતો વીર શૈલીથી સકળ સૈન્યને સંબોધી બોલ્યો; "મારી મૂછના વાળ! આર્ય ધર્મ અને સ્વતંત્રતાના રક્ષકો, ભારત ભૂમિના મોહરાઓ, આજે મહા વીરત્ત્વ કરી, જયરંગથી કીર્તિ કમાવવા આપણે નિકળ્યા છીએ. મારી કીર્તિનો, આર્ય દેશની સ્વતંત્રતાનો, ધર્મના રક્ષણનો અને આ દેશના ભવિષ્યનાં સુખ દુઃખનો હવાલો હું તમોને સોંપું છું અને તમોને નિચેનું મહાન્ કવિનું વચન ધ્યાનમાં રાખવા સૂચવું છું કે,

"મુરતસે કીરત બડી, બીન પંખ ઉડજાય,
મુરતતો જાતી રહે, કીરત કભી ન જાય."

"આવી મહાન કીર્તિ સંપાદન કરવાનો આ માંગલિક અવસર ફરી ફરી આવનાર નથી, માટે વીરત્વથી ઉન્મત્ત થઈ મહા જય મેળવવા તત્પર થાવ. હિમાલયથી કન્યાકુમારી અને દ્વારકાથી બ્રહ્મદેશ સુધીનો મુલક આર્યોનો છે, આર્ય ભૂમિમાં પ્રવેશ કરવાનો અનાર્યોનો હક નથી. તે નરાધમોને અટકની પેલી પાર કરવાનું આપણું ખરૂં કર્તવ્ય છે, એટલુંજ નહિ પરંતુ રૂમસ્યામ સુધી આપણો જયઝુંડો ફરકાવી, યવનોને આપણા વીરત્વનું બળ બતાવવા આપણે દક્ષિણથી નીકળ્યા છીએ અને તેમ નહિ થશે તો વ્યાસ ભગવાને ગીતામાં કહેલું છે કેઃ–તારૂં જેઓ માઠું ઇચ્છિનારા છે તેઓ તારે માટે નહિ બોલવાના બોલો બોલશે, અને તારા બળની નિંદા કરશે. આથી વધારે દુઃખ બીજું કીયું? વીરો, આવી કલંકિત સ્થિતિ પેશવા સરકારના દરબારમાં આપણી ન થાય તે વિચારવા સાથે, એ પણ લક્ષમાં લેવાનું છે કે, ધર્મ યુદ્ધ કરવામાં પાછા પડવાથી પ્રાયશ્ચિતના ભોકતા થવાય છે. વ્યાસ ભગવાને કહ્યું છે કે, જો તું આ ધર્મ લડાઈ નહિ કરશે તો તું તારો ધર્મ અને તારી આબરૂ ગુમાવીને, પાપ પામનારો થઇશ. માટે વીર ધર્મનું જે ખરૂં કર્તવ્ય છે, તે કરવાને તત્પર થઈ, કલંકિતપણાંની અપકીર્તિ મરણ થવા છતાં પણ જતી નથી. એ વાત લક્ષમાં રાખી વીરત્ત્વ વાપરજો. યવનોએ આર્ય રાજ્ય, આર્ય ધર્મ અને આર્યોની સુખ સત્તાનો નાશ કર્યો છે, અને તેમાં વધારો કરવાને દુષ્ટ દુરાની આવ્યો છે. જો આર્ય ગૌરવ માટે તમને માન હોય, આર્ય ધર્મ માટે અભિમાન હોય, પેશવાના રાજ્ય તેજનો પ્રકાશ ફેલાવવા માંગતા હો, સ્વતંત્ર મહારાજ્યની સત્તાના સ્વાદને ચાખવાની ઇચ્છિા હોય, પરતંત્રતાની બેડીમાંથી ભારત ભૂમિને

છોડાવવા ધારતા હો તો, વીરત્વ ધારણ કરી, આત્મ સમર્પણ કરવાને દૃઢતા ધારણ કરી રણ સંગ્રામમાં ઘુમો.

"યવનોએ તમારી કુલવધૂ, બાલિકાઓ તથા માતાઓને અપમાનિત કરી છે, તેમનાં શિયળ વ્રતોનો ભંગ કર્યો છે, તમારાં પવિત્ર દેવાલયોને અપવિત્ર કર્યાં છે, વિના અપરાધે હજારો આર્યોના પ્રાણ લઈ ત્રાહે ત્રાહે પોકરાવી છે. આ બધાનું સ્મરણ શું તમારા અંતઃકરણમાં વૈરાગ્નિ ઉત્પન્ન કરી શકતાં નથી? તે નરાધમોનો નાશ કરવાને ઉશ્કેરતા નથી? તેમને અસ્તવ્યસ્ત કરવા તમારું અંતઃકરણ અંકુરિત થતું નથી? વીર પુરુષો જ્યારે વીરત્વ બતાવી શત્રુનો નાશ નહિ કરે ત્યારે શું વ્યંડળો કરશે? રામદાસ સ્વામીએ બોધામૃતમાં શિવાજી મહારાજને જે ઉપદેશ કરેલો છે, તે તમારા સ્મરણમાં તાજો રાખજો.

"રામદાસ સ્વામીનો બોધ ધ્યાનમાં રાખી યવનોના ઉચ્છેદ માટે તથા જિતેલી દિલ્હીને સાચવવા સારુ, હિંમતથી વીરત્વ બતાવી કીર્તિ સંપાદન કરવાની છે. વીરાઓ ! રણસંગ્રામ એ વીરલોકોનું સૌભાગ્યસ્થાન છે, આ લોકમાં કીર્તિ અને સત્તા આપનારૂં છે, અને પરલોકમાં અક્ષય સુખની પ્રાપ્તિ કરાવનારૂં છે. આ ટાંણે હું ભારતની સ્વતંત્રતા, ધર્મ અને ગૌબ્રાહ્મણના રક્ષણાર્થે યવનોનાં કાલજાં ચીરવા તૈયાર થયો છું, તમો પણ મારી સાથે તૈયાર છો. આ ફેરી પાછી પાનિ કરતા નહિ. શત્રુ ઉપર સિંહ ગર્જના કરતાં ટુટી પડી, તેમની છાતી ફાડી નાંખો અને તેને પરિપૂર્ણ મહાત કરો કે આર્ય ભૂમિ ઉપર ફરી પગ મૂકવાની તે હિમત ન ધરે. માતા ભવાની સહાયતામાં આવી ઉભી છે, શંકરનું ત્રિશૂળ શત્રુને શેહ આપવા છૂટી ચુક્યું છે, અને વિષ્ણુનાં સુદર્શને યવનોનો સંહાર કરી મૂકેલો છે એમ તમે નક્કી જાણો. મારી મૂંછના વાળ ! વીરત્વ બતાવવા આગળ ધસો."

સદાશિવરાવનું બોલવું બંધ થતાંજ સકળ સૈન્યે તેના ઉદ્દેશને અભિવંદન આપી, વીર નમન કરી, હર હર મહાદેવની મહાગર્જના કરી, કુચ શરૂ કરી અને પાણીપતના મેદાનમાં મીસલસર સૈન્ય ગોઠવાઇ ગયું.

મહારાષ્ટ્રીય સૈન્ય પાણીપતમાં આવ્યાના વર્તમાન જાણી શાહ પોતાની છાવણીથી અડધો ગાઉ સૂધી તપાસ કરવા પંડે આવ્યો. અબદાલીએ મહારાષ્ટ્રીય સૈન્ય મહા વીરત્વના ઠાઠથી આવ્યું છે એ જાણી પોતાના સૈન્યનો ત્વરાથી બંદોબસ્ત કરી નાંખ્યો.

મોખરે તોપો ગોઠવી, અને રણસંગ્રામમાં ઉત્તર દિશાથી દક્ષિણ બાજુ સૂધી, નીચેના ક્રમથી સૈન્ય ગોઠવ્યું. ઉત્તરમાં પ્રથમ હરબુરદારખાન, પછી અમીર બેગમખાન, પછી દુદેખાન રોહિલા, પછી હાફીજ રહિમતખાન, પછી અહમદખાન બંગશ, તેના પછી દુરાની

**તથા વજીરશાહ વલ્લીખાન**, તે પછી **સુજાઉદ્દૌલા**, પછી **નજીબખાન રોહિલો**, અને છેક દક્ષિણે **શાહ પસંદખાનને** ક્રમવાર વ્યૂહ રચના કરી ગોઠવ્યા હતા.

આ વખતે **અબદાલી** પાસે *સિત્તોતેર તોપો હતી તથા ચૂંટી કહાડેલા ૪૧૮૦૦ સ્વારો તથા ૩૮૦૦૦ પાયદળલસ્કર, પાકું અનુભવાયલું હતું, અને બીજા સ્વતંત્ર સ્વારો તથા પાયદળ તથા બુણગાનો પાર નહોતો. બન્ને સૈન્યો રણસંગ્રામમાં વ્યૂહ રચના રચી ઉભાં રહેલાં છે, એટલામાં સફેદ વાવટો લઈ **અબદાલીનો જાસુસ** સંધિનું કહેણ લઇને આવ્યો. તેણે નમન કરી **ભાઉ** સાહેબને તે દિવસે યુદ્ધ મોકુફ રાખવાનું કહ્યું, અને સંધિના કરાર કરવાને સૂચવ્યું. **સદાશિવરાવ** કપટાચારી **અબદાલીને** સારી પેઠે પીછાનતો હતો, તેને અત્યાર સૂધી ચલાવેલી સંધિના વહેવારમાં વિલંબ કરી ભૂખમરાના દુઃખને ઉભું કરી, વિજય કરવાનો ઠરાવ કરેલો જણાયો હતો અને આજે પણ યુદ્ધ બંધ રખાવી અન્ન પાણીની મહા આપદા પડે તેને આધીન કરવા ધાટ ધડે છે, એમ સમજી **ભાઉ** સાહેબે તેની માંગણી ધિક્કારી કહાડી કહાવ્યું કે, "નમિત થઇ આધીન થાવ યા તો યુદ્ધ કરો, બીજો માર્ગ હવે રહ્યો નથી," એમ કહી સિંહ ગર્જના કરી યુદ્ધ કરવાની પરવાનગી આપી.

બન્ને પક્ષ તરફથી તોપોના તડાકા, તથા હાથીનાળ, સુતરનાળ, જંજીર તથા બંદુકોના ફડાકા થવા માંડયા. ભાલાના ઝણઝણાટ, તલવારોના ચમકારા, ધનુષ્યના ટંકારવ અને બાણોના સુસવાટો થઇ રહ્યા. રણવાદ્યના નાદોથી, પૂરોહિતોના આર્શીવાદોથી, ભાટોનાં કવિતોથી તથા શૌર્ય ઉત્તેજિત રણવાદ્યના સ્વરથી વીર પુરૂષોનાં હૃદય વીરશ્રીથી ઉછળવા લાગ્યાં. પતાકાના ફડફડાટથી, અશ્વોના હણહણાટથી અને વીર પુરૂષોની હર હર મહાદેવની ગર્જનાથી, રણભૂમિ તથા ગગન ગર્જી રહ્યું. તોપોના ધૂમાડાથી સૂર્યબિંબ આચ્છાદન થઇ ગયું. અંધકારમય ગગનમાંથી પડતા તોપોના ગોળા અને બંધુકની ગોળીઓ અગ્નિનો વરસાદ વરસાવી રહ્યાં. ચોગરદમ તેથી દાવાનળ પ્રસારતી અગ્નિની જ્વાળા ઉઠી રહી. દુરાનીનો સરદાર **નવાબ** †ઇનાયતખાન મહારાષ્ટ્રીયોના ઘેરામાં ઘેરાઇ ગયો. તેની મદદે દુરાનીએ **હાજી** ‡ **હયતાએખાનને** મોકલ્યો. તે ગોલી વાગવાથી ઠાર થયો. દુરાનીએ

---

* ગ્રાન્ટફ્ડ સિત્તોતેર તોપો લખે છે. અને મરાઠી ખબરોવાળા બસેં તોપો લખે છે.

† નવાબ ઇનાયતખાન તથા ‡ **હાજી હયતાએખાન**, આ સરદારોનાં નામ **મુસલમાન ઈતિહાસપરથી લખ્યાં છે.**

હજાર હજાર સિપાઇઓની ટુકડીને રવાના કરી. તેની પાંચ સાત ટુકડીનો ઘાણ કહાડી નાંખ્યો. એટલામાં તો તોપોને બાજુ ઉપર મૂકી બન્ને પક્ષના વીરો તલવારોને વિદ્યુત જેવી ચળકાવતા, ગગન મંડળને ગર્જાવી નાંખે એવી ગર્જના કરતા તુટી પડયા. મહારાષ્ટ્રીયોએ હર હર મહાદેવની મહા ગર્જના કરી, ને તેથી ઉત્તેજિત થયેલા **દામાજી ગાયકવાડે** તથા ઇબ્રાહિમખાને તેમની સામા ઉભા રહેલા **રોહિલાઓ** પર ધસારો કર્યો. **રોહિલાઓ** ડાબી બાજુ ઉપરથી મરેઠા ઉપર આવી લાગ્યા, એ જોઇ ઇબ્રાહિમખાને પોતાની બે પલટણોનો રોપ દેખાડી પોતે આગળ ધસ્યો, અને આઠ હજાર **રોહિલાઓને** મારી નાંખ્યા. એમાં અડધા એના પણ મરાયા, અને ઇબ્રાહિમખાન પોતે જાતે જખમી થયો છતાં વિજયી થયો. રણભૂમિ હરહર મહાદેવની ગર્જનાથી ગાજી રહી.

જમણી બાજુએ વીર **જનકોજી સિન્ધિઆ** તથા **મહલ્લારરાવ હોલકર** હતા. તેમને **સુજાઉદૌલા** સાથે મહા રણસંગ્રામ આરંભ્યો. એટલામાં હાથી ઉપર આરૂઢ થયેલા **સદાશિવરાવ ભાઉ** તથા **વિશ્વાસરાવ** મધ્ય ભાગમાંથી તોપોના તડાકા કરતાં **શાહ નવાજખાન** ઉપર તુટી પડયા. **ભાઉ** સાહેબનો, મહાવત **દાદૂ**, મહાન બુદ્ધિશાલી ને વીર હતો. તેણે વીરોને ઉત્તેજિત કરવા હાથી પાસે ધસારા કરાવી વીરત્ત્વની રેલ છેલકીધી. નવ હજાર તોપોના ગોલા ગોલંદાજોએ છોડી, **શાહ નવાજખાનને** કાવરો કરી નાંખ્યો. **શાહ નવાજખાન** દીગ્મૂઢ થઈ સામો ન ધસતાં સ્થિરતાથી ઊભો રહ્યો. **ભાઉ** સાહેબની સેનાએ **શાહ નવાજખાનનાં** દશ હજાર સ્વાર અને પાયદળ ઉપર જબરો ધસારો કરી, તેમને અવ્યવસ્થિત કરી નાંખ્યા અને સિંહ ગર્જનાથી ગાજતો **સદાશિવરાવ** છેક તેના લશ્કરની ઉપર આવી પડયો. એક બીજાના લશ્કરની સેળભેળ થવાથી મહા ઘોર સંગ્રામ મચી રહ્યો. ધૂળની રજકણોએ ઉડી ગગન મંડળ છાઈ નાખી, અંધકારમય રણભૂમિ કરી નાંખી. અંધકારમય થયેલી રણભૂમિમાં વિજળી જેવા ચમકારા મારતી તલવારો ચળકવા લાગી, સૂર્યના તેજોમય કિરણ જેવી બરછીઓ ઝળકવા લાગી, કમાનમાંથી સુસવાટા કરતાં નીકળતાં તીરોના ઝબકારા થવા લાગ્યા, કમલના ડોડાની માફક કપાતાં મસ્તકોના તડાકાના શબ્દો સંભળાવા લાગ્યા, હાથીઓના હુંકારા, ઘોડાઓનાં ખુંખારા અને રણતુરોનો ધ્વનિ થવા લાગ્યો, ઘોર સંગ્રામની ગીરદીમાં શુરવીરો વીર ગર્જના કરતા બાથંબાથ આવી ગયા. કોઇ કોઇને ઓળખતું નથી, પારકા અને પરાયા જણાતા નથી. હર હર મહાદેવથી હિંદુ અને અલ્હા અકબરના ધ્વનિથી મુસલમાન પરખાતા હતા, **સદાશિવરાવે**

સૈન્યને શાબાસી આપતાં ઉત્તેજિત કર્યું અને પવનને વેગે **શાહ નવા-જખાનના** દશ હજાર સ્વાર તથા પેદળને મહાત કરી તેની આરપાર થઇ ગયો, અને સૈન્યે **પેશવાના** જયના ધ્વનિને ગર્જાવી મૂકયો. દુરાનીનું સૈન્ય શેહ ખાઇ નહાસવા લાગ્યું અને ખુદ દુરાનીએ બે ગાઉનો કાવો લીધો. અફઘાન સૈનિકો નાસવા લાગ્યા અને મહારાષ્ટ્રીયોની ગર્જના ઉપર ગર્જના થવાથી તેમનું વીરત્ત્વ નષ્ટ થવા માંડયું. તેની પાછળ પડેલા મરેઠા, મારો, મારોનો પોકાર કરી ધસ્યા. **વજીર શાહ** વલ્લીખાન સમય સૂચકતા વાપરી બખ્તર સાથે ઘોડા ઉપરથી કુદી પડયો, અને તલવારોનો પટો કરતો, અફઘાનોને અટકાવતો બોલ્યો;–"યારો! ગીજની દૂર છે. કાફર લોકોના મુલકમાંથી ન્હાશી કહાં છુટનાર છો. ન્હાસો તો પણ મરશો, માટે ધીરજ ધરો, ખુદા નીઘેબાન છે, તેની મદદ તમને તારશે, તમે થોભો અને મારી સાથે ઉભા રહો." એમ કહી દીન, દીનનો પોકાર કરતો, લીલો વાવટો ફરકાવ્યો. લીલાં નિશાનના ફડફડાટે અફઘાનોનાં ફડફડતાં કાલજાંને ધર્મવૃત્તિથી ધીરજ આપી, અને તેથી વીરત્ત્વ ધરી અફઘાનો થોભ્યા, અને તેના સમૂહમાં ભરાઈ **વજીર શાહ** વલ્લીખાને પોતાનો પ્રાણ બચાવ્યો.

આવી રીતે મહારાષ્ટ્રીય સૈન્યે પેહેલા પોહોરના યુદ્ધમાં દુરાનીના સૈન્યની જમણી બાજુને તથા મધ્ય ભાગને હાલહવાલ કરી નાંખી રણુરંગ રાખ્યો.

## પ્રકરણ ૩૦ મું.

### પ્રલય.

ક્ષણે ક્ષણે વેગથી સૈન્ય વાધતું, અવનવા રંગ શૂરે બતાવતું;
મહાન સંગ્રામ મચ્યો સુરંગથી, રણે રમે પ્રેમે **ભાઉ** મહારથી.

**વજીર શાહ** વલ્લિખાને અફઘાન સૈન્યને ધીરજ આપી, ધર્મવૃત્તિથી ઉત્તેજિત કરી, વીરશ્રીથી ઉન્નત કર્યું અને દુરાનીએ પોતાના ભરોંસાદાર ચુંટી કહાડેલા વીર પુરૂષોને છાવણી તરફ મોકલી, જે સીપાઇઓ ભયથી ત્યાં ભરાઈ બેઠા હતા, તેમને સૈન્યમાં લઢવાને મોકલી, જમણી બાજુને પુષ્ટિ આપી, સૈન્યની ડાબી બાજુ જે હજી સહિસલામત હતી તેની મદદ મેળવવાની યોજના કરી, **શાહ નવાજખાનને** દશ હજાર સૈન્ય સાથે મધ્યભાગ ઉપર હલ્લો કરવા હુકમ કર્યો અને તેની મદદમાં **શાહ પસંદખાન** તથા **નજીબદૌલાએ** આવવું એવી ગોઠવણ કરી.

ટુંકા વખતમાં દુરાનીના હુકમ પ્રમાણે ભાઉસાહેબ સામું દશ હજાર સ્વારો સાથે શાહ, નવાજખાન ગર્જના કરતો આવી ઉભો. ભાઉસાહેબે મહા વીરત્ત્વથી સામનો કર્યો. ભાઉસાહેબના મહાવતોએ હાથીનો ધસારો કરી શત્રુને પાછો હઠાવ્યો. પાંચ છ હલ્લા શત્રુના નિષ્ફળ થયા, એટલામાં ભાઉસાહેબના હાથીના મહાવત દાદુને ગોળી વાગી તેથી તે નીચે પડયો. આ તુમુળ યુદ્ધ ચાલતું હતું તેમાં ભાઉસાહેબ મહાવતના મરણથી થોડીવાર સ્તબ્ધ બની ગયા. ભાઉસાહેબ કુદકો મારી હાથીની નીચે ઉતર્યા અને શત્રુને પરાજિત કરવા પોતાની બસ્તી ઘોડી ઉપર સ્વાર થયા અને વિશ્વાસરાવ પોતાના પીલબાળા ઘોડા ઉપર સ્વાર થયા. બંને જણા રૌદ્ર ક્રોધ દર્શાવતા સિંહ ગર્જના કરતા શત્રુ ઉપર ધસ્યા. ઘોર સંગ્રામ મચી રહ્યો. વીર બાજીંત્રો અને વીર શસ્ત્રો સાથે વીર પુરૂષોની વીર ગર્જના થઇ રહી. સામ સામા ઝડાકો લેતા બંને સૈન્યના મહારથી, પ્રલય કાળ જેવા ભાસવા લાગ્યા. કોઈ કોઇના ગાંજ્યા જતા નહોતા. લોહીની નદી વહેવા લાગી, તરવારો ઝબકવા લાગી, ગોળીનો વરસાદ વરસવા લાગ્યો. એટલામાં શ્રીમંત વિશ્વાસરાવ એકાએક ગોળી છાતીમાં વાગવાથી ઠાર થયા. પેશવાનો નબીરો ગુમ થયો, મહારાષ્ટ્રનો મણિ ખોવાયો, ભારતની આશાનો સૂર્ય ઝાંખો થયો અને મહા પ્રલયની પરીક્ષા અનુભવાઈ. સૈન્યનું હીર આ વર્તમાનથી મોડાવા માડયું, તેને થોભાવવા સારૂ અનુચરોએ વીર વિશ્વાસરાવની હયાતી મનાવવા તેના શબને હાથી ઉપર સાલ જોટાથી બાંધી બેસાડયું. આ સમયે અઢીપોર દિવસ ચઢયો હતો. આ વર્તમાનની ખબર ભાઉ સાહેબને જાસુસે આપી. ને તે વર્તમાન શ્રવણ થતાંજ સદાશિવરાવ પ્રથમ શોકયુક્ત થઇ ગ્લાનિ પામ્યો, પણ તરતજ ક્રોધાંધ થઇ ગયો; તેનાં નેત્રો લાલચોલ લોહીવર્ણા થઇ ગયાં, વીર અભિમાન તેની રગે રગમાં જાગ્રત થયું ને વીરત્ત્વનું રક્ત સર્વાંગે દોડવા માડયું. વીર ભાવથી ઉન્મત્ત થયેલા ભાઉએ વેર લેવાના આવેશમાં સમશેર બહાદુરને સાથે બોલાવી સમરક્ષેત્રમાં ધસ્યો. સહેજવારમાં અવર્ણનીય વીરત્ત્વનો જુસ્સો ઉછળવા લાગ્યો. કટારી, ભાલા, અને તરવારનો મારો વરસી રહ્યો. લોહીની નદિ વહેવા લાગી. યુદ્ધ નાદથી મેદની ગર્જવા લાગી, ગગન ભેદાવા લાગ્યું, અડગ અટળ મહાવીર ભાઉ સાહેબે ત્રણ ફેરી હલ્લા કર્યા. મુસલમાન સૈન્યથી થોભાયું નહીં. નજીબખાન રોહિલો સૈન્ય મૂકી નહાઠો અને તેનું સૈન્ય અવ્યવસ્થિત થઇ ગયું. મરેઠાઓએ હર હર મહાદેવની મહા ગર્જના કરીને દુરાની ઉપર ધસારા કર્યા અને તેને નદિના કાંઠા સુધી નહસાડયો. વીરચૂડામણિ ભાઉ સાહેબ જ્યારે યવનોને શાસન દેતો

ગર્જતો હતો, ત્યારે સૈન્યના પાછળા ભાગમાં લૂણ હરામી થવનો બીજો ઘાટ ઘડતા હતા. વિઠ્ઠલ શિવદેવના સૈન્યમાં બે હજાર ગીલચા નોકર હતા, તેવોને આજે પાછલા ભાગમાં રક્ષણ કરવા રાખ્યા હતા. આ સમયે એ તેમની સાથે ગુપ્ત કરી રાખેલા સંકેત પ્રમાણે દુરાનીએ ઇશારત કરવાથી, તેઓ ભગવો ઝુંડો નાખી દઇ, પેશવા સરકારનો પક્ષ છોડી દઇ, દુરાનીનો પક્ષ પકડી; બુણગાને લુટવા લાગ્યા. આથી પાછલા સૈન્યમાં ભંગાણ પડયું, અને એટલામાં વિશ્વાસરાવના મરણના સમાચાર સૈન્યમાં પસરવાથી સૈન્યનું હીર મોડાવા માડયું. તેમાં અધુરામાં પુરૂં પાર્વતીબાઈના હાથી પાસેથી વિશ્વાસરાવનું શબ જતું હતું તે જોવાથી તેના મરણની ખબર તેને થઈ. લક્ષ્મિબાઈ તેની પાસે હતી. તે દેવલોક થયેલા સ્વામીને મળવા માટે તત્પર થઈ. કરૂણાજનક સ્વરે રણભૂમિને પાર્વતીબાઈ તથા લક્ષ્મિબાઈ ગર્જાવવા લાગ્યાં. દાસીઓએ આંસું લુછતાં શાંતવના કરવા માંડી, પરંતુ હૃદયમાં લાગેલા કારી ઘાની વેદના કોઈનાથી રૂઝાય એવી નહોતી. કરૂણાજનક સ્વરે શ્રાવણ ભાદરવો વરસવા માંડયો. પાસેના હાથી ઉપર અંબાડીમાં *રૂખમાબાઈ બેઠેલી હતી તે બોલી, "આ રણસંગ્રામનું સ્થળ છે. તેમાં રૂદન કરવું ઉચિત નથી."

આંસુ લુછતી પાર્વતીબાઈ બોલી, "પ્રભુએ આ શું કર્યું? વિશ્વાસરાવ જેવા રત્નને છીનવી લીધો." એમ કહેતાં કરૂણાજનક સ્વરે પોકાર કર્યો. શોકથી આચ્છાદન થયેલા મુખથી ગાંભિર્યતા ધારી, રૂખમાબાઈ બોલી, "થનાર હતું તે થઈ ગયું. પ્રભુની ઇચ્છા આગળ સર્વ નિર્બળ છે. હૃદયમાં કષ્ટ થનાર છે તે મટનાર નથી. પરંતુ આ વખતનું કર્તૃત્ત્વ વિચારી ગાંભિર્યતા ધરવી જરૂરની છે. આપના રૂદનથી સૈન્યનું વીરત્ત્વ નિસ્તેજ થશે, અને તેથી મહા હાનિ થવાનો સંભવ છે.

પાર્વતીબાઈ: મને જરા પણ ગમ પડતી નથી.

રૂકમાબાઈ: વિપત્તિમાં ધૈર્ય ધરવું, ધૈર્યથી સર્વ માર્ગ સુજે છે, ધૈર્ય તજવામાં હાનિ છે.

પાર્વતીબાઈ: હૃદય ધૈર્યધારી શકતું નથી.

રૂકમાબઈ: વીરાંગના થઈ આમ કેમ કરો છે? વીરપત્ની છો. વીરવિવેક પકડો. પલક પછી શું થનાર છે? તેની કોઇને ખબર નથી. મહા વિપત્તિનું વાદળ ઘેરાયલું છે. ધૈર્ય તજશો તો અસહ્ય વેદનામાં વૃદ્ધિ થશે, બુદ્ધિ બહેર મારશે, એટલુંજ નહીં, પરંતુ બુદ્ધિને માર્ગ ન સૂજવાથી, મહા ભયાનક વિપત્તિમાં સપડાવાનો સંભવ છે." આસુંને લુછતી પાર્વતીબાઈ તથા લક્ષ્મિબાઈ શાંત થઈ

---

* જનાર્દન ભાનુ ઉર્ફે નાના ફડનવિસની મા.

સૈન્યના પાછલા ભાગમાં વીરત્વ ઝાંખું થવા લાગેલું હતું. તે સમયે રણભૂમિના અગ્ર ભાગમાં શૌર્યની જ્વલંત જ્વાળા પસરી રહી હતી. વીરશ્રીના અનુભવથી, ઈબ્રાહિમખાને ભયંકર મારો શરૂ કરી, અબદાલીને ભયભીત કરી નાખી, યમુના નદીના તીર ઉપર બે ગાઉ સૂધી નહસાડયો. આ સમયે વીર નજીબખાન લાચાર થઇ, હોઠ કરડતો બાજુ થઇ ગયો; તેમજ હુદેખાન રોહિલો તથા અહમદખાન લંગડો, નિર્વીર્ય થઇ, ધ્રુજતા ધ્રુજતા નાઠા. વીર પુરુષોની તરવારોના મારાએ અનેક વીર પુરુષોને ભૂમિશય્યાનો સતતકાળ માટે અનુભવ લીધો. યમુનાના તીર પ્રદેશ તરફ નહાઠેલા યવન વીરોને બાતમી મળી કે, સિન્ધિયા તથા હોલકરનાં લશ્કર ડાબી બાજુએ દૂર છે, તેનો લાભ લેતાંજ સમશેર બહાદુર ઉપર ટૂટી પડયા. સમશેર બહાદૂરે મહા સંગ્રામ કરી વીરત્ત્વની શેહ મારી, લોહીની રેલ ચલાવી, પોતે પણ અનેક જખમોથી જખમાઇ ગયો. આખરે તેની ફોજે નહાસ ભાગ કીધી ને દામાજી ગાયકવાડ આગળ ધસ્યો. તે ક્ષણભર યુદ્ધ કરી બાજુએ થઇ ગયો. તે બાજુ ઉપર થઇ જતાંજ, યવન સૈન્ય વિઠ્ઠલ શિવદેવ, માણકેશ્વર અંતાજી અને યશવંતરાવ પંવારના ઉપર ટૂટી પડયું. મહા ઘોર સંગ્રામ મચી રહ્યો, ક્ષાત્રધર્મનું વીરત્ત્વ ઉછળી રહ્યું, દુરાની સ્થંભી ગયો, હજારો આદમીઓનો સંહાર વળી ગયો, યશવંતરાવ પંવાર વીરત્ત્વ દર્શાવતો હજારો યવનોનો નાશ કરતો પડયો. મહારાષ્ટ્રીય સૈન્ય નિસ્તેજ થયું. યવન સૈન્ય વીરત્ત્વની ગર્જના કરતું ઈબ્રાહિમખાન સામું આવી ઉભું. ઇબ્રાહિમખાને જબરો મારો ચલાવી, યવન સૈન્યને ડગમગાવી નાખ્યું. પણ એટલામાં દુરાની ખાસા સ્વારો સાથે યવન સેનાની મદદે આવી પહોંચ્યો. આણી તરફથી ઇબ્રાહિમખાનને મદદ આવી મળી નહિ, ને ક્ષણમાત્રમાં તો મહાસંહાર વળ્યો. પાંચ હજાર ગાર્દીઓ ઠાર થયા. તોપખાનું બંધ થઇ ગયું. તરવાર ચળકારા મારવા લાગી. હર હર મહાદેવ તથા અલ્લાહ અકબરની ગગન કંપાવતી કીકીયારીથી ચારે દીશા ગાજી રહી. વીરત્ત્વના અનુભવીઓ, તેના પ્રતાપનો પ્રસાદ ચખાડવા મંડી ગયા. ઇબ્રાહિમખાનનો પુત્ર તથા તેનો ભાઇ સિંહગર્જના કરતા તૂટી પડયા ને દુરાની સામો થયો અને તેનું ખાસા લશ્કર બહાદૂર હતું, તેને જરા પણ મચક આપી નહિ, પરંતુ મહારાષ્ટ્રીય વીરોએ ઇબ્રાહિમખાનના છોકરાની સાથે ધસી, આગળ ધસારો કર્યો અને સૈન્યના મોખરાનો ભાગ કાપી નાંખી, છેક દુરાનીની લગભગ જઇ પહોંચ્યા. દુરાનીએ પોતાનો ઘોડો દોડાવી ઇબ્રાહિમખાનના છોકરાને તરવારથી ઘા કીધો; એટલામાં તેણે દુરાનીને ભાલાનો ઘા એટલા બધા જોરથી માર્યો કે, તે ઘોડા ઉપરથી

નીચે તૂટી પડયો. તેના રક્ષકોએ વીરગર્જના કરી અને યવન સેના પ્રાણ ઉપર આવી ગઇ. જખમાયલા વીરે, હજારો મુસલમાનોનો નાશ કરી નાખ્યો, પણ એકનો ઉપાય બે–અનેક તરવારોના ઘાથી ઇબ્રાહિમખાનનો છોકરો તથા ભાઇ ઠાર થયા, અને સમરવિજયી ઇબ્રાહિમખાન જાતે જખમી થયો. ચોગરદમ લોહીની રેલ ચાલી રહી. આ ગીરદીમાંથી મારામારી કરતા તુકોજી સિન્ધિયા તથા જનકોજી સિન્ધિયા, ભાઉ સાહેબ પાસે આવ્યા. આ સમયે ત્રીજો પહોર ચઢી ચુકયો હતો.

સૂર્યનારાયણ પશ્ચિમમાં જવા માંડયો છે. એક એકથી એક ઘડી વિકટ પ્રલય જેવી જવા લાગી છે. સદાશિવરાવના હજુરીઆઓએ યવનદળ ઉપર શૌર્ય ભરેલો ઘસારો કર્યો છે. યવનદળ તેજહીન થવા લાગ્યું છે. નિરાશાની અણી ઉપર આવવાનો સંભવમાં છે, એટલામાં દુરાનીએ વીર ગર્જના કરી તેને ઉત્તેજિત કર્યું. મહારાષ્ટ્રીય સૈન્યમાંથી ઘણા વીરોનો સંહાર થઇ ગયો અને પાછળનું લશ્કર નહાસવા માંડયું. નહાસતાં સૈન્યને સ્થંભાવવા, ભાઉ સાહેબે ઘણો પ્રયત્ન કીધો, છતાં તે સ્થિરતાને પામ્યું નહિ અને સરદાર વિનાના થયેલા સૈનિકો ધીર ધરી શકયા નહિ. સોનજી ભાપકર મહાપ્રયત્ન કરી સૈનિકોને વાળવા મથ્યો, પરંતુ નિરૂત્સાહી થયેલા વીરો પાછા ફર્યાજ નહિ. માથા ઉપરની લોખંડની ટોપી અને શરીર ઉપર ઝગઝગતા બખ્તરથી દીપી રહેલો સોનજી ભાપકર તીક્ષ્ણ તરવારને હલાવતો હલાવતો, સદાશિવરાવ પાસે આવ્યો.

સદાશિવરાવ ભાઉ: સોનજી બાવા ! તમારા શૌર્યનો પાકો ભરોંસો છે, તમારૂં પરાક્રમ અતુલ્ય વિજયી છે, આજ સૈન્ય કેમ ભીરૂતા પકડે છે, કાબુમાં કેમ રહેતું નથી?

સોનજી ભાપકર: મહારાજનો જય થાઓ, પરંતુ વિપરીતતા ભાસે છે. મહા પ્રયત્ને પણ સૈન્ય જમતું નથી. મોટા મોટા સરદાર માર્યા ગયા છે, અને બાકીનાઓ સૈન્ય મૂકી નહાશી જઇ કર્ત્તવ્યથી ચલિત થયા છે.

સદાશિવરાવ: હરેક તજવીજે જઇને સૈન્યનો જમાવ કરી, યવન દળને ભીતિ દો.

સોનજી ભાપકર: મહારાજ! કરવાનું પ્રયત્ન કરી ચુકયો. આ સમયે આપથી દૂર જવું યોગ્ય લાગતું નથી.

તુકોજી સિન્ધિયા: સર્વ બાજુએ આભ ફાટી ચૂકયો છે. સૈન્ય જમાવવાની યુક્તિ, પ્રયત્ને પણ ચાલી શકે એમ નથી. હવે ફક્ત દેહ બચાવવાનો ઉપાયજ છે.

જનકોજી સિન્ધિયા: આપને અમંગળ થશે તો દક્ષિણના શા હાલ! વખત આવે વેર લેવાશે, માટે આ સમયે આપ યુદ્ધ મૂકી જાઓ તો સારૂં.

સદાશિવરાવઃ જનકોજી! જીવનથી ડર્યો હોત તો મહત્તા પ્રાપ્ત થાત નહીં. ભીરૂ થઇ કલંકિત થવા કરતાં, જીવન અર્પણ કરવું, દુર્લભ છે, વિપત્તિમાંજ જય અને કીર્ત્તિ છે.

તુકોજી સિન્ધિયાઃ વીર શ્રેષ્ઠ! વિપત્તિ કાળનો ન્યાય વિચારવો જરૂરનો છે. હમે રણરંગને નભાવીએ છીએ, આપ જીવનને બચાવો. આપનું જીવન બચેથી સર્વ થશે. સમયકાળ બારીક છે, ટકવું અશક્ય છે, અને જ્યાં અશક્યતા છે, ત્યાં વિના સ્વાર્થે ઝંપલાવવું એ ઉત્તમ નથી.

સદાશિવરાવઃ રણ છોડી નહાસવું એથી બીજી અધમતા નથી. મેં કરેલી પ્રતિજ્ઞા કદી છોડનાર નથી. ઇબ્રાહિમખાનને આપેલું વચન તોડનાર નથી અને બચીને પણ જવું પુણે! પુણે જઇ પેશવાને શું જવાબ આપું? કુમાર વિશ્વાસરાવની ભાલવણી કરનાર ગોપિકાબાઇને શું મોં બતાવું? હવે તો શૌર્યની મહા ગર્જના કરી, સમર વિજયી થવું, યા તો દેહને સમરમાં ખપાવવો. માટે મ્હારા વહાલા સરદારો! વિજય મેળવવા એક ફેરી રૌદ્ર ગર્જના કરી, યવનને શેહ આપો, અને દેહમાં પ્રાણ છે ત્યાંસૂધી ભારત પ્રયત્ન કરી, ભારતમાં અક્ષય કીર્ત્તિ મેળવો.

આટલું બોલતાંવારને જનકોજી સિન્ધિયા, વીરત્ત્વથી ઉશ્કેરાઈ ગયો. પાગડામાંથી પગ કહાડી, મહા ગર્જના કરતો યવન સૈન્ય ઉપર તૂટી પડયો. તેનો વીરભાવ જોઈ યવન સેના કંપી ગઇ. ક્ષણ માત્રમાં તો હજારોનાં માથાં કપાઇ ઢગલો થઈ પડયો. યવન સરદારોની હિંમત એના સામું જવાની ચાલી નહિ. ગર્જના ઉપર ગર્જના કરતો જનકોજી વીરત્ત્વથી ઉછળ્યો, ને યવન સેનાનો મહા સંહાર વળી ગયો. દુરાની લઘુલાઘવી કરવા લાગ્યો, પણ હિંમત હરાવા લાગી. ભાઉ સાહેબે જયવાદ્ય વગાડી વિજય દર્શાવ્યો, અને ભીરૂ થઈ નહાઠેલા સૈન્યને એકત્ર કરવા ચમત્કાર કીધો, પણ તે પાછું ફર્યું નહિ, છતાં દુરાનીના હાડને ધ્રુજાવી નાંખ્યું. એટલામાં સણણ કરતી ગોળી જનકોજીને વાગી અને તે અશ્વ ઉપરથી નીચે ઉઠલી પડયો, સૈન્યનું બાકી રહેલું હીર આથી મોડાયું. યવન સેના શેહ ખાધેલી તેથી હજી પણ આગળ ધસી શકતી નહતી. એટલામાં દુરાનીએ તેમને હીમ્મત આપી ઉશ્કેરી. આણી તરફથી સોનજી ભાપકરે જોયું કે આખર આવી ચુકી છે, સૈન્ય અવ્યવસ્થિત થયું છે. વિશ્વાસરાવના મુડદાંનો હાથી પાસે તથા જનકોજીના શબ પાસે કેટલાક આદમીઓ છે, તે સિવાય બીજા થોડા ઘણા છે. હવે છેલ્લી વીર ગર્જના કરી યવનને વીરત્વ બતાવવું, એમ નિશ્ચય કરી, ભાઉ સાહેબને કહ્યું, "સ્વામી, યવનને વીરત્વ બતાવું છું, રણમાં ધસું છું," એમ કહેતાં વારને બે હાથે તરવારને વીંજતાં વીંજતાં શત્રુ સૈન્યમાં પ્રવેશ

કીધો. તે સાથે વીર ગર્જના કરતા **સદાશિવરાવ ભાઉ** ધસ્યા. જોતા જોતામાં યવન દળમાં ભંગાણ પડયું, તેના મોખરાના સૈનિકોનો કચ્ચર ઘાણ વળી ગયો, સમર્થ સરદારો માર્યા ગયા, ને દુરાનીના ઘોડાને કતલ કીધો અને તે ભીરુતા પકડી પલાયન કરી ગયો કે **સદાશિવરાવ** ઘોડા ઉપરથી કુદકો મારી તરવારથી તેને મારવા ધસ્યો. યવન સૈન્યમાં હાહાકાર વર્ત્તાઇ ગયો. એટલામાં અનેક શસ્ત્રની વૃષ્ટિ તેના અંગ ઉપર થઇ રહી. રુધીરની ધારા વહેતા વદનથી, મદમસ્ત દેખાતો, સિંહ ગર્જના કરતો, **ભાઉ**, જેમ જેમ શસ્ત્ર વાગતાં જાય, તેમ તેમ વધારે ઉન્મત્ત થવા લાગ્યો. તરવાર ફેરવતાં ફેરવતાં અતિરથી, મહારથીનું વીરત્વ દર્શાવતાં, હજારોના ડોચકાં કાપી નાખી, જય ગર્જના કરવા લાગ્યો. એટલામાં દુરાની તથા **નજીબખાન** રોહિલ્લો, એકે સપાટે ચાલીશ હજાર આદમીના સૈન્ય સાથે એકદમ તૂટી પડયા. હજારો ગોળીઓ, બાણો અને અસ્ત્રશસ્ત્રના પ્રહારને ખમતો, શત્રુને મારતો મારતો, સમર ક્ષેત્રમાં, **સદાશિવરાવ** પડયો. મહા ઉલ્કાપાત થયો. ભારતના આશાના સૂર્યના અસ્ત થવા સાથે, ચાર ઘટિકા દિવસ છતાં, અન્ધકાર પ્રસરી રહ્યો, અને ગગન મંડળમાંથી તારા ખરતા દૃષ્ટિગોચર થવા લાગ્યા. શાકે ૧૬૮૨ ના પોસ સુદિ ૮ નો વિહિતયોગમાં **મહારાષ્ટ્રનો** હીરો, આ અસાર સંસાર દુનિયાં તજી ગયો. ને ભારતની ઉન્નત થતી આશાને નિરાશામાં દબાવતો ગયો, **મહારાષ્ટ્રની** મહત્તાને લેતો ગયો અને તેને કોણ ખીલાવી ઝળકાવશે? તેનો ભરમ ગર્ભિત રહ્યો છે. આ વર્તમાન **મહલારરાવ હોલકરને** મળતાંજ, તે રણભૂમિ તજી નહાશી ગયો, તે સાથે **દામાજી ગાયકવાડ** પણ ચાલ્યો ગયો. **મહારાષ્ટ્રીય** સૈન્ય અતિ અવ્યવસ્થિત થઇ ગયું, અને સર્વે પોતપોતાના રક્ષણ સારુ નહાસવા લાગ્યા. અધીર થયેલા સૈનિકોએ અધીરતાના ગભરાટમાં અનર્થ કરવા માંડયો ને ખરાં કર્તવ્યને ચૂકવા લાગ્યા. હજારો સીપાઇએ પોત પોતાના ગભરાટથી માર્યા ગયા અને હાનિનો કાંઇ પાર રહ્યો નહિ. અંધકારનું રાજ્ય વ્યાપી રહ્યું છે, સર્વત્ર અવ્યવસ્થા થઇ રહેલી છે, આ સમયે યવનો આનંદને અનુભવે છે, ત્યારે **મહારાષ્ટ્રીયો** મહા કષ્ટને અનુભવતા અસહ્ય દુઃખને સહી રહ્યા છે.

**વિસાજી કૃષ્ણ જોગદંડ** તેના ૫૦૦ ધનગરો સાથે નાશી ગયો અને તેના રક્ષણ નીચે મૂકેલી **પાર્વતીબાઇ** આશરા વિનાની રણ ક્ષેત્રમાં અનાથ થઇ ગઇ છે. વીર પ્રિયા, શૂન્ય હૃદયથી નિઃશબ્દ થઇ ગઇ છે, અશ્રુધારા વહી રહી છે, ઉચ્ચ અભિલાષા બધી નાશ થયેલી છે અને ક્ષણે ક્ષણે તેના હૃદયના શતધા કટકા થાય છે. જ્યાં દૃષ્ટિ કરે ત્યાં અનિષ્ટતા દર્શાતી હતી. સેવકજનો પણ કાબુમાં નહોતા.

કોઇને કંઇ કહેવાઇ શકે એમ રહ્યું ન હતું. પ્રફુલ્લ વદન ઉપર મહા મ્લાનતા પસરી રહી છે. પણ ધીમે ધીમે ધૈર્ય ધરી વીર રમણીએ હૃદયમાં હીંમતને વાસો આપ્યો, અને હાથીપરથી નીચે ઉતરી, રક્ષણ શોધવા લાગી. સાથે બાળક લક્ષ્મિબાઇ, ધૈર્ય ધારી જોડાઇ. આ સમયે જાનુ ભીતાલ્યા ખિજમતગારજ સાથે હતો. રક્ષણ કેમ કરવું, તેની ચિંતાની જ્વાળાથી એબાકળી થઇ રહી છે. શું કરવું, તેની ગમ હૃદયને પડતી નથી. એટલામાં સમર્થ વીર બારવેકર દૃષ્ટિએ પડયો. પાર્વતિ કરુણામય સ્વરે બોલી; "મહા વીર. હું વીર શિરોમણી ભાઉ સાહેબની સ્ત્રી છું. મારો બચાવ કરો."

બારવેકર: બાઇ સાહેબ, રકાબમાં પગ મૂકી મારી ઘોડી ઉપર આવો, ભવાની તમારી સહાય કરશે.

વીરપત્ની હીંમત ધરી ઘોડીએ ચઢી. તેના દેહનું ભાન જડત્વતાને પામી ગયું હતું. પથ્થરની મૂર્ત્તિ જેવી થયેલી પાર્વતિની કમ્મરમાં, સાળ જોડી વીંટી, પોતાની કમ્મર સાથે સખ્ત બાંધી, ને વીરે ઘોડીને મારી મૂકી. જાનુએ, લક્ષ્મિનું રક્ષણ કીધું ને મહાવેગથી સૈન્યમાંથી ઘોડીઓ મારી મૂકી, હૃદય શૂન્ય થયેલી બાળાઓ મૃતદેહને અનુભવતી ઘણે દૂર નીકળી ગઇ. દુષ્ટ ગીલચાઓએ તેમની પૂંઠ છોડી નહિ. હવે વિપરીતતાની અણી આવી પહોંચી. યવન દળ છેક પાસે આવી પહોંચ્યું. બચવાની આશા નિર્મૂળ થવા લાગી. દુઃખનું વજ્ર ઉછલી રહ્યું; ભયનું વાદળ ફાટી રહ્યું. સૈનિકોની કીકીયારી થઇ રહી, જીવિત મર્યાદાની અણી આવી રહી. અરે કુળ લજ્જાની મર્યાદાની ઘાટી મપાઇ ગઇ. હવે હાથવેંત હાથવેંત કરતાં વીરે ઘોડીને સમર્પે એડ મારી કુદાવી. પાસે આવેલા નાળાને કુદી બહાર પડી. જાનુની ઘોડી કુદી ને રંગ રહ્યો. યવનના ઘોડા સ્થંભ્યા. પેશવાનું પૂન્ય આડે આવ્યું. હજી નિરાશા મટી નથી.

બારવેકર બોલ્યોઃ આપણું રક્ષણ થવું કઠણ છે.

પાર્વતી બાઇએ કપાલે હાથ દઇ સૂચવ્યું, "ભાવી બળવત્તર છે." એટલામાં ભૂમંડળના સ્વામી સૂર્યે, અસ્તાચળ ઉપર વાસો કરવાની તૈયારી કીધી. હજી પણ ગીલચાની દોડ નરમ પડી ન હતી. જાનુ બુદ્ધિશીલ હતો. ને જંગલનો ભોમિયો હતો. તેણે જંગલમાં પેશી આડકતરી વાટ લીધી. બારવેકરની ઘોડી થાકી, જાનું ભીતાલ્યા ખીજમતદાર ગભરાયો. હવે કયાં આશરો શોધવો? પરંતુ વિપત્તિમાં રક્ષણ કરનાર પ્રભુ છે. ધૈર્ય ધરી, હીંમત ધરનારને અનુકૂળતા મળ્યા સિવાય રહેતી નથી. પીરાજી રાવત મદદે આવી પહોંચ્યો. તેના ઘોડા ઉપર પાર્વતિ બાઇને બેસાડ્યાં. છ ગાઉ સૂધી તેણે મહાવેગથી ઘોડો દોડાવ્યો. તે

પણ થાકયો. ગીલચાની દોડ નરમ પડી ન હતી. ઘોડો થાકયો, લથડીયાં ખાવા લાગ્યો. ચિંતા વધી. નિરાશાનું વાદળ ભડકાવવા લાગ્યું. મહા દુઃખની પરિસીમા સતાવવા લાગી. કંઇ પણ માર્ગ સૂજતો ન હતો. જીવનમર્યાદા અને કુળમર્યાદાનો અંત જણાયો. **પાર્વતિ** થરથર કંપી રહી છે. તેની આંખમાંથી શ્રાવણ ભાદરવો વહેવા માંડયો. આ દુઃખની પરિસીમા કયાં મપાય એવી છે? ઘોડાની ખરીઓ સંભળાઇ. ઓ! ગીલચા આવ્યા. અરે! અનર્થનું વાદળ તૂટી પડયું. હવે શું થશે તે સમજાતું નથી. **પાર્વતીબાઇએ** થરથર કાંપતાં પ્રભુ સ્તવન કરવા માંડયું. અરે! દેહનું ભાન કોને હતું? ઘોડો પાસે આવતો જોયો, દેહભાન જતું રહ્યું. મરણની પરિસીમા મપાઇ. **જાનુ** ગભરાયો. તેનું શરીર પ્રસ્વેદથી આચ્છાદન થઇ ગયું. જીભ સૂકાઇ ગઇ. ઉચ્ચાર કહાડવાની પણ શક્તિ રહી ન હતી. **જાનુની** હીંમત રહી નહિ. તે રોતો રોતો **પાર્વતીબાઇના** સામું ઉભો રહ્યો. તેના મોંમાથી પરાકાષ્ઠાએ પણ શબ્દ નિકળી શકતો નથી. તે જેમ તેમ કરી પોતાનું મન દૃઢ કરી બોલ્યો, "બાઇ સાહેબ! ઘોડાની ખરીઓ સંભળાય છે, જીવન મર્યાદાનો અંત આવ્યો જણાય છે, લીધેલો શ્રમ વ્યર્થ ગયો! હાય! હાય! આ પાપીથી આટલું પણ થઇ શકયું નહિ!! સ્વામીનું અન્ન ખાધું છે, તેને હલાલ કરવાની ખરી તક આવી છે, તે વખતે, હે પ્રભુ! તેં આ શું કર્યું? અરે! આ દુષ્ટ આવ્યા, હવે શું કરું?' એમ કહેતાં કહેતાં ચક્કર ખાઇ **જાનુ** નીચે પડયો.

**પાર્વતીબાઇની** દુઃખદ સ્થિતિનો પાર ન રહ્યો. અત્યાર સૂધીની સઘળી હીંમત, **જાનુની** હીંમત ઉપર હતી. **જાનુએ** હીંમત છોડી ને તેની હીંમત પણ છેક છૂટી ગઇ. તેમાં આ સમયે સૂર્ય પણ છેક અસ્ત થઇ ગયો હતો; એકે દીશા સૂજતી નથી. ફક્ત ઘોડાની ખરીના અવાજજ સંભળાય છે અને તેના અવાજ સાથે કાળજામાં મોટો ફડકારો પડે છે. ભયથી વ્યાકુળ થયેલી **પાર્વતીની** આંખમાંથી અતિ શોકને લીધે આંસું સુકાઇ ગયાં. તે બેબાકળી થઇ, ચારે દિશાએ દૃષ્ટિપાત કરવા લાગી. એટલામાં જરા ધીરજ આવી. સ્વારને જોતાં તે અફ્ઘાન નહિ, પણ હિન્દુ જણાયો. **પાર્વતીએ** જરા હીંમત ધરી, **જાનુને** ઢંઢોળતાં કહ્યું, "**જાનુ**! પ્રભુએ સહાયતા કરી છે, હીંમત રાખ, ઘોડા ઉપર આવનાર હિન્દુ છે."

**જાનુના** કર્ણ ઉપર આ શબ્દનો સ્પર્શ થતાંજ તેના શરીરમાં અમૃત રેડાયું હોય તેમ તેજી પકડી સફાળો ઉભો થયો અને સ્વાર તરફ ગયો. સ્વારે **જાનુને** ઓળખ્યો. **જાનુએ** તેની મદદ માગી. તેણે અંતઃકરણપૂર્વક તેનો સ્વીકાર કીધો, પણ તેની સાથેજ તેણે વર્તમાન

જણાવ્યા કે, ગીલચાની દોડ અટકી નથી. તેની દોડ તમારી પૂઠે ચાલું છે, માટે ત્વરા કરો. આશા અને નિરાશાના વમળમાં ગુંચવાતાં પાર્વતિબાઇએ ઘોડાની રકાબમાં પગ મૂકયો. જાનુએ પણ પોતાનો ઘોડો લક્ષ્મિબાઇ સાથે મારી મૂકયો. ગીલચા જે રસ્તે આવતા હતા તેથી આડી વાટ લીધી. હવે છેક અંધકાર થઇ ગયો હતો. ગીલચાના ઘોડા લથડપથડ થતા હતા, અજાણ્યા માર્ગમાં અથડાઇ પડતા હતા. આખરે ગીલચા ગુંચવાયા. એક કોસ સુધી પીઠ પકડી પાછા વળ્યા. પેશવાની કુલાંગનાઓનું પ્રભુએ રક્ષણ કર્યું. હૃદય કંપતું સ્થિર થયું નથી, ઘોડાનો વેગ નરમ પડયો નથી, પાર્વતીની આંખનાં આસું સુકાયાં નથી. બહાવરી બહાવરી ઘોડા ઉપર ઉદ્વેગી હૃદયે કરૂણાનો ધ્વનિ કરવા લાગી. આર્ય મહિલાના આર્ત નાદથી વન કંપિત થઇ ગયું છે.

વિપત્તિમાં મહાવેગથી ઘોડાઓને દોડાવતાં, બારવેકરની ઘોડી ભરાઇ ગઇ તેથી ચિંતાનો પાર ન રહ્યો. ચિંતામાં ને ચિંતામાં અપૂર્વ કષ્ટને અનુભવતાં સર્વે દુર જઈ પહોંચ્યા. મહલારરાવ હોલકર તથા નાના પુરંદરે તથા રાજા બહાદુર નારોશંકરના લશ્કરમાં દિલ્લી પાસ આવી પહોંચ્યાં. દુઃખી મહિલાઓએ કરુણાસ્વરથી બુમ પાડી, સર્વને કરુણામય કરી નાંખ્યાં. કરુણાનો મહાસાગર ઉછળી રહ્યો. ભાઉના વર્તમાન જાણી સર્વે ભયથી સ્થંભિત થઇ ગયા. હવે રણ મધ્યે રહેલા જનાર્દન ભાનુ તથા નવલકીશોરી યશોદા તરફ નજર કરીએ.

---

## પ્રકરણ ૩૧ મું.

### પાણિપતમાં જનાર્દન ભાનુ.

વીરત્ત્વના આવેશમાં ફાટેલી ચક્ષુથી ઉન્માદ દશામાં ઉશ્કેરાયલો જનાર્દન ભાનુ, યવનદળ તરફ ક્ષણે ક્ષણે નભમંડળને નિહાળતો, અને કડે લટકાવેલી તરવાર ઉપર હાથ નાખી, ક્ષણે ક્ષણે ઉશ્કેરાતો, વિલક્ષણ સ્થિતિ અનુભવતો હતો. તે નિચલા ઓઠને દાંત વચ્ચે દાબી, આંખને વિકસાવી, કપોળને કરચલીમય કરી, અશ્વ ઉપર વિલક્ષણભાવ કરતો, અશ્વના પેંગડા ઉપર પગનો ભાર દઇ ઉભો થયો.

"અરે ! આ શું ભાસુ, યવનદલ અગ્ની ભભુકતો;
કરે ભષ્મિભૂત અરૂણ હિન્દતણો ઉછરતો.
પુરો શૂરો ભાઉ, યવનદલ માહી ધસી ગયો;
હવે તે શું થાશે, પુરણ વસવસો આ મન વશ્યો."

"અરે ! આ મહાત થતા યવન દલની બાજી ફરવા માંડી. તે મહાત કરતું કરતું ધસતું આવે છે ને મહારાષ્ટ્રીય સૈન્યનું વીરત્ત્વ ઝાંખું દૃષ્ટિગોચર થતું જાય છે. આ શું ? ભારતનું દૈવ્ય ઉંધું થવા બેઠું. પેશવાની આશા નષ્ટ થવા લાગી ? મહારાષ્ટ્રનું તેજ ઝાંખું થવા માંડયું ? આર્ય પ્રજાનું અનિષ્ટ થવા માંડયું. ધારેલી આશાઓ ઊંધી થવા લાગી ? અરે ! કરેલો પરિશ્રમ બધો નિરર્થક થવા બેઠો ? દુર્દશાનું વાદળ ચઢી આવ્યું. અરે ! હજી બાજી હાથમાં છે. દુર્દશાના વાદળને ધૈર્ય ધરી વીરત્ત્વથી હલ્લો કરવાથી ખસેડી શકાય એમ છે. અરે ! આ મહારાષ્ટ્રીય સૈન્યે બાયલા બની કેમ નહાસવા માંડયુ.

'ખરા શૂરા પૂરા રણ અટંકા જે વીર મણી;
તજી રણ ભૂમિને, કયમ ચુકો છો ખરિ અણી.
પડિ ભાંગે આશા, સ્વજન શુરા સૈ દુર થતાં;
થશે ભારે હાનિ રિપુ દલને નહી સંહરતાં.'

ઘોડા ઉપર બેઠેલા જનાર્દને, નગ્ન તરવારને હાથમાં ચળકાવતાં ઘોડાને પુરપાટ મૂકયો અને નહાસતાં સૈન્યને વારવા લાગ્યો. ઘોડાને ચક્કરપર ચક્કર ખવડાવ્યા, વીરત્ત્વની મહા ગર્જના કરી, સૈનિકોમાં શૂર લાવવા યત્ન કીધો, પણ નિરર્થક મેઘમંડળમાંથી જળધારા વહી રહી હોય તેમ સંગ્રામભૂમિમાંથી વીર પુરૂષો નાસવા માંડયા. કોઇ કોઇને ગણકારતું નથી. જીવન મર્યાદાના રક્ષણ સારૂ સ્વેચ્છાનુસારી થઇ નહાસવા માંડયા. જનાર્દન ભાનુનો ઘોડો થાકી ગયો, મુખપર ફીણ આવી ગયું. ઘોડો પ્રસ્વેદથી ભીંજાઇ ગયો અને એનો પોતાનો પેહેરેલો લશ્કરી પોશાક, છીન્ન ભિન્ન થઈ ગયો. મુખ જરા શ્યામતાને પામ્યું, કપાળ ઉપર નિરાશાની કરચલી વળી ને જ્યોતિપૂર્ણ ચક્ષુ ઝાંખાં થયાં. તે ઘોડાને થોડો વિશ્રામ આપતો ગાળ ઉપર આંગળી મૂકી, સંગ્રામ સ્થિતિને નિહાળવા લાગ્યો. નિહાળતાં નિહાળતાં બોલ્યો:–

"અરે ! આ યવનો જે અતિ દુઃખિ કર્તા સ્વજનને,
ખરે તેને સંહારો, જગતમાં કરવા વિજયને;
અરે ! મરશો આમે, નહિ ઉગરશો નાશે જરી,
ધરો હીમત શૂરા, રિપુ સંહરવા મન કરી.

તે ક્રોધ કંપિત સ્વરે ગર્જના કરતો, સૈન્યને વારવાને, ફરી યત્ન કરવા લાગ્યો. વળી પાછો ઘોડો દોડાવ્યો અને થોડાંક ચક્કરો ખવડાવ્યાં. મહાન વીરત્વ ભરેલી વાણીમાં સૈન્યને ઉત્તેજિત કરવા લાગ્યો– "ભારત તનુજો ! વીરત્ત્વની મૂર્તિઓ થઇ વીરત્ત્વ હીન થઈ, કેમ નહાસો છો? તમારૂં વીરત્ત્વ અભેદ્ય છે. હજારો ફેરી યવનોને તમે મહાત કીધા છે, તે નિરમાલ્યોથી કેમ ભીરૂ થઇ ભાગો છો? તમો દક્ષિણથી શું પ્રતિજ્ઞા કરી નિકળ્યા છો ? દૂરદર્શી થઇ ધીરજ ધરો, ધૈર્ય ધરી

વીરત્ત્વ બતાવો, સામ્રાજ્ય સ્થાપન કરી સ્વતંત્રતાના સુખને ચાખવા સારૂ, આર્ય ધર્મના ગૌરવ સારૂ, ગૌબ્રાહ્મણના રક્ષણને સારૂ, દેશમહતાની મહત્વતાને સારૂ, સુખ સંપત્તિના ઉત્કર્ષને સારૂ, પ્રાણુર્પણ કરતા કેમ ડરો છો? મુસલમાનનો પરાજય કરો. યત્ન કરવાથી મનુષ્ય સઘલું સાધ્ય કરી શકે છે. મનને અદૃઢ કેમ કરો છો? આવેલું મરણ મૂકનાર નથી. નહાસવાથી જીવનની ત્રુટેલી દોરી સંધાનાર નથી. સત્ય પ્રતિજ્ઞાનું પાલન કરવા, વીરધર્મનું રક્ષણ કરવા, આત્મ ગૌરવને દીપાવવા, હર, હર મહાદેવ સ્મરી સંગ્રામમાં, જય ભેરીનો નાદ કરી, દીગાંતરને ડગમગાવો. હજી બાજી હાથમાં છે, સ્વામીનું ખાધેલું હલાલ કરવાની તક છે, પાછા ફરો અને રણનૈપૂણ્યતા બતાવો."

પણ કોઈ ગાંઠતા નથી. સૈનિકો ભીરૂતા પામી નહાસતા અટકતા નથી. ઉચ્ચાભિલાષી જનાર્દન **ભાનુ**, ક્રોધાક્રાન્ત થઈ ગયો. તરવારને વીંજવા લાગ્યો, ઘોડાને કુદાવવા લાગ્યો. ઘોડાને કુદાવતો કુદાવતો બોલ્યો–

"અરે! શૂરા પૂરા રણ અધિરા થઇ કયમ ધશો,
ખરૂં ખાધું તેનું હક કરવા કમ્મર કશો,
પુરી ખ્વારી થાશે, જીવન પણ ન[illegible]ગરશે,
કલંકો કેરી રેખા, વલિ ઈતિ[illegible] ઉધરશે."

પોતાના બોલવાની કંઈ અસર થતી નથી, એ જાણી જનાર્દન **ભાનુ** રૂદ્રગર્જના કરી બોલવા લાગ્યો, "વહાલા વીરો! તમારાં નામને કેમ કલંકિત કરો છો? મહારાષ્ટ્રની કીર્તિને કેમ બોળવા બેઠા છો? વીરોત્તમ થઈ બ્યંડળની પંક્તિમાં કેમ બેસવા ધસો છો? જનમંડળ તમને શું કહેશે? ભવિષ્યની પ્રજા તમારી કેવી ઠેકડી કરશે? સૃષ્ટિમાં તમારો દરજ્જો કેટલો નીચો પડશે? અનમિ વીરો, તમારા નહાસવાથી શું પરિણામ થશે તે તો વિચારો. યવનોના સેવક થઈ સેવા સ્વીકારવી પડશે, કાયરમાં ગણાશો, અધમ જનોથી પણ નિંદાશો, સુજ્ઞ જનોથી ધિક્કાર પામશો. દુનિયામાં ફીટ્કાર સિવાય તમારે માટે બીજું રહેનાર નથી, માટે ધૈર્ય ધરી પાછા ફરો, હજી બાજી જિતીશું, તમારૂં વીરત્ત્વ અભેદ્ય છે."

કોઈ માનતું નથી. સૈન્યની અવ્યવસ્થા સાથે દેશની દુર્દશા તેના મનમાં તરી આવી. તેની જ્વલંત બંને આંખો આંસુથી ભીંજાઈ ગઈ. હૃદય દુઃખિત થયું. તેણે મનમાં ને મનમાં પ્રભુને કહેવા માંડયું, "અરે પ્રભુ! ક્ષમા કરો. આજ અમારા ઉપર આટલા બધા કેમ નિર્દય થયા? સૈન્ય કેમ આટલું બધું ભીરૂ થઈ ગયું? હવે આર્ય પ્રજાની શી હાલત થશે? હવે યવનોને કોણ મહાત કરશે? હવે ગૌબ્રાહ્મણનું કયાં રક્ષણ

થશે? હવે યવનોનું આધિપત્ય કોણ તોડશે? અનાર્યોની આશાને પ્રભુ તેં ઉન્નત કરી! અમારા રાજ્ય માન ગૌરવને નમિત કર્યાં, આહા! આવો દુષ્કર કાળ કેમ આણ્યો? હવે આર્ય પ્રજા કોને શરણે જશે? દયાળુ છતાં કૃપાનિધાન આમ કેમ કીધું? એકાએક કેમ નિષ્ઠૂર આપ થઇ ગયા?"

આવા વિચારમાં ને વિચારમાં, દુર્ભાગ્યના વિચારથી તે ગભરાઈ ગયો હતો, તેને જોઇ **બા**પુજીપંત બોલ્યો, જનાર્દન **ભા**નુ! સમયને તાબે થાવ. હવે સૈન્ય જમાવ થઇ, શત્રુનો પરાભવ કરવાની સ્થિતિમાં રહ્યું નથી, માટે તે યત્ન કોરે મૂકી, તમારો બચાવ કરો. ચોઘડીઆના રક્ષકો દામાજી ગાયકવાડ તથા હોલકર વિગેરે નાશી છૂટયા છે, માટે તમે ચેતો."

જનાર્દન **ભા**નુઃ જે સ્વામીનું નિમક ખાઇ ઉન્નત થયા છીએ, તેને મૂકી જવું એ શોભા ભરેલું નથી.

**બા**પુજીપંતઃ મોટા મોટા સરદારો અને વીર પુરૂષોએ હિંમત તજી, હવે તમે શું કરી શકનાર છો?

જનાર્દનઃ જે સ્વામીએ આદરથી અન્ન, વસ્ત્ર અને જાગીરોથી નવાજ્યા છે, તેને રણમાં કેમ તજાય? કર્તવ્યથી કેમ ભ્રષ્ટ થાઉં?

**બા**પુજીપંતઃ તમે એકલા દેહ અર્પણ કરી શું કાર્ય સિદ્ધ કરી શકશો?

જનાર્દનઃ વીરત્ત્વથી વીર હાક વગાડી પ્રાણાર્પણ કરીશ.

**બા**પુજીપંતઃ તમારા પ્રાણાપર્ણથી કંઇ કાર્ય સિદ્ધિ થનાર નથી. કેવળ ઉદ્ધતતાથી પ્રાણ ખોવો એ સ્તુતિપાત્ર નથી, જીવન હશે તો કોઇ કાળે પણ વૈર્ય લેવાશે. જીવતાને બધી આશા છે.

જનાર્દનઃ **ભા**ઉ સાહેબને મોં બતાવાય કે?

**બા**પુજીપંતઃ **ભા**ઉ સાહેબ ગીર્દીમાં ભલી ગયા છે, હવે બચવાની આશા નથી ને હિંદની આશા અસ્ત પામી છે, તમો જીવનનું રક્ષણ કરશો તો કોઇ કાળે પણ આશા બંધાશે, માટે વિપદ્ધર્મને સ્વીકારો. આવી વિપત્તિમાંથી પ્રાણ બચાવો, એ પણ મહા પુરૂષાર્થ છે.

જનાર્દનઃ **બા**પુજીપંત! મન માનતું નથી, તમે કહો છો તો સ્વીકારૂં છું. અરે! હાય! શ્રીમંત સરકારના વીર સૈનિકો, સમર્થ સરદારો અને મહા શ્રમથી જેમને ઉંચી પદવીએ ચઢાવી, કૃપાથી પુત્રવત્ પાળેલા, તે સર્વે, આ વિપરીત કાળ આવતાં કામ ન લાગ્યા; અરે! કૃતાંત કાળ! તારૂં પરિક્રમણ મહા દુર્ઘટ છે. સારા કાળના સાથી, નઠારા કાળમાં તજી જાય છે. અરે! હાય! હાય!! દુષ્ટ કુરૂક્ષેત્ર તું પણ દુષ્ટ છે. ભારતનું દુર્ભાગ્ય કરનાર અને વિનાશ કરનાર તું ધાતકી છે. કાળે કાળે

મહા સંહાર વાળી ભારતનાં રત્નોને તેં ધૂળ ભેગાં કર્યાં છે; પૃથુરાજને રોળાવ્યા પછી તું આર્યનું અનહિત કરવાનું લઇ બેઠું છે; સમગ્ર દેશના ભાવિને તું ભ્રષ્ટ કરે છે; વિભૂતિને નષ્ટ કરે છે; અરે! મારા જેવાના ટેકને તેં નમિત કર્યો. દુષ્ટ! તેં મને ભીરૂ અને કાયર પંક્તિમાં આજે મૂકયો. તને લાજ નથી આવતી? તારા પૃષ્ઠ ભાગ ઉપર પગ મૂકનાર યવનોનાં વીરત્ત્વને તું કેમ હરી લેતું નથી? ભારતના પુત્રને કેમ ઉત્તેજિત કરતું નથી? કુરૂક્ષેત્ર! તેં આજે મારી સાથે અને ભારતભૂમિ સાથે જે ક્રૂરતા વાપરી છે, તેનો ન્યાય પ્રભુને ત્યાં થશે. જે યવનોએ આ ભૂમિ ઉપરથી મને નહાસવા પ્રયત્ન કરાવ્યો છે, તેના યશ ઐશ્વર્યનો નાશ કરવાને પ્રભુ મને બલવંત કરજે. પ્રભુ મને બચાવજે. હું વિપત્તિ ધર્મને અધીન થઇ ભારતનાં કલ્યાણ સારૂ સંગ્રામભૂમિ તજું છું, કાયર થઇ ભીરૂતાથી નહાસતો નથી. પ્રભુ! મારૂં જીવન મને ડંખે છે. વીરધર્મનું રક્ષણ કરવામાં જે શ્રેષ્ઠતા છે તે બીજામાં નથી, તોપણ આ કાળે મને તું જે બુદ્ધિ આપે છે, તેને તાબે થાઉં છું, તું મારૂં રક્ષણ કરજે." એમ કેહેતાં કેહેતાં પોતાના ઇષ્ટનું હૃદયમાં સ્મરણ કર્યું, અને ઘોડાને પુરપાટ મારી મૂકયો.

સંગ્રામમાંથી ઘોડો પુરપાટ દોડી રહ્યો છે, ઘોડાનું આખું શરીર પ્રસ્વેદથી ભીંજાઇ ગયું છે, મોંઢામાંથી ફીણના ફીસોટા નિકળી રહ્યા છે, શ્વાસ માતો નથી. જનાર્દનનો લશ્કરી પોશાક વ્યવસ્થામાં નહોતો. ગભરાટ અને ભયથી મૂખમંડળ બાવરૂં થઇ ગયું હતું. થોડી વારમાં મહાભય આવશે, એવી ભીતિ લાગતી હતી. ગગન મંડળ તોપો અને બંદુકોના તડાકા તથા કડાકાથી ગર્જી રહ્યું હતું, તલવારો વીજલીની પઠેમ ચલકી રહી હતી, અને ભૂમંડળ, વીર અને કાયરોના પોકારોથી આનંદ અને કરૂણા બેનો પૂર્ણ ચિતાર અનુભવતું હતું. વીરત્વનો અનુભવાર્થિ હવે વિપદ્ધર્મને અનુભવતો હતો. સુખમાં ઉછરેલો નવલ કિશોર, પશીનાથી ભિંજાઈ ગયો છે, અને દુઃખના અનુભવ માટે તૈયાર થયો છે. તેનો બચાવ હવે વીર પોશાકથી થનાર નથી. વીરત્વ તજનારને વીર પોશાક પણ તજવાની જરૂર છે. તેને રામાજીપંત મળ્યો.

રામાજીપંતે કહ્યું, "જનાર્દન! વીર પોશાકને તજી ઘો, ઘોડા ઉપરથી ઉતરી પડો, શસ્ત્રોને નાંખી ઘો, અને લંગોટી મારી સાધુનો વેશ ધારણ કરી, માર્ગ લ્યો. યવન સૈનિકો ધસતા આવે છે, માટે ત્વરા કરો. એ શિવાય બચાવ થવો દુર્ઘટ છે."

જનાર્દનઃ પ્રરબ્ધ પલટે બધું પટલાય છે. હવે વેશ બદલ્યા સિવાય છૂટકો નથી. અરેરે! વહાલા વીર પોશાક!" એમ કહી

લાંબો નિઃશ્વાસ મૂકી તે તરફ દૃષ્ટિ કરી. વીર પુરૂષની આંખમાંથી આંસુનાં બિન્દુ પડયાં. વીર પોશાક ફેંકી દીધો, ઘોડાને છૂટો મૂકી દીધો, શસ્ત્રોનો ત્યાગ કીધો અને શુદ્ધ વસ્ત્રની લંગોટી મારી, યોગીનો વેશ ધારણ કર્યો. અંતઃકરણ ઉભરાઈ ગયું હતું. વિચારમાં ને વિચારમાં વિભ્રાંત સ્થીતિને અનુભવતાં અનુભવતાં, એક વૃક્ષ નીચે આશરો લીધો. હૃદય શૂન્યકારમય થઇ ગયું છે, ક્ષણે ક્ષણે જૂદા જૂદા વિચારો સ્ફુરાયમાન થયા કરે છે, મન ધૈર્ય ધારી શકતું નથી, રોમાંચ ઉભાં થઇ ગયાં છે, પલે પલે શત્રુની ભીતિ ભય દેવા લાગી છે. આવી ને આવી સ્થિતિમાં થોડો કાળ વીતિ ગયો, એટલામાં સૂર્ય અસ્તાંગત થયો. મનને કંઇક ધૈર્ય મળ્યું. રક્ત રંગથી આચ્છાદન થયેલાં વાદળામાં પેઠેલો સૂર્ય, તેજ હીન થયેલો, પેશવાની હાર થવાથી જાણે ગ્લાન થયો હોય તેમ ઝાંખો પડતો પડતો, અસ્તાચળ ઉપર જઇ પડયો. વાદળાંઓએ શ્યામતા પકડી, દોડા દોડી કરવા માંડી. તારાઓએ સૂર્યનું તેજ હીન થવાથી ચળકવા માંડયું.

બીજી તરફથી અફઘાનોએ દેખાવ દેવા માંડયો. યવનોએ સંહાર વાળેલી ભૂમિ ઉપર શિઆળવાં અને ઘુંવડ, ચોરની પેઠેમ ધીમે ધીમે પસરવા લાગ્યાં, અને રુધીર તથા માંસનું ભક્ષણ કરવા લાગ્યાં. અંધકાર મય રાત્રીમાં, ભયંકર ઘોરતા પ્રસારતો પવનનો નાદ ચમકવા લાગ્યો. અંધકારમય રાત્રીમાં ભયંકરતા ડોકીયાં કરી રહી છે, તેના આશરા નીચે શત્રુના ભયથી છુપાતાં છુપાતાં જનાર્દન ભાનુએ, સાથી સાથે, માર્ગ કાપવા માંડયો. એક કોસ ચાલ્યા એટલામાં ઘોડાની ખરીઓ સંભળાવા લાગી. અફઘાનોના ત્રાસ આપે એવા શબ્દો કર્ણ ઉપર અઠડાવા લાગ્યા. ધીમે ધીમે અંધકારમય અરણ્યમાં આકૃતિઓ દૃષ્ટિગોચર થવા લાગી. અફઘાનોને જોઇ સર્વ થરથર કંપવા લાગ્યા. જીવનમર્યાદાની આશા નષ્ટ થવા લાગી, નિરાશાનો શ્વાસ વેહેવા લાગ્યો, સર્વના પગ ગતિભંગ થયા. સૌ બચાવ શોધવા લાગ્યા. જેનાથી જેમ જવાયું અને છુપાવાયું તેમ છુપાયા. અફઘાનો છૂટે હાથે તલવાર વાપરતા ચાલ્યા આવતા હતા. તેના પ્રહારથી અનેકના શરીરમાંથી રૂધીરની ધારા વહેતી હતી. ઘાએલોની કીકીયારીઓ રાત્રીની ભયંકરતામાં વૃદ્ધિ કરતી હતી, તે સાથે અફઘાનોની ઉન્મત્તાઇમાં પણ વધારો થતો હતો. એક એકને પકડી અને તેમની જડતી લઇ, દ્રવ્ય હરણ કીધા પછી, તલવારથી હર્ષ ગર્જના કરી, મસ્તક, ધડથી જૂદું કરતા હતા. હજારો નિરપરાધીઓના પ્રાણ અફઘાનોએ એ રાત્રે રમત ગમતમાં લીધા હતા, જે રાક્ષસી વર્ણન મનુષ્ય પ્રાણીઓને શોભા આપે એવું નથી.

ઝાડના ઓથમાં ભરાયલો જનાર્દન ભાનુ અફઘાનોને હાથ લાગ્યો. થર થર કંપી રહેલા જનાર્દને જાણ્યું કે, હવે રક્ષણ થવાનો આરો નથી. એક અફઘાને

એનો હાથ પકડી જમીન ઉપર પછાડયો. મહા દુઃખની પરિસીમા મપાઇ. શરીર ઉપર હાથ ફેરવતાં કંઇ દીઠું નહીં. નિર્માલ્ય શરીર જોઈ રાક્ષસને દયા આવી. તેણે પ્રશ્ન કીધો, "તું કોણ છે?" જનાર્દને પ્રતિઉત્તર દીધો, "રંક ફકીર છું." રાક્ષસને મન દયા વશી, શરીર જોતાં કંઇ ખાત્રી પણ થઇ, તેને જવા દીધો. એક કોશમાં ત્રણ ચાર ફેરી આવી સ્થિતિ જનાર્દન ભાનુએ અનુભવી, અને દરેક પ્રસંગે મનુષ્ય પ્રાણીનો સંહાર ઓછો થયો નહોતો. આવી દુઃખદ સ્થિતિ અનુભવતાં અનુભવતાં, પશ્ચિમ તરફ દશ બાર કોસ મહા મુશીબતે સર્વે ગયા. એટલામાં અફ્ઘાનોની એક ટોળી આવી પહોંચી. તેમણે બાપુજીપંત તથા રામજીપંતને સખ્ત જખમી કર્યા, જેથી આ દુનિયાને છેલ્લા પ્રણામ કરી સ્વર્ગમાં પ્રયાણ કીધું ને બીજા સર્વનો પણ પ્રાણ લીધો.

આ સમયે જનાર્દન વિલક્ષણ બુદ્ધિ વાપરી, ઘાસની ગંજીમાં છુપાઇ ગયો. છુપાયલા જનાર્દનના દુઃખનો પાર નહોતો. થર થર ધ્રૂજતો અફ્ઘાનોના પસાર થતાં સુધી તેમાં છુપાઇ રહ્યો. ચોપાસ ભયનું વાદળ ગર્જી રહ્યું હતું. ચાલવાનો અભ્યાસ નહોતો, તેમાં માર્ગની માહિતી નહોતી, પ્રદેશ અજાણ્યો હતો, ભાષા પણ અજાણી હતી, તેમ આ દુઃખદ પ્રસંગ પણ પેહેલ વેહેલો હતો. પરંતુ દુઃખના અંતને માટે ધીરજ સિવાય બીજો ઉપાય નહોતો. એ ઉપાયને આધારે જનાર્દન-ભાનુએ આગળ ચાલવા માંડયું. જતાં જતાં બે કોસ ન ગયો એટલામાં અફ્ઘાનોની બીજી ટોળી આવી પહોંચી. શત્રુના ઘોડાની ખરીના ખખડાટ સંભળાતાંજ જીવનમર્યાદાની સીમા અનુભવવા લાગી. શરીર પ્રસ્વેદથી ભીજાઇ ગયું. શક્તિ હીન શરીર હતું, તેમાં ભયથી શબવત્ થઈ ગયું. જેમ જેમ શત્રુ પાસે આવતા ગયા, તેમ તેમ જનાર્દનની હિમ્મત ઓછી થવા લાગી. તેનું શરીર ગતિભંગ થવા લાગ્યું. આખરે પાસેના ખેતરમાં ઘાસની ગંજી જોઈ. ગઈ વખતની પઠીમ પાછી હીમ્મત આવી. તેનો આશ્રય લીધો. શત્રુઓની તપાસ આ ફેરી અપૂર્ણ નહોતી. તેમણે ઘાસની ગંજી વિખેરી નાંખી અને જનાર્દનને બહાર ખેંચી કહાડયો.

વિકાળરૂપધારી રાક્ષસે નીચ સ્વભાવનું ભાન કરાવતાં, તલવાર ઉપાડી. અહંવૃત્તિથી તિરસ્કાર કરી મારવાની તૈયારી કરી. જનાર્દને અતિ નમ્રતાથી આર્તનાદે ધ્રૂજતાં ધ્રૂજતાં આજીજી કરી, પણ દુષ્ટને દયા આવી નહીં. મંદ અંધકારમાં મદોન્મત થયેલા હાથથી પકડી, વળી કાન પકડી, બેચાર વાર જમીન ઉપર પછાડયો. જનાર્દન આર્તનાદથી પોકારવા લાગ્યો. હવે જીવનમર્યાદા આવી રહી. અશક્ત શરીરથી વેદના સહન થતી નથી. જનાર્દનને આ વેદના સહન કરવા કરતાં તલવારથી મરણ સારૂં લાગ્યું.

જનાર્દને, આજીજી કરતા વિનંતી કરી, "સરદાર બહાદૂર! હું ફકીર છું. રંકને મારવાથી શું લાભ થશે? મારવા હોય તો વેદના ના કરો, તલવારથી ઝટ મારો, વેદના ખમાતી નથી."

હર્ષ પ્રફુલ્લ થતા તે દુષ્ટે તલવાર નાગી કરી મારવાની તૈયારી કરી. પણ બીજો વૃદ્ધ અફ્ઘાન તલવારને ફટકો મારી પાડી નાંખીને બોલ્યોઃ "ખાન સાહેબ! રંકને મારવામાં શું લાભ છે? દયા રાખો. નરહત્યા કરવી, તેમાં બાલહત્યા, અને તે પણ વિના પ્રયોજને કરવી ઉચિત નથી."

ક્રૂર અફ્ઘાન બોલ્યોઃ "બધા કાફ્રેરોને મારવામાં સબાબ છે. કાફ્રેરોને મારવામાં મને મ્હોટી મોજ લાગે છે."

જનાર્દને આજીજી કરી કરૂણાસ્વરે કહ્યું, "અલ્લાહને ખાતર મને જીવતદાન દો."

રાક્ષસને દયા આવી, તેને જતો કીધો. જતો કરતાં કરતાં પણ એક ઠોંસો માર્યો. વેદનાને સહન કરતો જનાર્દન, આર્તનાદ કરતો પડયો. મરણથી બચ્યો, પણ હજી દુઃખનો અંત આવ્યો નહોતો. અન્ન અને પાણી વિના મહા વેદના થતી હતી. તેવી ને તેવી સ્થિતિમાં જનાર્દને સોળ સત્તર કોસ સૂધી ભયને મારે મુસાફરી કરી. પલકે ને પલકે પ્રાણ જવાની ભીતિ સતાવતી હતી, તેમાં ક્ષુધાની વેદના અસહ્ય થઇ પડી હતી. અન્નપાનાદિ મળવાનો સંભવ નહોતો. જીવ ગભરાવા લાગ્યો. જે પુરૂષના મોંમાંથી અવાજ નીકળતાં પેહેલાં પકવાન્નની તૈયારી રેહેતી, ત્યાં આજે ઘેંશ પણ મળવાનાં ઠેકાણાં નહોતાં. પ્રભુની કળા અકલિત છે. ચઢતી પડતીના વારાફેરા છે. આજે નાનાના નસીબમાં અન્ન અને પાણી પણ નહોતું. તેણે પરાકાષ્ઠાએ બોરડી ઉપર ચહડી તેનાં પાંતરાં તોડી ખાધાં જરા શાતા વળી. ઢોરનું ખાણું પણ પેટ પૂરન મળ્યું. હજી પણ જીવની સ્થિરતા નહોતી. શત્રુની ભીતિ વેદના કરાવતી હતી. પ્રયાણ પાછું શરૂ કીધું. સાયંકાળે એક ગામ આવ્યું, તે ગામની ભાગોળમાં એક મહાત્માનો આશ્રમ હતો.

## પ્રકરણ ૩૨ મું.

### મહાત્માનો આશ્રમ.

અદ્‌ભુત ચમત્કૃતિથી મનને આકર્ષણ કરતું, ભવ્ય પણ જીર્ણ થએલું દેવાલય, જનાર્દન ભાનુ ઉર્ફે નાના ફડનવિસને દૃષ્ટિગોચર થવા લાગ્યું. આ દેવાલય જોઈ તેના મનને ધીરજ મળવા સાથે શાંતિ મળી. આ સ્થળ ગામથી બહુ દૂર, તેમ પાસે પણ નહોતું. ગગનમંડળને

શિખરોથી સ્પર્શ કરતું દેવાલય, એક વિશાળ તળાવના છેડા ઉપર આવી રહ્યું હતું. તળાવ લીલા વેલા અને લતાથી આચ્છાદન થયેલું હતું. તેમાં મનોહર રક્તને શ્વેત કમળ, પોયણુ તથા બીજાં વિવિધ રંગનાં પુલો ખીલી રહી આંખને આનંદ આપતાં હતાં. ચોગરદમ નાનાં મોટાં તરૂવરો ઉપર જાત જાતનાં પક્ષીઓ આનંદથી કલ્લોલ કરી, ટહુકા કરીને, નાદ કુતૂહલને દર્શાવતાં હતાં. સૂર્યનું સુવર્ણ પ્રતિબિંબ જળમાં પડતું ઝળહળ જયોતને ચળકાવતું હોય તેમ, સૌંદર્યતાની અદ્દભુતતાનું ભાન કરાવતું હતું. તળાવના કીનારાઓ લીલી હલીયારીથી બલીહારી ખીલાવી રહ્યા હતા. તલાવના સ્થિર પાણીમાં દેવાલયનો પડછાયાનો આભાસ ભવ્ય દેખાતો હતો. દેવાલયની રચના ગુપ્ત ભેદના અભ્યાસિયોને સારૂ અનુકૂળ હતી. ઘુમટના ખુણાઓમાં ધ્યાનનાં સ્થળ કહાડી, તેમાં શીતળ મંદ મંદ પવન આવે એવી ગોઠવણુ રાખી, ગુફાઓ બનાવી હતી. આવી રીતે નાના મોટા ઘુમટ કહાડી ત્રણુ તબક જેવું કરેલું હતું. ઘુમટના મધ્ય ભાગમાં પ્રાચીન યુદ્ધોનાં ચિત્રો ચિત્રેલાં હતા. ત્યાં ભારતનાં **કૌ**રવ **પાં**ડવનાં, **રા**માયણુનાં **લં**કા કાન્ડનાં તથા **ભા**ગવતમાંનાં **રા**સક્રીડાનાં ઉત્તમ ચિત્રો ચિત્રેલાં હતાં, પરંતુ તે ચિત્રોમાંનાં ઘણાં ચિત્રો છિન્ન ભિન્ન હાલતમાં ભુસાયલાં જણાતાં હતાં. શીખરના મધ્ય ભાગમાં ભમરીઓએ મધપુડા બાંધવાથી કાલા કાલા ડાઘા પડેલા હતા તથા મધપુડાના ખાલી પુડા લટકી રહ્યા હતા. મંડપના મધ્યમાં શ્વેત આરસનો ભવ્ય પોઠી મૂકેલો હતો, અને આગળ કાચબાની પ્રતિમાં જડેલી હતી. મંડપના ઉત્તર ભાગમાં વીર બજરંગ હનુમંતની, સિંદૂર ચડાવેલી પ્રતિમા, વિક્રાળતા દર્શાવતી હતી, અને દક્ષિણુ ભાગમાં ગણુપતિની દક્ષણાયણમૂર્તિ, મંગળમય રીતે ગોઠવાયલી હતી. દેવાલયના મધ્યભાગમાં કાળા પથ્થરની જલાધારી ઉપર શુદ્ધ **નર્મ**દેશ્વરનું લિંગ સ્થાપન કરેલું હતું, અને શ્વેત આરસની મનોહર **પાર્વ**તિની પ્રતિમા, વચલા ગોખમાં સ્થાપન કરેલી હતી. તે તેના ઐશ્વર્યપ્રતાપથી સર્વનાં મન ઉપર મહત્તા સ્થાપતી હતી. દેવાલયના આખા ચણુતરમાં અનેક પ્રકારની દેવદેવીઓની પ્રતિમાઓ ગોઠવેલી હતી, પણુ તેમાંનો મ્હોટો ભાગ ખંડિત થવાથી, મન ઉપર તેની ખરી ખૂબીની છાંયા પડતી નહોતી; પરંતુ પ્રાચીન કાળના કારીગરોની કૌશલ્યતા માટે દરેક જોનારથી ધન્યવાદ અપાયા સિવાય રહેવાતું નહોતું. દેવલની આસપાસ નાની મોટી અગીઆર દેરીઓ હતી અને તેમાં અગીઆર રૂદ્રનું સ્થાપન કીધેલું હતું. દંતકથા ચાલતી હતી કે, અત્રે અગીઆર મહારૂદ્ર કરી કોઇ સમર્થ મહાત્માએ આ દેરીઓમાં રૂદ્રોની પ્રતિમાને સ્થાપન કરી છે. શિવાલયના આગલા ભાગમાં યજ્ઞકુંડની ભાંગી તુટી નિશાનીઓ દૃષ્ટિગોચર થતી હતી. દેવળની

નીચે એક ભવ્ય ભોંયરૂં હતું, પરંતુ તે એટલું બધું જીર્ણ થઇ ગયું હતું કે તેમાં જવાની કોઇ હિંમત ધરી શકતું નહોતું.

આ દેવાલયની પાસેની ટેકરી ઉપર એક મહાત્માની પર્ણકુટી હતી. પર્ણકુટી ઝાવલીની બાંધેલી હતી. તે બીલીનાં વૃક્ષોથી આચ્છાદન થયેલી હતી. તેની પાસે કદંબનું વૃક્ષ તથા વડનું વિશાળ વૃક્ષ હતું, તેથી ત્યાં સૂર્યના તાપની ભીતિ રહેતી નહોતી. મંદ મંદ શીતળ પવનની લેહેરો આત્મ અનુભવમાં પુષ્ટિ આપતી હતી. પર્ણકુટીના મધ્ય ભાગમાં એક વાઘાંબર પડેલું હતુ. તેની પાસેના એક ગોળ કુંડની અન્દર છાણાની ભઠ્ઠી સળગી રહી હતી. તેની ડાબી બાજુએ જરા ખોદકામ કરી, ધ્યાનસ્થ સ્થિતિ કરવાને અનુકૂળ ગુફા હતી, જેનું સર્વ પ્રમાણ હઠપ્રદીપિકામાં લખ્યા પ્રમાણે રાખેલું હતું. પર્ણકુટીમાંથી તલાવની રમ્યતા નજરે પડતી હતી, અને વૃક્ષોની શોભાથી દીપી રહેલી વનલીલા ઉપર દૃષ્ટિ ઠરી હૃદયને અધિકતર આનંદમાં લીન કરી, અધ્યાત્મ વિદ્યાની વૃદ્ધિ માટે, વધારે અનુકૂલ કરતી હતી. આ તપસ્વીનું સુસ્નિગ્ધસ્થાન જોવાથી શાન્તરસ સિવાય ત્યાં બીજા કોઈ ભાવની છાયા પડતી નહોતી.

પર્ણકુટીમાં વાઘાંબર ઉપર, તેજોમય કપાળ ઉપર ભસ્મ લગાવેલા, એક મહાત્મા, પદ્માસનવાળી બેઠા હતા. જ્યોતિપૂર્ણ ચક્ષુ, શાન્ત રસની મહત્તા સ્થાપતી સ્થિર દેખાતી હતી. શરીર લાલચોળ ને હૃષ્ટપુષ્ટ હતું, ભૂજાઓ લાંબી ભોગળ જેવી હતી, ભવ્ય છાતી, વિશાળ તેજોમય કપાળ અને નિર્દોષ આનંદમય મુખમુદ્રા, આનંદ પ્રસરાવતી હતી. જ્ઞાન, યોગ, કર્મ અને ભક્તિ, એ ચારેનો પૂર્ણ અનુભવ મેળવી તેની પ્રતિમા હોય તેમ તેનું અંગ શોભી રહ્યું હતું.

મહાત્માને જોતાંજ તેમના તપથી, શાન્તિથી, વિનયથી, નિરાભિમાનતાથી તથા પવિત્રતાથી, જનાર્દનના મનમાં સદ્‌ભાવ ઉત્પન્ન થયો. તેણે માનપૂર્વક પ્રણામ કર્યાં. મહાત્માએ આદરપૂર્વક મધુર વાણીથી સત્કાર કરી આશ્વાસન કર્યું. જનાર્દન મહાશ્રમથી શ્રમિત થયો હતો તેણે આસન ઉપર વિશ્રામ લીધો. મહાત્મા, મુખચર્યા ઉપરથી પંથીની ચેષ્ટાપામી ગયા, તેને તૃષાની નિવૃત્તિ સારૂ જળ આપ્યું અને ક્ષુધા માટે યોગ સિદ્ધિ બળની અમીથી ભરપૂર ખોરાક આપ્યો. **નાના**એ ક્ષુધાને તૃપ્ત કરી, યોગીઓને આપવા જોગ આદર સત્કાર આપી વિનયથી મહાત્માની સામું બેઠો.

એટલામાં વિદ્યુત જેવો તેજનો પુંજ, ગગનમંડળમાંથી પૃથ્વી ઉપર આવતો દૃષ્ટિ ગોચર થયો. તે પુંજમાંથી એક દીવ્ય વિભૂતિથી ભૂષિત થયેલો મહાત્મા મરૂડીમાં પ્રગટ થયો. જનાર્દન, આ ચમત્કારથી ચકિત થયો અને વિલક્ષણ ભાવથી તેની સામું જોઇ રહ્યો. મરૂડીમાંના મહાત્માએ આદરપૂર્વક સત્કાર કરી પ્રશ્ન કર્યો.

"ક્યાંથી પધારો છો, અને શા પ્રયોજને પધાર્યા છો?" યોગીશ્વરે પ્રતિઉત્તર દીધું, "મહાત્મા દેવાપીની ઇચ્છાનુસાર કલાપથી આવું છું. ગુપ્ત વિદ્યાભ્યાસીને શું અજાણ્યું છે? સંસ્કારનાં બીજ નાંખવાં અને સમય પરત્વે પાત્રમાં નાંખીને ખીલાવવાથી, આ વિપરીત કાળક્રમની સંધિમાં થોડું ઘણું રક્ષણ થશે. અદૃષ્ય સત્વ, સૂક્ષ્મ સૃષ્ટિમાં તૈયાર થયેલું છે ને તમારા સંબંધે દૃષ્ય થનાર છે, ને તમારી ભાવનાએ કલ્પેલા ક્ષેત્રમાં વવાઇ વિશ્વમાં ખીલશે. વિશ્વ દૃષ્ટિથી નિહાળો, તો આપને તેનો ખુલાશો થશે; આપને કાંઈ અગમ્ય નથી."

ગહાત્માએ ક્ષણભર યોગેશ્વર સામું જોયું અને બોલ્યા, "આપનું સામર્થ્ય અપૂર્વ છે. સાત્વિક પોષણથી, માનસિક અને કાયિકમાં તત્ત્વ મૂકી, સત્ય પ્રકાશ કરવા આપની શક્તિ ક્યાં અપૂર્ણ છે."

જનાર્દને નમ્રતાથી, ચકિત થતાં પ્રશ્ન કર્યો, "સ્વામી! અજ્ઞાન છું, હું બહુ ચકિત થયો છું, મારા જોવામાં બહુ આશ્ચર્ય આવ્યું, મને તે કૃપા કરી સમજાવો."

મહાત્મા: એમાં ચકિત થવાનું કાંઇજ નથી. આ બધી યોગની ઉપાધિ છે. યોગના અભ્યાસથી મહાત્માઓ આકાશમાં પણ વિચરી શકે છે. શરીરનો ને આકાશનો જે વ્યાપ્ય વ્યાપકભાવ સંબંધ, તેમાં સંયમની સિદ્ધિ થવાથી અથવા હલકા તુળની રૂપતાને કોઇ સંયમની સિદ્ધિને પામવાથી, આકાશમાં ગમન થઇ શકે છે."

જનાર્દન: એ આશ્ચર્યજનક પ્રયોગો કેમ બની શકે?

મહાત્મા: યોગ વિદ્યાનું કામ કાળે સાધ્ય થાય છે. ગુરૂ કૃપાએ શ્રી ગુરૂએ બતાવેલા સંયમથી જે આકાશના દબાણમાં શરીર દબાયલું રહે છે, તે દબાણ કરનાર સત્તાને સ્વાધીન કરી લે છે ત્યારે યોગી આકાશમાં ઉડી શકવા શક્તિવાન થાય છે. પ્રથમ જળ ઉપર ચાલી શકે છે, પછી ઉર્ણનાભીના તંતુ ઉપર ચાલી શકે છે અને પછી સૂર્યના કીરણ ઉપર ચાલી શકે છે; અને એ સર્વ શક્તિ આવ્યા પછી આકાશમાં જવાની શક્તિ આવે છે, અને ભૂતજન્ય એટલે ભૂતનાં સ્થૂલાદિ પાંચે અંશમાં પાકો સંયમ સિદ્ધિ થવાથી, અષ્ટમહાસિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

જનાર્દન: એ અષ્ટમહાસિદ્ધિઓમાં શું સામર્થ્ય છે? અને તેનાં નામ શું છે?

મહાત્મા: અણિમા, મહિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઇશિતા, વશિતા અને કામાવસાયિત્વ.

શરીરને પરમાણુ જેવું સૂક્ષ્મ કરી દેવાનું સામર્થ્ય તે અણિમા સિદ્ધિ; શરીરને પર્વતાદિ જેવું મહોટું કરી નાંખવાની શક્તિ તે મહિમા સિદ્ધિ; શરીરને આકડાના તુલ જેવું હલકું કરી નાંખવાની શક્તિ તે

લઘિમા સિદ્ધિઃ ભૂમિ ઉપર રહેલો યોગી ચંદ્રાદિ દૂરના પદાર્થોને આંગળીના અગ્રથી અડકી શકે એવી ' શક્તિ તે પ્રાપ્તિ અને પ્રાકામ્ય સિદ્ધિ એટલે પંચભૂતોના જે સિદ્ધિક કઠિનત્વાદિ ધર્મો તેથી વિરૂદ્ધ વર્તવાની યોગીની ઈચ્છા થાય તો તેમ વર્તી શકે અર્થાત્ ભૂમિ જેવા કઠણ ભાગમાં પણ જળની માફક બુડકી મારી શકે તથા મનમાં ધારે ત્યાં ભૂમિમાંથી નીકળી શકે, મતલબ કે ભૂતોના કઠિનત્વાદિ ધર્મો, એ સિદ્ધિ પ્રાપ્ત થયે યોગીને બાધ કરી શકતા નથી; ઇશિતા સિદ્ધિ એટલે બ્રહ્માંડસ્થ ભૂતભૌતિક પદાર્થોને તન્માત્રા દ્વારા ઉત્પન્ન કરવા, તેમનો તન્માત્રા દ્વારા લય કરવો તથા તેમને ઈચ્છાનુસાર રચનામાં સ્થાપવી એ કરવાની શક્તિ તે, વસિતા સિદ્ધિ એટલે બ્રહ્માંડમાં રહેલા પૃથ્વી આદિ ભૂત તથા તેના કાર્યરૂપ ગોઘટાદિ ભૌતિક પદાર્થોને ઈચ્છાનુસાર પમાડવાની શક્તિ તે. અને આઠમી સિદ્ધિ કામાવસાયિત્વ એટલે ભૂત ભૌતિક પદાર્થો યોગીની ઇચ્છાનુસાર અર્થને સંપાદન કરવાની શક્તિ આપે તેને કામાવસાયિત્વ સિદ્ધિ કહેવાય છે. આ સિદ્ધિ પ્રાપ્ત થવાથી યોગી પોતાના સંકલ્પથી અમૃતને વિષ અને વિષને અમૃત કરી શકે છે. આ સિદ્ધિ ભૂતના અર્થત્વરૂપ અંશના જયથી પ્રાપ્ત થાય છે. આવા પ્રકારનું મહાબલ એ અષ્ટ સિદ્ધિમાં છે. તેમ શરીરને વજ્રવત્ કરવાની પણ યોગીઓમાં યોગબલથી સિદ્ધિ આવે છે.

જનાર્દનઃ આવી શક્તિઓનો ઉપયોગ રાજ્ય તંત્રમાં કીધો હોય તો મહાલાભ થાય.

મહાત્માઃ મહાન્ સિદ્ધિઓ મેળવી ક્ષણભંગુર સૃષ્ટીના ક્ષણિક રાજ્ય તંત્રમાં તેનો ભોગ આપવો ઉચિત નથી અને સિદ્ધિનો દુરોપયોગ કીધાથી તે નષ્ટ થાય છે. યોગીઓ નિર્વાણની ઇચ્છાથીજ કામ કરે છે.

જનાર્દન–"આવી ઉત્તમ સિદ્ધિના યોગથી સૃષ્ટીનો વહેવાર સ્વર્ગાદિ લોક સાથે થાય કે નહિ?

મહાત્માઃ એ કાળને બહુ વાર છે. સકળ સૃષ્ટિનો સમાજ અષ્ટ મહાસિદ્ધિઓને પ્રાપ્ત કરવા યોગ્ય નીવડે તો એમ પણ થાય; અને સ્વર્ગાદિ તો શું પરંતુ અનંત કોટી બ્રહ્માંડમાં તથા અનેક ગૃહોમાં ગમન કરી શકે; તથા તેમની સાથે વહેવાર ચલાવી શકે.

જનાર્દનઃ ત્યારે એમ કેવી રીતે કરેથી થાય.

મહાત્માઃ સિદ્ધિઓનું વર્ણન કરવું સહેલું છે, તેમ સંપાદન કરવું સહેલું નથી. અનંત કાળના અનેક મહાત્માઓ હજી એમાં મચ્યા રહેલા છે, છતાં પાર પામ્યા નથી, તો સકળ સૃષ્ટિમંડળને દોરવવું એ મહા કઠણ કામ છે. પરન્તુ હાલ તુરત આર્ય પ્રજા, ધર્મથી અધમતાને પામી છે તેને નિત્ય, નૈમિત્તિક કર્મોથી વર્તવા તરફ દોરી અધ્યાત્મક

જ્ઞાનની વૃદ્ધિ કરવાથી કંઇક લાભ થશે અને ઉત્તરોત્તર જનસમૂહ ઉન્નતિ ક્રમમાં મૂકાશે એટલે સર્વ વૃદ્ધિને પામશે. મહાત્મા દેવાપીએ કલાપથી તમારામાં સંસ્કાર નાંખવા યોગીશ્વરને મોકલ્યા છે. હમે તે બીજનું તમારામાં રોપણ કર્યું છે. હવે અધિકાર પરત્વે તમને મળતું જશે.

જનાર્દનઃ કલાપ શું છે?

મહાત્માઃ હિમાલયનું એક અગમ્ય શિખર છે. જ્યાં મહાત્માઓનો મહોટો સમૂહ ભેગો થાય છે.

જનાર્દનઃ દેવાપી કોણ છે?

મહાત્માઃ મનુ ભગવાનના વંશના મહાત્મા છે. તે ધર્મના બીજનું રક્ષણ કરે છે. અને કળીના અંતમાં ધર્મ સ્થાપશે.

જનાર્દનઃ સતયુગના પુરૂષની કળીયુગ સુધી હયાતી કેમ સંભવે?

મહાત્માઃ પુરાણોથી ખાત્રી કરો. ભાગવત, રામાયણ, વિષ્ણુપુરાણ, તથા કલંકીપુરાણથી માહિતી મળશે. હવે તમો પ્રશ્ન કરતા નહિ. પ્રતિઉત્તર મળશે નહિ. ધર્મ ઉપર આસ્થા રાખી વેદનો જીર્ણોદ્ધાર કરો. એથી સર્વ કાર્ય સિદ્ધિ થશે.

જનાર્દનઃ સ્વામી એક ખુલાશો કરો. ખોવાયલી મત્તા અને સ્ત્રી મળશે કે નહિ?

મહાત્માઃ એક મળશે.

આટલું કહેતાંની સાથે મરૂડી ધુમ્રથી આચ્છાદન થઇ ગઇ. મહાત્મા અને યોગીશ્વર જનાર્દનની દષ્ટિથી અદષ્ય થયા. જનાર્દન મરૂડી છોડી બહાર નીકળ્યો તો પ્રાતઃકાળ થયેલો જણાયો. ગંગાસહસ્ત્રી નામનો જપ કરતાં કરતાં જનાર્દને પ્રયાણ શરૂ કર્યું. એક ગામમાં આવતાં યશવંતરાવ ચાબુકસ્વાર મળ્યો, તેણે આગતાસ્વાગતા કરી ભોજન કરાવ્યું. હજી ત્રાસ અને દુઃખનું વાદળ વિરાખયું નહોતું. શત્રુના સ્વારો આવે છે એવી ગામમાં બુમ પડી કે તુરત જનાર્દનને નહાસવાની તૈયારી કરવી પડી. એક સાહુકારે ગાડી કરી આપી, જયનગર મોકલવા તજવીજ કરી આપી, પરન્તુ પ્રારબ્ધ બે ડગલાં આગલનું આગલ! ગાડીવાને ફસાવવાને તજવીજ કરવા માંડી, તેથી ગાડીનો ત્યાગ કરી બીજા ભીક્ષુકો જતા હતા તેમાં ભળી જઇ, દશ બાર કોશની મજલ કાપી પ્રયાણ કીધું. એ પ્રમાણે છ સાત દિવસ સુધી પ્રયાણ કરી, રેવડી આવી પહોંચ્યો. ત્યાં બાલોરાવે તથા રામજીદાસ જોશીએ અન્ન વસ્ત્રાદિનો સારો સત્કાર કર્યો. ત્યાં સાત દિવસ ગાળી તે ભરતપુર આવ્યો ત્યારે માર્ગમાં કૃષ્ણ ભટ્ટ વૈદે પ્રિયાના વર્તમાન કહ્યા.

કૃષ્ણભટ્ટના વર્તમાનથી જનાર્દનના શરીરમાં જૂદાજ પ્રકારનું લોહી વહેવા માંડયું. આશા અને પ્રેમની શક્તિએ જનાર્દનને પ્રફુલ્લ બનાવી દીધો. એ વર્તમાન શા હતા?

જનાર્દનની પ્રિયાંગના યશોદાનું વીરોજી બારવેકરે રક્ષણ કર્યું છે અને તે જીગનીશ નારોપંત ગોખલેને ત્યાં સુરક્ષિત છે.

પાણીપતના મેદાનમાં લાખો મહારાષ્ટ્રિયોની કતલ ચાલી રહેલી, તેમાંથી યશોદા કેમ બચી? તેનું રક્ષણ કેમ થયું? કોણે કર્યું? એ વીરાંગનાએ કાંઇ વીરત્વ દર્શાવ્યું હતું?

## પ્રકરણ ૩૩ મું.

### યશોદા અને જગતની નિઃસારતા.

તોપોના તડાકા અને ભડાકાથી પાણિપતની રણભૂમિ ગર્જી રહી છે, તરવાર અને ભાલાનો મારો લોહીની નદીઓ વહેડાવતો રહ્યો છે, યુદ્ધનાદથી ગગન મંડળ ભેદાવા લાગ્યું છે. અવર્ણ્યની વીરત્વનો જુસ્સો મહાસંહાર વાળી રહ્યો છે, મહારાષ્ટ્રીય વીરો વીરત્વહીન થઈ પાછા ફરતા જણાય છે. યવન સેના સંહાર કરતી ધસારો કરી રહી છે; મ્હોટા મ્હોટા સરદારો રણસંગ્રામ તજી ચાલ્યા ગયાના વર્તમાન સંભળાઇ રહ્યા છે. ભાઉસાહેબ શત્રુના સૈન્યમાં ધુસી ગયાની હકીકત પાકે પાયે જણાઈ ગઈ છે, સૈન્ય અવ્યવસ્થિત થઈ નહાસભાગમાં પડેલું છે, પાર્વતિબાઈ અને લક્ષ્મિબાઇના રક્ષકો નિમકહરામ થઈ તેમને તજી ગયા છે અને તેમનુંજ રક્ષણ થવું અશકય થઈ પડયું છે, તેમનો ખીજમતદાર જાનુભિતાત્યા તેમના રક્ષણ માટે પ્રયત્ન કરી રહ્યો છે, એ જોઇ રૂખમાબાઇએ પોતાના ખીજમતદારોને આદરપૂર્વક આજ્ઞા કરીઃ–"ભાઇઓ! હવે અમો તમારા રક્ષણમાં છીએ. તમોને સુજે તે બુદ્ધિ વાપરી યશોદા તથા મ્હારૂં રક્ષણ કરવાની ત્વરા કરો."

ખીજમતદારે કહ્યું; બાઈ સાહેબ, યત્કિંચિત ચિંતા રાખતાં નહીં. જ્યાંસૂધી હમારા દેહમાં પ્રાણ છે, ત્યાંસૂધી સ્વામી ધર્મથી ભ્રષ્ટ થનાર નથી. પ્રભુ તમારૂં રક્ષણ કરશે, એમ કહી ધીરજ આપી ત્વરાથી બે ઘોડા લાવી રજુ કર્યા અને બીજા ખીજમતદારોની મદદથી રૂખમાબાઈ તથા યશોદાને હાથી ઉપરથી ઘોડા ઉપર બેસાડયાં, ને ઘોડાઓને વેગથી મારી મૂકયા. થોડી વારમાં તો હજારો માણસોની દોડાદોડીની ધમાલ થવા લાગી અને એક બીજાની ધક્કા મુક્કીમાં એક બીજા સાથે અથડાવા લાગ્યા. અનેક આદમીઓ એક બીજાની ધક્કા મુક્કીમાં કચડાઈ ગયાં અને કરૂણાસ્વરનો પોકાર રણભૂમિને છાઈ રહ્યો. એ દેખાવને દુર મૂકી રૂખમાબાઈ તથા યશોદાના ઘોડા તરફ લક્ષ આપીએ. ભયનાં ચિહ્ન જેમ જેમ જણાવા લાગ્યાં, તેમ તેમ ઘોડાઓ

ઉપર ચાબુકો પડતી ગઈ, અને તેમનાથી જેટલી ત્વરાથી ચાલી શકાય એટલા ચલાવવા માંડયા. રણભૂમિ તોપોના તડાકા અને ભડાકાથી ગર્જવા લાગી ને સર્વનાં હૃદયને કંપાવી રહી. ઉતાવળથી ગભરાટમાં અને દેશની પૂરેપૂરી માહિતી ન હોવાને લીધે, ઘોડેસ્વારોને ઘોડા કેમ હાંકવા તે સૂઝતું નહોતું. આથી તેમની વિપત્તિમાં વધારો થયો હતો અને હવે સૂર્યાસ્ત થયો એટલે તેમાં અધિકતા થઈ. હળવે હળવે અંધારૂં પસરવા માંડયું. તેમાં ઘાડી ઝાડી આવી, ઘોડાને દોડાવવાનું દુર્ઘટ થયું. ઘાડી ઝાડીમાંથી પવનના સુસવાટાનો શબ્દ કર્ણને ભેદી નાંખે એવો નિકળવા લાગ્યો. તોફાની પવનના જોરથી વંટોળિયાએ વીટંબણામાં વધારો કરવા માંડયો. એટલામાં રૂખમાબાઇનો ઘોડો ઠોકર ખાઈ લથડયો. વૃદ્ધ રૂખમાબાઈ ઘોડાપરથી ઠોકરાઈ પડી. ખીજમતદારોએ ત્વરાથી મદદ કરી ઉપાડી લઈ, ઘોડા ઉપર બેસાડી, એટલામાં યશોદાનો ઘોડો ઝાડીમાં ભરાયો ને પવનથી નમેલા ઝાડનું ડાળ કપાળમાં વાગ્યું. કપાળ ઉપર લોહીનાં ટીપાં ઝામ્યાં, પહેરેલી સાડી ફાટી તથા શરીરમાં કાંટા ભોકાઈ ગયા. પરંતુ ભયથી એ સર્વ તરફ બેદરકારી રાખી, વેગથી ઘોડો ચલાવી સૌ આગળ વધ્યાં.

હવે સૂર્ય તદન અસ્ત થઈ ગયો હતો. શુદ અષ્ટમી હોવાથી ગગન મંડળમાં ગ્રહચૂડામણિચંદ્ર પ્રકાશવા લાગ્યો. ચંદ્રની મનોહર ચાંદની આ સમયે અનુકૂળ થવાને બદલે પ્રતિકૂળ થવા જેવું થયું.

બે અફઘાન સ્વારોની નજર આ પ્રયાણ કરતા મંડળ ઉપર પડી. તેમણે પુરપાટ ઘોડા તેમની તરફ ફેંકયા. અફઘાનોએ તેમની પીઠ પકડેલી જ્યારે તેમને જણાઈ, ત્યારે તેઓએ જીવ સટોસટ ઘોડાને દોડાવ્યા. ઘોડાનું આખું શરીર પરસેવાથી નીગળવા માંડયું, અને મોં-માંથી ફીણના ફીસોટા નીકળવા માંડયા. એટલામાં રૂખમાબાઇનો ઘોડો એક નાનો પાણીનો ઝરો ઓળંગતા ઠોકરાયો. ને અફઘાનો પાસે આવી પહોંચ્યા. એક અફઘાને લાંબે હાથે ભાલાને ઘોડા ઉપર ફેંકયો. ઘોડો ચક્કરી ખાઇને પડયો તે સાથે રૂખમાબાઇ ગબડી પડી. ખીજમતદારે સામનો કર્યો, ને અફઘાનના માથા ઉપર સખ્ત ફટકો માર્યો. અફઘાન સખત ફટકાના જોરથી ચક્કર ખાઈ જમીન ઉપર પડયો. બીજા સ્વારે ધસારો કર્યો. ખીજમતદારે સહાયતા સારૂ પોકાર માર્યો, એટલામાં *વિરોજી બારવેકર એકાએક તેની મદદે આવી પહોંચ્યો. પણ તેટલામાં તો અફઘાનની તરવારથી ખીજમતદારનું મસ્તક ધડથી જૂદું થઇ ગયું. તેણે મરતા મરતાં કારમી

---

* પાણીપતના મેદાનમાંથી પાર્વતીબાઇને બચાવનાર વિરોજી બારવેકર તે આજ વિરોજી બારવેકર હતો.

ચીસ પાડી. આ સમયે યશોદાનો ઘોડો જરા દુર ગયો હતો, તે આ બારીક મામલો જોઈ ઘોડાને એડ મારી તેની મદદે ધસી આવી અને બીજા ખીજમતદારોને આજ્ઞા કરી કે, "આ પાપી ચંડાળનો નાશ કરેથી છુટવા વારો છે, નહીં તો મહા અનર્થની પ્રાપ્તિ છે. હવે બચવાની આશા નથી તો વીરત્વ બતાવી દુશ્મનોનો વધ કરો. દુશ્મન થોડા છે માટે ફાવીશું," એમ કહી અફ્ધાન સ્વાર તરફ ધસી. આંખ અગ્નિના જેવી લાલ ચોળ થઇ ગઇ છે, કપાળ ઉપર કરચલી પડી છે, મુખમુદ્રા ક્રોધાક્રાન્ત જણાય છે. તેણે પ્રાણાન્તનો સમય ધારી અતિશય ક્રોધથી ગર્જના કરી ખીજમતદારોને ઉશ્કેર્યા અને તેના ધસારા સાથે અફ્ધાન સ્વારો ભયભિત થઇ ગયા. વિરોજી બારવેકર આથી ઉત્સાહિત થયો. તેણે વીરત્ત્વથી વાઘના જેવી છલંગ મારી, અફ્ધાનના મસ્તકને ધડથી જુદું કરી નાખ્યું. એટલામાં નીચે પડેલો અફ્ધાન જરા કળ વળવાથી તરવાર ઉછાળતો તેની સામા ધસવાની તૈયારી કરવા લાગ્યો. વિચક્ષણ દૃષ્ટિથી નિહાળતી યશોદા તેનો ભેદ પામી ગઇ. તેણે ચંડીની પડેમ મહાન ગર્જના કરતાં અફ્ધાન ઉપર ભાલો નાખ્યો ને ભાલો અફ્ધાનની છાતીમાં આબાદ વાગ્યો કે લોહી ઓકતો અફ્ધાન ધૂળ ચાટતો ભૂમિ ઉપર પડયો. વિરોજી બારવેકરે રૌદ્રગર્જના કરી તરવારથી તે અફ્ધાનનું મસ્તક ધડથી જુદું પાડી નાખ્યું. સર્વેએ જયનો વજ્રનાદ ઉઠાવ્યો. પછી યશોદા આકાશ તરફ જોઇ બોલી, "જગદીશ્વર! તને ધન્યવાદ આપું છું. તેં હમારૂં યોગ ટાંકણે રક્ષણ કર્યું છે." તેણે વિરોજી બારવેકર તરફ ઉપકાર સૂચક દૃષ્ટિ કરી કહ્યું, "ભાઇ તમારો શ્રમ સ્તુતિપાત્ર છે. દુઃખીયારીના વિપદ કાળમાં જે મદદ કરી છે તેનાં યશોગાન ચિરકાળ સુધી ગાઇશ."

વિરોજી બારવેકરઃ મેં મારૂં કર્તવ્ય કીધું છે. ને વીરધર્મ બજાવતાં પ્રભુએ યશ આપ્યો છે એ મહાન પ્રભુની પરમ કૃપા છે. હવે કાળ ક્ષેપ કરવો જરૂરનો નથી. જેમ બને તેમ સહિસલામત જગાએ પહોચવું જરૂરનું છે.

અત્યાર સુધી રૂખમાબાઇ તરફ કોઇની દૃષ્ટિ ગઇ નહોતી. ઘોડા ઉપરથી પડી ગએલી રૂખમાબાઇને જમીન ઉપરથી ઉઠાડી, કરવા જોગ અને થઈ શકે એટલી મહાવજત કરી કુળવંતી વહુએ કુળગર્વની મહત્તા બતાવી.

સર્વ મંડળે પ્રયાણ શરૂ કીધું. વિરોજી બારવેકરે અટપટો માર્ગ લીધો ને કોતરડાવાળા તથા નદીનાળાવાળા માર્ગમાંથી કુચ કરવા માંડી. પરંતુ જે ભયથી દૂર જવા પ્રયત્ન કરતા હતા તે ભય તેમની પાસે આવતું હતું તે વાતની પ્રયાણ કરનારાઓને ખબર નહોતી. એક

ટેકરાની ટોચ ઉપર યશોદાનો ઘોડો ચઢયો કે તે બીજી બાજુના અફઘાનોની દૃષ્ટિએ પડયો. અફઘાન ટોલીએ વજનાદ ઉઠાવી, વીરગર્જના કરી. આથી પ્રયાણ કરતું મંડળ ધભરાયું. આ સમયે અફઘાન ટોળી મ્હોટી હતી ને તેમને પહોંચી વળવાની આશા નહોતી. વિજળીના વેગથી સર્વે પોતપોતાનું રક્ષણ કરવા નહાસવા માંડયું. વિરોજી બારવેકર યશોદા સાથે રહ્યો, અને ધરના ખીજમતદારો રૂખમાબાઈ સાથે રહ્યા. બારવેકર સાથે યશોદાએ પોતાના ઘોડાને પુરપાટ મુકયો. તે ઘણે દુર નિકળી ગયો. રૂખમાબાઇનો ઘોડો ટેકરા ઉપરથી ઉતરતાં ઠોકર ખાઇ નીચે પડયો. અને રૂખમાબાઇ ગબડીને ઉંડી ખોમાં પડી ને એટલામાં અફઘાન ટોલીનો ધસારો પાસે આવતો જણાયો. ખીજમતદારો ગભરાયા તેથી સર્વે પોતાના પ્રાણના રક્ષણ સારૂ નહાઠા, તેમાં કેટલાક મરાયા અને કેટલાકનો પત્તોજ જણાવા પામ્યો નહીં. અફઘાન ટોલીએ હજી પણ પીછો છોડયો નહોતો. એટલામાં ચંદ્ર અસ્ત પામ્યો. અંધકાર છવાઈ ગયો, ને અફઘાનોના ઘોડા આડે રસ્તે ઉતરી પડયા.

પરંતુ યશોદાને હજી કયાં શાંતિ હતી? શ્રમથી થાકી ગયેલી યશોદા ઘોડા ઉપરથી લથડી પડી. ત્યારે વિરોજી બારવેકર ગભરાયો. તેણે સમયસૂચકતા વાપરી, યશોદાને પોતાના ઘોડા ઉપર ઉચકી નાખી. અશક્ત થયેલી યશોદા ભય અને ત્રાસથી કંપતી, શબવંત સ્થિતિ અનુભવતી, બારવેકર જેમ લઈ ગયો તેમ ગઈ. એટલામાં બારવેકરના ઘોડાની ખરી પથ્થર ઉપર અફલાઈ અને આગલ ચાલતાં જરા વધારે ઠોકરાઈ એટલામાં બારવેકરની દૃષ્ટિએ પથ્થરના પગથીઆવાળું દેવાલય જણાયું, ત્યારે ઘોડા ઉપરથી નીચે ઉતરી યશોદાને નીચે ઉતારી અને મંદિરમાં ઘોડાનો ધાસીઓ નાખી તે ઉપર યશોદાને સુવાડી, શિવાલયનું બારણું બંધ કરી બારણા આગળ પોતે રક્ષણ કરતો બેઠો. યશોદા બેશુદ્ધ સ્થિતિમાં પડી હતી તેને શુદ્ધિમાં લાવવા, ગજવામાંથી ચકમક કહાડી ધુની કરી, તેને જાગ્રત કરવા શેક કર્યો. ત્યારે યશોદા શુદ્ધિમાં આવી. શુદ્ધિમાં આવેલી યશોદાએ સજળ નયનથી ઉંચે જોઇ કહ્યું, "ભાઈ બારવેકર, તમે મને ઘણીજ ઉપકૃત કરી છે." એટલું બોલતાંજ શોકમાં નિમગ્ન થયેલી હૃદય કષ્ટ શોષતી શોક ધ્વનિ કરવા લાગી. તેની આંખમાંથી આંસુની ધારા વહી રહી છે. એના દુઃખની કલ્પના, પ્રીતમથી વિયોગી થયેલી પ્રેમદા શિવાય બીજાથી કલ્પાવી અશકય છે. પ્રીતમનાં વિચારમાં ને વિચારમાં વિચાર શૂન્ય થયેલી યશોદા, વહેતાં આંસુએ શોકધ્વનિ કરી રહી છે. ઘડીકમાં પ્રીતમને ઠપકો દેતી, ઘડીકમાં દૈવને દોષ દેતી અને ઘડીકમાં પ્રીતમ પ્રત્યે પ્રેમ દર્શાવતી, મુખમાંથી લાંબા નિઃશ્વાસ મુકતી હૃદય વિદારક આર્તનાદ કરે છે.

વિરોજી બારવેકરે શાંતવના કરવાની કોશેશ કરી, પણ જેમ જેમ વિરોજી બારવેકર શાંત કરવાને યત્ન કરે, તેમ તેમ તેનાં મનનો ઉભરો વધારે ઉભરાવા લાગ્યો. તેના વિલાપ યુકત આર્ત્તનાદથી, બારવેકરનું હૃદય કંપિત થઇ ગયું ને તેની આંખમાંથી, પણ આંસુની ધારા છુટી. આખરે આંસુ ભરેલાં નયનથી બારવેકરે કહ્યું, "બેન! તમે હવે કયાં સુધી રડશો? પ્રાતઃકાળ થવા આવ્યો છે, રક્ષણ માટે પ્રથમ વિચારવાનું છે. વીર-પતિ છો, વિચારો! હિંમત તજે સઘળું તજાશે. મનુષ્યનું જીવન શોકમયજ છે, પરંતુ તેમાં યત્ન કરવાથી પલકે પલકે જીવનની બાજી ફરે છે. મહા વિકટતામાંથી બચ્યા છીએ તો હવે યત્નશીળ થઇ, યોગ્ય રક્ષણ શોધવું જરૂરનું છે."

યશોદાઃ ભાઇ તમારૂં શરીર ઉપકારથી ભરેલું છે, તમે દયાશીળ પરોપકારી છો, તમારા પુરૂષાર્થથી મારૂં રક્ષણ થયું છે. તમારી દરેક આજ્ઞાને આધીન છું. મારી મતિ ચાલી શકતી નથી માટે તમને સૂઝે તે સૂચવો.

વિરોજી બારવેકરઃ બેન! હવે ઘોડા ઉપર બેસી પ્રયાણ કરવાથી ઉલટી દુઃખદ સ્થિતિ થશે, માટે પ્રથમ તમે તમારા શરીર ઉપરના બધા અલંકારોનો ત્યાગ કરો ને શરીરે ભસ્મ લગાવી. વેરાગણનો વેશ ધારણ કરો.

યશોદાઃ ભાઇ તમારી સલાહ દેશકાળને અનુકૂળ છે," એમ કહી યશોદાએ અલંકારનો ત્યાગ કીધો. એટલામાં શિવાલયનું પૂજન કરનારો વેરાગી આવ્યો. તે આ દેખાવ જોઇ ચકિત થયો, તેપરથી બારવેકરે વેરાગીના મનનું સમાધાન કરી, ફાટેલું વસ્ત્ર માગ્યું, ત્યારે તેણે કમરે બાંધેલું જીર્ણ થયેલું ધોતીયું યશોદાને આપ્યું. યશોદા સર્વ અલંકાર અને વસ્ત્રો વેરાગીને આપી પગે પડી. વેરાગીએ સૌભાગ્યવતી રહે એવો આશીર્વાદ દીધો. પછી પાસેના સરોવરમાં સ્નાન કરી શંકરનું પૂજન કરી, વેરાગીએ વનફળ આપ્યાં તે ખાઇ, બન્ને જણાંએ પ્રયાણ શરૂ કીધું.

યશોદાએ આખા શરીરે ભસ્મ ધારણ કરેલી હતી, મોં ગોપી-ચંદનથી વિકૃતિવાળું કરી નાખ્યું હતું, જીર્ણ વસ્ત્રથી કંગાળતાનો ચિતાર પૂર્ણ દર્શાવ્યો હતો, તો પણ તેની ચાલમાં રહેલું ગૌરવ નિર્મળતાની મહાછાપ પાડતું હતું. મહા સંકટ અને વિપત્તિ વેઠતી વેઠતી યશોદા દીગમાં, જીગનીશ નારોપંત ગોખલેને ઘેર આવી પહોંચી ને નારોપંતને ત્યાં સંપૂર્ણ રક્ષણ મળ્યું. હવે પતિની શોધ કરવા તરફ તેનું લક્ષ લાગ્યું. તેણે આકરી બાધાઓ લઇ, પતિ મેળવવા માટે દૈવી સંપત્તિની મદદની આશામાં, વ્રત આચરવા માંડયું. તપસ્વીનિએ ચિંતામણીનો પ્રયોગ શરૂ કીધો. જમણા હાથમાં માટીનું શંકરનું લિંગ મૂકી, કલાકોના

કલાકો સુવી પુજન કરી, પતિનું આરોગ્ય ઇચ્છતી હતી. કેટલાક દિવસો એમ કરતાં વહી ગયા, ત્યારે તપસ્વીની યશોદા આજે ચિંતામણીનું પૂજન કરી ધ્યાનમાં બેઠેલી છે તેવામાં તેના કર્ણદ્વાર ઉપર પતિનો શબ્દ અથડાયો. પતિના આનંદમાં આનંદ માનનારી આર્ય મહિલાની પતિ શિવાય બીજી શી ગતિ હોય? પતિનો શબ્દ શ્રવણ થતાંજ, વિજળીના ચમકારાની પઠેમ બહાર દોડીને, સ્નેહમયી યશોદા પ્રેમ આંસુ વરસાવવા લાગી. પતિ અને પત્નિ જેવો મહત્વતાવાળો પ્રેમ જગતમાં કયો છે? પતિ અને પત્નિના વિયોગ અંતે થયેલા મેલાપમાં થતા આનંદની પરિસીમા કયાં મપાય એમ છે? એની કિમ્મત અનુભવી શિવાય અંકાવી અશકય છે.

યશોદા આંસુ લુછતાં લુછતાં પ્રાણેશના અંગમાં વિંટાઇ બોલી; “પ્રાણેશ! કૃપા કરી હવે અલગી કરતાં નહીં.”

જનાર્દન ભાનુએ પ્રેમથી એકટશે પ્રિયાને નિહાળ્યાજ કરી, ઉત્તર આપવાની શક્તિજ રહી નહીં. પ્રિયા અને પ્રીતમને આનંદમત્ત થતાં રહેવા દઇ બીજી તરફ લક્ષ આપીએ.

* * * * * *

પાણિપતના મેદાનમાં મહાસંહાર વળી રહ્યો છે, વિશ્વાસરાવનું શબ જે હાથી ઉપર હતું, તે હાથી શબ સાથે સુજાઉદ્દૌલાને હાથ આવ્યો. યવનોએ સર્વે પ્રકારે મહા કુચેષ્ટાઓ કરી, પરંતુ વિશ્વાસરાવનું યૌવન સૌંદર્ય શરીર જોઇ અબદાલ્લી હાય મારી રડયો. ગોસાંઈ ઉમરાવગીરે મહા પ્રયત્ન કરી, ત્રણ લાખ રૂપિઆ આપી, વિશ્વાસરાવ, તુકોજી સિંધિયા, સંતાજી વાઘ તથા યશવંતરાવ પંવાર એ ચારેના શબને મેલવ્યાં અને તેને યથાવિધી અગ્નિ સંસ્કાર કરાવી તેમના શબનાં અસ્થિને કાશી મોકલાવી સાર્થક કર્યું.

* * * * * *

અંતાજી માણકેશ્વર તથા બાજી હરી ઠાર થયા, તેમનાં મડદાંની વિધિ કોઇથી થઇ શકી નહીં.

* * * * * *

યવન સૈનાએ મહાસંહાર કર્યાનો કોલાહલ સાંભલી, અબદાલ્લીએ કતલ બંધ કરવાનો હુકમ કર્યો, પણ એટલામાં કુતુબશાહ તથા સૈયદખાન કતલબાજના છોકરાઓએ આવી તેમના બાપના વૈરના બદલામાં કતલ ચલાવવાની અરજ કરી. અબદાલ્લીએ મરેલાને મારવામાં સાર નથી, એમ ઘણું સમજાવ્યું, છતાં તેમના અતિ આગ્રહથી ચાર ઘટિકા સુવી કતલ ચલાવવાનો હુકમ કીધો. કુતુબશાહના દીકરાએ પાણીપતમાં ચાર હજાર મનુષ્યોને કાપી નાંખ્યા, અને સૈયદખાન કતલબાજના દીકરાએ

બહાદુરગઢ આગળ પાંચ હજાર મહારાષ્ટ્રિઓને કાપી નાંખ્યા, અને પરચુરણ સંહારની તો ગણત્રીજ નથી. હજારો આદમીઓને એક હારમાં બેસાડી કાપી નાંખ્યા, અને સ્ત્રીઓને અપાય એટલું અપમાન આપ્યું. અબદાલ્લીના સખત હુકમથી બીજે દિવસે કતલ બંધ થઇ. પાણીપતના ગામડાંમાંથી પંદર હજાર માણુસ પકડયા અને બીજા નહાસતા માણસોમાંથી વીશ હજારને પકડી અબદાલ્લી પાસે રજુ કર્યા. સુજાઉદ્દૌલાએ ત્રણ લાખ રૂપિયા ધર્માર્થે આપી, તેમને બંધનમાંથી મુક્ત કરાવ્યા. પેશ્વાનું ધનાઢય સૈન્ય લૂટી અબદાલ્લીએ મહા સમૃદ્ધિ મેળવી.

મહારાષ્ટ્રિય સૈન્ય દુર્દશા પામી જેમ તેમ નહાઠું. ત્યારે ભરતપુરના જાટ સુરજમલે તથા તેમની ધર્મ પત્નીએ સર્વનું બની શકયું એટલું રક્ષણ કર્યું હતું ને પોતાના દેશમાં હુકમ ફેરવી સર્વને રક્ષણ આપવા આજ્ઞા કરી હતી અને મહારાષ્ટ્રિ સૈન્યના દરેક માણુસને જાટની રાણીએ અન્ન વસ્ત્ર આપવાનો બંદોબસ્ત કર્યો હતો તેમાં દરેક બ્રાહ્મણને મીઠાઈ સાથેનું મિષ્ટાન્ન તથા આઠ દિવસનું સીધું, અને પાઘડી લુગડાં વિગેરે પાંચ પોષાક, અને તે ઉપર પાંચ પાંચ રૂપિઆ વાટ ખરચી આપી, મહારાષ્ટી પ્રજા ઉપર મહા ઉપકાર કીધો હતો. તે સાથે કેટલાંકને ઘોડા અને પાલખીમાં બેસનારને પાલખીઓ પુરી પાડી, દશ લાખ રૂપિઆ ધર્માદા કરી, મહારાષ્ટ્રિ પ્રજા ઉપર જે ઉપકાર કીધો છે તેનો બદલો હજી મહારાષ્ટ વાલી શકયું નથી.

* * * * * *

પાર્વતીબાઈ, નાના પુરંદર તથા હોલકર મથુરા આવ્યાના વર્તમાન જાણી, સુરજમલ જાટે રૂપરામ કટારી સાથે એક લક્ષ રૂપિઆ તથા વસ્ત્ર મોકલી આપ્યાં. ઘાયેલ થયેલા સમશેર બહાદુરની સુરજમલે બહુ મહાવજત કરાવી, પરંતુ તેઓ સખ્ત જખમી થયેલા હોવાથી ત્યાંજ દેહ છોડયો.

* * * * * *

ઇબ્રાહિમખાન ગાર્દી રણસંગ્રામમાં અબદાલ્લીને હાથ પકડાયો તેનો અબદાલીએ શિરચ્છેદ કરી મહા અનર્થ કર્યો. મહારાષ્ટ્રીય સૈન્યમાં ઈબ્રાહિમખાન સત્ય વચની અને નિમકહલાલ વીર નીવડયો હતો. એણે બતાવેલું વિરત્વ અને નિમકહલાલી જગત્તમાં પ્રસંશા પાત્ર છે, એટલુંજ નહીં પરંતુ તેમના વંશજોને અભિમાન ધરવા જોગ છે, તે સાથે નિમકહલાલ મંડળને અભિવંદન કરવા યોગ્ય છે.

* * * * * *

સતિ શિરોમણી લક્ષ્મિબાઇનો બાળ પુત્ર આપારાવ ગણપત મેંઢલે, બાળક છતાં આ મહાસંહારમાંથી બચ્યો, અને નિર્વિઘ્ને પાર્વ-

તિબાઈ તથા હોલકરના રસાલામાં આવી મલ્યો. પ્રભુકૃપાથી અલૌકીક રીતે તેનું થયેલું રક્ષણ, સતિ શિરોમણી માતાના પરમ તપના મહતાનો ચમત્કાર અનુભવાવે છે.

*   *   *   *   *   *

જીગનીશ નારોપંત ગોખલેને ત્યાંથી નાના ફડનવિસ પોતાની પત્ની સાથે પુરૂષોતમ મહાદેવના આશ્રામાં જઇને એક માસ સુધી રહ્યો. ત્યાં રહી માતુશ્રીની તપાસ કરી, પરંતુ ઘોડાપરથી પડવાથી મરણ થયાના સમાચાર ઘરના ખીજમતદારે કહ્યા, તે શિવાય બીજો પત્તો લાગ્યો નહીં.* પાર્વતિબાઇ હોલકર સરકાર સાથે ગ્વાલીયરમાં રહ્યાં હતાં, તેમની સંગાતે નાનો દક્ષિણતરફ આવવા નિકલ્યો, તેનું શરીર થોડા કાળમાં બહુ જીર્ણ થઇ ગયું. પણ શ્રીગુરૂના દર્શનની કૃપાના પ્રસાદથી આરામ થયો. પ્રયાણ કરતાં કરતાં બરાનપુર આવી પહોંચ્યો. બરાનપુરમાં એક મકાનની અટારીમાં બેઠી બેઠી યશોદા દુનિયાની નિઃસારતા વિચારતી હતી, જનરંગનો પ્રવાહ અનિત્ય વસ્તુમાં લુબ્ધ થઇ નિઃસાર દુનિયામાં તણાઇ જાય છે; એમાં સુખ અને દુઃખ માનવાનો આધાર જનસ્વભાવના વલણ ઉપર છે, આખરે સર્વ સાર રહિત છે, એમ વિચાર કરતાં કરતાં મહા નિઃશ્વાશ મૂકેછે, એટલામાં અણચિંતવ્યો કોઇનો અવાજ થયો કે, "નાનાફડનવિસ કયાં છે?" આ અવાજ સાંભળતાંજ યશોદાનું મોં ફીકુંફસ થઇ ગયું. હૃદય સ્તંભિત થઇ થઇ ગયું. નાનાફડનવિસે આગળ આવી પ્રશ્ન કર્યો, "કોણ?"

પ્રતિઉત્તર થયો,–"બાલાજી બાજીરાવનો જાસુસ."

જનાર્દન ભાનુ ઉર્ફે નાનાફડનવિસના પગ ધ્રૂજવા લાગ્યા. "હવે સ્વામીને શું વર્તમાન કહીશ," એ વિચારે એને સ્તંભિત કરી નાંખ્યો.

જાસુસે કહ્યું, "મહારાજે પાલખી મોકલી છે, યશોદાને ગોપીકાબાઇ મલવા આતુર છે, ત્વરાથી ચાલો,"

યશોદાથી ચીસ પડાઇ ગઇ, આંખમાંથી આંસુની ધારા વહી રહી. "ગોપીકાબાઇનું તે કેમ સમાધાન થશે?" એવો શબ્દ મૂખમાંથી નીકળતાંજ મુર્છાગત થઇ ગઇ.

પ્રીતમ પ્રિયાનું આસ્વાસન કરવાની શુદ્ધિમાં નહોતો, તે પણ કંપી રહ્યો હતો, તેમાં જાસુસની ઉતાવળથી વધારો થતો હતો.

વિલક્ષણ બુદ્ધિ ચાંચલ્યથી જગતના હૃદયમાં વિજય લેખ કોતરાવનાર નાનાફડનવિસ આજે પેશવા પાસે જવા લાચાર થયો હતો. હજારો પ્રસંગે બુદ્ધિ ચાંચલ્ય વાપરી, હાજરજવાબીથી જગતને ચકિત

* નાના ફડનવિસની મા અફગાનોના હાથામાં કેદ પકડાઈ હતી, ને તેને ગુલામડી કરી વેચી નાખી હતી.

કરનાર **નાનો** આજે સત્ય વર્તમાન કહેવાને પણ અશક્ત જણાતો હતો. ગાભરા ગાભરા એણે પોષાક પેહેર્યો અને **યશોદા**નો એક હાથ પકડી મ્યાનામાં બેસાડી અને પોતે પાલખીમાં બેસી **પેશવા** તરફ જવા નિકળ્યો. જીવનમૃત જેવી સ્થિતિ અનુભવતો **નાના**ફડનવિસ પેશવાને મળી શું કરશે? એ વર્તમાનનો વિસ્તાર કરવા કરતાં તેની ઢંગઢડા વગરની જતી સ્વારી તરફ નજર થોભાવી અટકીશું? હા-તેજ યોગ્ય છે.

**જનાર્દન** ઉર્ફે **નાના**ફડનવિસને, પ્રસંગે પ્રસંગે **મરાઠા** રાજ્ય તંત્રની કળાને દીપાવતો, પેશવાઓને પટાભિસેક કરાવતો, બુદ્ધિ ચાંચલ્યથી યવન રાજ્યદ્વારીઓને ડરાવતો, અને સમયસૂચક બુદ્ધિથી જગત્તને ચકિત કરતો હવે પછી અનુભવિશું તે વાચવા આનંદ અનુભવની પરિસીમા અનુભવવા થોડો કાળ થોભવું સ્તુતિ પાત્ર છે.

# ડાકટર પોપટ પ્રભુરામ વૈદ્ય,

## એલ. એમ. એન્ડ. એસ.

## ઈંગ્લીશ અને દેશી બન્ને વૈદકને આધારે ઉપચાર કરનાર.

**મેળાપ—સવારના ૬ થી ૯—બપોરના ૧૨ થી ૩—સાંજના ૬ પછી કોઇ પણ વખતે.**

## ઔષધોની પ્રવાસ પેટી.

મુસાફરી માટે જતા પ્રવાસીઓને તથા જ્યાં વૈદ અથવા ડાકટરની મદદ તરત ન મળી શકે તેવે ઠેકાણે અચાનક ઉપડી આવતાં દરદ ઉપર તરત ફાયદો થાય તેવા હેતુથી આ પેટીમાં સમાવેલાં ઓસડોની યોજના કરવામાં આવી છે. **અજીર્ણ, ઉલટી, ઉધરસ, તાવ મરડો, લુલાગવી, કબજીઆત, કોલેરા, ઝાડો, દમ, બાળકો માટે સોગઠી, એ સિવાય ૨૦** બીજાં દરદો ઉપર તરત લાગુ પડે તથા કંઇ પણ ગેરફાયદો ન કરે તેવાં ઓસડો તે સાથે જરૂર પડે ત્યારે તે કેવી રીતે વાપરવાં તેની અંગ્રેજી, ગુજરાતી, મરાઠી અને હિન્દુસ્થાની ભાષામાં સવિસ્તર હકિકત અને પેટીને જરૂરની સર્વ ચીજો જેવી કે ચમચા, કાંટો, વજન, ગાઇડ વગેરે સાથે.




**કિમત:—ટિનની મજબુત પેટી લાકડાંના કવર સાથે રૂ. ૧૦**

**લાકડાંની મજબુત સુશોભિત પેટી રૂ. ૧૫**

## અસરકારક અને ઉત્તમ દેશી દવાઓનો મોટો સંગ્રહ.

જેને માટે પુના એકઝીબીશન તરફથી સોનાનો ચાંદ અને ફર્સ્ટ કલાસ સર્ટીફીકેટ મળેલાં છે.

આ તો હવે સાધારણ રીતે સાબીત થઇ ચુક્યું છે કે નિરંતરના ફાયદા માટે જેટલી દેશી દવાઓ અસર કરે છે તેટલી બીજી કોઇ પણ દવા અસર કરતી નથી; આજ કારણથી પ્રાચીન વૈદક શાસ્ત્રને આધારે સર્વે ઉપયોગી દેશી દવાઓ ઉપલાં ઔષધાલયમાં બનાવી તઇયાર રાખવામાં આવે છે.




**સુવર્ણ આદિ ભસ્મ, પુર્ણ ચંદ્રોદયાદિ રસાયનો, યોગરાજ આદિ ગુગલ, ગુટી, ચૂર્ણ મંજન, અંજન, આસવ, અર્ક,**




મુરબ્બા, તેલ, લેપ, મલમ, પાક વિગેરે સર્વે ઔષધો અહીં તયાર મળશે.

**ઠે૦—વૈદ પ્રભુરામ જીવનરામ ઔષધાલય.** ભુલેશ્વર.—મુંબઈ

# નવી અરેબ્યન વાર્તાઓ.

## ચીત્રો સાથે રૂપ્યો દોઢ.

**કયસરે હીંદ** લખે છેઃ-તદન નવી સંપુરણ ૩૯ વારતાઓનો આ સંગ્રહ મેશરસ માણેકજી એદલજી વાછા અને ડોસાભાઈ ફરામજી લંગરાના તરફથી બાહેર પડયો છે... ત્યારે એવા બે ઘડાયલા લખનારાઓની ભેગી કોશેશથી જે પુસ્તક બાહેર પડે તેમાં 'માલ' હોવોજ જોઇએ અને અમો વગર આંચકીએ કહીશું કે નીરદોષ બોધકારક વાંચન તરીકે આ 'નવી અરેબયન વારતાઓ' વાંચવા લાયક છે. એમાં સમાવેલી વારતા સારી ઢપે વાંચવા લાયક સરળ ભાષામાં લખાયલી છે. સંગીન પુસ્તકોમાં આ વારતાઓની નવી ચોપડી એક મનમાનતો વધારો કરે છે.

**રાસ્ત ગોફતાર** લખે છેઃ-"નવી અરેબયન વારતાઓ" નું પુસ્તક મોહક ચીત્રો સહીત પ્રગટ કીધું છે. એ પુસ્તકની સફાઈ તથા બાંધણી સુંદર છે અને તે લાઇબ્રેરીના સંગ્રહને દીપાવે એવું છે. તેની રાખેલી રૂ ૧॥ ની કીમત કાંઈ ઘણી નથી.

**અખબારે ઇસલામ** લખે છેઃ-એકેએક વારતા એક બીજીને ભુલાવે એવી રસકસથી ભરપુર છે. વળી કેટલીક વારતાઓ એટલી બધી તો રમુજી છે કે ગમે તેવા કુંજરા સ્વભાવ ને બળીએલ વાંચનાર પણ મોંહ મલકાવયા વના રહેશે નહીં.

**જ્ઞાન વરધક** લખે છેઃ-વારતાઓ ઘણીજ રસીક લાગે છે... વીગેરે વારતા ચાનક આપનારી તથા રમુજી છે. એ પુસ્તકમાં આપેલાં ચીત્રો, તેનો ખરા શણગાર છે.

☞ **મેશરસ જે૦ બી૦ કરાણીના છોકરાઓ.** (પારસી બજાર સ્ટ્રીટ, કોટ. મુંબઇ. તથા બીજા સરવ જાણીતા ચોપડી વેચનારાઓને ત્યાંથી મળશે.)

## નામનું

# ગોવન

**ગોવિંદજી વસનજી મીઠાઈવાળા**—મુંબઈ તથા આખા

**અમારી દુકાનો કયાં છે?**—ગીરગામ-નાનાશંકર

**અમારી મીઠાઈ કયાં જાય છે?**—ચીન, જંગબાર, કુ

**અમારે ત્યાં શી શી મીઠાઈ બને છે?**—વેનીલાનો

મલાહીનાં

અધરણીના

**અમારી મીઠાઈ કેવી છે?**—સોજાં ઘીની-તથા દુધની;

**અમારા માલ માટે સીફારસ કોણે કરી છે?**—મુંબ

**અમારી ભલામણ શી છે?**—કે એકજ વખત અમા

**અમારી મીઠાઈથી મોહમાં પાણી છુટે છે.**

ગો